પૂ. આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી વિરચિત

ષડશીતિ નામા

# ચતુર્થ કર્મગ્રંથ




: વિવેચક :

ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજીના
શિષ્યરત્ન આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી
વિરચિત ષડશીતિનામા

# ચતુર્થ કર્મગ્રંથ

મૂલગાથાઓ, સંસ્કૃત છાયા, શબ્દાર્થ, ગાથાર્થ, ઉપયોગી
સમાલોચના, પારિભાષિક શબ્દકોશ તથા ઉપયોગી
પ્રશ્નોત્તરી સાથે ગુજરાતી ભાષામાં સંક્ષિપ્ત વિવેચન


વિવેચનકાર :
ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા

■

સંશોધક :
પૂજ્ય પંન્યાસજી શ્રી અભયશેખરવિજયજી ગણિવર


■


પ્રકાશક :
જૈનધર્મ પ્રસારણ ટ્રસ્ટ-સુરત



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકાશક
**જૈન ધર્મ પ્રસારણ ટ્રસ્ટ**
૭૦૨, રામસા ટાવર્સ, ગંગા-જમના એપાર્ટમેન્ટ પાસે,
અડાજણ પાટીયા, સુરત-૩૯૫૦૦૯. INDIA

**પ્રાપ્તિ સ્થાન**

**ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા :**
૭૦૨, રામસા ટાવર્સ,
ગંગા-જમના એપાર્ટમેન્ટ પાસે,
અડાજણ પાટીયા, **સુરત-૯.**
( INDIA )
**ફોન : ૬૮૮૯૪૩**

**સરસ્વતી પુસ્તક ભંડાર**
પુસ્તકોના વેપારી
હાથીખાના-રતનપોળ
**અમદાવાદ-૩૮૦ ૦૦૧.**
ગુજરાત
( INDIA )

**સુઘોષા કાર્યાલય**
શેખનો પાડો, રિલીફ રોડ,
ઝવેરીવાડની સામે,
**અમદાવાદ-૩૮૦ ૦૦૧.**
INDIA
**ફોન : ૩૮૧૪૧૮**

**શ્રી યશોવિજયજી જૈન**
**સંસ્કૃત પાઠશાળા**
સ્ટેશન રોડ, રંગમહોલના નાકે,
**મહેસાણા ફોન : ૫૧૩૨૭**
(ઉત્તર ગુજરાત)
( INDIA )

**સેવંતીલાલ વી. જૈન**
૨૦, મહાજન ગલી, ઝવેરી બજાર, મુંબઇ.

| પ્રકાશન વર્ષ | |
|---|---|
| વીર સંવત-૨૫૨૫ | વિક્રમ સંવત ૨૦૫૫ |
| ઈસ્વીસન ૧૯૯૯ | પ્રથમાવૃત્તિ ૧૫૦૦ |
| **કિંમત : રૂા. ૬૦-૦૦** | |

**: કમ્પોઝ-પ્રિન્ટીંગ-બાઇન્ડીંગ :**
**ભરત ગ્રાફીક્સ**
**ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રિલીફરોડ, અમદાવાદ-૧, ફોન : ૩૩૪૧૭૬, ૩૮૭૯૬૪**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રસ્તાવના

ષડશીતિ નામના ચોથા કર્મગ્રંથના સરળ ગુજરાતી અર્થોવાળું આ વિવેચન પરમ ઉપકારી એવા શ્રી જૈન સંઘના કર-કમલમાં સમર્પિત કરતાં અમને ઘણો જ આનંદ થાય છે. પ્રથમના ત્રણ કર્મગ્રંથોના વિવેચનો પ્રકાશિત થયા પછી ચોથા કર્મગ્રંથનું વિવેચન પણ સરળ રીતે લખીને પ્રકાશિત કરવામાં દેવ-ગુરુ-ધર્મની કૃપા જ ઉપકારક છે.

આ ચોથા કર્મગ્રંથમાં આઠ કર્મના ભેદ-પ્રતિભેદોની પ્રકૃતિઓનાં નામો કે તેને લેવા-મૂકવાના વ્યવહારો નથી. આ કર્મગ્રંથમાં પૂર્વના કર્મ ગ્રન્થો કરતાં કંઇક જુદો જ વિષય છે. કર્મોની વાત અત્યન્ત અલ્પમાત્રાએ જ છે. પરંતુ બીજા જે જે વિષયો સમજાવાયા છે. તે જૈનધર્મના અન્ય શાસ્ત્રોના પરિચય માટે અતિશય આવશ્યક વિષયો છે. આ ચોથો કર્મગ્રંથ મુખ્યત્વે પાંચ ભાગમાં વહેંચાયેલો છે.

(૧) ગાથા ૧ થી ૮ જેમાં સૂક્ષ્મ-બાદર એકેન્દ્રિયાદિ ચૌદ જીવસ્થાનકો સમજાવી, તે ચૌદ જીવસ્થાનકો ઉપર જ જુદા-જુદા આઠ વિષયો સમજાવ્યા છે. જેને આઠ દ્વાર કહેવાય છે. ચૌદ જીવસ્થાનકોમાં કયા કયા જીવસ્થાનકને કેટલાં કેટલાં ગુણ સ્થાનક, કેટલા કેટલા યોગ, કેટલા કેટલા ઉપયોગ, કેટલી કેટલી લેશ્યા, તથા આઠ કર્મોમાંથી કેટલા કેટલા કર્મોના બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા હોય, તે વિષય માત્ર ૧ થી ૮ ગાથામાં જ સંકલિત કર્યો છે. આ જાણવાથી દષ્ટિ તો વિકાસ થાય છે. અને બુદ્ધિ નિર્મળ થતી જાય છે.

(૨) ગાથા ૯ થી ૪૪. જેમાં પ્રથમ મૂલ ૧૪ અને ઉત્તર ૬૨ માર્ગણાઓ સમજાવી છે. ત્યારબાદ આ જ ૬૨ માર્ગણાઓ ઉપર જીવસ્થાનક, ગુણસ્થાનક-યોગ-ઉપયોગ-લેશ્યા અને અલ્પબહુત્વ આ છ દ્વારો બહુ વિસ્તારથી સમજાવ્યાં છે. આ સમજવાથી કોઇપણ શાસ્ત્રમાં પ્રવેશ સુખદ થાય છે. તથા કોઇ પણ પ્રકારની થતી ધર્મચર્ચામાં આ માર્ગણાઓ ઉપરનાં દ્વારો જાણવાથી ઉંડો રસ લઇ શકાય છે. કયાં શું હોય? અને કયાં શું ન હોય ? તેની હૈયા સુઝ ખીલે છે.

(૩) ગાથા ૪૫ થી ૬૩. જેમાં ચૌદ ગુણસ્થાનકો ઉપર જીવસ્થાનક, યોગ, ઉપયોગ, લેશ્યા-બંધહેતુ-બંધ-ઉદય-ઉદીરણા-સત્તા તથા અલ્પબહુત્વ એમ કુલ ૧૦ દ્વારોનું વર્ણન કરેલ છે. તેમાં ૫૭ બંધહેતુનું વર્ણન ઘણા જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિસ્તારથી સમજાવ્યું છે. એક જીવ આશ્રયી અને અનેકજીવ આશ્રયી જેટલી ભંગજાળ સંભવે તે તમામ સમજાવેલ છે. તથા ધ્રુવ-અધ્રુવ ગુણસ્થાનક અને તેના સંભવતા સંયોગી ભાંગા સમજાવી ગ્રન્થકારે પ્રાથમિક વિદ્યાર્થીઓને જૈનશાસ્ત્રોના પાયાના સિદ્ધાન્તો બુદ્ધિમાં ઉતારવા અથાગ પ્રયત્નો કર્યા છે.

(૪) ગાથા ૬૪ થી ૭૦ ઔપશમિક આદિ પાંચ ભાવો, તથા તેના ઉત્તરભેદો એક એક ગુણસ્થાનકે કેટલા હોય ? એક જીવ આશ્રયી અને સર્વ જીવ આશ્રયી તથા તેના દ્વિસંયોગી-ત્રિસંયોગી-ચતુઃસંયોગી ઇત્યાદિ ભાંગાઓ સમજાવવા દ્વારા વિષય અત્યન્ત સ્પષ્ટ કર્યો છે તથા ઔપશમિક ભાવ મોહનીયનો જ હોય છે. ક્ષાયોપશમિક ભાવ ચાર ઘાતીકર્મોનો જ હોય છે. શેષભાવો આઠે કર્મોના હોય છે. ઇત્યાદિ વિષય સમજાવવા દ્વારા કયા કયા ભાવો કયા કયા કર્મના હોય ? તથા કયા કયા દ્રવ્યમાં હોય છે. આ વિષય પણ સ્પષ્ટ સમજાવ્યો છે.

(૫) ગાથા ૭૧ થી ૮૬. સંખ્યાત-અસંખ્યાત અને અનંતાનુ વર્ણન તે ત્રણેના અનુક્રમે ૩+૯+૯ એમ ૨૧ ભેદોનું ચાર પ્યાલાની રાશિના માપથી જે સ્વરૂપ સમજાવ્યું છે તે તો આશ્ચર્યજનક છે. કલ્પનાતીત પદાર્થોનું સ્વરૂપ પણ સમજાવવામાં કેવી સુંદર શૈલીનો ઉપયોગ કર્યો છે. આ સમજાવવાની શૈલી જોઈને આપણું મસ્તક આ મહર્ષિઓ પ્રત્યે સેંકડો વાર નમ્યા વિના રહેતું નથી.

આ પ્રમાણે આ કર્મગ્રંથમાં કર્મની બાબત બહુ ઓછી છે. પરંતુ તેની સાથે સંબંધવાળા પરચુરણ જુદા-જુદા અનેક વિષયોને સાંકળી લેતો, અને તે દ્વારા શિષ્યવર્ગમાં વિશાળ જ્ઞાનપ્રસારણ કરતો આ ગ્રંથ છે. પાંચમા અને છઠ્ઠા કર્મગ્રંથના પદાર્થો ભણવામાં તથા બાસઠિયાના ભાંગા જાણવામાં આ વિષયો અતિશય ઉપકારક બને છે.

આ કર્મગ્રંથની **મૂળ ગાથાઓમાં** સ્વોપજ્ઞટીકા, ટબો, બાલાવબોધ અને મહેસાણા પાઠશાળાનું વિવેચન, આ ચારેમાં જોતા કોઇ કોઇ પંક્તિઓમાં અલ્પ પાઠભેદ છે, પરંતુ અર્થભેદ ન હોવાથી તેવા પાઠભેદને ગૌણ ગણીને વર્તમાનકાળમાં પ્રસિદ્ધ મુખે કંઠસ્થ થયેલા પાઠ પ્રમાણે ગાથાઓ મૂકી છે.

આ સર્વ કર્મગ્રંથો તપોનિધિ શ્રી જગચ્ચંદ્રસૂરિજીના શિષ્ય શ્રી દેવેન્દ્રસૂરિજીએ બનાવ્યા છે. તથા તેઓએ બીજું પણ ઘણું સાહિત્ય સર્જન કર્યું છે. અમારા પ્રથમ કર્મગ્રંથની પ્રસ્તાવનામાંથી તે જાણી શકાશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાન મહાવીર પ્રભુના નિર્વાણ પછીના આ ૨૫૦૦ વર્ષના ગાળામાં કાળદોષ આદિના કારણે જેમ ઘણું ઘણું શ્રુત નાશ પામ્યું છે. તેમ રહ્યું-સહ્યું શેષ શ્રુત પણ આગમો ભણવાના અનધિકારી જીવો પાસે પહોંચે. અને આગમ ભણવાના અધિકારી જીવો આગમોમાં પ્રવેશી શકે તે માટે અનેક મહર્ષિ સંતપુરુષોએ જૈન આગમોના સારરૂપે ઘણી વિપુલ સાહિત્ય રચના કરી છે.

જૈન આગમ ગ્રંથોમાં ગણધર ભગવંતોએ ઘણા ઘણા વિષયો સમજાવ્યા છે. પરંતુ અપાત્રના પાત્રમાં ગયેલી વિદ્યા લાભને બદલે અધિક નુકશાનકારી બને એ આશયથી સર્વવિરતિધર મહાત્માઓ અને તેમાં પણ યોગવહન આદિ કરી નિર્વિકારી દેહવાળાને જ આ આગમગ્રંથો ભણવાનો અધિકાર આપ્યો. એટલે ચતુર્વિધ શ્રી સંઘના શેષ જીવો માટે અનેક આચાર્ય મહાત્માઓએ તે આગમોના સારરૂપે ઘણું ઘણું સાહિત્ય સર્જન કર્યું છે. એમના મનુષ્ય ભવના આયુષ્યની સાથે કલ્પના કરવી દુષ્કર બને એટલા લાખો-કરોડો શ્લોકો પ્રમાણ સાહિત્ય રચના આ મહાપુરુષોએ કરી છે. જેને અંગબાહ્યશ્રુત કહેવાય છે.

આવા પ્રકારની પ્રાકરણિક ગ્રંથોની સાહિત્ય રચના કરવામાં પૂ. શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજી, પૂ. શ્રી ઉમાસ્વાતિજી, પૂ. શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણજી, પૂ. શ્રી હરિભદ્રસૂરિજી, પૂ. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી, પૂ. શ્રી વાદિદેવસૂરિજી, પૂ. શ્રી દેવેન્દ્રસૂરિજી, પૂ. શ્રી મલયવિજયજી, પૂ. ઉ. શ્રી યશોવિજયજી અને પૂ. શ્રી વિનયવિજયજી આદિ મહાપુરુષોએ ભગીરથ પ્રયત્નો કર્યા છે. તન અને મનની સાથે પોતાની સંપૂર્ણ જિંદગી શાસ્ત્રસંદોહના સર્જનમાં જ સમર્પિત કરેલી દેખાય છે.

એટલે આવા પ્રાકરણિક ગ્રંથોના અભ્યાસ ઉપર ભાર આપવો અત્યાવશ્યક છે. તેના અધ્યયન દ્વારા પાત્રતા આવે ત્યારે આગમોનો અભ્યાસ કલ્યાણકારી બને છે. આટલા જ માટે કર્મગ્રંથાદિ પ્રાથમિક અભ્યાસ ગ્રંથોનાં ગુજરાતી સરળ વિવેચનો લખવાનો અમે આ યત્કિંચિત્ પ્રયાસ કર્યો છે. આશા છે કે જૈન સમાજના ભાઇઓ-બહેનો તથા ચતુર્વિધ શ્રી સંઘ આવા ગ્રંથો ભણશે-ભણાવશે અને તેનું પ્રસારણ કરશે.

આ ચોથા કર્મગ્રંથનું વિવેચન લખવામાં મુખ્યત્વે સ્વોપજ્ઞટીકાનો વધુ આધાર લીધો છે. તથા સહાયક તરીકે પૂ. જીવવિજયજી મ. કૃત ટબો, શ્રી મતિચંદ્રજી કૃત બાલાવબોધ તથા શ્રી યશોવિજયજી જૈન પાઠશાળા મહેસાણાનું ગુજરાતી વિવેચન ઇત્યાદિ ગ્રન્થોનો સહારો લઇને આ વિવેચન તૈયાર કર્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપરના સર્વે ગ્રંથકારોનો તથા મહેસાણા પાઠશાળાનો અમારા ઉપર ઘણો જ ઉપકાર છે. આ સમયે તે સર્વે ઉપકારીઓને ભક્તિભાવપૂર્વક નમસ્કાર કરૂં છું.

આ ચોથા કર્મગ્રંથનું અમે લખેલું ગુજરાતી વિવેચન પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય આચાર્યદેવેશ **શ્રી જયઘોષસૂરીશ્વરજી** મ. સા.ની આજ્ઞાથી પૂ. પં. **શ્રી અભયશેખરવિજયજી** મહારાજશ્રીએ સંપૂર્ણ કાળજી રાખી ખંતપૂર્વક તપાસી આપેલ છે. તેઓશ્રીનો આ વિષયમાં ઘણો વિશાળ અનુભવ છે. તેથી તેઓશ્રીએ જ્યાં જ્યાં યોગ્ય સુધારા-વધારા સૂચવ્યા છે. ત્યાં ત્યાં તે તે સુધારા-વધારા અમે કર્યા છે. આવું લખાયેલું મૂલમેટર જોઇ-તપાસી આપવા બદલ તેઓશ્રીનો અમારા ઉપર પરમ ઉપકાર છે. પ્રથમના ત્રણ કર્મગ્રંથો પણ તેઓશ્રીએ જ અમારા ઉપર લાગણી રાખીને કાળજીપૂર્વક તપાસી આપ્યા છે.

તથા પંડિતશ્રી રતિલાલ ચીમનલાલભાઇ (લોદરાવાળા)એ વારંવાર પૂ. સાધુ-સાધ્વીજી મ. સાહેબોને ભણાવવા દ્વારા પ્રાપ્ત થયેલા બહોળા અનુભવ પ્રમાણે પોતાપણું માનીને જે સુંદર પ્રુફરીડીંગ કરી આપ્યું છે તે બદલ તેઓશ્રીના પણ અમે ઋણી છીએ. તથા વ્યવસ્થિત ટાઇપ સેટીંગ અને પ્રિન્ટીંગ કરી આપવા બદલ ભરત ગ્રાફિક્સનો પણ આભાર માનીએ છીએ. તેઓએ પૂરી કાળજી રાખીને આ પુસ્તકના પ્રકાશનનું કામ કરેલ છે.

ગુજરાતી વિવેચન લખતાં ઘણી જ સાવધાની રાખવા છતાં પણ છદ્મસ્થતા, બીન ઉપયોગ દશા, તથા મતિમન્દતા આદિના કારણે જિનેશ્વર પરમાત્માની આજ્ઞા વિરૂદ્ધ જે કંઇ પણ આ ગ્રંથમાં લખાઇ ગયું હોય તેની ત્રિવિધે ત્રિવિધે ક્ષમા માગીએ છીએ. અને તેવી ક્ષતિઓ તરફ અમારું ધ્યાન દોરવા વિદ્વદ્‌વર્ગને નમ્રભાવે વિનંતિ કરીએ છીએ.

આજ સુધી અમારા વડે લખાયેલાં અને પ્રકાશિત થયેલાં પુસ્તકોની આછી રૂપરેખા આગળ આપી છે. તે જોઇ જરૂરિયાત પ્રમાણે પુસ્તકો મંગાવી વાંચી-વંચાવી સદુપયોગ કરવા વિનંતિ છે.

૭૦૨, રામસા ટાવર્સ,
ગંગા-જમના એપાર્ટમેન્ટ પાસે,
અડાજણ પાટીયા, સુરત
પીન નં. ૩૯૫ ૦૦૯
ફોન : ૬૮૮૯૪૩

લિ.
**ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા**
(સુઇગામવાળા)
સુરત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અમારાં લખાયેલ પ્રકાશિત થયેલ પુસ્તકો

(૧) **યોગવિંશિકા** :- ઉપાધ્યાયજી કૃત ટીકાના અનુવાદ સાથે.
(૨) **યોગશતક** :- સ્વોપજ્ઞ ટીકા તથા ટીકાના અનુવાદ સાથે.
(૩) **શ્રી જૈન ધર્મના મૌલિક સિદ્ધાન્ત** :- સામાયિકના સૂત્રો ઉપરનું વિવેચન, નવતત્ત્વ, ચૌદ ગુણસ્થાનકો, કર્મોના ૧૫૮ ભેદો, સાત નયો, સપ્તભંગી, કાલાદિ પાંચ સમવાયિ કારણો ઉપર વિવેચન.
(૪) **શ્રી જૈન તત્ત્વ પ્રકાશ** :- બે પ્રતિક્રમણનાં સૂત્રો ઉપર વિવેચન.
(૫) **શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર** :- શ્રીમદ્ રાજચંદ્રજી વિરચિત શાસ્ત્રનું વિવેચન
(૬) **જૈન ધાર્મિક પારિભાષિક શબ્દકોશ** :- જૈન શાસ્ત્રોમાં વારંવાર વપરાતા પારિભાષિક શબ્દોના અર્થો સંગૃહીત કર્યા છે.
(૭) **જૈન ધાર્મિક પ્રશ્નોત્તર માલા** :- ભાગ-૧ પ્રૌઢ સ્ત્રી-પુરુષોને ઉપયોગી ચારસો પ્રશ્ન-ઉત્તરોનો સંગ્રહ.
(૮) **"કર્મવિપાક"** પ્રથમ કર્મગ્રંથનું સરળ ગુજરાતી વિવેચન.
(૯) **"કર્મસ્તવ"** દ્વિતીય કર્મગ્રંથનું સરળ ગુજરાતી વિવેચન.
(૧૦) **"બંધસ્વામિત્વ"** તૃતીય કર્મગ્રંથનું સરળ ગુજરાતી વિવેચન.
(૧૧) **"ષડશીતિ"** ચતુર્થ કર્મગ્રંથનું સરળ ગુજરાતી વિવેચન.
(૧૨) **પૂજા સંગ્રહ સાર્થ** :- પંચ કલ્યાણક, અંતરાયકર્મ આદિ હાલ વધુ પ્રમાણમાં ભણાવાતી પૂજાઓ તથા તેના સરળ ગુજરાતી અર્થો.
(૧૩) **"સ્નાત્ર પૂજા સાર્થ"** સ્નાત્ર પૂજા અર્થ સહિત.
(૧૪) **"સમ્યક્ત્વની સજ્ઝાય"** ઘણી જ રોચક કથાઓ સાથે સમ્યક્ત્વના ૬૭ બોલની ઉપાધ્યાયજીકૃત સજ્ઝાયના અર્થ.
(૧૫) **"નવસ્મરણ"** મૂલ ગાથા, તથા અર્થો ગુજરાતી અને ઇંગ્લિશમાં.
(૧૬) **રત્નાકરાવતારિકા** :-ભાગ-૧, પરિચ્છેદ : ૧-૨, રત્નપ્રભાચાર્ય મ.સા. રચિત ટીકા તથા તેનું સરળ ગુજરાતી વિવેચન.
(૧૭) **રત્નાકરાવતારિકા** :-ભાગ-૨, પરિચ્છેદ : ૩-૪-૫, રત્નપ્રભાચાર્ય મ.સા. રચિત ટીકા તથા તેનું સરળ ગુજરાતી વિવેચન.

## હાલ લખાતા ગ્રંથો

(૧) **યોગદૃષ્ટિસમુચ્ચય** - સ્વોપજ્ઞ ટીકા સહિત સરળ ગુજરાતી વિવેચન.
(૨) **તત્ત્વાર્થાધિગમસૂત્ર** - સરળ, બાલભોગ્ય ભાષાયુક્ત, પરિમિત વિવેચન.
(૩) **"શતક"** નામના પાંચમા કર્મગ્રંથનું સરળ ગુજરાતી વિવેચન.
(૪) **"આઠ દૃષ્ટિની સજ્ઝાય"** પૂજ્ય ઉપાધ્યાયજી કૃત સજ્ઝાયના અર્થ.

**લિ. ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# બે બોલ

કર્મનું સ્વરૂપ ભિન્ન-ભિન્ન ગ્રંથોમાં ખૂબ જ સારી રીતે સમજાવેલ છે. તેમાં પૂ. આ. શ્રી દેવેન્દ્રસૂરિજી મહારાજાએ પ્રાચીન કર્મગ્રંથોને અનુસારે નવીન પાંચ કર્મગ્રંથની રચના કરી છે તેનું અધ્યયન-અધ્યાપન સંઘમાં વધુ પ્રસિદ્ધ છે.

આ પાંચે કર્મગ્રંથો ઉપર સંસ્કૃત ટીકાઓ અને તેના આધારે ટબાઓ અને ગુજરાતી વિવેચનો પણ ઉપલબ્ધ છે. પરંતુ ભાષાની અજ્ઞતા અને ક્લિષ્ટતાના કારણે તેનો વ્યવસ્થિત બોધ સુગમ ન હતો.

તેથી ઘણા જિજ્ઞાસુઓને આ કર્મગ્રંથો ઉપર સરળ ગુજરાતી ભાષામાં વિવેચન લખાય એવી ઝંખના હતી.

આજીવન શિક્ષણના વ્યવસાયને વરેલા પંડિતવર્ય **શ્રી ધીરજલાલભાઈએ** આ વિવેચન લખવાની શરૂઆત કરી અને આજ સુધીમાં ૧થી૩ કર્મગ્રંથોનું સુંદર ગુજરાતી વિવેચન લખી પ્રસિદ્ધ કરેલ છે. જે શ્રી સંઘમાં આદરપાત્ર બનેલ છે.

આ કર્મગ્રંથો મુદ્રિત થયા બાદ બે વર્ષના લાંબા ગાળે પણ ષડશીતિનામા ચતુર્થ કર્મગ્રંથનું વિવેચન પ્રકાશિત થઈ રહેલ છે.

આ કર્મગ્રંથનું વિવેચન સાદ્યન્ત મેં તપાસ્યું છે. ભિન્ન જણાતી કાર્મગ્રંથિક અને સૈદ્ધાન્તિક પદાર્થોની કેટલીક પ્રરૂપણાઓ એ કોઈ મતાન્તર નથી પણ અપેક્ષા વિશેષો છે. એ વાત બહુ સરલભાષામાં સમજાવેલ છે. તો મિથ્યાત્વાદિ ગુણસ્થાનકોમાં બંધહેતુઓના એક જીવ આશ્રયી થતા વિકલ્પો અને સંખ્યાતાદિનું સ્વરૂપ ખૂબ સુંદર શૈલિથી સમજાવી કર્મગ્રંથને સરળ બનાવવા સુ-પ્રયત્ન કર્યો છે.

સદા અધ્યયન-અધ્યાપનસંગી, સ્વભાવે સરળ, પ્રકૃતિએ કર્મઠ પં. શ્રી ધીરૂભાઈ એક સારા અધ્યાપક તો છે જ, વધારામાં છેલ્લા કેટલાક સમયથી લેખક અને વિવેચક તરીકે પણ સુંદર નામના મેળવી છે.

આ ગ્રંથનું પ્રુફ સંશોધન કાળજીપૂર્વક કર્યું છે છતાં અજ્ઞતા યા પ્રમાદવશ કંઈ પણ સ્ખલનાઓ રહી ગઈ હોય તો તે બદલ ક્ષમા યાચું છું.

પં. શ્રી ધીરૂભાઈ હવે ટૂંક સમયમાં શતકનામા પંચમ કર્મગ્રંથનું વિવેચન જલ્દી પ્રકાશિત કરે એ અપેક્ષા સહ.

શ્રી હેમચંદ્રાચાર્ય જૈન પાઠશાળા
અમદાવાદ.

**રતિલાલ ચીમનલાલ દોશી (લુદરાવાળા)**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ૐ હ્રીં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

ઐં નમઃ

# અલ્પ વક્તવ્ય

તાવ આવ્યો. ડૉક્ટરે બ્લડટેસ્ટ, યુરીન ટેસ્ટ, જાત-જાતના ટેસ્ટ કરાવ્યા. લોહી વગેરેમાં રહેલા તત્ત્વોનું પૃથ્થકરણ કરાવ્યું. રોગના કારણો મળ્યા. એ મુજબ દવા થઇ, રોગ ગયો, તંદુરસ્તી પ્રાપ્ત થઇ.

જીવને મોહનો તાવ છે, કર્મનો રોગ છે, એનું પૃથક્કરણ થવું જોઈએ. રોગ પકડાશે, ઉચિત ઔષધ સેવન થશે. મોહમુક્તિ-કર્મમુક્તિ મળશે... જીવ મોક્ષરૂપે સ્વાસ્થ્ય-તંદુરસ્તી પ્રાપ્ત કરશે.

બાહ્ય કક્ષાનો જીવ પ્રસંગ મુજબ સારી-નરસી અસર લેશે. આંતરકક્ષાને પામેલો જીવ પ્રસંગના કારણોનું પૃથક્કરણ કરશે અને લીન-દીન બનવાને બદલે જિન બનશે !

પ્રભુએ દરેક તત્ત્વનો તલસ્પર્શી નિષ્કર્ષ પ્રાપ્ત થાય, અંતિમ તથ્ય પ્રાપ્ત થાય, તે માટે તો નય-નિક્ષેપા-અનુયોગદ્વારો-માર્ગણાદ્વારો ને ગુણસ્થાનકો વગેરે બતાવ્યા છે.

જૈનશાસનનું જીવવિજ્ઞાન મૈત્રીભાવનો પાયો છે, નયવિજ્ઞાન સમાધાનનો પાયો છે, તો કર્મવિજ્ઞાન સમતાનો પાયો છે.

એમાં પણ જૈનશાસનનાં આગમ-પરંપરા-ગુરુગમ અને અનુપ્રેક્ષાના માધ્યમે પૂ. આ. શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજીએ રચેલા પાંચ કર્મગ્રંથો તો કર્મથિયરીના હૃદય સુધી પહોંચાડે છે, અધુનાતન અલ્પજ્ઞાની જીવો પણ આના અભ્યાસથી સર્વજ્ઞતાની અલ્પાંશે પણ ઝાંખી અનુભવી શકે.

આમાં ચોથો કર્મગ્રંથ એટલે પૃથક્કરણ....ગુણસ્થાનોમાં માર્ગણાસ્થાનો, માર્ગણાસ્થાનોમાં ગુણસ્થાનો અને એ બંનેમાં કર્મના બંધ-ઉદય-ઉદીરણા અને સત્તાની વિચારણા. વિશિષ્ટ જ્ઞાનીઓ જ જે તત્ત્વોની અનુપ્રેક્ષા કરી શકે, તેના ગહન વિષયોની અનુપ્રેક્ષાના દ્વાર આપણા માટે પણ ખોલી આપ્યા.

કર્મવિજ્ઞાનના આ પૃથક્કરણથી પ્રથમ લાભ તો એ થાય કે બહાર સારા-નરસા પ્રસંગથી અસ્વસ્થ-સંકિલષ્ટ થયેલું ચિત્ત સ્વસ્થ બને. સંક્લેશ, દુષ્ટલેશ્યાઓ અને દુર્ધ્યાનથી મુક્ત બને, વળી આ તત્ત્વના અભ્યાસથી-ચિંતનથી રચયિતા ગુરુ ભગવંત પર અહોભાવ જાગે, તો એ તત્ત્વના નિરૂપક તીર્થંકરોની સર્વજ્ઞતા પર બહુમાનભાવ જાગે. શ્રદ્ધા સોલિડ બનતી જાય. જેમ-જેમ તત્ત્વાભ્યાસ-ચિંતન-ભાવન વધતું જાય, તેમ-તેમ નવા-નવા સંવેદનો-અનુભૂતિઓ થાય, પ્રજ્ઞાના ઉન્મેષો થવાથી ચિંતનસાગરમાંથી મળેલા નવા-નવા મોતીઓથી સંવેગભાવ ઉછળવા માંડે...'જિને કહેલું તત્ત્વ જ સાચું છે' એવું ભાવનાજ્ઞાન દઢ બને. ભાવસમ્યક્ત્વની નવી નવી ઉંચાઇઓ પ્રાપ્ત થાય. લોકસ્વભાવ આદિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવનાઓનું ભાવન, તેના આધારે એકાગ્રતા વધવાથી સંસ્થાનવિચય આદિ ધર્મધ્યાનની ધારાને અંતે કર્મકંટકોને કાઢવાના ઉપાયોની અને જીવમાત્રને નિર્દોષ શુદ્ધ સ્વરૂપે નિહાળવાની અનુપ્રેક્ષા... આ છે આ કર્મ પૃથક્કરણના લાભો. આમાં 'જ્ઞાની શ્વાસોશ્વાસમાં....' ક્રોડો ભવના કર્મો શ્વાસમાત્ર કાળમાં નાશ કરવાની શાસ્ત્રપંક્તિ ચરિતાર્થ થતી અનુભવી શકાય. અધ્યાત્મ યોગીને આનંદઘન હોય છે, એવી સાર્થક પ્રતીતિ થાય છે. વળી, આ પૃથક્કરણનો અભ્યાસ શુષ્ક પઠન-ચિંતન માટે નહીં, પણ સતત જીવનોપયોગી, સાવધાનીદર્શક, ઉચ્ચપ્રકાશના પંથ માટે પણ બને છે. આનો અભ્યાસી જીવ સતત વિચારે, મનુષ્ય તરીકે હું કેટકેટલી માર્ગણાઓને સ્પર્શી રહ્યો છું. હાલ મારા ચડાવ-ઉતારના ગુણસ્થાનકો કયા કયા છે ? બહારનો પ્રસંગ કે પુરુષ મારા ગુણસ્થાનકોમાં જરાય ડખલ કરી શકતા નથી, પણ તે વખતે મેં અપનાવેલો અભિગમ, ઉભી કરેલી લેશ્યા, કે પકડેલું વલણ મારા આત્માને ઉપર-નીચે કરી શકે છે ! હું જ મારો મિત્ર! હું જ મારો દુશ્મન! આવા પ્રસંગે કરેલો સંક્લેશ-કરેલા અશુભ અધ્યવસાયો મને કેટલા ગુણસ્થાનક નીચે ઉતારી શકે છે, અને તે વખતે કેટલી અશુભ પ્રકૃતિઓનો ઉદય, ઘાતીકર્મોની તીવ્રતા ને અશુભ કર્મોના ચીકણા બંધ કરાવી શકે છે, તો એ પ્રસંગે રાખેલા સમતા-સ્વસ્થતાના ભાવો મને ગુણસ્થાનકોમાં કેટલે ઊંચે પહોંચાડી શકે છે, કેટલી શુભપ્રકૃતિઓના તીવ્ર ઉદય કરાવી શકે છે. ઘાતિકર્મોની તીવ્રતામાં કેટલી મંદતા લાવી શકે છે અને કેટકેટલા ખોટા કર્મોના બંધથી બચાવી શકે છે ! મારો ક્ષણવારનો અશુભ ભાવ કેટકેટલા કોટાકોટી સાગરોપમ સુધી આત્મા પર ચોંટી રહેનારા કર્મોનું કારણ બની શકે ! હાય, સંક્લેશ ક્ષણનો અને સજા જનમોજનમની ! ના ! મારે નથી કરવા એવા સંક્લેશ! આવી જાગૃતિ મળે છે આ કર્મગ્રંથના અભ્યાસથી.

**આ** જ કારણ છે કે કર્મ અંગેનું વિપુલ સાહિત્ય શ્રી જૈનશાસનમાં ઉપલબ્ધ છે અને નવું-નવું પણ સર્જાતું જાય છે. પંડિતવર્ય શ્રી ધીરૂભાઇ અધ્યાપનની સાથે લેખન ક્ષેત્રમાં પણ સતત પ્રવૃત્તિશીલ છે અને એ રીતે શ્રી સંઘની ભાવશ્રુત અને દ્રવ્યશ્રુત બન્ને સંપત્તિમાં વધારો કરી રહ્યા છે જે ખૂબ અનુમોદનીય છે. એમની એક પ્રશંસનીય વિશેષતા એ છે કે સંશોધન અંગેનું કોઇપણ સૂચન એમને નિઃસંકોચ પણે કહી શકાય છે અને તેઓ અત્યંત નમ્રપણે-સરળતા-નિખાલસતાથી એનો સ્વીકાર કરે છે. કયાંય કશો ય આગ્રહ કે સ્વનિરૂપણનો યેનકેન પ્રકારેણ બચાવ કરવાની વૃત્તિ જોવા મળતી નથી.

૧ થી ૩ કર્મગ્રન્થ પછી, ચોથા કર્મગ્રન્થ પરનું તેઓનું આ વિવેચન પણ જિજ્ઞાસુઓને બોધપ્રદ બનશે જ એમાં શંકા નથી. વધુ ને વધુ ભાવુકો જૈનશાસનની આ અમૂલ્ય શ્રુતસંપત્તિના અર્થી બનો.... અને અર્થી બનીને આવા પ્રકાશનોના પરિશ્રમને સફળતા બક્ષો એવી વિનંતી સાથે.

શ્રી પ્રેમ-ભુવનભાનુ-ધર્મજિત-જયશેખરસૂરિ શિષ્યાણુ
**પંન્યાસ અભયશેખરવિજય**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ભૂળ ગાથાઓ

नमिय जिणं जियमग्गण-गुणठाणुवओगजोगलेसाओ ॥
बंधप्पबहूभावे, संखिज्जाइ किमवि वुच्छं ॥१॥
इह सुहुमबायरेगिंदि-बितिचउअसन्निसन्नि पंचिंदी ।
अपज्जत्ता पज्जत्ता, कमेण चउदस जियठाणा ॥२॥
बायरअसन्निविगले, अपज्ज पढमबिअसन्निअपजत्ते ।
अजयजुअ सन्निपज्जे, सव्वगुणा मिच्छ सेसेसु ॥३॥
अपजत्तछक्कि कम्मुरल-मीसजोगा अपज्जसंनीसु।
ते सविउव्वमीस एसु, तणुपज्जेसु उरलमन्ने॥ ४ ॥
सव्वे सन्निपजत्ते, उरलं सुहुमे सभासु तं चउसु ।
बायरि सविउव्विदुगं, पजसन्निसु बार उवओगा ॥ ५ ॥
पज चउरिंदि असन्निसु, दुदंस दुअनाण दससु चक्खु विणा।
संनि अपज्जे मणनाण-चक्खु-केवलदुगविहुणा॥ ६ ॥
सन्नि दुगि छलेस, अपजबायरे पढम चउ ति सेसेसु।
सत्तट्ठ बंधुदीरण, संतुदया अट्ठ तेरससु ॥ ७॥
सत्तट्ठछेगबंधा, संतुदया सत्त अट्ठ चत्तारि।
सत्तट्ठछपंचदुगं, उदीरणा सन्निपज्जत्ते॥ ८॥
गइ इंदिए य काए, जोए वेए कसायनाणे य ।
संजम दंसण लेसा, भवसम्मे सन्निआहारे ॥ ९॥
सुरनरतिरिनिरयगई, इगबियतियचउपणिंदि छक्काया।
भूजलजलणानिलवणतसा य मणवयणतणुजोगा॥ १०॥
वेय नरित्थि नपुंसा, कसाय-कोह-मय-माय-लोभत्ति ।
मइसुयवहिमणकेवल-विभंगमइसुअनाणसागारा ॥११॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सामाइय छेय परिहार, सुहूम अहखाय देस जय अजया ।
चक्खु अचक्खु ओही, केवल दंसण अणागारा ॥ १२॥
किण्हा नीला काउ, तेऊ पम्हा य सुक्क भव्वियरा ।
वेयग खइगुवसम मिच्छ, मीस सासाण सन्नियरे ॥१३॥
आहारेयर भेया, सुरनरयविभंगमइसुओहिदुगे ।
सम्मत्ततिगे पम्हा, सुक्कासन्नीसु सन्निदुगं ॥१४॥
तमसन्निअपज्जजुयं, नरे सबायर अपज्ज तेउए।
थावर इगिंदि पढमा, चउ बार असन्नि दुदु विगले॥ १५॥
दस चरम तसे अजयाहारगतिरितणुकसायदुअन्नाणे ।
पढमतिलेसाभवियर अचक्खुनपुमिच्छि सव्वे वि ॥१६॥
पजसन्नी केवलदुगे, संजममणनाण देसमणमीसे ।
पण चरिम पज्ज वयणे, तिय छ व पज्जियर चक्खुंमि ॥१७॥
थीनरपणिंदि चरमा चउ, अणहारे दु सन्नि छ अपज्जा ।
ते सुहुम अपज्ज विणा, सासणि इत्तो गुणे वुच्छं ॥१८॥
पण तिरि चउ सुरनिरए, नरसंनिपणिंदिभव्वतसि सव्वे ।
इगविगलभूदगवणे, दु दु एगं गइतसअभव्वे ॥१९॥
वेय तिकसाय नव दस, लोभे चउ अजय दु ति अनाणतिगे ।
बारस अचक्खुचक्खुसु, पढमा अहखाइ चरम चऊ ॥ २०॥
मणनाणि सग जयाई, सामाइयछेय चउ दुन्नि परिहारे ।
केवलदुगि दो चरमा-जयाइ नव मइ सुओहिदुगे ॥२१॥
अड उवसमि चउ वेअगि, खइए इक्कारमिच्छतिगि देसे।
सुहुमे य सट्ठाणं तेरस, जोगे आहार सुक्काए॥ २२॥
असन्निसु पढमदुगं, पढमतिलेसासु छच्च दुसु सत्त ।
पढमंतिमदुगअजया, अणहारे मग्गणासु गुणा॥ २३॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सच्चेअर मीस असच्चमोस मण वइ विउव्विआहारा॥
उरलं मीसा कम्मण, इय जोगा कम्ममणाहारे॥ २४॥
नरगइ पणिंदि तस तणु, अचक्खु नर नपु कसाय सम्मदुगे।
सन्नि छलेसाहारग, भव मइसुओहिदुगि सव्वे॥ २५॥
तिरि इत्थि अजय, सासण, अन्नाण उवसम अभव्व मिच्छेसु।
तेराहारदुगूणा, ते उरलदुगूण सुरनिरए॥ २६॥
कम्मुरलदुगं थावरि, ते सविउव्विदुग पंच इगि पवणे।
छ असन्नि चरमवइजुय, ते विउव्विदुगूण चउ विगले॥ २७॥
कम्मुरलमीस विणु मण, वइ समइय छेय चक्खु मणनाणे।
उरलदुगकम्मपढमंतिममणवइ केवलदुगंमि ॥ २८॥
मणवइउरला परिहारि, सुहुमि नव ते उ मीसि सविउव्वा।
देसे सविउव्विदुगा, सकम्मुरलमिस्स अहक्खाए॥ २९॥
तिअनाण नाण पण चउ, दंसण बार जिअलक्खणुवओगा।
विणु मणनाण दुकेवल, नव सुरतिरिनिरयअजएसु॥ ३०॥
तस जोअ वेअ सुक्का-हार नर पणिंदि सन्नि भवि सव्वे।
नयणेअर पणलेसा, कसाय दस केवलदुगूणा॥ ३१॥
चउरिंदिअसन्निदुअन्नाण दुदंस इगबिति थावरि अचक्खु।
तिअनाणदंसणदुगं अनाणतिगि अभव्वि मिच्छदुगे॥ ३२॥
केवलदुगे नियदुगं, नव तिअनाण विणु खइयअहक्खाए ।
दंसणनाणतिगं देसि मीसि अन्नाण मीसं तं ॥ ३३ ॥
मणनाण चक्खुवज्जा, अणहारि तिन्नि दंसणचउनाणा ।
चउनाणसंजमोवसम-वेयगे ओहिदंसे य ॥ ३४ ॥
दो तेर तेर बारस, मणे कमा अट्ठ दु चउ चउ वयणे ।
चउ दु पण तिन्नि काये, जिअगुणजोगुवओगन्ने ॥ ३५ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

छसु लेसासु सठाणं, एगिंदि असन्निभूदगवणेसु ।
पढमा चउरो तिन्नि उ, नारयविगलग्गिपवणेसु ॥ ३६ ॥
अहक्खायसुहुमकेवल-दुगि सुक्का छावि सेसठाणेसु ।
नरनिरयदेवतिरिया, थोवा दु असंखणंतगुणा ॥ ३७ ॥
पण चउ ति दु एगिंदी, थोवा तिन्नि अहिआ अणंतगुणा ।
तस थोव असंखग्गी, भूजलनिलअहियवणणंता ॥ ३८ ॥
मणवयणकायजोगी, थोवा असंखगुण अणंतगुणा ।
पुरिसा थोवा इत्थी, संखगुणाणंतगुण कीवा ॥ ३९ ॥
माणी कोही माई लोही अहिय मणनाणिणो थोवा ।
ओहि असंखा मइसुय, अहिअ सम असंख विब्भंगा ॥ ४० ॥
केवलिणो णंतगुणा,मइसुयअन्नाणि णंतगुण तुल्ला ।
सुहुमा थोवा परिहार, संख अहक्खाय संखगुणा ॥ ४१ ॥
छेय समइय संखा, देस असंखगुण णंतगुणा अजया ।
थोव असंख दुणंता, ओहि नयण केवल अचक्खु ॥ ४२ ॥
पच्छाणुपुव्वि लेसा , थोवा दो संख णंत दो अहिया ।
अभवियर थोव णंता, सासण थोवोवसम संखा ॥ ४३ ॥
मीसा संखा वेयग, असंखगुण खइय मिच्छ दु अणंता ।
सन्नियर थोव णंता, णहार थोवेयर असंखा ॥ ४४ ॥
सव्वजिअट्ठाण मिच्छे, सग सासणि पण अपज्ज सन्निदुगं ।
सम्मे सन्नी दुविहो, सेसेसुं सन्निपज्जत्तो ॥ ४५॥
मिच्छदुगि अजइजोगाहारदुगूणा अपुव्वपणगे उ।
मणवइउरलं सविउव्व, मीसि सविउव्वदुग देसे ॥ ४६॥
साहारदुग पमत्ते, ते विउव्वाहार मीस विणु इयरे ।
कम्मुरलदुगंताइममणवयण सजोगि न अजोगी ॥ ४७ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तिअनाण दुदंसाइमदुगे अजइ देसि नाणदंसणतिगं ॥
ते मीसि मीसा समणा जयाइ केवलदुगंतदुगे ॥ ४८ ॥
सासणभावे नाणं विउव्वाहारगे उरलमिस्सं ।
नेगिंदिसु सासाणो, नेहाहिगयं सुयमयं पि ॥ ४९ ॥
छसु सव्वा तेउतिगं, इगि छसु सुक्का अजोगि अल्लेसा ।
बंधस्स मिच्छ अविरइ, कसाय जोग त्ति चउ हेऊ ॥ ५० ॥
अभिगहियमणभिगहिया-भिनिवेसियसंसइयमणाभोगं ।
पण मिच्छ बार अविरइ, मणकरणानियमु छजियवहो ॥ ५१ ॥
नव सोल कसाया पनर, जोग इय उत्तरा उ सगवन्ना।
इग चउ पण तिगुणेसु, चउतिदुइगपच्चओ बंधो॥ ५२॥
चउ मिच्छ मिच्छअविरइ-पच्चइया साय सोल पणतीसा।
जोग विणु तिपच्चइया-हारगजिणवज्ज सेसाओ॥ ५३॥
पणपन्न पन्ना तिअछहिअ - चत्तगुणचत्त छचउदुगवीसा ।
सोलस दस नव नव सत्त हेउणो न उ अजोगिंमि ॥ ५४॥
पणपन्न मिच्छिहारग दुगूण सासाणि पन्न मिच्छिविणा।
मीसदुगकम्मअण विणु तिचत्त मीसे अह छचत्ता॥ ५५॥
सदुमिस्सकम्म अजए, अविरइकम्मुरलमीसबिकसाए।
मुत्तु गुणचत्त देसे, छवीस साहारदु पमत्ते॥ ५६॥
अविरइ इगार तिकसाय, वज्ज अपमत्ति मीसदुगरहिआ।
चउवीस अपुव्वे पुण, दुवीस अविउव्वियाहारे॥ ५७॥
अछहास सोल बायरि, सुहुमे दस वेअसंजलणति विणा।
खीणुवसंति अलोभा, सजोगि पुव्वुत्त सग जोगा॥ ५८॥
अपमत्तंता सत्तट्ठ, मीस अपुव्व बायरा सत्त।
बंधइ छस्सुहुमो एगमुवरिमा बंधगाजोगी ॥ ५९॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आसुहुमं संतुदए, अट्ठ वि मोह विणु सत्त खीणंमि।
चउ चरिमदुगे अट्ठ उ, संते उवसंति सत्तुदए॥ ६०॥
उइरंति पमत्तंता, सगट्ठ मीसट्ठ वेयआउ विणा।
छग अपमत्ताइ तओ, छ पंच सुहुमो पणुवसंतो॥ ६१॥
उइरंति पमत्तंता, सगट्ठ मीसट्ठ वेयआउ विणा।
छग अपमत्ताइ तओ, छ पंच सुहुमो पणुवसंतो॥ ६१॥
पण दो खीण दु जोगी, णुदीरगु अजोगी थोव उवसंता।
संखगुण खीण सुहुमानियट्टिअपुव्व सम अहिया॥ ६२॥
जोगि अपमत्त इयरे, संखगुणा देससासणा मीसा।
अविरइ अजोगिमिच्छा, असंख चउरो दुवेणंता॥ ६३॥
उवसमखयमीसोदय-परिणामा दु नव ट्ठार इगवीसा ।
तिअभेअ सन्निवाइय, सम्मं चरणं पढमभावे ॥ ६४॥
वीए केवलजुयलं, सम्मं दाणाइलद्धि पण चरणं ।
तइए सेसुवओगा, पण लद्धी सम्मविरइदुगं ॥ ६५ ॥
अन्नाणमसिद्धत्ता-संजमलेसाकसायगइवेया ।
मिच्छं तुरिए भव्वा-भव्वत्ताजिअत्तपरिणामे ॥ ६६ ॥
चउ चउगइसु मीसग, परिणामुदएहिं चउ सखइएहिं ।
उवसमजुएहिं वा चउ, केवलिपरिणामुदयखइए ॥ ६७॥
खयपरिणामि सिद्धा, नराण पण जोगुवसमसेढीए ।
इय पनर सन्निवाइयभेया वीसं असम्भविणो ॥ ६८ ॥
मोहेव समो मीसो, चउ घाइसु अट्ठकम्मसु य सेसा ।
धम्माइ पारिणामियभावे खंधा उदइए वि ॥ ६९ ॥
सम्माइ चउसु तिग चउ भावा चउ पणुवसामगुवसंते ।
चउ खीणापुव्वे तिन्नि, सेसगुणठाणगेगजिए ॥ ७० ॥
संखिज्जेगमसंखं, परित्तजुत्तनियपयजुयं तिविहं ।
एवमणंतं पि तिहा, जहन्नमज्झुक्कसा सव्वे ॥ ७१॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

लहु संखिज्जं दुच्चिअ, अओ परं मज्झिमं तु जा गुरुअं ।
जंबुद्दीवपमाणय, चउ पल्लपरूवणाइ इमं ॥ ७२॥
पल्लाणवट्ठियसलाग पडिसलागमहासलागक्खा ।
जोयणसहसोगाढा सवेईयंता ससिहभरिया ॥ ७३॥
ता दीवुदहिसु इक्किक्क सरिसवं खिवियनिट्ठिए पढमे ।
पढमं व तवंतं चिय, पुण भरिए तंमि तह खीणे ॥७४॥
खिप्पइ सलागपल्लेगु सरिसवो इय सलागखवणेणं ।
पुन्नो बीओ अ तओ, पुव्वंपि तंमि उद्धरिए ॥ ७५॥
रूव जुअं तु परित्ता संखं लहु अस्स रासि अब्भासे ।
जुत्तासंखिज्जं लहु, आवलिआ समय परिमाणं ॥ ७८ ॥
बितिचउपंचमगुणणे कमा सगासंख पढमचउसत्ता ।
णंता ते रूवजुआ, मज्झा रूवूण गुरु पच्छा ॥ ७९॥
इय सुत्तुत्तं अन्ने वग्गिअमिक्कसि चउत्थयमसंखं ।
होइ असंखासंखं लहु रूवजुयं तु तं मज्झं ॥ ८० ॥
रूवूणमाइमं गुरु, तिवग्गिउं तत्थिमे दसक्खेवे ।
लोगागासपएसा, धम्माधम्मेगजिअदेसा ॥ ८१ ॥
ठिइबंधज्झवसाया, अणुभागा जोगच्छेअपलिभागा ।
दुण्ह य समाण समया, पत्तेअ निगोअए खिवसु ॥ ८२ ॥
पुण तंमि तिवग्गिअए, परित्तणंत लहु तस्स रासीणं ।
अब्भासे लहु जुत्ताणंतं अभव्वजिअमाणं ॥ ८३ ॥
तव्वग्गे पुण जायइ, णंताणंत लहु तं च तिक्खुत्तो ।
वग्गसु तहवि न तं होइ, णंत खेवे खिवसु छ इमे ॥ ८४ ॥
सिद्धा निगोअजीवा, वणस्सई काल पुग्गला चेव ।
सव्वमलोगनहं पुण, तिवग्गिउं केवलदुगंमि ॥ ८५ ॥
खित्ते णंताणंतं, हवइ जिट्ठं तु ववहरइ मज्झं ।
इय सुहमत्थविआरो, लिहिओ देविंदसूरीहिं ॥ ८६ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અ...નુ...ક્ર...મ...ણિ...કા



| | વિષય | ગાથા નં. | પૃષ્ઠ નં. |
|---|---|---|---|
| ૧ | મંગલાચરણ અને વિષય | ૧ | ૨૧ |
| ૨ | દ્વારો સમજાવવાનો ક્રમ (પ્રક્ષેપાત્મક) | ૧/૨/૩ | ૨૬ |
| ૩ | ચૌદ જીવસ્થાનક | ૨ | ૨૮ |
| ૪ | ચૌદ જીવસ્થાનક ઉપર ગુણસ્થાનક | ૩ | ૩૧ |
| ૫ | ચૌદ જીવસ્થાનક ઉપર યોગ | ૪/૫ | ૩૪ |
| ૬ | ચૌદ જીવસ્થાનક ઉપર ઉપયોગ | ૬ | ૪૦ |
| ૭ | ચૌદ જીવસ્થાનક ઉપર લેશ્યા તથા બંધ-ઉદય-ઉદીરણા-સત્તા | ૭/૮ | ૪૩ |
| ૮ | ચૌદ મૂલમાર્ગણાનું વર્ણન | ૯ | ૫૧ |
| ૯ | બાસઠ ઉત્તર માર્ગણાનું વર્ણન | ૧૦થી૧૪ | ૫૩ |
| ૧૦ | ૬૨ માર્ગણા ઉપર ચૌદ જીવસ્થાનક | ૧૪થી૧૮ | ૬૪ |
| ૧૧ | ૬૨ માર્ગણા ઉપર ચૌદ ગુણસ્થાનક | ૧૯થી૨૩ | ૭૭ |
| ૧૨ | ૬૨ માર્ગણા ઉપર પન્નર યોગ | ૨૪થી૨૯ | ૯૧ |
| ૧૩ | ૬૨ માર્ગણા ઉપર બાર ઉપયોગ | ૩૦થી૩૪ | ૧૦૭ |
| ૧૪ | યોગ માર્ગણામાં મતાન્તર | ૩૫ | ૧૧૫ |
| ૧૫ | ૬૨ માર્ગણા ઉપર લેશ્યાદ્વાર | ૩૬/૩૭ | ૧૧૯ |
| ૧૬ | ૬૨ માર્ગણા ઉપર અલ્પબહુત્વ | ૩૭થી૪૪ | ૧૨૦ |
| ૧૭ | ચૌદ ગુણસ્થાનક ઉપર જીવસ્થાનક | ૪૫ | ૧૪૧ |
| ૧૮ | ચૌદ ગુણસ્થાનક ઉપર યોગ | ૪૬/૪૭ | ૧૪૩ |
| ૧૯ | ચૌદ ગુણસ્થાનક ઉપર ઉપયોગ | ૪૮ | ૧૪૭ |
| ૨૦ | સિદ્ધાન્તકાર અને કર્મગ્રંથકારના વિવક્ષાભેદો | ૪૯ | ૧૫૦ |
| ૨૧ | ચૌદ ગુણસ્થાનક ઉપર લેશ્યા દ્વાર | ૫૦ | ૧૫૪ |
| ૨૨ | ચૌદ ગુણસ્થાનક ઉપર બંધહેતુદ્વાર | ૫૦થી૫૮ | ૧૫૭ |
| ૨૩ | ચૌદ ગુણસ્થાનક ઉપર બંધાદિ ચાર દ્વાર | ૫૯થી૬૨ | ૨૦૧ |
| ૨૪ | ચૌદ ગુણસ્થાનક ઉપર અલ્પ બહુત્વ | ૬૨/૬૩ | ૨૦૫ |
| ૨૫ | ઔપશમિકાદિ પાંચ ભાવોનું વર્ણન | ૬૪થી૭૦ | ૨૧૬ |
| ૨૬ | સંખ્યાત-અસંખ્યાત અને અનંતાનું વર્ણન | ૭૧થી૮૬ | ૨૪૦ |
| ૨૭ | પ્રશ્નોત્તરી સ્વરૂપે સમાલોચના | | ૨૭૨ |



■■■

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# मङ्गलाचरणम्

सर्वज्ञं श्रीजिनं नत्वा, लोकालोकप्रकाशकम् ।
रोगशोकविनिर्मुक्तं, गीर्वाणवृन्दवन्दितम् ॥ १ ॥

यत्प्रसादात्तरन्त्यन्तं, समयाब्धेरबुद्धयः ।
भवेत्मन्दोऽपि मेधावी, तां वाग्देवीं स्मराम्यहम् ॥ २ ॥

जयन्ति ते तपोनिध्या-दिपदावलिभूषिताः ।
श्री जगच्चन्द्रसूरीशाः निर्जिताजेयवादिनः ॥ ३ ॥

तदंह्रिकजभृङ्गा ये, कोविदाः कर्ममर्मणि ।
सरस्वतीव जातास्ते, नाम्ना देवेन्द्रसूरयः ॥ ४ ॥

प्राचीनाः कर्मसम्बन्धाः, रचिताः पूर्वसूरिभिः ।
विद्यन्ते बहवो ग्रन्थाः, दुर्गमाः कालभावतः ॥ ५ ॥

तदध्रीयमानमेधेषु, करुणारसपूरितैः ।
सूरिभिर्नूतना ग्रन्था, गुम्फिता मृदुभाषया ॥ ६ ॥

कर्मग्रन्थत्रयस्यापि, स्वर्थमुक्त्वा सुभाषया ।
षडशीत्याख्यपाठोऽयं, मृदुगिरा विवेच्यते ॥ ७ ॥

जीवयोगगुणैर्यत्र तथोपयोगलेश्यकैः ।
ज्ञाप्यन्ते विविधा भावाः, सर्वत्रातिरसप्रदाः ॥ ८ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भावपञ्चकसङ्ख्यादि-स्वरूपमतिमोदकम् ।
धैर्यादिगुणगुम्फितैरध्येतव्यं सचेतनैः ॥ ९ ॥

अस्त्यत्र काचिदुद्भूता, क्षतिः प्रमादयोगतः ।
क्षाम्यन्तु सज्जनास्तत्र, कृपां कृत्वा कृपापराः ॥ १० ॥
ग्रन्थविवेचनादस्मात्प्राप्तपुण्यमहोदधेः ।
क्षेमं भवतु सर्वत्र, शान्तिरस्तु जगत्त्रये ॥ ११ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ नमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ॥

# "ષડશીતિ" નામા ચતુર્થ કર્મગ્રન્થ

ગ્રંથના પ્રારંભમાં ઇષ્ટદેવની સ્તુતિ રૂપ મંગલાચરણ તથા આ ગ્રંથમાં જાણવા લાયક વિષય (અભિધેય) આદિને જણાવતા ગ્રંથકારશ્રી આ પ્રથમગાથા જણાવે છે. :-

**नमिय जिणं जियमग्गण-गुणठाणुवओगजोगलेसाओ ॥**
**बंधप्पबहूभावे, संखिज्जाइ किमवि वुच्छं ॥१॥**

(नत्वा जिनं जीवमार्गण-गुणस्थानोपयोगयोगलेश्याः ।
बंधाल्पबहुभावान्, सङ्ख्येयादिकं किमपि वक्ष्ये) ॥१॥

**શબ્દાર્થ**

नमिय=નમસ્કાર કરીને
जिणं=જિનેશ્વર પરમાત્માને
जिय=જીવસ્થાનક
गुणठाण=ગુણસ્થાનક
मग्गण=માર્ગણાસ્થાનક
उवओग=ઉપયોગ
योग=યોગ
लेसाओ = લેશ્યા.
बंध = બંધસ્થાનક.
अप्पबहू = અલ્પબહુત્વ.
भावे = ઉપશમાદિ પાંચ ભાવો.
संखिज्जाइ = સંખ્યાતાદિનું સ્વરૂપ
किमवि = કંઇક (અંશ) માત્ર
वुच्छं = હું કહીશ.

**ગાથાર્થઃ-** જિનેશ્વર પરમાત્માને નમસ્કાર કરીને. (૧) જીવસ્થાનક, (૨) માર્ગણાસ્થાનક, (૩) ગુણસ્થાનક, (૪) ઉપયોગ, (૫) યોગ, (૬) લેશ્યા, (૭) બંધાદિ, (૮) અલ્પબહુત્વ, (૯) પાંચ ભાવો, અને (૧૦) સંખ્યાતાદિનું કંઇક સ્વરૂપ હું કહીશ. ॥૧॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વિવેચન** :- પ્રથમના ત્રણ કર્મગ્રંથો જેમ પૂજ્ય દેવેન્દ્રસૂરિજીએ બનાવ્યા છે. તેમ આ ચોથો કર્મગ્રંથ પણ તેઓએ જ બનાવ્યો છે. તથા પ્રથમના ત્રણ કર્મગ્રંથની જેમ આ ચોથા કર્મગ્રંથ ઉપર પણ પોતાની જ બનાવેલી સ્વોપજ્ઞ ટીકા પણ છે. પ્રથમના ત્રણ કર્મગ્રંથોનો અભ્યાસ થયા પછી તેના વિષે વધુ ઉંડાણની પ્રાપ્તિ માટે આ ચોથો કર્મગ્રંથ શરૂ કરાય છે. તેની ૮૬ ગાથા હોવાથી સંસ્કૃતમાં તેનું **"ષડશીતિ"** એવું નામ આપવામાં આવેલ છે. આ ગ્રંથની નિર્વિઘ્ને સમાપ્તિ થાય તેટલા માટે ગ્રંથના પ્રારંભમાં ઈષ્ટદેવની સ્તુતિસ્વરૂપ મંગલાચરણ તથા વિદ્વાન્ પુરુષોના ગ્રંથપ્રવેશ માટે વિષય (અભિધેય), સંબંધ અને પ્રયોજન ગ્રંથકારશ્રી જણાવે છે.

**મંગલાચરણ** :- રાગ-દ્વેષ અને મોહ (અજ્ઞાન) આદિ સ્વરૂપ દુર્વાર એવા વૈરીઓના સમૂહને જિતનારા, અર્થાત્ વીતરાગ, તથા પરમાર્હન્ત્યપણાથી અલંકૃત એવા તીર્થંકર પરમાત્માને ભાવપૂર્વક નમસ્કાર કરીને હું આ ગ્રંથ શરૂ કરું છું. આવા પ્રકારનું **ભાવમંગલ** કરવા વડે આ ગ્રન્થની સમાપ્તિ સુધી નિર્વિઘ્નતા જણાવે છે.

**વિષય** :-(અભિધેય) આ ગ્રંથમાં કયા કયા વિષયો સમજાવવામાં આવશે ? તો જીવસ્થાનક આદિ-૧૦ દ્વારો સમજાવાશે. આ **વિષય** કહેવાય છે. તે દશે દ્વારોના સંક્ષેપમાં અર્થો આ પ્રમાણે છે.

(૧) મૂલ ગાથામાં કહેલ **સ્થાન** શબ્દ પ્રત્યેકમાં જોડવાથી જીવસ્થાનક માર્ગણાસ્થાનક, અને ગુણસ્થાનક એમ શબ્દ થાય છે. પાંચ ઈન્દ્રિયો, ત્રણ બલ, શ્વાસ અને આયુષ્ય એ-૧૦ પ્રાણોને જે ધારણ કરે તે જીવ. તેના સૂક્ષ્મ-બાદર એકેન્દ્રિયાદિ જે અવાન્તર ભેદો-પ્રકારો-સ્થાનો છે. તે **"જીવસ્થાનક"** કહેવાય છે. તેના ૧૪ ભેદો આવશે.

(૨) જીવોની વિચારણા કરવા માટેના આશ્રયો-આધારો, સ્થાનો તે **માર્ગણાસ્થાનક** તેના મૂલભેદ-૧૪, અને ઉત્તરભેદ-૬૨ આવશે.

(૩) જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ આત્માના જે ગુણવિશેષો છે. તેની શુદ્ધિ-અશુદ્ધિની હાનિ-વૃદ્ધિની અપેક્ષાએ જે ભેદો-સ્થાનો અર્થાત્ પ્રકારો તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગુણસ્થાનક** કહેવાય છે. કે જે મુક્તિરૂપી પ્રાસાદના શિખર ઉપર આરોહણ કરવા માટે સોપાનની પંક્તિતુલ્ય છે. તેના ૧૪ ભેદ છે.

(૪) આત્મામાં પદાર્થના સામાન્ય અને વિશેષ ધર્મોને જાણવાની પ્રાપ્ત થયેલી જે ચૈતન્યશક્તિ, તેનો વપરાશ તે **ઉપયોગ** કહેવાય છે. તેના ૧૨ ભેદો છે. સામાન્યોપયોગના ૪ અને વિશેષોપયોગના ૮ ભેદ છે.

(૫) મન-વચન અને કાયારૂપ સહકારી કારણોના સહયોગથી આત્મપ્રદેશનું જે પરિસ્પંદન-હલનચલન, તે રૂપે વપરાતી વીર્યશક્તિ તેને **યોગ** કહેવાય છે. તેના ૧૫ ભેદ છે મનોયોગના ૪, વચનયોગના ૪ અને કાયયોગના ૭ ભેદો છે.

(૬) જેના વડે આત્મા કર્મોની સાથે લેપાય તે લેશ્યા. નિમિત્ત ભૂત એવા કૃષ્ણ-નીલાદિ વર્ણવાળા બાહ્યપુદ્‌ગલોની પ્રધાનતાથી આત્માના થતા શુભાશુભ પરિણામવિશેષ તે લેશ્યા. તેના છ ભેદ છે. આ છ લેશ્યાઓ જાંબુના અને ચોરના ઉદાહરણથી જૈનશાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે.

(૭) મિથ્યાત્વ-અવિરતિ-કષાય અને યોગાદિ હેતુઓ દ્વારા કાર્મણ વર્ગણાની સાથે આત્માનો ક્ષીર-નીર અને લોહાગ્નિના ન્યાયે એકમેક સંબંધવિશેષ તે **બંધ** કહેવાય છે અહીં બંધના ઉપલક્ષણથી ઉદય-ઉદીરણા અને સત્તા પણ સમજાવવામાં આવશે.

(૮) ચૌદ જીવસ્થાનક, બાસઠ માર્ગણાસ્થાનક અને ચૌદ ગુણસ્થાનકોમાં કોનાથી કોણ ઓછા, અને કોનાથી કોણ વધારે એવી પરસ્પર જે વિચારણા તે **અલ્પબહુત્વ.**

(૯) કર્મોના ઉપશમથી, ક્ષયથી, ક્ષયોપશમથી અને ઉદયથી આત્માનું તે તે સ્વરૂપે જે પરિણમન થવું તે તથા સર્વ પદાર્થોમાં રહેલું વસ્તુનું સહજ સ્વરૂપ (સ્વાભાવિક સ્વરૂપ) તે **ભાવ.** તેના પાંચ ભેદ છે.

(૧૦) ચાર પ્યાલા આદિના માપથી જે ગણી શકાય તે સંખ્યાત, ન ગણી શકાય તે અસંખ્યાત, અને જેનો પાર (અંત) ન પામી શકાય તે અનંત એમ આ **સંખ્યાતાદિ** કહેવાશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ૧૦ દ્વારો સમજાવવાં તે આ ગ્રંથનો વિષય (અભિધેય) છે.

**સંબંધ** :- આ ગ્રંથ (મૂલસૂત્રની ગાથાઓ અને વિવેચન) એ વાચક છે. ઉપાય છે. અને સાધન છે. અને તેના દ્વારા પ્રાપ્ત થતું જ્ઞાન એ વાચ્ય છે. ઉપેય છે. અને સાધ્ય છે. આ પ્રમાણે વાચ્ય-વાચક, ઉપેય-ઉપાય, અને સાધ્યસાધન ભાવરૂપ સંબંધ જાણવો. અથવા અહીં ગ્રંથકારે જિનેશ્વરપરમાત્માને નમસ્કાર કર્યો છે. તેથી તેઓની વાણીને અનુસારે જ વિષય સમજાવાશે, એમ ગુરુપર્વક્રમરૂપ સંબંધ પણ જાણવો.

**પ્રયોજન** :-પોતાને સ્વાધ્યાય થાય અને પરને (શ્રોતાવર્ગને) ઉપકાર થાય એ ગ્રંથકર્તાનું અનંતર પ્રયોજન છે. અને આ ૧૦ દ્વારો વિષેની સૂક્ષ્મ જ્ઞાન પ્રાપ્તિ થાય એ શ્રોતાવર્ગનું અનંતર પ્રયોજન છે. તથા કર્મક્ષય કરી મુક્તિ પ્રાપ્ત કરવી એ કર્તા-શ્રોતા એમ ઉભયનું પરંપરા પ્રયોજન છે.

**પ્રશ્ન** :- ઉપર જે ૧૦ દ્વાર આ ગ્રંથમાં સમજાવાશે. એમ કહ્યું. ત્યાં દશ દ્વારોનો આ જ ક્રમ શા માટે ? ૧૦ દ્વારના આવા પ્રકારના ક્રમની પાછળ શું કંઈ કારણ છે કે વિના કારણે આ ક્રમ છે ?

**ઉત્તર** :- હા, તે ક્રમની પાછળ પણ કારણ છે. તે કારણ આ પ્રમાણે-માર્ગણાસ્થાનક, ગુણસ્થાનક, ઉપયોગ અને યોગાદિ દ્વારો, જીવોના ભેદો જાણ્યા વિના જાણી શકાતાં નથી કારણ કે જીવોના ભેદો ઉપર જ આ બધી સૂક્ષ્મ વિચારણા સંભવી શકે. માટે સૌ પ્રથમ જીવસ્થાનક દ્વાર કહ્યું છે.

જીવોનું વિસ્તારથી નિરૂપણ કરવું હોય, વધારે ભેદ-પ્રતિભેદથી જાણવા હોય તો ૬૨ માર્ગણાસ્થાનક વડે જાણી શકાય છે. માટે બીજું માર્ગણાસ્થાનક છે.

તે તે માર્ગણાઓમાં વર્તતા જીવો કોઈને કોઈ ગુણસ્થાનકોથી યુક્ત જ હોય છે. ક્યાં કેટલાં ગુણસ્થાનકો હોય તે જાણવા ત્રીજું ગુણસ્થાનક દ્વાર છે.

આ ચૌદે ગુણસ્થાનકો ઉપયોગ (ચૈતન્યશક્તિ)વાળા જીવોને જ હોય છે. પરંતુ ઉપયોગ (ચૈતન્યશક્તિ) વિનાનાં એવાં આકાશ અને પુદ્ગલાદિ અજીવદ્રવ્યોને સંભવતાં નથી. તે માટે ચોથુ ઉપયોગ દ્વાર કહ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપયોગવાળા જે જીવો છે તે જ મન-વચન- અને કાયાના પરિસ્પંદનાત્મક યોગને પ્રવર્તાવે છે ઉપયોગ રહિત એવા જડપદાર્થો યોગને પ્રવર્તાવતા નથી. એમ જણાવવા પાંચમું યોગ દ્વાર કહેલ છે.

યોગ દ્વારા ગ્રહણ કરેલ કર્મપુદ્ગલોમાં લેશ્યા દ્વારા જ રસબંધ અને સ્થિતિબંધ થાય છે. લેશ્યા વિના માત્ર યોગથી (૧૧-૧૨ અને ૧૩મા ગુણઠાણે) પ્રકૃતિ અને પ્રદેશ બંધ જ થાય છે. આ ભાવ જણાવવા યોગ પછી છઠ્ઠું લેશ્યા દ્વાર કહેલ છે.

લેશ્યાના ભાવથી પરિણામ પામેલા જીવો યથાયોગ્ય રીતે આઠે કર્મોના બંધ-ઉદય-ઉદીરણા અને સત્તાને પ્રાપ્ત કરે છે. તે માટે લેશ્યા પછી સાતમું બંધાદિ દ્વાર કહ્યું છે.

કર્મોના તીવ્ર-મંદ અને મધ્યમ બંધ-ઉદય આદિના કારણે જ બાસઠ માર્ગણાઓમાં કોઈક માર્ગણામાં જીવો અલ્પ અને કોઈક માર્ગણામાં જીવો બહુ હોય છે. તેથી આઠમું અલ્પબહુત્વ દ્વાર છે.

બાસઠમાર્ગણામાં અને ચૌદે ગુણસ્થાનકોમાં અલ્પ તથા બહુરૂપે વર્તતા આ જીવો અવશ્ય ઔપશમિક-ક્ષાયિક-ક્ષાયોપશમિક આદિ કોઈને કોઈ ભાવોથી યુક્ત જ હોય છે તેથી નવમું ભાવદ્વાર કહેલ છે.

પાંચે ભાવોમાં વર્તતા જીવો માંહોમાંહે એકભાવથી બીજાભાવમાં સંખ્યાત-અસંખ્યાત અને અનંતાદિ કોઈપણ એક આંકથી નિયત હોય છે. તે જણાવવા દસમું સંખ્યાતાદિ દ્વાર કહેલ છે.

**પ્રશ્ન** :-"આ ગ્રંથમાં કંઈક અંશમાત્ર સ્વરૂપ અમે કહીશું" એમ તમે શા માટે કહો છો ! વિસ્તારથી સ્વરૂપ શા માટે નથી કહેતા ?

**ઉત્તર** :- પંચમકાળના પ્રભાવે પ્રતિદિન જીવો બુદ્ધિબળ-સંઘયણ બળ અને આયુષ્યબળાદિથી હાનિ પામતા જાય છે. માટે વિસ્તૃતકથનથી તેવા પ્રકારનો ઉપકાર સંભવતો નથી કે જેવા પ્રકારનો ઉપકાર સંક્ષિપ્ત કથનથી થાય છે. તથા વિસ્તારરુચિવાળા જીવો તો જૈનદર્શનના અન્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાગ્રંથોથી પણ જાણી શકે તેમ છે. તેથી સંક્ષિપ્તરુચિવાળા જીવો માટે અમે આ ગ્રંથમાં સંક્ષેપથી જ વિષયો સમજાવીશું.

**પ્રશ્ન** :-આ ગ્રંથમાં ક્રમશઃ આ ૧૦ જ દ્વારો કહેવાશે ? કે આ ૧૦ દ્વારોમાં પણ બીજી કોઇ વ્યવસ્થા છે !

**ઉત્તર** :- આ ૧૦ દ્વારોમાં બીજી વ્યવસ્થા પણ છે. તે આ પ્રમાણે છે.

(૧) પ્રથમ ચૌદ જીવસ્થાનક સમજાવાશે. ત્યારબાદ આ જ ચૌદ જીવસ્થાનક ઉપર ગુણસ્થાનક, યોગ, ઉપયોગ, લેશ્યા, બંધ, ઉદય, ઉદીરણા, અને સત્તા એમ કુલ આઠ દ્વાર કહેવાશે. ત્યારબાદ

(૨) ચૌદ મૂલમાર્ગણા અને બાસઠ ઉત્તરમાર્ગણા સમજાવાશે. અને પછી તે જ બાસઠ માર્ગણાસ્થાનો ઉપર જીવસ્થાનક, ગુણસ્થાનક, યોગ, ઉપયોગ, લેશ્યા, અને અલ્પબહુત્વ એમ છ દ્વારો સમજાવાશે.

(૩) ત્યારબાદ પ્રથમ ચૌદ ગુણસ્થાનક સમજાવી તે ચૌદ ગુણસ્થાનક ઉપર જ જીવસ્થાનક, યોગ, ઉપયોગ, લેશ્યા, બંધહેતુ, બંધાદિ ચાર (બંધ-ઉદય-ઉદીરણા અને સત્તા) અને અલ્પબહુત્વ એમ કુલ ૧૦ દ્વારો સમજાવાશે. ત્યારબાદ પાંચ ભાવો અને સંખ્યાતાદિનું સ્વરૂપ કહેવાશે.

આ પ્રમાણે ચૌદ જીવસ્થાનક ઉપર ૮, બાસઠ માર્ગણાસ્થાનક ઉપર ૬, અને ચૌદ ગુણસ્થાનક ઉપર ૧૦, ત્યારબાદ ભાવદ્વાર અને સંખ્યાતાદિનું સ્વરૂપ દ્વાર એમ કુલ ૨૬ દ્વારો આ કર્મગ્રંથમાં આવશે. હવે કહેવાતાં દ્વારોની ઉપરોક્ત વ્યવસ્થાને સમજાવનારી ત્રણ ગાથા પ્રક્ષેપ રૂપે આ પ્રમાણે છે.

**नमिय जिणं वत्तव्वा, चउदस जिअठाणएसु गुणठाणा ।**
**जोगुवओगलेसा, बंधुदओदीरणा सत्ता ॥ १ ॥**

(नत्वा जिनं वक्तव्यानिः चतुर्दशजीवस्थाकेषु गुणस्थानानि ।
योगोपयोगलेश्या-बन्धोदयोदीरणासत्ताः ॥ १ ॥)

**ગાથાર્થ** :-જિનેશ્વર પરમાત્માને નમસ્કાર કરીને ચૌદ જીવ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થાનકોને વિષે ગુણસ્થાનકો; યોગ, ઉપયોગ, લેશ્યા, અને બંધ ઉદય-ઉદીરણા તથા સત્તા એમ આઠ દ્વાર કહેવાશે.

**तह मूलचउदमग्गण-ठाणेसु बासट्ठि-उत्तरेसुं च ।**
**जिअगुणजोगुवओगा-लेसप्पबहुं च छट्ठाणा ॥२॥**

(तथा मूलचतुर्दशमार्गणा-स्थानेषु द्वाषष्टि-उत्तरेषु च ।
जीवगुणयोगोपयोग-लेश्याल्पबहुं च षट्स्थानानि ॥२॥ )

**ગાથાર્થઃ-** તથા મૂલ ચૌદ માર્ગણાસ્થાનક અને ઉત્તર બાસઠ માર્ગણા-સ્થાનકોને વિષે જીવસ્થાનક-ગુણસ્થાનક-યોગ-ઉપયોગ-લેશ્યા- અને અલ્પબહુત્વ એમ છ દ્વારો સમજાવાશે.

**चउदसगुणेसु जिअ-जोगुवओग-लेसा य बंधहेऊ य ।**
**बंधाइ चउ अप्पा-बहुं च तो भावसंखाई ॥३॥**

(चतुर्दशगुणेषु जीवयोगोपयोगलेश्याश्च बन्धहेतवश्च ।
बन्धादयश्चत्वारो, ऽल्पबहुत्वं च ततो भावसंख्यादयः ॥३॥)

**ગાથાર્થઃ-** ચૌદ ગુણસ્થાનકોને વિષે જીવસ્થાનક, યોગ, ઉપયોગ, લેશ્યા, બંધહેતુ, બંધાદિ ચાર, અને અલ્પબહુત્વ એમ ૧૦ દ્વારો કહીને ત્યારબાદ ભાવ અને સંખ્યાદિનું સ્વરૂપ કહેવાશે.

આ ત્રણે ગાથાઓ સરળ હોવાથી, તેનો અર્થ પૂર્વની ગાથાના વિવેચનમાં સમજાવાઇ ગયો છે અને આ ગાથાઓનો બાલજીવોના બુદ્ધિવિકાસ માટે પાછળથી દ્વારોની વ્યવસ્થા સમજાવવા સારુ પ્રક્ષેપ કરાયો હોવાથી અહીં વધારે વિવેચન આપતા નથી. આ જ વ્યવસ્થા સમજાવવા માટે આ જ ત્રણ ગાથાની જગ્યાએ સ્વોપજ્ઞટીકામાં બીજી ત્રણ ગાથા પણ છે. તે પાઠાંતર રૂપ છે.

**चउदसजियठाणेसु चउदसगुणठाणगाणि जोगा य ।**
**उवयोगलेसबंधुदओदीरणासंत अट्ठपए ॥१॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**चउदसमग्गणठाणेसु, मूलपएसु बिसट्ठि इयरेसु ।**
**जियगुणजोगुवओगा लेसप्पबहुं च छठाणा ॥२॥**
**चउदसगुणठाणेसु जियजोगुवओग लेस बंधा य ।**
**बंधुदयुदीरणाओ, संतप्पबहुं च दस ठाणा ॥३॥**

આ ત્રણ ગાથાનો અર્થ પણ ઉપરની ત્રણ ગાથાના અનુસારે જ છે. માત્ર ગાથાની રચના જુદી છે. તેથી આ પાઠાન્તર માત્ર સમજવો. ॥૧॥

હવે પ્રથમ ચૌદ જીવસ્થાનક સમજાવે છે.

**इह सुहुमबायरेगिंदि-बितिचउअसन्निसन्नि पंचिंदी ।**
**अपज्जत्ता पज्जत्ता, कमेण चउदस जियठाणा ॥२॥**

(इह सूक्ष्मबादरैकेन्द्रियद्वित्रि चतुरसंज्ञिसंज्ञिपञ्चेन्द्रियाः ।
अपर्याप्ताः पर्याप्ताः क्रमेण चतुर्दश जीवस्थानानि) ॥२॥

**શબ્દાર્થ:-**

| | | |
|---|---|---|
| इह = અહીં | ति = તેઇન્દ્રિય | अपज्जत्ता = અપર્યાપ્તા |
| सुहुम = સૂક્ષ્મ | चउ = ચઉરિન્દ્રિય | पज्जत्ता = પર્યાપ્તા |
| बायर = બાદર | असन्नि = અસંજ્ઞી પંચે૦ | कमेण = અનુક્રમે |
| एगिंदि = એકેન્દ્રિય | सन्नि = સંજ્ઞી | चउदस = ચૌદ |
| बि = બેઇન્દ્રિય | पंचिंदी = પંચેન્દ્રિય | जियठाणा = જીવસ્થાનકો |

**ગાથાર્થ** :- અહીં સૂક્ષ્મ-બાદર એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, અસંજ્ઞી-સંજ્ઞી પંચેન્દ્રિય આ સાત અપર્યાપ્તા અને પર્યાપ્તા એમ કુલ ચૌદ જીવસ્થાનકો જાણવાં. ॥૨॥

**વિવચન** :- હવે ચૌદ જીવસ્થાનકો સમજાવે છે. સ્પર્શન-ચામડી એ એક જ ઇન્દ્રિય જે જીવોને છે તે એકેન્દ્રિય, પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, અને વનસ્પતિકાય આ સર્વે જીવો એકેન્દ્રિય છે કારણકે તે જીવોને ફક્ત એક સ્પર્શનેન્દ્રિય જ છે. તે એકેન્દ્રિય જીવો બે પ્રકારે છે (૧) સૂક્ષ્મ અને (૨) બાદર૦ સૂક્ષ્મનામકર્મના ઉદયવાળા જે જીવો તે સૂક્ષ્મ, અને બાદરનામકર્મના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉદયવાળા જે જીવો તે બાદર, સૂક્ષ્મજીવો એક એક હોય તો પણ ચક્ષુથી અગોચર છે અને અસંખ્યાત અથવા અનંત જીવોનો સમૂહ હોય તો પણ તેઓ ચક્ષુથી અગોચર છે. જ્યારે બાદર જીવો એક-એક હોય તો પણ કેળાં-કેરી આદિ વનસ્પતિમાં ચક્ષુથી ગોચર છે. તથા પૃથ્વીકાયાદિમાં જોકે એક એક બાદર જીવ ચક્ષુથી ગોચર નથી, તથાપિ અસંખ્યાતા જીવો સમૂહરૂપે ચક્ષુથી ગોચર છે. માટે તે બાદર કહેવાય છે. સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો સકલ લોકમાં વ્યાપ્ત છે. જ્યારે બાદર એકેન્દ્રિય જીવો લોકના અમુક અમુક પ્રતિનિયત ભાગોમાં જ છે. પૃથ્વી-અપ્-તેઉ-વાયુ-અને સાધારણ વનસ્પતિ આ પાંચે સૂક્ષ્મ-બાદર બન્ને ભેદવાળા હોય છે. પરંતુ પ્રત્યેક વનસ્પતિ માત્ર બાદર જ હોય છે.

સ્પર્શન અને રસના (ચામડી અને જીભ) એમ બે ઇન્દ્રિયો જે જીવોને છે તે બેઇન્દ્રિય કહેવાય છે. જેમકે કૃમિ, પોરા, આયરિયા, (ચંદનક), શંખ, કોડા, ગંડોલા, વગેરે.

સ્પર્શન-રસના અને ઘ્રાણ (ચામડી, જીભ અને નાક) આ ત્રણ ઇન્દ્રિયો જે જીવોને હોય છે. તે તેઇન્દ્રિય કહેવાય છે, જેમકે કંથવા, માંકડ, જુ, લીખ, ગોકળગાય, કાનખજુરા, કીડી, મકોડા. વગેરે.

સ્પર્શન-રસના-ઘ્રાણ અને ચક્ષુ એમ ચાર ઇન્દ્રિયો જેને છે તે ચઉરિન્દ્રિય. જેમ કે ભ્રમર, વિંછી, તીડ, માખી, અને મચ્છર વગેરે.

સ્પર્શન-રસના-ઘ્રાણ-ચક્ષુ અને શ્રોત્ર એમ પાંચે ઇન્દ્રિયો જેઓને હોય છે. તે પંચેન્દ્રિય કહેવાય છે. જેમકે પશુ, પક્ષી, જલચરજીવો, મનુષ્યો, દેવો અને નારકી વગેરે. આ પંચેન્દ્રિયજીવો બે પ્રકારના હોય છે. (૧) સંજ્ઞી અને (૨) અસંજ્ઞી. ભૂત-ભાવિ અને વર્તમાન કાળને આશ્રયી પદાર્થોના ભાવોની વિચારણા કરવાની જે શક્તિ તે સંજ્ઞા કહેવાય છે. આવી સંજ્ઞા (દીર્ઘકાલિકીસંજ્ઞા) જે જીવોને હોય છે તે સંજ્ઞી કહેવાય છે. એટલે કે વિશિષ્ટ ચિંતન-મનન-અને સ્મરણાદિ રૂપ મનોવિજ્ઞાનવાળા જે જીવો તે સંજ્ઞી અને આવી દીર્ઘકાળની વિચારણાની શક્તિ વિનાના જે જીવો તે અસંજ્ઞી, પંચેન્દ્રિયમાં જ સંજ્ઞી અને અસંજ્ઞી એમ બે ભેદ જણાવ્યા હોવાથી એકેન્દ્રિયથી ચઉરિન્દ્રિય સુધીના સર્વજીવો અસંજ્ઞી જ જાણવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવ
- એકેન્દ્રિય
  - સૂક્ષ્મ ૧
  - બાદર ૨
- બેઇન્દ્રિય ૩
- તેઇન્દ્રિય ૪
- ચઉરિન્દ્રિય ૫
- પંચેન્દ્રિય
  - અસંજ્ઞી ૬
  - સંજ્ઞી ૭

જીવના આ સાતે ભેદો અપર્યાપ્તા અને પર્યાપ્તા એમ બે બે પ્રકારે હોવાથી કુલ-૧૪ ભેદો થાય છે. પર્યાપ્તિ એટલે પુદ્ગલોની સહાયથી આત્મામાં ઉત્પન્ન થયેલી પુદ્ગલોના ગ્રહણ-મોચન અને પરિણમન આદિના હેતુભૂત જે શક્તિવિશેષ તે પર્યાપ્તિ કહેવાય છે. કોઇપણ જીવ પૂર્વભવથી ચ્યવીને નવા ભવમાં ઉત્પન્ન થાય છે. ત્યારે ઉત્પત્તિના પ્રથમ સમયથી જ નવા શરીર સંબંધી ૪-૫ કે છ પર્યાપ્તિઓ (શક્તિઓ) પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે

જે શક્તિ વડે રુધિર-શુક્રાદિ યોગ્ય બાહ્ય આહારને ગ્રહણ કરે તે આહાર પર્યાપ્તિ. જે શક્તિવડે ગૃહીત આહારમાંથી સાતધાતુનું શરીર બનાવે તે શરીરપર્યાપ્તિ. જે શક્તિવડે શરીરમાં યથાસ્થાને ઇન્દ્રિયોની રચના કરે તે ઇન્દ્રિપર્યાપ્ત જે શક્તિવડે શ્વાસોચ્છ્વાસ વર્ગણાનાં પુદ્ગલો ગ્રહણ કરી શ્વાસરૂપે પરિણમાવી તેનું જ આલંબન લઇ તેનો જ નિર્સગ કરે તે શક્તિ શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ. તેવી જ રીતે જે શક્તિવડે ભાષાયોગ્ય અને મનોયોગ્ય પુદ્ગલોનું ગ્રહણ કરી ભાષા અને મનરૂપે પરિણમન કરી આલંબન લઇ વિસર્જન કરે તે શક્તિ અનુક્રમે ભાષા અને મનઃપર્યાપ્તિ.

આ છ પર્યાપ્તિઓમાંથી એકેન્દ્રિય જીવોને પ્રથમની ચાર, વિકલેન્દ્રિયજીવોને પ્રથમની પાંચ, અસંજ્ઞી પંચેન્દ્રિયજીવોને પણ પાંચ, અને સંજ્ઞી પંચેન્દ્રિયજીવોને છ પર્યાપ્તિઓ હોય છે. છતાં ઉત્પત્તિની સાથે આ ૪-૫-૬ પર્યાપ્તિઓ શરૂ કરવા છતાં બધા જીવો પોતપોતાની સર્વે પર્યાપ્તિઓ પૂરી કરી શકતા નથી. કોઇક પુરી કરી શકે છે. અને કોઇક પુરી કરી શકતા નથી. તેથી જે પુરી કરી શકે તે પર્યાપ્તા કહેવાય છે. અને જે પુરી ન કરી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શકે તે અપર્યાપ્તા કહેવાય છે. આ પર્યાપ્તા અને અપર્યાપ્તા જીવો લબ્ધિ અને કરણની અપેક્ષાએ બે પ્રકારના છે. જે જીવો સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કરવાની લબ્ધિ (શક્તિ) ધરાવે છે. તે જીવો પોતાની પર્યાપ્તિઓ કરતા હોય ત્યારે પણ અને પૂર્ણ કરી હોય ત્યારે પણ લબ્ધિપર્યાપ્તા કહેવાય છે. અને જે જીવો સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કરવાની લબ્ધિ (શક્તિ) નથી ધરાવતા. અપૂર્ણ જ મૃત્યુ પામવાના છે તે લબ્ધિઅપર્યાપ્તા કહેવાય છે. તથા જેઓએ સ્વયોગ્યપર્યાપ્તિઓ પૂર્ણ કરી નથી **પરંતુ અવશ્ય કરશે** જ તે કરણ અપર્યાપ્તા. અને જે જીવોએ સ્વયોગ્યપર્યાપ્તિઓ પૂર્ણ કરી લીધી છે તે કરણપર્યાપ્તા કહેવાય છે. લબ્ધિઅપર્યાપ્તા જીવો પણ આહાર-શરીર અને ઇન્દ્રિય એમ ત્રણ પર્યાપ્તિઓ તો અવશ્ય પૂર્ણ કરે જ છે. કારણ કે આ ત્રણ પર્યાપ્તિઓ પછી જ પરભવ યોગ્ય આયુષ્ય બંધાય છે. અને પરભવના આયુષ્યનો બંધ કર્યા પછી જ જીવ મૃત્યુ પામે છે. આ પ્રમાણે ચૌદ જીવસ્થાનક સમજાવ્યાં. તેનુ ચિત્ર આ પ્રમાણે છે.

| | |
|---|---|
| (૧) સૂક્ષ્મ એકેન્દ્રિય અપર્યાપ્તા. | (૮) તેઇન્દ્રિય પર્યાપ્તા. |
| (૨) સૂક્ષ્મએકેન્દ્રિય પર્યાપ્તા. | (૯) ચઉરિન્દ્રિય અપર્યાપ્તા. |
| (૩) બાદરએકેન્દ્રિય અપર્યાપ્તા | (૧૦) ચઉરિન્દ્રિય પર્યાપ્તા. |
| (૪) બાદરએકેન્દ્રિય પર્યાપ્તા | (૧૧) અસંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તા. |
| (૫) બેઇન્દ્રિય અપર્યાપ્તા. | (૧૨) અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા. |
| (૬) બેઇન્દ્રિય પર્યાપ્તા. | (૧૩) સંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તા. |
| (૭) તેઇન્દ્રિય અપર્યાપ્તા. | (૧૪) સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા. ॥૨॥ |

આ પ્રમાણે ચૌદ જીવસ્થાનકો સમજાવીને હવે તે ચૌદ જીવસ્થાનક ઉપર ચૌદ ગુણસ્થાનકો સમજાવે છે.

**बायरअसन्निविगले, अपज्ज पढमबिअसन्निअपजत्ते ।**
**अजयजुअ सन्निपज्जे, सव्वगुणा मिच्छ सेसेसु ॥३॥**

(बादरासंज्ञिविकले, अपर्याप्ते प्रथमद्वितीयं संज्यपर्याप्ते ।
अयतयुतं संज्ञिपर्याप्ते सर्वगुणा मिथ्यात्वं शेषेषु) ॥२॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શબ્દાર્થ :**

| | |
|---|---|
| बायर=બાદર, | अजयजुअ=અવિરત સમ્યગુણ૦ સહિત |
| असन्नि=અસંજ્ઞી | सन्निपज्जे=સંજ્ઞી પંચે૦ પર્યાપ્તામાં, |
| विगले=વિકલેન્દ્રિયને, | सव्वगुणा=સર્વગુણસ્થાનકો, |
| अपज्जि=અપર્યાપ્તા, | मिच्छ=મિથ્યાત્વ ગુણસ્થાનક |
| पढमबिअ=પહેલું અને બીજું, | सेसेसु=બાકીના જીવસ્થાનકોમાં |
| सन्निअपजत्ते=સંજ્ઞી અપર્યાપ્તાને | |

**ગાથાર્થ :-** બાદર એકેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય, અને વિકલેન્દ્રિય આ પાંચ અપર્યાપ્ત જીવભેદોમાં પ્રથમ અને દ્વિતીય એમ બે ગુણસ્થાનક હોય છે. સંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તામાં અવિરત સમ્યક્ત્વ ગુણસ્થાનક સહિત ઉપરોક્ત બે, એમ કુલ ૩ ગુણસ્થાનક હોય છે. સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તામાં સર્વગુણસ્થાનક હોય છે. બાકીના સાત જીવભેદોમાં માત્ર મિથ્યાત્વગુણસ્થાનક જ હોય છે. ॥ ૩ ॥

**વિવેચન :-** બાદર એકેન્દ્રિય અપર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તા અને વિકલેન્દ્રિય ત્રણે અપર્યાપ્તા, આ પાંચ જીવભેદોમાં ફક્ત પહેલું અને બીજું એમ બે જ ગુણસ્થાનકો હોય છે. તેમાં પણ જે આ પાંચ અપર્યાપ્તા કહ્યા તે કરણ અપર્યાપ્તા સમજવા. કારણકે લબ્ધિ અપર્યાપ્તા (કે જે ત્રણ પર્યાપ્તિઓ પૂર્ણ કરી અવશ્ય મરી જવાના છે તેવા જીવભેદો)માં સાસ્વાદનભાવવાળા જીવોનો ઉત્પાદ થતો નથી. પરંતુ હાલ જે પ્રથમની પર્યાપ્તિઓ કરી રહ્યા છે. પૂર્ણ કરી નથી પરંતુ આગળ અવશ્ય પૂરી કરવાના જ છે. તેવા કરણ અપર્યાપ્તામાં જ સાસ્વાદનભાવ લઈને જવાય છે લબ્ધિ અપર્યાપ્તા કરતાં કરણ અપર્યાપ્તા કંઈક વિશુદ્ધતર પરિણામવાળા છે તેથી કરણ અપર્યાપ્તા અહીં લેવા. તથા બાદર એકેન્દ્રિય અપર્યાપ્તામાં પણ પૃથ્વીકાય અપ્કાય અને વનસ્પતિકાયમાં જ સાસ્વાદનભાવ હોય છે. તેઉકાય-વાઉકાયમાં સાસ્વાદન હોતું નથી.

સંજ્ઞી પંચેન્દ્રિયઅપર્યાપ્તામાં (અહીં પણ કરણ અપર્યાપ્તામાં જ) મિથ્યાત્વ, સાસ્વાદન અને અવિરત સમ્યગ્દષ્ટિત્વ એમ ૧-૨-૪ કુલ ત્રણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુણસ્થાનકો હોય છે. તીર્થંકર પરમાત્માદિ મહાપુરુષો માતાની કુક્ષિમાં જ્યારે જન્મે છે ત્યારે સમ્યક્ત્વ સહિત જન્મે છે. તથા શ્રેણિકમહારાજા આદિ ક્ષાયિકસમ્યક્ત્વવાળા જીવો નરકમાં જન્મ્યા છે ત્યારે કરણાપર્યાપ્તાવસ્થામાં પણ ચોથું ગુણસ્થાનક હોય છે એમ સમ્યગ્દૃષ્ટિ જીવ (પૂર્વબદ્ધાયુષ્ક હોય તો) મનુષ્ય-દેવ-નારકી અને તિર્યંચ રૂપ ચારે ગતિમાં જન્મી શકે છે. અને જો નવું આયુષ્ય બાંધે તો માત્ર દેવ તથા મનુષ્યમાં જ જન્મે છે તેથી કરણ અપર્યાપ્તા અવસ્થામાં આ ત્રણે ગુણસ્થાનક હોઈ શકે છે. તથા આ સં.પં.અપ. જીવમાં તથા ઉપરોકત પાંચ જીવભેદમાં જે સાસ્વાદન ગુણસ્થાનક હોય છે તે પરભવમાં ઉપશમ સમ્યક્ત્વ પામી ત્યાંથી વમીને સાસ્વાદન લઈને આવે તો જ સંભવે છે તેથી શરીરપર્યાપ્તિ પૂર્વે જ પ્રથમની કંઈક ન્યૂન છ આવલિકા સુધી જ સાસ્વાદન હોય છે પછી નિયમા મિથ્યાત્વ જ આવે છે.

સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તામાં ચૌદે ગુણસ્થાનકો હોય છે. કારણકે દેવોને અને નારકીને ચાર, તિર્યંચોને પાંચ, અને મનુષ્યોને સમ્યક્ત્વ, દેશવિરતિ સર્વવિરતિ, શ્રેણી અને કેવલજ્ઞાન હોવાથી સર્વગુણસ્થાનકો હોય છે. અને આ સર્વે જીવો સં.પં. પર્યાપ્તા છે. મનુષ્યને આશ્રયી ચૌદ ગુણસ્થાનકો કહ્યા છે. અહીં એક પ્રશ્ન થવો સંભવે છે કે કેવલજ્ઞાની ભગવાન મનોવિજ્ઞાન રહિત હોવાથી શાસ્ત્રમાં **नोसंज्ञी नोअसंज्ञी** કહેવાય છે. તો સંજ્ઞી ન રહેવાથી તેરમું-ચૌદમું ગુણસ્થાનક સંજ્ઞીમાં કેમ ઘટે? તેનો ઉત્તર એ છે કે કેવલી મનોવિજ્ઞાન રહિત હોવા છતાં પણ દૂરદેશસ્થ મનઃપર્યવજ્ઞાની અને અનુત્તરવાસી દેવોએ પૂછેલ પ્રશ્નોના ઉત્તર આપવામાં દ્રવ્યમનના સંબંધવાળા છે. માટે તે દ્રવ્યમનને આશ્રયી સંજ્ઞી ગણાય છે. તેથી સંજ્ઞીમાં તેરમું-ચૌદમું ગુણસ્થાનક સંભવી શકે છે. સપ્તતિકાની ચૂર્ણિમાં કહ્યું છે કે-"मणकरणं केवलिणो वि अत्थि, तेण संनिणो भन्नंति, मनोविन्नाणं पडुच्च ते संनिणो न भवंति त्ति"

બાકીના સાત જીવભેદોમાં (સંજ્ઞી પંચેં૦ પર્યાપ્તા વિના શેષ ૬ પર્યાપ્તા અને સૂ.એકે. અપર્યાપ્તામાં) માત્ર મિથ્યાત્વ એક જ ગુણસ્થાનક હોય છે પરભવથી સાસ્વાદન લઈને એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને અસંજ્ઞીમાં જીવ જાય છે. પરંતુ સાસ્વાદન છ આવલિકા માત્ર જ રહે છે અને પર્યાપ્તા (કરણ પર્યાપ્તા) તો સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા બાદ અર્થાત્ અંતર્મુહૂર્ત બાદ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ થાય છે. તેથી આ જીવભેદોમાં સાસ્વાદન સંભવતું નથી તથા શેષ ગુણઠાણાવાળા જીવો તો આ જીવભેદોમાં જન્મતા જ નથી. અહીં પર્યાપ્તા એટલે કરણપર્યાપ્તા સમજવા. (લબ્ધિ પર્યાપ્તા ન સમજવા.). ॥ ૩ ॥

હવે ચૌદ જીવસ્થાનકોમાં "યોગ" નામનું બીજું દ્વાર સમજાવે છે.

**अपजत्तछक्कि कम्मुरल-मीसजोगा अपज्जसंनीसु।**
**ते सविउव्वमीस एसु, तणुपज्जेसु उरलमन्ने॥ ४ ॥**

(अपर्याप्तषट्के कार्मणौदारिकमिश्रयोगावपर्याप्तसंज्ञिषु ।
तौ सवैक्रियमिश्रावेषु तनुपर्याप्तेष्वौदारिकमन्ये ॥४॥)

**શબ્દાર્થ**

अपजत्तछक्कि-છ અપર્યાપ્તા ભેદોમાં
कम्मुरलमीसजोगा-કાર્મણ, ઔદારિક મિશ્રયોગ.
अपज्जसंनीसु-અપર્યાપ્તા સંજ્ઞી. પંચે.માં.
सविउव्वमीस-વૈક્રિયમિશ્ર સહિત.
एसु - આ સાતે અપર્યાપ્તામાં
तणुपज्जेसु - શરીર પર્યાપ્તિએ પર્યાપ્તામાં
ते - તે બન્ને યોગો
उरलम् - ઔદારિક કાયયોગ.
अन्ने - અન્ય આચાર્યો.

**ગાથાર્થ** :- છ અપર્યાપ્તામાં કાર્મણ અને ઔદારિકમિશ્ર કાયયોગ. સંજ્ઞિ અપર્યાપ્તામાં વૈક્રિયમિશ્રયોગ સહિત કુલ ૩ યોગ હોય છે. પરંતુ અન્ય આચાર્યો આ સાત અપર્યાપ્તા જીવભેદોમાં શરીરપર્યાપ્તિએ પર્યાપ્તા થાય ત્યારે (મિશ્રને બદલે) ઔદારિક કાયયોગ માને છે. ॥ ૪ ॥

**વિવેચન** :- મન-વચન અને કાયાના આલંબનથી જીવપ્રદેશોમાં પ્રવર્તતું જે વીર્ય તેને **યોગ** કહેવાય છે. તેના મૂલ ૩ અને ઉત્તર ૧૫ ભેદો છે. મનયોગના ૪ ભેદ છે. (૧) સત્ય મનયોગ, (૨) અસત્ય મનયોગ, (૩) સત્યાસત્ય (મિશ્ર) મનયોગ, (૪) અસત્યામૃષા મનયોગ. તેનો અર્થ આ પ્રમાણે-सत् એટલે મુનિ, અથવા પદાર્થ, મુનિઓને હિતકારી અથવા જિનેશ્વર પરમાત્માએ જે પદાર્થ જેમ કહ્યો છે તેમ ગુણકારી યથાર્થ ચિંતન-મનન सद्भ्यो हितमिति सत्यम् તે સત્ય મનયોગ. તેનાથી વિપરીત ચિંતન-મનન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે અસત્યમનયોગ. કંઈક સત્ય અને કંઈક અસત્ય એમ ઉભયસ્વભાવવાળું ચિંતન-મનન જેમ કે ઘણી જુદી જુદી જાતિના મનુષ્યો એક શહેરમાં રહેતા હોવા છતાં પ્રધાનતાએ જૈનો વસતા હોય ત્યાં "જૈનપુરી" એમ વિચારવું તે સત્યાસત્ય મનયોગ. તથા સત્ય પણ નહીં અને અસત્ય પણ નહીં એવું વ્યવહારમાત્રનું જે ચિંતન-મનન તે અસત્યામૃષા મનયોગ. આ જ પ્રમાણે સત્ય, અસત્ય, સત્યાસત્ય, અને અસત્યામૃષા વચનયોગ પણ બોલવા સ્વરૂપે ચાર પ્રકારે છે. કાયયોગના સાત પ્રકાર છે. (૧) ઔદારિક, (૨) ઔદારિક મિશ્ર, (૩) વૈક્રિય, (૪) વૈક્રિયમિશ્ર (૫) આહારક, (૬) આહારક મિશ્ર અને (૭) કામર્ણકાયયોગ.

(૧) મનુષ્ય અને તિર્યંચોને પર્યાપ્ત અવસ્થામાં ઔદારિકકાયયોગ. (૨) તે જ મનુષ્ય-તિર્યંચોને અપર્યાપ્ત અવસ્થામાં કાર્મણની સાથે ઔદારિક મિશ્ર. તથા કેવલી સમુદ્દ્ઘાતમાં બીજા, છઠ્ઠા અને સાતમા સમયે પણ ઔદારિક મિશ્ર કાયયોગ હોય છે. દેવ-નારકીને અપર્યાપ્તાવસ્થામાં કાર્મણની સાથે વૈક્રિય મિશ્રકાયયોગ તથા મનુષ્ય-તિર્યંચો કે જે વૈક્રિયલબ્ધિવાળા હોય છે તેઓ વૈક્રિય બનાવે ત્યારે પ્રારંભ કાળે (અને મતાન્તરે પરિત્યાગ કાળે પણ) ઔદારિકની સાથે વૈક્રિયમિશ્ર. (૫) ચૌદ પૂર્વધરને આહારક શરીરની વિકુર્વણાના કાલે આહારક, (૬) તથા તે જ આહારક બનાવતા મુનિને પ્રારંભકાળે (અને મતાન્તરે પરિત્યાગ કાળે પણ) ઔદારિકની સાથે આહારક મિશ્ર. (૭) ચારે ગતિના જીવોને વિગ્રહગતિમાં, ઉત્પત્તિના પ્રથમસમયે તથા કેવલિસમુદ્દ્ઘાતમાં ત્રીજા-ચોથા અને પાંચમા સમયે કાર્મણ કાયયોગ હોય છે.

સૂક્ષ્મ એકેન્દ્રિય અપર્યાપ્તા, બાદર એકેન્દ્રિય અપર્યાપ્તા, વિકલેન્દ્રિય અપર્યાપ્તા અને અસંજ્ઞી પંચે૦અપર્યાપ્તા એમ કુલ છ અપર્યાપ્તામાં વિગ્રહગતિમાં તથા ઉત્પત્તિના પ્રથમસમયે કાર્મણકાયયોગ હોય છે તથા ઉત્પત્તિના બીજા સમયથી સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ ન થાય ત્યાં સુધી ઔદારિકમિશ્ર કાયયોગ હોય છે. આ કાર્મણની સાથે ઔદારિકમિશ્ર યોગ જાણવો. છએ લબ્ધિ અપર્યાપ્તા હોય કે કરણ અપર્યાપ્તા હોય એમ બન્ને અપર્યાપ્તા જીવોને સ્વયોગ્ય પર્યાપ્તિઓની પૂર્ણતા સુધી ઔદારિકમિશ્ર કાયયોગ હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા સંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તામાં આ જ બન્ને યોગો વૈક્રિયમિશ્રકાય યોગ સહિત ત્રણ યોગો હોય છે. કારણ કે પૂર્વોક્ત છ અપર્યાપ્તામાંથી પાંચ અપર્યાપ્તા તો માત્ર તિર્યંચમાં જ હોય છે. અસંજ્ઞી અપર્યાપ્તાપણું તિર્યંચ-મનુષ્ય એમ બે ગતિમાં જ હોય છે. અને ત્યાં સર્વત્ર ઔદારિક શરીર છે. જ્યારે સંજ્ઞી પંચેન્દ્રિય તો ચારે ગતિ ગણાય છે તેમાં દેવ-નારકી પણ આવે છે. દેવ-નારકીના જીવોને વિગ્રહગતિમાં અને ઉત્પત્તિના પ્રથમસમયે કાર્મણકાયયોગ, તથા ઉત્પત્તિના બીજા સમયથી સ્વયોગ્ય પર્યાપ્તિની પૂર્ણતા સુધી વૈક્રિયમિશ્રકાયયોગ, તેવી જ રીતે મનુષ્ય-તિર્યંચોને કાર્મણ અને ઔદારિકમિશ્ર એમ સંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તામાં કુલ ૩ યોગ સંભવે છે. અહીં દેવનારકી માત્ર કરણાપર્યાપ્તા જ હોય છે. જ્યારે મનુષ્ય-તિર્યંચો કરણાપર્યાપ્તા અને લબ્ધિ અપર્યાપ્તા એમ બંન્ને પ્રકારના હોય છે. સારાંશ કે વૈક્રિયમિશ્ર દેવ-નારકીને, ઔદારિકમિશ્ર મનુષ્ય-તિર્યંચોને, અને કાર્મણકાયયોગ ચારે ગતિના પંચેન્દ્રિયોને અપર્યાપ્તાવસ્થામાં હોય છે. આ ગ્રંથકારનો મત (આશય) છે.

અહીં કેટલાક આચાર્યોનો મત (અભિપ્રાય) કંઈક જુદો છે. તે સમજાવે છે કે શરીર પર્યાપ્તિ પૂર્ણ થવાથી શરીર બની જાય છે. માટે શરીરપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી જ છ અપર્યાપ્તા જીવભેદોમાં કાર્મણની સાથે ઔદારિકમિશ્ર યોગ હોય છે. પરંતુ શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા બાદ શરીરરચના થયેલી હોવાથી કેવલ ઔદારિક કાયયોગ જ હોય છે. પરંતુ ઔદારિકમિશ્ર યોગ હોતો નથી. તેથી છ અપર્યાપ્તા જીવમાં કાર્મણ, ઔદારિકમિશ્ર, અને ઔદારિક એમ ત્રણ યોગો હોય છે. આ જ પ્રમાણે દેવનારકીમાં પણ શરીર પર્યાપ્તિ સુધી જ વૈક્રિય મિશ્ર અને શરીર પર્યાપ્તિ બાદ વૈક્રિયકાયયોગ સમજવો જેથી સંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તામાં ત્રણને બદલે પાંચ યોગ જાણવા.

**પ્રશ્ન-** મૂલગાથામાં उरलमन्ने પાઠમાં શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા બાદ ઔદારિક કાયયોગનું જ વિધાન કેમ કર્યું ? વૈક્રિયનું વિધાન કેમ ન કર્યું ?

**ઉત્તર-** ઔદારિકના ઉપલક્ષણથી વૈક્રિયકાયયોગ પણ દેવ-નારકીને આશ્રયી સમજી લેવો. જેથી સંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તામાં ૩ને બદલે ૫ યોગ હોય છે. તથા કર્મગ્રંથની ટીકામાં એમ પણ કહ્યું છે કે શરીર પર્યાપ્તિ પૂર્ણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થયા પછી જે ઔદારિક કાયયોગનું વિધાન અપર્યાપ્તામાં કર્યું છે. તે લબ્ધિ અપર્યાપ્તા જ લેવા. અને તે અંતર્મુહૂર્તના જ આયુષ્યવાળા હોવાથી તિર્યંચ-મનુષ્યો જ લેવા. કારણ કે દેવ-નારકીનું જઘન્યથી પણ દશ હજાર વર્ષનું આયુષ્ય હોય છે. માટે ૬ લબ્ધિઅપર્યાપ્તામાં કાર્મણ, ઔદારિક મિશ્ર, અને શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા બાદ ઔદારિક કાયયોગ એમ ત્રણ યોગો ૬ અપર્યાપ્તામાં હોય છે. અને સંજ્ઞી અપર્યાપ્તામાં મનુષ્ય-તિર્યંચો લબ્ધિ અપર્યાપ્તા હોવાથી તેઓને આશ્રયી કાર્મણ, ઔદારિક મિશ્ર અને ઔદારિક એમ ત્રણ, અને દેવ-નારકી લબ્ધિ અપર્યાપ્તા ન હોવાથી તેને આશ્રયી માત્ર કાર્મણ અને વૈક્રિયમિશ્ર એમ ૨ જ યોગ છે. એટલે કુલ ૪ યોગો સંજ્ઞી અપર્યાપ્તામાં હોય છે આવો મત શીલાંકાચાર્ય આદિનો છે એવું કર્મગ્રંથના બાલાવબોધમાં પણ લખ્યું છે.

**પ્રશ્ન**- જે આચાર્યો છ અપર્યાપ્તાને ૩ યોગ, અને સંજ્ઞી અપર્યાપ્તાને ૫ અથવા મતાન્તરે ૪ યોગ માને છે તેઓએ તો પોતાના મતની સ્પષ્ટતા કરતાં કહ્યું છે કે શરીરપર્યાપ્તિ પૂર્ણ થવાથી શરીરરચના બની જાય છે. માટે હવે મિશ્રયોગ હોતો નથી પણ શુદ્ધ યોગ હોય છે. પરંતુ જે આચાર્યો (અને ગ્રંથકાર પોતે પણ) છ અપર્યાપ્તામાં ૨, અને સંજ્ઞી અપર્યાપ્તામાં ૩ યોગ માત્ર જ માને છે તેનું કારણ (કે ખુલાશો) મૂલગાથામાં કંઈ જ આપ્યો નથી તો તે મતમાં યુક્તિ શું ?

ઉત્તર- તેઓનું કહેવું એવું છે કે શરીરપર્યાપ્તિ પૂર્ણ થવાથી ભલે શરીરની રચના બની જાય છે. તો પણ ઈન્દ્રિય, શ્વાસ અને ભાષાદિની રચના હજુ અનિષ્પન્ન હોવાથી શરીર તો અસંપૂર્ણ જ કહેવાય છે. જેમ બારી-બારણાં વગેરે સજાવટ વિનાનું માત્ર ઊભું કરાયેલું દિવાલોના ખોખા રૂપ મકાન અપૂર્ણ જ ગણાય છે. તેમ આ શરીર પણ અપૂર્ણ જ હોવાથી તેની પૂર્ણ રચના માટે કાર્મણની સાથે હજુ મિશ્રતા ચાલુ જ છે. તેથી સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિઓ પૂર્ણ ન થાય ત્યાં સુધી મિશ્ર યોગ જ હોય છે. શુદ્ધ યોગ હોતો નથી. ॥ ૪ ॥

હવે શેષ સાત પર્યાપ્તામાં યોગ સમજાવે છે.

**सव्वे सन्निपजत्ते, उरलं सुहुमे सभासु तं चउसु ।**
**बायरि सविउव्विदुगं, पजसन्निसु बार उवओगा ॥५॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(सर्वे संज्ञिपर्याप्ते, औदारिकं सूक्ष्मे, सभाषं तच्चतुर्षु ।
बादरे सवैक्रियद्विकं, पर्याप्तसंज्ञिषु, द्वादशोपयोगाः ॥ ५ ॥)

**શબ્દાર્થ :**

| | |
|---|---|
| सव्वे - સર્વ યોગો હોય છે. | चउसु - ચાર જીવભેદોમાં હોય છે. |
| सन्निपजत्ते - સંજ્ઞી પંચે. પર્યાપ્તામાં | बायरि - બાદર એકેન્દ્રિયમાં |
| उरलं - ઔદારિક કાયયોગ માત્ર | सविउव्विदुगं - વૈક્રિયદ્વિક સહિત. |
| सुहुमे - સૂક્ષ્મ એકેન્દ્રિયમાં | पजसन्निसु -પર્યાપ્તા સંજ્ઞિ પંચેન્દ્રિયમાં |
| सभासु - ભાષાના યોગ સહિત | बार - બાર (૧૨) સર્વ |
| तं - તે જ ઔદારિક કાયયોગ | उवओगा - ઉપયોગો હોય છે. |

**ગાથાર્થ**- સંજ્ઞી પર્યાપ્તામાં સર્વ યોગો હોય છે. સૂક્ષ્મ પર્યાપ્તામાં માત્ર ઔદારિક કાયયોગ હોય છે. (અસત્યામૃષા) ભાષા સહિત તે જ ઔદારિકકાયયોગ એમ ૨ યોગ ચાર પર્યાપ્તા જીવભેદમાં હોય છે. બાદર એકેન્દ્રિય પર્યાપ્તામાં તે જ ઔદારિકકાયયોગ વૈક્રિયદ્વિક સહિત હોય છે. અને સંજ્ઞી પર્યાપ્તામાં બાર ઉપયોગ હોય છે. ॥ ૫ ॥

**વિવેચન**- સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તાને પંદરે પંદર યોગો હોય છે. મનના અને વચનના ચાર ચાર ભેદો પંચેન્દ્રિયમાં સ્પષ્ટ જ છે. ઔદારિક કાયયોગ પર્યાપ્તા મનુષ્ય-તિર્યંચોને, વૈક્રિયકાયયોગ પર્યાપ્તા દેવ-નારકીને હોય છે. તથા વૈક્રિયલબ્ધિવાળા મનુષ્ય-તિર્યંચોને પર્યાપ્તાવસ્થામાં વૈક્રિયલબ્ધિ ફોરવતાં પ્રારંભમાં (ઔદારિકની સાથે) વૈક્રિયમિશ્રકાયયોગ હોય, પછી વૈક્રિયકાયયોગ હોય છે. તે જ પ્રમાણે આહારક લબ્ધિવાળા મનુષ્યોને જિનેશ્વરની ઋદ્ધિનાં દર્શનાદિ નિમિત્તે આહારક લબ્ધિ ફોરવતાં પ્રારંભમાં આહારકમિશ્ર, અને પછી આહારક કાયયોગ હોય છે. તથા ઔદારિકમિશ્ર કેવલી સમુદ્ઘાતમાં બીજા-છઠ્ઠા અને સાતમા સમયમાં અને કાર્મણ કાયયોગ ત્રીજા-ચોથા-પાંચમા સમયમાં હોય છે. આ પ્રમાણે સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તામાં સર્વ યોગો સંભવે છે.

સૂક્ષ્મ એકેન્દ્રિય પર્યાપ્તામાં માત્ર ઔદારિક કાયયોગ એક જ હોય છે. કારણ કે તેને વૈક્રિયાદિ કરવાની લબ્ધિ નથી. તથા એકેન્દ્રિય હોવાથી મન-વચન નથી. પર્યાપ્તા હોવાથી કાર્મણ-ઔદારિકમિશ્ર પણ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બેઈન્દ્રિય-તેઈન્દ્રિય-ચઉરિન્દ્રિય-અસંજ્ઞી પંચેન્દ્રિય આ ચાર પર્યાપ્તામાં તે જ ઔદારિક કાયયોગ હોય છે. પરંતુ "અસત્યામૃષા" નામના ચોથા નંબરના વચનયોગ સહિત હોય છે. આ ચાર જીવભેદોમાં ઔદારિક શરીર હોવાથી ઔદારિક કાયયોગ તો છે જ તથા મુખાદિ અંગો હોવાથી વ્યવહારભાષા બોલવાનો ચોથો વચનયોગ હોય છે. અસંજ્ઞી હોવાથી મન નથી તથા વૈક્રિયાદિ લબ્ધિઓ પણ નથી. તેથી શેષ યોગો નથી.

બાદર એકેન્દ્રિય પર્યાપ્તામાં તે જ ઔદારિક કાયયોગ વૈક્રિયદ્વિક સહિત કુલ ૩ યોગો હોય છે. ત્યાં પણ પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય અને વનસ્પતિકાયને તો માત્ર ઔદારિક કાયયોગ એક જ હોય છે. કારણ કે વૈક્રિયલબ્ધિ એકેન્દ્રિયમાં ફક્ત વાયુકાયને જ છે. તેથી વૈક્રિય શરીરની રચના કરતા વાયુકાયને પ્રારંભમાં વૈક્રિયમિશ્ર, પછી વૈક્રિયકાયયોગ અને વૈક્રિયરચના ન કરે ત્યારે ઔદારિકકાયયોગ એમ ત્રણે યોગો સંભવે છે. આ પ્રમાણે ચૌદે જીવસ્થાનક ઉપર પંદર યોગને સમજાવતું બીજું દ્વાર કહ્યું.

હવે ઉપયોગ દ્વાર સમજાવે છે. સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તામાં બારે ઉપયોગો સંભવે છે. પદાર્થોમાં રહેલા સામાન્ય અને વિશેષ ધર્મોને જાણવાવાળી જે આત્મશક્તિ તે ઉપયોગ કહેવાય છે. સામાન્યધર્મને જાણવાની ચૈતન્યશક્તિને દર્શનોપયોગ, સામાન્યોપયોગ અને નિરાકારોપયોગ કહેવાય છે. જેના ચક્ષુ, અચક્ષુ, અવધિ અને કેવલ એમ ચાર ભેદો છે. તથા વિશેષધર્મને જાણવાની ચૈતન્યશક્તિને જ્ઞાનોપયોંગ, વિશેષોપયોગ અને સાકારોપયોગ કહેવાય છે. જેના પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન એમ આઠ ભેદ છે કુલ ઉપયોગના ૧૨ ભેદ છે. મનુષ્યોમાં મનઃપર્યવજ્ઞાન-કેવલજ્ઞાન અને કેવલદર્શન હોવાથી અને મનુષ્યો સંજ્ઞી પંચેન્દ્રિયમાં આવતા હોવાથી સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તામાં બારે ઉપયોગ સંભવે છે. આ બારે ઉપયોગો જુદા જુદા કાળે યથાયોગ્ય હોય છે. પરંતુ એકજીવને એકકાળે એક જ ઉપયોગ હોય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે "समये दो णुवओगा" તથા नाणंमि दंसणंमि य, एत्तो एगयरयंमि उवउत्ता। सव्वस्स केवलिस्स वि जुगवं नत्थि दो उवओगा॥ છદ્મસ્થ જીવોને કોઈપણ એક ઉપયોગ અંતર્મુહૂર્ત હોય છે. અને કેવલી ભગવન્તોને જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ સમયાન્તરે હોય છે. કેવલજ્ઞાનની ઉત્પત્તિના સમયે જ્ઞાનોપયોગ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજા સમયે દર્શનોપયોગ એમ સમયાન્તરે બન્ને ઉપયોગ હોય છે. (અહીં એકવિશેષ વાત એ જાણવા જેવી છે કે ઉપરોક્ત માન્યતા શ્રી જિનભદ્રગણિ ક્ષણાશ્રમણાદિની છે અને વિશેષાવશ્યકભાષ્યાદિ ગ્રંથમાં છે. પરંતુ શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિજી આદિની માન્યતા કંઈક જુદી છે અને તે સમ્મતિ પ્રકરણમાં છે. તેમનું એમ કહેવું છે કે કેવલી ભગવાન નિરાવરણ હોવાથી તેમને સામાન્ય અને વિશેષ એવો ઉપયોગભેદ હોતો નથી. સાવરણ દશામાં જ આવરણ હોવાથી ઉપયોગભેદ હોય છે અને તે અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે બદલાય છે. પરંતુ નિરાવરણદશામાં પ્રગટપ્રકાશી સૂર્યની જેમ એકોપયોગ જ હોય છે. સામાન્ય અને વિશેષ એવો ઉપયોગ ભેદ જ નથી. તેથી એક સમયમાં બે ઉપયોગ સાથે માનવાની આપત્તિ જ રહેતી નથી ઈત્યાદિ ચર્ચા ત્યાંથી જાણવા જેવી છે.) ॥ ૫॥

**पज चउरिंदि असन्निसु, दुदंस दुअनाण दससु चक्खु विणा।**
**संनि अपज्जे मणनाण-चक्खु-केवलदुगविहुणा॥ ६॥**

(पर्याप्त-चतुरिन्द्रियासंज्ञिषु, द्विदर्शं द्व्यज्ञानं दशसु चक्षुर्विना।
संज्ञ्यपर्याप्ते मनोज्ञानचक्षुर्केवलद्विकविहीनाः ॥ ६ ॥)

**શબ્દાર્થ :**

पज - પર્યાપ્તા
चउरिंदि - ચઉરિન્દ્રિય
असन्निसु-અસંજ્ઞિ પંચે૦માં
दुदंस - બે દર્શન
दु अनाण - બે અજ્ઞાન

दससु चक्खु विणा-દશ જીવભેદમાં ચક્ષુ વિના
संनि अपज्जे-સંજ્ઞિ પંચે૦ અપર્યાપ્તામાં
मणनाण चक्खु-મનઃપર્યવજ્ઞાન અને ચક્ષુદર્શન
केवलदुगविहुणा - કેવલદ્વિક વિના શેષ ઉપયોગ હોય છે.

**ગાથાર્થ-** પર્યાપ્તા ચઉરિન્દ્રિય અને અસંજ્ઞિ પંચેન્દ્રિયમાં બે દર્શન અને બે અજ્ઞાન એમ ૪ ઉપયોગ હોય છે. દશ જીવભેદોમાં આ જ ચાર ઉપયોગોમાંથી એક ચક્ષુદર્શન વિના બાકીના ત્રણ ઉપયોગો હોય છે. સંજ્ઞિ પંચેન્દ્રિય અપર્યાપ્તામાં મનઃપર્યવજ્ઞાન, ચક્ષુદર્શન, કેવલજ્ઞાન અને કેવલદર્શન એમ કુલ ચાર ઉપયોગ વિના બાકીના આઠ ઉપયોગો હોય છે. ॥ ૬ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વિવેચન-** પર્યાપ્તા ચઉરિન્દ્રિય અને પર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિય એમ બે જીવભેદમાં ચક્ષુદર્શન, અચક્ષુદર્શન એમ બે દર્શન તથા મતિ-શ્રુત એમ બે અજ્ઞાન કુલ ચાર ઉપયોગ હોય છે. આ જીવભેદમાં સમ્યક્ત્વ ન હોવાથી મતિજ્ઞાનાદિ પાંચ જ્ઞાન અવધિ-કેવલદર્શન વગેરે શેષ ઉપયોગો સંભવતા નથી.

સૂક્ષ્મ-બાદર એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય આ ચારે પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ આઠ, તથા અપર્યાપ્તા ચઉરિન્દ્રિય અને અપર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિય એમ કુલ ૧૦ જીવભેદોમાં ઉપરોક્ત ચાર ઉપયોગમાંથી એક ચક્ષુદર્શન વિના બાકીના ૩ ઉપયોગ હોય છે. એટલે અચક્ષુદર્શન, મતિ-અજ્ઞાન અને શ્રુત અજ્ઞાન એમ ત્રણ ઉપયોગો હોય છે. આ જીવભેદોમાં સમ્યક્ત્વ, અને ચક્ષુ નથી તેથી શેષ ઉપયોગો સંભવતા નથી. આ દશ જીવભેદોમાં બેઈન્દ્રિય-તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય અને અસંજ્ઞિ પંચેન્દ્રિય આ ચાર અપર્યાપ્તા જીવભેદોમાં જે ત્રણ ઉપયોગ કહ્યા તે કર્મગ્રંથકારના મતે જાણવા. કારણ કે સિદ્ધાન્તકારના મતે આ ચાર જીવભેદોમાં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પણ સંભવે છે જેથી કુલ પાંચ ઉપયોગ આ ચાર જીવભેદમાં હોઈ શકે છે કારણ કે સાસ્વાદનભાવ લઈને આ ચાર જીવભેદમાં જઈ શકાય છે. એમ કર્મગ્રંથકાર અને સિદ્ધાન્તકાર બન્ને માને છે. પરંતુ કર્મગ્રંથના મતે સાસ્વાદનભાવે અજ્ઞાન હોય છે. જ્યારે સિદ્ધાન્તકારના મતે સાસ્વાદનભાવે જ્ઞાન હોય છે. કારણ કે સાસ્વાદનભાવ ભલે મલીન હોય તો પણ સમ્યક્ત્વની ભૂમિકા છે. તેથી જ્ઞાન કહેવાય છે. એમ ચાર જીવભેદમાં ત્રણને બદલે સિદ્ધાન્તકારના મતે પાંચ ઉપયોગ હોય છે.

**પ્રશ્ન-** આ ૧૦ જીવભેદોમાં જે સૂક્ષ્મ-બાદર પર્યાપ્તા-અપર્યાપ્તા એકેન્દ્રિયના ચાર ભેદ કહ્યા છે તેમાં આ ત્રણ ઉપયોગમાં જે શ્રુત અજ્ઞાન કહ્યું તે કેમ ઘટી શકે ? કારણ કે તેઓને તો માત્ર સ્પર્શનેન્દ્રિયાવરણનો જ ક્ષયોપશમ છે તથા ભાષા અને શ્રોત્રલબ્ધિ રહિત છે. અને શ્રુત તો ભાષા (બોલવાની) અને શ્રુત (સાંભળવાની) લબ્ધિવાળાને જ થાય. તો શ્રુતઅજ્ઞાન કેમ હોઈ શકે?

શાસ્ત્રમાં કહ્યું છે કે -

''भावसुयं भासासोयलद्धिणो जुज्जए न इयरस्स ।
भासाभिमुहस्स सुयं, सोऊण व जं हविज्जाहि ॥१॥''

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર** - એકેન્દ્રિય જીવોને પણ "આહારાદિ" સંજ્ઞાઓ હોય છે એમ સૂત્રોમાં કહ્યું છે. સંજ્ઞા એ એક પ્રકારની અભિલાષા છે. પૂજ્યશ્રી હરિભદ્રસૂરિજીએ આવશ્યકની ટીકામાં કહ્યું છે "आहारसंज्ञा आहाराभिलाष:, क्षुद्वेदनीयप्रभव: खल्वात्मपरिणामविशेष इति" અભિલાષા એ ઈચ્છાસ્વરૂપ છે. આવા પ્રકારની આ વસ્તુ મને પુષ્ટિકારી થશે કે મને હાનિકારક થશે. આ આહારગ્રહણથી મને સારું થશે અથવા નહીં થાય. ઈત્યાદિ શબ્દાર્થના ઉલ્લેખને અનુકૂળ "આ વસ્તુ પોતાની પુષ્ટિમાં નિમિત્તભૂત છે એવી પ્રતિનિયત વસ્તુની જ પ્રાપ્તિવાળો જે અધ્યવસાય તે જ અભિલાષા કહેવાય છે. અને આ અભિલાષા શબ્દાર્થાલોચનાનુસારી હોવાથી શ્રુતજ્ઞાન જ કહેવાય છે. તેથી ક્ષયોપશમ રૂપ અલ્પશ્રુત ત્યાં પણ સંભવે છે. આ કારણથી અમુક વનસ્પતિને અમુક જ ખાતર-પાણી જોઈતાં હોય છે. તેથી ત્યાં પણ અલ્પ શ્રુતાજ્ઞાન છે. વિશેષાવશ્યક ભાષ્યમાં કહ્યું છે કે

इंदियमणोनिमित्तं, जं विन्नाणं सुयाणुसारेणं ।
निययत्थुत्तिसमत्थं, तं भावसुयं मई सेसं ॥ २॥

અહીં "सुयाणुसारेणं" એટલે શબ્દાર્થના આલોચનને અનુસારે જે જ્ઞાન થાય, અર્થાત્ હૃદયમાં શબ્દાભિલાપ વાળું જે જ્ઞાન તે ભાવશ્રુત કહેવાય છે. અને તેવું અવ્યક્ત તથા શબ્દોથી ન સમજાવી શકાય તેવું શબ્દાર્થના ઉલ્લેખ રૂપ ભાવશ્રુતાજ્ઞાન એકેન્દ્રિય જીવોને પણ હોય છે.

તથા આ એકેન્દ્રિયજીવોને નામકર્મના ઉદય જન્ય દ્રવ્યથી ભલે "સ્પર્શનેન્દ્રિય માત્ર" એક જ ઈન્દ્રિય હોય. અને શેષ રસના આદિ ચાર ઈન્દ્રિયો ભલે ન હોય તો પણ જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમજન્ય સૂક્ષ્મ એવું પાંચે ભાવેન્દ્રિય સ્વરૂપ વિજ્ઞાન તેઓમાં હોય છે. કોઈક વનસ્પતિ મદિરાના કોગળાના છંટકાવથી ફળે, પારો સ્ત્રીનું રૂપ દેખીને, કુમુદ અને કમલ ચંદ્ર-સૂર્યને જોઈને ખીલે, કેટલીક વનસ્પતિ મેઘના ગર્જારવથી ફળે, તેથી ભલે દ્રવ્યેન્દ્રિય માત્ર એક જ હોય, તો પણ ક્ષયોપશમ રૂપ ભાવવિજ્ઞાન પાંચે ઈન્દ્રિયોનું અત્યન્ત અંશમાત્ર પણ અવશ્ય હોય છે. કહ્યું છે કે -

जह सुहमं भाविंदियनाणं, दव्विंदियाण विरहे वि ।
दव्वसुयाभावंमि वि, भावसुयं पत्थिवाईणं ॥ १॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માટે એકેન્દ્રિયમાં અચક્ષુદર્શન, મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન એ ત્રણ ઉપયોગનું જે વિધાન છે. તે બરાબર યથાર્થ જ છે.

સંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તામાં મનઃપર્યવજ્ઞાન, ચક્ષુદર્શન, કેવલજ્ઞાન અને કેવલદર્શન એમ ચાર ઉપયોગ વિના શેષ ૮ ઉપયોગ હોય છે. અપર્યાપ્તાવસ્થામાં વિરતિ-સંયમ ન હોવાથી મનઃપર્યવજ્ઞાન નથી. ક્ષપકશ્રેણી અમુક વર્ષની વય પહેલાં ન પ્રારંભી શકાતી હોવાથી કેવલદ્વિક અપર્યાપ્તાવસ્થામાં નથી. તથા અપર્યાપ્ત અવસ્થા હોવાથી શરીર-રચના સંપૂર્ણ-યથાર્થ ન બની હોવાથી ચક્ષુ દ્વારા દેખવાના વ્યવહાર રૂપ ચક્ષુદર્શન નથી. શેષ ૮ ઉપયોગો હોય છે. અહીં કરણ અપર્યાપ્તા લેવા. જેથી તીર્થંકર પરમાત્મા આદિને આશ્રયી અપર્યાપ્ત અવસ્થામાં પણ અવધિજ્ઞાન-અવધિદર્શન ઇત્યાદિ સંભવી શકે. માટે ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન અને ૨ દર્શન એમ ૮ ઉપયોગ હોય છે.

પંચસંગ્રહાદિ કોઈ કોઈ ગ્રંથોમાં ચઉરિન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય, અને સંજ્ઞી પંચેન્દ્રિય આ ત્રણ અપર્યાપ્તામાં ચક્ષુદર્શન પણ હોય છે એમ કહ્યું છે. તે ઇન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થઈ હોવાથી ચક્ષુની રચના બની ગઈ છે. માટે શેષ પર્યાપ્તિઓ પૂર્ણ થયેલ ન હોવાથી અપર્યાપ્તાવસ્થા હોવા છતાં પણ ચક્ષુની રચના થઈ ચુકી છે તેથી "ચક્ષુદર્શન હોય" એવી વિવક્ષાથી કહેલ છે એમ સમજવું. આ પ્રમાણે જીવસ્થાનકમાં ઉપયોગો કહ્યા. ॥ ૬ ॥

હવે જીવસ્થાનકમાં લેશ્યાદ્વાર તથા બંધાદિ ચાર દ્વાર કહે છે.

**सन्नि दुगि छलेस, अपजबायरे पढम चउ ति सेसेसु।**
**सत्तट्ठ बंधुदीरण, संतुदया अट्ठ तेरससु ॥ ७॥**

(संज्ञिद्विके षड्लेश्याः, अपर्याप्तबादरे प्रथमचतस्रः तिस्रः शेषेषु।
सप्ताष्टौ बन्धोदीरणे, सदुदयावष्ट त्रयोदशसु ॥ ७॥)

**શબ્દાર્થઃ**

सन्निदुगि – સંજ્ઞી પંચે. પ. અપ૦માં
छलेस – છ એ લેશ્યા હોય છે.
अपजबायरे – અપર્યાપ્ત બાદર એકે૦માં
पढमचउ – પ્રથમની ચાર લેશ્યા.
ति सेसेसु–શેષ જીવભેદોમાં ત્રણ લેશ્યા.
सत्तट्ठ – સાત અથવા આઠનો
बंधुदीरण – બંધ અને ઉદીરણા.
संतुदया – સત્તા અને ઉદય.
अट्ठ – આઠ કર્મોનાં હોય છે.
तेरससु – તેર જીવસ્થાનકોમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ :-** સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ બે જીવભેદમાં છ એ લેશ્યા હોય છે. અપર્યાપ્તા બાદર એકેન્દ્રિયમાં પ્રથમની ચાર લેશ્યા હોય છે. શેષ જીવસ્થાનકોમાં ત્રણ લેશ્યા હોય છે. તથા તેર જીવસ્થાનકોમાં સાત-આઠ કર્મોનો બંધ અને ઉદીરણા હોય છે. તથા આઠ કર્મોની સત્તા અને ઉદય હોય છે. ॥ ૭ ॥

**વિવેચન :-** સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ બે જીવભેદને વિષે છએ લેશ્યા હોય છે. શુભ-અશુભ પરિણામોનો સંભવ અહીં હોવાથી છએ લેશ્યા હોઈ શકે છે. અહીં જે સંજ્ઞી અપર્યાપ્તા કહ્યા છે. તે કરણ અપર્યાપ્તા સમજવા. જેથી તીર્થંકર આદિ મહાપુરુષો જ્યારે અપર્યાપ્ત અવસ્થામાં હોય છે ત્યારે શુભ લેશ્યાઓ સંભવે છે. પરંતુ જો લબ્ધિ અપર્યાપ્તા લઈએ તો તેઓ અપર્યાપ્ત અવસ્થામાં જ નિયમા મૃત્યુ પામનાર હોવાથી અશુભ પરિણામના કારણે નિયમા પ્રથમની ત્રણ કૃષ્ણ-નીલ અને કાપોત લેશ્યા જ હોય છે.

બાદર એકેન્દ્રિય અપર્યાપ્તાને પ્રથમની ચાર લેશ્યા હોય છે. ત્યાં કૃષ્ણાદિ પ્રથમની ત્રણ અશુભ લેશ્યા તો ભવસ્વભાવે હોય જ છે. તથા ભવનપતિ-વ્યંતર-જ્યોતિષ્ક-સૌધર્મ અને ઈશાન દેવલોકના દેવો ત્યાંથી ચ્યવીને રત્નાદિક પૃથ્વીકાયમાં, જલાશયની વાવડીના અપ્કાયમાં, અને કમલાદિ વનસ્પતિકાયમાં ઉત્પન્ન થાય છે. ત્યાં આ બધા દેવો ઘંટાલાલાન્યાયે પોતાના ભવની તેજોલેશ્યા સાથે ઉપરોક્ત ત્રણ એકેન્દ્રિયમાં જન્મે છે. માટે ત્યાં ચોથી તેજોલેશ્યા અપર્યાપ્તાવસ્થામાં કેટલોક કાળ સંભવે છે.

બાકીના ૧૧ જીવસ્થાનકમાં પ્રથમની ત્રણ કૃષ્ણ-નીલ અને કાપોત લેશ્યા જ હોય છે. કારણ કે આ અગિયારે જીવભેદો હંમેશાં અશુભ પરિણામ વાળા છે. અને તેજો આદિ લેશ્યાઓ શુભપરિણામ વાળી છે. માટે ત્યાં સંભવતી નથી. આ પ્રમાણે લેશ્યાદ્વાર પૂર્ણ થયું.

### હવે બંધ-ઉદય-ઉદીરણા અને સત્તા દ્વાર કહે છે

સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા વિના શેષ તેર જીવસ્થાનકોમાં સાત અને આઠ મૂલકર્મનો બંધ હોય છે. પરભવનું આયુષ્ય બાંધે ત્યારે આઠનો બંધ અને આયુષ્ય ન બાંધે ત્યારે સાતકર્મનો બંધ હોય છે. આયુષ્યકર્મનો બંધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તિર્યંચ-મનુષ્યોને પોતાના ભવના આયુષ્યના ત્રીજા નવમા-સત્તાવીશમા આદિ ભાગમાં થાય છે. છેવટે અન્તિમ અન્તર્મુહૂર્ત કાલે પણ બંધાય છે, તેના બંધનો આરંભ કર્યા પછી સતત અંતર્મુહૂર્ત્ત સુધી આયુષ્યકર્મનો બંધ ચાલે જ છે. માટે આઠના બંધનો કાળ અંતર્મુહૂર્ત હોય છે. અને સાતના બંધનો કાળ તેરે જીવસ્થાનકોમાં ભિન્ન ભિન્ન હોય છે. આ જ તેર જીવસ્થાનકમાં સાત અને આઠ કર્મોની ઉદીરણા હોય છે. સર્વ જીવોને પોતાના ભવના આયુષ્યની છેલ્લી એક આવલિકા બાકી રહે ત્યારે આયુષ્યકર્મ માત્ર એક જ આવલિકા શેષ હોવાથી આયુષ્યકર્મની ઉદીરણા થતી નથી. તેથી તે અન્તિમ આવલિકામાં સાત કર્મોની જ ઉદીરણા હોય છે. શેષ કાલે સદા આઠે કર્મોની (ઉદય હોવાથી) ઉદીરણા સતત ચાલુ જ હોય છે.

**પ્રશ્ન** - જ્યારે ભવની અંતિમ આવલિકા શેષ રહે ત્યાં ચાલુભવના આયુષ્યકર્મની ઉદીરણા ભલે ન હો. કારણ કે આવલિકા બહારની સ્થિતિનાં દલિકો ખેંચીને ઉદયાવલિકામાં લવાય તેને જ ઉદીરણા કહેવાય છે. અને ચાલુ ભવનું આયુષ્યકર્મ આવલિકાથી વધારે નથી. પરંતુ આગામિભવનું આયુષ્યકર્મ તો આ જીવે બાંધેલું જ છે. તેની સત્તા આવલિકાથી પણ ઘણી વધારે છે. તો તેની ઉદીરણા આ અન્તિમ આવલિકા કાળે કેમ ન હોય ?

**ઉત્તર** :- આ વિવક્ષિત ભવમાં પરભવના આયુષ્યકર્મનો ઉદય નથી અને ઉદય હોય તેની જ ઉદીરણા થાય છે. માટે પરભવના આયુષ્યનો ઉદય ન હોવાથી ઉદીરણા નથી.

આ તેરે જીવસ્થાનકમાં સત્તા અને ઉદય નિયમા આઠે કર્મોનાં હોય છે. આ તેર જીવસ્થાનકમાં યથાયોગ્ય મિથ્યાત્વ-સાસ્વાદન અને અવિરતસમ્યગ્દષ્ટિ એમ વધુમાં વધુ ત્રણ જ ગુણસ્થાનક હોય છે. જ્યારે આઠે કર્મોની સત્તા ઉપશાન્તમોહ ગુણસ્થાનક સુધી અને આઠે કર્મોનો ઉદય સૂક્ષ્મસંપરાય સુધી નિયમા હોય જ છે તેથી તેર જીવસ્થાનકમાં ઉદય અને સત્તા નિયમા આઠ કર્મોની જ હોય છે. આ પ્રમાણે તેર જીવસ્થાનકમાં બંધાદિ ચાર દ્વારો કહ્યાં. ॥૭॥

હવે સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તામાં બંધાદિ ચાર દ્વારો કહે છે.

**सत्तट्ठछेगबंधा, संतुदया सत्त अट्ठ चत्तारि।**
**सत्तट्ठछपंचदुगं, उदीरणा सन्निपज्जत्ते॥ ८॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(सप्ताष्टषडेकबन्धाः सत्तोदयौ सप्ताष्टचत्वारि।
सप्ताष्टषट्पञ्चद्विकं, उदीरणा संज्ञिपर्याप्ते॥ ८॥)

**શબ્દાર્થ**

सत्तट्ठ - સાત અને આઠનો
छेगबंधा-છ અને એકનો બંધ,
संतुदया - સત્તા અને ઉદય
सत्त अट्ठ-સાત અને આઠની
चत्तारि-તથા ચારની હોય છે.

सत्तट्ठ - સાત અને આઠની
छपंचदुगं - છ, પાંચ અને બેની
उदीरणा - ઉદીરણા હોય છે.
सन्निपज्जत्ते - સંજ્ઞી પંચે. પર્યાપ્તામાં

**ગાથાર્થ** :- સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તામાં બંધ સાત-આઠ-છ અને એકનો હોય છે. સત્તા અને ઉદય સાત-આઠ અને ચારનાં હોય છે. તથા ઉદીરણા સાત-આઠ-છ-પાંચ અને બેની જ હોય છે.

**વિવેચન** :- સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા જીવભેદમાં મિથ્યાત્વથી અયોગી કેવલી પર્યન્તનાં ચૌદે ગુણસ્થાનકો સંભવે છે. તેથી (મિશ્ર વિના) મિથ્યાત્વથી અપ્રમત્ત સુધીનાં ગુણસ્થાનકોમાં આયુર્બંધકાળે આઠનો બંધ હોય છે. તે જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત જ હોય છે. આ જ ગુણસ્થાનકોમાં આયુર્બંધ વિનાના કાળે તથા મિશ્ર-અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણે સદા આયુષ્યકર્મ વિના શેષ સાત કર્મોનો જ બંધ હોય છે. તેનો કાળ જઘન્યથી અંતર્મુહૂર્ત છે. કારણ કે મૃત્યુ સમયે આયુર્બંધકાળે અષ્ટવિધબંધક થઈ પછી સપ્તવિધ બંધક બની અંતર્મુહૂર્ત જીવીને મૃત્યુ પામી માત્ર અંતર્મુહૂર્તના જ આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા તિર્યંચ-મનુષ્યમાં જન્મનારા જીવને ત્યાં પણ જીવનના અંતર્મુહૂર્તકાળના બે ભાગ ગયા પછી ત્રીજા ભાગના આદ્યસમયથી આયુષ્યનો બંધ કરવાથી અષ્ટવિધબંધક થનારા જીવને વચગાળાના બન્ને ભવનાં બે અંતર્મુહૂર્ત (બરાબર ૧ મોટું અંતર્મુહૂર્ત) જ સપ્તવિધબંધકતા સંભવે છે. તથા સાતના બંધનો ઉત્કૃષ્ટ કાળ "અંતર્મુહૂર્તે ન્યૂન એવા પૂર્વક્રોડ વર્ષના ત્રીજા ભાગે અધિક છ માસ ન્યૂન તેત્રીસ સાગરોપમ" પ્રમાણ જાણવો. કારણ કે પૂર્વક્રોડ વર્ષના આયુષ્યવાળો મનુષ્ય આ ભવમાં વહેલું વહેલું આયુષ્ય બાંધી લે તો પણ પૂર્વક્રોડના બે ભાગ ગયા પછી જ બાંધે. તે આયુષ્ય બંધ કરતાં પણ અંતર્મુહૂર્ત્ત લાગે અને તે કાળે તે જીવ અષ્ટવિધબંધક છે. ત્યારબાદ જ સપ્તવિધબંધક થાય છે. તેથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મનુષ્યભવ સંબંધી અંતર્મુહૂર્ત ન્યૂન પૂર્વક્રોડ વર્ષનો ત્રીજો ભાગ લીધો છે. તથા મનુષ્યમાંથી મરીને ૩૩ સાગરોપમના આયુષ્યવાળા દેવ-નારકીમાં જન્મતાં છેલ્લા છ મહીના શેષ ન રહે ત્યાં સુધી આયુષ્ય ન બંધાવાથી સપ્તવિધબંધક હોય છે. આ રીતે બન્ને ભવોનો મળીને સપ્તવિધબંધકનો કાળ ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત ન્યૂન પૂર્વક્રોડના ત્રીજા ભાગે અધિક છ માસ ન્યૂન ૩૩ સાગરોપમ સંભવી શકે છે. આ ઉત્કૃષ્ટકાળ સપ્તવિધબંધકનો જાણવો.

છનો બંધ સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે મળે છે. ત્યાં આયુષ્ય અને મોહનીયકર્મનો બંધ નથી. તેનો કાળ જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત છે. કારણ કે કોઈ એક મનુષ્ય અધ્યવસાયોની વિશુદ્ધિથી ઉપશમશ્રેણીએ ચડે, દસમે ગુણઠાણે આવે, ત્યાં આવ્યા પછી માત્ર એક જ સમય ત્યાં રહીને ઉદિત આયુષ્ય પૂર્ણ થવાથી મૃત્યુ પામે તો તે જીવ નિયમા દેવલોકવાસી જ થાય છે. ત્યાં નિયમા અવિરત જ હોય છે. તેથી નિયમા સપ્તવિધબંધક જ થાય છે. આ રીતે ભવક્ષયે મૃત્યુ પામનારને આશ્રયી દસમે ગુણઠાણે ષડ્વિધબંધકનો કાળ ૧ સમય જઘન્યથી સંભવે છે. તથા ઉત્કૃષ્ટથી દસમા ગુણસ્થાનકનો કાળ અંતર્મુહૂર્ત જ હોવાથી છના બંધનો ઉત્કૃષ્ટકાળ અંતર્મુહૂર્ત જાણવો. એકનો બંધ અગિયાર, બાર, અને તેરમા ગુણઠાણે હોય છે. તેથી અગિયારમા ગુણઠાણાને આશ્રયી એકના બંધનો જઘન્યકાળ એક સમય પૂર્વની જેમ સમજી લેવો. અને ઉત્કૃષ્ટ કાળ તેરમા ગુણઠાણાને આશ્રયી દેશે ઉણા પૂર્વક્રોડ વર્ષ પ્રમાણ જાણવો. આ પ્રમાણે સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તામાં ચાર બંધસ્થાનક જાણવાં.

સત્તા અને ઉદય આઠ, સાત અને ચાર કર્મનાં હોય છે. મિથ્યાત્વ ગુણસ્થાનકથી યાવત્ ઉપશાન્તમોહ ગુણસ્થાનક સુધી આઠે કર્મોની અવશ્ય સત્તા હોય જ છે. અગિયારમે પણ મોહનીયકર્મ ઉપશમાવેલું હોવાથી ઉદય ભલે ન હોય તો પણ સત્તા અવશ્ય છે જ. આ આઠની સત્તાનો કાળ અભવ્ય જીવોને આશ્રયી અનાદિ-અનંત, ભવ્યજીવોને આશ્રયી અનાદિ સાન્ત જાણવો. અગિયારમે જવા છતાં ત્યાં પણ સદા સત્તા આઠની જ રહેતી હોવાથી સાદિ-સાન્ત ભાંગો સંભવતો નથી. સાતકર્મોની સત્તા માત્ર બારમા ગુણઠાણે જ સંભવે છે. ત્યાં જઘન્ય-ઉત્કૃષ્ટ કાળ અંતર્મુહૂર્ત સમજવો. અને ચાર ઘાતી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્મોના ક્ષયથી માત્ર ચાર અઘાતીકર્મોની સત્તા તેરમે-ચૌદમે હોય છે. તેનો કાળ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી દેશે ન્યૂન પૂર્વક્રોડ વર્ષ પ્રમાણ ગુણઠાણાના કાળ પ્રમાણે જાણવો.

આઠનો ઉદય સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક સુધી હોય છે. કારણ કે મોહનીય કર્મનો ઉપશમ અથવા ક્ષય થવાથી અનુક્રમે અગિયારમે અને બારમે ગુણઠાણે મોહનીય વિના સાતનો ઉદય હોય છે. તેથી મોહનીય કર્મની સાથે દસમા ગુણઠાણા સુધી નિયમા આઠનો જ ઉદય હોય છે. તેનો કાળ અભવ્યને આશ્રયી અનાદિ અનંત, ભવ્યને આશ્રયી અનાદિ સાન્ત, તથા અગિયારમે ગુણઠાણે ઉપશમશ્રેણીમાં ચડીને પાછા પડેલા જીવોને આશ્રયી આઠના ઉદયનો સાદિ-સાન્ત કાળ જાણવો. સાદિ-સાન્તમાં જઘન્યથી અંતર્મુહૂર્ત કાળ હોય છે. જે જીવ ઉપશમશ્રેણીથી પડીને છઠ્ઠે-સાતમે ગુણઠાણે આવીને અન્તર્મુહૂર્ત માત્રમાં ફરીથી ઉપશમ શ્રેણી પ્રારંભે અથવા કર્મગ્રંથના મતે ક્ષપકશ્રેણિ પ્રારંભે તે જીવને આશ્રયી આઠના ઉદયનો આ જઘન્યકાળ જાણવો. અને ઉત્કૃષ્ટ કાળ દેશે ન્યૂન અર્ધપુદ્ગલ પરાવર્તન જાણવો. હવે સાતનો ઉદય અગિયારમે, બારમે હોવાથી અગિયારમે ગુણઠાણે આવી એક-સમય માત્ર રહી ભવક્ષયે મૃત્યુ પામી દેવલોકમાં જનારા જીવને આશ્રયી જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી ગુણસ્થાનકનો કાળ જ અંતર્મુહૂર્ત હોવાથી અંતર્મુહૂર્ત્ત કાળ જાણવો. તથા ચાર (અઘાતી કર્મ માત્ર) નો ઉદય તેરમે-ચૌદમે ગુણઠાણે હોવાથી તે ગુણઠાણાના કાળ પ્રમાણે જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી દેશે ન્યૂન પૂર્વક્રોડ વર્ષ પ્રમાણ કાળ ચારના ઉદયનો જાણવો.

સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તામાં ઉદીરણા સાત, આઠ, છ, પાંચ અને બે કર્મની હોય છે. ત્યાં મિથ્યાત્વથી (મિશ્ર વિના) પ્રમત્ત સુધીનાં ગુણસ્થાનકોમાં આ જીવને જ્યારે જ્યારે અનુભવાતા કોઈ પણ આયુષ્યની અન્તિમ એક આવલિકા માત્ર બાકી રહે છે ત્યારે તે ભવનું આયુષ્ય આવલિકા માત્ર જ રહેવાથી આયુષ્યકર્મની ઉદીરણા હોતી નથી. તેથી અન્તિમ આવલિકા પ્રમાણ કાળમાં સાતકર્મની ઉદીરણા હોય છે. અને અનુભવાતા આયુષ્યની એક આવલિકા શેષ રહેતી નથી. પરંતુ એક આવલિકાથી અધિક આયુષ્ય કર્મ બાકી હોય છે. ત્યારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સદા આઠ કર્મોની ઉદીરણા હોય છે. સારાંશ કે કોઈ પણ ભવની અન્તિમ આવલિકામાં સાતની, અને શેષકાળમાં આઠની ઉદીરણા જાણવી. તેમાં પણ મિશ્રગુણઠાણે નિયમા આઠની જ ઉદીરણા સંભવે છે કારણ કે આવલિકા માત્ર આયુષ્ય શેષ હોય ત્યારે મિશ્રગુણસ્થાનક સંભવતું નથી. મિશ્રગુણઠાણે જીવ મૃત્યુ પામતો નથી અને તે ગુણસ્થાનકનો જઘન્ય-ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત કાળ છે. તેથી અન્તિમ આવલિકામાત્રમાં આ મિશ્રગુણસ્થાનક આવતું નથી.

અપ્રમત્તથી સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકની એક અન્તિમ આવલિકા શેષ ન રહે ત્યાં સુધી વેદનીય અને આયુષ્ય એમ બે કર્મ વિના શેષ છ કર્મોની ઉદીરણા જાણવી. આ ગુણસ્થાનકોમાં જીવ અપ્રમત્ત હોવાથી વેદનીય અને આયુષ્યકર્મની ઉદીરણાને યોગ્ય અધ્યવસાયોનો તે જીવને અસંભવ છે. સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકની અન્તિમ આવલિકામાં મોહનીય કર્મ એક આવલિકા માત્ર જ હોવાથી તેની પણ ઉદીરણા ત્યાં થતી નથી. માટે પાંચ કર્મોની ઉદીરણા હોય છે. અગિયારમે ગુણઠાણે તથા બારમા ગુણઠાણાની એક આવલિકા માત્ર બાકી ન રહે ત્યાં સુધી પાંચની ઉદીરણા હોય છે. બારમાની અન્તિમ આવલિકામાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયકર્મ એક આવલિકા માત્ર જ હોવાથી તેની ઉદીરણા સંભવતી નથી, તેથી તેના વિના શેષ નામ- અને ગોત્ર એમ બે કર્મોની જ ઉદીરણા હોય છે. તથા તેરમે ગુણઠાણે પણ બે કર્મની જ ઉદીરણા હોય છે. અયોગી કેવલી ગુણઠાણે જીવ સર્વથા અનુદીરક જ હોય છે.

**પ્રશ્ન** - તેરમા ગુણઠાણાની જેમ જ ચૌદમા ગુણઠાણે પણ આ જીવ ચાર અઘાતીકર્મના ઉદયવાળો તો છે જ. અને ઉદય હોય ત્યાં ઉદીરણા હોય જ છે. વેદનીય અને આયુષ્યની ઉદીરણા યોગ્ય અધ્યવસાયો છઠ્ઠા પછી નથી તેથી નામ-ગોત્રની ઉદીરણા તેરમાની જેમ ચૌદમે પણ હોવી જોઈએ. તો "અનુદીરક" કેમ કહો છો ?

**ઉત્તર** - ચાર અઘાતી કર્મોનો ઉદય ચૌદમે ગુણઠાણે હોવા છતાં પણ ઉદીરણા યોગની અપેક્ષાવાળી હોવાથી અને ચૌદમે યોગ ન હોવાથી ઉદીરણા થતી નથી. કારણ કે આ ઉદીરણા એ આઠ કરણોમાંનું એક કરણ છે. તેથી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરણવીર્ય હોય ત્યાં જ ઉદીરણા હોય છે. ચૌદમે ગુણઠાણે અંતરાયકર્મના ક્ષયથી અનંત લબ્ધિવીર્ય સંભવે છે. પરંતુ મન-વચન-કાયાના યોગો ન હોવાથી કરણવીર્ય સંભવતું નથી. અને કરણવીર્યના અભાવથી ઉદીરણા પણ થતી નથી. આ પ્રમાણે ચૌદ જીવસ્થાનકોમાં ગુણસ્થાનકાદિ આઠ દ્વારો સમજાવ્યાં ॥૮॥

તેનું ચિત્ર આ પ્રમાણે છે -

## ચૌદ જીવસ્થાનક ઉપર ગુણસ્થાનકાદિ આઠ દ્વારોનું ચિત્ર

| ક્રમ | જીવસ્થાનક | ગુણસ્થાનક | યોગ | ઉપયોગ | લેશ્યા | બંધ | ઉદય | ઉદીરણા | સત્તા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | સૂક્ષ્મ એકે. અપર્યા. | ૧ | ૨/૩ | ૩ | ૩ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ |
| ૨ | સૂક્ષ્મ એકે. પર્યાપ્તા. | ૧ | ૧ | ૩ | ૩ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ |
| ૩ | બાદર એકે. અપર્યા. | ૧/૨ | ૨/૩ | ૩ | ૪ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ |
| ૪ | બાદર એકે. પર્યાપ્તા. | ૧ | ૩ | ૩ | ૩ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ |
| ૫ | બેઇન્દ્રિય અપર્યા. | ૧/૨ | ૨/૩ | ૩ | ૩ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ |
| ૬ | બેઇન્દ્રિય પર્યાપ્તા. | ૧ | ૨ | ૩ | ૩ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ |
| ૭ | તેઇન્દ્રિય અપર્યા. | ૧/૨ | ૨/૩ | ૩ | ૩ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ |
| ૮ | તેઇન્દ્રિય પર્યાપ્તા. | ૧ | ૨ | ૩ | ૩ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ |
| ૯ | ચઉરિન્દ્રિય અપર્યા. | ૧/૨ | ૨/૩ | ૩ | ૩ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ |
| ૧૦ | ચઉરિન્દ્રિય પર્યાપ્તા. | ૧ | ૨ | ૪ | ૩ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ |
| ૧૧ | અસં. પંચે. અપર્યા. | ૧/૨ | ૨/૩ | ૩ | ૩ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ |
| ૧૨ | અસં. પંચે. પર્યાપ્તા. | ૧ | ૨ | ૪ | ૩ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ |
| ૧૩ | સંજ્ઞી પંચે. અપર્યા. | ૧/૨/૪ | ૩/૪/૫ | ૮ | ૬ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ |
| ૧૪ | સંજ્ઞી પંચે. પર્યાપ્તા. | ૧થી૧૪ | ૧૫ | ૧૨ | ૬ | ૭,૮,<br>૬,૧ | ૭,૮,<br>૪ | ૭,૮,<br>૬,૫,૨ | ૭,<br>૮,૪ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે બાસઠ માર્ગણાસ્થાનો ઉપર જીવસ્થાનક આદિ છ દ્વારો કહેવાનાં છે તેથી પહેલાં બાસઠ માર્ગણાસ્થાનો જ સમજાવે છે-

**गइ इंदिए य काए, जोए वेए कसायनाणेसु ।**
**संजम दंसण लेसा, भवसम्मे सन्निआहारे ॥ ९ ॥**

(गतीन्द्रिये च कायो योगो वेदः कषायज्ञाने ।
संयमदर्शनलेश्या भव्यसम्यक्त्वे संज्ञि-आहारे ॥ ९ ॥)

**શબ્દાર્થ :**

| | |
|---|---|
| **गइइंदिए** - ગતિ અને ઇન્દ્રિય | **संजमदंसणलेसा** - સંયમ-દર્શન-લેશ્યા. |
| **काए जोए** - કાય અને યોગ. | **भवसम्मे** - ભવ્ય અને સમ્યક્ત્વ. |
| **वेए कसायनाणेसु**-વેદ, કષાય, જ્ઞાન | **सन्निआहारे** - સંજ્ઞી અને આહારી |

**ગાથાર્થ** :- (૧) ગતિ, (૨) ઇન્દ્રિય, (૩) કાય, (૪) યોગ, (૫) વેદ, (૬) કષાય, (૭) જ્ઞાન, (૮) સંયમ, (૯) દર્શન, (૧૦) લેશ્યા. (૧૧) ભવ્ય, (૧૨) સમ્યક્ત્વ, (૧૩) સંજ્ઞી, (૧૪) આહારી. એમ કુલ ૧૪ મૂલ માર્ગણાઓ છે. તેના ૬૨ ઉત્તરભેદો છે. ॥ ૯ ॥

**વિવેચન** :- બાસઠ માર્ગણાઓ સમજાવવા માટે મૂલ ચૌદ માર્ગણા પ્રથમ સમજાવે છે. માર્ગણા= વસ્તુતત્ત્વનો વિચાર કરવા માટેના પ્રકારો. તે માર્ગણાસ્થાનો જૈનશાસ્ત્રોમાં મૂલ ૧૪ અને ઉત્તર ૬૨ પ્રસિદ્ધ છે.

**(૧) ગતિમાર્ગણા**= તેવા તેવા પ્રકારના કર્મોની પ્રધાનતા વાળા જીવો વડે નરક-તિર્યંચાદિ પર્યાય વિશેષ જે પ્રાપ્ત કરાય તે ગતિમાર્ગણા. તેના દેવ-નારક-તિર્યંચ અને મનુષ્ય એમ ચાર ભેદ છે.

**(૨) ઈન્દ્રિયમાર્ગણા**= જ્ઞાનાદિ ગુણોના ઐશ્વર્યવાળો હોવાથી આત્મા એ ઈન્દ્ર કહેવાય છે. તેને ઓળખવાની જે નિશાની-ચિહ્ન તે ઈન્દ્રિય.

**(૩) કાયમાર્ગણા**= ઔદારિકાદિ પુદ્ગલોના સમૂહ વડે જે રચાય, પિંડરૂપે કરાય તે કાયા કહેવાય છે. કાયા એટલે શરીર અથવા સમૂહ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**(૪) યોગમાર્ગણા=** મન-વચન-કાયાના આલંબને આત્મા ચિંતન-મનન, ભાષણ અને હાલવા-ચાલવાદિની ક્રિયાઓમાં જે જોડાય તે યોગ કહેવાય છે.

**(૫) વેદમાર્ગણા=** ઈન્દ્રિય જન્ય સુખ જેનાથી વેદાય તે અથવા સાંસારિક સુખભોગની જે અભિલાષા તે વેદ કહેવાય છે.

**(૬) કષાયમાર્ગણા=** જેની અંદર જીવો પરસ્પર દંડાય, દુઃખી થાય તે કષ એટલે સંસાર કહેવાય છે તેનો આય=લાભ-વૃદ્ધિ જેનાથી થાય તે કષાય, અર્થાત્ જન્મ-મરણોની પરંપરા રૂપ સંસાર જેનાથી વધે તે કષાય.

**(૭) જ્ઞાનમાર્ગણા=** સામાન્ય અને વિશેષ એમ ઉભયધર્માત્મક વસ્તુઓમાં વિશેષ ધર્મોનું જે જાણવું તે જ્ઞાન, વિશેષ ધર્મોને ગ્રહણ કરનારો જે બોધ તે.

**(૮) સંયમ માર્ગણા=** સાવદ્ય યોગોથી સમ્યગ્પ્રકારે વિરામ પામવો તે, અથવા આ આત્મા પાપના વ્યાપારથી જેનાથી અટકે તે સંયમ.

**(૯) દર્શન માર્ગણા=** સામાન્ય અને વિશેષ એમ ઉભયધર્માત્મક વસ્તુઓમાં સામાન્ય ધર્મોનું જે જાણવું તે દર્શન. સામાન્ય ધર્મોને ગ્રહણ કરનારો જે બોધ તે.

**(૧૦) લેશ્યા માર્ગણા=** આત્મા કર્મોની સાથે જેના કારણે લેપાય-જોડાય, કર્મોની સાથે આત્મા જેના વડે બંધાય તે લેશ્યા.

**(૧૧) ભવ્ય માર્ગણા=** પરમપદ જે મોક્ષપદ, તેની યોગ્યતાવાળા જે હોય, અર્થાત્ મોક્ષે જવાને જે યોગ્ય હોય તે ભવ્ય.

**(૧૨) સમ્યક્ત્વ માર્ગણા=** પ્રશસ્ત એવો જે આત્મપરિણામ, મોક્ષની સાથે અવિરોધી પ્રશમ-સંવેગાદિ લક્ષણવાળો જે આત્મધર્મ તે સમ્યક્ત્વ.

**(૧૩) સંજ્ઞી માર્ગણા=** ભૂત, ભાવિ અને વર્તમાન કાળના ભાવોની આલોચના વાળી દીર્ઘકાલિકી સંજ્ઞા જેઓને વિદ્યમાન છે તે સંજ્ઞી.

**(૧૪) આહારી માર્ગણા=** ઓજાહાર-લોમાહાર અને કવલાહારાદિ ત્રણ પ્રકારના આહારમાંથી કોઈ પણ પ્રકારના આહારવાળો તે આહારી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ચૌદ મૂલ માર્ગણાના ઉત્તરભેદ ૬૨ છે. જે હવે પછીની ગાથાઓમાં કહેવાય જ છે. ॥ ૯ ॥

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) ગતિના ભેદ | ૪ | (૬) કષાયના ભેદ | ૪ | (૧૧) ભવ્યના ભેદ | ૨ |
| (૨) ઇન્દ્રિયના ભેદ | ૫ | (૭) જ્ઞાનના ભેદ | ૮ | (૧૨) સમ્યક્ત્વના ભેદ | ૬ |
| (૩) કાયના ભેદ | ૬ | (૮) સંયમના ભેદ | ૭ | (૧૩) સંજ્ઞીના ભેદ | ૨ |
| (૪) યોગના ભેદ | ૩ | (૯) દર્શનના ભેદ | ૪ | (૧૪) આહારીના ભેદ | ૨ |
| (૫) વેદના ભેદ | ૩ | (૧૦) લેશ્યાના ભેદ | ૬ | | ૧૨ |
| | ૨૧ | | ૨૯ | કુલ ભેદ - | ૬૨ |

**सुरनरतिरिनिरयगई, इगबियतियचउपणिंदि छक्काया।**
**भूजलजलणानिलवणतसा य मणवयणतणुजोगा॥ १०॥**

(सुरनरतिर्यग्नरकगतय, एकद्वित्रिचतुःपञ्चेन्द्रियाः षट्कायाः।
भूजलज्वलनानिलवनत्रसाश्च मनोवचनतनुयोगाः॥ १०॥)

**શબ્દાર્થઃ**

सुरनर - દેવ અને મનુષ્ય
तिरिनिरयगई-તિર્યંચ અને નરકગતિ
इगबिय - એકેન્દ્રિય-દ્વીન્દ્રિય
तियचउ - તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય
पणिंदि - પંચેન્દ્રિય
छक्काया - છ કાય

भूजल - પૃથ્વીકાય અને અપ્કાય
जलणानिल - અગ્નિકાય અને વાયુકાય
वणतसा य-વનસ્પતિકાય અને ત્રસકાય
मणवयण - મનયોગ અને વચનયોગ
तणुजोगा - કાયયોગ

**ગાથાર્થઃ** - દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરક એમ ચાર ગતિ છે. એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, અને પંચેન્દ્રિય એમ પાંચ જાતિ છે. પૃથ્વી, અપ્, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ એમ છ કાય છે. તથા મન, વચન, અને કાયયોગ એમ ત્રણ યોગો છે. ॥ ૧૦ ॥

**વિવેચન** :- ચૌદ મૂલમાર્ગણાના બાસઠ ઉત્તરભેદ હવે સમજાવે છે. પ્રથમ મૂલમાર્ગણા જે ગતિમાર્ગણા છે. તેના ચાર ભેદ છે. તે આ પ્રમાણે-

**(૧) સુરગતિ=** એટલે દેવગતિ, **सुष्ठु राजन्ते इति सुराः** જે સારી રીતે શોભે, દિવ્યાભરણના સમૂહથી અને સ્વાભાવિક પોતાના શરીરની કાન્તિથી જે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શોભે, વિશિષ્ટ ઐશ્વર્યને અનુભવે તે સુર કહેવાય છે. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ અને વૈમાનિક એમ ચારે નિકાયના જે દેવો અને દાનવો તે સુર. તેવા ભવમાં જીવનું જે ગમન તે સુરગતિ.

(૨) **મનુષ્યગતિ=** नृणन्ति इति नराः બુદ્ધિ અને વિવેકવાળું જીવન પામીને ન્યાય-નીતિ યુક્ત ધર્મમાં પરાયણ જે થાય તે નર, તેવા ભવોમાં જીવનું જે ગમન તે નરગતિ, મનુષ્ય ગતિમાં જન્મેલા મનુષ્યોના ક્ષેત્રાદિભેદે ૩૦૩ ભેદ છે.

(૩) **તિર્યંચગતિ=** तिरः अञ्चन्ति गच्छन्ति इति तिर्यञ्चः । જે તિર્છા ચાલે, વાંકા ચાલે, અર્થાત્ વિવેકહીનપણે વર્તે, ગમે ત્યાં મળમૂત્રાદિ કરે, ગમે ત્યાં આળોટે, બેસે તે તિર્યંચ. આવા ભવોમાં જીવનું જે ગમન તે તિર્યંચગતિ.

(૪) **નરકગતિ=** नरान् (उपलक्षणत्वात् तिरश्चोऽपि प्रभूतपापकारिणः) कायन्ति इव, आह्वयन्ति इव= ઘણું પાપ કરનારા મનુષ્યો અને ઉપલક્ષણથી તિર્યંચોને પાપોનું ફળ ભોગવવા જાણે બોલાવતા હોય શું? તે નરક, તેમાં જીવનું જવું તે નરકગતિ.

(૫) **એકેન્દ્રિય=** સ્પર્શના નામની એક જ દ્રવ્યેન્દ્રિય જે જીવોને છે તે પૃથ્વી, અપ્, તેઉ, વાઉ, અને વનસ્પતિને એકેન્દ્રિય સમજવા.

(૬) **બેઈન્દ્રિય=** સ્પર્શના અને રસના એમ બે જ દ્રવ્યેન્દ્રિય જે જીવોને છે તે શંખ-કોડા-ગંડોલા વગેરે દ્વીન્દ્રિય કહેવાય છે.

(૭) **તેઈન્દ્રિય=** સ્પર્શના, રસના અને ઘ્રાણ એમ ત્રણ ઇન્દ્રિયો જેને છે તે કીડી-જુ-લીખ-કાનખજુરા, માંકડ વગેરે તેઇન્દ્રિય કહેવાય છે.

(૮) **ચઉરિન્દ્રિય=** સ્પર્શનાદિ ચાર ઇન્દ્રિયો જેને છે તે ભમરા, બગાઈ, માખી, વીંછી, તીડ, વગેરેને ચઉરિન્દ્રિય કહેવાય છે.

(૯) **પંચેન્દ્રિય=** સ્પર્શનાદિ પાંચે ઇન્દ્રિયો જે જીવોને છે. તે દેવ, નારક, તિર્યંચ અને મનુષ્ય એ પંચેન્દ્રિય કહેવાય છે.

(૧૦) **પૃથ્વીકાય=** પૃથ્વીરૂપે (કઠણપણે) શરીર છે જેનું તે પૃથ્વીકાય અથવા પૃથ્વી રૂપે શરીરવાળા જીવોનો જે સમૂહ તે પૃથ્વીકાય.

(૧૧) **અપ્કાય=** પાણી રૂપે શરીર છે જેનું તે, અથવા પાણીના જીવોનો જે સમૂહ તે અપ્કાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**(૧૨) તેઉકાય=** અગ્નિ રૂપે શરીર છે જેનું તે અથવા અગ્નિના જીવોનો સમૂહ તે.

**(૧૩) વાયુકાય=** વાયુ રૂપે શરીર છે જેનું તે, અથવા વાયુના જીવોનો જે સમૂહ તે.

**(૧૪) વનસ્પતિકાય=** ઝાડ, પાન, ફૂલ, ફલાદિ વનસ્પતિ રૂપે શરીર છે જેનું તે, અથવા વનસ્પતિજીવોનો જે સમૂહ તે.

**(૧૫) ત્રસકાય=**હાલતા-ચાલતા જે જીવો તે ત્રસ, તેઓનો સમૂહ તે.

**(૧૬) મનયોગ=** કાયયોગ દ્વારા મનોવર્ગણાનાં પુદ્ગલો ગ્રહણ કરી મનપણે પરિણમાવી વસ્તુતત્ત્વના વિચારમાં પ્રવર્તાવેલાં જે પુદ્ગલ દ્રવ્યો તે મન કહેવાય છે. તેના દ્વારા આત્મપ્રદેશોના વીર્યનો વપરાશ તે મનયોગ.

**(૧૭) વચનયોગ=** કાયયોગ દ્વારા ભાષા વર્ગણાનાં પુદ્ગલો ગ્રહણ કરી ભાષાપણે પરિણમાવેલાં અને રસનાદિ સ્થાનો દ્વારા છોડાતાં જે પુદ્ગલદ્રવ્યો તે વચન, તેના દ્વારા આત્મપ્રદેશોના વીર્યનો જે વપરાશ તે વચનયોગ.

**(૧૮) કાયયોગ=** ઔદારિકાદિ કાયા દ્વારા આત્મપ્રદેશોના વીર્યનો જે વપરાશ તે કાયયોગ કહેવાય છે. ત્રણે યોગમાં કરણવીર્યને યોગ કહેવાય છે. આ પ્રમાણે આ ગાથામાં ૬૨માંથી ૧૮ માર્ગણા સમજાવાઈ છે. ॥૧૦॥

**वेय नरित्थि नपुंसा, कसाय-कोह-मय-माय-लोभत्ति ।**
**मइसुयवहिमणकेवल-विभंगमइसुअनाणसागारा ॥११॥**

(वेदा नरस्त्रीनपुंसकाः, कषायाः क्रोधमदमायालोभा इति ।
मतिश्रुतावधिमनः केवल-विभंगमतिश्रुताज्ञानानि सागाराणि ॥११॥)

**શબ્દાર્થ:-**

**वेद** - વેદો ત્રણ છે.
**नरित्थिनपुंसा** - પુરુષ-સ્ત્રી. અને નપુસંકવેદ,
**कसाय** - ચાર કષાયો,
**कोहमय** - ક્રોધ, માન,
**मायलोभत्ति**-માયા અને લોભ,
**मइसुय** - મતિ અને શ્રુત,
**वहिमणकेवल**-અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવલજ્ઞાન
**विभंग** - વિભંગજ્ઞાન,
**मइसुअनाण** - મતિ અને શ્રુત અજ્ઞાન,
**सागारा** - એમ આઠ સાકારોપયોગો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ** - પુરુષવેદ, સ્ત્રીવેદ, અને નપુંસકવેદ એમ ત્રણ પ્રકારના વેદ છે. ક્રોધ, માન, માયા અને લોભ એમ ચાર કષાયો છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવલજ્ઞાન, મતિઅજ્ઞાન, શ્રુત અજ્ઞાન, અને વિભંગજ્ઞાન એમ કુલ આઠ જ્ઞાનોપયોગ છે. ॥ ૧૧ ॥

**વિવેચન**-આ ગાથામાં વેદમાર્ગણા, કષાયમાર્ગણા અને જ્ઞાનમાર્ગણાના અનુક્રમે ૩-૪-૮ ભેદો સમજાવે છે. તે આ પ્રમાણે-

**(૧૯) પુરુષવેદ=** દાઢી, મુંછ, તથા પુરુષાકારે શરીરરચના તે દ્રવ્યથી પુરુષવેદ કહેવાય છે. તે નામકર્મના ઉદયજન્ય છે. અને સ્ત્રીની સાથે સંભોગાદિની અભિલાષા તે ભાવ પુરુષવેદ કહેવાય છે. અને તે મોહનીયકર્મના ઉદયજન્ય છે.

**(૨૦) સ્ત્રીવેદ=** દાઢી મુંછ વિનાનું અને સ્તનાદિ સ્ત્રીસંબંધી રચના વાળું જે શરીર તે દ્રવ્યથી સ્ત્રીવેદ કહેવાય છે. અને પુરુષોની સાથે સંભોગાદિની અભિલાષા તે ભાવથી સ્ત્રીવેદ કહેવાય છે.

**(૨૧) નપુંસકવેદ=** સ્ત્રીના અવયવ સ્તનાદિ અને પુરુષના અવયવ દાઢી-મુંછાદિ એમ બન્ને જેને હોય તે દ્રવ્યથી નપુંસકવેદ. અને સ્ત્રી તથા પુરુષ એમ બન્ને પ્રત્યે ભોગની જે અભિલાષા તે ભાવથી નપુંસકવેદ કહેવાય છે. આ ત્રણે વેદોમાં દ્રવ્યવેદ શરીરની રચના સ્વરૂપ હોવાથી અને શરીર નામકર્મજન્ય હોવાથી ત્રણે દ્રવ્યવેદો નામકર્મના ઉદયથી હોય છે. તેથી તેરમા ગુણસ્થાનક સુધી ત્રણે વેદો હોય છે. પણ અભિલાષા રૂપ જે ભાવવેદ છે. તે મોહનીયકર્મના ઉદય સ્વરૂપ હોવાથી ઉપર-ઉપરના ગુણસ્થાનકોમાં અનુક્રમે ઘટતા ઘટતા પ્રમાણે નવમા ગુણઠાણાના પ્રથમભાગ સુધી જ હોય છે. પછી જીવ અવેદી બને છે.

**(૨૨) ક્રોધમાર્ગણા=** આવેશ, ગુસ્સો, તપી જવું. લાલપીળા થવું તે

**(૨૩) માનમાર્ગણા=** અહંકાર, પોતાની મોટાઈ માનવી, અભિમાન.

**(૨૪) માયામાર્ગણા=** કપટ, જુઠ, બનાવટ, છેતરપિંડી કરવી.

**(૨૫) લોભમાર્ગણા=** આસક્તિ, મમતા, મૂર્છા, પરદ્રવ્ય સાથે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અભેદબુદ્ધિ. આ ચારે કષાયો એ વિભાવસ્વભાવ છે. જીવના શુદ્ધ સ્વરૂપના બાધક છે. અનંત જન્મ-મરણની પરંપરા વધારનારા છે.

(૨૬) **મતિજ્ઞાનમાર્ગણા=** યોગ્ય દેશમાં રહેલી વસ્તુના વિષયવાળો પાંચ ઇન્દ્રિય અને મનના નિમિત્તવાળો જે બોધવિશેષ તે મતિજ્ઞાન.

(૨૭) **શ્રુતજ્ઞાનમાર્ગણા=** શબ્દાર્થના પર્યાલોચનને અનુસરનારું ઇન્દ્રિય અને મનના નિમિત્તે શાસ્ત્ર અને ગુરુગમથી થયેલું જે જ્ઞાન તે શ્રુત જ્ઞાન.

(૨૮) **અવધિજ્ઞાન=** ઇન્દ્રિયોની અપેક્ષા વિના, આત્મસાક્ષાત્કારપણે નીચે નીચે વધારે વધારે વિસ્તારવાળું રૂપી દ્રવ્યોનું જે જ્ઞાન તે અવધિજ્ઞાન.

(૨૯) **મનઃપર્યવજ્ઞાન=** અઢી દ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનોગત ભાવોને જાણવાની જે શક્તિ તે મનઃપર્યવજ્ઞાન.

(૩૦) **કેવલજ્ઞાન=** સમસ્ત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવનું સંપૂર્ણ જે જ્ઞાન તે કેવલજ્ઞાન, અથવા મત્યાદિથી રહિત એકલું જે જ્ઞાન તે.

(૩૧) **મતિઅજ્ઞાન=** મિથ્યાત્વ યુક્ત એવું જે મતિજ્ઞાન તે મતિઅજ્ઞાન.

(૩૨) **શ્રુતઅજ્ઞાન=** મિથ્યાત્વ યુક્ત એવું જે શ્રુતજ્ઞાન તે શ્રુતઅજ્ઞાન.

(૩૩) **વિભંગજ્ઞાન=** મિથ્યાત્વ યુક્ત એવું જે અવધિજ્ઞાન તે વિપરીત ભંગવાળું અર્થાત્ એકાન્ત દૃષ્ટિવાળું હોવાથી વિભંગજ્ઞાન કહેવાય છે.

આ છેલ્લી આઠ માર્ગણાઓને "સાકારોપયોગ અથવા વિશેષોપયોગ અથવા જ્ઞાનોપયોગ પણ કહેવાય છે. કોઈ પણ વસ્તુ સામાન્ય અને વિશેષ એમ ઉભય ધર્મયુક્ત છે. તેમાંથી વિશેષધર્મોને જે જાણવા તેને વિશેષોપયોગ કહેવાય છે. તેમાં વસ્તુનો આકાર જ્ઞાનની અંદર પ્રતિબિંબિત થતો હોવાથી સાકારોપયોગ પણ કહેવાય છે. ॥ ૧૧ ॥

**सामाइय छेय परिहार, सुहूम अहखाय देस जय अजया ।**
**चक्खु अचक्खु ओही, केवल दंसण अणागारा ॥ १२॥**

(सामायिक-छेद-परिहार-सूक्ष्म-यथाख्यात देशयतायताः ।
चक्षुरचक्षुरवधिकेवलदर्शनानि अनाकाराणि ॥१२॥)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શબ્દાર્થ-:**

| | |
|---|---|
| सामाइय - સામાયિક, | छेय - છેદોપસ્થાપનીય, |
| परिहार - પરિહાર વિશુદ્ધિ, | सुहूम - સૂક્ષ્મસંપરાય, |
| अहखाय - યથાખ્યાત, | देसजय - દેશવિરતિ, |
| अजया - અવિરતિ, | चक्खु - ચક્ષુદર્શન, |
| अचक्खु - અચક્ષુદર્શન, | ओही - અવધિદર્શન, |
| केवल - કેવલદર્શન, | अणागारा - આ ચાર અનાકાર ઉપયોગ કહેવાય છે. |

**ગાથાર્થ-** સામાયિક-છેદોપસ્થાપનીય-પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મ સંપરાય, યથાખ્યાત. દેશવિરતિ અને અવિરતિ એમ ચારિત્રના સાત ભેદ જાણવા. તથા ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવલદર્શન એમ ચાર અનાકાર ઉપયોગ જાણવા. ॥ ૧૨ ॥

**વિવેચન-** આ ગાથામાં સંયમમાર્ગણાના સાત અને દર્શન માર્ગણાના ચાર ભેદો અનુક્રમે સમજાવે છે.

**(૩૪) સામાયિક ચારિત્ર=** રાગ-દ્વેષ રહિત એવો જે આત્મા સર્વ પ્રાણીઓને પોતાની જેમ જુએ, તે सम= સમતાભાવ, તેની પ્રાપ્તિ તે સામાયિક. તેના ઈત્વરકથિત અને યાવત્કથિત એમ બે ભેદો છે.

**(૩૫) છેદોપસ્થાપનીય ચારિત્ર=** પૂર્વ પર્યાયનો છેદ કરી ફરીથી મહાવ્રતોને વિષે જીવની જે ઉપસ્થાપના કરવી તે છેદોપસ્થાપનીય. તેના પણ સાતિચાર અને નિરતિચાર એવા બે ભેદો છે.

**(૩૬) પરિહારવિશુદ્ધિ=**પરિહાર એટલે તપવિશેષ. તેના દ્વારા શુદ્ધિ વિશેષ જેમાં છે તે પરિહાર વિશુદ્ધિ. તેના પણ નિર્વિશમાનક અને નિર્વિષ્ટકાયિક એમ બે ભેદ છે. નવ જણનો સમૂહ આ તપ આરાધવા સાથે નીકળે છે. ચાર તપ કરે, ચાર સેવા કરે અને એકની ગુરુ તરીકે સ્થાપના કરે. ઈત્યાદિ નવતત્ત્વથી જાણી લેવું.

**(૩૭) સૂક્ષ્મ સંપરાય=** અનંતાનુબંધી આદિ કષાયો ઉપશમાવીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અથવા ખપાવીને શ્રેણીમાં ચડેલા જીવો નવમે ગુણઠાણે સંજવલન-ક્રોધ-માન માયા અને બાદર લોભને ઉપશમાવી અથવા ખપાવી દસમે ગુણઠાણે જાય, તેઓનું માત્ર સૂક્ષ્મ લોભના સંવેદનવાળું અતિશય નિર્મળ ચારિત્ર તે.

**(૩૮) યથાખ્યાત ચારિત્ર**= મોહનીય કર્મની અઠ્યાવીસે કર્મ પ્રકૃતિઓ સર્વથા ઉપશમ અથવા ક્ષય પામવાથી સર્વથા શુદ્ધ એવું. વીતરાગ પરમાત્માએ જેવું કહ્યું છે તેવું ચારિત્ર તે.

**(૩૯) દેશયત**= દેશવિરતિ=સંસારના ભોગ-ઉપભોગ રૂપ વિષયો કેટલાક ત્યજ્યા હોય અને કેટલાક ન ત્યજ્યા હોય એમ સંયમ અને અસંયમ ઉભયભાવવાળું શ્રાવક-શ્રાવિકાનું બારવ્રતાદિવાળું જે ચારિત્ર તે દેશવિરતિ ચારિત્ર. આ ચારિત્ર એકવ્રતધારીથી યાવત્ બારવ્રતધારી તથા સંવાસાનુમતિમાત્રની અનુમતિવાળા સુધીનું હોય છે. કમ્મપયડિમાં કહ્યું છે કે एगव्वयाइ चरमो अणुमइमित्तो ति देसजई ॥

**(૪૦) અજય**=અવિરતિચારિત્ર= સર્વથા કોઈ વ્રત જેને નથી તે અવિરતિ. જો કે આ ચારિત્ર નથી. અસંયમ માત્ર જ છે. તથાપિ કોઈ પણ એક મૂલમાર્ગણામાં સર્વજીવોનો સમાવેશ કરવા માટે છ ચારિત્રમાં ન આવતા જીવોને સમાવી લેવા માટે અવિરતિને પણ ચારિત્રમાર્ગણામાં કહ્યું છે. જેમ સારી ટેવને ટેવ કહેવાય તેમ કુટેવને પણ ટેવ જ કહેવાય છે તેવી જ રીતે વિરતિને જેમ ચારિત્ર કહેવાય તેમ અવિરતિને પણ એ પણ એક આચરણા સ્વરૂપ હોવાથી ચારિત્રમાર્ગણા જાણવી.

**(૪૧) ચક્ષુદર્શન**= ચક્ષુ દ્વારા જોવું તે ચક્ષુદર્શન, ઉભયધર્માત્મક વસ્તુમાંથી સામાન્યધર્મોને ચક્ષુથી જોવા તે ચક્ષુદર્શન.

**(૪૨) અચક્ષુદર્શન**= ચક્ષુ વિનાની શેષ ઈન્દ્રિયો દ્વારા વસ્તુમાં રહેલા સામાન્યધર્મને જે જાણવા તે અચક્ષુદર્શન.

**(૪૩) અવધિદર્શન**= અવધિજ્ઞાન વાળા જીવોમાં રૂપી દ્રવ્યોના સામાન્ય ધર્મને જાણવાની જે શક્તિ તે અવધિદર્શન.

**(૪૪) કેવલદર્શન**= લોકાલોકમાં રહેલા સર્વપદાર્થોના ત્રણે કાળના સામાન્ય ધર્મોને જાણવાની આત્માની જે શક્તિ તે કેવલદર્શન.

આ પ્રમાણે આ ગાથામાં સંયમ અને દર્શનમાર્ગણા સમજાવી. ॥૧૨॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**किण्हा नीला काउ, तेऊ पम्हा य सुक्क भव्वियरा ।**
**वेयग खइगुवसम, मिच्छ मीस सासाण सन्नियरे ॥१३॥**

(कृष्णा नीला, कापोता, तेजः पद्मा च शुक्ला भव्येतरौ ।
वेदक क्षायिकोपशम-मिथ्यात्व-मिश्र-सास्वादनानि संज्ञीतरौ ॥ १३ ॥)

**શબ્દાર્થ-:**

किण्हा - કૃષ્ણલેશ્યા,
नीला - નીલલેશ્યા,
काउ - કાપોતલેશ્યા,
तेउ - તેજોલેશ્યા,
पम्हा - પદ્મલેશ્યા,
य અને सुक्का શુક્લલેશ્યા.
भव्वियरा-ભવ્ય અને અભવ્ય,
वेयग-વેદક=ક્ષાયોપશમિક સમ્યક્ત્વ.
खइगुवसम-ક્ષાયિક અને ઉપશમ,
मिच्छ - મિથ્યાત્વ,
मीस - મિશ્ર,
सासाण - સાસ્વાદન,
सन्नियरे - સંજ્ઞી અને અસંજ્ઞી.

**ગાથાર્થ:-** કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ, અને શુક્લ એમ છ લેશ્યા જાણવી. ભવ્ય, અભવ્ય, ક્ષાયોપશમિક, ક્ષાયિક, ઔપશમિક, મિથ્યાત્વ, મિશ્ર અને સાસ્વાદન, તથા સંજ્ઞી અને અસંજ્ઞી માર્ગણા જાણવી. ॥ ૧૩ ॥

**વિવેચન:-** આ ગાથામાં લેશ્યામાર્ગણા, ભવ્યમાર્ગણા, સમ્યક્ત્વમાર્ગણા અને સંજ્ઞીમાર્ગણા એમ કુલ ૪ મૂલમાર્ગણાના ઉત્તરભેદો સમજાવ્યા છે. કૃષ્ણ અને નીલાદિ વર્ણોવાળા બાહ્ય પુદ્ગલોના નિમિત્તથી આત્મામાં પ્રગટ થતા શુભાશુભ અધ્યવસાયવિશેષને લેશ્યા કહેવાય છે. બાહ્ય પુદ્ગલો એ નિમિત્તભૂત હોવાથી દ્રવ્યલેશ્યા છે. અને તન્નિમિત્ત જન્ય શુભાશુભ આત્મપરિણામ એ ભાવલેશ્યા છે. તેના છ ભેદ છે. જાંબુ ખાવાની ઈચ્છાવાળા પથિક જનોના ઉદાહરણથી આ લેશ્યા શાસ્ત્રોમાં સમજાવાઈ છે. તે આ પ્રમાણે છે -

**(૪૫) કૃષ્ણલેશ્યા=** જાંબુના ઝાડને મૂળથી છેદીને જાંબુ ખાઈએ આવા તીવ્રતમ અશુભ પરિણામવાળા જે અધ્યવસાય તે કૃષ્ણલેશ્યા.

**(૪૬) નીલલેશ્યા=** જાંબુના ઝાડની મોટી મોટી શાખાઓ છેદીએ આવા તીવ્રતર અશુભ પરિણામવાળા જે અધ્યવસાય તે નીલલેશ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**(૪૭) કાપોતલેશ્યા=** જાંબુના ઝાડની નાની નાની શાખાઓ માત્ર છેદીએ આવા તીવ્ર અશુભ પરિણામવાળા જે અધ્યવસાય તે કાપોતલેશ્યા.

**(૪૮) તેજોલેશ્યા=**જાંબુના ઝાડ ઉપરનાં તમામ જાંબુ કાપીને નીચે પાડી પછી ખાઈએ, આવા કંઈક શુભ પરિણામવાળા જે અધ્યવસાય તે તેજોલેશ્યા.

**(૪૯) પદ્મલેશ્યા=** જાંબુના ઝાડ ઉપરથી જોઈતાં જ જાંબુ પાડીએ એવા શુભતર પરિણામવાળા જે અધ્યવસાય તે પદ્મલેશ્યા.

**(૫૦) શુક્લલેશ્યા=** નીચે પડેલાં જ જાંબુ ખાઈએ. જેથી વૃક્ષની હિંસા ન થાય આવા શુભતમ પરિણામવાળા જે અધ્યવસાય તે શુક્લલેશ્યા.

આ છએ લેશ્યાના બે ભેદ છે. દ્રવ્યલેશ્યા અને ભાવલેશ્યા. યોગાન્તર્ગત પુદ્‌ગલવર્ગણા સ્વરૂપ દ્રવ્યલેશ્યા છે. તેથી જ તે દ્રવ્યલેશ્યા તેરમા ગુણઠાણા સુધી છે. અને દ્રવ્યલેશ્યાજન્ય જે કષાયવાળા આત્મિક પરિણામ એ ભાવલેશ્યા છે. તે દસ ગુણસ્થાનક સુધી છે કષાયજન્ય અધ્યવસાયસ્થાનો સ્થિતિબંધનાં કારણો છે અને કષાય તથા લેશ્યા એમ ઉભયજન્ય અધ્યવસાયસ્થાન રસબધનાં કારણો છે. એકેક કાષાયિકાધ્યવસાય સ્થાનમાં અસંખ્ય લોકાકાશ-પ્રદેશ પ્રમાણ રસબધનાં અધ્યવસાયસ્થાનો હોય છે.

**(૫૧) ભવ્યમાર્ગણા=**મુક્તિ ગમનની યોગ્યતાવાળા જે જીવો તે ભવ્ય.

**(૫૨) અભવ્યમાર્ગણા=**મુક્તિ ગમનની અયોગ્યતાવાળા જે જીવો તે અભવ્ય.

પ્રત્યેક જીવોમાં આ બન્ને ભાવોમાંથી જે ભાવ હોય છે તે સ્વતઃસિદ્ધ છે. અર્થાત્ પારિણામિકભાવ માત્ર છે. શુભાશુભ કર્મથી ભવ્ય-અભવ્યતા થતી નથી. એટલે શુભકર્મો કરવાથી ભવ્યપણું આવે અને અશુભકર્મો કરવાથી અભવ્યપણું આવે એમ ન સમજવું. તથા બિચારા અભવ્યે એવાં તે શું અશુભકર્મો કર્યાં છે કે જે કોઈ પણ દિવસ ભવ્ય ન થાય ? આવી શંકા પણ ન કરવી. આ બન્ને ભાવો મગ અને કોયડુ ની જેમ સ્વાભાવિક જ છે. અને તેથી જ તે કદાપિ પરિવર્તન પામતા નથી. ભવ્ય એ અભવ્ય બનતા નથી. અને અભવ્ય એ કદાપિ ભવ્ય બનતા નથી. ચંદ્રનો ચાંદની આપવાનો અને સૂર્યનો તાપ આપવાનો જેમ સ્વભાવ છે. તેમ આ જાણવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન :-** અભવ્યો તો અયોગ્યતાવાળા હોવાથી કદાપિ મોક્ષે જવાના નથી. પરંતુ શું ભવ્યો બધા જ મોક્ષે જવાના કે નહીં જવાના ? જો બધા જ ભવ્યો મોક્ષે જવાના જ હોય તો જ્યારે બધા મોક્ષે જતા રહેશે ત્યારે શું મોક્ષ બંધ થઈ જશે ? ધર્મ કરવાનો રહેશે જ નહીં ? અને જો બધા નથી જ જવાના, તો જે ન જાય તેની યોગ્યતા શું કામની ?

**ઉત્તર-** બધા જ ભવ્યો મોક્ષે જવાના નથી. કારણ કે યોગ્યતા હોવા છતાં પણ નિગોદમાંથી નીકળવાનો અને મનુષ્યાદિ ભવ પામવાનો યોગ જ ન આવવાનો હોવાથી તે મોક્ષે જવાના નથી.

**પ્રશ્ન-** તો અભવ્ય અને આવા મોક્ષે ન જનારા ભવ્ય જીવોમાં તફાવત શું ? બન્નેને ફળની અપ્રાપ્તિ તો સમાન જ છે.

**ઉત્તર-** ભવ્યજીવો મોક્ષે જવાની યોગ્યતા ધરાવે છે પરંતુ કેટલાકને મનુષ્યાદિ ભવોનો યોગ થતો નથી. તેથી તે વિધવા સ્ત્રી જેવા છે. કે જેમાં સંતાન પ્રાપ્તિની યોગ્યતા છે પરંતુ પુરુષનો યોગ નથી. અને અભવ્યજીવો મનુષ્યાદિ ભવનો યોગ પામે છે. પરંતુ મુક્તિની યોગ્યતા નથી માટે મોક્ષે જતા નથી. તેથી તે જીવો વન્ધ્યા સ્ત્રી જેવા છે કે જે વન્ધ્યા સ્ત્રી પતિનો યોગ પામે છે પરંતુ યોગ્યતા ન હોવાથી સંતાન પ્રાપ્તિ રૂપ ફળ વિનાની છે. આ રીતે એકમાં સહકારી કારણોનો યોગ નથી, બીજામાં યોગ્યતા નથી.

**પ્રશ્નઃ-** આ ભવ્યમાર્ગણામાં અભવ્યો કેમ ગણ્યા હશે ?

**ઉત્તર-** ચૌદ મૂલમાર્ગણામાંની કોઈ પણ એક મૂલમાર્ગણામાં સર્વ જીવોનો સમાવેશ કરવો છે. માટે વિપરીતપક્ષ તેમાં જ અંતર્ગત કર્યો છે. જેમ ચારિત્રમાં અવિરતિ, સમ્યક્ત્વમાં મિથ્યાત્વાદિ, સંજ્ઞી માર્ગણામાં અસંજ્ઞી, અને આહારીમાં અણાહારી, તેમ અહીં પણ સમજવું.

હવે સમ્યક્ત્વ માર્ગણા છ ભેદે છે. તે સમજાવે છે.

**(૫૩) વેદક=ક્ષયોપશમસમ્યક્ત્વ માર્ગણા=** સમ્યક્ત્વ મોહનીયનું વેદન (ઉદય) જ્યાં ચાલુ છે અર્થાત્ અનંતાનુબંધી ૪ કષાય, મિથ્યાત્વ અને મિશ્ર આ છ પ્રકૃતિઓનો જ્યાં ક્ષયોપશમ છે અને સમ્યક્ત્વમોહનીયનો ઉદય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચાલુ છે તે વેદક સમ્યક્ત્વ. તેનું બીજું નામ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ છે. તેનો કાળ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સાધિક છાસઠ સાગરોપમ છે. કોઈક સ્થાને વેદક અને ક્ષાયોપશમિક એમ બે સમ્યક્ત્વ જુદાં પણ આવે છે. ત્યાં ક્ષાયોપશમિક સમ્યક્ત્વની અન્તિમ અવસ્થારૂપ સમ્યક્ત્વમોહનીયના છેલ્લા ગ્રાસને વેદતાને (વિશિષ્ટ વેદન એટલે કે હવે ફરીથી સમ્યક્ત્વ મોહનીયનું વેદન આવવાનું જ નથી એવી અપેક્ષાએ) વેદક સમ્યક્ત્વ કહેવાય છે. અને તેની પૂર્વાવસ્થામાં ક્ષાયોપશમિક કહેવાય છે. પારમાર્થિકપણે બન્ને એક જ છે.

**(૫૪) ક્ષાયિકમાર્ગણા=** દર્શન સપ્તકના સંપૂર્ણપણે ક્ષયથી આત્મામાં જે ગુણ આવે છે. તે ક્ષાયિક સમ્યક્ત્વ પ્રથમ સંઘયણવાળા મનુષ્યને જ, કેવલજ્ઞાની વિચરતા હોય તે કાળે જ પ્રારંભાય છે. આવ્યા પછી કદાપિ જતું નથી. તેનો કાળ સાદિ અનંત છે.

**(૫૫) ઔપશમિક માર્ગણા=** રાખથી ઢાંકેલા અગ્નિની જેમ પ્રાથમિક ઉપશમકાળે મિથ્યાત્વમાત્રને અને ઉપશમશ્રેણિ કાળે દર્શનત્રિકને ઉપશમાવવાથી આત્મામાં જે ગુણ પ્રગટ થાય તે ઔપશમિક સમ્યક્ત્વ કહેવાય છે. અનાદિ મિથ્યાત્વીને ત્રણ કરણો કરવા પૂર્વક આ સમ્યક્ત્વ થાય છે. આ સમ્યક્ત્વ કાલે અનંતાનુંબંધિ ૪ કષાયનો ક્ષયોપશમ હોય છે. તથા ભવચક્રમાં વધારેમાં વધારે ચાર વાર ઉપશમશ્રેણી માંડવાથી શ્રેણીમાં ચાર વાર આ સમ્યક્ત્વ આવે છે. તેનો જઘન્ય-ઉત્કૃષ્ટ કાળ અંતર્મુહૂર્ત માત્ર જ હોય છે.

**(૫૬) મિથ્યાત્વમાર્ગણા=** જિનેશ્વર પરમાત્માનાં વચનો ઉપર અશ્રદ્ધા, અપ્રીતિ-અવિશ્વાસ તે મિથ્યાત્વ. તેનો કાળ અનાદિ અનંતાદિ ત્રણ પ્રકારે છે.

**(૫૭) મિશ્રમાર્ગણા=** જિનેશ્વર પરમાત્માના વચનો ઉપર રુચિ પણ ન થાય અને અરુચિ પણ ન થાય તે મિશ્ર. તેનો કાળ અંતર્મુહૂર્ત છે.

**(૫૮) સાસ્વાદન માર્ગણા=**ઉપશમ સમ્યક્ત્વ વમતાં વમેલી ખીરની જેમ મલીન આસ્વાદવાળું, અનંતાનુબંધીના ઉદયવાળું જે સમ્યક્ત્વ તે સાસ્વાદન, તેનો કાળ જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૭ આવલિકા જાણવો. આ પાછળની ત્રણે માર્ગણા પ્રતિપક્ષભાવે આ માર્ગણામાં ગણવામાં આવી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**(૫૯) સંજ્ઞીમાર્ગણા=** દીર્ઘકાલિકી સંજ્ઞાવાળા જે જીવો તે સંજ્ઞી.

શાસ્ત્રોમાં ત્રણ જાતની સંજ્ઞા (વિચારણા શક્તિ) આવે છે. ત્યાં (૧) માત્ર વર્તમાન કાળ પુરતું જ હિતાહિત વિચારી શકે એવી અલ્પ વિચારક શક્તિ તે હેતુવાદોપદેશિકી સંજ્ઞા. (૨) ભૂત-ભાવિ અને વર્તમાન એમ લાંબા કાળનું જ્યાં હિતાહિત વિચારી શકે એવી દીર્ઘ વિચારક શક્તિ તે દીર્ઘકાલિકી સંજ્ઞા. અને (૩) જ્યાં આત્માના કલ્યાણનું સમ્યક્ત્વપૂર્વક હિતાહિત વિચારી શકાય એવી શક્તિ તે દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા. આ ત્રણ સંજ્ઞામાંથી દીર્ઘકાલિકી સંજ્ઞા જેને હોય તેને સંજ્ઞી કહેવાય છે. ગર્ભજ મનુષ્ય-તિર્યંચ-દેવો અને નારકી સંજ્ઞી જાણવા. જેમ અલ્પ ધનથી માણસ ધનવાન ન કહેવાય, અલ્પ રૂપથી રૂપવાન ન કહેવાય, અલ્પ જ્ઞાનથી જ્ઞાની ન કહેવાય, અલ્પ તપથી તપસી ન કહેવાય તેમ અલ્પ એવી હેતુવાદોપદેશિકી સંજ્ઞાથી બેઇન્દ્રિયાદિ જીવો સંજ્ઞી કહેવાતા નથી.

**(૬૦) અસંજ્ઞીમાર્ગણા=** દીર્ઘકાલિકી સંજ્ઞા જે જીવોને નથી તે સર્વે અસંજ્ઞી જાણવા. એકેન્દ્રિય વિકલેન્દ્રિય અને સંમૂર્છિમ તિર્યંચ પં. અને સંમૂર્છિમ મનુષ્યો અસંજ્ઞી જાણવા. ॥૧૩॥

**आहारेयर भेया, सुरनरयविभंगमइसुओहिदुगे ।**
**सम्मत्ततिगे पम्हा, सुक्कासन्नीसु सन्निदुगं ॥१४॥**

(आहारेतरभेदाः, सुरनरकविभङ्गमतिश्रुतावधिद्विके ।
सम्यक्त्वत्रिके पद्माशुक्लासंज्ञिषु संज्ञिद्विकम् ॥१४॥

**શબ્દાર્થ**

आहारेयर= આહારી અને ઇતર એટલે અણાહારી,
भेया= એમ ૬૨ ભેદો જાણવા.
सुरनरय= દેવગતિ અને નરકગતિ,
विभंग= વિભંગજ્ઞાન,
मइ= મતિજ્ઞાન,
सुओहिदुगे= શ્રુતજ્ઞાન, અવધિદ્વિક (એટલે અવધિજ્ઞાન અને અવધિદર્શન)
सम्मत्ततिगे= ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક એમ ત્રણ સમ્યક્ત્વને વિષે,
पम्हा= પદ્મલેશ્યા, શુક્લલેશ્યા,
सन्नीसु= સંજ્ઞિમાર્ગણામાં
सन्निदुगं= સંજ્ઞી પર્યાપ્ત-અપર્યાપ્ત બે જીવભેદ હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ** :- આહારી અને અણાહારી એમ માર્ગણાના કુલ બાસઠ ઉત્તર ભેદો જાણવા. દેવ, નરક, વિભંગજ્ઞાન, મતિ, શ્રુત, અવધિદ્વિક સમ્યક્ત્વત્રિક, પદ્મ, શુક્લલેશ્યા, અને સંજ્ઞિમાર્ગણામાં સંજ્ઞિદ્વિક હોય છે. ॥ ૧૪ ॥

**વિવેચન** = આહારી માર્ગણાના બે ઉત્તરભેદ છે. શાસ્ત્રોમાં આહાર ત્રણ જાતનો કહ્યો છે. (૧) ઓજ આહાર (૨) લોમ આહાર (૩) કવલાહાર.

અપર્યાપ્તાવસ્થામાં તૈજસ-કાર્મણ શરીરમાત્રથી જે આહાર ગ્રહણ થાય તે ઓજાહાર, ઔદારિકાદિ ત્રણ શરીરોની રોમરાજીથી જે આહારગ્રહણ થાય તે લોમાહાર, અને કવલ દ્વારા (કોળીયા રૂપે મુખમાં નાખી, ચાવી ચાવીને જે ખવાય આ રીતનું) જે આહારગ્રહણ તે કવલાહાર જાણવો.

(૬૧) આ ત્રણમાંથી કોઈ પણ એક અથવા બે પ્રકારના આહારો જેને હોય તે આહારી કહેવાય છે.

(૬૨) અને ત્રણમાંથી એકે પ્રકારનો આહાર જે જીવોને નથી તે અણાહારી કહેવાય છે સંસારી સર્વે જીવો સદા આહારી જ હોય છે. માત્ર નીચેની અવસ્થાઓમાં જ અણાહારી હોય છે.

(૧) વિગ્રહગતિમાં વર્તતા જીવો એક-બે સમય અણાહારી હોય છે કારણ કે વર્તમાનભાવનું શરીર છુટી ગયું છે. અને ભાવિના ભવનું શરીર હજુ આવ્યું નથી. તેથી વચગાળાની ગતિમાં આહાર સંભવતો નથી.

(૨) કેવલી સમુદ્ઘાતાવસ્થામાં ત્રીજા-ચોથા અને પાંચમા સમયે કાર્મણકાયયોગમાં જીવ અણાહારી હોય છે.

(૩) ચૌદમા ગુણઠાણે ~~તથા મુક્તાવસ્થા~~માં જીવ અણાહારી હોય છે.

આ પ્રમાણે કુલ બાસઠ માર્ગણા સમજાવી. હવે આ બાસઠે માર્ગણા ઉપર પૂર્વે કહેલા જીવસ્થાનક આદિ ૬ દ્વારો સમજાવે છે.

## માર્ગણાસ્થાનકમાં જીવસ્થાનક

ગાથામાં કહેલા દેવગતિ આદિ ૧૩ માર્ગણાસ્થાનોમાં સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ ૨ જીવભેદ હોય છે. અહીં સંજ્ઞી અપર્યાપ્તા તે કરણ અપર્યાપ્તા સમજવા. કારણકે દેવ-નરકનું આયુષ્ય જઘન્યથી પણ ૧૦૦૦૦ વર્ષ હોય છે તેથી નિયમા સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કરે જ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માટે ત્યાં લબ્ધિ અપર્યાપ્તા સંભવતા નથી. તથા દેવ-નરકના જીવો સંજ્ઞી પંચેન્દ્રિય હોવાથી એકેન્દ્રિય-વિકલેન્દ્રિય તથા અસંજ્ઞી પર્યાપ્તા-અપર્યાપ્તા વગેરે ૧૨ જીવભેદ ત્યાં હોતા નથી.

વિભંગજ્ઞાન, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને અવધિદર્શન માર્ગણામાં પણ સંજ્ઞી પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ બે જીવભેદ હોય છે. મિથ્યાવી દેવ-નારકીમાં ઉત્પન્ન થનારા જીવોને આશ્રયી વિભંગજ્ઞાનમાં સંજ્ઞી પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ બન્ને જીવભેદ સંભવે છે. પંચસંગ્રહમાં વિભંગજ્ઞાનમાં માત્ર સંજ્ઞી પર્યાપ્ત એક જ જીવભેદ કહ્યો છે. તે અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચો મરીને પલ્યોપમના અસંખ્યાતમા ભાગ સુધીના આયુષ્યવાળા દેવ-નારકીમાં જનારા જીવોને આશ્રયી જાણવું કારણ કે અસંજ્ઞીમાંથી દેવ-નરકમાં ઉત્પન્ન થનારને અપર્યાપ્તાવસ્થામાં (વિભંગજ્ઞાન) હોતુ નથી. તથા સમ્યગ્દષ્ટિ દેવ-નારકીમાંથી તીર્થંકર પરમાત્મા વગેરે કેટલાક જીવો ત્રણ જ્ઞાને સહિત મનુષ્યમાં જન્મે છે ત્યારે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અને અવધિદ્વિકમાં સંજ્ઞી પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ બંને જીવભેદ હોય છે. અહીં અપર્યાપ્તા શબ્દથી સર્વત્ર કરણ-અપર્યાપ્તા જાણવા.

ક્ષાયિક-ક્ષાયોપશમિક અને ઔપશમિક એમ ત્રણે સમ્યક્ત્વ માર્ગણામાં સંજ્ઞી પર્યાપ્તા-અપર્યાપ્તા એમ બે જીવભેદ હોય છે. ત્યાં ક્ષાયિક સમ્યક્ત્વ પામનાર મનુષ્ય જ હોય છે. તે પણ ૮/૯ વર્ષ ઉપરની ઉંમરવાળો જ હોવાથી સંજ્ઞી પર્યાપ્તા જ હોય છે પરંતુ પૂર્વે જે જીવે પરભવનું આયુષ્ય બાંધી લીધું છે એવો મનુષ્ય ક્ષાયિક પામ્યા પછી મરીને બાંધેલા આયુષ્ય પ્રમાણે ચારે ગતિમાં પણ યથાસંભવ જન્મે છે ત્યારે ક્ષાયિકસમ્યક્ત્વ માર્ગણામાં સંજ્ઞી અપર્યાપ્ત ભેદ પણ સંભવે છે તેથી ક્ષાયિકમાર્ગણામાં સંજ્ઞી.પં. પર્યાપ્તા અને અપર્યાપ્તા બન્ને ભેદ સંભવે છે. અહીં પણ કરણ અપર્યાપ્તા જ જાણવા. ક્ષાયોપશમિક સમ્યક્ત્વવંત દેવ-મનુષ્ય અને તિર્યંચ એમ ત્રણ ગતિમાં જન્મે છે ત્યારે અપર્યાપ્ત જીવભેદ હોય છે. અને પર્યાપ્ત અવસ્થામાં ચારે ગતિમાં નવું ક્ષાયોપશમિક પામી પણ શકે છે અને ત્રણ ગતિમાં ભવાન્તરથી લાવેલું પણ હોય છે. નારકીમાં જતાં જો કે ક્ષાયોપશમિક વમીને જાય છે તો પણ ત્યાં ગયા બાદ અંતર્મુહૂર્ત પછી ક્ષાયોપશમિક પામી પણ શકે છે. આ રીતે ત્રણ ગતિમાં સંજ્ઞી અપર્યાપ્તા અને ચારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગતિમાં સંજ્ઞી પર્યાપ્તા જીવભેદ સંભવે છે. તથા ઔપશમિક સમ્યક્ત્વમાર્ગણામાં ચારે ગતિમાં પર્યાપ્તાવસ્થામાં નવું ઉપશમ ત્રણ કરણો કરવા પૂર્વક પામી શકાય છે. તેથી સંજ્ઞી પર્યાપ્ત જીવભેદ હોય છે. અને ઉપશમશ્રેણીમાં ચડેલા મનુષ્યો ભવ ક્ષયે (આયુષ્ય પૂર્ણ થવાથી) મરીને અનુત્તરસુરમાં (વૈમાનિકમાં) જન્મે ત્યારે અંતર્મુહૂર્ત સુધી ઉપશમ સમ્યક્ત્વ હોય છે. તેથી અપર્યાપ્ત જીવભેદ પણ સંભવે છે. એમ ઉપશમસમ્યક્ત્વમાં બે જીવભેદ જાણવા.

નવું ઉપશમ પામનારને આશ્રયી પર્યાપ્ત, અને ભવાન્તરથી લાવેલાને આશ્રયી અપર્યાપ્ત એમ બે જીવભેદ જાણવા.

**પ્રશ્ન** :- આગમમાં તો ઉપશમસમ્યક્ત્વી મૃત્યુ ન પામે એવું કહ્યું છે. તથા એમ અમે સાંભળ્યું પણ છે તે ગાથા આ પ્રમાણે -

**अणबंधोदयमाउगबंधं, कालं च सासणो कुणई ।**
**उवसमसम्मदिट्ठी, चउण्हमिक्कं पि नो कुणई ॥**

અનંતાનુબંધીનો બંધ, ઉદય, આયુષ્યબંધ, અને મૃત્યુ, આ ચારે કાર્યો સાસ્વાદની કરે છે. પરંતુ ઉપશમસમ્યગ્દષ્ટિ ચારમાંથી એકે કાર્ય કરતો નથી. તો ઉપશમ સમ્યગ્દષ્ટિ ઉપશમ શ્રેણિમાં મૃત્યુ પામીને અનુત્તરમાં જાય તે વાત કેમ ઘટે ? અને અપર્યાપ્ત જીવભેદ કેમ ઘટે ?

**ઉત્તર** :- ઉપશમસમ્યગ્દષ્ટિ જીવ ઉપરોક્ત ચાર કાર્યો કરતો નથી તેથી મૃત્યુ પામતો નથી. આ વાત સાચી છે પરંતુ તે અનાદિ મિથ્યાત્વી પ્રાથમિક જે ઉપશમ સમ્યક્ત્વ પામે છે તેને આશ્રયીને જાણવું. પરંતુ શ્રેણી સંબંધી ઉપશમને આશ્રયી ન જાણવું. કારણ કે સપ્તતિકાની ચૂર્ણિમાં સમ્યગ્દષ્ટિ દેવ-નારકીમાં નામકર્મનો ૨૫ અને ૨૭ નો ઉદય કહ્યો છે. અને ત્યાં નારકી ક્ષાયિક સમ્યગ્દષ્ટિ તથા સમ્યક્ત્વમોહનીયનો અન્તિમ ગ્રાસ વેદનાર વેદક સમ્યગ્દષ્ટિ માત્ર જ કહ્યા છે અને દેવો ત્રિવિધ સમ્યગ્દષ્ટિ કહ્યા છે. તેથી દેવોને અપર્યાપ્તાવસ્થામાં ઉપશમસમ્યક્ત્વ કહેલું છે. તે પાઠ આ પ્રમાણે-"पणवीससत्तावीसोदया देवनेरइए पडुच्च, नेरइगो खवगवेयग-सम्मद्दिट्ठी, देवो तिविहसम्मद्दिट्ठीवि" તેથી શ્રેણી સંબંધી પારભવિક ઉપશમ સમ્યક્ત્વ દેવભવમાં અપર્યાપ્તાવસ્થામાં સંભવી શકે છે. તથા પંચસંગ્રહમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ ઉપશમ સમ્યક્ત્વમાં સંજ્ઞી પર્યાપ્ત-અપર્યાપ્તા એમ બે જીવભેદ કહ્યા છે उवसमम्मि दो सन्नी" તેથી સપ્તતિકાચૂર્ણિ અને પંચસંગ્રહના આધારે અહીં પણ ઉપશમ સમ્યક્ત્વમાં બે જીવભેદ કહ્યા છે.

**પ્રશ્ન** :- ઉપશમશ્રેણિમાં ભવક્ષયે મરી અનુત્તરમાં ઉત્પન્ન થનારને અપર્યાપ્તાવસ્થામાં ઉપશમસમ્યક્ત્વ હોય છે એવું ઉપર કહેવામાં આવ્યું. પરંતુ શતકચૂર્ણિની અપેક્ષાએ તે બરાબર લાગતું નથી. કારણ કે શતકની ચૂર્ણિમાં કહ્યું છે કે ઉપશમ શ્રેણીમાં ઉપશમસમ્યક્ત્વી મૃત્યુ પામે છે. અનુત્તરસુરમાં ઉત્પન્ન પણ થાય છે. પરંતુ તે જીવને દેવભવના પ્રથમ સમયથી જ સમ્યક્ત્વમોહનીયનો ઉદય શરૂ થાય છે તેથી અપર્યાપ્તાવસ્થામાં "ક્ષાયોપશમિક" જ સમ્યક્ત્વ હોય છે. ઉપશમસમ્યક્ત્વ હોતું નથી. તે પાઠ આ પ્રમાણે છે. जो उवसमसम्मद्दिट्ठी उवसमसेढीए कालं करेइ सो पढमसमए चेव सम्मत्तपुंजं उदयावलियाए छोढूण सम्मत्तपुग्गले वेएइ, तेण न उवसम्मसम्मद्दिट्ठी अपज्जत्तगो लब्भइ" इत्यादि ।

**ઉત્તર** :- આ વિષયમાં મતાન્તર છે. કેટલાક આચાર્યો એમ માને છે કે ઉપશમશ્રેણિમાં ઉપશમસમ્યક્વી ભવક્ષયે મૃત્યુ પામે, પરંતુ તે જીવોને પરભવના પ્રથમસમયથીજ સમ્યક્ત્વમોહનીય કર્મનો ઉદય થવાથી આવા જીવો ક્ષયોપશમસમ્યક્ત્વવાળા બને છે. તે મતે ઉપશમસમ્યક્ત્વમાં ફક્ત સંજ્ઞી પર્યાપ્ત એક જ જીવભેદ સંભવે છે પરંતુ અપર્યાપ્તો જીવભેદ ઘટતો નથી. આવો મત શતકચૂર્ણિકારાદિનો છે. અને બીજા કેટલાક આચાર્યોનો મત એવો છે કે અનુત્તરમાં જતા આ જીવોને તે ભવમાં પણ અંતર્મુહૂર્ત કાળ સુધી ઉપશમસમ્યક્ત્વ હોય છે. તેઓના મતે ઉપશમસમ્યક્ત્વમાં સંજ્ઞી પર્યાપ્ત - અપર્યાપ્ત બન્ને જીવભેદ સંભવે છે. આ મત સપ્તતિકાચૂર્ણિકાર અને પંચસંગ્રહકારનો છે. તથા ત્રીજો મત એવો પણ છે કે ઉપશમશ્રેણીમાં ભવક્ષયે મરીને અનુત્તરમાં જનારા ક્ષાયિકસમ્યક્ત્વી જ હોય છે. અને જે ઉપશમસમ્યક્ત્વી છે. તે તો નિયમા કાળક્ષયે જ નીચે ઉતરે છે. મૃત્યુ પામતા જ નથી અને અનુત્તરમાં જતા જ નથી. તેઓના મતે ઉપશમસમ્યક્ત્વમાં સંજ્ઞી પર્યાપ્ત એક જ જીવભેદ ઘટે છે. ઈત્યાદિ વિશેષચર્ચા શાસ્ત્રાન્તરથી જાણવી.

પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા માર્ગણામાં પણ આ જ બે જીવભેદ હોય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. આ બન્ને લેશ્યા શુભ છે. એકેન્દ્રિયાદિ શેષ ૧૨ જીવસ્થાનકોમાં આવા શુભ પરિણામો સંભવતા નથી. તેથી સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા અને અપર્યાપ્તા (તે પણ કરણાપર્યાપ્તા) એમ બે જીવભેદ જ આ બે શુભલેશ્યામાં સંભવે છે. તથા સંજ્ઞી-અસંજ્ઞી માર્ગણામાંથી સંજ્ઞીમાર્ગણામાં પણ આ જ બે ભેદ હોય છે. આ સંજ્ઞી માર્ગણામાં અપર્યાપ્તા (લબ્ધિ-કરણ એમ) બન્ને રીતે હોઈ શકે છે. આ પ્રમાણે આ ગાથામાં કુલ ૧૩ માર્ગણાઓમાં બે જીવસ્થાનક હોય છે એમ સમજાવ્યું. ॥ ૧૪ ॥

**तमसन्निअपज्जजुयं, नरे सबायर अपज्ज तेउए।**
**थावर इगिंदि पढमा, चउ बार असन्नि दुदु विगले॥ १५॥**

(तदसंज्ञिअपर्याप्तयुतं, नरे सबादरापर्याप्तं तेजसि।
स्थावरैकेन्द्रियेषु प्रथमानि चत्वारि, द्वादशासंज्ञिनि, द्वे द्वे विकलेषु ॥ १५ ॥)

**શબ્દાર્થ**

तम्= તે સંજ્ઞીદ્વિક,
असन्निअपज्जजुयं=અસંજ્ઞી અપર્યાપ્તયુક્ત,
नरे= મનુષ્યગતિમાર્ગણામાં,
सबायरापज्ज= બાદર અપર્યાપ્તા સહિત,
तेउए= તેજોલેશ્યામાં,
थावरइगिंदि=પાંચ સ્થાવર અને એકેન્દ્રિયમાં
पढमा चउ= પ્રથમનાં ચાર જીવસ્થાનક હોય છે.
बार असन्नि=અસંજ્ઞીમાર્ગણામાં બાર જીવભેદ હોય છે.
दु दु= બે બે જીવભેદ,
विगले=વિકલેન્દ્રિયમાં હોય છે.

**ગાથાર્થ** :- મનુષ્યગતિમાં તે (ઉપરોક્ત) બે જીવભેદોને અસંજ્ઞી અપર્યાપ્તયુક્ત કરતાં કુલ ૩ જીવભેદ હોય છે. તેજોલેશ્યામાં તે (ઉપરોક્ત) બે જીવભેદોને બાદરાપર્યાપ્ત સહિત કરતાં કુલ ૩ જીવભેદ હોય છે. પાંચ સ્થાવર અને એકેન્દ્રિય માર્ગણામાં પ્રથમનાં ચાર જીવસ્થાનક હોય છે. અસંજ્ઞીમાર્ગણામાં બાર જીવસ્થાનક, અને વિકલેન્દ્રિયમાં બે બે જીવસ્થાનક હોય છે. ॥૧૫॥

**વિવેચન** :- મનુષ્યગતિ માર્ગણામાં ઉપરની ગાથામાં કહેલું સંજ્ઞિદ્વિક તથા અસંજ્ઞી અપર્યાપ્ત એમ કુલ ૩ જીવભેદ હોય છે. જે ગર્ભજ મનુષ્યો છે તે સંજ્ઞી છે તેમાં પર્યાપ્તા-અપર્યાપ્તા બે ભેદ હોય છે. પરંતુ ગર્ભજ મનુષ્યોના મળ, મૂત્ર, શ્લેષ્મ, વમન, પિત્ત, શુક્ર, શોણિત, પરૂ (રસી) તથા જીવવિનાના ક્લેવરોમાં,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૈથુનક્રીડામાં, નગરના ખાળોમાં વગેરે ૧૪ અશુચિસ્થાનોમાં જે સંમૂર્છિમ મનુષ્યો ઉત્પન્ન થાય છે. તે અંગુલના અસંખ્યાતમા ભાગના શરીરવાળા, અસંજ્ઞી મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની, સર્વ પર્યાપ્તિઓ વડે અપર્યાપ્તા અને અંતર્મુહૂર્તના જ આયુષ્યવાળા કાળ કરે છે આવું પ્રજ્ઞાપના સૂત્રની ટીકામાં પૂ. શ્રી આર્યશ્યામાચાર્યે કહ્યું છે. તે સર્વે સંમૂર્છિમમનુષ્યો અસંજ્ઞી છે અને લબ્ધિઅપર્યાપ્તા (સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ કર્યા વિના) જ મરે છે. તેથી અસંજ્ઞી અપર્યાપ્તા જીવભેદ પણ સંભવે છે. એમ ગર્ભજમાં બે અને સંમૂર્છિમમાં એક એમ કુલ ૩ જીવસ્થાનક મનુષ્યગતિ માર્ગણામાં ઘટે છે.

તેજોલેશ્યા માર્ગણામાં સંજ્ઞિદ્વિક ઉપરાંત બાદર અપર્યાપ્તા એકેન્દ્રિય એમ કુલ ૩ જીવસ્થાનક હોય છે. નરક વિનાની ત્રણ ગતિના સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને કરણાપર્યાપ્તાવસ્થામાં અને પર્યાપ્તાવસ્થામાં આ તેજોલેશ્યા સંભવી શકે છે તથા જ્યોતિષ્કદેવો અને સૌધર્મઈશાન દેવલોકના દેવો તો કેવળ તેજોલેશ્યાવાળા છે. તથા ભવનપતિ-વ્યંતરમાં પણ પ્રથમની ચાર લેશ્યા હોવાથી તેજોલેશ્યા છે. આ બીજા દેવલોક સુધીના દેવો મરીને મમત્વના કારણે રત્નો, જલાશયો અને કમળોમાં જન્મે છે ત્યારે બાદર એકેન્દ્રિયના ભવમાં પણ અપર્યાપ્તાવસ્થામાં કેટલોક સમય પૂર્વભવસંબંધી તેજોલેશ્યા હોય છે. તેથી બાદર અપર્યાપ્તા (કરણાપર્યાપ્તા) એકેન્દ્રિય સહિત કુલ ૩ જીવભેદ તેજોલેશ્યામાં સંભવે છે. અહીં કરણાપર્યાપ્તા જાણવા. કારણ કે લબ્ધિ અપર્યાપ્તામાં ઉપરોક્ત દેવો જન્મતા નથી.

કાયમાર્ગણામાં પૃથ્વીકાયાદિ પાંચ સ્થાવરકાયમાં, તથા ઈન્દ્રિયમાર્ગણામાંથી એકેન્દ્રિયમાર્ગણામાં પ્રથમનાં ચાર જીવસ્થાનક હોય છે સૂક્ષ્મ અપર્યાપ્ત, સૂક્ષ્મ પર્યાપ્ત, બાદર અપર્યાપ્ત અને બાદર પર્યાપ્તા આ ચાર જીવસ્થાનક જાણવાં. પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય, અને એકેન્દ્રિય એમ કુલ ૬ માર્ગણામાં ઉપરોક્ત ચાર જીવભેદો જ ઘટે છે. તે માર્ગણામાં બેઇન્દ્રિયાદિ ભેદો સંભવતા નથી.

અસંજ્ઞીમાર્ગણામાં પ્રથમના ૧૨ જીવભેદો સંભવે છે. અસંજ્ઞી માર્ગણા હોવાથી સંજ્ઞીના બે ભેદ સંભવતા નથી. એકેન્દ્રિયથી સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય સુધીના સર્વે જીવો દીર્ઘકાલિકી સંજ્ઞા રહિત હોવાથી અસંજ્ઞી જ કહેવાય છે તેથી સૂક્ષ્મ પર્યાપ્તા-અપર્યાપ્તા આદિ પ્રથમના બાર ભેદો સંભવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિય એમ ત્રણ માર્ગણામાં પોતપોતાના પર્યાપ્તા-અપર્યાપ્તા એમ બે બે જીવસ્થાનકો હોય છે. આ પ્રમાણે આ ગાથામાં કુલ ૧૨ માર્ગણામાં જીવસ્થાનક સમજાવ્યાં. ॥ ૧૫ ॥

**दस चरम तसे अजयाहारगतिरितणुकसायदुअन्नाणे ।**
**पढमतिलेसाभवियर अचक्खुनपुमिच्छि सव्वे वि ॥१६॥**

(दश चरमाणि त्रसे अयताहारकतिर्यक्तनुकषायद्व्यज्ञानेषु ।
प्रथमत्रिलेश्यासु भव्येतराचक्षुर्नपुमिथ्यात्वे सर्वाण्यपि ॥१६॥)

**શબ્દાર્થ**

दस= દશ જીવસ્થાનકો,
चरम= અન્તિમ, છેલ્લાં,
तसे= ત્રસકાયમાં
अजयाहारग= અવિરતિ, આહારી,
तिरितणु= તિર્યગ્ગતિ, કાયયોગ,
कषायदुअन्नाणे= ચાર કષાય અને બે અજ્ઞાન,
पढमतिलेसा= પ્રથમની ત્રણ લેશ્યા,
भवियर= ભવ્ય અને અભવ્ય,
अचक्खुनपुमिच्छि= અચક્ષુદર્શન, નપુંસકવેદ,મિથ્યાત્વમાં
सव्वेवि= બધા જ જીવભેદો હોય છે.

**ગાથાર્થ :-** ત્રસકાયમાં અન્તિમ ૧૦ જીવસ્થાનક, અવિરતિ, આહારી, તિર્યંચગતિ, કાયયોગ, ચારકષાય, બે અજ્ઞાન, પ્રથમની ત્રણ લેશ્યા, ભવ્ય, અભવ્ય, અચક્ષુદર્શન, નપુંસકવેદ, અને મિથ્યાત્વમાર્ગણામાં સર્વે જીવભેદ સંભવે છે ॥ ૧૬॥

**વિવેચન :-** કાયમાર્ગણાના છ ઉત્તરભેદોમાંથી ત્રસકાયમાર્ગણામાં સૂક્ષ્મ-બાદર એકેન્દ્રિય પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ ૪ ભેદ ત્યજીને બેઇન્દ્રિય પર્યાપ્તા-અપર્યાપ્તાદિ અન્તિમ ૧૦ જીવસ્થાનક હોય છે. કારણ કે બેઇન્દ્રિયાદિ જીવો જ ત્રસનામકર્મના ઉદયવાળા હોવાથી અને દુઃખ-સુખના સંજોગોમાં ઇચ્છા મુજબ ગમનશીલ હોવાથી ત્રસ કહેવાય છે.

અવિરતિ, આહારી, તિર્યંચગતિ, કાયયોગ, ક્રોધાદિ ચારકષાય, મતિ-શ્રુત બે અજ્ઞાન, કૃષ્ણાદિ પ્રથમની ત્રણ લેશ્યા, ભવ્ય-અભવ્ય, અચક્ષુદર્શન, નપુંસકવેદ અને મિથ્યાત્વ એમ કુલ ૧૮ માર્ગણામાં સર્વ જીવભેદો હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચૌદે ચૌદ જીવસ્થાનક ઉપરોક્ત માર્ગણામાં સંભવે છે કારણ કે અવિરતિ આદિ ઉપરોક્ત અઢારે માર્ગણાઓ ચૌદે જીવસ્થાનકમાં વ્યાપ્ત છે. વિશેષતા એટલીજ છે કે અચક્ષુદર્શનમાં ચૌદ જીવસ્થાનક કહ્યાં ત્યાં સાત અપર્યાપ્તા જીવભેદ કેમ-ઘટે ? કારણ કે સાત અપર્યાપ્તાને શરીરની રચના અને ઈન્દ્રિયોની રચના ચાલુ હોવાથી પરિપૂર્ણ ઈન્દ્રિયો બની નથી. તેથી જેમ ચક્ષુ બની નથી માટે ચક્ષુદર્શન ન હોય, તેમ શેષ ઈન્દ્રિયો પણ હજુ બની નથી તેથી ચક્ષુ સિવાયની શેષ ઈન્દ્રિયોથી જાણવાના સ્વરૂપવાળું અચક્ષુદર્શન સાત અપર્યાપ્તામાં કેવી રીતે સંભવે ? આવા પ્રશ્નનો ઉત્તર એમ સમજવો કે उपयोगो लक्षणम् તત્ત્વાર્થ સૂત્ર ૨/૮ થી ઉપયોગ એ જીવનું લક્ષણ હોવાથી કોઈને કોઈ ઉપયોગ તો જીવમાં હોય જ છે. તે ઉપયોગ સાકાર અને નિરાકાર એમ બે પ્રકારનો છે. વિગ્રહગતિમાં અને ઈન્દ્રિયરચના ન થાય ત્યાં સુધી અપર્યાપ્તાવસ્થામાં પુદ્‌ગલોની બનેલી દ્રવ્યેન્દ્રિયોનો અભાવ હોવા છતાં પણ અને મનોવર્ગણાના બનેલા મનનો પણ અભાવ હોવા છતાં જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ જન્ય ભાવેન્દ્રિયો હોવાથી જેમ મતિ-શ્રુત-અવધિ આદિ સાકારોપયોગ હોય છે તેમ દર્શનાવરણીયકર્મના ક્ષયોપશમજન્ય નિરાકાર ઉપયોગ રૂપ દર્શન પણ ભાવેન્દ્રિયને આશ્રયી હોય છે તથા વિગ્રહગતિમાં વર્તતા અવધિજ્ઞાન વિનાના જીવને કોઈને કોઈ દર્શન હોવું જ જોઈએ. કારણ કે જ્ઞાન અને દર્શન એ સામાન્ય-વિશેષ ઉપયોગાત્મક છે અને ઉપયોગ એ જીવનું લક્ષણ છે માટે ભાવેન્દ્રિયને આશ્રયીને વિગ્રહગતિમાં તથા અપર્યાપ્તાવસ્થામાં પણ અચક્ષુદર્શન હોય છે એમ જાણવું

નપુંસકવેદ અહીં સ્ત્રી-પુરુષાદિના શરીરાકાર રૂપ દ્રવ્યવેદ ન સમજતાં ભોગની અભિલાષા રૂપ ભાવવેદ જાણવો. કારણ કે એકેન્દ્રિયાદિ સર્વ જીવ-સ્થાનકોમાં ઉભયના ભોગની અભિલાષા રૂપ અવ્યક્તપણે નપુંસકવેદ હોય છે. કારણ કે છઠ્ઠા કર્મગ્રંથમાં નપુંસકવેદના ઉદયના ભાંગા સર્વત્ર ગણેલા છે.

મિથ્યાત્વ માર્ગણામાં પણ સર્વ જીવભેદો હોય છે ત્યાં એકેન્દ્રિયાદિ જીવોમાં "અનાભોગ" મિથ્યાત્વ જાણવું કારણ કે વિશિષ્ટ ચૈતન્યશક્તિ વિકસેલી ન હોવાથી તત્ત્વજ્ઞાનના અભાવ રૂપ મિથ્યાત્વ ત્યાં હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપરોક્ત ૧૮ માર્ગણામાં સાત અપર્યાપ્તા જે લીધા તે લબ્ધિ અને કરણ એમ બન્ને અપર્યાપ્તાની અપેક્ષાએ સંભવી શકે છે. આ પ્રમાણે આ ગાથામાં કુલ ૧૯ માર્ગણામાં જીવભેદ સમજાવ્યા છે ॥ ૧૬ ॥

**पजसन्नी केवलदुगे, संजममणनाण देसमणमीसे ।**
**पण चरिम पज्ज वयणे, तिय छ व पज्जियर चक्खुंमि ॥१७॥**

(पर्याप्तसंज्ञी केवलद्विके, संयममनोज्ञानदेशमनोमिश्रेषु ।
पञ्च चरमपर्याप्ताः वचने, त्रीणि षड् वा पर्याप्तेतराणि चक्षुषि॥१७॥

**શબ્દાર્થ:**

| | |
|---|---|
| पजसन्नी=પર્યાપ્તા સંજ્ઞીપંચેન્દ્રિયમાત્ર જ | पण= પાંચ જીવભેદ, |
| केवलदुगे= કેવલદ્વિકમાં હોય છે. | चरिमपज्ज= છેલ્લા પર્યાપ્તા, |
| संजम= સામાયિકાદિ પાંચ ચારિત્ર, | वयणे= વચનયોગમાં હોય છે |
| मणनाण= મન:પર્યવજ્ઞાન, | तिय छ व=ત્રણ અથવા છ |
| देस= દેશવિરતિ, मण= મનોયોગ, | पज्जियर= પર્યાપ્તા અને અપર્યાપ્તા, |
| मीसे= મિશ્ર (સમ્યક્ત્વ)માં, | चक्खुंमि= ચક્ષુદર્શનમાં હોય છે . |

**ગાથાર્થ** :- કેવલદ્વિક, પાંચ સંયમ, મન:પર્યવજ્ઞાન, દેશવિરતિ, મનોયોગ, મિશ્રસમ્યક્ત્વ, એમ કુલ ૧૧ માર્ગણામાં માત્ર પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય એક જ જીવભેદ હોય છે. વચન યોગમાં છેલ્લા પાંચ પર્યાપ્તા જીવભેદ સંભવે છે અને ચક્ષુદર્શનમાં ત્રણ અથવા છ જીવભેદ હોય છે. ॥ ૧૭ ॥

**વિવેચન** :- કેવલજ્ઞાન, કેવલદર્શન એ કેવલદ્વિક, સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મ સંપરાય, અને યથાખ્યાત એમ પાંચ ચારિત્ર, મન:પર્યવજ્ઞાન, દેશવિરતિ, મનોયોગ, અને મિશ્રસમ્યક્ત્વ એમ કુલ ૧૧ માર્ગણામાં માત્ર એક સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત જ જીવભેદ હોય છે. શેષ ૧૩ જીવસ્થાનકોમાં કેવલજ્ઞાનાદિ, સામાયિકાદિ, અને મન:પર્યવાદિ આ માર્ગણાઓ સંભવતી નથી. અહીં કેવલજ્ઞાની અને કેવલદર્શનીમાં સંજ્ઞી પર્યાપ્ત જે જીવભેદ કહ્યો તે દૂર દૂર દેશાન્તરમાં રહેલા મન:પર્યવજ્ઞાનીઓએ અને અનુત્તરવાસી દેવોએ પૂછેલા પ્રશ્નોના ઉત્તર આપવામાં વપરાયેલા મનોવર્ગણાના પુદ્ગલજન્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્રવ્યમનને આશ્રયી જાણવો. કારણ કે કેવલજ્ઞાની ક્ષાયિકભાવવાળા હોવાથી ક્ષયોપશમભાવ રૂપ ભાવમન તેઓને હોતું નથી. તેથી શાસ્ત્રોમાં કેવલી-ભગવન્તોને नो सन्नी नोअसन्नी પણ કહ્યા છે. આ ૧૧ માર્ગણામાં જે સંજ્ઞી પર્યાપ્ત કહ્યો છે તે લબ્ધિપર્યાપ્ત અને કરણપર્યાપ્ત એમ બન્ને પર્યાપ્તાની અપેક્ષાએ સમજી લેવું.

વચનયોગ માર્ગણામાં બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, અસંજ્ઞી પં. અને સંજ્ઞી પં. એમ અન્તિમ પાંચ પર્યાપ્તા જીવભેદ જાણવા. કારણ કે બીજા જીવસ્થાનકોમાં ભાષા જ સંભવતી નથી. એકેન્દ્રિયના ૪ ભેદ ભાષાલબ્ધિરહિત છે. અને બેઇન્દ્રિયાપર્યાપ્તાદિમાં ભાષાપર્યાપ્તિ સમાપ્ત થયેલી ન હોવાથી ભાષાલબ્ધિ નથી.

ચક્ષુદર્શનમાર્ગણામાં અન્તિમ ત્રણ પર્યાપ્તા જીવસ્થાનક હોય છે. ચઉરિન્દ્રિય, અસંજ્ઞી પં. અને સંજ્ઞી પં. આ ત્રણ પર્યાપ્તા જીવભેદ તેમાં હોય છે કારણ કે ચઉરિન્દ્રિયથી ચક્ષુ હોવાથી આ ત્રણ પર્યાપ્તાને જ ચક્ષુદર્શન સંભવે છે. શેષ જીવસ્થાનકોમાં ચક્ષુ જ ન હોવાથી ચક્ષુદર્શન કહ્યું નથી. અહીં કેટલાક આચાર્યો આ ચક્ષુદર્શન માર્ગણામાં ચઉરિન્દ્રિયાદિ ત્રણ પર્યાપ્તા અને એ જ ત્રણ અપર્યાપ્તા એમ છ જીવભેદ પણ માને છે. તેઓનું કહેવું એવું છે કે ચઉરિન્દ્રિયાદિ જીવોને ઇન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થાય એટલે ચક્ષુની રચના બની જ જાય છે. અને હજુ શ્વાસ તથા ભાષાદિ શેષ પર્યાપ્તિઓ અપૂર્ણ હોવાથી તે જીવો અપર્યાપ્તા છે. માટે કરણાપર્યાપ્ત એવા આ ત્રણ જીવભેદો પણ ચક્ષુદર્શનમાં સંભવી શકે છે. જેથી કુલ છ ભેદ સંભવે છે. એમ તેઓનું કહેવું છે. પંચસંગ્રહની મૂલ ટીકામાં કહ્યું છે કે करणापर्याप्तेषु चतुरिन्द्रियादिषु इन्द्रियपर्याप्तौ सत्यां चक्षुर्दर्शनं भवतीति" જેથી કર્મગ્રંથકારે આ મૂલગાથામાં ત્રણ અથવા છ જીવભેદ હોય એમ કહ્યું છે. આ પ્રમાણે આ ગાથામાં કુલ ૧૩ માર્ગણાઓમાં જીવભેદ કહ્યા. ॥ ૧૭ ॥

**थीनरपणिंदि चरमा चउ, अणहारे दु संन्नि छ अपज्जा ।**
**ते सुहुम अपज्ज विणा, सासणि इत्तो गुणे वुच्छं ॥१८॥**

(स्त्रीनरपञ्चेन्द्रियेषु चरमाणि चत्वारि, अणाहारे द्वौ संज्ञिनौ षडपर्याप्ताः
ते सूक्ष्मापर्याप्तं विना, सास्वादने इतः गुणान् वक्ष्ये ॥१८॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શબ્દાર્થ:**

थीनरपणिंदि= સ્ત્રીવેદ, પુરૂષવેદ, અને પંચેન્દ્રિયજાતિમાં,
चरमा चउ= છેલા ચાર જીવભેદો હોય છે.
अणहारे= અણાહારી માર્ગણામાં,
दुसंन्नि= સંજ્ઞિદ્વિક, અને
छअपज्जा= છ અપર્યાપ્તા,
ते= તે આઠ જીવભેદમાંથી
सुहुमअपज्ज विणा= સૂક્ષ્મ અપર્યાપ્તા વિના,
सासणि= સાસ્વાદનમાં,
इत्तो= અહીંથી આગળ,
गुणे= ગુણસ્થાનકોને,
वुच्छं= કહીશ.

**ગાથાર્થ :-** સ્ત્રીવેદ, પુરુષવેદ અને પંચેન્દ્રિયમાર્ગણામાં અન્તિમ ચાર જીવસ્થાનક હોય છે. અણાહારી માર્ગણામાં સંજ્ઞીપર્યાપ્તા-અપર્યાપ્તા બે, અને છ અપર્યાપ્તા એમ કુલ ૮ જીવભેદ હોય છે. તે આઠમાંથી સૂક્ષ્મ અપર્યાપ્તા વિના શેષ ૭ જીવભેદ સાસ્વાદને હોય છે. હવે પછી આ જ બાસઠ માર્ગણાઓ ઉપર અમે ચૌદ ગુણસ્થાનક કહીશું. ॥ ૧૮ ॥

**વિવેચન :-** સ્ત્રીવેદ, પુરુષવેદ, અને પંચેન્દ્રિયજાતિ એમ કુલ ૩ માર્ગણાઓમાં સંજ્ઞી-અસંજ્ઞી પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ અન્તિમ ૪ જીવભેદ જાણવા. જો કે સિદ્ધાન્તમાં એકેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના સર્વે પણ જીવો અસંજ્ઞી અને નપુંસક જ કહ્યા છે. એટલે સ્ત્રીવેદમાં અને પુરુષવેદમાં અસંજ્ઞી પંચેન્દ્રિયનાં બે ભેદ ઘટી શકતા નથી. તો પણ સિદ્ધાન્તનો તે પાઠ ''અભિલાષા'' રૂપ ભાવવેદને આશ્રયી જાણવો. પરંતુ સ્ત્રીઆકારે શરીર અને પુરુષાકારે શરીર મળવા રૂપ જે દ્રવ્યવેદ છે. તે અસંજ્ઞીપંચેન્દ્રિયમાં પણ હોય છે. જેથી સ્ત્રીવેદ અને પુરુષવેદમાં અસંજ્ઞીના બન્ને ભેદ સંભવે છે. ભગવતીસૂત્રમાં આવો પાઠ છે કે ''तेणं भंते असन्निपंचेंदियतिरिक्खजोणिया किं इत्थिवेयगा पुरिसवेयगा नपुंसगवेयगा ? गोयमा ! नो इत्थिवेयगा, नो पुरिसवेयगा, नपुंसगवेयगत्ति'' આ પાઠ ભાવવેદને આશ્રયી જાણવો. તથા પંચસંગ્રહની મૂલટીકામાં કહ્યું છે કે ''यद्यपि चासंज्ञिपर्याप्तापर्याप्तौ नपुंसको, तथापि स्त्रीपुंसलिंगाकारमात्रमंगीकृत्य स्त्रीपुंसावुक्ताविति'' આ પાઠ શરીરાકાર રૂપ દ્રવ્યવેદ આશ્રયી જાણવો. જેથી વિવાદ ન સમજવો. તથા આ સ્ત્રીવેદ અને પુરુષવેદમાં જે સંજ્ઞી-અસંજ્ઞી અપર્યાપ્તા લીધા છે. તે નિયમા કરણાપર્યાપ્તા જ લેવા. કારણ કે લબ્ધિઅપર્યાપ્તા સર્વે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિયમા નુપંસક જ હોય છે. પંચેન્દ્રિયમાર્ગણામાં લબ્ધિ અને કરણ એમ બન્ને પ્રકારના અપર્યાપ્તા સંભવી શકે છે.

અણાહારી માર્ગણામાં સંજ્ઞી પર્યાપ્ત-અપર્યાપ્ત એમ સંજ્ઞિદ્વિક તથા શેષ છ અપર્યાપ્તા એમ કુલ ૮ જીવભેદ સંભવે છે. અહીં જે સાતે અપર્યાપ્તા લીધા તે વિગ્રહગતિમાં વધારેમાં વધારે બે અથવા ત્રણ સમય સુધી જીવ અણાહારી મળે છે. તે આશ્રયી જાણવા. અને જે સંજ્ઞી પર્યાપ્ત જીવભેદ કહ્યો તે કેવલીસમુદ્‌ઘાતમાં ત્રીજા-ચોથા અને પાંચમા સમયને આશ્રયી તથા અયોગીકેવલી આશ્રયી જાણવો. કારણ કે તેરમા-ચૌદમા ગુણઠાણે પણ દ્રવ્યમન આશ્રયી "સંજ્ઞી" કહેવાય છે. જો કે ચૌદમે ગુણઠાણે તો દ્રવ્યમન પણ નથી તો પણ તેરમે ભૂતકાળમાં દ્રવ્યમન હતું. તેથી વર્તમાનમાં તેનો ઉપચાર કરીને દ્રવ્યનિક્ષેપે ચૌદમે પણ સંજ્ઞી કહેવાય છે. આગળ આવતી ૧૯મી ગાથામાં સંજ્ઞીમાર્ગણામાં ચૌદે ગુણસ્થાનકો કહ્યાં છે. અહીં સાત અપર્યાપ્તા તે લબ્ધિ અને કરણ બન્ને રીતે હોઈ શકે છે. તેવી જ રીતે સંજ્ઞી પર્યાપ્તા પણ લબ્ધિ અને કરણ બન્ને રીતે હોઈ શકે છે. કહ્યું છે કે

विग्गहगइमावन्ना, केवलिणो समुहया अजोगी य ।
सिद्धा य अणाहारा, सेसा आहारगा जीवा ॥१॥

સાસ્વાદનમાર્ગણામાં ઉપરોક્ત આઠમાંથી એક સૂક્ષ્મ અપર્યાપ્તા વિના શેષ સાત જીવભેદો સંભવે છે. એટલે કે છ અપર્યાપ્તા અને સંજ્ઞી પર્યાપ્તો એમ કુલ સાત જીવસ્થાનક હોય છે. સાસ્વાદનગુણસ્થાનકવાળા જીવો કંઈક વિશુદ્ધ પરિણામવાળા છે. તેથી સૂક્ષ્મ એકેન્દ્રિય જેવા સ્થાનમાં ભવસ્વભાવે જ ઉત્પન્ન થતા નથી. તેથી સૂક્ષ્મ અપર્યાપ્ત જીવભેદ ત્યજી દીધેલ છે. બાકીના છ અપર્યાપ્તા તે પણ કરણ અપર્યાપ્તા જ લેવા. લબ્ધિ અપર્યાપ્તા ન લેવા. કારણ કે લબ્ધિ અપર્યાપ્તામાં સાસ્વાદની ન ઉપજે. સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તો જીવ પ્રાથમિક ઉપશમ પામી, ઉપશમસમ્યક્ત્વથી પડી, વમતાં સાસ્વાદને આવે તે સમયે જ આયુષ્ય પૂર્ણ થવાથી મૃત્યુ પામી સાસ્વાદન લઈને બાદર એકેન્દ્રિયાપર્યાપ્તાદિ છ એ અપર્યાપ્તામાં પૂર્વબદ્ધાયુષ્યને અનુસારે જઈ શકે છે

શ્રેણીસંબંધી ઉપશમ જો વિચારીએ અને તે બદ્ધાયુ લઈએ તો નિયમા અનુત્તરમાં જ જતો હોવાથી સમ્યક્ત્વગુણઠાણાથી નીચે ઉતરતો નથી અર્થાત્ સાસ્વાદને જતો નથી અને જો અબદ્ધાયુષ્ક હોય તો શ્રેણિથી પડતો સાસ્વાદને પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવી શકે છે. પણ તે જીવે પરભવનું આયુષ્ય બાંધેલું નથી અને ઉપશમસમ્યક્ત્વ જ રહેલું હોવાથી બાંધવાનો પણ યોગ મળ્યો નથી. માટે સાસ્વાદન આવે પરંતુ ત્યાં મૃત્યુ ન પામે, પહેલે ગુણઠાણે જઈ પરભવાયુષ્ય બાંધી પછી જ મૃત્યુ પામે, તે સમયે સાસ્વાદન નથી. તેથી શ્રેણી સંબંધી ઉપશમથી પડતા જીવને સાસ્વાદને સંજ્ઞી પર્યાપ્ત એક જ જીવભેદ સંભવે, પરંતુ છ અપર્યાપ્તા જીવભેદ ન સંભવે. કોઈ કોઈ સ્થાને (કમ્મપયડિ ઉપશમના કરણ ગાથા ૬૩માં) એવું પણ આવે છે કે શ્રેણીમાં ભવક્ષયે મરે તો (માત્ર અનુત્તરમાં જ જાય એમ નહીં પરંતુ) વૈમાનિક દેવ થાય. આ વિવક્ષા વિચારીએ તો વૈમાનિકના કોઈપણ દેવલોકનું આયુષ્ય બાંધેલું પણ સંભવે છે. તે જીવ ઉપશમશ્રેણીમાં જો ભવક્ષયે ન મરે અને કાલક્ષયે પડે અને સાસ્વાદને આવે તો મૃત્યુ પામી સાસ્વાદન લઈ વૈમાનિકમાં જઈ શકે છે તે કાલે સંજ્ઞી અપર્યાપ્ત (કરણ અપર્યાપ્ત) જીવભેદ પણ ઘટી શકે છે આ પ્રમાણે આ ગાથામાં કુલ પાંચ માર્ગણામાં જીવસ્થાનક કહ્યાં. એમ બાસઠે માર્ગણાઓમાં જીવસ્થાનક દ્વાર પૂર્ણ કરી હવે અમે તે જ બાસઠ માર્ગણાઓમાં ગુણસ્થાનક સમજાવીશું. (૧૪મી ગાથામાં ૧૩, ૧૫મી ગાથામાં ૧૨, ૧૬મી ગાથામાં ૧૯, ૧૭મી ગાથામાં ૧૩, અને અઢારમી ગાથામાં ૫ એમ ૬૨ માર્ગણામાં જીવભેદ કહ્યા. તેનું વધુ સ્પષ્ટ ચિત્ર (કોષ્ટક-ટેબલ) પૃષ્ઠ નં. ૧૨૦ ઉપર આવેલ છે.) ॥ ૧૮ ॥

**पण तिरि चउ सुरनिरए, नरसंनिपणिंदिभव्वतसि सव्वे ।**
**इगविगलभूदगवणे, दु दु एगं गइतसअभव्वे ॥१९॥**

(पञ्च तिरश्चि, चत्वारि सुरनरकयो, र्नरसंज्ञिपंचेन्द्रियभव्यत्रसेषु सर्वाणि।
एकविकलभूदकवनस्पतिषु द्वे द्वे, एकं गतित्रसाभव्ये ॥१९॥)

**શબ્દાર્થ:**

पण= પાંચ, तिर्यंચગતિમાં,
चउ= ચાર,
सुरनिरए= દેવ-નરકગતિમાં,
नरसंनि= મનુષ્યગતિ, સંજ્ઞિમાર્ગણા,
पणिंदि= પંચેન્દ્રિયજાતિ,
भव्व= ભવ્ય, तसि= ત્રસકાયમાં,
सव्वे= સર્વગુણસ્થાનકો હોય છે.

इगविगल= એકેન્દ્રિય-વિકલેન્દ્રિયમાં,
भूदगवणे= પૃથ્વી, પાણી અને વનસ્પતિમાં,
दु दु= બે બે,
एगं= એક,
गइतसअभव्वे=ગતિત્રસ અને અભવ્યમાર્ગણામાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ** :- તિર્યંચગતિમાં ૫ ગુણસ્થાનક, દેવ-નરકગતિમાં ચાર ગુણસ્થાનક, મનુષ્યગતિ, સંજ્ઞી, પંચેન્દ્રિય, ભવ્ય અને ત્રસકાયમાર્ગણામાં સર્વગુણસ્થાનક હોય છે. એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પૃથ્વીકાય, અપ્કાય, અને વનસ્પતિકાયમાં બે બે ગુણસ્થાનક, ગતિત્રસ અને અભવ્યમાં એક જ ગુણસ્થાનક હોય છે. ॥ ૧૯ ॥

**વિવેચન** - હવે બાસઠ માર્ગણાઓમાં ૧૪ ગુણસ્થાનકો સમજાવાય છે તિર્યંચગતિ માર્ગણામાં મિથ્યાત્વથી માંડીને દેશવિરતિ સુધીનાં પાંચ ગુણસ્થાનક હોય છે ત્યાં ભવસ્વભાવે જ સર્વવિરતિનો સંભવ નથી. તિર્યંચમાં ત્રણ સમ્યક્ત્વ હોઈ શકે છે. પ્રાથમિક ઉપશમ, અને ક્ષયોપશમ આ બે સમ્યક્ત્વ તિર્યંચ ગતિમાં પામી શકાય છે. ક્ષાયિક પામી શકાતું નથી. પરંતુ પૂર્વબદ્ધાયુ મનુષ્ય ક્ષાયિક પામી યુગલિકતિર્યંચમાં જઈ શકે છે. આ રીતે ત્રણ સમ્યક્ત્વ હોવાથી ચોથું ગુણઠાણું ત્યાં છે. તથા જાતિસ્મરણાદિ જ્ઞાન થવાથી શ્રાવકનાં કેટલાંક વ્રતો તિર્યંચમાં પણ હોય છે તેથી દેશવિરતિ ગુણસ્થાનક પણ ઘટે છે.

છતાં એટલું વિશેષ છે કે તિર્યંચગતિમાં ચોથે ગુણઠાણે ત્રણે સમ્યક્ત્વ હોય છે. પરંતુ દેશવિરતિ ગુણઠાણે ઉપશમ અને ક્ષયોપશમ એમ બે જ હોય છે ક્ષાયિક સંભવતું નથી. કારણકે ક્ષાયિક યુગલિકમાં જ હોય છે. અને ત્યાં દેશવિરતિ નથી.

દેવગતિ અને નરકગતિમાં પ્રથમનાં ચાર ગુણસ્થાનકો હોય છે. ભવસ્વભાવે જ દેવ-નારકીને દેશવિરતિ કે સર્વવિરતિ હોતી નથી. તેથી શેષ ગુણસ્થાનક નથી. સમ્યક્ત્વ ત્રણે હોય છે. પરંતુ ક્ષાયિક પૂર્વભવથી લાવેલું હોય છે. ઉપશમ ત્યાં બન્ને ભવમાં નવું પામી શકાય છે. ક્ષયોપશમ સમ્યક્ત્વ બન્ને ભવમાં નવું પામી શકાય છે. પરંતુ પારભવિક ક્ષયોપશમ ફક્ત દેવમાં જ હોય છે. કારણ કે ક્ષયોપશમ સમ્યક્ત્વ લઈને નરકમાં જવાતું નથી.

મનુષ્યગતિ, સંજ્ઞીમાર્ગણા, પંચેન્દ્રિયમાર્ગણા, ભવ્ય અને ત્રસકાય, આ પાંચ માર્ગણામાં ચૌદે ગુણસ્થાનકો હોય છે. આ માર્ગણાઓ સર્વ ગુણસ્થાનકોમાં સંભવી શકે છે.

એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાય, એમ કુલ ૭ માર્ગણાઓમાં પ્રથમનાં બે ગુણસ્થાનકો સંભવે છે. ત્યાં મિથ્યાત્વ તો સર્વત્ર હોય જ છે. પરંતુ સાસ્વાદન ગુણસ્થાનક, પૂર્વભવમાં ઉપશમ પામી વમી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાસ્વાદને આવી મૃત્યુ પામી તેજોવાયુ વિનાના બાદર એકેન્દ્રિયમાં, વિકલેન્દ્રિયમાં અને પૃથ્વીકાય-અપ્કાય તથા વનસ્પતિકાયમાં જન્મ પામતા લબ્ધિથી પર્યાપ્તા અને કરણથી અપર્યાપ્તા આ જીવોમાં પ્રારંભના કંઈક ન્યૂન છ આવલિકા કાળ માત્ર સુધી હોઈ શકે છે. વિશિષ્ટ વિશુદ્ધિ ન હોવાથી શેષ ગુણસ્થાનકો ત્યાં સંભવતાં નથી.

ગતિત્રસમાં અને અભવ્યમાં માત્ર મિથ્યાત્વ એક જ ગુણસ્થાનક હોય છે. જે જીવો ગમનક્રિયા માત્રથી ત્રસ છે. પરંતુ ત્રસનામકર્મના ઉદયથી ત્રસ નથી તે ગતિત્રસ કહેવાય છે. અગ્નિ એક વૃક્ષ ઉપર લાગ્યો હોય તો પાસેના ઝાડોમાં પણ વ્યાપે છે. તેથી ગમનશીલ છે અને વાયુ તો સદા વહેતો જ હોય છે માટે ગતિશીલ છે. પરંતુ સુખ-દુઃખના સંજોગો આવે ત્યારે ઈચ્છાપૂર્વક દુઃખથી બચવા અને સુખમાં જોડાવાપણાની બુદ્ધિપૂર્વક ગતિ નથી. માટે વાસ્તવિક ત્રસ નથી. તે તેઉકાય અને વાયુકાયમાં માત્ર પહેલું એક જ ગુણસ્થાનક છે. અને અભવ્યને તો સદા ભવાભિનંદિતા જ હોવાથી મિથ્યાત્વ જ હોય છે. આ પ્રમાણે આ ગાથામાં ૧૮ માર્ગણામાં ગુણસ્થાનકો કહ્યાં છે. ॥ ૧૯ ॥

**वेय तिकसाय नव दस, लोभे चउ अजय दु ति अनाणतिगे ।**
**बारस अचक्खुचक्खुसु, पढमा अहखाइ चरम चऊ ॥ २० ॥**

(वेदत्रिकषाये नव दस लोभे चत्वारि अयते द्वे त्रीणि अज्ञानत्रिके ।
द्वादशाचक्षुश्चक्षुषोः, प्रथमानि यथाख्याते चरमाणि चत्वारि ॥ २० ॥)

**શબ્દાર્થઃ-**

वेय= ત્રણ વેદ,
तिकसाय= ત્રણ કષાયમાં,
नव= નવ ગુણસ્થાનકો હોય છે.
दस लोभे= લોભમાં ૧૦ ગુણસ્થાનક,
चउ अजय= અવિરતિમાં ચાર,
दुति अनाणतिगे=મતિઅજ્ઞાનાદિ ત્રણમાં બે અથવા ત્રણ ગુણસ્થાનક,
बारस= બાર ગુણસ્થાનક,
अचक्खुचक्खुसु= અચક્ષુદર્શન અને ચક્ષુદર્શનમાં,
पढमा= પ્રથમનાં,
अहखाइ= યથાખ્યાત ચારિત્રમાં
चरिमचऊ= છેલ્લાં ચાર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ :-** ત્રણ વેદ, ક્રોધાદિ ત્રણ કષાય એમ છ માર્ગણામાં નવ, લોભમાં દસ, અવિરતિમાં ચાર, અજ્ઞાનત્રિકમાં બે અથવા ત્રણ, અચક્ષુદર્શન અને ચક્ષુદર્શનમાં પ્રથમનાં બાર, અને યથાખ્યાત ચારિત્રમાં છેલ્લાં ચાર ગુણસ્થાનકો હોય છે. ॥ ૨૦ ॥

**વિવેચન :-** ત્રણ વેદમાર્ગણા અને ક્રોધાદિ ત્રણ કષાય એમ કુલ છ માર્ગણાઓમાં મિથ્યાત્વથી અનિવૃત્તિ સુધીનાં નવ ગુણસ્થાનક જાણવાં. કારણ કે અનિવૃત્તિએ વેદ અને ત્રણ કષાયોનો ઉપશમ થાય અથવા ક્ષય થાય પરંતુ ઉદય તો ટળે જ છે. તેથી આ છ માર્ગણામાં ઉપરનાં ગુણસ્થાનકો સંભવતાં નથી. તથા અહીં ત્રણ વેદો "ભોગની અભિલાષા" રૂપ ભાવવેદ જાણવા. જે મોહનીય કર્મના ઉદય રૂપ છે. (શરીરાકૃતિ રૂપ દ્રવ્યવેદ ચૌદમા સુધી હોય છે.)

લોભ માર્ગણામાં સૂક્ષ્મસંપરાય સહિત કુલ ૧૦ ગુણસ્થાનકો જાણવાં. કારણ કે દસમે ગુણઠાણે પણ સૂક્ષ્મ કિટ્ટીકૃત લોભનો ઉદય ચાલુ છે. ઉપરના ગુણસ્થાનકોમાં ઉપશમ અથવા ક્ષય હોવાથી લોભનો ઉદય નથી. માટે શેષ ચાર ગુણસ્થાનક લોભમાં સંભવતાં નથી.

અવિરતિ માર્ગણામાં મિથ્યાત્વથી અવિરત સમ્યગ્દૃષ્ટિ સુધીનાં પ્રથમનાં ચાર ગુણસ્થાનકો સંભવે છે. કારણ કે દેશવિરતિ આદિમાં વિરતિ હોવાથી શેષગુણસ્થાનકો અવિરતિમાં સંભવતાં નથી. અહીં જો સમ્યક્ત્વ ન આવ્યું હોય અને વિરતિ (દીક્ષા કે શ્રાવકનાં વ્રતો રૂપ વિરતિ) લીધી હોય તો પણ તે એકડા વિનાના મીંડાની જેમ અવિરતિ જ ગણાય છે. પરંતુ પાંચમું-છઠ્ઠું ગુણઠાણું ગણાતું નથી.

મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન આ ત્રણ માર્ગણાઓમાં પહેલું અને બીજું એમ બે ગુણસ્થાનક હોય છે. ચોથા આદિ ગુણસ્થાનકોમાં સમ્યક્ત્વ હોવાથી જ્ઞાન જ હોય છે. પરંતુ અજ્ઞાન હોતું નથી. ત્રીજું ગુણસ્થાનક જે મિશ્ર નામનું છે. ત્યાં જો કે યથાવસ્થિત વસ્તુતત્ત્વનો નિર્ણય નથી. તો પણ સમ્યગ્જ્ઞાનના લેશથી વ્યામિશ્ર હોવાથી "અજ્ઞાન જ છે" એમ કહેવાતું નથી. તેથી આ ત્રણ અજ્ઞાનમાર્ગણામાં મિશ્રગુણસ્થાનક કહ્યું નથી. એમ એક આચાર્યના મતે ત્રણે અજ્ઞાનમાં બે ગુણસ્થાનકો કહ્યાં. બીજા કેટલાક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર્યોનું કહેવું એવું છે કે મતિ અજ્ઞાનાદિ ત્રણ અજ્ઞાનમાં પ્રથમનાં (મિશ્ર સહિત) ત્રણ ગુણસ્થાનક હોય છે. કારણ કે ત્રીજા મિશ્રગુણઠાણે ભલે સમ્યગ્જ્ઞાનના લેશથી મિશ્ર અજ્ઞાન હોય તો પણ તે અજ્ઞાન જ છે. કારણ કે શુદ્ધ સમ્યક્ત્વમૂલક જે જ્ઞાન હોય તે જ જ્ઞાન કહેવાય છે. તેવું શુદ્ધજ્ઞાન મિશ્રે નથી જ, માટે અજ્ઞાનમાં ત્રણે ગુણઠાણાં હોય છે. જો આવા પ્રકારના જ્ઞાનના અંશમાત્રના મિશ્રણથી તેને (મિશ્રને) જ્ઞાન કહીએ અને અજ્ઞાન ન કહીએ તો સાસ્વાદને પણ ઉપશમસમ્યક્ત્વવાળી શુદ્ધભૂમિ હોવાથી સમ્યગ્જ્ઞાનનો અંશ હોવાથી બીજે ગુણઠાણે પણ અજ્ઞાન ન કહેવાય અને જ્ઞાન જ કહેવું પડે. જ્યારે કર્મગ્રંથોમાં આ જીવ મિથ્યાત્વાભિમુખ હોવાથી અજ્ઞાન જ કહ્યું છે. માટે સાસ્વાદનની જેમ મિશ્રે પણ સમ્યગ્જ્ઞાનના લવભાગની મિશ્રતા હોવા છતાં શુદ્ધ સમ્યગ્જ્ઞાન ન હોવાથી અજ્ઞાન જ કહેવાય છે. તેથી ત્રણ ગુણસ્થાનક હોય છે. વળી કોઈ આચાર્યો એમ પણ કહે છે કે ત્રીજા મિશ્રગુણઠાણે વર્તતા જીવો મિથ્યાત્વાભિમુખ હોય તો અજ્ઞાન, અને સમ્યક્ત્વાભિમુખ હોય તો જ્ઞાન હોય છે. આ બધા મતોને ધ્યાનમાં રાખીને ગ્રંથકારે અજ્ઞાનત્રિકમાં બે અથવા ત્રણ ગુણસ્થાનક કહ્યાં છે. નયવિશેષથી (સાપેક્ષપણે) બધા મતો યથાર્થ હોઈ શકે છે.

ચક્ષુ-અચક્ષુ દર્શનમાં પ્રથમનાં ૧૨ ગુણસ્થાનકો હોય છે. કારણ કે ચક્ષુ-અચક્ષુ દર્શન ઇન્દ્રિયજન્ય સામાન્ય બોધ રૂપ હોવાથી ક્ષાયોપશમિક ભાવ છે. અને તેરમા-ચૌદમા ગુણઠાણે ક્ષાયિકભાવ છે. તેથી ત્યાં આ બે દર્શન ન હોય. તથા કેવલીભગવાનને કેવલજ્ઞાન-કેવલદર્શન હોય છે એટલે ઇન્દ્રિયજન્ય આ દર્શનો સંભવતાં નથી. માટે ચક્ષુદર્શન અને અચક્ષુદર્શનમાં પ્રથમનાં બાર ગુણસ્થાનકો સંભવે છે.

યથાખ્યાત માર્ગણામાં છેલ્લાં ચાર અર્થાત્ ૧૧ થી ૧૪ એમ ચાર ગુણસ્થાનકો હોય છે. કારણ કે આ ચારે ગુણસ્થાનકોમાં કષાયો ન હોવાથી જેવું વીતરાગ પરમાત્માએ કહ્યું છે તેવું યથાર્થ ચારિત્ર અહીં છે. પરંતુ એટલી વિશેષતા છે કે અગિયારમે કષાયો ઉપશમાવેલા હોવાથી ઉપશમભાવનું યથાખ્યાત, અને બાર-તેર-તથા ચૌદમે ગુણઠાણે કષાયોનો ક્ષય કરેલ હોવાથી ક્ષાયિકભાવનું યથાખ્યાત હોય છે. તેમાં પણ બારમે ગુણઠાણે છાદ્મસ્થિક ક્ષાયિકભાવ, અને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેરમે-ચૌદમે કૈવલિક ક્ષાયિકભાવનું યથાખ્યાત હોય છે. ઇત્યાદિ સમજી લેવું. આ પ્રમાણે આ ગાથામાં કુલ ૧૪ માર્ગણાઓમાં ગુણસ્થાનકો કહ્યાં. ॥ ૨૦ ॥

**मणनाणि सग जयाई, सामाइयछेय चउ दुन्नि परिहारे ।**
**केवलदुगि दो चरमा-जयाइ नव मइ सुओहिदुगे ॥२१॥**

(मनोज्ञाने सप्त यतादीनि, सामायिकछेदयोश्चत्वारि द्वे परिहारे ।
केवलद्विके द्वे चरमे ऽयतादीनि नव मतिश्रुतावधिद्विकेषु ॥२१॥)

**શબ્દાર્થ:-**

मणनाणि= મનઃપર્યવજ્ઞાનમાં,
सग= સાત ગુણસ્થાનક હોય છે
जयाई= પ્રમત્ત આદિ,
सामाइयछेय= સામાયિક અને છેદોપસ્થાનીયમાં,
चउ= ચાર,
दुन्नि= બે ગુણસ્થાનક,
परिहारे= પરિહારવિશુદ્ધિમાં,
केवलदुगि= કેવલદ્વિકમાં,
दो चरमा=છેલ્લાં બે ગુણસ્થાનક,
अजयाइ= અવિરતિ આદિ,
नव= નવ ગુણસ્થાનક,
मइसुओहिदुगे= મતિ, શ્રુત અને અવધિદ્વિકમાં.

**ગાથાર્થ** :- મનઃપર્યવજ્ઞાનમાં પ્રમત્તાદિ સાત, સામાયિક અને છેદોપસ્થાપનીયમાં પ્રમત્તાદિ ચાર, પરિહારવિશુદ્ધિમાં પ્રમત્તાદિ બે, કેવલદ્વિકમાં છેલ્લાં બે, અને મતિ-શ્રુત-અવધિદ્વિકમાં અવિરતિ આદિ નવ ગુણસ્થાનકો હોય છે. ॥ ૨૧ ॥

**વિવેચન** :- મનઃપર્યવજ્ઞાનમાર્ગણામાં છટ્ઠા પ્રમત્તગુણસ્થાનકથી બારમા ક્ષીણમોહ સુધીનાં કુલ સાત ગુણસ્થાનકો હોય છે. મનઃપર્યવજ્ઞાન એ એક **લબ્ધિવિશેષ** હોવાથી અપ્રમત્ત ગુણઠાણે જ ઘણી જયણાવાળા સાધુને જ ઉત્પન્ન થાય છે. પરંતુ પ્રમત્તને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થતું નથી. તથા અપ્રમત્તે પણ બધા મુનિને ઉત્પન્ન થતું નથી. છતાં અપ્રમત્તે મનઃપર્યવજ્ઞાન પ્રગટ થયા પછી પ્રમત્તે આવી શકે છે. તેથી મનઃપર્યવજ્ઞાનમાં પ્રમત્તથી સાત ગુણઠાણાં હોય છે. ઉપશમ અને ક્ષપકશ્રેણિમાં પણ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષાયોપશમિક ભાવ જ હોવાથી મનઃપર્યવજ્ઞાન સંભવી શકે છે. તેરમે-ચૌદમે ગુણઠાણે ક્ષાયિકભાવ છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને આ મનઃપર્યવજ્ઞાન ક્ષાયોપશમિક ભાવનું છે. તેથી તેરમે ચૌદમે ગુણઠાણે મનઃપર્યવજ્ઞાન હોતું નથી. તથા આ જ્ઞાન વિશિષ્ટલબ્ધિ રૂપ હોવાથી પ્રથમનાં પાંચ ગુણઠાણામાં પણ થતું નથી.

સામાયિક અને છેદોપસ્થાપનીય એમ બે ચારિત્રમાં પ્રમત્તાદિથી (૬ થી ૯ સુધી) ચાર ગુણસ્થાનક હોય છે. આ બન્ને ચારિત્રો સર્વવિરતિ સ્વરૂપ છે. અને મોહનીયના ક્ષયોપશમથી પ્રગટ થાય છે. તેથી છઠ્ઠે, સાતમે અને આઠમે ક્ષાયોપશમિક ભાવનાં આ બે ચારિત્રો હોય છે. તથા નવમા ગુણઠાણે ઉપશમશ્રેણિસ્થ જીવને મોહનીયનો ઉપશમ હજુ ચાલુ હોવાથી પૂર્ણ ઉપશમ ન હોવાથી જો કે ક્ષાયોપશમિક ભાવનાં જ આ બે ચારિત્રો છે તો પણ ગાથા ૭૦માં નવમે ઉપશમભાવનાં આ બે ચારિત્રો કહ્યાં છે. તે ઉપચારથી જાણવાં અને ક્ષપકશ્રેણિસ્થ જીવને મોહનીયના ક્ષયથી ક્ષાયિકભાવનાં આ બે ચારિત્રો ઉપશમશ્રેણીની જેમ નવમે હોવાં જોઈએ પરંતુ ક્ષપક શ્રેણીમાં મોહનીયનો હજુ પૂર્ણ ક્ષય થયેલ ન હોવાથી શાસ્ત્રકારોએ નવમે ગુણઠાણે ક્ષયોપશમ ભાવનાં આ બે ચારિત્રો ગણ્યાં છે. એમ આ બે ચારિત્રો છઠ્ઠાથી નવમા સુધી અને કુલ બે ભાવવાળાં હોય છે. દસમા ગુણઠાણે માત્ર સૂક્ષ્મકિટ્ટીકૃત લોભના જ ઉદયવાળા ચારિત્રને "સૂક્ષ્મસંપરાય" ચારિત્ર તરીકે જુદું ચારિત્ર કલ્પ્યું છે. તેથી આ બે ચારિત્રો નવમા ગુણસ્થાનક સુધી જ હોય છે. તથા પરિહારવિશુદ્ધિચારિત્રવાળા આત્માઓ ઉપશમશ્રેણી કે ક્ષપકશ્રેણી પ્રારંભતા નથી. તેથી અપૂર્વકરણાદિ શેષ ગુણસ્થાનકો પરિહારવિશુદ્ધિમાં હોતાં નથી.

કેવલજ્ઞાન અને કેવલદર્શન આ બે માર્ગણાઓમાં અન્તિમ બે ગુણસ્થાનકો (તેરમું અને ચૌદમું) હોય છે. આ બન્ને જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીયના ક્ષયથી જ થાય છે. અર્થાત્ ક્ષાયિકભાવના ગુણો છે અને ક્ષાયિકજ્ઞાન-દર્શન તેરમે-ચૌદમે જ હોય છે. તેથી શેષ ગુણસ્થાનકો હોતાં નથી.

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને અવધિદર્શન એમ કુલ ચાર માર્ગણામાં અવિરત સમ્યગ્દષ્ટિથી પ્રારંભીને બારમા ક્ષીણમોહ સુધીનાં નવ ગુણસ્થાનકો હોય છે. કારણ કે પ્રથમનાં મિથ્યાત્વાદિ ત્રણ ગુણસ્થાનકોમાં સમ્યક્ત્વ ન હોવાથી જ્ઞાન જ કહેવાતું નથી. પરંતુ અજ્ઞાન જ કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેથી પ્રથમનાં ત્રણ ગુણસ્થાનક કહ્યાં નથી. તથા અન્તિમ બે ગુણસ્થાનકોમાં ક્ષાયિકભાવ છે અને આ ગુણો ક્ષાયોપશમિક ભાવના છે તેથી તેરમુ-ચૌદમું ગુણસ્થાનક આ ચારમાં કહ્યું નથી.

**પ્રશ્ન-** મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અને અવધિજ્ઞાન આ ત્રણ માર્ગણામાં ૪ થી ૧૨ ગુણસ્થાનક કહ્યાં તે ઉચિત લાગે છે. કારણ કે વિશેષોપયોગમાં જ સમ્યગ્ અને મિથ્યા ભેદ પડી શકે છે. દૂરથી ખૂણામાં પડેલી કાળી વસ્તુને જોઈ આ સર્પ છે કે આ રજ્જુ છે એમ જાણવાથી સમ્યગ્ અથવા મિથ્યાબોધ હોઈ શકે છે. તેથી જ જૈનશાસ્ત્રોમાં પ્રથમનાં ત્રણ ગુણઠાણે સમ્યક્ત્વ ન હોવાથી મતિઅજ્ઞાનાદિ ત્રણ અજ્ઞાન અને ચોથાથી સમ્યક્ત્વ હોવાથી મતિજ્ઞાનાદિ યથાયોગ્ય પાંચ જ્ઞાનો કહ્યાં છે. પરંતુ "આ કંઈક છે" એવા અનાકારોપયોગકાળે સર્પ કે રજ્જુના નિર્ણય તરફ ઢળતો બોધ ન હોવાથી સમ્યગ્ કે મિથ્યા સંભવતું નથી તેથી જ અનાકારોપયોગવાળાં ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન ૧ થી ૧૨ ગુણઠાણાં સુધી કહેવાય છે. સારાંશ કે દર્શનોપયોગમાં સ્પષ્ટ બોધ ન હોવાથી સમ્યગ્-મિથ્યા ભેદ નથી અને જ્ઞાનોપયોગમાં સ્પષ્ટબોધ હોવાથી સમ્યગ્-મિથ્યા ભેદ છે. તો અવધિદર્શનમાં ગ્રંથકારે ૪ થી ૧૨ ગુણઠાણાં કેમ કહ્યાં ? ચક્ષુ-અચક્ષુની જેમ ૧ થી ૧૨ ગુણઠાણાં કેમ ન કહ્યાં ? તથા પ્રથમના ત્રણ ગુણસ્થાનકવર્તી જીવોમાં મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન વાળા જીવોને ઇન્દ્રિયજન્ય બોધ હોવાથી સામાન્યબોધના વિષયવાળાં જેમ ચક્ષુ-અચક્ષુ દર્શન હોય છે. તેમ તે જ ત્રણ ગુણસ્થાનકમાં વર્તતા વિભંગજ્ઞાનવાળા જીવને અવધિદર્શન પણ હોઈ શકે છે. તે કેમ ન કહ્યું ? તથા સિદ્ધાન્તમાં ભગવતીજી નામના પાંચમા અંગમાં પ્રથમના ત્રણ ગુણસ્થાનકે વર્તતા ત્રણ અજ્ઞાનવાળાને અવધિદર્શન હોય છે એમ સાક્ષાત્ કહ્યું જ છે. તો અહીં અવધિદર્શન ચારથી બારમાં જ હોય એમ કેમ કહ્યું ? ભગવતીજીનો પાઠ આ પ્રમાણે- "**ओहिदंसण अणागारोवउत्ताणं भंते किं नाणी अन्नाणी? गोयमा नाणी वि, अन्नाणी वि, जइ नाणी ते अत्थेगइया तिनाणी, अत्थेगइया चउनाणी, जे तिनाणी, ते आभिणिबोहियनाणी सुअनाणी ओहिनाणी, जे चउनाणी, ते आभिणिबोहियनाणी, सुयनाणी ओहिनाणी, मणपज्जवनाणी, जे अन्नाणी ते णियमा मइअन्नाणी सुयअन्नाणी विभंगणाणी इति**" આઠમું શતક, બીજો ઉદ્દેશો. આ બધી દલીલોથી એમ સમજાય છે કે અવધિદર્શન ૪ થી ૧૨ને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બદલે ૧ થી ૧૨ ગુણઠાણામાં કહેવું ઉચિત લાગે છે. તો અહીં આ પ્રમાણે ૧ થી ૧૨ ગુણસ્થાનકો કેમ ન કહ્યાં ?

**ઉત્તર**- તમારો પ્રશ્ન સાચો છે. અવધિદર્શન પણ ૧ થી ૧૨ ગુણઠાણામાં છે. એવું કહેવું જોઈએ, તથા ઉપરોક્ત પાઠ પ્રમાણે સિદ્ધાન્તકારો પ્રથમના ત્રણ ગુણઠાણે અવધિદર્શન હોય છે. એમ માને પણ છે. છતાં કોઈ અગમ્યકારણવશથી બહુશ્રુત પુરુષો મિથ્યાત્વાદિ પ્રથમનાં ત્રણ ગુણઠાણામાં અવધિદર્શન ઇચ્છતા નથી. તેથી અમે (કર્મગ્રંથકારે) પણ તે મિથ્યાત્વાદિ ત્રણ ગુણઠાણાવાળાને અવધિદર્શન કહ્યું નથી. આવો સ્પષ્ટ ઉત્તર સ્વોપજ્ઞ ટીકામાં છે. તે પાઠ આ પ્રમાણે ''यत्तु अवधिदर्शनं तत्कुतश्चिदभिप्रायाद् विशिष्टश्रुतविदो मिथ्यादृष्ट्यादीनां नेच्छन्ति, तन्मतमाश्रित्यास्माभिरपि तत्तेषां न भणितम्''

આ પ્રમાણે આ ગાથામાં ૧૦ માર્ગણામાં ગુણસ્થાનક કહ્યાં. ॥ ૨૧ ॥

**अड उवसमि चउ वेअगि, खइए इक्कारमिच्छतिगि देसे।**
**सुहुमे य सट्ठाणं तेरस, जोगे आहार सुक्काए॥ २२॥**

(अष्टौ उपशमे, चत्वारि वेदके, क्षायिके एकादश, मिथ्यात्वत्रिके देशे।
सूक्ष्मे च स्वस्थानं त्रयोदश योगे, आहारे शुक्लायाम्॥ २२॥)

**શબ્દાર્થ-**

अड = આઠ,
उवसमि= ઉપશમસમ્યક્ત્વમાં,
चउ= ચાર,
वेअगि= ક્ષાયોપશમિકમાં,
खइए= ક્ષાયિકમાં,
इक्कार= અગિયાર,
मिच्छतिगि= મિથ્યાત્વાદિ ત્રણ ગુણસ્થાનોમાં
देसे= દેશવિરતિમાં,
सुहुमे= સૂક્ષ્મસંપરાયમાં,
तेरस= તેર ગુણઠાણાં,
जोगे= ત્રણ યોગમાં,
आहार= આહારીમાં, અને
सुक्काए= શુક્લલેશ્યામાં

**ગાથાર્થ** :- ઉપશમમાં આઠ, ક્ષયોપશમમાં ચાર, ક્ષાયિકમાં અગિયાર ગુણસ્થાનક હોય છે. મિથ્યાત્વત્રિક, દેશવિરતિ અને સૂક્ષ્મસંપરાયમાં પોતપોતાનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક-એક ગુણસ્થાનક હોય છે. ત્રણ યોગ, આહારી અને શુક્લલેશ્યામાં તેર ગુણસ્થાનકો હોય છે. ॥ ૨૨ ॥

**વિવેચન** :- ઉપશમસમ્યક્ત્વમાં ચોથાથી અગિયારમા સુધી એમ કુલ આઠ ગુણસ્થાનક હોય છે. ઉપશમસમ્યક્ત્વ બે જાતનું હોય છે પ્રાથમિક અને શ્રેણીસંબંધી. ત્યાં જે જીવો અનાદિ મિથ્યાત્વી હોતે છતે સૌ પ્રથમ જ્યારે ઉપશમ પામે ત્યારે તે વખતે જો સાથે વિરતિ ન પામે તો ચોથું, સાથે દેશવિરતિ પામે તો પાંચમું, સાથે સર્વવિરતિ પામે તો છઠ્ઠું-સાતમું હોય છે એમ પ્રાથમિક ઉપશમને આશ્રયી ૪થી૭ સુધીનાં ગુણસ્થાનક હોય છે. તથા શ્રેણી સંબંધી ઉપશમને આશ્રયી ઉપશમ પામતાં છઠ્ઠું-સાતમું, શ્રેણી ચડતાં આઠથી અગિયાર, અને શ્રેણીથી પડતાં દસથી ચાર સુધીનાં ગુણઠાણાં હોય છે. ચોથેથી નીચે પડી શકે છે. પરંતુ ત્યારે ઉપશમ કહેવાતું નથી.

વેદક એટલે ક્ષયોપશમસમ્યક્ત્વમાં ચારથી સાત સુધીનાં ગુણઠાણાં હોય છે. ઉપશમસમ્યક્ત્વમાંથી ક્ષયોપશમ પમાય છે. અથવા ઉપશમ પામી પડીને મિથ્યાત્વે જવા છતાં સમ્યક્ત્વ મોહનીયની ઉદ્વલના હજુ થઈ ચુકી ન હોય તો તે કાલે મિથ્યાત્વેથી પણ ક્ષયોપશમ પામે છે. આ સમ્યક્ત્વ સમકિતમોહનીયના ઉદયવાળું હોવાથી શ્રેણીસંબંધી અપૂર્વકરણાદિ ગુણસ્થાનકોમાં હોતું નથી. કારણ કે ત્યાં સમકિત મોહનીયનો ઉપશમ અથવા ક્ષય જ નિયમા હોય છે પરંતુ ઉદય હોતો નથી.

ક્ષાયિકસમ્યક્ત્વમાં ચાર થી ચૌદ સુધીનાં કુલ ૧૧ ગુણસ્થાનકો હોય છે. પ્રથમસંઘયણ વાળા મનુષ્યો તીર્થંકરાદિના કાળે ક્ષાયિકસમ્યક્ત્વ પામી શકે છે. ત્યારે શ્રેણિકાદિની જેમ ચોથું ગુણસ્થાનક હોય છે. તેની સાથે વિરતિ હોય તો પાંચમું, છઠ્ઠું અને સાતમું પણ હોય, અને ક્ષાયિક પામી ઉપશમશ્રેણિ માંડે તો આઠ થી અગિયાર સુધીનાં ચાર ગુણસ્થાનક હોય, અને જો ક્ષાયિક પામી ક્ષપક શ્રેણી માંડે તો આઠથી (અગિયારમા વિના) ચૌદ સુધીનાં છ ગુણસ્થાનક હોય છે. આ ક્ષાયિકસમ્યક્ત્વ પ્રારંભકને આશ્રયી મનુષ્યભવમાં જ પ્રાપ્ત કરાય છે. તો પણ પૂર્વબધ્ધાયુ હોય તો મૃત્યુ પામી પરભવમાં જનારને નિષ્ટાપકને આશ્રયી ચારે ગતિમાં પણ હોય છે. ત્યાં દેવ-નરકનું આયુષ્ય બાંધી જો ક્ષાયિક પામે તો ત્રીજા ભવે મોક્ષે જાય છે. અને મનુષ્ય-તિર્યંચનું આયુષ્ય બાંધી જો ક્ષાયિક પામે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો તે આયુષ્ય નિયમા અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા યુગલિક તિર્યંચ-મનુષ્યનું જ હોય છે તેથી ચોથે ભવે મોક્ષે જાય છે. સંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્ય અને તિર્યંચનું આયુષ્ય જેણે બાંધ્યું હોય છે તેને તે ભવે ક્ષાયિક થતું નથી. આવા પ્રકારનું યુગલિકનું અથવા નરકનું અથવા અનુત્તર વિના બીજા કોઈ વૈમાનિકનું આયુષ્ય જેણે બાંધ્યું હોય તેવા બધ્ધાયુ ક્ષાયિકને ચારથી સાત ગુણઠાણાં જ હોય છે ફક્ત અનુત્તરસુરનું આયુષ્ય બાંધી ક્ષાયિક પામે અને ઉપશમશ્રેણી માંડે તો ચાર થી અગિયાર ગુણસ્થાનક સંભવે છે અને અબધ્ધાયુને આશ્રયી (અગિયારમા વિના) ચારથી ચૌદ સુધીનાં ગુણઠાણાં સંભવે છે. (બધ્ધાયુ ક્ષાયિકને કવચિત્ પાંચ ભવ પણ દુઃપ્પસહસૂરિજીની જેમ થાય છે.)

**પ્રશ્ન** :- ક્ષાયિક સમ્યક્ત્વ પામતાં દર્શનસપ્તકનો ક્ષય થાય છે તેમાં સમ્યક્ત્વમોહનીયનો પણ ક્ષય થાય છે. હવે જો સમ્યક્ત્વ (મોહનીય)નો જ નાશ થાય તો તે ક્ષાયિક સમ્યક્ત્વ પામ્યો કેમ કહેવાય ? સમ્યક્ત્વ જ જતું રહ્યું?

**ઉત્તર** :- મિથ્યાત્વ મોહનીય કર્મનાં શુદ્ધ કરાયેલાં જે પુદ્ગલો હતાં તેને સમ્યક્ત્વમોહનીય કહેવાય છે અને દર્શનસપ્તકના ક્ષયકાલે આ સમ્યક્ત્વનોહનીય નામનું જે કર્મ છે તેનો જ ક્ષય થાય છે. સમ્યક્ત્વમોહનીય નામનું જે કર્મ છે તે કંઈ સમ્યક્ત્વ નથી. સમ્યક્ત્વ તો આત્માનો શ્રધ્ધા ગુણ છે. શ્રધ્ધાગુણ સ્વરૂપ જે સમ્યક્ત્વ છે. તેનો મિથ્યાત્વમોહનીય સર્વથા નાશ કરે છે. મિશ્ર મોહનીય તે ગુણને કલુષિત કરે છે અને સમ્યક્મોહનીય સમ્યક્ત્વનો સર્વથા નાશ કરી શકતી નથી. પરંતુ (મિથ્યાત્વની જ જાત હોવાથી) શંકા-કાંક્ષાદિ અતિચારો લાવવા દ્વારા સમ્યક્ત્વને દોષવાળું (સાતિચાર) કરે છે. તેથી જ તે મોહનીય પણ દૂર કરવા જેવી જ છે. મુહપત્તીના ૫૦ બોલમાં પણ સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય અને મિથ્યાત્વમોહનીય પરિહરૂં એમ આવે છે. આ પ્રમાણે ક્ષાયિક પામતાં સમ્યક્ત્વમોહનીય નામના કર્મનો નાશ થાય છે. પરંતુ સમ્યક્ત્વ નામના આત્મગુણનો નાશ થતો નથી. તે ગુણ તો કાદવ ઉછાળનારૂં કર્મ ચાલ્યું જવાના કારણે અત્યન્ત નિર્મળ થાય છે. આ પ્રમાણે ઉપશમમાં ૪ થી ૧૧, ક્ષયોપશમમાં ૪ થી ૭, અને ક્ષાયિક સમ્યક્ત્વમાં ૪ થી ૧૪ ગુણસ્થાનકો હોય છે.

સમ્યક્ત્વમાર્ગણાના ૬ ભેદ છે. તેમાંથી શેષ બાકી રહેલા ત્રણ ભેદ (૧) મિથ્યાત્વ, (૨) સાસ્વાદન, (૩) મિશ્ર આ મિથ્યાત્વત્રિકમાં, દેશવિરતિ ચારિત્રમાં,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને સૂક્ષ્મસંપરાયચારિત્રમાં એમ આ પાંચ માર્ગણાઓમાં પોતપોતાના નામવાળું એક-એક જ ગુણસ્થાનક હોય છે. મિથ્યાત્વમાર્ગણામાં પહેલું, સાસ્વાદન માર્ગણામાં બીજું, મિશ્ર માર્ગણામાં ત્રીજું, દેશવિરતિ માર્ગણામાં પાંચમું, અને સૂક્ષ્મસંપરાય માર્ગણામાં દસમું ગુણસ્થાનક હોય છે.

મનયોગ, વચનયોગ, કાયયોગ, આહારી અને શુક્લલેશ્યા એમ પાંચ માર્ગણામાં સામાન્યથી ૧ થી ૧૩ ગુણઠાણાં હોય છે. તેરે ગુણસ્થાનકમાં મન-વચન અને કાયાના યોગો સંભવે છે. તેમાં એટલી વિશેષતા છે કે મનયોગના અને વચનયોગના પહેલા-છેલ્લા સત્ય અને અસત્યામૃષા એમ બે-બે કુલ ચાર યોગોમાં ૧ થી ૧૩ ગુણસ્થાનક હોય છે તથા અસત્ય અને સત્યાસત્ય એમ શેષ બે-બે, કુલ ૪ ભેદમાં ૧ થી ૧૨ ગુણસ્થાનક હોય છે. કારણ કે તેરમા ગુણઠાણે વર્તતા કેવલી ભગવન્તોમાં મન-વચનનો પહેલો-છેલ્લો એમ બે બે ભેદ જ હોય છે. ઔદારિક કાયયોગમાં ૧ થી ૧૩ ગુણસ્થાનક, ઔદારિક મિશ્રમાં પહેલું, બીજું, ચોથું (વિગ્રહગતિમાં), અને તેરમું કેવલી સમુદ્દ્ઘાતમાં, વૈક્રિય કાયયોગમાં દેવ-નારકીને આશ્રયી ૧ થી ૪ અને લબ્ધિધારી તિર્યંચ-મનુષ્યોને આશ્રયી ૧થી ૭ ગુણસ્થાનક હોય છે. તેમાં પણ ત્રીજું ગુણસ્થાનક માત્ર દેવ-નારકીને આશ્રયી જાણવું. પાંચમું લબ્ધિધારી તિર્યંચ-મનુષ્યને, છઠ્ઠું-સાતમું લબ્ધિધારી મનુષ્યમાત્રને અને પહેલું-બીજું અને ચોથું દેવ-નારકી તથા લબ્ધિધારી તિર્યંચ-મનુષ્યને એમ સર્વને આશ્રયી જાણવું. વૈક્રિયમિશ્ર કાયયોગમાં દેવ-નારકીને આશ્રયી પહેલું-બીજું અને ચોથું, લબ્ધિધારી તિર્યંચને પહેલું, બીજું, ચોથું અને પાંચમું તથા લબ્ધિધારી મનુષ્યોને ત્રીજા વિના એક થી છ સુધીનાં ગુણઠાણાં હોય છે. આહારક કાયયોગમાં છઠ્ઠું-સાતમું એમ બે, અને આહારકમિશ્રમાં માત્ર છઠ્ઠું જ ગુણસ્થાનક હોય છે. કાર્મણ કાયયોગમાં (વિગ્રહ ગતિને આશ્રયી) પહેલું, બીજું અને ચોથું તથા (કેવલીને આશ્રયી) તેરમું. એમ કુલ ૪ ગુણસ્થાનક હોય છે. આ પ્રમાણે વિશેષભેદ વાર યોગમાર્ગણા જાણવી.

આહારીમાર્ગણામાં ૧ થી ૧૩ ગુણઠાણાં હોય છે. તેરે ગુણસ્થાનકોમાં ઓજાહાર, લોમાહાર અને કવલાહાર પૈકી યથાયોગ્ય ક્યારેક એક પ્રકારનો આહાર અને ક્યારેક બે પ્રકારનો આહાર હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શુક્લલેશ્યામાં ૧ થી ૧૩ ગુણઠાણાં હોય છે. લેશ્યા એ યોગાન્તર્ગત વર્ગણા રૂપ છે માટે તેરમા સુધી હોય છે. ચૌદમે ગુણઠાણે ભગવાન અયોગી, અણાહારી, અને અલેશી હોય છે. આ પ્રમાણે આ ગાથામાં કુલ ૧૩ માર્ગણાની અંદર ગુણસ્થાનક કહ્યાં. ॥ ૨૨ ॥

**असन्निसु पढमदुगं, पढमतिलेसासु छच्च दुसु सत्त ।**
**पढमंतिमदुगअजया, अणहारे मग्गणासु गुणा ॥ २३ ॥**

(असंज्ञिषु प्रथमद्विकं, प्रथमत्रिलेश्यासु षट् च द्वयोः सप्त।
प्रथमान्तिमद्विकायतानि अणाहारे मार्गणासु गुणस्थानानि ॥ २३ ॥

**શબ્દાર્થ**

असन्निसु= અસંજ્ઞીમાર્ગણામાં,
पढमदुगं= પહેલાં બે ગુણસ્થાનક,
पढमतिलेसासु=પ્રથમની ત્રણ લેશ્યામાં,
छच्च= છ ગુણસ્થાનક,
दुसु सत्त= બે લેશ્યામાં સાત ગુણસ્થાનક,
पढमंतिमदुग= પહેલાં બે અને છેલ્લાં બે, તથા
अजया= અવિરતિ,
अणहारे= અણાહારી માર્ગણામાં,
मग्गणासु= એમ ૬૨ માર્ગણાઓમાં,
गुणा= ગુણસ્થાનક કહ્યાં.

**ગાથાર્થ** - અસંજ્ઞીમાર્ગણામાં પ્રથમનાં બે, પ્રથમની ત્રણ લેશ્યામાં છ, તેજો-પદ્મ એમ બે લેશ્યામાં પ્રથમનાં સાત, અને અણાહારીમાં પહેલાં બે, છેલ્લાં બે અને અવિરતિ એમ કુલ પાંચ ગુણસ્થાનકો હોય છે આ પ્રમાણે ૬૨ માર્ગણાઓમાં ગુણસ્થાનકો કહ્યાં ॥ ૨૩ ॥

**વિવેચન** - અસંજ્ઞીમાર્ગણા (કે જેમાં સંજ્ઞી પર્યાપ્ત - અપર્યાપ્ત વિના શેષ ૧૨ જીવભેદો છે તે માર્ગણા)માં મિથ્યાત્વ અને સાસ્વાદન એમ બે ગુણસ્થાનક હોય છે. ત્યાં મિથ્યાત્વ તો સર્વત્ર સંભવે જ છે. પરંતુ સાસ્વાદન બાદરએકેન્દ્રિય, વિકલેન્દ્રિય, અને અસંજ્ઞી પંચેન્દ્રિયમાં લબ્ધિપર્યાપ્તા અને કરણાપર્યાપ્તામાં પારભવિક સાસ્વાદન લઈને આવતો જન્મે તેને આશ્રયી કંઈક ન્યૂન છ આવલિકા કાળ સુધી જાણવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કૃષ્ણ-નીલ અને કાપોત લેશ્યામાં મિથ્યાત્વથી પ્રમત્ત સુધી છ ગુણસ્થાનક હોય છે. એકેક લેશ્યામાં મન્દ, મન્દતર, મન્દતમ, તીવ્ર, તીવ્રતર અને તીવ્રતમ ભેદે અસંખ્યલોકાકાશ પ્રદેશ પ્રમાણ અધ્યવસાય સ્થાનો હોય છે. તેથી કૃષ્ણાદિ લેશ્યાના મંદક્લેશવાળા અધ્યવસાયસ્થાનોમાં સમ્યક્ત્વ, દેશવિરતિ અને સર્વવિરતિનાં ગુણસ્થાનકો પણ સંભવે છે. ત્રીજા કર્મગ્રંથની પચ્ચીસમી ગાથામાં આ જ ત્રણલેશ્યામાં ૧ થી ૪ ગુણસ્થાનક કહ્યાં છે અને અહીં ૧ થી ૬ ગુણસ્થાનકો કહ્યાં છે. તે બન્નેનો પરસ્પરવિરોધ ન જાણવો. કારણ કે જ્યારે આ અશુભલેશ્યા પ્રવર્તતી હોય ત્યારે જીવ ૧ થી ૪ ગુણસ્થાનક જ પામી શકે છે, દેશવિરતિ-સર્વવિરતિ પામતા નથી, તેને **પ્રતિપદ્યમાન** કહેવાય છે. તે પ્રતિપદ્યમાનને આશ્રયી ત્રીજા કર્મગ્રંથમાં ૧ થી ૪ ગુણસ્થાનક કહ્યાં છે. અને અહીં પૂર્વ પ્રતિપન્નને આશ્રયી ૧ થી ૬ ગુણસ્થાનક કહ્યાં છે. એટલે કે તેજો, પદ્મ અને શુક્લાદિ શુભલેશ્યામાં દેશવિરતિ-સર્વવિરતિ પામ્યા પછી તે ગુણસ્થાનકો હોતે છતે કૃષ્ણાદિ અશુભલેશ્યા પણ આવી શકેછે. ગુણસ્થાનકોમાં ચડતો હોય, નવાં નવાં ગુણસ્થાનક પામતો હોય ત્યારે આ ત્રણ અશુભ લેશ્યામાં ૧ થી ૪ ગુણસ્થાનક જ હોય, પરંતુ શુભલેશ્યામાં પાંચમું-છઠ્ઠું પામી લીધા પછી આ અશુભ લેશ્યા આવી શકે છે. તે પૂર્વપ્રતિપન્ન કહેવાય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે "सम्यक्त्वदेशविरतिसर्वविरतीनां प्रतिपत्तिकाले शुभलेश्यात्रयमेव भवति, उत्तरकालं तु सर्वा अपि लेश्याः परावर्तन्तेऽपीति" તથા વિશેષાવશ્યકભાષ્યમાં પૂજ્યપાદ શ્રીજિનભદ્રગણિજી કહે છે કે-

सम्मत्तसुयं सव्वासु लहइ सुद्धासु तीसु य चारित्तं।
पुव्वपडिवन्नओ पुण अन्नयरीए उ लेसाए ॥ १॥

શ્રી ભગવતીજી સૂત્રમાં પણ કહ્યું છે કે-

सामाइयसंजए णं भंते कइलेसासु हुज्जा ? गोयमा ! छसु लेसासु होज्जा, एवं छेओवट्ठावणियसंजए वि" ઇત્યાદિ - આ પ્રમાણે અહીં પૂર્વપ્રતિપન્નને આશ્રયી પ્રથમની ત્રણ લેશ્યામાં ૧ થી ૬ ગુણસ્થાનક કહ્યાં છે.

તેજો અને પદ્મલેશ્યામાં ૧ થી ૭ સુધીનાં કુલ સાત ગુણસ્થાનક હોય છે. આ લેશ્યા શુભ હોવાથી પ્રતિપદ્યમાન અને પૂર્વપ્રતિપન્ન એમ બન્નેને સાત ગુણસ્થાનક જાણવાં. કારણ કે આ લેશ્યા શુભ હોવાથી અપ્રમત્ત ગુણઠાણા સુધીના અધ્યવસાયો પણ સંભવી શકે છે., એકેક લેશ્યામાં અસંખ્યલોકાકાશ પ્રદેશ પ્રમાણ તરતમભાવે અધ્યવસાયસ્થાનો હોય છે. તેથી મન્દવિશુદ્ધિ, મન્દતરવિશુદ્ધિ અને મન્દતમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિશુદ્ધિવાળા અધ્યવસાય સ્થાનોમાં મિથ્યાત્વાદિ પ્રારંભનાં ગુણસ્થાનકો હોય છે અને તીવ્રવિશુદ્ધિ, તીવ્રતરવિશુદ્ધિ અને તીવ્રતમ વિશુદ્ધિવાળા અધ્યવસાયસ્થાનોમાં સમ્યક્ત્વ-દેશવિરતિ-પ્રમત્ત અને અપ્રમત્તાદિ ગુણસ્થાનકો સંભવે છે. જેમ પચાસ માળનું ઉંચું એક મકાન હોય તેમાં કોઈ નીચેના માળે રહે, કોઈ વચ્ચેના માળે રહે, અને કોઈ ઉપરના માળે રહે છતાં એક મકાનમાં બધા રહે છે એમ કહેવાય છે. તેમ કોઈ મંદાદિ અને કોઈ તીવ્રાદિ અધ્યવસાયસ્થાનમાં હોય તો પણ તે સર્વે તેજોલેશ્યામાં કે પદ્મલેશ્યામાં છે એમ કહેવાય છે.

અણાહારી માર્ગણામાં ૧, ૨, ૪, ૧૩ અને ૧૪ એમ કુલ પાંચ ગુણસ્થાનકો હોય છે. ૧, ૨ અને ૪ વિગ્રહગતિમાં, તથા ૧૩મું કેવલી સમુદ્‌ઘાતમાં હોય છે. ચૌદમે સદા અણાહારી જ છે. કારણ કે ચૌદમે ગુણઠાણે યોગરહિત હોવાથી ઔદારિકાદિ શરીરને પોષક પુદ્‌ગલોનું ગ્રહણ નથી. આ પ્રમાણે ૧૯મી ગાથામાં ૧૮, વીસમી ગાથામાં ૧૪, એકવીસમી ગાથામાં ૧૦, બાવીસમી ગાથામાં ૧૩ તથા ત્રેવીસમી ગાથામાં ૭ એમ ૬૨ માર્ગણાઓમાં ગુણસ્થાનકો કહ્યાં. (તેનું વધુ સ્પષ્ટ ચિત્ર (કોષ્ટક-ટેબલ) પૃષ્ઠ નં. ૧૨૦ ઉપર આપેલ છે.) ॥ ૨૩ ॥

હવે આ જ ૬૨ માર્ગણાસ્થાનોમાં યોગ કહેવાના છે. તેથી પ્રથમ યોગના ૧૫ ભેદો સમજાવે છે.

**सच्चेअर मीस असच्चमोस मण वइ विउव्विआहारा ॥**
**उरलं मीसा कम्मण, इय जोगा कम्ममणाहारे ॥ २४ ॥**

(सत्येतरमिश्रासत्यामृषा मनोवचसोः वैक्रियाहारकौ ।
औदारिकं मिश्राः कार्मणमिति योगाः, कार्मणमनाहारे ॥ २४ ॥)

**શબ્દાર્થ-**

सच्चेअर= સત્ય અને અસત્ય,
मीस= મિશ્ર,
असच्चमोस= અસત્યામૃષા,
मण= મનયોગ,
वइ= વચનયોગ,
विउव्वि= વૈક્રિયકાયયોગ,
आहारा= આહારક,

उरलं= ઔદારિક,
मीसा= ત્રણે મિશ્રયોગ,
कम्मण= કાર્મણકાયયોગ,
इय= આ પ્રમાણે,
जोगा= કુલ પંદર યોગો છે.
कम्ममणाहारे= અણાહારીમાં કાર્મણકાયયોગ હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ** :- સત્ય, અસત્ય, મિશ્ર, અસત્યામૃષા, એમ ચાર મનયોગ એ જ પ્રમાણે ચાર વચનયોગ, વૈક્રિય, આહારક, ઔદારિક, આ જ ત્રણ મિશ્ર તથા કાર્મણ આ પ્રમાણે પંદર યોગો છે. અણાહારીમાં એક કાર્મણયોગ હોય છે. ॥ ૨૪ ॥

**વિવેચન** :- મન-વચન અને કાયાના આલંબને કરીને આત્મપ્રદેશોમાં થતો જે વીર્યનો વ્યાપાર તે યોગ કહેવાય છે. તેનાથી આત્મપ્રદેશો ચલિત થાય છે. તે યોગનાં આલંબનો ત્રણ હોવાથી યોગના મુખ્યભેદ ત્રણ છે. મનયોગ, વચનયોગ અને કાયયોગ. ત્યાં મનયોગના ચાર ઉત્તરભેદ છે. (૧) સત્યમનયોગ, (૨) અસત્યમનયોગ, (૩) સત્યાસત્ય (મિશ્ર) મનયોગ, (૪) અસત્યામૃષામનયોગ. સત્ય શબ્દમાં સત્ શબ્દથી હિત અર્થમાં य તદ્ધિતપ્રત્યય થયેલ છે. સત્ એટલે મુનિપુરુષો-સત્પુરુષો-સંતો, અથવા સત્ એટલે ઘટપટાદિ પદાર્થો એમ બે અર્થ થાય છે. તેઓના હિતને કરનારા જે વિચારો તે સત્યમનયોગ, મુનિપુરુષોને આશ્રયી મુક્તિની પ્રાપ્તિ થાય તેવા અને પદાર્થને આશ્રયી યથાર્થ- જે પદાર્થ જેમ હોય તે પદાર્થ સંબંધી તેવા વિચારો તે સત્યમનયોગ કહેવાય છે. તીર્થંકર ભગવન્તોએ જે વસ્તુ નિત્યાનિત્ય-ભિન્નાભિન્ન આદિ અનેક ધર્મવાળી જેમ કહી છે તેમ વિચારવી તે સત્ય મનયોગ. તેનાથી વિરુદ્ધ વિચારો કરવા તે અસત્ય મનયોગ. કોઈ પણ એક ધર્મને જ સ્વીકારી બીજાનો અપલાપ કરનારા જે વિચારો તે અસત્ય મનયોગ. કંઈક સત્ય અને કંઈક અસત્ય એવા જે વિચારો તે સત્યાસત્યમનયોગ. જેમ કે ધવ-ખદિર-પલાશ અને અશોકાદિ વૃક્ષોવાળા વનને ''આ અશોકવન છે'' એમ જે વિચારવું તે. તથા જે સત્ય પણ ન હોય અને અસત્ય પણ ન હોય તે અસત્યામૃષા. જેમ કે गामानय, घटमानय ઈત્યાદિ વ્યવહાર માટેના જે વિચારો. આવા વિચારોથી જિનેશ્વરનું વચન આરાધાતું પણ નથી માટે સત્ય પણ નથી અને જિનેશ્વરનુ વચન વિરાધાતું પણ નથી માટે અસત્ય પણ નથી.

જેમ મનયોગ ચાર પ્રકારનો છે. તેમ વચનયોગ પણ ચાર પ્રકારનો છે. મનયોગ વિચારવા રૂપ છે. અને વચનયોગ બોલવા સ્વરૂપ છે.

કાયયોગના સાત ભેદ છે. (૧) વૈક્રિયકાયયોગ બે પ્રકારનો છે ઔપપાતિક અને લબ્ધિપ્રત્યયિક. દેવ-નારકીને ઔપપાતિક અને વૈક્રિય લબ્ધિવાળા તિર્યંચ-મનુષ્ય અને વાઉકાયને લબ્ધિપ્રત્યયિક હોય છે. (૨) વૈક્રિયમિશ્રયોગ દેવ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નારકીને ઉત્પત્તિના બીજા સમયથી કરણાપર્યાપ્તાવસ્થામાં કાર્મણની સાથે, તથા વૈક્રિયની રચના કરનારા તિર્યંચ-મનુષ્ય અને વાઉકાયને પ્રારંભકાળે (અને મતાન્તરે પરિત્યાગકાળે) ઔદારિકની સાથે મિશ્ર હોય છે. (૩) ચૌદપૂર્વધર મુનિઓ તીર્થંકર પરમાત્માની ઋદ્ધિ જોવા અથવા પ્રશ્ન પુછવા મહાવિદેહમાં જવા જે શરીર બનાવે તે કાળે આહારકકાયયોગ. (૪) તેના પ્રારંભકાળે (અને મતાન્તરે પરિત્યાગકાળે) ઔદારિકની સાથે આહારકમિશ્ર. (૫) એકેન્દ્રિયાદિ સર્વ તિર્યંચોને તથા સર્વ મનુષ્યોને પર્યાપ્તાવસ્થામાં ઔદારિક કાયયોગ. અને (૬) ઉત્પત્તિના બીજા સમયથી અપર્યાપ્તાવસ્થામાં તિર્યંચ અને મનુષ્યોને તથા કેવલી સમુદ્ઘાતમાં બીજા-છઠ્ઠા અને સાતમા સમયે ઔદારિકમિશ્રકાયયોગ કાર્મણની સાથે હોય છે. તથા (૭) ચારે ગતિના સર્વ જીવોને વિગ્રહગતિમાં અને ઉત્પત્તિના પહેલા સમયે તથા કેવલી સમુદ્ઘાતના ત્રીજા-ચોથા અને પાંચમા સમયે કાર્મણકાયયોગ હોય છે. આ પ્રમાણે પંદર યોગ સમજાવ્યા. હવે ૬૨ માર્ગણા ઉપર તે યોગો વિચારીએ.

અણાહારી માર્ગણામાં માત્ર એક કાર્મણકાયયોગ જ હોય છે. કારણ કે અણાહારીપણું વિગ્રહગતિમાં અને કેવલીસમુદ્ઘાતમાં ત્રીજા, ચોથા અને પાંચમા સમયે હોય છે. અને તે સમયે જીવ નિયમા માત્ર કાર્મણકાયયોગવાળો જ હોય છે. બીજા યોગો હોય ત્યારે અણાહારી અવસ્થા સંભવતી નથી. ।। ૨૪ ।।

**नरगइ पणिंदि तस तणु, अचक्खु नर नपु कसाय सम्मदुगे।**
**सन्नि छलेसाहारग, भव मइसुओहिदुगि सव्वे॥ २५॥**

(नरगतिपञ्चेन्द्रियत्रसतन्वचक्षुर्नरनपुंसककषायसम्यक्त्वद्विके
संज्ञिषड्लेश्याहारक भव्यमतिश्रुतावधिद्विके सर्वे॥ २५॥)

**શબ્દાર્થ-**

**नरगइ**= મનુષ્યગતિ,
**पणिंदिय**= પંચેન્દ્રિયજાતિ,
**तस**= ત્રસકાય,
**तणु**= કાયયોગ,
**अचक्खु**= અચક્ષુદર્શન,
**नर**= પુરુષવેદ,
**नपु**= નપુંસકવેદ,
**कसाय**= ચારકષાય,
**सम्मदुगे**= બે સમ્યક્ત્વ,
**सन्नि**= સંજ્ઞીમાર્ગણા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| छलेस= છ લેશ્યા, | मइसुओहिदुगि= મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, |
| आहारग= આહારી, | અને અવધિદ્વિકમાં |
| भव= ભવ્ય, | सव्वे= સર્વ યોગ હોય છે. |

**ગાથાર્થ** :- મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, કાયયોગ, અચક્ષુ દર્શન, પુરુષવેદ, નપુંસકવેદ, ચાર કષાય (ક્રોધાદિ), બે સમ્યક્ત્વ, સંજ્ઞી, છ લેશ્યા, આહારી, ભવ્ય, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિદ્વિકમાં સર્વ યોગો હોય છે.॥૨૫॥

**વિવેચન** :- મનુષ્યગતિ, પંચેન્દ્રિય જાતિ, ત્રસકાય, કાયયોગ, અચક્ષુ દર્શન, પુરુષવેદ, નપુંસકવેદ, ક્રોધ, માન, માયા, લોભ, ક્ષાયોપશમિક સમ્યક્ત્વ. ક્ષાયિકસમ્યક્ત્વ, સંજ્ઞી, કૃષ્ણાદિ છ લેશ્યા, આહારી, ભવ્ય, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને અવધિદર્શન એમ કુલ ૨૬ માર્ગણામાં પંદરે પંદર યોગો હોય છે. ઉપરોક્ત માર્ગણાઓમાં જુદા જુદા કાળે ભિન્ન ભિન્ન જીવને આશ્રયી સર્વ યોગની પ્રાપ્તિ સંભવે છે.

**પ્રશ્ન** :- આ ૨૬ માર્ગણામાં "આહારી" માર્ગણામાં ૧૫ યોગ જે કહ્યા. તેમાં કાર્મણ કાયયોગ કેવી રીતે સંભવે ? કારણ કે કાર્મણ કાયયોગ તો વિગ્રહગતિમાં અને કેવલીસમુદ્ઘાતમાં ૩-૪-૫ સમયમાં હોય છે. તે કાળે જીવ અણાહારી જ હોય છે.

**ઉત્તર** :- સંસારી સર્વે જીવોને ચારે ગતિમાં વિગ્રહગતિમાં જેમ કાર્મણ કાયયોગ હોય છે. તેમ ઉત્પત્તિના પ્રથમ સમયે પણ કાર્મણ કાયયોગ જ હોય છે અને તે કાળે સર્વે જીવોને "ઓજાહાર" હોવાથી આહારી માર્ગણા છે. માટે આ ઉત્પત્તિના પ્રથમસમય માત્રની અપેક્ષાએ આહારીમાં કાર્મણકાયયોગ સંભવે છે.

**પ્રશ્ન** :- કોઈ કોઈ પ્રાચીન પ્રતોમાં "जोगा अकम्मगाहारगेसु" પાઠ છે અને તેનો અર્થ આહારી માર્ગણામાં કાર્મણકાયયોગ વિના શેષ ૧૪ યોગ હોય છે. એમ થાય છે. તે કેવી રીતે સંભવે ?

**ઉત્તર** :- આ પાઠ બરાબર સમ્યગ્પ્રકારે સમજાતો નથી. કારણ કે ઋજુગતિએ જીવ જાય કે વક્રગતિએ જીવ જાય તો પણ ઉત્પત્તિના પ્રથમ સમયે જીવ કાર્મણકાયયોગ વડે આહાર ગ્રહણ કરે એવો શાસ્ત્રપાઠ જોવા મળે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**जोएणं कम्मएणं आहारेई अणंतरं जीवो ।**
**तेण परं मीसेणं, जाव सरीरस्स निप्फत्ती ॥**

આવું પરમમુનિઓનું વચન પ્રમાણ હોવાથી તથા કર્મગ્રંથ આદિમાં પણ આ જ પ્રસિદ્ધિ હોવાથી ઉત્પત્તિના પ્રથમ સમયે કાર્મણ કાયયોગ હોય જ છે. તેથી ઉપરનો પાઠ બરાબર સમજાતો નથી.

**પ્રશ્ન-** ઉત્પત્તિના પ્રથમ સમયે જીવ "ઔદારિક પુદ્ગલો ગ્રહણ કરે છે" તેથી ઓજાહાર છે અને જીવ આહારી છે. પરંતુ "**गृह्यमाणं गृहीतम्**" ગ્રહણ કરાતાને ગ્રહણ કરાયું જ છે એમ માનીને નિશ્ચયનયથી ઉત્પત્તિના પ્રથમ સમયે પણ (દ્વિતીયાદિ સમયોની જેમ જ) કાર્મણની સાથે ઔદારિકકાયયોગની મિશ્રતા માનીએ અને પ્રથમ સમયે ઔદારિક મિશ્રયોગ માનીએ તો આહારી માર્ગણામાં કાર્મણ કાયયોગ વિના શેષ ૧૪ યોગ હોય એ પાઠ શું સંગત ન થાય ?

**ઉત્તર-** આ સંગતિ ઉચિત નથી. કારણ કે જે ઔદારિકનાં પુદ્ગલો પ્રથમસમયે ગૃહ્યમાણ છે. તેને નિશ્ચયનયથી ગૃહીત કહી શકાય છે. **कडेमाणे कडे** ના ન્યાયથી ગૃહીત મનાય, પરંતુ તે ઔદારિકનાં પુદ્ગલો ગૃહ્યમાણ હોવાથી (દ્વિતીયા વિભક્તિ યોગ્ય) કર્મરૂપ જ બને છે. કરણરૂપ બનતાં નથી. પોતે જ્યારે કર્મસ્વરૂપે ક્રિયમાણ હોય ત્યારે સ્વક્રિયા પ્રત્યે તૃતીયા વિભક્તિ યોગ્ય કરણ થઈ શકતાં નથી. તેથી આલંબન રૂપ ન બનવાથી યોગ કહેવાતો નથી, જેમ ઘટ કરાતો હોય ત્યારે ક્રિયમાણ હોવાથી કર્મરૂપ ગણાય છે. પરંતુ કરણરૂપ બનતો નથી. માટે આ સંગતિ ઉચિત નથી. તેથી પ્રથમ સમયે કાર્મણકાયયોગ જ છે અને આહારી છે. આ પ્રમાણે આહારી માર્ગણામાં કાર્મણકાયયોગ સાથે ૧૫ યોગ સંભવે છે.

તથા વિગ્રહગતિમાં વિશેષોપયોગ તરીકે જેમ મતિ-શ્રુત-અને અવધિજ્ઞાન હોય છે. તેમ સામાન્યોપયોગ તરીકે મતિ-શ્રુતવાળાને અચક્ષુદર્શન, અને મતિ-શ્રુત-અવધિવાળાને અચક્ષુદર્શન તથા અવધિદર્શન ઉપયોગ પણ હોય છે. ભલે ઇન્દ્રિયોની રચનાનો કે શરીરની રચનાનો પ્રારંભ વિગ્રહગતિમાં નથી તેથી ઇન્દ્રિય પર્યાપ્તિની સમાપ્તિની પૂર્વે જેમ ચક્ષુદર્શન નથી હોતું તેવી જ રીતે વિગ્રહગતિમાં કાર્મણ કાયયોગમાં શેષ ઇન્દ્રિયોની રચના પણ ન હોવાથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અચક્ષુદર્શન પણ સંભવતું નથી તો પણ "ઉપયોગ" એ જીવનું લક્ષણ હોવાથી જેમ જ્ઞાનોપયોગ હોય છે. તેમ દર્શનોપયોગ તરીકે આ ઉપયોગ પણ હોય જ છે. માટે અચક્ષુ અને અવધિ દર્શનમાં કાર્મણકાયયોગાદિ ૧૫ યોગ કહ્યા છે. આ ગાથામાં ૨૬ માર્ગણામાં યોગ કહ્યા છે. ॥ ૨૫ ॥

**तिरि इत्थि अजय, सासण, अनाण उवसम अभव्व मिच्छेसु।**
**तेराहारदुगूणा, ते उरलदुगूण सुरनिरए॥ २६॥**

(तिर्यक्स्त्र्ययतसास्वादनाज्ञानोपशमाभव्यमिथ्यात्वेषु।
त्रयोदशाहारकद्विकोनाः, तयौदारिकद्विकोना सुरनरकयोः॥ २६॥)

**શબ્દાર્થ-**

तिरि= તિર્યંચગતિ,
इत्थि= સ્ત્રીવેદ,
अजय= અવિરતિચારિત્ર,
सासण= સાસ્વાદન,
अनाण= અજ્ઞાન,
उवसम= ઉપશમ,
अभव्व= અભવ્ય,
मिच्छेसु= મિથ્યાત્વ,
तेर= તેર યોગો,
आहारदुगूणा= આહારકદ્વિક વિના,
ते= તે જ તેર યોગો,
उरलदुगूण= ઔદારિકદ્વિક વિના,
सुरनिरए= દેવ-નરકમાં હોય છે.

**ગાથાર્થ** :- તિર્યંચગતિ, સ્ત્રીવેદ, અવિરતિચારિત્ર, સાસ્વાદન, ત્રણ અજ્ઞાન, ઉપશમસમ્યક્ત્વ, અભવ્ય અને મિથ્યાત્વ એમ કુલ ૧૦ માર્ગણાસ્થાનોમાં આહારકદ્વિક વિના ૧૩ યોગો હોય છે. આ જ તેર યોગોમાંથી ઔદારિકદ્વિક વિના ૧૧ યોગો દેવ-નરકગતિમાં હોય છે. ॥ ૨૬ ॥

**વિવેચન**- તિર્યંચગતિ, સ્ત્રીવેદ, અવિરતિચારિત્ર, સાસ્વાદન, મતિ અજ્ઞાનાદિ ત્રણ અજ્ઞાન, ઔપશમિકસમ્યક્ત્વ, અભવ્ય અને મિથ્યાત્વ એમ કુલ ૧૦ માર્ગણાઓમાં આહારકદ્વિક વિના શેષ ૧૩ યોગ હોય છે. ત્યાં તિર્યંચગતિમાં સર્વવિરતિ ન હોવાથી દષ્ટિવાદનો અભ્યાસ નથી. અને દષ્ટિવાદના અભ્યાસ વિના આહારકશરીરનો સંભવ નથી. તેથી તિર્યંચગતિમાં આહારકકાયયોગ અને આહારકમિશ્રકાયયોગ ઘટતા નથી. વૈક્રિય લબ્ધિ કોઈક પંચેન્દ્રિય તિર્યંચ અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાઉકાય તિર્યંચને ઘટે છે. માટે વૈક્રિય-વૈક્રિયમિશ્ર હોય છે. તથા વિગ્રહગતિમાં અને ઉત્પત્તિના પ્રથમસમયે કાર્મણ, દ્વિતીયાદિ સમયે ઔદારિકમિશ્ર, અને પર્યાપ્તાવસ્થામાં ઔદારિકકાયયોગ, મનના ચાર અને વચનના ચાર એમ કુલ તેર યોગો તિર્યંચગતિમાં સંભવે છે.

સ્ત્રીવેદમાં પણ આહારદ્વિક વિના તેર યોગ હોય છે. આ યોગદ્વારમાં અને હવે પછીના કહેવાતા ઉપયોગ દ્વારમાં સ્ત્રીઆકારે શરીરની રચના રૂપ "દ્રવ્યવેદ" સમજવો. પૂર્વે ગુણસ્થાનકમાં ગાથા ૨૦મીમાં "ભાવવેદ"ને આશ્રયી વિવક્ષા હતી. અહીં દ્રવ્યવેદ આશ્રયી વિવક્ષા કરી છે. સ્ત્રીઆકારે શરીરવાળા દ્રવ્યવેદી જીવોને ચૌદપૂર્વોના અધ્યયનનો શાસ્ત્રમાં નિષેધ હોવાથી તે બે યોગ વિના શેષ તેર યોગ હોય છે. એમ જાણવું. સ્ત્રીજીવોમાં જાતિમાત્ર આશ્રયી પ્રકૃતિદોષો ઘણા હોય છે. તેથી વિશિષ્ટ શ્રુતના અભ્યાસનો નિષેધ છે. વિશેષાવશ્યકભાષ્યમાં શ્રીજિનભદ્રગણિજીએ કહ્યું છે કે-

तुच्छा गारवबहुला, चलिंदिया दुब्बला धिईए य।
इय अइसेसज्झयणा, भूयावादो य नो थीणं॥ १॥

**પ્રશ્ન** :- સ્ત્રીજીવોમાં સંયમ લેવા છતાં પ્રકૃતિદોષો હોવાથી ઉપર કહ્યા મુજબ દૃષ્ટિવાદાદિ અતિશયવાળાં અધ્યયનો ભણવારૂપ "શ્રુતજ્ઞાન" જો ન હોય તો તેનાથી અનેકગણું ચડીયાતું કેવળજ્ઞાન કેમ ઘટે ? અને મલ્લિનાથ-મૃગાવતી-ચંદનબાળા-બ્રાહ્મી-સુંદરી આદિ અનેક સ્ત્રીઓને કેવળજ્ઞાન થયાનો ઉલ્લેખ તો શ્વેતાંબરામ્નાયમાં મળે જ છે. તો વિશિષ્ટ શ્રુતજ્ઞાન ન થાય તે જાતિમાં કેવલજ્ઞાન કેમ ? અને જો કેવલજ્ઞાન થાય તો વિશિષ્ટ શ્રુતજ્ઞાન કેમ નહીં ?

**ઉત્તર** :- કેવલજ્ઞાન મોહક્ષય થયા પછી થાય છે. અને શ્રુતજ્ઞાન સમોહદશામાં થાય છે. મોહક્ષય જ્યારે થાય છે ત્યારે પ્રકૃતિદોષો મોહજન્ય હોવાથી નષ્ટ થાય છે. અને શ્રુતજ્ઞાનકાળે મોહવાળી દશા છે. માટે ત્યાં પ્રકૃતિદોષો હોય છે. તેથી વિશિષ્ટ શ્રુતજ્ઞાનનો સ્ત્રીઓને નિષેધ છે.

અવિરતિ-સાસ્વાદન-અને ત્રણ અજ્ઞાનમાં છઠ્ઠા ગુણસ્થાનકનો સંભવ જ નથી તેથી આહારકદ્વિક નથી. ઉપશમસમ્યક્ત્વમાં પ્રાથમિક ઉપશમ અને શ્રેણીસંબંધી ઉપશમ એમ બે પ્રકારનું ઉપશમ છે. ત્યાં પ્રાથમિક ઉપશમ કાલે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવ મિથ્યાત્વથી આવતો હોવાથી ચૌદપૂર્વનો અભ્યાસ સંભવતો નથી માટે આહારકદ્વિક ન હોય, અને શ્રેણીસંબંધી ઉપશમ અપ્રમત્તથી શરૂ થાય છે. જો કે શ્રેણી સંબંધી ઉપશમ પામ્યા પછી સેંકડો વાર છઠ્ઠે-સાતમે પરાવર્તન કરે છે. ત્યારે ચૌદપૂર્વનો અભ્યાસ સંભવી શકે છે. આહારકલબ્ધિ પણ સંભવી શકે છે. પરંતુ આહારકની રચના (વિકુર્વણા) સંભવતી નથી. કારણ કે એક શરીરમાંથી બીજા શરીરની રચના કરવી તેમાં ઔત્સુકયતા અધિક હોવાથી ઉપશમસમ્યક્ત્વ કાળે તે વિકુર્વણા સંભવતી નથી આ પ્રમાણે શ્રેણીસંબંધી ઉપશમમાં વિશિષ્ટ વિશુદ્ધિ અપેક્ષિત હોવાથી ઉપશમમાં આહારકદ્વિકયોગ નથી. જો કે પ્રમત્તે આહારક બનાવી અપ્રમત્તે જીવ આવી શકે છે ત્યારે અપ્રમત્ત ગુણઠાણે પણ (આહારક મિશ્ર કાયયોગ ભલે નથી સંભવતો પરંતુ) આહારક કાયયોગ સંભવે છે તો પણ તે કાલે બે શરીરોમાં જીવ વ્યસ્ત હોવાથી શ્રેણીસંબંધી ઉપશમ સંભવી શકતું નથી. માટે તેર યોગ બરાબર છે.

**પ્રશ્ન :-** જો શરીરરચના એ પ્રમાદ હોય અને ઉપશમમાં વિશિષ્ટ વિશુદ્ધિ હોવાથી આહારકદ્વિકયોગ ન હોય તો વૈક્રિયદ્વિકયોગ કેવી રીતે હોય ? કારણ કે તે પણ લબ્ધિસ્વરૂપ હોઈ તેની વિકુર્વણા કરતાં પ્રમાદ તો આવે જ છે.

**ઉત્તર :-** શ્રેણી સંબંધી ઉપશમમાં વૈક્રિયદ્વિક યોગ પણ પ્રમાદ હોવાથી મનુષ્યગતિમાં સંભવતો નથી. પણ અગિયારમે ગુણઠાણે ગયેલા જે જીવો છે. તેમાં જે ભવક્ષયે મરીને અનુત્તરમાં (અથવા વૈમાનિકમાં) જનારા છે. તેઓને વિગ્રહગતિમાં અને ઉત્પત્તિના પ્રથમ સમયે કાર્મણ, અને બીજા સમયથી અપર્યાપ્તાવસ્થામાં વૈક્રિયમિશ્રયોગ ઘટે છે. જે આચાર્યો ઉપશમશ્રેણીથી મરીને ઉપશમસમ્યક્ત્વ લઈને અનુત્તરમાં (અથવા વૈમાનિકમાં) જીવ જાય છે. એમ માને છે. તેમના મતે આ સંભવે છે. તથા પર્યાપ્તાવસ્થામાં દેવ-નરકના ભવમાં નવું પ્રાથમિક ઉપશમસમ્યક્ત્વ પામી શકે છે અને તે કાલે વૈક્રિય કાયયોગ પણ ઘટે છે. આ રીતે ઉપશમમાં કાર્મણ તથા વૈક્રિયદ્વિક યોગ સંભવે છે. જે આચાર્યો અગિયારમેથી મરી અનુત્તરમાં અથવા વૈમાનિકમાં જનારા જીવને સમ્યક્ત્વ-મોહનીયનો ઉદય થવાથી ક્ષયોપશમ થાય છે એમ માને છે અથવા અગિયારમેથી મરી અનુત્તરમાં જનારા જીવને ક્ષાયિક જ હોય છે એમ માને છે. તેઓના મતે ઉપશમસમ્યક્ત્વમાં કાર્મણ અને વૈક્રિયમિશ્રયોગ સંભવતો નથી. પરંતુ કર્મગ્રંથકારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે મત અહીં વિવક્ષ્યો નથી. આ પ્રમાણે અહીં ઉપશમસમ્યક્ત્વમાં તેર યોગ કહ્યા. તેમાં આહારકદ્વિક યોગ કેમ ન હોય ? અને વૈક્રિયદ્વિકયોગ કેવી રીતે હોય ? તે સમજાવ્યું. પરંતુ "કાર્મણકાયયોગ તથા ઔદારિકદ્વિકયોગ"ની બાબતમાં કંઈક સૂક્ષ્મ જાણવા જેવું છે. તે હવે વિચારીએ. પર્યાપ્તા તિર્યંચ-મનુષ્યો પ્રાથમિક ઉપશમસમ્યક્ત્વ પામે ત્યારે અને પર્યાપ્તા મનુષ્યો ઉપશમશ્રેણી સંબંધી ઉપશમ પામે ત્યારે ઔદારિકકાયયોગવાળા હોય છે. અગિયારમેથી મરીને અનુત્તરમાં ઉપશમ લઈને જાય તે મતે વિગ્રહગતિમાં કાર્મણ કાયયોગ સંભવે છે. પરંતુ "ઔદારિકમિશ્રકાયયોગ" ક્યાંય સંભવતો નથી. કારણ કે અગિયારમે ભવક્ષયે જે મૃત્યુ પામે છે તે નિયમા અનુત્તરમાં (અથવા વૈમાનિકમાં જ) જતા હોવાથી ત્યાં અપર્યાપ્તાવસ્થામાં વૈક્રિયમિશ્ર જ હોય છે. પરંતુ ઔદારિકમિશ્રકાયયોગ હોતો નથી. અને જે પ્રાથમિક ઉપશમ સમ્યક્ત્વ પામે છે તે ચારે ગતિના પર્યાપ્ત પંચેન્દ્રિય જીવો મૃત્યુ, આયુષ્યબંધ, અનંતાનુબંધીનો બંધ અને ઉદય આ ચાર કાર્યો કરતા નથી. મૃત્યુ વિના અપર્યાપ્તાવસ્થા આવતી નથી. અને અપર્યાપ્તાવસ્થા વિના ઔદારિકમિશ્રકાયયોગ સંભવતો નથી. તથા મિથ્યાત્વી જીવ મૃત્યુ પામી પરભવમાં જાય ત્યાં અપર્યાપ્તાવસ્થામાં નવું ઉપશમ પામી શકાતું નથી. કારણ કે પર્યાપ્તા જીવ જ સમ્યક્ત્વ પામે છે. આ રીતે વિચાર કરતાં ઉપશમસમ્યક્ત્વમાં "ઔદારિકમિશ્રકાયયોગ" ક્યાંય સંભવતો નથી. છતાં ગ્રંથકારે મૂળમાં કહ્યો છે. ટીકામાં કંઈ ખુલાસો નથી. તેથી વિદ્વાન પુરુષોએ વિચારવું.[1]

**પ્રશ્ન** :-વૈક્રિય શરીરની લબ્ધિવાળા પર્યાપ્તા મનુષ્ય-તિર્યંચો લબ્ધિથી વૈક્રિયશરીરની રચના કરે ત્યારે સિદ્ધાન્તકાર પ્રારંભમાં ઔદારિકમિશ્ર માને છે. તેને આશ્રયી અહીં ઉપશમસમ્યક્ત્વમાં "ઔદારિકમિશ્રકાયયોગ" કહ્યો હશે એમ માની શકાય ખરું ?

**ઉત્તર** :- ના, આ કલ્પના બરાબર નથી. કારણ કે વૈક્રિય અને આહારકની રચનાકાળે ઔદારિકમિશ્રકાયયોગ હોય છે આ માન્યતા સિદ્ધાન્તકારની છે. કર્મગ્રંથકારની નથી. આ વાત કર્મગ્રંથકાર પોતે જ "सासणभावे नाणं" ઇત્યાદિ

---

૧. પ્રાથમિક ઉપશમવાળા સાસ્વાદને આવી મૃત્યુ પામે છે. પરભવમાં પણ જાય છે. ત્યારે સાસ્વાદનકાળે "ઔદારિકમિશ્રકાયયોગ" સંભવે છે આ અવસ્થા ઉપશમની ભૂમિકા જ હોવાથી ઉપશમસમ્યક્ત્વ માની એ તો ગ્રંથકારનો મત સંગત થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ જ કર્મગ્રંથની ગાથા ૪૯માં કહેવાના છે. છતાં સિદ્ધાન્તકારના મતે વૈક્રિયની રચનાકાળે ઔદારિકમિશ્ર કાયયોગ સંભવે છે. પરંતુ વૈક્રિયની રચનાવાળા જીવો પ્રમાદયુક્ત હોવાથી ઉપશમ પામી શકતા નથી. માટે ઉપશમમાં તે મત પ્રમાણે પણ ઔ. મિશ્ર સંભવતો નથી. તેથી આ ગૂઢ પ્રશ્ન વિદ્વાન પુરૂષોએ વિચારવો.

અભવ્ય અને મિથ્યાત્વમાં તો છઠ્ઠું ગુણસ્થાનક ન હોવાથી આહારકના યોગનું દ્વિક ન ઘટે, શેષ યોગ સંભવે તે સમજાય તેમ છે.

દેવગતિ અને નરકગતિમાં ચાર જ ગુણસ્થાનક હોવાથી સર્વવિરતિ ન હોવાથી આહારક અને આહારમિશ્રયોગ તો ઘટતો નથી. પરંતુ ઔદારિકશરીર નામકર્મનો ઉદય ન હોવાથી અને સાતધાતુમય ઔદારિક શરીર ન હોવાથી ઔદારિકકાયયોગ તથા ઔદારિકમિશ્રકાયયોગ પણ ઘટતા નથી. બાકીના ૪ મનના, ૪ વચનના, વૈક્રિયકાયયોગ, વૈક્રિયમિશ્રકાયયોગ અને કાર્મણકાયયોગ એમ ૧૧ યોગો સંભવે છે. આ પ્રમાણે આ ગાથામાં કુલ ૧૨ માર્ગણામાં યોગો કહ્યા. ॥૨૬॥

**कम्मुरलदुगं थावरि, ते सविउव्विदुग पंच इगि पवणे।**
**छ असन्नि चरमवइजुय, ते विउव्विदुगूण चउ विगले॥ २७॥**

(कार्मणौदारिकद्विकं स्थावरे, ते सवैक्रियद्विकाः पञ्चैकेन्द्रिये पवने।
षडसंज्ञिनि चरमवचोयुताः, ते वैक्रियद्विकोनाश्चत्वारो विकले॥ २७॥)

**શબ્દાર્થ-**

कम्मुरलदुगं=કાર્મણ અને ઔદારિકદ્વિક,
थावरि= સ્થાવરમાં,
ते= ઉપર કહેલ ત્રણ યોગો,
सविउव्विदुग= વૈક્રિયદ્વિક સહિત,
पंच= પાંચ યોગો,
इगि=એકેન્દ્રિય અને
पवणे= વાયુકાયમાં,
छ= છ યોગો,
असन्नि= અસંજ્ઞી માર્ગણામાં,
चरिमवइजुअ= છેલ્લા વચનયોગ સહિત.
ते= ઉપરના છ યોગોમાંથી,
विउव्विदुगूण= વૈક્રિયદ્વિકવિના,
चउ= ચાર યોગો,
विगले=વિકલેન્દ્રિયમાં હોય છે.

**ગાથાર્થ** :- સ્થાવરમાં કાર્મણ અને ઔદારિકદ્વિકયોગ હોય છે. એકેન્દ્રિય અને વાઉકાયમાં તે જ ત્રણ યોગો વૈક્રિયદ્વિક સહિત કુલ પાંચ યોગો હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અસંજ્ઞિ માર્ગણામાં આ પાંચ યોગો છેલ્લા વચન યોગ સહિત કુલ છ યોગ હોય છે અને તે છમાંથી વૈક્રિયદ્વિક બાદ કરતાં બાકીના ચાર યોગો વિકલેન્દ્રિયમાં હોય છે. ॥ ૨૭ ॥

**વિવેચન :-** મૂલગાથામાં "थावरि" શબ્દ હોવાથી પૃથ્વીકાયાદિ પાંચ સ્થાવર લેવા જોઈએ. પરંતુ વાયુકાયનું પૃથક્કથન કરેલ છે. તેથી વાયુકાય વિનાના શેષ પૃથ્વીકાય-અપ્‌કાય-તેઉકાય અને વનસ્પતિકાય એમ કુલ ચાર સ્થાવરકાયમાં વિગ્રહગતિકાળે અને ઉત્પત્તિના પ્રથમ સમયે કાર્મણ કાયયોગ, અપર્યાપ્તાવસ્થામાં ઔદારિકમિશ્રયોગ, અને પર્યાપ્તાવસ્થામાં ઔદારિકકાયયોગ એમ કુલ ત્રણ યોગ સંભવે છે. મન-વચન ન હોવાથી તેના ચાર-ચાર ભેદો, તથા લબ્ધિ ન હોવાથી વૈક્રિય અને આહારકના બે બે યોગો એમ કુલ ૧૨ યોગો ઘટતા નથી.

વાઉકાય તથા એકેન્દ્રિય માર્ગણામાં ઉપરોક્ત ત્રણ તથા વૈક્રિય અને વૈક્રિયમિશ્ર એમ કુલ પાંચ યોગો હોય છે. વાયુકાય જીવો ચાર પ્રકારના કહ્યા છે. સૂક્ષ્મ અપર્યાપ્તા, સૂક્ષ્મ પર્યાપ્તા, બાદર અપર્યાપ્તા અને બાદર પર્યાપ્તા. આ ચાર રાશિમાંથી પ્રથમની ત્રણ રાશિમાં તો વૈક્રિયલબ્ધિ હોતી જ નથી. તેથી તેઓને કાર્મણ, ઔદારિકમિશ્ર, અને ઔદારિક કાયયોગ એમ ત્રણ યોગ જ હોય છે. પરંતુ જે બાદરપર્યાપ્તા નામની ચોથી રાશિ છે. તેમાં કેટલાક વાયુકાયને પોતાના ભવના નિમિત્તે જ વૈક્રિય શરીર નામકર્મનો ઉદય સંભવતો હોવાથી ઔદયિકભાવની વૈક્રિયલબ્ધિ હોવાથી વૈક્રિયકાયયોગ અને વૈક્રિયમિશ્રકાયયોગ સંભવે છે.

**પ્રશ્ન :-** બાદર પર્યાપ્તા વાયુકાય જીવોમાં સર્વેને વૈક્રિયલબ્ધિ હોય એમ કેમ ન બને ? કારણ કે એક દિશાથી બીજી દિશામાં જે વાય-ગમનાગમન કરે તે વાયુ. તમામ બાદર પર્યાપ્ત વાયુ ગમનાગમન કરતો હોવાથી તે વૈક્રિય જ કહેવાય ? ઔદારિક હોય તો એકસ્થાને સ્થિર જ રહે.

**ઉત્તર :-** ના, આ પ્રશ્ન બરાબર નથી. કારણ કે પંચેન્દ્રિયના ભવમાં જે જીવો વૈક્રિયશરીર અને અંગોપાંગનામકર્મ, દેવદ્વિક અને નરકદ્વિક આદિ બાંધીને મૃત્યુ પામી વાયુકાયમાં આવે છે તેને જ આ લબ્ધિ હોય છે. અન્ય ભવોમાંથી આવેલા અને વૈક્રિય ન બાંધેલાને વાઉકાયમાં જવા છતાં વૈક્રિય સત્તામાં જ નથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો ઉદય ક્યાંથી સંભવે? અને જે વૈક્રિય બાંધીને વાયુકાયમાં આવે છે તે જીવો પણ વાયુકાયમાં ઉત્પત્તિના પ્રથમ સમયથી જ વૈક્રિયષટ્કની ઉદ્વલના શરૂ કરે છે. તેનાં દલીક બંધાતા ઔદારિકમાં સંક્રમાવે છે તેથી ઉદ્વલના પૂર્ણ કરતાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ કાળ થાય છે. તેટલા કાળ સુધીમાં જ વૈક્રિયની સત્તા હોવાથી તેટલા કાળમાં જ વૈક્રિયની રચના કરવી હોય તો કરી શકે છે. તેનાથી વધુ કાળ બાદ વૈક્રિય જ ઉદ્વલના પામી ગયું હોવાથી વૈક્રિયની સત્તા જ ન હોવાથી વૈક્રિય રચના સંભવતી નથી. માટે બાદર પર્યાપ્તા વાયુકાયમાં પણ કોઈક જીવોને જ આ લબ્ધિ હોય છે. અર્થાત્ બાદર પર્યાપ્તા વાયુકાય જીવોની જે રાશિ છે તેના અસંખ્યાતમા ભાગ માત્ર જીવોને જ આ લબ્ધિ હોય છે. વૈક્રિયલબ્ધિ વિનાના ચારે રાશિના વાયુકાયના સર્વે જીવો ઔદારિકશરીર વાળા જ છે. છતાં ગતિત્રસ હોવાથી સ્વાભાવિકપણે જ ગમનાગમન કરી શકે છે. પૂજ્યપાદ શ્રી હરિભદ્રસૂરિજીએ આવશ્યક સૂત્રની ટીકામાં કહ્યું છે કે-

वाउक्काइया चउव्विहा, सुहुमा पज्जत्ता, अपज्जत्ता, बायरा पज्जत्ता, अपज्जत्ता, तत्थ तिन्नि रासी पत्तेयं असंखेज्जलोगप्पमाणप्पएसरासिपमाणमित्ता, जे पुण बायरा पज्जत्ता, ते पयरासंखेज्जइभागमित्ता, तत्थ ताव तिण्हं रासीणं वेउव्वियलद्धी चेव नत्थि बायरपज्जत्ताणं पि असंखिइभागमित्ताणं अत्थि, जेसिं पि लद्धी अत्थि तउ वि पलिओवमासंखिज्जभागसमयमित्ता संपयं पुच्छासमए वेउव्वियवत्तिणो, तथा जेण सव्वेसु चेव उड्ढलोगाइसु चला वायवो विज्जंति तम्हा अवेउव्विया वि वाया वायंति त्ति घित्तव्वं सभावेण तेसिं वाइयव्वं ति'' માટે સર્વ બાદર પર્યાપ્તાને વૈક્રિયલબ્ધિ નથી. આ વાઉકાયના જીવો પાંચ ઇન્દ્રિયમાર્ગણામાં ''એકેન્દ્રિય'' માર્ગણામાં ગણાય છે. તેથી એકેન્દ્રિયમાર્ગણામાં પણ ઉપરોક્ત પાંચ યોગ જાણવા.

અસંજ્ઞી માર્ગણા (કે જે માર્ગણામાં એકેન્દ્રિયના ૪, વિકલેન્દ્રિયના ૬, અને અસંજ્ઞી પંચેન્દ્રિયના ૨, એમ કુલ ૧૨ જીવભેદો આવે છે તે માર્ગણા)માં ઉપરોક્ત પાંચ યોગો તથા ''અસત્યામૃષા'' વચનયોગ એમ કુલ છ યોગો સંભવે છે. આ બારે જીવભેદોમાં કાર્મણકાયયોગ વિગ્રહગતિમાં અને ઉત્પત્તિના પ્રથમ સમયે, ઔદારિક મિશ્રકાયયોગ દ્વિતીયાદિ સમયથી અપર્યાપ્તાવસ્થામાં, ઔદારિક કાયયોગ પર્યાપ્તાવસ્થામાં, વૈક્રિય અને વૈક્રિય મિશ્ર માત્ર કેટલાક બાદર પર્યાપ્તા વાઉકાયને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૈક્રિય રચનાકાલે અને અસત્યામૃષા વચનયોગ બેઈન્દ્રિયાદિ જીવોને જિહ્વા અને ભાષા હોવાથી હોય છે. તે જીવો અસ્પષ્ટ ચૈતન્યવાળા હોવાથી સત્ય-અસત્ય ઈત્યાદિ શેષ વચનયોગ મનયોગ તથા આહારક તે જીવોને તો સંભવતા જ નથી.

તથા ઈન્દ્રિયમાર્ગણામાં (જાતિમાર્ગણામાં) બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિય એમ વિકલેન્દ્રિયમાં ઉપરોક્ત છ યોગોમાંથી વૈક્રિયકાયયોગ અને વૈક્રિયમિશ્રકાયયોગ એમ બે યોગ વિના શેષ ચાર યોગ હોય છે. આ પ્રમાણે આ ગાથામાં કુલ ૧૦ માર્ગણામાં યોગ કહ્યા. ॥ ૨૭ ॥

**कम्मुरलमीस विणु मण, वइ समइय छेय चक्खु मणनाणे।**
**उरलदुगकम्मपढमंतिममणवइ केवलदुगंमि ॥ २८ ॥**

(कार्मणौदारिकमिश्रं विना मनसि वचसि, सामायिकच्छेदचक्षुर्मनोज्ञाने।
औदारिकद्विककार्मणप्रथमांतिममनोवचनानि (योगाः) केवलद्विके ॥२८॥)

**શબ્દાર્થ-**

| | |
|---|---|
| कम्मुरलमीस=કાર્મણ અને ઔદારિકમિશ્ર, | चक्खुमणनाणे=ચક્ષુદર્શન અને મનઃપર્યવજ્ઞાનમાં હોય છે. |
| विणु= વિના, | उरलदुग= ઔદારિકદ્વિક, |
| मणवइ=મનયોગ અને વચનયોગમાં | कम्म= કાર્મણકાયયોગ, |
| | पढमंतिम= પહેલા અને છેલ્લા. |
| समइयच्छेअ=સામાયિક અને છેદોપસ્થાપનીયમાં, | मणवइ= મનયોગ અને વચનયોગ, |
| | केवलदुगंमि=કેવલદ્વિકમાં હોય છે. |

**ગાથાર્થ :-** મનયોગ, વચનયોગ, સામાયિક ચારિત્ર, છેદોપસ્થાપનીય ચારિત્ર, ચક્ષુદર્શન અને મનઃપર્યવજ્ઞાન એમ ૬ માર્ગણામાં કાર્મણકાયયોગ અને ઔ. મિ. કાયયોગ વિના શેષ ૧૩ યોગ હોય છે. તથા કેવલજ્ઞાન અને કેવલદર્શનમાં ઔદારિકદ્વિક, કાર્મણ, પ્રથમ અને અંતિમ મનયોગ અને વચનયોગ એમ કુલ ૭ યોગો સંભવે છે. ॥ ૨૮ ॥

**વિવેચન :-** મનયોગ આદિ છ માર્ગણામાં કાર્મણ અને ઔદારિકમિશ્ર વિના શેષ તેર યોગો હોય છે. આ બન્ને યોગો જીવને વિગ્રહગતિમાં અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અપર્યાપ્તાવસ્થામાં જ આવે છે. તે વખતે (એટલે કે અપર્યાપ્તાવસ્થાકાલે) મનોયોગાદિ ઉપરોક્ત છ માર્ગણા સંભવતી નથી. કારણ કે તે માર્ગણાઓ સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તાવસ્થામાં જ સંભવે છે. તેથી ૧૩ યોગ હોય છે અહીં ચક્ષુદર્શન સર્વપર્યાપ્તિએ પર્યાપ્તાને હોય છે એ વિવક્ષા લઈએ તો ઉપર કહેલા બે યોગ વિના તેર યોગ જાણવા. પરંતુ ઇન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ થવાથી ઇન્દ્રિયોની રચના થઈ જાય છે. એમ માની ચક્ષુની રચના થયેલી માનીને ચક્ષુદર્શન માનવામાં આવે તો તે વખતે છ પર્યાપ્તિઓ હજુ પૂર્ણ થયેલી ન હોવાથી અપર્યાપ્તાવસ્થા છે અને ત્યારે ઔદારિક મિશ્ર કાયયોગ પણ છે. જેથી ચક્ષુદર્શનમાં માત્ર એક કાર્મણકાયયોગ વિના શેષ ૧૪ યોગ હોય છે એમ પણ કહી શકાય. પરંતુ તે વિવક્ષા અહીં લીધી નથી.

કેવલજ્ઞાન અને કેવલદર્શન આ બે માર્ગણામાં (૧) કાર્મણ કાયયોગ, (૨) ઔદારિક કાયયોગ, (૩) ઔદારિક મિશ્રકાયયોગ, તથા પહેલો અને છેલ્લો મનયોગ તથા પહેલો અને છેલ્લો વચનયોગ એમ કુલ ૭ યોગ હોય છે. કેવલીસમુદ્ઘાતના ત્રીજા-ચોથા અને પાંચમા સમયે કાર્મણકાયયોગ, બીજા-છઠ્ઠા અને સાતમા સમયે ઔદારિકમિશ્રકાયયોગ, શેષકાલે ઔદારિકકાયયોગ હોય છે. દૂર દેશમાં રહેલા મનઃપર્યવજ્ઞાનીઓ અને અનુત્તરવાસી દેવો કેવલીભગવાનને પ્રશ્નો પૂછે ત્યારે તેનો ઉત્તર આપવા પરમાત્મા મનોવર્ગણાને ગ્રહણ કરી મનરૂપે પરિણમાવી જે આકાર ગોઠવી ઉત્તર આપે છે. તે અપેક્ષાએ "દ્રવ્યમન" આશ્રયી મનનો પહેલો યોગ અને છેલ્લો યોગ સંભવે છે. પરંતુ પૂર્વાપરની ચિંતવના-વિચારણા કરવા સ્વરૂપ જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમ રૂપ "ભાવમન" તેઓને હોતું નથી. કારણ કે તેઓ કેવલજ્ઞાની છે. ક્ષાયિકભાવવાળા છે. તથા ધર્મદેશના કાળે વચનના પહેલા-છેલ્લા બે યોગ હોય છે. આવી રીતે કેવલી પરમાત્માને કુલ ૭ યોગ સંભવે છે. આ ગાથામાં કુલ ૮ માર્ગણામાં યોગ કહ્યા. ॥ ૨૮ ॥

**मणवइउरला परिहारि, सुहुमि नव ते उ मीसि सविउव्वा।**
**देसे सविउव्विदुगा, सकम्मुरलमिस्स अहक्खाए॥ २९॥**

(मनोवचनौदारिकाः परिहारे सूक्ष्मे नव ते तु मिश्रे सवैक्रियाः।
देशे सवैक्रियद्विकाः, सकार्मणौदारिकमिश्रा यथाख्याते॥ २९॥)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શબ્દાર્થ-**

मणवइउरला= મન, વચન, અને ઔદારિકકાયયોગ,
परिहारि=પરિહાર વિશુદ્ધિમાં,
सुहुमि= સૂક્ષ્મ સંપરાયમાં,
नव= નવ યોગ હોય છે.
ते उ= વળી તે નવ.
मीसि= મિશ્રમાર્ગણામાં,
सविउव्वा= વૈક્રિયકાયયોગ સહિત ૧૦ હોય છે.
देसे= દેશવિરતિગુણઠાણે,
सविउव्विदुगा= વૈક્રિયદ્વિકસહિત,
सकम्मुरलमिस्स= કાર્મણ અને ઔદારિકમિશ્રસહિત,
अहक्खाए=યથાખ્યાત ચારિત્રમાં

**ગાથાર્થ-** પરિહારવિશુદ્ધિ અને સૂક્ષ્મસંપરાયચારિત્રમાં મનના-વચનના ૪, અને ઔદારિકકાયયોગ એમ કુલ નવ યોગ હોય છે. તે જ નવને વૈક્રિયકાયયોગથી સહિત કરીએ તો ૧૦ યોગો મિશ્રમાર્ગણામાં હોય છે. તથા વૈક્રિયદ્વિક સહિત કરો તો ૧૧ યોગ દેશવિરતિમાર્ગણામાં હોય છે અને કાર્મણ તથા ઔદારિકમિશ્ર સહિત (ઉપરોક્ત ૯) એમ ૧૧ યથાખ્યાતમાં હોય છે. ॥ ૨૯ ॥

**વિવેચન-** પરિહારવિશુદ્ધિચારિત્ર અને સૂક્ષ્મસંપરાય ચારિત્ર આ બે માર્ગણામાં મનના ચાર, વચનના ચાર, અને ઔદારિકકાયયોગ એમ કુલ ૯ યોગો હોય છે. આ બન્ને માર્ગણાઓ અત્યન્ત નિર્મળ વિશુદ્ધ ચારિત્ર રૂપ અને વિશિષ્ટ તપ રૂપ હોવાથી તથા સૂક્ષ્મસંપરાય તો શ્રેણીમાં જ આવતું હોવાથી પર્યાપ્તાવસ્થામાં જ ૮/૯ વર્ષની વય પછી જ સંભવે છે. તેથી અપર્યાપ્તાવસ્થાભાવી કાર્મણ અને ઔદારિકમિશ્ર યોગ ત્યાં સંભવતા નથી. તથા આહારક કાયયોગ અને આહારક મિશ્ર કાયયોગ તો ચૌદ પૂર્વધરને જ હોય છે. જ્યારે પરિહારવિશુદ્ધિ વાળા તો ઉત્કૃષ્ટથી પણ કંઈકન્યૂન દશ પૂર્વી જ હોય છે. તેથી આ બે યોગ સંભવતા નથી તથા આ બન્ને માર્ગણાવર્તી જીવો અત્યન્ત નિર્મળ ચારિત્ર પાળનારા, અને સતત જાગૃતાવસ્થાવાળા હોવાથી અપ્રમાદી છે અને આહારક તથા વૈક્રિયની રચના પ્રમાદાવસ્થા છે. કારણ કે લબ્ધિ ફોરવવાની અને તેના દ્વારા તે તે કાર્ય કરવાની ચિત્તની ઉત્સુકતા હોવાથી પ્રમાદાવસ્થા કહેવાય છે. માટે આહારક અને વૈક્રિયના ચારે યોગો સંભવતા નથી. એમ ૨+૪=૬ યોગ વિના શેષ નવ યોગ હોય છે.

**પ્રશ્ન :-** જો આટલી બધી અપ્રમાદાવસ્થા છે. સતત જાગૃત છે તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મન અને વચનના ચાર-ચાર યોગો પૈકી "અસત્ય અને સત્યાસત્ય એ બે-બે વચ્ચેના યોગ કેમ ઘટે ? આ જીવો તો સત્ય જ વિચારે અને બોલે, અને વ્યવહારવિષયક અસત્યામૃષા વિચારે અને બોલે, તેથી કેવલીની જેમ પહેલા-છેલ્લા ભેદ જ હોવા જોઈએ ?

**ઉત્તર :-** અપ્રમત્ત અને સતત જાગૃત હોવા છતાં પણ છદ્મસ્થ હોવાથી જ્ઞાનાવરણીય કર્મના ઉદયવાળા છે. તેથી પૂર્ણજ્ઞાનનો અભાવ હોવાથી તથા છદ્મસ્થતાના કારણે અનાભોગ દશાના લીધે અસત્યાદિ યોગો પણ સંભવે છે. જ્યારે કેવલી ભગવાન તો ક્ષાયિકભાવવાળા હોવાથી પૂર્ણજ્ઞાની છે. માટે ત્યાં અસત્યાદિ યોગ નથી. એમ સ્વયં જાણી લેવું.

સમ્યક્ત્વમાર્ગણાના છ ભેદમાં મિશ્રમાર્ગણામાં વૈક્રિયકાયયોગ સહિત ઉપરોક્ત નવ, એમ કુલ ૧૦ યોગ હોય છે. **"न सम्ममिच्छो कुणइ कालं"** આવો શાસ્ત્રાદેશ હોવાથી મિશ્રે મૃત્યુ નથી, મૃત્યુ વિના અપર્યાપ્તાવસ્થા નથી. તેથી અપર્યાપ્તાવસ્થાભાવી કાર્મણ, ઔ. મિ, અને વૈ. મિ, એમ ત્રણ યોગ નથી. તથા છઠ્ઠું ગુણસ્થાનક અને ચૌદપૂર્વનો અભ્યાસ ન હોવાથી આહારક અને આહા. મિશ્રકાયયોગ પણ નથી. દેવ-નારકીને પર્યાપ્ત અવસ્થામાં વૈક્રિયકાયયોગ, અને મનુષ્ય-તિર્યંચોને ઔદારિક કાયયોગ હોય છે. અને ચારે ગતિમાં પર્યાપ્તાને મન-વચનના ચાર ચાર ભેદ હોય છે. એમ કુલ ૧૦ યોગો ઘટે છે.

**પ્રશ્ન :-** મિશ્રમાર્ગણામાં અપર્યાપ્તાવસ્થા ન હોવાથી દેવ-નારકીને અપર્યાપ્ત અવસ્થામાં જે વૈક્રિયમિશ્રયોગ હોય છે. તે ભલે ન હો. પરંતુ વૈક્રિયલબ્ધિવાળા મનુષ્ય-તિર્યંચોને વૈક્રિયની વિકુર્વણા કરતાં પર્યાપ્તાવસ્થા હોવાથી મિશ્રનો સંભવ છે. તો તે કાળે વૈક્રિયમિશ્ર યોગ હોઈ શકે છે તે કેમ લેવામાં નથી આવ્યો ?

**ઉત્તર :-** તે મનુષ્ય તિર્યંચોમાં વૈક્રિયલબ્ધિ હોવા છતાં પણ જ્યારે મિશ્ર ગુણસ્થાનક વર્તતું હોય છે ત્યારે વૈક્રિયની રચનાનો સંભવ નથી. એમ આ વિધાનથી સમજાય છે. જો વૈક્રિયશરીરની રચના કરતા હોત તો પૂર્વના આચાર્યો ત્રીજે ગુણઠાણે આગળનાં શાસ્ત્રોમાં વૈક્રિયમિશ્રયોગ લખત. પરંતુ પૂર્વાચાર્યોએ ક્યાંય કહ્યો નથી. તેથી સમજાય છે કે ત્રીજું ગુણસ્થાનક હોય ત્યારે વૈક્રેયરચના કરતા નહીં હોય. તેથી અમે પણ આ ગાથામાં તે યોગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિના ૧૦ કહ્યા છે. ટીકામાં કહ્યું છે કે - तेषां वैक्रियारम्भासम्भवात्, अन्यतो वा कुत्तश्चित् कारणात् पूर्वाचार्यैस्तन्नाभ्युपगमत इति न सम्यग्वगच्छामस्तथाविध-सम्प्रदायाभावात् ।

દેશવિરતિમાર્ગણામાં વૈક્રિય અને વૈક્રિયમિશ્ર યોગ સહિત ઉપરોક્ત ૯ એમ કુલ ૧૧ યોગ હોય છે. અંબડાદિ દેશવિરતિધર શ્રાવકોમાં વૈક્રિયની રચના સંભવે છે. આહારકદ્વિક અને અપર્યાપ્તાવસ્થાભાવી કાર્મણ અને ઔદારિકમિશ્રયોગ દેશવિરતિમાં સંભવતા નથી.

યથાખ્યાત ચારિત્રમાં ઉપરોક્ત નવ તથા કાર્મણ અને ઔદારિકમિશ્ર એમ કુલ ૧૧ યોગ હોય છે. યથાખ્યાતચારિત્ર અગિયારમા-બારમા-તેરમા અને ચૌદમા એમ ચારે ગુણઠાણે હોય છે. તેથી કેવલીભગવાનને ક્ષાયિકભાવ હોવાથી પૂર્ણજ્ઞાન હોવાના કારણે મન-વચનના પહેલા-છેલ્લા એમ બે-બે યોગ જ ભલે હો, તો પણ અગિયારમા-બારમા ગુણઠાણાવાળા જીવો છદ્મસ્થ હોવાથી પૂર્ણજ્ઞાનવાળા નથી માટે મન-વચનના ચારે યોગો સંભવે છે. તથા મનુષ્ય હોવાથી ઔદારિક કાયયોગ તો છે જ. અને કેવલીસમુદ્ઘાતમાં કાર્મણ અને ઔદારિકમિશ્રયોગ હોય છે. તેથી ૧૧ યોગ ઘટે છે. અહીં વૈક્રિય અને આહારકની રચના સંભવતી નથી. આ પ્રમાણે આ ગાથામાં કુલ ૫ માર્ગણામાં યોગ કહ્યા છે. આ પ્રમાણે ચોવીસમી ગાથામાં ૧, પચીસમી ગાથામાં ૨૬, છવીસમી ગાથામાં ૧૨, સત્તાવીસમી ગાથામાં ૧૦, અઠ્ઠાવીસમી ગાથામાં ૮, અને ઓગણત્રીસમી ગાથામાં ૫, એમ ૬૨ માર્ગણાઓમાં યોગ કહ્યા. (તેનું વધુ સ્પષ્ટ ચિત્ર (કોષ્ટક-ટેબલ) પૃષ્ઠ નં. ૧૨૦ ઉપર આપેલ છે. ॥ ૨૯ ॥

હવે બાસઠ માર્ગણાઓમાં ઉપયોગ સમજાવે છે.

**तिअनाण नाण पण चउ, दंसण बार जिअलक्खणुवओगा ।**
**विणु मणनाण दुकेवल, नव सुरतिरिनिरयअजएसु ॥ ३० ॥**

(त्रीण्यज्ञानानि ज्ञानानि पञ्च, चत्वारि दर्शनानि जीवस्य लक्षणोपयोगाः ।
विना मनःपर्यवज्ञानकेवलद्विकं नव सुरतिर्यग्नरकायतेषु ॥ ३० ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શબ્દાર્થ-**

तिअनाण= ત્રણ અજ્ઞાન,
नाण पण= જ્ઞાન પાંચ,
चउदंसण= ચાર દર્શન,
बार= એમ ૧૨,
जिअलक्खणुवओगा= જીવના લક્ષણરૂપ ઉપયોગો છે.
विणु= વિના,
मणनाणदुकेवल= મન:પર્યવ અને કેવલદ્વિક,
नव= નવ ઉપયોગો,
सुरतिरि= દેવગતિ-તિર્યંચગતિ,
निरयअजएसु=નરક અને અવિરતિમાં.

**ગાથાર્થ** :- ત્રણ અજ્ઞાન, પાંચ જ્ઞાન, અને ચાર દર્શન એમ ૧૨ ઉપયોગો એ જીવના લક્ષણસ્વરૂપ છે. તે ૧૨માંથી મન:પર્યવજ્ઞાન અને કેવલદ્વિક વિના શેષ નવ ઉપયોગો દેવગતિ-તિર્યંચગતિ-નરકગતિ અને અવિરતિ ચારિત્રમાં હોય છે. ॥ ૩૦ ॥

**વિવેચન** :- મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાન, એમ કુલ ૩ અજ્ઞાન, તથા મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન-અવધિજ્ઞાન-મન:પર્યવજ્ઞાન અને કેવલજ્ઞાન એમ પાંચ જ્ઞાન, તથા ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવલદર્શન એમ ચાર દર્શન કુલ ૧૨ પ્રકારના ઉપયોગ છે. ઉપયોગ એટલે આત્મામાં રહેલી ચૈતન્યશક્તિનો વપરાશ કરવો તે. આ ઉપયોગ એ જીવનું લક્ષણ છે. કારણ કે જીવને જ આ ચૈતન્ય શક્તિ હોય છે. અજીવમાં ચૈતન્યશક્તિ હોતી નથી. ચૈતન્યગુણ વડે જ જીવદ્રવ્ય તે અજીવથી ભિન્નદ્રવ્ય સિદ્ધ થાય છે. તેમાં ૫ જ્ઞાન અને ત્રણ અજ્ઞાનને સાકારોપયોગ કહેવાય છે અથવા વિશેષોપયોગ પણ કહેવાય છે. અને ચાર દર્શનને નિરાકારોપયોગ અથવા સામાન્યોપયોગ પણ કહેવાય છે. તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે કે उपयोगो लक्षणम् ૨-૮, स द्विविधोऽष्टचतुर्भेदः ૨-૯.

હવે બાસઠ માર્ગણા ઉપર આ બાર ઉપયોગ સમજાવે છે કે કઈ કઈ માર્ગણામાં કેટલા કેટલા ઉપયોગ હોય છે. ત્યાં દેવગતિ-નરકગતિ-તિર્યંચગતિ આ ત્રણ ગતિમાર્ગણા અને અવિરતિચારિત્ર માર્ગણા એમ કુલ ચાર માર્ગણામાં કેવલજ્ઞાન-કેવલદર્શન અને મન:પર્યવજ્ઞાન વિના શેષ ૯ ઉપયોગો હોય છે. આ માર્ગણાઓમાં ચાર ગુણસ્થાનક જ હોય છે અને તિર્યંચગતિમાં પાંચ ગુણસ્થાનક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય છે. જ્યારે કેવલજ્ઞાન-કેવલદર્શન તેરમે-ચૌદમે થાય છે. અને મનઃપર્યવજ્ઞાન છઠ્ઠાથી થાય છે. માટે આ માર્ગણાઓમાં તે ઉપયોગ કહ્યા નથી. શેષ નવ ઉપયોગ હોઈ શકે છે. ત્યાં દેવ-નારકીમાં ભવપ્રત્યયિક અવધિ અને વિભંગ હોય છે. અને તિર્યંચગતિમાં ગુણપ્રત્યયિક હોય છે સમ્યગ્દષ્ટિને ત્રણ જ્ઞાન, મિથ્યાદષ્ટિને ત્રણ અજ્ઞાન, અને ઉભયને ત્રણ દર્શન હોય છે. આ ગાથામાં ચાર માર્ગણામાં ઉપયોગ સમજાવ્યા છે. ॥ ૩૦ ॥

**तस जोअ वेअ सुक्का-हार नर पणिंदि सन्नि भवि सव्वे।**
**नयणेअर पणलेसा, कसाय दस केवलदुगूणा॥ ३१॥**

(त्रसयोगवेदशुक्लाहार-नरपंचेन्द्रियसंज्ञिभव्येषु सर्वे।
नयनेतरलेश्यापञ्चककषायेषु दश केवलद्विकोनाः॥ ३१॥)

**શબ્દાર્થ-**

तस = ત્રસકાય,
जोअ = ત્રણ યોગ,
वेअ = ત્રણ વેદ,
सुक्का = શુક્લલેશ્યા,
आहार = આહારીમાર્ગણા,
नर = મનુષ્યગતિ,
पणिंदि = પંચેન્દ્રિયજાતિ,
सन्नि = સંજ્ઞીમાર્ગણા,
भवि = ભવ્યમાર્ગણામાં
सव्वे = સર્વે ઉપયોગ,
नयणेअर = ચક્ષુ-અચક્ષુદર્શન,
पणलेसा = પાંચ લેશ્યા,
कसाय = ચાર કષાયમાં
दश = દશ ઉપયોગ,
केवलदुगूणा = કેવલદ્વિકવિના હોય છે.

**ગાથાર્થ** :- ત્રસકાય, ત્રણ યોગ, ત્રણ વેદ, શુક્લ લેશ્યા, આહારી માર્ગણા, મનુષ્યગતિ, પંચેન્દ્રિય જાતિ, સંજ્ઞી અને ભવ્ય એમ ૧૩ માર્ગણામાં બાર ઉપયોગ હોય છે તથા ચક્ષુ-અચક્ષુદર્શન પાંચલેશ્યા, અને ક્રોધાદિ ચાર કષાય એમ ૧૧ માર્ગણામાં કેવલદ્વિકવિના ૧૦ ઉપયોગ હોય છે. ॥ ૩૧ ॥

**વિવેચન** :- ત્રસકાય, મન-વચન અને કાયયોગ, પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ, શુક્લલેશ્યા, આહારીમાર્ગણા, મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, સંજ્ઞીમાર્ગણા અને ભવ્યમાર્ગણા એમ તેર માર્ગણામાં બારે બાર ઉપયોગ હોય છે. અર્થાત્ સર્વે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપયોગ સંભવે છે. કારણ કે આ માર્ગણાઓ કોઈ તેર ગુણઠાણા સુધી અને કોઈ ચૌદ ગુણઠાણા સુધી સંભવે છે. તેથી મનઃપર્યવજ્ઞાન અને કેવલજ્ઞાન-દર્શન પણ હોય છે. અહીં ત્રણ વેદ તે અભિલાષારૂપ ભાવવેદ લીધા નથી. કારણ કે ભાવવેદ આશ્રયી જીવને નવ જ ગુણસ્થાનક હોય છે. ત્યાં કેવલજ્ઞાન અને કેવલદર્શન ઘટે નહીં. પરંતુ શરીરના આકારની રચનારૂપ દ્રવ્યવેદ લીધો છે. તે તેરમે-ચૌદમે પણ હોય છે. શાસ્ત્રમાં પંદર ભેદે સિદ્ધ થાય છે એમ કહ્યું છે. ત્યાં इत्थिलिङ्गसिद्धा, पुरिसलिङ्गसिद्धा ઇત્યાદિ પાઠ છે તેથી ત્રણે લિંગે સિદ્ધ થાય છે. તથા કેવલી ભગવાન દ્રવ્યમન આશ્રયી સંજ્ઞી છે. એમ પ્રસિદ્ધવ્યવહારને આશ્રયી કહ્યું છે.

ચક્ષુદર્શન-અચક્ષુદર્શન, કૃષ્ણ-નીલ-કાપોત-તેજો અને પદ્મ એમ પાંચ લેશ્યા, ક્રોધ-માન-માયા-અને લોભ એમ ચાર કષાય કુલ ૧૧ માર્ગણામાં ૧ થી ૧૨ સુધીનાં જ યથાયોગ્ય ગુણસ્થાનક સંભવે છે. તેરમું-ચૌદમું ગુણસ્થાનક સંભવતું નથી. તેથી કેવલજ્ઞાન અને કેવલદર્શન વિના શેષ ૧૦ ઉપયોગ હોય છે. આ પ્રમાણે આ ગાથામાં ૧૩+૧૧=૨૪ ચોવીસ માર્ગણામાં ઉપયોગ સમજાવ્યા. ॥ ૩૧ ॥

**चउरिंदिअसन्निदुअन्नाण दुदंस इगबिति थावरि अचक्खु।**
**तिअनाणदंसणदुगं अनाणतिगि अभव्वि मिच्छदुगे॥ ३२॥**

(चतुरिन्द्रियासंज्ञिनोः अज्ञानद्विकदर्शनद्विके एकद्वित्रीन्द्रियस्थावरेषु चक्षुर्हीनाः ।
अज्ञानत्रयदर्शनद्विके अज्ञानत्रिके अभव्ये मिथ्यात्वद्विके ॥३२॥

**શબ્દાર્થ-**

चउरिंदिअ= ચઉરિન્દ્રિય,
असन्नि= અસંજ્ઞીમાર્ગણામાં,
दुअन्नाण= બે અજ્ઞાન, અને
दुदंसण= બે દર્શન,
इगबिति= એકેન્દ્રિય, દ્વીન્દ્રિય અને તેઇન્દ્રિય તથા
थावरे= પાંચ સ્થાવરમાં
अचक्खु= ચક્ષુદર્શન વિના,
तिअनाण= ત્રણ અજ્ઞાન,
दंसणदुगं= બે દર્શન,
अनाणतिगि= ત્રણ અજ્ઞાનમાં
अभव्वि= અભવ્ય, અને
मिच्छदुगि= મિથ્યાત્વદ્વિકમાં હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ** :- ચઉરિન્દ્રિય અને અસંજ્ઞી માર્ગણામાં બે અજ્ઞાન અને બે દર્શન એમ ચાર ઉપયોગ હોય છે. એકેન્દ્રિય-બેઇન્દ્રિય-તેઇન્દ્રિય અને પાંચસ્થાવરમાં તે જ ચારમાંથી ચક્ષુદર્શન વિના ત્રણ ઉપયોગ હોય છે. ત્રણ અજ્ઞાન અભવ્ય અને મિથ્યાત્વદ્વિકમાં ત્રણ અજ્ઞાન અને બે દર્શન હોય છે. ॥ ૩૨ ॥

**વિવેચન** :- ચઉરિન્દ્રિયમાર્ગણા અને અસંજ્ઞી માર્ગણા એમ આ બે માર્ગણામાં મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન એમ બે અજ્ઞાન તથા ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન એમ બે દર્શન કુલ ચાર ઉપયોગો હોય છે. સમ્યક્ત્વ ન હોવાથી પાંચજ્ઞાન અને કેવલદર્શન નથી. તથા અવધિલબ્ધિ ન હોવાથી અવધિદર્શન અને વિભંગજ્ઞાન ઘટી શકતું નથી. એમ ૮ ઉપયોગ વિના ચાર હોય છે.

તથા એકેન્દ્રિય-બેઇન્દ્રિય-તેઇન્દ્રિય અને પૃથ્વીકાય-અપ્કાય તેઉકાય-વાઉકાય-વનસ્પતિકાય એમ પાંચકાયમાર્ગણા કુલ આઠ માર્ગણાઓમાં ઉપરના ચાર ઉપયોગમાંથી ચક્ષુદર્શન વિના શેષ ત્રણ ઉપયોગો હોય છે. કારણ કે આ આઠે માર્ગણાઓમાં સમ્યક્ત્વાદિ તો નથી જ. પરંતુ ચક્ષુ પણ નથી તેથી ચક્ષુદર્શન પણ સંભવતું નથી. માટે શેષ ૩ ઉપયોગ જ હોય છે.

તથા મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અને વિભંગજ્ઞાન એમ કુલ ત્રણ અજ્ઞાનમાર્ગણા તથા અભવ્યમાર્ગણા, મિથ્યાત્વ તથા સાસ્વાદનમાર્ગણા એમ કુલ ૬ માર્ગણામાં ત્રણઅજ્ઞાન અને બે દર્શન એમ કુલ પાંચ ઉપયોગ હોય છે. આ છએ માર્ગણાઓમાં સમ્યક્ત્વ, સંયમ અને કેવલજ્ઞાનાદિ ઉંચ્ચ ભાવો ન સંભવતા હોવાથી તથા પ્રથમનાં ત્રણ ગુણસ્થાનકોમાંથી  જ યથાયોગ્ય ગુણસ્થાનક હોવાથી પાંચ જ્ઞાન, અવધિદર્શન અને કેવલદર્શન સંભવતાં નથી.

**પ્રશ્ન**- આ છ માર્ગણામાં પહેલું-બીજું અને ત્રીજું ગુણસ્થાનક યથાયોગ્ય હોય છે. ત્યાં ત્રણ અજ્ઞાન હોય તેમ તમે જ કહો છો. તો મતિ-શ્રુત અજ્ઞાનવાળાને જેમ દર્શનોપયોગમાં ચક્ષુ-અચક્ષુદર્શન જણાવો છો. તે જ રીતે આ જ છ માર્ગણામાં વિભંગજ્ઞાન પણ તમારા જ વડે કહેવાયું જ છે. તો તે વિભંગજ્ઞાનવાળાને અવધિદર્શન પણ કહેવું જોઈએ તે કેમ કહેતા નથી ! અજ્ઞાન ત્રણ અને દર્શન બે જ હોય એમ કેમ કહો છો ? અવધિદર્શન સહિત કુલ ત્રણ દર્શન હોય છે એમ કહેવું જોઈએ ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર** - પ્રશ્ન વ્યાજબી છે. હોવું પણ જોઈએ. સિદ્ધાન્તકાર માને પણ છે. પરંતુ કર્મગ્રંથકારો કોઈ અગમ્યકારણવશ અવધિદર્શન ઈચ્છતા નથી. એમ આ વિધાનથી જણાય છે. આ બાબતની વિશેષ ચર્ચા ગાથા ૨૧માં પૂર્વે જણાવી ગયા છીએ ત્યાંથી જાણી લેવું. આ પ્રમાણે આ ગાથામાં ૨+૮+૬= એમ ૧૬ માર્ગણામાં ઉપયોગ કહ્યા. ॥ ૩૨ ॥

**केवलदुगे नियदुगं, नव तिअनाण विणु खइयअहक्खाए ।**
**दंसणनाणतिगं देसि मीसि अन्नाण मीसं तं ॥ ३३ ॥**

केवलद्विके निजद्विकं, नव त्र्यज्ञानं विना क्षायिकयथारव्यातयो: ।
दर्शनज्ञानत्रिकं देशे, मिश्रे अज्ञानमिश्रं तद् ॥ ३३ ॥

**શબ્દાર્થ**

केवलदुगे=કેવલદ્વિકમાં,
नियदुगं= પોતાનું દ્વિક હોય છે,
नव=નવ
तिअनाण= ત્રણ અજ્ઞાન વિના,
खइयअहक्खाए= ક્ષાયિક અને યથાખ્યાતમાં,
दंसणनाणतिगं= ત્રણ દર્શન અને ત્રણ અજ્ઞાન,
देसि= દેશવિરતિગુણઠાણે,
मीसि= મિશ્રગુણઠાણે,
अन्नाणमीसं=અજ્ઞાનથી મિશ્ર હોય છે,
तं= તે ત્રણદર્શન અને ત્રણ અજ્ઞાન.

**ગાથાર્થ** = કેવલજ્ઞાન અને કેવલદર્શન માર્ગણામાં પોતાનું દ્વિક જ હોય છે. અર્થાત્ બે ઉપયોગ હોય છે. ક્ષાયિક અને યથાખ્યાતમાં ત્રણ અજ્ઞાન વિના ૯ ઉપયોગ હોય છે. દેશવિરતિમાર્ગણામાં ત્રણ જ્ઞાન અને ત્રણ દર્શન એમ છ ઉપયોગ હોય છે. તે જ છ ઉપયોગ મિશ્ર માર્ગણામાં ત્રણ અજ્ઞાનથી મિશ્ર હોય છે. ॥૩૩ ॥

**વિવેચન** = કેવલજ્ઞાન અને કેવલદર્શન માર્ગણા તેરમે-ચૌદમે ગુણઠાણે હોય છે. ત્યાં છાદ્મસ્થિક જ્ઞાનો અને દર્શનો નષ્ટ થયેલ હોવાથી બાર ઉપયોગમાંથી પોતાનું દ્વિક (અર્થાત્ કેવલજ્ઞાન અને કેવલદર્શન)એમ બે જ ઉપયોગ સંભવે છે. શાસ્ત્રમાં કહ્યું છે કે "नट्ठंमिए छाइमत्थिए नाणे" છાદ્મસ્થિકજ્ઞાનો નાશ થાય ત્યારે જ કેવલજ્ઞાન-દર્શન પ્રગટ થાય છે. તેથી ત્યાં ૨ જ ઉપયોગ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્ષાયિકસમ્યક્ત્વ અને યથાખ્યાતચારિત્ર એમ બે માર્ગણામાં ત્રણ અજ્ઞાન વિના શેષ ૯ ઉપયોગ હોય છે. ક્ષાયિકસમ્યક્ત્વ ૪ થી ૧૪ માં અને યથાખ્યાતચારિત્ર ૧૧ થી ૧૪ માં જ હોય છે. ત્યાં પ્રથમનાં ત્રણ ગુણસ્થાનક ન હોવાથી મતિઅજ્ઞાન આદિ ત્રણ અજ્ઞાન સંભવતાં નથી. મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય, અને અનંતાનુબંધી કષાયોનો ક્ષાયિકમાં ક્ષય અને યથાખ્યાતમાં ક્ષય અથવા ઉપશમ કરેલો છે. પરંતુ ઉદય નથી. તેથી પ્રથમનાં ત્રણ ગુણસ્થાનક નથી.

દેશવિરતિ માર્ગણામાં મતિ-શ્રુત અને અવધિ એમ ત્રણ જ્ઞાન તથા ચક્ષુ-અચક્ષુ અને અવધિ એમ ત્રણ દર્શન કુલ ૬ ઉપયોગ હોય છે. શેષ ઉપયોગો હોતા નથી. મિથ્યાત્વ ન હોવાથી અજ્ઞાનત્રિક નથી. અને સર્વવિરતિ તથા ક્ષપકશ્રેણી ન હોવાથી મનઃપર્યવજ્ઞાન અને કેવલદ્વિક નથી. માટે છ ઉપયોગ હોય છે.

મિશ્રમાર્ગણામાં આ જ છ ઉપયોગ હોય છે. પરંતુ મિશ્ર ગુણસ્થાનક હોવાથી જ્ઞાન-અજ્ઞાન મિશ્ર હોય છે સમ્યક્ત્વની સન્મુખતા વાળાને જ્ઞાનની અધિકતા હોય છે અને મિથ્યાત્વની સન્મુખતા વાળાને અજ્ઞાનની અધિકતા હોય છે. માટે જ ત્રણ જ્ઞાનો અજ્ઞાનની સાથે મિશ્ર કહ્યાં છે. અહીં મિશ્ર માર્ગણામાં છ ઉપયોગ અજ્ઞાનમિશ્રિત કહેતા ગ્રંથકારે ત્રીજા ગુણઠાણે અવધિદર્શન કહ્યું છે. તે સમ્યક્ત્વની બહુલતાને આશ્રયી સમજવું. અન્યથા ગ્રંથકારશ્રીએ જ ગાથા ૨૧ તથા ગાથા ૩૨માં અવધિદર્શન ૪થી૧૨ માં હોય પરંતુ ૧થી૧૨ માં ન હોય એમ કહેલ છે. માટે અહીં વિવક્ષાભેદ જાણવો. આ પ્રમાણે આ ગાથામાં ૨+૨+૧+૧= છ માર્ગણામાં ઉપયોગ કહ્યા. ॥ ૩૩ ॥

**मणनाण चक्खुवज्जा, अणहारि तिन्नि दंसणचउनाणा ।**
**चउनाणसंजमोवसम-वेयगे ओहिदंसे य ॥ ३४ ॥**

(मनःपर्यवज्ञानचक्षुर्वर्जाः अणाहारे त्रीणि दर्शनानि चत्वारि ज्ञानानि ।
चतुर्ज्ञानसंयमोपशमवेदकेषु अवधिदर्शने च ॥ ३४ ॥)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શબ્દાર્થ

मणनाणचक्खुवज्जा = મનઃપર્યવજ્ઞાન અને ચક્ષુદર્શન વિના,
अणहारि = અણાહારીમાર્ગણામાં,
तिन्निदंसण = ત્રણ દર્શન,
चउनाणा = ચાર જ્ઞાન,
चउनाण = ચાર જ્ઞાન,
संजम = ચાર સંયમ,
उवसम = ઉપશમસમ્યક્ત્વ,
वेयगे = વેદક સમ્યક્ત્વ,
ओहिदंसे य = અને અવધિદર્શનમાં.

**ગાથાર્થ** = અણાહારી માર્ગણામાં મનઃપર્યવજ્ઞાન અને ચક્ષુદર્શન વર્જીને શેષ ૧૦ ઉપયોગ જાણવા. ચાર જ્ઞાન, ચાર સંયમ, ઉપશમ અને વેદકસમ્યક્ત્વમાં તથા અવધિદર્શનમાં ત્રણદર્શન અને ચાર જ્ઞાન એમ સાત ઉપયોગ હોય છે ॥૩૪॥

**વિવેચન** = અણાહારી માર્ગણામાં મનઃપર્યવજ્ઞાન અને ચક્ષુદર્શન વિના બાકીના ૧૦ ઉપયોગ હોય છે. કારણ કે અણાહારી અવસ્થા વિગ્રહગતિમાં, ઉત્પત્તિના પ્રથમ સમયે અને કેવલી સમુદ્‌ઘાતમાં તથા અયોગી ગુણઠાણે હોય છે. ત્યાં વિગ્રહગતિમાં અને ઉત્પત્તિના પ્રથમ સમયે સમ્યગ્દષ્ટિને ત્રણ જ્ઞાન, મિથ્યાદષ્ટિને ત્રણ અજ્ઞાન, તથા બન્નેને અચક્ષુદર્શન, સમ્યગ્દષ્ટિ અવધિજ્ઞાનીને અવધિદર્શન, કેવલીને કેવલજ્ઞાન અને કેવલદર્શન એમ ૧૦ ઉપયોગો સંભવે છે. પરંતુ મનઃપર્યવજ્ઞાન અને ચક્ષુદર્શન આ બે ઉપયોગો અણાહારી માર્ગણામાં સંભવતા નથી કારણ કે આ બે ઉપયોગ પર્યાપ્તાવસ્થામાં જ સંભવે છે અને અણાહારીપણું અપર્યાપ્તાવસ્થા ભાવી જ છે. અથવા કેવલીને જ છે. તેથી બે ઉપયોગ વિના શેષ ૧૦ ઉપયોગ હોય છે.

મૂલગાથામાં કહેલ चउ શબ્દ જ્ઞાન અને સંયમ એમ બન્નેની સાથે જોડવાનો હોવાથી મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યવ એમ ચાર જ્ઞાન, સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ અને સૂક્ષ્મસંપરાય એમ ચાર ચારિત્ર, ઉપશમસમ્યક્ત્વ, ક્ષયોપશમ સમ્યક્ત્વ અને અવધિ દર્શન એક કુલ ૧૧ માર્ગણામાં ચાર જ્ઞાન અને ત્રણ દર્શન કુલ સાત જ ઉપયોગ હોય છે કારણ કે અગિયારે આ માર્ગણા ૪થી૧૨ ગુણસ્થાનકોની અંદર જ યથાસંભવ હોય છે, ત્યાં ત્રણ અજ્ઞાન અને કેવલદ્વિક સંભવતાં નથી. ત્રણ અજ્ઞાન પહેલા-બીજા અને ત્રીજા ગુણઠાણામાં જ હોય છે. જ્યાં આ માર્ગણા નથી. અને કેવલદ્વિક તેરમે-ચૌદમે હોય છે ત્યાં પણ આ માર્ગણા નથી. માટે ૪ જ્ઞાન અને ૩ દર્શન એમ સાત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપયોગ જ હોય છે. અહીં પણ અવધિદર્શનમાં ૪ જ્ઞાન અને ત્રણ દર્શન એમ જે સાત ઉપયોગ કહ્યા અને પ્રથમનાં ત્રણ ગુણસ્થાનક ન ગણીને ત્રણ અજ્ઞાન ન કહ્યાં તે બહુશ્રુતવાળા કેટલાક આચાર્યોની અપેક્ષાએ જાણવું. આ ગાથામાં કુલ ૧+૧૧=૧૨ માગણામાં ઉપયોગ કહ્યા. આ પ્રમાણે ૩૦મી ગાથામાં ૪, એકત્રીસમી ગાથામાં ૨૪, બત્રીસમી ગાથામાં ૧૬, તેત્રીસમી ગાથામાં ૬ અને ચોત્રીસમી ગાથામાં ૧૨ એમ કુલ ૬૨ માર્ગણામાં ઉપયોગ કહ્યા. ॥ ૩૪ ॥

બાસઠ માર્ગણાસ્થાનોમાં (૧) જીવસ્થાનક, (૨) ગુણસ્થાનક, (૩) યોગ, (૪) ઉપયોગ, (૫) લેશ્યા અને (૬) અલ્પબહુત્વ આ છ દ્વારોના વર્ણનનો પ્રસંગ ચાલે છે. છમાંથી ચાર દ્વારો અહીં પૂર્ણ થાય છે. આ ૬૨ માર્ગણાઓમાં મનયોગ, વચનયોગ અને કાયયોગ એમ ત્રણ માર્ગણા આવે છે. આ ત્રણ માર્ગણામાં કેટલાક આચાર્યો જીવસ્થાનક, ગુણસ્થાનક આદિ આ ચાર દ્વાર કંઈક જુદી રીતે વિચારે છે તેથી તેઓના મત પ્રમાણે આ ત્રણ યોગમાર્ગણામાં જીવસ્થાનક આદિ દ્વારો કહે છે.

**दो तेर तेर बारस, मणे कमा अट्ठ दु चउ चउ वयणे ।**
**चउ दु पण तिन्नि काये, जिअगुणजोगुवओगन्ने ॥ ३५ ॥**

(द्वौ त्रयोदश त्रयोदश द्वादश, मनसि क्रमादष्ट द्वौ चत्वारश्चत्वारो वचने।
चत्वारो द्वौ पञ्च त्रयः काये, जीवगुणयोगोपयोगा अन्ये ॥ ३५ ॥ )

**શબ્દાર્થ**

दो = બે,
तेर = તેર,
तेर = તેર,
बारस = બાર,
मणे = મનયોગમાં,
कमा = અનુક્રમે,
अट्ठ = આઠ,
दु = બે,
चउ = ચાર,
चउ = ચાર,
वयणे = વચનયોગમાં,
चउ = ચાર,
दु = બે,
पण = પાંચ,
तिन्नि = ત્રણ,
काये = કાયયોગમાં,
जिअ = જીવસ્થાનક,
गुण = ગુણસ્થાનક,
जोग = યોગ,
उवओग = ઉપયોગ,
अन्ने = અન્ય આચાર્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ** = અન્ય આચાર્યો મનોયોગમાં ૨,૧૩,૧૩, અને૧૨, તથા વચનયોગમાં ૮,૨,૪, અને ૪,તથા કાયયોગમાં ૪,૨,૫, અને ૩, અનુક્રમે જીવસ્થાનક, ગુણસ્થાનક, યોગ અને ઉપયોગ માને છે. ॥ ૩૫ ॥

**વિવેચન** = કર્મગ્રંથકાર પૂ. શ્રી દેવેન્દ્રસૂરિજીનો આશય એવો છે કે જે જે જીવોમાં મનયોગ હોય તે તે જીવસ્થાનક ત્યાં ગણવાં, તે જીવોનાં ગુણસ્થાનક, તેમાં ઘટતા યોગ અને તેમાં સંભવતા ઉપયોગ ત્યાં લેવા. જેમ કે મનયોગ સર્વપર્યાપ્તિએ પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિયમાં જ સંભવે છે. માટે મનયોગમાં જીવસ્થાનક ૧, (ગાથા ૧૭) ગુણસ્થાનક ૧૩ (ગાથા ૨૨), યોગ ૧૩ (ગાથા ૨૮), અને ઉપયોગ ૧૨ (ગાથા ૩૧)માં કહ્યા છે. એવી જ રીતે વચનયોગ બેઈન્દ્રિય, તેઈન્દ્રિય. ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય (સંજ્ઞી-અસંજ્ઞી બંને) આટલા પર્યાપ્ત જીવોને હોય છે. તેથી તેમાં સંભવતાં જીવસ્થાનક ૫ (ગાથા ૧૭), ગુણસ્થાનક ૧૩ (ગાથા ૨૨), યોગ ૧૩ (ગાથા ૨૮) અને ઉપયોગ ૧૨ (ગાથા ૩૧)માં કહ્યા છે તથા કાયયોગ તો સૂક્ષ્મ અપર્યાપ્તા એકેન્દ્રિયથી સંજ્ઞી-અસંજ્ઞી પર્યાપ્તા-અપર્યાપ્તા પંચેન્દ્રિય સુધી સર્વે સંસારી જીવોને હોય છે. તેથી ત્યાં જીવસ્થાનક ૧૪ (ગાથા ૧૬), ગુણસ્થાનક ૧૩ (ગાથા ૨૨), યોગ ૧૫ (ગાથા ૨૫) અને ઉપયોગ ૧૨ (ગાથા ૩૧)માં કહ્યા છે. અને ત્યાં ત્યાં તે તે રીતે સ્પષ્ટ સમજાવ્યા પણ છે. પરંતુ અન્ય આચાર્યો આ ત્રણયોગમાં જીવસ્થાનકાદિ કંઈક ભિન્ન રીતે ઘટાવે છે. તેઓનો આશય એવો છે કે - મનયોગ અને વચનયોગ જે જીવોમાં ન હોય ત્યાં જ કાયયોગ છે એમ સમજવું. એવી રીતે મનયોગ ન હોય ત્યાં જ વચનયોગ છે એમ સમજવું અને જ્યાં મનયોગ છે ત્યાં મુખ્ય એવા મનયોગની જ વિવક્ષા કરવી ત્યાં વચનયોગની અને કાયયોગની ગણના ન કરવી. સારાંશ કે **"યોગાન્તર રહિત એવા યોગની જ વિવક્ષાકરાય છે"** તેથી જ્યાં ત્રણે યોગ છે ત્યાં પ્રધાન મનયોગ હોવાથી મનયોગ જ ગણવો. વચનયોગ, કાયયોગ ન વિવક્ષવા. જ્યાં પ્રધાન એવો મનયોગ નથી પરંતુ વચન યોગ અને કાયયોગ છે ત્યા વચનયોગ પ્રધાન હોવાથી તેની જ વિવક્ષા કરવી. કાયયોગ ન ગણવો. અને જ્યાં મનયોગ, વચનયોગ નથી. માત્ર કાયયોગ જ છે. ત્યાં જ કાયયોગ ગણવો. શેષજીવોમાં બીજા યોગો હોવાથી કાયયોગ ન ગણવો. આવી વિવક્ષા કરવાથી સંજ્ઞી પંચેન્દ્રિયમાં માત્ર મનયોગ જ ગણાય, બેઈન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવોમાં માત્ર વચનયોગ જ ગણાય. અને કાયયોગ તો ફક્ત એકેન્દ્રિયમાં જ ગણાય. હવે આ વિવક્ષા પ્રમાણે સંજ્ઞીમાં મનયોગ, વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચે. માત્રમાં જ વચનયોગ, અને એકેન્દ્રિય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માત્રમાં જ કાયયોગ ગણવાથી તે તે જીવોમાં જેટલાં જેટલાં જીવસ્થાનક ગુણસ્થાનક, યોગ, અને ઉપયોગ હોઈ શકે તેટલાં તેટલાં જીવસ્થાનક ગુણસ્થાનક, યોગ, અને ઉપયોગ ત્યાં લેવાં. આ પ્રમાણે અન્ય આચાર્યોનું કહેવું છે. તેથી જીવસ્થાનક આદિ ચારે દ્વારો આ નવી વિવક્ષા પ્રમાણે આ રીતે થાય છે.

| | જીવસ્થાનક | ગુણસ્થાનક | યોગ | ઉપયોગ |
|---|---|---|---|---|
| મનયોગમાં | ૨ | ૧૩ | ૧૩ | ૧૨ |
| વચનયોગમાં | ૮ | ૨ | ૪ | ૪ |
| કાયયોગમાં | ૪ | ૨ | ૫ | ૩ |

તેની વધારે સ્પષ્ટતા આ પ્રમાણે છે- ઉપરની વિવક્ષા પ્રમાણે મનયોગ સંજ્ઞીમાં જ સંભવે છે. એકેન્દ્રિય-વિકલેન્દ્રિય અને અસંજ્ઞીમાં સંભવતો નથી. તેથી સંજ્ઞી પર્યાપ્તા-અપર્યાપ્તા એમ સંજ્ઞીનાં બે જીવસ્થાનક કહ્યાં. સંજ્ઞીમાં તેરે ગુણસ્થાનક હોય છે. (જો કે સંજ્ઞીમાં તો ચૌદમું પણ છે. પરંતુ ત્યાં યોગ નથી તેથી તેને મૂકીને) શેષ ૧૩ ગુણસ્થાનક કહ્યાં છે. આ મનયોગ મનઃપર્યાપ્તિ પૂર્ણ કર્યા પછી જ આવે છે. તેથી અપર્યાપ્તાવસ્થાભાવી કાર્મણ અને ઔદારિકમિશ્ર વિના શેષ ૧૩ યોગ કહ્યાં છે. તથા સંજ્ઞીમાં સર્વ **ગુણસ્થાનક** સંભવતાં હોવાથી બધા જ ઉપયોગ કહ્યા છે.

વચનયોગ ઉપરની વિવક્ષા પ્રમાણે વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયને જ ગણાય છે. તેથી તે ચાર પર્યાપ્તા-અપર્યાપ્તા મળી આઠ જીવસ્થાનક કહ્યાં છે. તથા આ આઠ જીવસ્થાનકમાં મિશ્ર અને સમ્યક્ત્વાદિ ઉપરનાં ગુણસ્થાનક સંભવતાં નથી. તેથી મિથ્યાત્વ અને સાસ્વાદન એમ બે જ ગુણસ્થાનક કહ્યાં છે. આ આઠ જીવ સ્થાનકમાં ઔદારિક કાયયોગ, ઔદારિકમિશ્રકાયયોગ, કાર્મણ કાયયોગ અને અસત્યામૃષા વચનયોગ એમ આ ચાર જ યોગ હોય છે. શેષ યોગો કોઈ પણ સંભવતા નથી. તેથી યોગ ૪ કહ્યા છે. તથા ઉપયોગ આ આઠ જીવભેદમાં મતિ-શ્રુતઅજ્ઞાન અને અચક્ષુદર્શન એમ સામાન્યથી ત્રણ હોય છે અને ચઉરિન્દ્રિય તથા અસંજ્ઞીમાં ચક્ષુ હોવાથી ચક્ષુદર્શન વધારે હોય છે. સમ્યક્ત્વાદિ અને અવધિજ્ઞાનાદિની લબ્ધિ ન હોવાથી બીજા ઉપયોગો સંભવતા નથી. માટે ઉપયોગ કુલ ૪ જ કહ્યા છે.

હવે કાયયોગ ઉપરની વિવક્ષા પ્રમાણે માત્ર એકેન્દ્રિયમાં જ ઘટે છે તેથી એકેન્દ્રિયમાં જ સંભવતાં સૂક્ષ્મ-બાદર પર્યાપ્તા-અપર્યાપ્તા એમ ૪ જીવસ્થાનક, મિથ્યાત્વ-સાસ્વાદન એમ બે ગુણસ્થાનક, વાઉકાયને આશ્રયી વૈક્રિય ગણવાથી ઔદારિક, ઔદારિકમિશ્ર, વૈક્રિય, વૈક્રિયમિશ્ર, અને કાર્મણ એમ પાંચ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યોગ, તથા મતિ-શ્રુતઅજ્ઞાન અને અચક્ષુદર્શન એમ ત્રણ ઉપયોગ કહ્યા છે. ગ્રંથકારની અને અન્ય આચાર્યોની વિવક્ષામાં કેટલી ભિન્નતા છે. તે સમજવા માટે ચિત્ર આ પ્રમાણે છે.

| | ગ્રન્થકારની વિવક્ષા | | | | અન્ય આચાર્યોની વિવક્ષા | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | જીવ | ગુણ | યોગ | ઉપયોગ | જીવ | ગુણ | યોગ | ઉપયોગ |
| મનયોગ | ૧ | ૧૩ | ૧૩ | ૧૨ | ૨ | ૧૩ | ૧૩ | ૧૨ |
| વચનયોગ | ૫ | ૧૩ | ૧૩ | ૧૨ | ૮ | ૨ | ૪ | ૪ |
| કાયયોગ | ૧૪ | ૧૩ | ૧૫ | ૧૨ | ૪ | ૨ | ૫ | ૩ |

**પ્રશ્ન**- અન્ય આચાર્યોએ જે વિવક્ષા કરી છે કે એક (મુખ્ય) યોગ હોય ત્યાં અન્ય યોગો હોવા છતાં તેની વિવક્ષા (ગણના) ન કરવી. અર્થાત્ યોગાન્તર રહિત એવો એક યોગ ગણવો. તે તો ઠીક છે કે આ પણ એક ભિન્ન વિવક્ષા છે. પરંતુ તેઓએ કહેલાં જીવસ્થાનક આદિમાં શું કંઈ અસંગતિ દેખાય છે કે બધું જ બરાબર સંગત જ છે ?

**ઉત્તર**- તેમના મતમાં કેટલીક અસંગતિ જણાય છે. અર્થાત્ પૂર્વાપર ન ઘટે એવી પણ કેટલીક બાબત છે. તે આ પ્રમાણે -

(૧) મનયોગ સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત થયા પછી જ હોય છે. તેથી સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત એક જ જીવસ્થાનક સંભવી શકે. પરંતુ સંજ્ઞી અપર્યાપ્ત જીવસ્થાનક ન સંભવે. કારણ કે અપર્યાપ્તાવસ્થાકાળે મનઃપર્યાપ્તિ સમાપ્ત થયેલી ન હોવાથી મનયોગ સંભવતો નથી. હવે કદાચ એમ કહીએ કે અપર્યાપ્તાવસ્થામાં ભલે મનઃપર્યાપ્તિ સમાપ્ત થયેલી નથી તેથી મનયોગ પ્રાપ્ત થયો નથી. પરંતુ તે પૂર્ણ થયે અવશ્ય આવશે જ, એમ માની મનની લબ્ધિવાળો આ જીવ છે. એમ વિચારી અપર્યાપ્તો જીવભેદ લઈએ તો યોગ ૧૩ કહ્યા તે ન ઘટે. કારણ કે જો અપર્યાપ્ત જીવભેદ લઈએ છીએ તો અપર્યાપ્તાવસ્થાભાવી કાર્મણ અને ઔદારિકમિશ્રયોગ પણ લેવા જોઈએ અને યોગ ૧૫ કહેવા જોઈએ. યોગ ૧૩ કહેવા અને જીવભેદ પર્યાપ્ત-અપર્યાપ્ત બે કહેવા તે પૂર્વાપર સંગત થતું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨) વચનયોગમાં પણ આ જ દોષ દેખાય છે કે ભાષાપર્યાપ્તિ પૂર્ણ થયા પછી જ વચનયોગ આવે. તેથી બેઇન્દ્રિયાદિ ચારે પર્યાપ્ત જ જીવસ્થાનક ઘટે, અપર્યાપ્ત જીવસ્થાનક ન ઘટે, છતાં ચાર પર્યાપ્ત-અને ચાર અપર્યાપ્ત એમ આઠ જીવભેદ કહ્યા તે સંગત નથી. આ કારણથી જ ગ્રંથકારને આ મત જોઈએ તેવો રૂચતો નથી. માટે જ "अन्ने" કહીને બીજા આચાર્યો આ પ્રમાણે માને છે એમ કહેલ છે. ॥ ૩૫ ॥

હવે બાસઠ માર્ગણાઓ ઉપર "લેશ્યા" જણાવે છે.

**छसु लेसासु सठाणं, एगिंदि असन्निभूदगवणेसु ।**
**पढमा चउरो तिन्नि उ, नारयविगलग्गिपवणेसु ॥ ३६ ॥**
**(षट्सु लेश्यासु स्वस्थानं, एकेन्द्रियासंज्ञिभूदकवनस्पतिषु ।**
**प्रथमाश्चतस्त्रस्तिस्त्रस्तु नारकविकलाग्निपवनेषु ॥ ३६ ॥ )**

**શબ્દાર્થ-**

छसु लेसासु= છ લેશ્યાઓમાં,
सठाणं= પોતપોતાની લેશ્યા,
एगिंदि= એકેન્દ્રિય,
असन्नि= અસંજ્ઞી પંચે.
भूदगवणेसु= પૃથ્વીકાય, અપ્કાય તથા વનસ્પતિકાયમાં,
पढमा चउरो= પ્રથમની ચાર,
तिन्नि उ= વળી ત્રણ લેશ્યા,
नारय= નારકી,
विगल= વિકલેન્દ્રિય,
ग्गिपवनेसु= અગ્નિકાય અને વાયુકાયમાં.

**ગાથાર્થ**- છએ લેશ્યાઓમાં પોતપોતાની લેશ્યા હોય છે. એકેન્દ્રિય, અસંજ્ઞી પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાયમાં પ્રથમની ચાર લેશ્યા હોય છે. તથા નારકી, વિકલેન્દ્રિય, અગ્નિકાય અને વાયુકાયમાં પ્રથમની ત્રણ લેશ્યા માત્ર જ હોય છે. ॥ ૩૬ ॥

**વિવેચન**- કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ, અને શુક્લ એમ લેશ્યા છ પ્રકારની છે. જે જાંબુના વૃક્ષના દૃષ્ટાન્તે જૈન શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. બાસઠ માર્ગણાઓમાં જે છ લેશ્યા માર્ગણા આવે છે. તેમાં એકેકલેશ્યા માર્ગણામાં પોતાના નામવાળી એકેક લેશ્યા હોય છે. કૃષ્ણલેશ્યામાર્ગણામાં કૃષ્ણલેશ્યા, અને નીલલેશ્યામાર્ગણામાં નીલલેશ્યા. ઇત્યાદિ જાણવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકેન્દ્રિયમાર્ગણા, અસંજ્ઞીમાર્ગણા, પૃથ્વીકાય અપ્કાય અને વનસ્પતિકાય માર્ગણા એમ કુલ પાંચ માર્ગણાઓમાં કૃષ્ણ-નીલ-કાપોત અને તેજો એમ ચાર લેશ્યા હોય છે. ત્યાં આ માર્ગણાઓ અશુભ પરિણામવાળી હોવાથી પ્રથમની ત્રણ લેશ્યા તો સામાન્યથી હોય જ છે. પરંતુ ભવનપતિ-વ્યંતર-જ્યોતિષ્કદેવો તથા સૌધર્મ અને ઈશાનવાસી દેવો મૃત્યુ પામીને અત્યન્ત આસક્તિને લીધે રત્નાદિ પૃથ્વીકાયમાં, જલાશયના અપ્કાયમાં અને કમલાદિ રૂપ વનસ્પતિકાયમાં જન્મે છે ત્યારે કેટલાક કાળ સુધી ગયા ભવના સંસ્કારવાળી તેજોલેશ્યા પણ આ પાંચ માર્ગણામાં સંભવે છે. પૂજ્ય શ્રી હરિભદ્રસૂરિજીએ યોગદૃષ્ટિ સમુચ્ચયમાં કહ્યું છે કે **जल्लेसे मरइ, तल्लेसे उववज्जई** ।

તથા નારકી, વિકલેન્દ્રિય, અગ્નિકાય, અને વાયુકાય એમ છ માર્ગણાઓમાં માત્ર પ્રથમની ત્રણ લેશ્યા જ હોય છે. કારણ કે આ જીવો ઘણું કરીને અપ્રશસ્ત અધ્યવસાય યુક્ત હોય છે. તેથી શેષ શુભલેશ્યા સંભવતી નથી. તેજોલેશ્યાદિવાળા દેવો આ જીવોમાં જન્મતા નથી. ॥ ૩૬ ॥

**अहक्खायसुहुमकेवल-दुगि सुक्का छावि सेसठाणेसु ।**
**नरनिरयदेवतिरिया, थोवा दु असंखणंतगुणा ॥ ३७ ॥**

(यथाख्यातसूक्ष्मकेवलद्विके शुक्ला षडपि शेषस्थानेषु ।
नरनरकदेवतिर्यञ्चः, स्तोका द्वौ अंसख्यातावनन्तगुणाः ॥ ३७ ॥

**શબ્દાર્થ-**

अहक्खाय = યથાખ્યાત,
सुहुम = સૂક્ષ્મસંપરાય,
केवलदुगि = કેવલદ્વિકમાં,
सुक्का = માત્ર એક શુક્લલેશ્યા,
छावि = છએ પણ,
सेसठाणेसु = બાકીનાં સ્થાનોમાં,
नरनिरय = મનુષ્ય નારકી,
देवतिरिया = દેવો અને તિર્યંચો,
थोवा = થોડા છે.
दुअसंख = બે અસંખ્યાતા છે.
णंतगुणा = અનંતગુણા છે.

**ગાથાર્થ**- યથાખ્યાત, સૂક્ષ્મસંપરાય અને કેવલદ્વિકમાં માત્ર શુક્લલેશ્યા જ હોય છે. શેષસ્થાનોમાં છએ લેશ્યા હોય છે. મનુષ્યો સૌથી થોડા છે. તેનાથી નારકી અને દેવો બે અસંખ્યાતગુણા છે. અને તિર્યંચો અનંતગુણા છે. ॥ ૩૭ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વિવેચન-** યથાખ્યાત ચારિત્ર, સૂક્ષ્મસંપરાય ચારિત્ર, અને કેવલજ્ઞાન કેવલદર્શન એમ કુલ ચાર માર્ગણાઓમાં ફક્ત એક શુક્લ લેશ્યા જ હોય છે. આ ચારે માર્ગણાઓ દસમા ગુણઠાણા પછી જ સંભવતી હોવાથી અને ત્યાં ઉજ્જ્વલ જ પરિણામ હોવાથી શેષલેશ્યાઓ સંભવતી નથી. બાકીની ૪૧ માર્ગણાઓમાં છએ લેશ્યા યથાયોગ્ય રીતે સંભવે છે. (૧) તિર્યંચગતિ, (૨) મનુષ્યગતિ, (૩) દેવગતિ, (૪) પંચેન્દ્રિય જાતિ, (૫) ત્રસકાય, ત્રણ વેદ (૮) ત્રણ યોગ (૧૧) ચાર કષાય (૧૫) મતિ આદિ ૪ જ્ઞાન (૧૯) ત્રણ અજ્ઞાન (૨૨) સામાયિક, છેદોપસ્થાપ્ય, પરિહારવિશુદ્ધિ, દેશવિરતિ, અવિરતિ એમ પાંચ ચારિત્ર (૨૭) ત્રણ દર્શન (૩૦) ભવ્ય-અભવ્ય (૩૨) છ સમ્યક્ત્વ (૩૮) સંજ્ઞી (૩૯) આહારી અને અણાહારી એમ ૪૧ માર્ગણામાં છએ લેશ્યા હોય છે કારણ કે આ તમામ માર્ગણાઓમાં શુભ-અશુભ બધી જ લેશ્યાઓ સંભવે છે. આ પ્રમાણે અહીં લેશ્યા દ્વાર પૂર્ણ થાય છે. હવે અલ્પબહુત્વ નામનું છઠ્ઠું દ્વાર બાસઠ માર્ગણામાં જણાવે છે.

કોઈપણ એક મૂલ માર્ગણાના ઉત્તરભેદોમાં કયા ઉત્તરભેદમાં જીવો ઓછા હોય (હીન હોય) અને કયા ઉત્તરભેદમાં જીવો વધારે હોય એમ જે વિચારવું તે અલ્પબહુત્વ. તે હવે જણાવાય છે. ત્યાં પ્રથમ આ ગાથામાં ગતિમાર્ગણા કહેવાય છે.

મનુષ્યો સૌથી થોડા છે. તેનાથી બે ગતિના જીવો અસંખ્યાત ગુણા છે અને તિર્યંચો અનંત ગુણા છે. અર્થાત્ મનુષ્યો સૌથી થોડા, તેનાથી નારકી અસંખ્યાતગુણા, તેનાથી દેવો અસંખ્યાતગુણા, અને તેનાથી તિર્યંચો અનંતગુણા છે. આ જ વાત વધુ સ્પષ્ટ વિચારીએ.

મનુષ્યો બે પ્રકારના છે. સંમૂર્છિમ અને ગર્ભજ. જે જીવો સ્ત્રી-પુરુષના સંયોગ વિના વમન-પિત્ત-મલ-મૂત્રાદિમાં જન્મે છે તે સંમૂર્છિમ. અને સ્ત્રી-પુરુષના સંયોગથી સ્ત્રીના ગર્ભમાં જન્મે છે તે ગર્ભજ. સંમૂર્છિમ મનુષ્યોનું શરીર અંગુલના અસંખ્યાતમા ભાગનું જ હોય છે. અને આયુષ્ય ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત જ હોય છે. તેઓની ઉત્પત્તિનો વિરહકાળ જઘન્યથી એક સમય, અને ઉત્કૃષ્ટથી ચોવીસ મુહૂર્ત હોય છે. જેથી જુના ઉત્પન્ન થયેલા સંમૂર્છિમ મનુષ્યોનું અંતર્મુહૂર્તનું જ આયુષ્ય હોવાથી અંતર્મુહૂર્તકાળમાં મરી ગયે છતે અને નવા સંમૂ. મનુષ્યો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્યારેક ૨૪ મુહૂર્ત સુધી પણ ઉત્પન્ન ન થયે છતે ત્રેવીસ મુહૂર્તથી કંઈક અધિકકાળ આ દુનિયામાં સંમૂર્છિમમનુષ્યો ન હોય એવું પણ બને છે. તેથી સંમૂર્છિમ મનુષ્યો ક્યારેક આ સંસારમાં હોય છે. અને ક્યારેક આ સંસારમાં નથી પણ હોતા. પણ ગર્ભજમનુષ્યો સદાકાળ હોય જ છે. અને તે પણ સંખ્યાતા જ હોય છે. અસંખ્યાતા કદાપિ હોતા નથી.

"ગર્ભજ મનુષ્યો સંખ્યાતા જ હોય છે" એમ કહ્યું. પરંતુ સંખ્યાતું નાનુ-મોટું અનેકજાતનું હોય છે. તેથી એ નથી જણાતું કે અહીં કેટલી પ્રમાણતાવાળું સંખ્યાતું લેવું. તેથી તે જણાવવા સ્પષ્ટ કરે છે કે-(૧) પાંચમા અને છઠ્ઠા વર્ગનો ગુણાકાર જેટલો થાય તેટલા ગર્ભજ મનુષ્યો છે. કોઈ પણ વિવક્ષિત એક સંખ્યાને તે જ સંખ્યા વડે ગુણવાથી જે આંક આવે તે વર્ગ કહેવાય છે. જેમકે પાંચને પાંચે ગુણવાથી પચીસ આવે છે. તે પચીસ એ પાંચનો વર્ગ જાણવો. આ રીતે પાંચ વર્ગ ક્રમસર કરવા. જેમકે-

૨×૨=૪ આ પ્રથમ વર્ગ.

૪×૪=૧૬ આ બીજો વર્ગ.

૧૬×૧૬=૨૫૬ આ ત્રીજો વર્ગ.

૨૫૬×૨૫૬=૬૫૫૩૬ આ ચોથો વર્ગ.

૬૫૫૩૬×૬૫૫૩૬=૪૨૯૪૯૬૭૨૯૬ આ પાંચમો વર્ગ.

૪૨૯૪૯૬૭૨૯૬×૪૨૯૪૯૬૭૨૯૬=૧૮૪૪૬૭૪૪૦૭૩૭૦૯૫૫૧૬૧૬ આ છઠ્ઠો વર્ગ.

આ પ્રમાણે ક્રમશઃ છ વર્ગ બનાવવા. પછી પાંચમા વર્ગની રાશિને અને છઠ્ઠાવર્ગની રાશિને પરસ્પર ગુણવાથી જે આંક આવે તેટલા મનુષ્યો જઘન્યથી પણ અઢીદ્વીપમાં થઈને હોય છે. આ જ આંક બીજી રીતે પણ કરી શકાય છે.

(૨) એકની સંખ્યાને ક્રમશઃ છન્નુ વખત દ્વિગુણ-દ્વિગુણ (ડબલ-ડબલ) કરવાથી પણ ગર્ભજ મનુષ્યોની આ જઘન્યસંખ્યા થાય છે. જેમકે

| | | |
|---|---|---|
| (૧) ૧×૨=૨, | (૫) ૧૬×૨=૩૨, | (૯) ૨૫૬×૨=૫૧૨ |
| (૨) ૨×૨=૪, | (૬) ૩૨×૨=૬૪ | (૧૦) ૫૧૨×૨=૧૦૨૪ |
| (૩) ૪×૨=૮, | (૭) ૬૪×૨=૧૨૮ | (૧૧) ૧૦૨૪×૨=૨૦૪૮ |
| (૪) ૮×૨=૧૬ | (૮) ૧૨૮×૨=૨૫૬ | (૧૨) ૨૦૪૮×૨=૪૦૯૬ ઇત્યાદિ. |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રમાણે ૯૬ વખત દ્વિગુણ કરવાથી પણ ગર્ભજ મનુષ્યોની સંખ્યા આવે છે. તે સંખ્યા અંકથી આ પ્રમાણે થાય છે.

૭,૯૨,૨૮,૧૬૨,૫૧,૪૨,૬૪૩,૩૯,૫૯,૩૫૪,૩૯,૫૦,૩૩૬ થાય છે. આ પ્રમાણે ગર્ભજ મનુષ્યો સંખ્યાતા અને સંમૂર્છિમમનુષ્યો અસંખ્યાતા હોય છે પરંતુ બન્નેને સાથે ગણીએ તો અસંખ્યાતા થાય છે તે કેટલા હોય ? તેનું માપ શાસ્ત્રમાં આ રીતે જણાવ્યું છે.

"અસંખ્યાત" એવો જે આંક છે તે નાનો-મોટો અનેક જાતનો હોય છે. એટલે કે અસંખ્યાતાના અસંખ્યાતા ભેદ પડે છે. તેથી ગર્ભજ-સંમૂર્છિમ બન્ને મનુષ્યોના પ્રમાણ માટે કેવું (કેટલા પ્રમાણવાળું) અસંખ્યાત લેવું ? તે સમજાતું નથી, તેથી તે માપ સમજાવવા ક્ષેત્રથી અને કાલથી એમ બે રીતે શાસ્ત્રમાં માપ આવે છે. તેમાં પ્રથમ કાળથી માપ આ પ્રમાણે છે કે- અસંખ્યાતી ઉત્સર્પિણી અને અવસર્પિણીના જેટલા સમયો થાય તેટલા (ગર્ભજ-સંમૂર્છિમ એમ બન્ને મળીને) મનુષ્યો હોય છે. આ કાળથી માપ કહ્યું. હવે ક્ષેત્રથી માપ સમજાવે છે-

બે પગ પહોળા કરી, કેડ ઉપર બે હાથ ટેકાવી ઉભા રહેલા પુરુષાકાર પ્રમાણે જે આ લોકાકાશ છે. તે ચૌદ રાજ ઉંચો છે. નીચે સાત રાજ પહોળો છે. કેડ પાસે એક રાજ પહોળો છે. કોણી પાસે પાંચ રાજ પહોળો છે. અને ઉપર એક રાજ પહોળો છે. આવા આકારવાળા લોકાકાશને ટુકડા કરીને જો વ્યવસ્થિત રીતે ગોઠવવામાં આવે તો સાત રાજ ઉંચો, સાત રાજ પહોળો અને સાત રાજ લાંબો સમચોરસ (શાન્તિસ્નાત્ર વખતે કરાતી પીઠિકા જેવો) આકાર બને છે. તેને સાત રાજનો ઘન કહેવાય છે.

(૧) જેમાં સાતરાજ લંબાઈ-પહોળાઈ અને ઉંચાઈ ત્રણ હોય તે ઘનલોક.

(૨) જેમાં સાતરાજ ઉંચાઈ અને પહોળાઈ, અથવા લંબાઈ અને ઉંચાઇ અથવા પહોળાઇ અને લંબાઇ હોય એમ બે સાત રાજ હોય તે "પ્રતરલોક."

(૩) અને જેમાં ઉંચાઈ, અથવા પહોળાઈ, અથવા લંબાઈ એમ એક જ માત્ર સાતરાજ હોય. બાકીના બે ભાગો એકેક આકાશપ્રદેશના જ હોય તે ઊભી લાકડી જેવો જે આકાર તેને સૂચિશ્રેણી કહેવાય છે. (સોય જેવો આકાર)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવા આકારવાળી એક સૂચિશ્રેણી કે જે સાતરાજ ઉંચી છે. પરંતુ એકેક આકાશપ્રદેશ જેટલી જ લાંબી-પહોળી છે. તેમાં ક્રમશઃ જે અસંખ્યાત આકાશપ્રદેશો ગોઠવાયેલા છે. તેમાં નીચે જણાવાતા માપવાળા ક્ષેત્રમાં એકેક મનુષ્યને બેસાડીએ તો આખી શ્રેણી ભરાતાં એક ટુકડો વધે છે. જો એક મનુષ્ય વધારે હોત તો આખી શ્રેણી ભરાઈ જાત. તેટલા કુલ ગર્ભજ-સંમૂર્છિમ મનુષ્યો છે.

**પ્રશ્ન**- એકેક મનુષ્યને કેટલા માપવાળા ક્ષેત્રમાં બેસાડવાનો ? અર્થાત્ એકેક મનુષ્યને આશ્રયી ક્ષેત્રનું માપ કેટલું કેટલું લેવું ?

**ઉત્તર=** આ સાત રાજની ઉંચી સૂચિશ્રેણીમાંથી એક અંગુલ પ્રમાણ ક્ષેત્ર લેવું. તેમાં જેટલા આકાશ પ્રદેશો છે. તેનાં ક્રમશઃ એક પછી એક એમ ત્રણ વર્ગમૂળ કાઢવાં. વર્ગનું જે મૂળ તે વર્ગમૂળ, જેમ ૨૫ એ વર્ગ છે. તેનું મૂળ ૫, એવી રીતે ૩૬ નું મૂળ ૬, ઓગણપચ્ચાસનું મૂળ ૭, એમ અહીં પણ વર્ગમૂળ ત્રણ કાઢવાં. જો કે અંગુલપ્રમાણ આકાશમાં પ્રદેશો અસંખ્યાત છે. તેનાં વર્ગ મૂલ પણ અસંખ્યાત જ થાય. તો પણ સમજવા માટે અસત્કલ્પનાએ અંગુલપ્રમાણ ક્ષેત્રમાં ૨૫૬ આકાશપ્રદેશ કલ્પીએ, તેનું પ્રથમવર્ગમૂળ ૧૬, બીજું વર્ગમૂળ ૪, અને ત્રીજું વર્ગમૂળ ૨ આવે છે. ત્યાર બાદ પહેલા અને ત્રીજા વર્ગમૂળનો ગુણાકાર કરવો ૧૬×૨=૩૨, બત્રીસ - બત્રીસ આકાશ પ્રદેશોના ખંડ કરવા. અને એકેક ખંડે એકેક મનુષ્યને ગોઠવવો. સારાંશ કે અંગુલ પ્રમાણ ક્ષેત્રની પ્રદેશરાશિ જો કે છે અસંખ્યાત. તો પણ ૨૫૬ છે એમ કલ્પીએ તો પહેલા અને ત્રીજા વર્ગમૂળનો ગુણાકાર ૩૨ થાય. તેથી બત્રીસ - બત્રીસ પ્રદેશરાશિના એકેક ટુકડે એકેક મનુષ્યને ગોઠવીએ તો સાતરાજની ઉંચી એક સૂચિશ્રેણીના જેટલા ખંડ થાય. તેના કરતાં ફક્ત એક જ મનુષ્ય ઓછો છે. ગર્ભજ-સંમૂર્છિમ એમ બન્નેની  સાથે મળીને આટલી સંખ્યા જાણવી. તેથી મનુષ્ય સૌથી થોડા છે.

મનુષ્યો કરતાં નારકી અસંખ્યાત ગુણ છે. તે આ પ્રમાણે - સાત રાજ લાંબા અને પહોળા એવા પ્રતરક્ષેત્રના અસંખ્યાતમા ભાગમાં જેટલી સૂચિ શ્રેણીઓ આવે તે સૂચિશ્રેણીઓના જેટલા પ્રેદેશો થાય તેટલા નારકીજીવો છે.

**પ્રશ્ન** = નારકીનું પ્રમાણ બતાવતાં સાતરાજના લાંબા-પહોળા એક પ્રતરનો "અસંખ્યાતમો ભાગ" લેવાનું તમે કહ્યું. પરંતુ અસંખ્યાતમો ભાગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાનો મોટો ઘણી જાતનો હોય છે. તો આ ''અસંખ્યાતમો ભાગ'' કેવડો લેવો? તેનું કંઈ માપ છે?

**ઉત્તર=** હા. ઘનીકૃત લોકનો જે આ પ્રતર છે. તેનો એક અંગુલપ્રમાણ પ્રતરભાગ લેવો. તેમાં જેટલી સૂચિશ્રેણીઓ હોય તેનું પહેલું અને બીજું વર્ગમૂલ કાઢવું. ત્યારબાદ પહેલા અને બીજા વર્ગમૂળનો ગુણાકાર કરવો. તે આંક જેટલો થાય તેટલી સૂચિશ્રેણીઓ વાળો પ્રતરનો અસંખ્યાતમો ભાગ જાણવો. ધારો કે અંગુલપ્રમાણ પ્રતરમાં ૨૫૬ સૂચિશ્રેણીઓ છે. તો તેનું પ્રથમ વર્ગમૂલ ૧૬, અને બીજું વર્ગમૂલ ૪, પછી તે બન્નેનો ગુણાકાર ૧૬×૪=૬૪ થાય છે તેથી ૬૪ સૂચિશ્રેણીઓ છે જેમાં એવો પ્રતરનો અસંખ્યાતમો ભાગ લેવો. તેટલી સૂચિશ્રેણીના આકાશપ્રદેશરાશિપ્રમાણ નારકી જીવો છે. તેથી મનુષ્ય કરતાં નારકી અસંખ્યાતગુણા છે. અહીં પ્રથમ વર્ગમૂલ અને બીજા વર્ગમૂલનો ગુણાકાર કરો તો પણ ૧૬×૪=૬૪ થાય. અથવા બીજાવર્ગમૂલનો ઘન કરીએ તો પણ ૪×૪×૪=૬૪ થાય છે. એમ બન્ને રીતે સંખ્યા લેવાય છે પરંતુ ફલિતાર્થ સરખો જ છે.

નારકી કરતાં દેવો અસંખ્યાતગુણા છે. કારણ કે દેવો ભવનપતિ-વ્યંતર-જ્યોતિષ્ક અને વૈમાનિક એમ ચાર પ્રકારના છે. ત્યાં ભવનપતિ પણ અસુરકુમારાદિ ભેદે ૧૦ પ્રકારના છે. તેમાં અસુરકુમારાદિ એકેક ભેદનું માપ શાસ્ત્રમાં નીચે પ્રમાણે છે. અંગુલમાત્ર ક્ષેત્રમાં રહેલા આકાશપ્રદેશોના પ્રથમ-વર્ગ મૂલના અસંખ્યાતમા ભાગમાં જેટલી પ્રદેશરાશિ થાય તેટલી સૂચિશ્રેણીઓના જેટલા આકાશપ્રદેશો થાય તેટલા અસુરકુમાર છે. તેટલા જ નાગકુમાર છે. તેટલા જ સુવર્ણકુમારાદિ છે. ફક્ત પ્રતરનો અસંખ્યાતનો ભાગ કેટલો લેવો ? તેનું આવું માપ છે કે અંગુલપ્રમાણ પ્રતરમાં જેટલી સૂચિશ્રેણીઓ છે તેનું પ્રથમવર્ગમૂલ કાઢવું. તેનો અસંખ્યાતમો ભાગ કરવો. તેમાં જેટલો આંક આવે તેટલી સંખ્યાવાળી સૂચિશ્રેણીઓ જેમાં છે એવો પ્રતરનો અસંખ્યાતમો ભાગ લેવો.

વ્યંતરદેવોના એકેક ભેદમાં દેવોની સંખ્યા આ પ્રમાણે જણાવી છે કે સાતરાજ લાંબું-પહોળું આખું પ્રતર લેવું. તેની સૂચિશ્રેણીઓ છુટી પાડવી. તેમાં એકેક સૂચિશ્રેણીના સંખ્યાત સંખ્યાત યોજનના ટુકડા કરવા. આવા ટુકડા આખા પ્રતરની સર્વસૂચિશ્રેણીના જેટલા થાય. તેટલા કિન્નર, તેટલા કિંપુરુષ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમ એકેકભેદમાં આટલા આટલા વ્યંતરદેવો જાણવા. તથા વ્યંતરના આઠે ભેદના દેવો ભેગા કરીએ તો પણ તેટલા જાણવા. કારણ કે સંખ્યાતયોજનના માપે જે ટુકડા કરવાના છે. તે નાના-મોટા સમજવા.

જ્યોતિષ્ક દેવોની સંખ્યા પણ એક પ્રતરની સૂચિશ્રેણીઓના ૨૫૬-૨૫૬ અંગુલના માપે ટુકડા કરતાં જેટલા ટુકડા થાય- તેટલા જ્યોતિષ્કદેવો જાણવા. સાત રાજ લાંબો-પહોળો એક પ્રતર, તેની અસંખ્યાતી સૂચિશ્રેણી, તેમાં એકેક સૂચિશ્રેણીના ૨૫૬-૨૫૬ અંગુલના માપના ટુકડા જેટલા થાય તેટલા જ્યોતિષ્ક દેવો છે.

વૈમાનિકદેવોનું માપ આ પ્રમાણે છે. અંગુલ માત્ર ક્ષેત્રમાં જેટલા આકાશપ્રદેશો છે. તેનું ત્રીજું વર્ગમૂલ કાઢીને તેનો ઘન કરવો. જેમ કે પ્રથમવર્ગમૂલ ૧૬, બીજું વર્ગમૂલ ૪ અને ત્રીજું વર્ગમૂલ ૨ થાય છે. તે બેની સંખ્યાનો ઘન કરવો ૨×૨×૨=૮ આઠ થાય. આ ત્રીજા વર્ગમૂલનો ઘન જેટલો થાય તેટલી સૂચિશ્રેણીઓ લેવી અને તેટલી સૂચિશ્રેણીના જેટલા આકાશપ્રદેશો થાય તેટલા વૈમાનિકદેવો છે. એમ સમજવું. આ પ્રમાણે ભવનપતિ-વ્યંતર-જ્યોતિષ્ક અને વૈમાનિક એમ ચારે નિકાયના દેવોનો આંક ભેગો કરીએ તો સર્વે દેવો નારકી થકી અસંખ્યાતગુણા છે.

દેવો કરતાં તિર્યંચો અનંતગુણા છે. કારણ કે તિર્યંચગતિમાં વનસ્પતિકાયના જીવો આવે છે અને તે (અનંત લોકાકાશ પ્રદેશ પ્રમાણ) અનંતા છે. જ્યારે દેવો તો અસંખ્યાતા જ છે. માટે દેવોથી તિર્યંચો અનંતગુણા છે. આ પ્રમાણે આ ગાથામાં "ગતિમાર્ગણામાં" અલ્પબહુત્વ સમજાવ્યું ॥૩૭॥

**पण चउ ति दु एगिंदी, थोवा तिन्नि अहिआ अणंतगुणा ।**
**तस थोव असंखग्गी, भूजलनिलअहियवणणंता ॥ ३८ ॥**

(पञ्चचतुस्त्रिद्व्येकेन्द्रियास्स्तोकाः त्रयोऽधिकाः अनन्तगुणाः ।
त्रसास्स्तोका असंरव्याग्नयो भूजलानिलाधिका वनानन्ताः ॥ ३८॥

**શબ્દાર્થ**

पण= પંચેન્દ્રિય,
चउ= ચઉરિન્દ્રિય,
ति= તેઈન્દ્રિય, दु= બેઈન્દ્રિય,
एगिंदी= એકેન્દ્રિયમાં,

थोवा= સૌથી થોડા,
तिन्निअहिआ= ત્રણમાં અધિક,
अणंतगुण= છેલ્લા અનંતગુણા છે.
तस थोवा= ત્રસકાય થોડા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| असंखग्गी=અસંખ્યાતગુણા, અગ્નિકાય, | अहिय= સાધિક |
| भूजलनिल= પૃથ્વીકાય, અપ્કાય અને વાયુકાય, | वणणंता=વનસ્પતિકાય અનંતગુણા છે. |

**ગાથાર્થ** - પંચેન્દ્રિય સૌથી થોડા, તેનાથી ચઉરિન્દ્રિય, તેઈન્દ્રિય અને બેઈન્દ્રિય આ ત્રણ અધિક-અધિક, અને એકેન્દ્રિય અનંતગુણા છે. કાયમાર્ગણામાં ત્રસકાય સૌથી થોડા, અગ્નિકાય અસંખ્યાતગુણા , પૃથ્વી-અપ્ અને વાયુ અધિક-અધિક. તેનાથી વનસ્પતિકાય અનંતગુણા છે. ॥ ૩૮ ॥

**વિવેચન** = ગતિમાર્ગણામાં અલ્પબહુત્વ કહ્યું. આ ગાથામાં ઈન્દ્રિય અને કાયમાર્ગણામાં અલ્પબહુત્વ જણાવે છે. ઈન્દ્રિયમાર્ગણામાં પંચેન્દ્રિય જીવો (દેવ-નારકી, પં.તિર્યંચ અને મનુષ્યો આ ચારે મલીને) સૌથી (એટલે બેઈન્દ્રિયાદિથી) થોડા છે. તેનાથી ચઉરિન્દ્રિય જીવો વિશેષાધિક છે.તેનાથી તેઈન્દ્રિય જીવો વિશેષાધિક છે. તેનાથી બેઈન્દ્રિય જીવો વિશેષાધિક છે. આ ચારે માર્ગણામાં એકેકમાં જીવોનું પ્રમાણ આ પ્રમાણે કહ્યું છે કે "સાતરાજ લાંબા-પહોળા ઘનીકૃત એવા આ લોકના અસંખ્યાત કોટાકોટિ યોજન પ્રમાણ ભાગમાં સાતરાજ લાંબી જે અસંખ્યાતી સૂચિશ્રેણીઓ છે. તેના જેટલા આકાશપ્રદેશો થાય તેટલા જીવો છે." છતાં અસંખ્યાત કોટાકોટિ યોજનનું માપ નાનું-મોટું અસંખ્યાત જાતનું હોવાથી પરસ્પર અલ્પતા અને બહુત્વતા સંભવે છે. તેનાથી એકેન્દ્રિય જીવો અનંતગુણા છે. કારણ કે વનસ્પતિકાયમાં અનંતાનંત જીવો છે.

કાયમાર્ગણામાં ત્રસકાય જીવો સૌથી થોડા છે. જો કે પંચેન્દ્રિય-ચઉરિન્દ્રિય-તેઇન્દ્રિય અને બેઇન્દ્રિય એમ ચારેને ત્રસ કહેવાય. તો પણ તે ચારે ભેગા કરવા છતાં સાતરાજ પ્રમાણવાળા ઘનીકૃત લોકના અસંખ્યાત કોટા-કોટિ યોજનની સૂચિશ્રેણીના પ્રદેશરાશિતુલ્ય જ છે. જ્યારે તેનાથી અગ્નિકાયના જીવો અસંખ્યાતગુણા છે. કારણ કે તે તો અસંખ્યાત લોકાકાશના પ્રદેશરાશિતુલ્ય છે. તેનાથી પૃથ્વીકાય, તેનાથી અપ્કાય, અને તેનાથી વાયુકાય જીવો અધિક-અધિક છે. જો કે આ ચારે એકેન્દ્રિય જીવો અસંખ્યાત લોકાકાશ પ્રદેશરાશિતુલ્ય જ છે. તો પણ અસંખ્યાતું નાનું-મોટું હોવાથી ઉપરોક્ત અલ્પબહુત્વ ઘટે છે. અને તે પ્રજ્ઞાપનાસૂત્રમાં જણાવેલું છે. વાયુકાય કરતાં વનસ્પતિકાય જીવ અનંતગુણા છે. ॥ ૩૮॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**मणवयणकायजोगी, थोवा असंखगुण अणंतगुणा ।**
**पुरिसा थोवा इत्थी, संखगुणाणंतगुण कीवा ॥ ३९ ॥**

(मनोवचनकाययोगास्स्तोका असंख्यगुणा अनंतगुणाः ।
पुरुषास्स्तोकास्स्त्रियस्संख्येयगुणा अनन्तगुणाः क्लीबाः ॥३९॥)

**શબ્દાર્થ-**

मणवयणकायजोगा थोवा = મનયોગ-વચનયોગ અને કાયયોગમાં થોડા,
असंखगुण = અસંખ્યાતગુણા અને
अणंतगुणा = અનંતગુણા છે.
पुरिसा = પુરુષો,
थोवा = થોડા,
इत्थी = સ્ત્રીઓ,
संखगुणा = સંખ્યાતગુણી,
अणंतगुण = અનંત ગુણા,
कीवा = નપુંસકવેદવાળા છે.

**ગાથાર્થ-** મનયોગવાળા જીવો થોડા, વચનયોગવાળા અસંખ્યાતગુણા, અને કાયયોગવાળા અનંતગુણા છે. પુરુષો થોડા, સ્ત્રીઓ સંખ્યાતગુણી અને નપુંસકો અનંતગુણા છે. ॥ ૩૯ ॥

**વિવેચન-** આ ગાથામાં યોગમાર્ગણા અને વેદમાર્ગણાનું અલ્પબહુત્વ કહે છે. મનયોગવાળા જીવો સૌથી ઓછા છે. કારણ કે તે મનયોગ તો ફક્ત સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તાને જ હોય છે. તેના કરતાં વચનયોગવાળા જીવો અસંખ્યાતગુણા છે. કારણ કે જે સંજ્ઞી પંચેન્દ્રિયને મનયોગ છે. તેને તો વચનયોગ છે જ, તદુપરાંત અસંજ્ઞી પંચેન્દ્રિય, ચઉરિન્દ્રિય, તેઇન્દ્રિય અને બેઇન્દ્રિય પર્યાપ્તા જીવોને પણ વચનયોગ છે. તે ચારે ઉમેરતાં સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા મનયોગવાળા જીવો કરતાં વચનયોગવાળા જીવો અસંખ્યાતગુણા થાય છે. તેના કરતાં કાયયોગવાળા જીવો અનંતગુણા છે. કારણ કે વનસ્પતિકાય જીવો અનંતા છે. અને કાયયોગ તો તે સર્વજીવોને પણ હોય છે. એટલે સૌથી તે વધારે (અનંતગુણા) છે.

વેદમાર્ગણામાં પુરુષો સૌથી થોડા છે. તેના કરતાં સ્ત્રીઓ સંખ્યાતગુણી છે. કારણ કે શાસ્ત્રોમાં દેવગતિમાં દેવો કરતાં દેવીઓ બત્રીસ ગુણી અને બત્રીસ અધિક કહી છે. મનુષ્યગતિમાં પુરુષો કરતાં સ્ત્રીઓ સત્તાવીસગુણી અને સત્તાવીસ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અધિક કહી છે: તથા તિર્યંચગતિમાં પુરુષજાતિ કરતાં સ્ત્રીજાતિના જીવો ત્રણગુણા અને ત્રણ અધિક કહ્યા છે. તેથી સર્વત્ર સાથે મેળવતાં સ્ત્રીઓ સંખ્યાતગુણી થાય છે. આ અલ્પબહુત્વની બાબતમાં જ્ઞાનીનું વચન જ પ્રમાણ છે. છદ્મસ્થ એવા આપણા વડે સર્વજીવરાશિ જોઈ-જાણી શકાતી નથી. તેથી તેમાં આમ કેમ ? આટલા જ હશે તેની શી ખાત્રી ? આવા તર્કો કરવા નહીં. અલ્પબહુત્વ જણાવનારું વચન આ પ્રમાણે છે.

तिगुणा तिरूवअहिया, तिरियाणं इत्थिया मुणेयव्वा ।
सत्तावीसगुणा पुण, मणुयाणं तदहिया चेव ॥ १ ॥

बत्तीसगुणा बत्तीसरूव अहिया उ तह य देवाणं ।
देवीओ पन्नत्ता, जिणेहिं जियरागदोसेहिं ॥ २ ॥

સ્ત્રીઓ કરતાં નપુંસકવેદવાળા જીવો સૌથી વધારે અનંતગુણા છે. કારણ કે એકેન્દ્રિયથી અસંજ્ઞી સુધીના સર્વ જીવો નપુંસક જ છે અને વનસ્પતિકાયમાં અનંતાનંત જીવો છે. માટે અનંતગુણાનું વિધાન યથાર્થ છે. ॥૩૯॥

**माणी कोही माई लोही अहिय मणनाणिणो थोवा ।**
**ओहि असंखा मइसुय, अहिअ सम असंख विब्भंगा ॥ ४० ॥**

(मानी क्रोधी मायी लोभी, अधिकाः मनःपर्यवज्ञानिनः स्तोकाः ।
अवधिमन्तोऽसङ्ख्या मतिश्रुतवन्तोऽधिकास्समा असङ्ख्या विभंगाः ॥४० ॥)

**શબ્દાર્થ-**

माणी= માનવાળા,
कोही= ક્રોધવાળા,
माई= માયાવાળા,
लोही= લોભવાળા,
अहिय= અધિક-અધિક છે.
मणनाणिणो= મનઃપર્યવજ્ઞાનવાળા,
थोवा= થોડા છે,
ओहिअसंखा= અવધિજ્ઞાનવાળા, અસંખ્યાતગુણા છે.
मइसुयअहिअ= મતિ અને શ્રુતજ્ઞાનવાળા અધિક છે.
सम= પરસ્પર સમાન,
असंख= અસંખ્યાતગુણા.
विभंगा= વિભંગજ્ઞાનવાળા જીવો છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ-** માન, ક્રોધ, માયા અને લોભવાળા જીવો અધિક અધિક છે. જ્ઞાનમાર્ગણામાં મનઃપર્યવજ્ઞાનવાળા જીવો થોડા છે. અવધિજ્ઞાનવાળા અસંખ્યાતગુણા છે. તેના કરતાં મતિ-શ્રુતજ્ઞાનવાળા અધિક છે. અને પરસ્પર સમાન છે. તેના કરતાં વિભંગજ્ઞાનવાળા અસંખ્યાતગુણા છે. ॥ ૪૦ ॥

**વિવેચન-** આ ગાથામાં કષાયમાર્ગણા અને જ્ઞાનમાર્ગણા જણાવે છે. ક્રોધ-માન-માયા-લોભ એમ ચાર કષાય છે. પરંતુ અલ્પબહુત્વની બાબતમાં બીજા કષાયોવાળા જીવો કરતાં માનવાળા જીવો થોડા છે. તેના કરતાં ક્રોધવાળા અધિક છે. તેના કરતાં માયાવાળા અધિક છે. તેના કરતાં લોભવાળા (સૌથી) અધિક છે. સામાન્યથી સર્વે સંસારી જીવોને આ ચારે કષાયો અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે પરિવર્તન પામતા જ હોય છે એટલે આપણને આ ચાર કષાયોવાળા જીવોમાં હીનાધિકતા દેખાતી નથી. તો પણ તેમાં હીનાધિકતા છે. તેનું કારણ કે જીવને માન પ્રાયઃ બીજા કષાયો કરતાં અલ્પકાળ રહે છે. તેના કરતા ક્રોધ વધુ કાળ ચાલે છે. ક્રોધ કરતાં પણ માયા અતિશય વધારે કાલ હોય છે. અને માયા કરતાં લોભ (એટલે આસક્તિ-મમતા) વધારે કાલ હોય છે. તેથી જેનો કાળ થોડો તેમાં વર્તનારા જીવો થોડા. જેનો કાલ વધારે તેમાં વર્તનારા જીવો વધારે. આ પ્રમાણે કષાયમાર્ગણામાં અલ્પબહુત્વ જાણવું.

હવે જ્ઞાનમાર્ગણામાં અલ્પબહુત્વ કહે છે. મનઃપર્યવજ્ઞાનવાળા જીવો સૌથી થોડા છે. કારણ કે મનઃપર્યવજ્ઞાન માત્ર મનુષ્યને જ થાય છે. તે પણ ગર્ભજ, અપ્રમત્ત અને વિશિષ્ટ લબ્ધિવાળા જીવને જ થાય છે. તેથી શેષજ્ઞાનવાળા કરતાં મનઃપર્યવજ્ઞાનવાળા જીવો થોડા છે શાસ્ત્રમાં કહ્યું છે કે "तं संजयस्स सव्वपमायरहियस्स विविहरिद्धिमओ" ઇત્યાદિ. આ જ્ઞાનવાળા જીવો સંખ્યાતા જ હોય છે. તેના કરતાં અવધિજ્ઞાની જીવો અસંખ્યાતગુણા છે. કારણ કે સમ્યગ્દષ્ટિ દેવ-નારકીને ભવપ્રત્યયિક અવધિજ્ઞાન છે. તથા કોઈ કોઈ સમ્યગ્દષ્ટિ તિર્યંચ-મનુષ્યને પણ ગુણપ્રત્યયિક અવધિજ્ઞાન હોય છે. આ પ્રમાણે સમ્યગ્દષ્ટિ દેવ-નારકી અસંખ્યાતા છે માટે મનઃપર્યવજ્ઞાનવાળા જીવો કરતાં અવધિજ્ઞાનવાળા જીવો અસંખ્યાતગુણા સંભવે છે. તેના કરતાં મતિ અને શ્રુતજ્ઞાનવાળા જીવો અધિક છે. કારણ કે અવધિજ્ઞાન વિનાના સમ્યગ્દષ્ટિ તિર્યંચ-મનુષ્યોને પણ મતિ-શ્રુતજ્ઞાન હોય છે. તેથી તે ઉમેરતાં અધિક સંભવે છે. પરંતુ માંહોમાંહે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મતિવાળા અને શ્રુતવાળા સમાન છે. કારણ કે જ્યાં મતિ ત્યાં શ્રુત અને જ્યાં શ્રુત ત્યાં મતિ અવશ્ય હોય જ છે. મતિજ્ઞાનાવરણ અને શ્રુતજ્ઞાનાવરણનો ક્ષયોપશમ સાથે જ હોય છે. માટે લબ્ધિ આશ્રયી સમાન જાણવું. શાસ્ત્રમાં કહ્યું છે "जत्थ मइनाणं तत्थ सुयनाणं, जत्थ सुयनाणं तत्थ मइनाणं दोवि एयाइं अन्नुन्नमणुगयाइं ति" મતિ-શ્રુતજ્ઞાનવાળા જીવો કરતાં વિભંગજ્ઞાનવાળા જીવો અસંખ્યાતગુણા છે. કારણ કે મતિ-શ્રુતજ્ઞાન ભલે ચારે ગતિના સંજ્ઞી પંચેન્દ્રિયમાં હોય. તો પણ તે સમ્યગ્દષ્ટિને જ હોય છે. જ્યારે વિભંગજ્ઞાનવાળા મિથ્યાદષ્ટિ દેવો અને નારકી તેના કરતાં અસંખ્યાતગુણા છે. તેથી વિભંગજ્ઞાનવાળા અસંખ્યાતગુણા છે. ॥ ૪૦ ॥

**केवलिणो णंतगुणा,मइसुयअन्नाणि णंतगुण तुल्ला ।**
**सुहुमा थोवा परिहार, संख अहक्खाय संखगुणा ॥ ४१ ॥**

(केवलिनो ऽनंतगुणा, मतिश्रुताज्ञानिनो ऽनंतगुणास्तुल्याः ।
सूक्ष्मास्स्तोकाः परिहारास्संख्यातगुणा यथाख्यातास्संख्यातगुणाः ॥ ४१ ॥)

**શબ્દાર્થ-**

केवलिणो= કેવલજ્ઞાનવાળા,
अणंतगुण= અનંતગુણા છે.
मइसुअ अन्नाणि= મતિ-શ્રુત અજ્ઞાનવાળા,
अणंतगुण= અનંતગુણા છે. અને
तुल्ला= માંહોમાંહે તુલ્ય છે.

सुहुमा थोवा= સૂક્ષ્મસંપરાયવાળા થોડા છે.
परिहार संख= પરિહારવાળા સંખ્યાતગુણા છે.
अहक्खाय= યથાખ્યાતવાળા
संखगुणा= સંખ્યાતગુણા છે.

**ગાથાર્થ-** તેના કરતાં કેવલજ્ઞાનવાળા જીવો અનંતગુણા છે. તેના કરતાં મતિ-શ્રુત અજ્ઞાનવાળા જીવો અનંતગુણા અને પરસ્પર તુલ્ય છે. સૂક્ષ્મસંપરાયવાળા થોડા, પરિહારવિશુદ્ધિવાળા સંખ્યાતગુણા, અને યથાખ્યાતવાળા તેનાથી પણ સંખ્યાતગુણા છે. ॥ ૪૧ ॥

**વિવેચન-** ચાલીસમી ગાથામાં છેલ્લા કહેલા વિભંગજ્ઞાનવાળા જીવો કરતાં કેવલજ્ઞાનવાળા જીવો અનંતગુણા છે. આ વિધાન મોક્ષમાં ગયેલા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનંતજીવોની સંખ્યાની અપેક્ષાએ છે. પરંતુ શરીરસ્થ કેવલીને આશ્રયી નથી. કારણ કે શરીરસ્થ કેવલી તો સંખ્યાતા જ હોય છે. કેવલજ્ઞાનવાળા જીવો કરતાં મતિ-શ્રુત અજ્ઞાનવાળા જીવો અનંતગુણા છે. કારણ કે એકેન્દ્રિય જીવો મતિ-શ્રુત અજ્ઞાનવાળા છે અને તે અનંતાનંત છે. આ પ્રમાણે જ્ઞાનમાર્ગણાનું અલ્પબહુત્વ કહીને હવે ચારિત્રમાર્ગણામાં અલ્પબહુત્વ સમજાવે છે.

સૂક્ષ્મ સંપરાય ચારિત્રવાળા જીવો બીજા ચારિત્રવાળા જીવો કરતાં અલ્પ છે. કારણ કે ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણીમાં આરોહણ કરતા અને અગિયારમેથી અવરોહણ કરતા જીવો જ આ ચારિત્રમાં હોય છે. તે પણ અંતર્મુહૂર્ત માત્ર કાળ હોવાથી નવા જીવો આવે ત્યાં સુધીમાં તો જુના તુરત નીકળી જાય છે. જેથી ત્યાં વર્તતા જીવોની સંખ્યા ઘણી થતી નથી. વધુમાં વધુ શતપૃથક્ત્વ જીવો હોય છે. અહીં પૃથક્ત્વશબ્દ સર્વસ્થાને બેથી નવની સંખ્યાનો સૂચક છે. એટલે ૨૦૦ થી ૯૦૦ સુધીના જીવો સૂક્ષ્મસંપરાયમાં જાણવા. તેનાથી પરિહાર વિશુદ્ધિવાળા જીવો સંખ્યાતગુણા છે. કારણ કે તે સહસ્રપૃથક્ત્વ એટલે કે બે હજારથી નવ હજાર સુધી જાણવા. તે પરિહારવિશુદ્ધિનો કાળ અઢાર માસનો છે. માટે જીવો પણ સૂક્ષ્મસંપરાયથી અધિક છે. તેના કરતાં યથાખ્યાતવાળા સંખ્યાતગુણા છે, કારણ કે તે કોટિપૃથક્ત્વ એટલે કે બે કોટિથી નવ કોટિ સુધી હોય છે. તેનું કારણ કેવલીપણાનો વિહરમાનકાલ દેશોન પૂર્વક્રોડ વર્ષ છે. જેનો કાળ વધારે તેની સંખ્યા પ્રાયઃ વધારે હોય છે. કારણ કે કાળ દીર્ઘ હોવાથી ભિન્ન ભિન્ન સમયોમાં પ્રવેશ પામેલા જીવોનો ઘણો સમૂહ મળી શકે છે. તેથી ઉપરોક્ત અલ્પબહુત્વ સંભવે છે. ॥૪૧॥

**छेय समइय संखा, देस असंखगुण णंतगुणा अजया ।**
**थोव असंख दुणंता, ओहि नयण केवल अचक्खु ॥ ४२ ॥**

(छेदसामायिकाः संख्येयगुणा, देशा असंख्येयगुणा अनंतगुणा अयताः ।
स्तोका असंख्येया द्वौ अनंतगुणौ,अवधिनयन केवलाचक्षुर्दर्शनिनः ॥४२ ॥)

**શબ્દાર્થ**

| | |
|---|---|
| छेय= છેદોપસ્થાપનીયવાલા, | देस= દેશવિરતિવાળા, |
| समइय= સામાયિકવાળા, | असंखगुण = અસંખ્યાતગુણા, |
| संखा= સંખ્યાતગુણા છે. | अणंतगुणा = અનંતગુણા અવિરતિ |
| | अजया = ચારિત્રવાળા, |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| थोव= થોડા, | ओहि=અવધિદર્શનવાળા, |
| असंख= અસંખ્યાતગુણા, | नयण= ચક્ષુદર્શનવાળા, |
| दुणंता= બે અનંતગુણા. | केवलअचक्खु= કેવલ અને અચક્ષુવાળા. |

**ગાથાર્થ** = (પૂર્વના ચારિત્રથી) છેદોપસ્થાપનીય, અને સામાયિક-ચારિત્રવાળા સંખ્યાતગુણા, તેનાથી દેશવિરતિવાળા અસંખ્યાતગુણા, તેનાથી અવિરતિવાળા અનંતગુણા, અવધિદર્શન, ચક્ષુદર્શન, કેવલદર્શન અને અચક્ષુદર્શન આ ચારમાં અનુક્રમે થોડા, અસંખ્યાતગુણ અને બે અનંતગુણા છે ।। ૪૨ ।।

**વિવેચન** = એકતાલીસમી ગાથામાં કહેલા યથાખ્યાતચારિત્રવાળા જીવો કરતાં છેદોપસ્થાપનીયવાળા સંખ્યાતગુણા છે. કારણ કે તેઓ કોટિશત પૃથક્ત્વ હોય છે એટલે બસોથી નવસો કોટિ કહ્યા છે. આ ચારિત્રવાળા જીવો છઠ્ઠે-સાતમે ગુણઠાણે હોય છે, તેથી તેરમા-ચૌદમા કરતાં સ્વાભાવિક રીતે જ આ જીવોની સંખ્યા વધારે હોય છે. છેદોપસ્થાપનીય ચારિત્રવાળા કરતાં સામાયિકચારિત્રવાળા જીવો સંખ્યાત ગુણા હોય છે. કારણ કે તેઓની સંખ્યા શાસ્ત્રમાં કોટિ સહસ્રપૃથક્ત્વ કહી છે. અર્થાત્ બે હજારથી નવહજાર કોટિ સંખ્યા છે. છેદોપસ્થાપનીય ચારિત્ર તો મુખ્યતયા ભરત-ઐરાવતમાં જ સંભવે છે. ને તે પણ પહેલા-છેલ્લા તીર્થંકરના શાસનકાળે જ હોય છે. જ્યારે સામાયિકચારિત્ર તો મહાવિદેહની બત્રીસે વિજયમાં હોય છે. અને સદાકાળ હોય જ છે. તથા ભરત ઐરાવતમાં બાવીસ તીર્થંકર ભગવન્તના કાલે પણ હોય છે. તેથી સ્વાભાવિકપણે જ તેની સંખ્યા સંખ્યાતગુણી હોય છે.

સામાયિકચારિત્રવાળા કરતાં દેશવિરતિચારિત્રવાળા અસંખ્યાતગુણા હોય છે. કારણ કે દેશવિરતિચારિત્ર તો તિર્યંચ પંચેન્દ્રિયને પણ હોય છે. અને તે અસંખ્યાતા પણ સંભવે છે. માટે અસંખ્યાત ગુણા હોઈ શકે છે. તેના કરતાં અવિરતિચારિત્રવાળા અનંત ગુણા છે. કારણ કે મિથ્યાદૃષ્ટિથી અવિરતસમ્યગ્દૃષ્ટિ સુધીના સર્વ જીવો તેમાં આવે છે. વનસ્પતિકાયના અનંતાનંત જીવો હોવાથી આ અલ્પબહુત્વ યથાર્થ છે. હવે દર્શનદ્વાર કહે છે.

અવધિદર્શનવાળા જીવો સૌથી થોડા છે. કારણ કે સમ્યગ્દૃષ્ટિ દેવ-નારકીને અવધિજ્ઞાન હોવાથી તે જીવો (ભવપ્રત્યયિક) અવધિદર્શનવાળા છે. તથા અવધિલબ્ધિવંત કોઈક (સમ્યગ્દૃષ્ટિ) તિર્યંચ-મનુષ્યને પણ અવધિદર્શન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય છે. પરંતુ અન્ય દર્શનોવાળા કરતાં આ જીવો સંખ્યામાં બહુ જ અલ્પ છે. તેના કરતાં ચક્ષુદર્શનવાળા અસંખ્યાતગુણા છે. કારણ કે સમ્યગ્દષ્ટિ તથા મિથ્યાદૃષ્ટિ દેવ-નારકી પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોને સર્વેને હોય છે તથા પર્યાપ્તા ચઉરિન્દ્રિયને પણ હોય છે. તેથી તેની સંખ્યા અસંખ્યાતગુણી છે તેના કરતાં કેવલદર્શની અને અચક્ષુદર્શની ક્રમશઃ બન્ને અનંતગુણા છે. કારણ કે કેવલદર્શનવાળામાં સિદ્ધોની સંખ્યા આવે છે અને તે અનંતા છે અચક્ષુદર્શનવાળામાં વનસ્પતિકાયના સર્વે જીવો આવે છે અને તે અનંતાનંત છે. તેથી ચક્ષુ કરતાં કેવલી અને કેવલી કરતાં અચક્ષુવાળા જીવો અનંતગુણા ઘટી શકે છે ॥ ૪૨॥

**पच्छाणुपुव्वि लेसा , थोवा दो संख णंत दो अहिया ।**
**अभवियर थोव णंता, सासण थोवोवसम संखा ॥ ४३ ॥**

(पश्चानुपूर्व्या लेश्याः, स्तोका द्वौ संख्यातगुणौ, अनन्ता द्वावधिकौ ।
अभव्येतरास्स्तोका अनन्ताः,सास्वादनास्स्तोका उपशमासंख्येयगुणाः॥४३ ॥)

**શબ્દાર્થ**

पच्छाणुव्वि= પશ્ચાનુપૂર્વીએ,
लेसा= છ લેશ્યાઓ,
थोवा = થોડા છે.
दो संख= બે સંખ્યાતગુણા છે.
णंत= અનંતગુણા.
दो अहिया= બે અધિક છે.
अभवियर= અભવ્ય અને ભવ્ય.
थोव णंता= થોડા છે અને અનંતગુણા છે
सासण= સાસ્વાદની
थोव= થોડા છે.
उवसमसंखा=ઉપશમવાળા સંખ્યાતગુણા છે.

**ગાથાર્થ :** છ એ લેશ્યાઓ પશ્ચાનુપૂર્વીએ લેવી. ત્યાં થોડા, બેમાં સંખ્યાતગુણા, એકમાં અનંતગુણ અને છેલ્લી બેમાં અધિક અધિક જીવો છે. અભવ્ય થોડા અને ભવ્યો અનંતગુણા છે. સાસ્વાદનવાળા થોડા અને ઉપશમવાળા સંખ્યાતગુણા છે ॥ ૪૩ ॥

**વિવેચન** = હવે લેશ્યા દ્વારમાં અલ્પબહુત્વ કહે છે. કૃષ્ણાદિ છ લેશ્યામાં અહીં કહેવાતું અલ્પબહુત્વ પશ્ચાનુપૂર્વીએ લેવું. એટલે કે શુક્લલેશ્યાથી શરૂ કરીને કૃષ્ણલેશ્યા તરફ કહેવું. **थोवा**= શુક્લલેશ્યાવાળા જીવો સૌથી થોડા છે. કારણ કે લાન્તક નામના છઠ્ઠા દેવલોકથી ઉપરના સર્વે દેવોમાં તથા કર્મભૂમિમાં જન્મેલા કેટલાક પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોમાં જ શુક્લલેશ્યા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંભવે છે.[1] તેના કરતાં પદ્મલેશ્યામાં જીવો સંખ્યાતગુણા જાણવા. કારણ કે સનત્કુમાર, માહેન્દ્ર અને બ્રહ્મલોકવર્તી દેવો, તથા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્યોમાં પદ્મલેશ્યા હોય છે. અને તે સનત્કુમારાદિ ત્રણ દેવલોકવર્તી દેવો પૂર્વના લાન્તકાદિ દેવો કરતાં સંખ્યાતગુણા હોય છે. सनत्कुमारादिदेवानां च लान्तकादिदेवेभ्यः संख्येयगुणत्वात् (જુઓ સ્વોપજ્ઞટીકા) (જો કે પંચસંગ્રહ દ્વાર બીજુ ગાથા ૬૭માં લાન્તક કરતાં બ્રહ્મલોકાદિ ક્રમશઃ અસંખ્યાતગુણ પણ કહ્યા છે.) તથા પ્રજ્ઞાપનાસૂત્રમાં પણ ત્રીજા અલ્પબહુત્વ પદના અધિકારમાં ગાથા-૨૭૦માં નીચે મુજબ પાઠ છે.

एएसिं णं भंते जीवाणं सलेस्साणं किण्हलेसाणं नीललेसाणं काउलेस्साणं तेउलेस्साणं पम्हलेस्साणं सुक्कलेस्साणं अलेस्साणं य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वथोवा जीवा सुक्कलेस्सा

---

૧. આ ગાથાની ટીકામાં કર્મભૂમિજ મનુષ્ય-તિર્યંચ કહ્યા છે. અને શ્રી ગુણચંદ્રસૂરિજીના શિષ્ય શ્રી મતિચંદ્રજીકૃત બાલાવબોધમાં અકર્મભૂમિજ મનુષ્ય-તિર્યંચ કહ્યા છે. છતાં વિચાર કરતાં "અકર્મભૂમિજ" સંગત લાગતું નથી. કારણ કે યુગલિકો મરીને સ્વાયુષ્ય પ્રમાણવાળા જ દેવોમાં જાય છે. તેથી ઇશાન સુધી જ જાય છે. ત્યાં ભવનપતિ આદિમાં પ્રથમની ચાર, જયોતિષ. સૌધર્મ-ઇશાનમાં તેજોલેશ્યા જ હોય છે. શાસ્ત્રમાં પાઠ આવે છે કે जल्लेसे मरइ, तल्लेसे उववज्जइ જે લેશ્યાવાળામાં મરે તે લેશ્યાવાળામાં જ ઉત્પન્ન થાય. હવે જો યુગલિકમાં શુક્લલેશ્યા માનીએ. તો તેઓ મરીને શુક્લલેશ્યાવાળા લાન્તકાદિમાં જન્મવા જોઇએ. તેથી અકર્મભૂમિજ બરાબર સંગત લાગતું નથી. તથા સ્વોપજ્ઞ ટીકામાં પણ "केषुचिदेव कर्मभूमिजेषु मनुष्यस्त्रीपुंसेषु तिर्यक्स्त्रीपुंसेषु च केषुचित् संख्यातवर्षायुष्केषु शुक्ललेश्या सम्भवात् આવો પાઠ છે. ત્યાં પણ એક શંકા રહ્યા કરે છે. કે પ્રથમ कर्मभूमिजेषु લખ્યું જ છે. તો પછી પાછળ ફરીથી संख्यातवर्षायुष्केषु લખવાની જરૂરિયાત શું? કદાચ એવી કલ્પના કરીએ કે પાછળ આ પદ આવતું હોવાથી પ્રથમ પદમાં "अकर्मभूमिजेषु" હોય અને પ્રેસદોષથી अ ન છપાયો હોય તો પણ અકર્મભૂમિજન્ય જીવો ઈશાન સુધી જ જાય છે. ત્યાં શુક્લલેશ્યા કેવી રીતે માનવી તે શંકાસ્પદ રહે છે. તથા વળી ટીકામાં कर्मभूमिजेषु લખ્યા પછી मनुष्यस्त्रीपुंसेषु तिर्यक्स्त्रीपुंसेषु च એવો ઉલ્લેખ કર્યો છે તેથી જો સ્ત્રી-પુરુષ જ લેવાના હોય અને નપુંસક ન લેવાના હોય તો ગ્રંથકારને અકર્મભૂમિજન્ય જ ઈષ્ટ હોય એમ પણ લાગે છે. અને તેથી જ પાછળના केषुचित् संख्यातवर्षायुष्केषु પદમાં આવા સ્ત્રી-પુરુષનો ઉલ્લેખ કર્યો નથી. તેથી તે ત્રણે વેદવાળા ઈષ્ટ હોય અને પૂર્વપદમાં સ્ત્રી-પુરુષ જ ઈષ્ટ હોય તો ટીકાનો અને બાલાવબોધનો અભિપ્રાય સરખો થાય છે પરંતુ તે અકર્મભૂમિજન્યમાં શુક્લલેશ્યા કેવી રીતે હોય? તે શંકાસ્પદ રહે છે. કોઈ લહીયાના દોષથી પાઠભેદ થયો હોય તે વિદ્વાન્ ગીતાર્થ મહાત્માઓએ વિચારવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**पम्हलेसा संखेज्जगुणा तेउलेस्सा संखेज्जगुणा अलेस्सा अणंतगुणा, काउलेस्सा अणंतगुणा, नीललेस्सा विसेसाहिया किण्हलेस्सा विसेसाहिया, सलेस्सा विसेसाहिया** આ પાઠો જોતાં શુકલલેશ્યાવાળા જીવો કરતાં પદ્મલેશ્યાવાળા જીવો સંખ્યાતગુણા છે છતાં પણ બાલાવબોધમાં સંખ્યાતગુણાને બદલે અસંખ્યાતગુણા કહ્યા છે. તથા મહેસાણા પાઠશાળાથી પ્રકાશિત થયેલ કર્મગ્રંથ સાર્થમાં પણ અસંખ્યાતગુણા કહ્યા છે. પરંતુ ટીકામાં સંખ્યાતગુણાનો ઉલ્લેખ છે મૂલ ગાથામાં "**दो संख**" પાઠ છે. તેમાં સંખ્યાતગુણ અર્થ પણ નીકળી શકે છે. અને પ્રાકૃત હોવાથી સ્વરપછી આવેલા સ્વરનો લોપ માનીએ તો **णंत** ના **अ** ની જેમ **संख** ના **अ** નો પણ લોપ સંભવી શકે છે. તેથી સત્ય શું ? તે જાણવું મુશ્કેલ બન્યું છે અમે સ્વોપજ્ઞ ટીકાનો આધાર લઈને સંખ્યાતગુણ લખ્યું છે. તથા આ પદ્મલેશ્યાના અધિકારમાં સ્વોપજ્ઞ ટીકામાં **उक्तरूपेषु च मनुष्यतिर्यक्षु पद्मलेश्याम्भावात्** કહીને યુગલિક મનુષ્યો લેવા કે સંખ્યાતવર્ષના આયુષ્યવાળા જ લેવા તે વાત અસ્પષ્ટ જ રાખી હોય તેમ લાગે છે. અહીં પણ જો યુગલિક લઈએ તો તેઓ તેજોલેશ્યાવાળા બે દેવલોક સુધી જ જાય છે. એ વાત ની સાથે વિરોધ આવે છે. માટે અહીં કંઈક અશુદ્ધપાઠ છપાયો હોય એમ લાગે છે. તથા બાલાવબોધકારે પાછળ એમ પણ લખ્યું છે કે "**दोऽसंखगुणा**" કહેતાં બે સ્થાનકે અસંખ્યાતગુણા લેવા અને કેટલીક પ્રતિમાંહે એ બે રાશિના જીવ સંખ્યાતગુણા અધિક લખેલા છે તે સુજ્ઞોએ વિચારી જોવું, એમ પણ બાલાવબોધમાં લખેલું છે. પરંતુ ટીકાના આધારે તથા યુગલિકનો ઉત્પાદ ઈશાન સુધી જ હોવાથી સંખ્યાતગુણનો પાઠ જેટલો સંગત લાગે છે તેટલો અસંખ્યાતગુણનો પાઠ સંગત લાગતો નથી. તથા સ્વોપજ્ઞ ટીકામાં પાછળ "**यदभ्यधायि परमगुरुणा**" કહીને જે સાક્ષીપાઠ પ્રાકૃતમાં આપ્યો છે. તેમાં સ્પષ્ટ સંખ્યાતગુણા જ કહ્યા છે. તેથી આ બાબતમાં ગીતાર્થો કહે તે પ્રમાણ. પદ્મલેશ્યાવાળા કરતાં તેજોલેશ્યાવાળા જીવો સંખ્યાતગુણ (બાલાવબોધના આધારે અસંખ્યાતગુણ) અધિક જાણવા. કારણ કે સૌધર્મ અને ઈશાન દેવલોકના દેવો સનત્કુમારાદિ કરતાં (અ) સંખ્યાતગુણા છે. તથા તેજોલેશ્યાવાળા કરતાં કાપોત-લેશ્યાવાળા અનંતગુણા છે. કારણ કે વનસ્પતિકાયના અનંતાનંત જીવોમાં તથા પૃથ્વીકાયાદિ,નરકાદિ, વિકલેન્દ્રિય અને પં.તિર્યંચ-મનુષ્યોમાં કાપોતલેશ્યા હોય છે. ત્યાં મુખ્યત્વે વનસ્પતિકાયને આશ્રયી અનંતગુણા છે. કારણ કે અનંત જીવો ત્યાં જ સંભવે છે. તેના કરતાં નીલલેશ્યાવાળા, અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નીલવાળા કરતાં કૃષ્ણલેશ્યાવાળા અધિક અધિક જાણવા. જો કે નારકીમાં અને વનસ્પતિકાયના અનંતજીવોમાં તથા પૃથ્વીકાયાદિ-બેઈન્દ્રિયાદિ સર્વ જીવોમાં કૃષ્ણ-નીલ અને કાપોત એમ ત્રણે લેશ્યા સંભવે છે. તેથી ત્રણે લેશ્યાવાળા સરખા હશે એવું સમજાઈ જાય. પરંતુ અશુભપરિણામવાળા જીવો હંમેશાં વધારે વધારે જ હોય છે.

ભવ્ય-અભવ્ય માર્ગણામાં અભવ્યો સદા થોડા છે. અને ભવ્યો તેના કરતાં અનંતગુણા છે. કારણ કે હવે આગળ કહેવાતા સંખ્યાત-અસંખ્યાત-અને અનંતાના સ્વરૂપમાં અનંતાના જે નવ પ્રકાર છે તેમાંથી અભવ્યજીવો "જઘન્ય યુક્ત અનંત" નામના ચોથે અનંતે છે અને ભવ્યજીવો "મધ્યમ અનંતાનંત" નામના આઠમા અનંતે છે. તેથી જ અભવ્યજીવો ઘઉંમાં રહેલા કાંકરાતુલ્ય અર્થાત્ અલ્પ છે એમ કહેવાય છે.

સમ્યક્ત્વદ્વારમાં સાસ્વાદનવાળા સૌથી થોડા છે. તેનાથી ઔપશમિક સમ્યક્ત્વવાળા જીવો સંખ્યાતગુણા છે. કારણ કે જેટલા ઉપશમસમ્યક્ત્વ પામે તેટલા બધા જ પડીને સાસ્વાદને આવતા નથી. કોઈક જ પડીને સાસ્વાદને આવે છે. અને સાસ્વાદને ઉપશમ સમ્યક્ત્વથી જ પડેલા જીવો આવે છે. અન્ય કોઈ સ્થાનેથી આવતા નથી. માટે ઉપશમ કરતાં સાસ્વાદન અલ્પ છે. તથા વળી સાસ્વાદનનો કાળ માત્ર છ આવલિકા જ છે. અને ઉપશમનો કાળ અંતર્મુહૂર્ત છે તેથી પણ ત્યાં (ઉપશમમાં) વધુ જીવો સંભવે છે ॥ ૪૩ ॥

**मीसा संखा वेयग, असंखगुण खइय मिच्छ दु अणंता ।**
**सन्नियर थोव णंता, णहार थोवेयर असंखा ॥ ४४ ॥**

(मिश्रास्संख्येया वेदका असंख्येयगुणाः क्षायिकमिथ्यादृष्टी द्वौ अनन्तौ ।
संज्ञीतरास्स्तोकानन्ताः अणाहारास्सतोका इतरे असंख्येयाः ॥ ४४ ॥

**શબ્દાર્થ**

मीसा= મિશ્રજીવો,
संखा= સંખ્યાતગુણા,
वेयग= વેદકવાળા,
असंखगुण= અસંખ્યાતગુણા,
खइय= ક્ષાયિક અને,
मिच्छा= મિથ્યાત્વવાળા,
दु= બે સમ્યક્ત્વવાળા,
अणंता= અનંતગુણા,
सन्नियर સંજ્ઞી અને અસંજ્ઞીજીવો,
थोवणंता= થોડા અને અનંતગુણા છે.
अणहार थोव= અણાહારી થોડા,
इयरअसंखा= ઈતર એટલે આહારી અસંખ્યાતગુણા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ** = (ઉપશમ સમ્યક્ત્વ કરતાં) મિશ્ર સંખ્યાતગુણા, ક્ષયોપશમવાળા અસંખ્યાતગુણા, ક્ષાયિક અને મિથ્યાત્વી એમ બે પ્રકારના અનંતગુણા જાણવા. સંજ્ઞી થોડા છે. અસંજ્ઞી અનંતગુણા છે. અણાહારી થોડા છે. અને આહારી તેના કરતાં અસંખ્યાત ગુણા છે. ॥ ૪૪ ॥

**વિવેચન** = ઉપશમ સમ્યક્ત્વવર્તી જીવો કરતાં મિશ્રમાર્ગણામાં જીવો સંખ્યાતગુણા છે. કારણ કે ઉપશમસમ્યક્ત્વની પ્રાપ્તિ કરતાં મિશ્રની પ્રાપ્તિ વધુ વાર સંભવે છે. તેમાં શ્રેણીસંબંધી ઉપશમ તો કોઈક જીવને જ ક્યારેક જ સંભવે છે. તથા મિશ્રે તો મિથ્યાત્વેથી પણ અવાય છે અને સમ્યક્ત્વથી પણ અવાય છે. તેથી આવન-જાવનનો વધુ સંભવ હોવાથી સંખ્યાત ગુણ સંભવે છે. મિશ્ર કરતાં વેદક (ક્ષયોપશમ)વાળા અસંખ્યાતગુણા છે કારણકે મિશ્રનો કાળ અંતર્મુહૂર્ત માત્ર છે. જ્યારે ક્ષયોપશમનો કાળ સાધિક ૬૬ સાગરોપમ છે. તેથી આ અલ્પબહુત્વ ઘટે છે. ક્ષયોપશમ કરતાં ક્ષાયિકવાળા અનંતગુણા છે. કારણ કે સિદ્ધભગવંતો ક્ષાયિકવાળા છે. અને તે અનંતા છે. તેના કરતાં મિથ્યાત્વવાળા સૌથી વધુ અનંતગુણા છે. નિગોદાદિમાં રહેલા વનસ્પતિકાયના જીવો સૌથી વધુ અનંતગુણા છે. અને તે સર્વે મિથ્યાદૃષ્ટિ છે. આ પ્રમાણે સમ્યક્ત્વમાર્ગણાનું અલ્પબહુત્વ જાણવું.

સંજ્ઞી માર્ગણામાં સંજ્ઞી જીવો થોડા છે. કારણ કે દેવ-નારકી, તથા પંચેન્દ્રિય ગર્ભજ તિર્યંચ અને ગર્ભજ મનુષ્યો જ સંજ્ઞી છે. તેના કરતાં અસંજ્ઞી જીવો અનંતગુણા છે. કારણકે એકેન્દ્રિય-વિકલેન્દ્રિય અને સંમૂર્છિમ પંચેન્દ્રિય એ બધા જીવો અસંજ્ઞી છે. તેમાં વનસ્પતિકાયના જીવો અનંતાનંત છે. માટે અનંતગુણા કહ્યા તે બરાબર છે.

આહારી માર્ગણામાં અણાહારી જીવો થોડા છે. કારણ કે વિગ્રહગતિમાં, કેવલીસમુદ્ઘાત કાળે ત્રીજા-ચોથા અને પાંચમા સમયે, અયોગીગુણઠાણે, તથા સિદ્ધ અવસ્થામાં વર્તતા જીવો જ અણાહારી છે. તેના કરતાં આહારી જીવો અસંખ્યાતગુણા છે. કારણ કે શેષ સર્વે સંસારીજીવો (વનસ્પતિકાયાદિ તમામ શરીરસ્થ જીવો) આહારી જ છે. તેથી આહારીજીવો અણાહારી કરતાં અસંખ્યાતગુણા છે.

**પ્રશ્ન** :- અણહારી જીવો કરતાં આહારી જીવો અસંખ્યાતગુણને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બદલે અનંતગુણ કહેવા જોઈએ. કારણ કે વિગ્રહગતિ પામેલા જીવો, અયોગી જીવો અને સિદ્ધના જીવો અણાહારી છે. તેના કરતાં શરીરધારી સંસારી જીવો સ્વાભાવિકપણે જ અનંતગુણા હોઇ શકે છે તો અસંખ્યાતગુણા કેમ કહ્યા ?

**ઉત્તર** :- તમારો પ્રશ્ન સત્ય છે. પરતું વનસ્પતિકાયમાં નિગોદનું આયુષ્ય અંતર્મુહૂર્ત જ છે. તે અસંખ્યાત સમય પ્રમાણ છે અને જીવો અનંતાનંત છે. તેથી પ્રત્યેક સમયે અનંતા-અનંતા જીવો મૃત્યુ પામે છે. અને તે વિગ્રહગતિવંત થયા થકા અણાહારી હોય છે. માટે સિદ્ધોથી સંસારી અનંતગુણા હોવા છતાં વિગ્રહગતિવર્તી વનસ્પતિકાયના અનંત-અનંત જીવો અણાહારી હોય છે. તેથી અણાહારી જીવોની અપેક્ષાએ શરીરસ્થ આહારી જીવો અસંખ્યાતગુણા જ થાય છે. પરંતુ અનંતગુણા થઇ શકતા નથી. આ પ્રમાણે બાસઠ માર્ગણા ઉપર અલ્પબહુત્વ દ્વાર કહ્યું. અહીં પૂર્વે કરેલી પ્રતિજ્ઞા પ્રમાણે ૬૨ માર્ગણા ઉપર જીવસ્થાનક, ગુણસ્થાનક, યોગ, ઉપયોગ, લેશ્યા અને અલ્પબહુત્વદ્વાર એમ છએ દ્વારો સમાપ્ત થાય છે. બાલજીવોને આ વિષય વધુ સ્પષ્ટ સમજાય તે માટે તેનું કોષ્ટક (ચિત્ર-ટેબલ) આ પ્રમાણે છે. ॥ ૪૪॥

## બાસઠ માર્ગણા ઉપર છ દ્વારોનું કોષ્ટક (ચિત્ર)

| નં. | માર્ગણાનું નામ | જીવ સ્થાનક | ગુણ સ્થાનક | યોગ | ઉપયોગ | લેશ્યા | અલ્પબહુત્વ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | નરકગતિ | ૨ | ૪ | ૧૧ | ૯ | ૩ | અસં૦ગુણા૦ ૨ |
| ૨ | તિર્યંચગતિ | ૧૪ | ૫ | ૧૩ | ૯ | ૬ | અનંતગુણા૦ ૪ |
| ૩ | મનુષ્યગતિ | ૩ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ | સર્વથી થોડા-૧ |
| ૪ | દેવગતિ | ૨ | ૪ | ૧૧ | ૯ | ૬ | અસં.ગુણા૦ ૩ |
| ૫ | એકેન્દ્રિય | ૪ | ૨ | ૫ | ૩ | ૪ | અનંતગુણા૦ ૫ |
| ૬ | બેઇન્દ્રિય | ૨ | ૨ | ૪ | ૩ | ૩ | વિશેષાધિક-૪ |
| ૭ | તેઇન્દ્રિય | ૨ | ૨ | ૪ | ૩ | ૩ | વિશેષાધિક-૩ |
| ૮ | ચઉરિન્દ્રિય | ૨ | ૨ | ૪ | ૪ | ૩ | વિશેષાધિક-૨ |
| ૯ | પંચેન્દ્રિય | ૪ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ | સર્વથી થોડા-૧ |
| ૧૦ | પૃથ્વીકાય | ૪ | ૨ | ૩ | ૩ | ૪ | વિશેષાધિક-૩ |
| ૧૧ | અપ્કાય | ૪ | ૨ | ૩ | ૩ | ૪ | વિશેષાધિક-૪ |
| ૧૨ | તેઉકાય | ૪ | ૧ | ૩ | ૩ | ૩ | અસંખ્યગુણા-૨ |
| ૧૩ | વાઉકાય | ૪ | ૧ | ૫ | ૩ | ૩ | વિશેષાધિક-૫ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૪ | વનસ્પતિકાય | ૪ | ૨ | ૩ | ૩ | ૪ | અનંતગુણા-૬ |
| ૧૫ | ત્રસકાય | ૧૦ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ | સર્વથી થોડા-૧ |
| ૧૬ | મનયોગ | ૧(૨) | ૧૩(૧૩) | ૧૩(૧૩) | ૧૨(૧૨) | ૬ | સર્વથી થોડા-૧ |
| ૧૭ | વચનયોગ | ૫ (૮) | ૧૩(૨) | ૧૩ (૪) | ૧૨(૪) | ૬ | અસંખ્યાગુણા-૨ |
| ૧૮ | કાયયોગ | ૧૪(૪) | ૧૩(૨) | ૧૫(૫) | ૧૨(૩) | ૬ | અનંતગુણા-૩ |
| ૧૯ | પુરુષવેદ | ૨ | ૯ | ૧૫ | ૧૨ | ૬ | સર્વથી થોડા-૧ |
| ૨૦ | સ્ત્રીવેદ | ૨ | ૯ | ૧૩ | ૧૨ | ૬ | સંખ્યાતગુણા-૨ |
| ૨૧ | નપુંસકવેદ | ૧૪ | ૯ | ૧૫ | ૧૨ | ૬ | અનંતગુણા૦૩ |
| ૨૨ | ક્રોધકષાય | ૧૪ | ૯ | ૧૫ | ૧૦ | ૬ | વિશેષાધિક-૨ |
| ૨૩ | માનકષાય | ૧૪ | ૯ | ૧૫ | ૧૦ | ૬ | સર્વથી થોડા-૧ |
| ૨૪ | માયાકષાય | ૧૪ | ૯ | ૧૫ | ૧૦ | ૬ | વિશેષાધિક-૩ |
| ૨૫ | લોભકષાય | ૧૪ | ૧૦ | ૧૫ | ૧૦ | ૬ | વિશેષાધિક-૪ |
| ૨૬ | મતિજ્ઞાન | ૨ | ૪થી૧૨ | ૧૫ | ૭ | ૬ | વિશેષાધિક-૩ |
| ૨૭ | શ્રુતજ્ઞાન | ૨ | ૪થી૧૨ | ૧૫ | ૭ | ૬ | તુલ્ય-૪ |
| ૨૮ | અવધિજ્ઞાન | ૨ | ૪થી૧૨ | ૧૫ | ૭ | ૬ | અસં૦ગુણા-૨ |
| ૨૯ | મનઃપર્યવજ્ઞાન | ૧ | ૬થી૧૨ | ૧૩ | ૭ | ૬ | સર્વથી થોડા-૧ |
| ૩૦ | કેવલજ્ઞાન | ૧ | ૧૩-૧૪ | ૭ | ૨ | ૧ | અનંતગુણા-૬ |
| ૩૧ | મતિઅજ્ઞાન | ૧૪ | ૨-૩ | ૧૩ | ૫ | ૬ | અનંતગુણ-૭ |
| ૩૨ | શ્રુતઅજ્ઞાન | ૧૪ | ૨-૩ | ૧૩ | ૫ | ૬ | તુલ્ય-૮ |
| ૩૩ | વિભંગજ્ઞાન | ૨ | ૨-૩ | ૧૩ | ૫ | ૬ | અસં-ગુણા ૫ |
| ૩૪ | સામાયિકચારિત્ર | ૧ | ૬થી૯ | ૧૩ | ૭ | ૬ | સંખ્યા૦ગુણ-૫ |
| ૩૫ | છેદોપસ્થાપનીય | ૧ | ૬થી૯ | ૧૩ | ૭ | ૬ | સંખ્યા-ગુણા-૪ |
| ૩૬ | પરિહારવિશુદ્ધિ | ૧ | ૬-૭ | ૯ | ૭ | ૬ | સંખ્યાતગુણા-૨ |
| ૩૭ | સૂક્ષ્મસંપરાય | ૧ | ૧૦મું | ૯ | ૭ | ૧ | સર્વથી થોડા-૧ |
| ૩૮ | યથાખ્યાતચારિત્ર | ૧ | ૧૧થી૧૪ | ૧૧ | ૯ | ૧ | સંખ્યાતગુણા-૩ |
| ૩૯ | દેશવિરતિ | ૧ | ૫મું | ૧૧ | ૬ | ૬ | અસંખ્યાતગુણા-૬ |
| ૪૦ | અવિરતિ | ૧૪ | ૧થી૪ | ૧૩ | ૯ | ૬ | અનંતગુણા-૭ |
| ૪૧ | ચક્ષુદર્શન | ૩-૬ | ૧થી૧૨ | ૧૩ | ૧૦ | ૬ | અસં-ગુણ-૨ |
| ૪૨ | અચક્ષુદર્શન | ૧૪ | ૧થી૧૨ | ૧૫ | ૧૦ | ૬ | અનંતગુણ-૪ |
| ૪૩ | અવધિદર્શન | ૨ | ૪થી૧૨ | ૧૫ | ૭ | ૬ | સર્વથી થોડા-૧ |
| ૪૪ | કેવલદર્શન | ૧ | ૧૩-૧૪ | ૭ | ૨ | ૧ | અનંતગુણ-૩ |
| ૪૫ | કૃષ્ણલેશ્યા | ૧૪ | ૬ | ૧૫ | ૧૦ | ૧ | વિશેષાધિક-૬ |
| ૪૬ | નીલલેશ્યા | ૧૪ | ૬ | ૧૫ | ૧૦ | ૧ | વિશેષાધિક-૫ |
| ૪૭ | કાપોતલેશ્યા | ૧૪ | ૬ | ૧૫ | ૧૦ | ૧ | અનંતગુણ-૪ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૪૮ | તેજોલેશ્યા | ૩ | ૭ | ૧૫ | ૧૦ | ૧ | સંખ્યા૦ગુણ-૩ |
| ૪૯ | પદ્મલેશ્યા | ૨ | ૭ | ૧૫ | ૧૦ | ૧ | સંખ્યા-ગુણ-૨ |
| ૫૦ | શુક્લલેશ્યા | ૨ | ૧૩ | ૧૫ | ૧૨ | ૧ | સર્વથી થોડા-૧ |
| ૫૧ | ભવ્ય | ૧૪ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ | અનંતગુણા-૨ |
| ૫૨ | અભવ્ય | ૧૪ | ૧ | ૧૩ | ૫ | ૬ | થોડા-૧ |
| ૫૩ | ઔપશમિક | ૨ | ૪થી૧૧ | ૧૩ | ૭ | ૬ | સંખ્યા૦ગુણ-૨ |
| ૫૪ | ક્ષાયોપશમિક | ૨ | ૪થી૭ | ૧૫ | ૭ | ૬ | અસંખ્યા૦ ગુણ-૪ |
| ૫૫ | ક્ષાયિક | ૨ | ૪થી૧૪ | ૧૫ | ૯ | ૬ | અનંતગુણા-૫ |
| ૫૬ | મિશ્ર | ૧ | ત્રીજું | ૧૦ | ૬ | ૬ | સંખ્યા૦ગુણા-૩ |
| ૫૭ | સાસ્વાદન | ૭ | બીજું | ૧૩ | ૫ | ૬ | સર્વથી થોડા-૧ |
| ૫૮ | મિથ્યાત્વ | ૧૪ | પહેલું | ૧૩ | ૫ | ૬ | અનંતગુણા-૬ |
| ૫૯ | સંજ્ઞી | ૨ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ | સર્વથી થોડા-૧ |
| ૬૦ | અસંજ્ઞી | ૧૨ | ૨ | ૬ | ૪ | ૪ | અનંતગુણ-૨ |
| ૬૧ | આહારી | ૧૪ | ૧૩ | ૧૫ | ૧૨ | ૬ | અસં૦ગુણ-૨ |
| ૬૨ | અણાહારી | ૮ | ૫ | ૧ | ૧૦ | ૬ | થોડા-૧ |

ચૌદ જીવસ્થાનક ઉપર આઠ દ્વાર, અને બાસઠ માર્ગણા ઉપર છ દ્વાર પૂર્ણ કરીને હવે "ચૌદ ગુણસ્થાનક" ઉપર ૧૦ દ્વાર કહે છે.

**सव्वजिअट्ठाण मिच्छे, सग सासणि पण अपज्ज सन्निदुगं ।**
**सम्मे सन्नी दुविहो, सेसेसुं सन्निपज्जत्तो ॥ ४५ ॥**

(सर्वजीवस्थानानि मिथ्यात्वे, सप्त सास्वादने, पञ्चापर्याप्तास्संज्ञिद्विकं।
सम्यक्त्वे संज्ञी द्विविधः, शेषेषु संज्ञी पर्याप्तः ॥ ४५ ॥

**શબ્દાર્થ-**

सव्व= સર્વે,
जिअठाण= જીવસ્થાનક,
मिच्छे= મિથ્યાત્વે,
सग= સાત,
सासणि= સાસ્વાદને,
पणअपज्ज= પાંચ અપર્યાપ્તા,
सन्निदुगं= સંજ્ઞીદ્વિક,
सम्मे= અવિરતસમ્યક્ત્વે,
सन्नी दुविहो= બન્ને પ્રકારના સંજ્ઞી,
सेसेसुं= બાકીના ગુણસ્થાનકોમાં,
सन्निपज्जत्तो= સંજ્ઞી પર્યાપ્તો જીવભેદ હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ** = મિથ્યાત્વગુણઠાણે સર્વ જીવભેદ હોય છે. સાસ્વાદને પાંચ અપર્યાપ્તા અને સંજ્ઞિદ્વિક એમ કુલ સાત જીવભેદ હોય છે અવિરત સમ્યક્ત્વે બે પ્રકારના સંજ્ઞિ જીવભેદ હોય છે. બાકીના ગુણસ્થાનકમાં એક સંજ્ઞી પર્યાપ્ત હોય છે. ।। ૪૫ ।।

**વિવેચન** = ચૌદ ગુણસ્થાનકોમાં કયા કયા ગુણસ્થાનકે કેટલા કેટલા જીવભેદ હોય ? તે સમજાવે છે. મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે ચૌદ જીવસ્થાનક હોય છે. કારણ કે ચૌદે જીવસ્થાનકોમાં પ્રથમ ગુણસ્થાનક સંભવે છે.

સાસ્વાદને (સૂક્ષ્મ અપર્યાપ્તા વિના શેષ) પાંચ અપર્યાપ્તા અને સંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તા-પર્યાપ્તા એમ કુલ સાત જીવભેદ સંભવે છે. અહીં સંજ્ઞી અપર્યાપ્તા સાથે છએ અપર્યાપ્તા તે કરણ અપર્યાપ્તા જ જાણવા. કારણ કે અપર્યાપ્તાવસ્થામાં સાસ્વાદન પારભવિક જ હોય છે અને સાસ્વાદન લઈને પરભવથી આવનારા લબ્ધિ અપર્યાપ્તામાં ઉત્પન્ન થતા નથી. સર્વે લબ્ધિ અપર્યાપ્તા નિકટમાં જ મૃત્યુ પામવાના સ્વભાવવાળા હોવાથી અશુધ્ધ પરિણામવાળા છે. જ્યારે સાસ્વાદનવાળા ઉપશમથી પતનાભિમુખ હોવાથી અશુધ્ધ હોવા છતાં સમ્યક્ત્વના મલીન આસ્વાદવાળી ભૂમિકા હોવાથી કંઈક અંશમાત્ર વિશુધ્ધ પણ છે. તેથી લબ્ધિ અપર્યાપ્તામાં જન્મતા નથી. સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તો જીવ તો ગ્રંથિભેદ કરી ઉપશમ પામી, અથવા શ્રેણી સંબંધી ઉપશમ પામી પડીને સાસ્વાદને આવી શકે છે. આ રીતે સાસ્વાદને સાત જીવભેદ ઘટે છે.

અવિરત સમ્યગ્દૃષ્ટિ નામના ચોથા ગુણઠાણે સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ બે જીવભેદ સંભવે છે. કારણ કે પર્યાપ્ત અવસ્થામાં તો ત્રણે પ્રકારનું સમ્યક્ત્વ નવું પ્રાપ્ત કરી શકાય છે. અને અપર્યાપ્તાવસ્થામાં તીર્થંકરાદિના જીવો પરભવથી સમ્યક્ત્વ સહિત જ ગર્ભમાં આવે છે. તથા શ્રેણિકરાજાની જેમ સમ્યક્ત્વ સહિત જીવો નરક અને દેવમાં પણ ઉત્પન્ન થાય છે. તેથી દ્વિવિધ સંજ્ઞીજીવભેદ હોય છે અહીં પણ કરણ અપર્યાપ્ત જ સમજવો. લબ્ધિઅપર્યાપ્તામાં તથાવિધવિશુદ્ધિ ન હોવાથી સમ્યગ્દૃષ્ટિ જીવો સમ્યક્ત્વ સાથે ત્યાં જન્મતા નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાકીનાં ગુણસ્થાનકોમાં એટલે મિશ્રમાં અને દેશવિરતિ આદિ ઉપરનાં સર્વ ગુણસ્થાનકમાં માત્ર સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત જ જીવભેદ હોય છે. કારણ કે શેષ તેર જીવસ્થાનકમાં મિશ્રગુણસ્થાનકની અને દેશવિરતિ આદિની પ્રાપ્તિનો અસંભવ છે.

**પ્રશ્ન** = (સંજ્ઞી પર્યાપ્તા વિનાના) શેષ તેર જીવસ્થાનકમાં મિશ્ર અને દેશવિરતિની પ્રાપ્તિનો અભાવ ભલે હો. તેથી ત્યાં (તેર જીવસ્થાનકમાં) મિશ્ર અને દેશવિરતિ આદિ ન પામે એવું ભલે બને. પરંતુ સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તાવસ્થામાં પૂર્વકાલમાં મિશ્ર અથવા દેશવિરતિ આદિ ગુણસ્થાનક પામીને મૃત્યુ પામી શેષ તેર જીવસ્થાનકમાં ઉત્પન્ન થાય તો પારભવિકસાસ્વાદનની જેમ પારભવિકમિશ્ર અને દેશવિરતિ આદિ ગુણસ્થાનકો તેર જીવસ્થાનકોમાં કેમ ન હોય ?

**ઉત્તર** - પૂર્વભવમાં મિશ્રે આવ્યા પછી મિશ્રભાવમાં વર્તતો એવો જીવ મૃત્યુ જ પામતો નથી તેથી મિશ્ર સાથે લઈને પછીના ભવમાં ઉત્પન્ન થવાની વાત રહેતી જ નથી. "न सम्ममिच्छो कुणइ कालं" આવા પ્રકારનું શાસ્ત્રવચન છે. તથા દેશવિરતિ આદિ ગુણસ્થાનકોમાં વર્તતો જીવ મૃત્યુ પામે છે. પરંતુ દેશવિરતિ કે સર્વવિરતિના પચ્ચક્ખાણો માત્ર વિવક્ષિત ભવ પુરતાં જ હોય છે. करेमि भंत्ते સૂત્રમાં जावज्जीवं पज्जुवासामि પાઠ હોવાથી ગ્રહણ કરેલી વિરતિ આ ભવ પૂરતી જ છે. તેથી દેશવિરતિ આદિ ગુણઠાણાઓમાં મૃત્યુ પામે છે પરંતુ મૃત્યુ પામતાંની સાથે જ પરભવાયુષના ઉદયકાલે નિયમા જીવ અવિરતિ જ થાય છે. તેથી શેષ તેર જીવસ્થાનકોમાં વિરતિવાળાં ગુણસ્થાનક પારભવિક પણ સંભવતાં નથી. ॥ ૪૫ ॥

**मिच्छदुगि अजइजोगाहारदुगूणा अपुव्वपणगे उ।**
**मणवइउरलं सविउव्व, मीसि सविउव्वदुग देसे ॥ ४६ ॥**

(मिथ्यात्वद्विकेऽविरते योगा आहारकद्विकोना अपूर्वपञ्चके तु।
मनोवचनौदारिकास्सवैक्रिया मिश्रे सवैक्रियद्विका देशे ॥ ४६ ॥)

**શબ્દાર્થ-**

मिच्छदुगि= મિથ્યાત્વે અને સાસ્વાદને,
अजइ= અવિરતે,
जोगा= યોગો,
हारदुगूणा= આહારકદ્વિક વિના,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अपुव्वपणगे= અપૂર્વકરણાદિ પાંચમાં
उ= વળી
मणवइउरलं= મનયોગ, વચનયોગ
અને ઔદારિકકાયયોગ,
सविउव्व= વૈક્રિય કાયયોગ સહિત,
मीसि= મિશ્રે,
सविउव्वदुग= વૈક્રિયદ્વિકસહિત,
देसे= દેશવિરતિએ.

**ગાથાર્થ** = મિથ્યાત્વે સાસ્વાદને તથા અવિરતિગુણઠાણે આહારકદ્વિક વિના શેષ ૧૩ યોગ હોય છે. અપૂર્વકરણાદિ પાંચગુણસ્થાનકોમાં મનના ચાર, વચનના ચાર, અને ઔદારિક એમ નવયોગ હોય છે. મિશ્ર માર્ગણામાં વૈક્રિયસહિત દશ યોગ હોય છે. અને દેશવિરતિમાં વૈક્રિયદ્વિક સહિત અગિયાર યોગ હોય છે. ॥ ૪૬ ॥

**વિવેચન** = મિથ્યાત્વ, સાસ્વાદન અને અવિરતસમ્યગ્દષ્ટિ ગુણસ્થાનક એમ ત્રણ ગુણસ્થાનકોમાં આહારકકાયયોગ અને આહારક મિશ્રકાયયોગ વિના બાકીના તેર યોગ હોય છે. ત્યાં પર્યાપ્તાવસ્થામાં આ ત્રણ ગુણઠાણે વર્તતા જીવોને મનના ચાર અને વચનના ચાર યોગ હોય છે. દેવ-નારકીને વૈક્રિયકાયયોગ અને મનુષ્ય-તિર્યંચોને ઔદારિકકાયયોગ હોય છે. તથા આ ત્રણ ગુણસ્થાનકો સાથે જીવ મૃત્યુ પામી પરભવમાં જઈ શકે છે. જેથી દેવ-નારકમાં જતાં કાર્મણ અને વૈક્રિયમિશ્ર હોય છે તથા મનુષ્ય-તિર્યંચમાં જતાં કાર્મણ અને ઔદારિકમિશ્ર હોય છે. એમ કુલ તેર યોગ ઘટે છે. પરંતુ આહારક અને આહારકમિશ્ર યોગ આ ત્રણ ગુણઠાણે સંભવતા નથી. કારણ કે આહારકની રચના છઠ્ઠે ગુણઠાણે પૂર્વધરમુનિઓ જ કરે છે. અહીં ચૌદપૂર્વધરતા સંભવતી નથી. કારણ કે વિરતિ પણ નથી. કહ્યું છે કે "आहारगदुगं जायइ चउदस-पुव्विस्स" इति। तथा शुभं विशुद्धमव्याघाति चाहारकं चतुर्दशपूर्वधरस्यैव" તત્ત્વાર્થસૂત્ર ઈત્યાદિ.

અપૂર્વકરણથી ક્ષીણમોહ સુધીના શ્રેણીસંબંધી કુલ પાંચ ગુણસ્થાનકોમાં ચાર મનના ચાર વચનના અને ઔદારિકકાયયોગ એમ કુલ નવ યોગ હોય છે. શ્રેણીમાં વર્તતા જીવો અતિશય વિશુદ્ધ હોવાથી વૈક્રિય અને આહારક (લબ્ધિ હોય તો પણ) વિકુર્વણા કરતા નથી. કારણ કે અન્ય શરીરની રચના કરવી તે ઔત્સુક્યતા હોવાથી પ્રમાદ છે. અને અહીં પ્રમાદ સંભવે નહીં. તેથી વૈક્રિય અને આહારકના ચાર યોગ ન હોય. ઔદારિકમિશ્ર અને કાર્મણ અપર્યાપ્તાવસ્થામાં વિગ્રહગતિમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને કેવલીસમુદ્દ્ઘાતમાં હોય છે. તે કાલે આ ગુણસ્થાનક સંભવતાં નથી.તેથી ૪+૨=૬ યોગ વિના શેષ ૯ યોગ આ પાંચ ગુણઠાણે હોય છે.

મિશ્રગુણઠાણે આ જ નવ યોગ વૈક્રિયકાય સાથે મળી કુલ ૧૦ યોગ હોય છે. મિશ્રગુણસ્થાનક સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત અવસ્થામાં જ આવતું હોવાથી ચાર મનના, ચાર વચનના એમ આઠ યોગ તો ચારેગતિના પંચેન્દ્રિયપર્યાપ્તાને હોય છે. ઔદારિક કાયયોગ પર્યાપ્તા તિર્યંચ મનુષ્યને, અને વૈક્રિયકાયયોગ પર્યાપ્તા દેવ-નારકીને હોય છે. કારણ કે પર્યાપ્તાવસ્થામાં જેમ મનુષ્ય-તિર્યંચો મિશ્રગુણસ્થાનક પામી શકે છે. તેમ દેવ-નારકી પણ મિશ્ર ગુણસ્થાનક પામી શકે છે. આ રીતે ૧૦ યોગ સંભવે છે શેષ પાંચ યોગ સંભવતા નથી. ત્યાં આહારકકાયયોગ અને આહારકમિશ્ર કાયયોગ મિશ્રે ચૌદપૂર્વના અધિગમનો અભાવ હોવાથી સંભવતા નથી. અને કાર્મણ, ઔદારિકમિશ્ર તથા વૈક્રિયમિશ્ર વિગ્રહગતિ અને અપર્યાપ્તાવસ્થા-ભાવી છે. તે કાળે મિશ્રગુણસ્થાનક સંભવતું નથી.

**પ્રશ્ન**- દેવ-નારકીને અપર્યાપ્તાવસ્થામાં જે વૈક્રિયમિશ્ર કાયયોગ છે. તે મિશ્રે ભલે ન સંભવે. કારણ કે અપર્યાપ્તાવસ્થામાં મિશ્ર પામી શકાતું નથી. મિશ્રગુણસ્થાનક લઈને અન્ય ભવમાં જવાતું નથી. પરંતુ વૈક્રિયલબ્ધિવાળા તિર્યંચ અને મનુષ્યો પર્યાપ્તાવસ્થામાં વૈક્રિયની રચના પણ કરે છે. અને પર્યાપ્તાવસ્થા હોવાથી મિશ્ર ગુણસ્થાનક પણ પામી શકે છે. તો તેના પ્રારંભકાલે જે વૈક્રિયમિશ્રકાયયોગ હોય છે. તેને આશ્રયી મિશ્રગુણઠાણે વૈક્રિય મિશ્રકાયયોગ કહેવો જોઈએ. તે કેમ કહ્યો નથી !

**ઉત્તર** - અહીં મિશ્રગુણઠાણે ૧૦ યોગનું જ વિધાન હોવાથી અને વૈક્રિય મિશ્રયોગ તેમાં ન કહ્યો હોવાથી આવા પ્રકારના આ વિધાનાત્મક વચનબલથી જ એમ જણાય છે કે મિશ્રગુણઠાણે વર્તતા લબ્ધિવાળા તિર્યંચ-મનુષ્યો પણ વૈક્રિય-રચનાનો આરંભ કરતા નથી. (જો કરતા હોત તો વૈક્રિયમિશ્ર લખત). તથા આ ગાથાની સ્વોપજ્ઞટીકામાં તો એમ પણ લખ્યું છે કે અન્ય પણ કોઈ કારણથી અહીં વૈક્રિયમિશ્રયોગ કહ્યો નથી તે તેવા પ્રકારનો ગુરુગમ આ કાળે ન હોવાથી સમજાતું નથી. તે પાઠ આ પ્રમાણે છે. उच्यते =तेषां वैक्रियकरणासम्भवात्, अन्यतो वा यतः कुतश्चित् कारणात्पूर्वाचार्यैर्नाभ्युपगम्यते

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तन्न सम्यगवगच्छामः, तथाविधसम्प्रदायाभावात् एतच्च, प्रागेवोक्तमिति। પરંતુ વૈક્રિય શરીરની રચનાનું અકરણ એ જ મુખ્ય કારણ જણાય છે.

દેશવિરતિ ગુણઠાણે પર્યાપ્તા મનુષ્ય અને પર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચ જ હોય છે તેઓને ચાર મનના, ચાર વચનના અને ઔદારિકકાયયોગ એમ નવ યોગો સામાન્યથી સંભવે છે. તથા વૈક્રિયલબ્ધિવાળા પં.તિર્યંચો અને મનુષ્યો પ્રયોજનવશથી અંબડ શ્રાવકની જેમ વૈક્રિયશરીરની રચના કરી શકે છે તેથી પ્રારંભમાં વૈક્રિયમિશ્ર અને પછી વૈક્રિયકાયયોગ એમ બે યોગ ઉમેરતાં કુલ ૧૧ યોગો હોય છે. ચૌદપૂર્વના અધિગમનો અભાવ હોવાથી આહારકના બે યોગો ન હોય, તથા ઔદારિકમિશ્ર અને કાર્મણ અપર્યાપ્તાવસ્થાભાવિ છે અને તે વખતે વિરતિનો અભાવ છે તેથી તે યોગો અહીં સંભવતા નથી. ॥ ૪૬ ॥

**साहारदुग पमत्ते, ते विउव्वाहार मीस विणु इयरे ।**
**कम्मुरलदुगंताइममणवयण सजोगि न अजोगी ॥ ४७ ॥**

(साहारकद्विकाः प्रमत्ते, ते वैक्रियाहारकमिश्रं विनेतरे ॥
कार्मणौदारिकद्विकान्तादिमनोवचनयोगास्सयोगिनि नायोगिनि ॥ ४७॥)

### શબ્દાર્થ

साहारदुग= આહારકદ્વિકસહિત,
पमत्ते= પ્રમત્તગુણઠાણે.
ते= તે જ તેર યોગો,
विउव्वाहारमीस विणु= વૈક્રિય અને આહારકમિશ્ર વિના,
इयरे= ઈતર-અપ્રમત્તમાં,
कम्मुरलदुग= કાર્મણ-ઔદારિકદ્વિક,
अंताइम= પહેલા-છેલ્લા,
मणवयण= મનયોગ, વચનયોગ,
सजोगि= સયોગિગુણઠાણે,
न अजोगी= અયોગીગુણઠાણે યોગ નથી.

**ગાથાર્થ** = પૂર્વજે ૧૧ યોગ કહ્યા છે તે આહારકદ્વિકસહિત ૧૩ યોગ પ્રમત્તે હોય છે. તેમાંથી વૈક્રિયમિશ્ર અને આહારકમિશ્ર વિના શેષ ૧૧ યોગ અપ્રમત્તે હોય છે. કાર્મણ, ઔદારિકદ્વિક, પહેલો અને છેલ્લો મનયોગ અને વચનયોગ એમ ૭ યોગ સયોગીએ હોય છે. અયોગીએ યોગ હોતા નથી. ॥ ૪૭॥

**વિવેચન** - આગલી ૪૬ મી ગાથામાં અન્તે દેશવિરતિ ગુણઠાણે જે ૧૧ યોગો કહ્યા છે. તેમાં આહારકદ્વિક સહિત કરો એટલે ૧૩ યોગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થાય છે. તે ૧૩ યોગ પ્રમત્તગુણઠાણે હોય છે. મનના ચાર, વચનના ચાર અને ઔદારિકકાયયોગ એમ નવ યોગ તો પર્યાપ્તા મનુષ્યને સહજપણે હોય છે. તદુપરાન્ત વૈક્રિયલબ્ધિ તથા આહારકલબ્ધિ છઠ્ઠે ગુણઠાણે પ્રમત્ત મુનિને હોઈ શકે છે. તેથી વૈક્રિય-વૈક્રિયમિશ્ર અને આહારક-આહારકમિશ્ર એમ કુલ ચાર યોગ પણ હોઈ શકે છે તેથી કુલ ૧૩ યોગ હોય છે. કાર્મણ અને ઔદારિકમિશ્ર અપર્યાપ્તાવસ્થાભાવિ છે તે વખતે વિરતિ સંભવતી નથી. તેથી છઠ્ઠે ગુણઠાણે આ બે યોગ નથી.

આ તેર યોગમાંથી વૈક્રિયમિશ્ર અને આહારકમિશ્ર વિના બાકીના ૧૧ યોગો અપ્રમત્તગુણઠાણે હોય છે. વૈક્રિયમિશ્ર અને આહારકમિશ્ર આ બે કાયયોગ વૈક્રિય અને આહારક શરીરની રચના કરે ત્યારે પ્રારંભકાલે હોય છે. તે વખતે લબ્ધિ ફોરવવાની ઉત્સુક્તાનો ભાવ હોવાથી પ્રમત્ત કહેવાય છે પરંતુ અપ્રમત્તતા કહેવાતી નથી. તેથી અપ્રમત્તે આ બે યોગ નથી. તથા વૈક્રિય-આહારકની છઠ્ઠે રચના કરીને તે શરીરસંબંધી સર્વપર્યાપ્તિ છઠ્ઠે ગુણઠાણે સમાપ્ત કર્યા પછી આ જીવ અપ્રમત્તે જઈ શકે છે. તેથી વૈક્રિય અને આહારક કાયયોગ ત્યાં સંભવે છે. પરંતુ મિશ્રયોગ ત્યાં સંભવતો નથી. કાર્મણ અને ઔદારિકમિશ્ર તો અપર્યાપ્તાવસ્થાભાવિ હોવાથી જ અપ્રમત્તે હોતા નથી.

સયોગી કેવલી ગુણઠાણે કાર્મણ કાયયોગ, ઔદારિકકાયયોગ. ઔદારિક મિશ્રકાયયોગ, પહેલો-છેલ્લો મનયોગ અને પહેલો-છેલ્લો વચનયોગ એમ કુલ સાત યોગ હોય છે. ત્યાં કાર્મણ અને ઔદારિકમિશ્ર કેવલી-સમુદ્ઘાતમાં અને ઔદારિકકાયયોગ શરીરસ્થ કેવલીને હોય છે. મનયોગ મનઃપર્યવજ્ઞાની અને અનુત્તરવાસીને ઉત્તર આપવામાં કેવલી ભગવંતને હોય છે. અને વચનયોગ ધર્મની દેશનાના કાળે હોય છે. શેષ યોગ કેવલીને સંભવતા નથી.

અયોગી ગુણઠાણે એક પણ યોગ નથી. કારણ કે અયોગી અવસ્થા એ યોગના અભાવસ્વરૂપ છે. આ પ્રમાણે ચૌદ ગુણસ્થાનક ઉપર યોગ કહીને હવે ઉપયોગ સમજાવે છે.

**तिअनाण दुदंसाइमदुगे अजइ देसि नाणदंसतिगं ॥**
**ते मीसि मीसा समणा जयाइ केवलदुगंतदुगे ॥ ४८ ॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(त्र्यज्ञानं द्विदर्शनमादिमद्विके, अविरते देशे च ज्ञानदर्शनत्रिकम् ।
ते मिश्रे मिश्राः समनःपर्यवा यतादिषु केवलद्विकमन्तद्विके ॥ ४८ ॥)

**શબ્દાર્થ**

तिअनाण= ત્રણ અજ્ઞાન,
दुदंस= બે દર્શન,
आइमदुगे= પ્રથમના બે ગુણઠાણે,
अजइ देसे= અવિરતિએ અને દેશવિરતિમાં,
नाणदंसणतिगं= ત્રણ જ્ઞાન અને ત્રણ દર્શન,
ते= ઉપરોક્ત છ ઉપયોગ,
मीसि= મિશ્રગુણઠાણે,
मीसा= અજ્ઞાનથી મિશ્રિત હોય છે.
समणा= મનઃપર્યવસહિત,
जयाइ= પ્રમત્તાદિમાં,
केवलदुग= કેવલદ્વિક,
अंतदुगे= છેલ્લાં બે ગુણઠાણામાં.

**ગાથાર્થ** = પ્રથમનાં બે ગુણઠાણામાં ત્રણઅજ્ઞાન અને બે દર્શન હોય છે. ચોથા અવિરતિગુણઠાણે અને પાંચમા દેશવિરતિગુણઠાણે ત્રણજ્ઞાન અને ત્રણ દર્શન હોય છે. આ જ છ ઉપયોગ મિશ્રગુણઠાણે અજ્ઞાનથી મિશ્ર હોય છે. પ્રમત્તાદિ સાત ગુણઠાણામાં આ છ ઉપયોગ મનઃપર્યવસહિત (૭) હોય છે. અને અન્તિમ બે ગુણઠાણામાં કેવલદ્વિક હોય છે. ॥ ૪૮॥

**વિવેચન** = ચૌદ ગુણસ્થાનકમાં યોગ કહીને હવે એ જ ચૌદ ગુણસ્થાનકમાં ઉપયોગ સમજાવે છે. ત્યાં પહેલા મિથ્યાત્વગુણઠાણે અને બીજા સાસ્વાદનગુણઠાણે ત્રણ અજ્ઞાન અને ચક્ષુ-અચક્ષુ બે દર્શન એમ કુલ પાંચ ઉપયોગ હોય છે. અહીં સમ્યક્ત્વ-સંયમ અને ક્ષાયિકભાવ ન હોવાથી મતિજ્ઞાનાદિ શેષ ઉપયોગો હોતા નથી. જો કે અવધિદર્શન વિભંગજ્ઞાનવાળાને સંભવે છે, તો પણ તે સિદ્ધાન્તકારનો અભિપ્રાય છે. કર્મગ્રંથકાર તો અવધિદર્શન ૪થી૧૨ ગુણઠાણામાં માને છે. તેથી પહેલે-બીજે ગુણઠાણે અવધિદર્શન કહ્યું નથી. અને પાંચ જ ઉપયોગ કહ્યા છે.

અવિરતિસમ્યગ્દષ્ટિ નામના ચોથા ગુણઠાણે અને દેશવિરતિ નામના પાંચમા ગુણઠાણે મતિ-શ્રુતિ-અવધિ એમ ત્રણ જ્ઞાન અને ચક્ષુ-અચક્ષુ અવધિ એમ ત્રણ દર્શન કુલ છ ઉપયોગ હોય છે. સમ્યક્ત્વ હોવાથી જ્ઞાન જ હોય છે. અજ્ઞાન હોતાં નથી તથા સંયમ ન હોવાથી મનઃપર્યવજ્ઞાન નથી. અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્ઞાનાવરણીયાદિકર્મનો ક્ષાયિકભાવ ન હોવાથી કેવલજ્ઞાન-કેવલદર્શન પણ નથી. તેથી છ જ ઉપયોગ સંભવે છે.

મિશ્રગુણઠાણે આ જ છ ઉપયોગ ત્રણ અજ્ઞાનથી મિશ્ર હોય છે. ત્રણ જ્ઞાનો ત્રણ અજ્ઞાનથી મિશ્ર હોય છે. કારણ કે આ ગુણઠાણાવાળા જીવો સમ્યગ્ અને મિથ્યા એમ બન્ને દૃષ્ટિઓથી મિશ્ર છે. ફક્ત એટલું વિશેષ જાણવું કે જ્યારે સમ્યગ્ભાવની બહુલતા હોય ત્યારે જ્ઞાનની બહુલતા ગણાય છે. અને જ્યારે મિથ્યાભાવની બહુલતા હોય ત્યારે અજ્ઞાનની બહુલતા ગણાય છે. અને જ્યારે સમ્યગ્ભાવ તથા મિથ્યાભાવની સમાનતા હોય ત્યારે ઉભય અંશની સમાનતા ગણાય છે. તથા તે ગુણઠાણે દર્શનમાં ચક્ષુ-અચક્ષુ-અવધિ એમ ત્રણ હોય છે. અહીં કર્મગ્રંથકારે ત્રીજે ગુણઠાણે અવધિદર્શન હોય છે એમ જે કહ્યું તે સિદ્ધાન્તકારના મતે જાણવું. કર્મગ્રંથકારના મતે નહીં. કર્મગ્રંથકારના મતે અવધિદર્શન ૪ થી ૧૨ માં હોય છે.

જયાઈ એટલે યતાદિ ગુણઠાણાં, યત એટલે સંયત-સંયમ, અર્થાત્ સંયમવાળાં-સર્વવિરતિવાળાં જે ગુણઠાણાં તે પ્રમત્તથી પ્રારંભીને ક્ષીણમોહ સુધીનાં ૬ થી૧૨ એમ સાત ગુણઠાણામાં ઉપરના છ ઉપયોગો મનઃપર્યવજ્ઞાન સહિત સાત હોય છે. કારણ કે સર્વવિરતિ હોવાથી મનઃપર્યવજ્ઞાન સંભવે છે. પરંતુ જ્ઞાનાવરણીયાદિનો ક્ષાયિકભાવ ન હોવાથી કેવલજ્ઞાન-કેવલદર્શન સંભવતું નથી તથા મિથ્યાત્વ ન હોવાથી ત્રણ અજ્ઞાન પણ સંભવતાં નથી માટે સાત ઉપયોગ હોય છે.

તેરમા-ચૌદમા સયોગી-અયોગી નામના અન્તિમ બે ગુણઠાણામાં કેવલજ્ઞાન કેવલદર્શન એમ બે જ ઉપયોગ હોય છે. શેષ ઉપયોગો છાદ્મસ્થિક હોવાથી અને કેવલીને છદ્મસ્થાવસ્થા ન હોવાથી સંભવતા નથી नट्ठम्मि अ छाउम्मत्थिए नाणे આવું શાસ્ત્રવચન છે. ॥ ૪૮ ॥

અહીં વારંવાર ઘણી ઘણી ગાથાઓમાં સિદ્ધાન્તકારનો મત જુદો અને કર્મગ્રંથકારનો મત જુદો હોય એમ આવે છે. તો એવી કઈ કઈ બાબતો છે કે જેમાં આ બે મતો જુદા પડે છે. તથા તે જુદી માન્યતાનું શું કારણ છે? તથા સિદ્ધાન્તકાર એટલે કોણ ? અને કર્મગ્રંથકાર એટલે કોણ ? આ ખુલાશો કરતાં ગ્રંથકારશ્રી જણાવે છે કે-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**सासणभावे नाणं विउव्वाहारगे उरलमिस्सं ।**
**नेगिंदिसु सासाणो, नेहाहिगयं सुयमयं पि ॥ ४९ ॥**

(सास्वादनभावे ज्ञानं, वैक्रियाहारके औदारिकमिश्रम् ।
नैकेन्द्रियेषु सास्वादनो नेहाधिकृतं श्रुतमतमपि ॥ ४९ ॥)

**શબ્દાર્થ**

सासणभावे= સાસ્વાદનગુણઠાણે,
नाणं= જ્ઞાન હોય છે.
विउव्वाहारगे=વૈક્રિય અને આહારક વખતે
उरलमिस्सं = ઔદારિકમિશ્રયોગ હોય છે. અને
न एगिंदिसु सासाणो= એકેન્દ્રિયમાં સાસ્વાદન સંભવતું નથી.
न इह अहिगयं=અહીં સ્વીકારાયું નથી.
सुयमयं पि=શાસ્ત્રમાં કહ્યું હોવા છતાં પણ.

**ગાથાર્થ :** સાસ્વાદનગુણસ્થાનકે જ્ઞાન, વૈક્રિય અને આહારકકાળે ઔદારિક મિશ્ર, તથા એકેન્દ્રિયમાં સાસ્વાદનનું ન હોવું. આ ત્રણ બાબતો સિદ્ધાન્તકારને માન્ય હોવા છતાં અહીં કર્મગ્રંથમાં સ્વીકારાઈ નથી. ॥૪૯॥

**વિવેચન** = આ કર્મગ્રંથોમાં જ્યાં જ્યાં સિદ્ધાન્તકાર એમ શબ્દ આવે ત્યાં ત્યાં પન્નવણાસૂત્ર, ભગવતીસૂત્ર અને જીવાભિગમસૂત્રકાર એવો અર્થ કરવો. એટલે કે અગિયાર અંગ અને બાર ઉપાંગના જે કર્તા તે સિદ્ધાન્તકાર કહેવાય છે અને જ્યાં જ્યાં કર્મગ્રંથકાર શબ્દ આવે ત્યાં આ. દેવેન્દ્રસૂરિજી મહારાજના રચાયેલા કર્મગ્રંથોની પૂર્વે જે કર્મગ્રંથો રચાયેલા છે જેને પ્રાચીનકર્મગ્રંથો કહેવાય છે. તેઓનો જે મત તે કર્મગ્રંથકારનો મત કહેવાય છે. પ્રાચીન કર્મગ્રંથોમાં પ્રથમ કર્મગ્રંથ ગર્ગર્ષિનામનાઋષિકૃત છે. બીજા-ત્રીજા કર્મગ્રંથના કર્તાનું નામ અનુપલબ્ધ છે. ચોથા કર્મગ્રંથના કર્તા જિનવલ્લભગણિ છે અને પાંચમા કર્મગ્રંથના કર્તા (કમ્મપયડિકાર) શ્રી શિવશર્મસૂરિજી મહારાજ છે. દેવેન્દ્રસૂરિજી મહારાજે આ કર્મગ્રંથોમાં લખાયેલા વિષયોને જ નવા કર્મગ્રંથોમાં બાલજીવોને સમજાય તેમ સરળ રીતે સમજાવ્યા છે. તેથી પ્રાયઃ તેઓ પૂર્વના કર્મગ્રંથકારના અભિપ્રાયે જ ચાલ્યા છે. પરંતુ સિદ્ધાન્તકારના અભિપ્રાયે ચાલ્યા નથી. તેથી કોઈ કોઈ બાબતમાં વિવક્ષા જુદી પડે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન** - પ્રાચીન કર્મગ્રંથકાર કે તેમના માર્ગને અનુસાર અર્વાચીન કર્મગ્રંથકાર શ્રી દેવેન્દ્રસૂરિજી સિદ્ધાન્તના અભિપ્રાયથી જુદા ચાલે તો શું મિથ્યાત્વ ન લાગે ? સિદ્ધાન્તની શું અવગણના કરી ન કહેવાય?

**ઉત્તર** - અહીં અવગણના પણ નથી. મતભેદ પણ નથી. પરંતુ વિવક્ષાભેદ માત્ર છે. એકની એક વાત વિવક્ષા જુદી જુદી કરવાથી જુદી પડે છે. જેમ કે "અમદાવાદથી સુરત જતો મનુષ્ય અમદાવાદની અપેક્ષાએ **જતો** (ગમનશીલ) કહેવાય છે અને એ જ મનુષ્ય સુરતની અપેક્ષાએ **આવતો** (આગમનશીલ) કહેવાય છે. હવે કહો કે આ બેમાં સાચું શું ? અને ખોટું શું ? તેમ સમ્યક્ત્વથી પડીને મિથ્યાત્વે જતો જીવ સાસ્વાદને આવે ત્યારે સમ્યક્ત્વથી આવ્યો છે માટે જ્ઞાની છે એમ સિદ્ધાન્તકાર કહે છે. અને મિથ્યાત્વાભિમુખ છે માટે અજ્ઞાની છે એમ કર્મગ્રંથકાર કહે છે. આ રીતે માત્ર વિવક્ષાભેદ છે. કહેવા-કહેવાની રીત જુદી છે. આ વાત વિષય સમજવાથી બરાબર સમજાશે. વળી દેવેન્દ્રસૂરિજીએ તો આ નવા કર્મગ્રંથો બનાવ્યા છે. એટલે તેઓને તો પ્રાચીન કર્મગ્રંથકારોની જ વિવક્ષાને પ્રધાનપદ આપવું જોઈએ. અને એમ જ કર્યું છે. માટે અહીં અલ્પ પણ સંદેહ ન કરવો.

(૧) સિદ્ધાન્તકારોની દષ્ટિએ સાસ્વાદનગુણઠાણે જ્ઞાન કહેવાય છે. કર્મગ્રંથકારોની દષ્ટિએ અજ્ઞાન કહેવાય છે. સિદ્ધાન્તકારની વિવક્ષા એવી છે કે **સાસ્વાદનસમ્યગ્દષ્ટિ** આવું આ ગુણસ્થાનકનું નામ છે. તે નામમાં **"સમ્યગ્દષ્ટિ"** શબ્દ ભળેલો છે. પરંતુ મિથ્યાદષ્ટિ શબ્દ ભળેલો નથી. તથા આ ગુણસ્થાનક ઉપશમસમ્યક્ત્વની શુદ્ધ કરેલી ભૂમિમાં જ અન્તિમ છ આવલિકામાં આવે છે. તે ભૂમિકા સમ્યક્ત્વના કાળવાળી છે. પરંતુ મિથ્યાત્વના કાળવાળી નથી. તથા તે સાસ્વાદનકાળે અનંતાનુબંધિનો ઉદય ભળે છે. અને તેથી સમક્ત્વ વમી પણ દે છે. છતાં મિથ્યાત્વમોહનીયનો હજુ ઉદય નથી. તેથી મિથ્યાજ્ઞાન ન કહેવાય. પરંતુ મલીન આસ્વાદનવાળું જેમ સમ્યક્ત્વ જ કહેવાય છે. તેમ મલીન એવું પણ જ્ઞાન કહેવું જોઈએ. આવી પૂર્વપર્યાયની અપેક્ષાએ આ વિવક્ષા છે. જ્યારે કર્મગ્રંથકારોની ઉત્તરપર્યાય તરફની વિવક્ષા છે. કે પડતો જીવ પડ્યો કહેવાય. કરતા કાર્યને કર્યું કહેવાય તેમ આ જીવ મિથ્યાત્વાભિમુખ હોવાથી મિથ્યાજ્ઞાનવાળો કહેવાય. તેથી અજ્ઞાન કહ્યાં છે. આમ માત્ર વિવક્ષાભેદ જાણવો. મતાન્તર કે અવગણના ન સમજવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨) વૈક્રિયલબ્ધિવાળા તિર્યંચો અને મનુષ્યો તથા આહારક લબ્ધિવાળા મનુષ્યો જ્યારે નવા વૈક્રિય અને આહારકશરીરની રચના કરે છે. ત્યારે નવા શરીરની પર્યાપ્તિઓ પૂર્ણ ન થાય ત્યાં સુધી ઔદારિક અને વૈક્રિય અથવા ઔદારિક અને આહારક એમ બન્નેના યોગની મિશ્રતા હોય છે. તેવી જ રીતે શરીરરચના થયા પછી નવા શરીરની બળવત્તરતાના કારણે વૈક્રિયકાયયોગ અને આહારકકાયયોગ કહેવાય છે. તથા નવા શરીરને છોડીને મૂલ ઔદારિકમાં જ સમાપ્ત થતી વેળાએ પણ બન્ને શરીરોના યોગની મિશ્રતા હોય છે. હવે પ્રારંભકાળે અને પરિત્યાગ કાળે આ જે ઔદારિક-વૈક્રિયની તથા ઔદારિક-આહારકની મિશ્રતા હોય છે. તેને મિશ્રયોગ તો કહેવાય જ. પરંતુ નામ કોનું આપવું ? તે બાબતમાં વિવક્ષાભેદ છે. સિદ્ધાન્તકારની વિવક્ષા એવી છે કે નવા વૈક્રિય અને આહારકની રચનાના કાલે મૂલભૂત ઔદારિકની પ્રધાનતા છે. માટે ઔદારિકનું નામ આપી પ્રારંભકાલે "ઔદારિકમિશ્ર" કહે છે. અને પરિત્યાગ કાળે વૈક્રિય-આહારકની પ્રધાનતાએ વૈક્રિયમિશ્ર અને આહારક મિશ્ર એવું નામ આપે છે. તેથી અર્વાચીન શરીરની રચનાકાળે પ્રારંભમાં ઔદારિકમિશ્ર અને પરિત્યાગકાળે વૈક્રિયમિશ્ર-તથા આહારકમિશ્ર કહે છે. જ્યારે કર્મગ્રંથકાર વૈક્રિય અને આહારક શરીરના પ્રારંભકાળે તથા પરિત્યાગકાળે એમ બન્ને કાળે (પ્રાચીન ઔદારિક શરીર તો સદાનું છે જ. તેથી તેને ગૌણ ગણીને) અર્વાચીન શરીરની જ પ્રધાનતા (બળવત્તરતા) કરીને વૈક્રિયમિશ્ર અને આહારકમિશ્ર કહે છે. નજીક નજીકના બે ગામના વચ્ચેના સીમાડાને આ ગામનો છે એમ પણ કહેવાય અને પેલા ગામનો છે એમ પણ કહેવાય. એમ અહીં વિવક્ષાભેદ જાણવો. પરંતુ તત્ત્વભેદ ન જાણવો. તેથી નવા વૈક્રિય-અને આહારકના પ્રારંભકાલે સિદ્ધાન્તકારોએ ઔદારિકમિશ્ર કહ્યું છે. અને કર્મગ્રંથકારોએ નવા શરીરની પ્રધાનતા કરીને વૈક્રિયમિશ્ર અને આહારકમિશ્ર કહ્યું છે.

(૩) એકેન્દ્રિય જીવોમાં સાસ્વાદન નથી હોતું એમ સિદ્ધાન્તકાર કહે છે. અને કર્મગ્રંથકારો એકેન્દ્રિયમાં પણ વિકલેન્દ્રિયોની જેમ સાસ્વાદન હોય છે. એમ કહે છે. આ બાબતમાં સિદ્ધાન્તકારની પાસે આવો સૂત્રપાઠ છે કે- **बेइंदियाणं भंते किं नाणी अन्नाणी ? गोयमा! नाणी वि अन्नाणी वि, जे नाणी**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ते नियमा दुनाणी, आभिणिबोहियनाणी सुयनाणी! जे अन्नाणी ते वि नियमा दुअन्नाणी, तं जहा-मइअन्नाणी सुयअन्नाणी, અહીં બેઈન્દ્રિયાદિમાં બે જ્ઞાન મતિ-શ્રુત કહ્યાં, તે સમ્યક્ત્વ ન હોવાથી કેવી રીતે ઘટે ! ત્યારે કહ્યું છે કે बेइंदियस्स दोनाणा कहं लब्भंति ? भणइ, सासायणं पडुच्च तस्सापज्जत्तयस्स दोनाणा लब्भंति त्ति સાસ્વાદનને આશ્રયી બે જ્ઞાન હોય છે. આ પાઠથી (પ્રજ્ઞાપના સૂત્રનો આ પાઠ છે) બેઈન્દ્રિયાદિમાં સાસ્વાદન છે એમ સિદ્ધ થાય છે. પરંતુ એકેન્દ્રિય માટે નીચે મુજબ પાઠ છે- एगिंदियाणं भंते किं नाणी अन्नाणी ? गोयमा! नो नाणी नियमा अन्नाणी" इति અહીં એકેન્દ્રિય જીવોને નિયમા અજ્ઞાની જ કહ્યા. પરંતુ જ્ઞાની કહ્યા નથી. હવે જો સાસ્વાદન ત્યાં હોત તો વિકલેન્દ્રિયની જેમ એકેન્દ્રિયમાં પણ બે જ્ઞાન કહેત. પરંતુ જ્ઞાનનો નિષેધ કર્યો છે. માટે સાસ્વાદન એકેન્દ્રિયોમાં નથી. એમ સિદ્ધ થાય છે. આવો અભિપ્રાય સિદ્ધાન્તકારનો છે. જ્યારે કર્મગ્રંથકારોનો અભિપ્રાય એવો છે કે એકેન્દ્રિયમાં પણ સાસ્વાદન હોય છે. આ ત્રીજી બાબતમાં આ ગાથાના બાલાવબોધમાં એમ કહ્યું છે કે "એનો હેતુ કંઈ જણાતો નથી. જે સિદ્ધાન્તે સ્પષ્ટ ના કહી છે. તે કર્મગ્રંથવાલે આદર્યું એ તત્ત્વ કેવલી જાણે" એમ કહીને તત્ત્વકેવલિગમ્ય કરીને છોડી દીધું છે, તથા સ્વોપજ્ઞટીકામાં પણ તેને અનુસરતું જ લખાણ છે કે "स चेत्थं सासादनभावप्रतिषेधः सूत्रे मतोऽपि केनचित्कारणेन कार्मग्रन्थिकैर्नाभ्युपगम्यत इतीहापि प्रकरणे नाधिक्रियते, तदभिप्रायस्यैवेह प्रायोऽनुसरणादिति ।" ટીકાકારે પણ કંઈ ખુલાસો કર્યો નથી. પરંતુ એટલું જ કહ્યું છે કે કોઈ પણ કારણથી પૂર્વકર્મગ્રંથકારોએ સાસ્વાદનભાવનો પ્રતિષેધ નથી સ્વીકાર્યો એટલે અહીં પણ સાસ્વાદનનો પ્રતિષેધ નથી સ્વીકારાતો, કારણ કે અહીં પ્રાયઃ તે કર્મગ્રંથોના અભિપ્રાયનું જ અનુસરણ કરેલું છે. જેથી આપણે પણ આવી ગૂઢબાબતમાં ચર્ચા કરવી ઉચિત નથી.

તથા મૂલગાથામાં ત્રણ જ બાબતો ટાંકી છે. તો પણ અધ્યાહારથી બીજી બાબત પણ જાણી લેવી. તે આ પ્રમાણે-

(૪) સિદ્ધાન્તકારની દૃષ્ટિએ અવધિદર્શન મિથ્યાત્વથી ક્ષીણમોહ સુધી હોય. અને કર્મગ્રંથકારની દૃષ્ટિએ અવધિદર્શન અવિરતસમ્યગ્દૃષ્ટિથી ક્ષીણમોહ સુધી હોય છે. એ પણ સમજી લેવું. જો કે જ્ઞાનકાલે નિર્ણયાત્મક બોધ હોવાથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમ્યગ્ અને મિથ્યા ભેદ હોય છે. પરંતુ દર્શનકાલે અસ્પષ્ટ બોધ હોવાથી સમ્યગ્ અને મિથ્યા એવો ભેદ સંભવતો નથી. તેથી જ પ્રથમના ત્રણ ગુણઠાણે મતિ-શ્રુત અજ્ઞાન હોય છે અને સમ્યક્ત્વાદિ ગુણઠાણે મતિ-શ્રુતજ્ઞાન હોય છે. અને ચક્ષુ-અચક્ષુદર્શન બન્ને ગુણઠાણાઓમાં (એટલે ૧ થી ૩માં, અને ૪ થી ૧૨માં પણ) હોય છે. તેમ અવધિદર્શન પણ ૧ થી ૧૨માં હોવું ઘટે. તથા મતિ-શ્રુત અજ્ઞાનવાળાને પ્રથમ અસ્પષ્ટ બોધરૂપે જેમ ચક્ષુ-અચક્ષુદર્શન હોય છે. તેમ વિભંગજ્ઞાનવાળાને પ્રથમ અસ્પષ્ટ બોધરૂપે કોઈક દર્શન હોવું જોઈએ અને તે અવધિદર્શન જે હોય. તેથી હોવું ઘટે. એમ સિદ્ધાન્તકારનો આશય છે. પરંતુ કર્મગ્રંથકારોનો આશય અવધિદર્શન ૪ થી ૧૨માં જ હોય છે એવો છે. તેની પાછળ યુક્તિ વિશેષ શું છે. તે સ્પષ્ટ સમજાતું નથી.

(૫) અનાદિ મિથ્યાત્વી જીવ અપૂર્વકરણ કરવા દ્વારા ગ્રંથિભેદ કર્યા પછી સૌથી પ્રથમ **ક્ષાયોપશમિક** સમ્યક્ત્વ પામે છે એમ સિદ્ધાન્તકાર માને છે અને **ઔપશમિક** સમ્યક્ત્વ પામે છે એમ કર્મગ્રન્થકાર માને છે ઈત્યાદિ વિશેષ બાબતો ગુરુગમથી જાણવી. ॥ ૪૯ ॥

**छसु सव्वा तेउतिगं, इगि छसु सुक्का अजोगि अल्लेसा ।**
**बंधस्स मिच्छ अविरइ, कसाय जोग त्ति चउ हेऊ ॥ ५० ॥**

(षट्सु सर्वास्तेजस्त्रिकमेकस्मिन्षट्सु शुक्लाऽयोग्यलेश्यः ।
बन्धस्य मिथ्यात्वाविरतिकषाययोगा इति चत्वारो हेतवः ॥ ५० ॥)

**શબ્દાર્થ**

छसु= છ ગુણઠાણાઓમાં,
सव्वा= સર્વ લેશ્યા હોય,
तेउतिगं= તેજોલેશ્યા આદિ ત્રણ,
इगि= એક ગુણઠાણામાં,
छसु= છ ગુણઠાણામાં,
सुक्का= શુક્લલેશ્યા હોય છે,
अजोगी = અયોગીગુણઠાણાવાળા,
अल्लेसा = લેશ્યા રહિત,
बंधस्स = બંધના,
मिच्छअविरई= મિથ્યાત્વ-અવિરતિ,
कसायजोग = કષાય અને યોગ,
त्ति=એમ,
चउ= ચાર
हेउ =હેતુઓ કહ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ** - છ ગુણઠાણામાં સર્વ લેશ્યા હોય છે એક ગુણઠાણે તેજો આદિ ત્રણ લેશ્યા હોય છે. અને અપૂર્વકરણાદિ છ ગુણઠાણામાં માત્ર શુક્લલેશ્યા જ હોય છે. અને અયોગી ભગવાન અલેશી (લેશ્યા રહિત) છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એમ ચાર બંધના હેતુઓ શાસ્ત્રોમાં કહ્યાં છે. ॥૫૦॥

**વિવેચન** - ચૌદ ગુણસ્થાનકો ઉપર હવે લેશ્યા દ્વાર જણાવે છે. મિથ્યાત્વ ગુણસ્થાનકથી પ્રમત્ત નામના છટ્ઠા ગુણઠાણા સુધી પ્રથમનાં છ ગુણઠાણામાં છ એ લેશ્યા હોય છે. આ ગાથામાં કૃષ્ણ - નીલ અને કાપોત લેશ્યા કે જે અશુભલેશ્યા છે. તેને છ ગુણઠાણાં કહ્યાં છે તે પૂર્વપ્રતિપન્નને આશ્રયીને જાણવાં. અને ત્રીજા કર્મગ્રંથની પચીસમી ગાથામાં આ જ ત્રણ લેશ્યામાં જે પ્રથમનાં ચાર જ ગુણસ્થાનક કહ્યાં છે. તે પ્રતિપદ્યમાનને આશ્રયી જાણવાં. આવી અશુભ લેશ્યા હોતે છતે જો ગુણઠાણામાં ચડી શકાય તો ચાર ગુણસ્થાનક સુધી જ ચડાય. પાંચમે-છઠ્ઠે ગુણઠાણે ન ચડાય. તેથી ત્રીજા કર્મગ્રંથમાં પ્રતિપદ્યમાનને આશ્રયી ચાર ગુણસ્થાનક કહ્યાં છે. પરંતુ શુભ લેશ્યામાં વર્તતો જીવ પાંચમે-છઠ્ઠે ગુણઠાણે ચડ્યો હોય અને પછી પાંચમું- છઠ્ઠું ગુણઠાણું હોતે છતે પણ મલીન અધ્યવસાય થવાથી કૃષ્ણાદિ અશુભ લેશ્યા આવી શકે છે. એમ વિવક્ષાભેદ માત્ર જાણવો. પરંતુ મતાન્તર ન ગણવો.

સાતમા અપ્રમત્ત ગુણઠાણે તેજો-પદ્મ અને શુક્લ એમ શુભ લેશ્યાત્રિક હોય છે. પરંતુ અશુભલેશ્યાઓ તદ્યોગ્ય અધ્યવસાયના અભાવે હોતી નથી. તથા અપૂર્વકરણથી સયોગી સુધીનાં છ ગુણઠાણાં અતિશય નિર્મળ હોવાથી માત્ર શુક્લલેશ્યા જ હોય છે. શેષ લેશ્યાઓ સંભવતી નથી.

અહીં એક વાત ખાસ જાણવા જેવી છે કે એકેક લેશ્યામાં ચડતા-ઉતરતા તીવ્ર-મંદ અધ્યવસાયસ્થાનો અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ હોય છે. તેથી એક જ શુભલેશ્યા પ્રાથમિક ગુણઠાણાઓમાં પણ હોય અને ઉપરના ગુણઠાણાઓમાં પણ હોય. તેવી જ રીતે એક જ અશુભલેશ્યા પ્રાથમિક ગુણઠાણાઓમાં પણ હોય અને ઉપરનાં પણ યથોચિત ગુણઠાણામાં હોય. જેમ પચીસ માળ ઉંચા એપાર્ટમેન્ટમાં નીચલા માળે રહેતા અને પચીસમા માળે રહેતા બન્નેને એક જ મકાનમાં વસનારા કહેવાય છે. તેથી નીચલા માળે રહેનારને ગંદકી વધારે અને હવા-પ્રકાશ ઓછાં હોય છે. અને ઉપરના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માળે રહેનારને ગંદકી ઓછી અને હવા-પ્રકાશ વધારે હોય છે. એવી રીતે એક જ લેશ્યા પ્રાથમિક ગુણઠાણામાં પણ હોય છે. અને ઉપરના ગુણઠાણામાં પણ હોય છે છતાં શુક્લાદિ શુભલેશ્યા મિથ્યાત્વાદિ ગુણઠાણે મંદ, અને શ્રેણી આદિનાં ઉપરનાં ગુણઠાણામાં તીવ્ર હોય છે. તથા કૃષ્ણાદિ અશુભલેશ્યા પ્રથમાદિ ગુણઠાણે તીવ્ર અને દેશવિરતિ તથા પ્રમત્તે મંદ હોય છે. ઈત્યાદિ આવી આવી વિશેષ યુક્તિઓ સ્વયં જાણી લેવી.

અયોગિ ગુણઠાણાવાળા ભગવાન યોગરહિત છે. માટે ત્યાં એક પણ લેશ્યા નથી. કારણ કે યોગાન્તર્ગત દ્રવ્યવર્ગણા એ દ્રવ્યલેશ્યા છે. અયોગીને એ ન હોવાથી દ્રવ્યલેશ્યા પણ નથી. અને તજજન્ય ભાવલેશ્યા પણ નથી. આ પ્રમાણે ચૌદ ગુણસ્થાનકો ઉપર લેશ્યા દ્વાર કહીને હવે બંધહેતુ દ્વાર જણાવે છે.

પ્રતિસમયે સંસારી જીવો કર્મોનો જે બંધ કરે છે તેમાં ચાર મૂલકારણ છે (૧) મિથ્યાત્વ, (૨) અવિરતિ (૩) કષાય, (૪) અને યોગ. ત્યાં જિનેશ્વર પરમાત્માએ જે તત્ત્વ જેવું કહ્યું છે તેનાથી વિપરીત રુચિ, સાચા અને આત્મહિતકારી તત્ત્વો ઉપર અરુચિ, કોઈ પણ એકબાજુના કદાગ્રહ, એકાન્તદૃષ્ટિ આ મિથ્યાત્વ કહેવાય છે. અવિરતિ એટલે મન-વચન અને કાયા દ્વારા સેવાતા સાવદ્યયોગથી નિવૃત્તિનો અભાવ. પાપવાળાં કાર્યો ભલે કરે નહીં તો પણ જો તેની નિવૃત્તિ ન કરી હોય તો તે કાર્યો કરવાની મમતા-આસક્તિ ચાલુ હોવાથી આશ્રવ થાય જ છે. તે અવિરતિ, ક્રોધ-માન-માયા અને લોભ રૂપ કષાય. તથા મન-વચન અને કાયાની શુભાશુભ પ્રવૃત્તિ તે યોગ. એમ સામાન્યથી ચાર બંધહેતુ છે.

**પ્રશ્ન-** તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં **"પ્રમાદ"** પણ પાંચમો બંધહેતુ કહ્યો છે. તે તમે કેમ ન કહ્યો ? **"मिथ्यादर्शनाविरतिप्रमादकषाययोगा बन्धहेतवः"** ૮-૧ પ્રમાદ બંધહેતુ છે. એવું વિધાન અહીં કેમ ન કર્યું ?

**ઉત્તર-** આ પ્રમાદ એ પણ બંધહેતુ છે. પરંતુ તેનો અવિરતિમાં કષાયમાં અને યોગમાં સમાવેશ થઈ જાય છે. તેથી જુદો કહ્યો નથી. મદિરાપાન, વિષયસેવન, વિકથાઓ કરવી અને વૈક્રિયાદિ નવા શરીરોની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રચના કરવી. આ સર્વે પ્રમાદ કહ્યા છે. ત્યાં મદિરાપાન અને વિષયસેવનાદિ રૂપ જે પ્રમાદ છે. તે અવિરતિમાં અંતર્ભૂત થાય છે. વિકથાદિરૂપ જે પ્રમાદ છે. તે કષાયમાં અંતર્ભૂત થાય છે. અને વૈક્રિય-આહારકાદિ શરીરોની રચના કરવા રૂપ જે પ્રમાદ છે. તે યોગમાં અંતર્ભૂત થાય છે. (જુઓ સ્વોપજ્ઞટીકા). તેથી પ્રમાદ એ ઉપરોક્ત ચાર બંધહેતુમાં અંતર્ગત સમજી લેવો. ॥ ૫૦ ॥

હવે મિથ્યાત્વ નામના પ્રથમ બંધહેતુના ઉત્તરભેદ જણાવે છે.

**अभिगहियमणभिगहिया-भिनिवेसियसंसइयमणाभोगं ।**
**पण मिच्छ बार अविरइ, मणकरणानियमु छजियवहो ॥ ५१ ॥**

(अभिगृहितानभिगृहिताभिनिवेशिकसांशयिकमनाभोगम् ।
पञ्च मिथ्यात्वानि द्वादश अविरतयो मनःकरणानियमष्षड्जीववधः ॥ ५१ ॥)

**શબ્દાર્થ-**

अभिगहियं= અભિગૃહીત,
अणभिगहिय= અનભિગૃહીત,
आभिनिवेसिय= આભિનિવેશિક,
संसइय= સાંશયિક,
अणाभोगं= અનાભોગિક એમ,
पण मिच्छ=પાંચ પ્રકારનાં મિથ્યાત્વ છે.
बार अविरइ= બાર પ્રકારની અવિરતિ,
मणकरणानियमु= મન અને પાંચ ઇન્દ્રિયોનો અસંયમ,
छजियवहो= છ પ્રકારના જીવનો વધ.

**ગાથાર્થ** :-અભિગૃહીત, અનભિગૃહીત, આભિનિવેશિક સાંશયિક અને અનાભોગ એમ પાંચ પ્રકારનાં મિથ્યાત્વ છે. તથા મન અને પાંચ ઇન્દ્રિયોનો અસંયમ તથા છ જીવનિકાયનો વધ અને બાર પ્રકારની અવિરતિ છે. ॥૫૧॥

**વિવેચન**- હવે કર્મબંધનાં કારણો (હેતુઓ)નું વિવરણ કહે છે. આ આત્મા જે જે કારણોના આસેવનથી કર્મો બાંધે છે. તે કારણોના મૂલ ચાર ભેદ છે. તેમાં પ્રથમ ભેદ જે મિથ્યાત્વ છે. તેના ઉત્તરભેદ પાંચ છે. તે પાંચ પ્રકારના ઉત્તરભેદોનાં નામો તથા અર્થો આ પ્રમાણે છે.

**૧. અભિગૃહીત મિથ્યાત્વ**- પોતે જે ધર્મ સ્વીકાર્યો હોય તે આત્માને હિતકારી છે કે હિતકારી નથી. ગુણ આપનાર છે કે ગુણ આપનાર નથી ઇત્યાદિ વિચાર કર્યા વિના આગ્રહ માત્રથી જ પકડી રાખે. બાપ-દાદા કરતા હતા. માટે અમે સ્વીકારેલો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મ જ સાચો છે. એમ અજ્ઞાન અને કદાગ્રહથી પોતાનું માનેલું જ સાચું માને તે અભિગૃહીત. બૌધ્ધ-સાંખ્ય-મીમાંસક આદિ કોઈ પણ એકકુદર્શનનું ગ્રહણ તે.

**૨. અનભિગૃહીત મિથ્યાત્વ-** સર્વ ધર્મો સાચા છે. સારા છે, એમ કંઈક માધ્યસ્થભાવ રાખીને બધા જ ધર્મોને સમાન અને આવકાર્ય માને. પરંતુ સાચા-ખોટાનો વિવેક ન કરે. ઉંડી પરીક્ષા ન કરે. બુદ્ધિ ન દોડાવે અર્થાત્ પોતે જે માનેલો હોય તેને સાચો માને, અન્યને ખોટા પણ માને. પરંતુ આ માન્યતાનો આગ્રહ ન હોય. કંઈક માધ્યસ્થતા હોય તે અનભિગૃહીત મિથ્યાત્વ.

**૩. આભિનિવેશિક-** પોતે જે માન્યું છે તે ખોટું છે. એમ જાણવા છતાં અને સાક્ષાત્ અનુભવવા છતાં લજ્જાના કારણે અથવા માનાદિના કારણે પકડ્યો મત મૂકે નહીં. જેમ ગોષ્ઠામાહિલાદિ નિહ્નવો થયા તે. જીવ અને કર્મનો સંબંધ શાસ્ત્રોમાં ક્ષીર-નીર અને લોહાગ્નિની જેમ કહ્યો હોવા છતાં સર્પ અને કંચુકીની જેમ એકાન્તે ભિન્ન સંયોગસંબંધ માત્ર જ માને. તથા જીવ અજીવને બદલે જીવ-અજીવ અને નોજીવ એમ ત્રણ રાશિની સ્થાપના કરે. ઇત્યાદિ ખોટું જાણવા છતાં પકડેલું મૂકે નહીં તે આભિનિવેશિક.

**૪. સાંશયિક-** અરિહંત પરમાત્માએ કહેલાં જીવ-અજીવ આદિ તત્ત્વો ઉપર શંકા કરે. ગીતાર્થ જ્ઞાનીનો યોગ હોવા છતાં અહંકારાદિથી પૂછે નહીં આ બધું શાસ્ત્રોક્ત સર્વજ્ઞે કહ્યું હશે કે વચ્ચેના ગીતાર્થોએ જ કલ્પ્યું હશે. એમ માની અવિશ્વાસ કરે તે સાંશયિક.

**૫. અનાભોગ-** અજ્ઞાનદશા. તત્ત્વાતત્ત્વનો અવિવેક. જેમ મૂર્છા પામેલ મનુષ્ય સત્યાસત્ય- કંઈ ન જાણે તેમ એકેન્દ્રિયાદિ જીવોની જે સર્વથા અજાણદશા. મૂર્છિતદશા. તે અનાભોગ મિથ્યાત્વ. આ પ્રમાણે મિથ્યાત્વ નામનો પ્રથમ બંધહેતુ પાંચ પ્રકારે છે.

**"અવિરતિ"** નામના બીજા બંધહેતુના ૧૨ પ્રકાર છે. મન અને બાહ્ય પાંચ ઇન્દ્રિયોનો જે અસંયમ. તે ૬, તથા છ જીવનિકાયનો વધ એમ કુલ ૧૨ અવિરતિ છે. મનમાં નિરર્થક હિંસાદિના સંકલ્પો કરે, તથા બાહ્ય પાંચ ઇન્દ્રિયોના વિષયો અનંતસંસાર હેતુ છે. એમ ન જાણવાના કારણે અથવા એમ જાણવા છતાં તેનું વિરમણ ન કરે. વિષયોનો અને મનના (અશુભ) વિકલ્પોનો ત્યાગ ન કરે, તે છ પ્રકારની અવિરતિ જાણવી. તથા પૃથ્વીકાયાદિ છ જીવનિકાયનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વધ કરવો તે બીજી છ અવિરતિ. એમ કુલ ૧૨ અવિરતિ છે. જેમ હિંસાને અવિરતિમાં ગણી તેમ મૃષાવાદ, ચોરી-મૈથુન અને પરિગ્રહાદિ પણ કર્મબંધના હેતુ હોવાથી અવિરતિ જ છે. પરંતુ તે સર્વે આશ્રવો અનંતરપણે કે પરંપરાએ પણ હિંસાનાં જ કારણ બને છે. હિંસાને જ વધારે છે. માટે છ જીવનિકાયની હિંસારૂપ અવિરતિમાં જ તેનો સમાવેશ કરવો. હવે કષાય અને યોગ નામના શેષ બે બંધહેતુના ભેદ જણાવે છે. ॥૫૧॥

**नव सोल कसाया पनर, जोग इय उत्तरा उ सगवन्ना।**
**इग चउ पण तिगुणेसु, चउतिदुइगपच्चओ बंधो॥ ५२॥**

(नव षोडश कषायाः पञ्चदश योगा इत्युत्तरभेदास्तु सप्तपञ्चाशत्।
एकचतुःपञ्चत्रिगुणेषु, चतुस्त्रिद्व्येकप्रत्ययो बन्धः ॥ ५२॥)

**શબ્દાર્થ-**

| | |
|---|---|
| नव= નવ, | उ= વળી, |
| सोल= સોળ, | सगवन्ना= સત્તાવન છે. |
| कसाया= કષાયો, | इगचउपणतिगुणेसु= એક, ચાર, |
| पन्नर= પંદર, | પાંચ અને ત્રણ ગુણસ્થાનકોમાં, |
| जोग= યોગો, | चउतिदुइगपच्चओ= ચાર, ત્રણ, |
| इय= આ પ્રમાણે, | બે અને એકના નિમિત્તે |
| उत्तरा= ઉત્તર હેતુ, | बंधो= બંધ થાય છે. |

**ગાથાર્થ-** નવ અને સોળ એમ કુલ પચીસ કષાયો છે. તથા પન્નર પ્રકારના યોગ છે. એમ કુલ ૫૭ ઉત્તરબંધહેતુ છે. એક ગુણઠાણે, ચાર ગુણઠાણે, પાંચ ગુણઠાણે, અને ત્રણ ગુણઠાણે અનુક્રમે ચાર-ત્રણ-બે અને એકનિમિત્તક બંધ હોય છે. ॥ ૫૨ ॥

**વિવેચન-** હાસ્યાદિ ષટ્ક તથા ત્રણ વેદ એમ નવ નોકષાય છે. અને અનંતાનુબંધી આદિ ચાર કષાયના ક્રોધાદિ ચાર ભેદો ગણતાં કુલ ૧૬ કષાય છે. આ પ્રમાણે નવ નોકષાય અને સોળ કષાય મળીને કુલ ૨૫ ઉત્તરબંધહેતુ કષાયના જાણવા. આ પચીસે કષાયોનું સ્વરૂપ પ્રથમ કર્મવિપાક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નામના કર્મગ્રંથમાં આવી ગયેલું છે. એટલે અહીં લખતા નથી. ત્યાંથી જ જાણી લેવું. તથા હાસ્યાદિ નવ નોકષાયને શાસ્ત્રોમાં જો કે **"નોકષાય"** તરીકે કહેવામાં આવે છે. તો પણ કષાયના પ્રેરક હોવાથી, કષાયના ઉત્તેજક હોવાથી તેના દ્વારા પરંપરાએ પુણ કષાયો આવતા હોવાથી કારણમાં કાર્યનો ઉપચાર કરને મૂલગાથામાં આ નોકષાયને પણ **કષાય** કહ્યા છે. આ કષાયો એ સ્થિતિબંધ અને રસબંધના હેતુઓ છે.

મનના ચાર, વચનના ચાર, અને કાયાના સાત એમ પન્નર પ્રકારે યોગ જાણવા. જેનો સવિસ્તર અધિકાર ચોવીસમી ગાથામાં સમજાવ્યો છે. તે પણ કર્મબંધનાં કારણો છે. તેનાથી મુખ્યત્વે પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ થાય છે. આ પ્રમાણે ૫+૧૨+૨૫+૧૫=કુલ ૫૭ ઉત્તરબંધહેતુઓ દ્વારા આ જીવ કર્મ બાંધે છે. જીવ રૂપ સરોવરમાં આ ૫૭ ઉત્તર બંધહેતુ રૂપ નાલ દ્વારા કર્મરૂપી જલ આવે છે. તેથી ૫૭ ભેદને આશ્રવ પણ કહેવાય છે. (નવતત્ત્વમાં આવતા આશ્રવના ૪૨ ભેદ જુદી વિવક્ષાએ છે અને આ જુદી વિવક્ષાએ છે.)

મૂલ ચાર બંધહેતુ, અને ઉત્તર સત્તાવન બંધહેતુ સમજાવીને હવે કયા કયા ગુણઠાણે વર્તતા જીવો કેટલા કેટલા (મૂલ) બંધહેતુના નિમિત્તે કર્મ બાંધે છે તે સમજાવે છે. તેમાં ગાથાના ત્રીજા પદની અંદર કહેલ સંખ્યાની સાથે ચોથા પદમાં કહેલ સંખ્યા અનુક્રમે જોડવી. જેથી નીચે મુજબ અર્થ થાય છે. પ્રથમના એક ગુણઠાણે (એટલે મિથ્યાત્વ ગુણઠાણે) મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એમ ચારેના નિમિત્તે જીવો કર્મ બાંધે છે. કારણ કે પહેલા ગુણઠાણે કર્મબંધના ચારે મૂલહેતુ વિદ્યમાન છે. તથા સાસ્વાદનથી. પ્રારંભીને ચાર ગુણઠાણાને વિષે (એટલે બીજા-ત્રીજા-ચોથા અને પાંચમા ગુણઠાણાને વિષે) અવિરતિ, કષાય અને યોગ એમ ત્રણ મૂલબંધ હેતુના નિમિત્તે જીવો કર્મ બાંધે છે. કારણકે આ ચારે ગુણઠાણે મિથ્યાત્વનો ઉદય નથી. તેથી મિથ્યાત્વ પ્રત્યયિક બંધ થતો નથી. અહીં પાંચમા ગુણઠાણે ત્રસકાયની હિંસાની વિરતિ છે. તેથી જ તે ગુણઠાણે દેશવિરતિ અર્થાત્ સંયમાસંયમ કહેવાય છે. તો પણ બાર પ્રકારની અવિરતિમાંથી માત્ર એક જ અવિરતિ દૂર થયેલી છે. શેષ અગિયાર અવિરતિ તો ચાલુ જ છે. તથા ત્રસકાયની અવિરતિપણ અપરાધી અને અનપરાધીમાં અપરાધીની અને સાપેક્ષ-નિરપેક્ષમાં સાપેક્ષપણે ઇત્યાદિ રીતે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચાલુ જ છે. તેથી આ ત્રસકાયની હિંસાની વિરતિ અત્યન્ત અલ્પ પ્રમાણમાં હોવાથી અહીં તેની વિવક્ષા કરી નથી. તેથી અવિરતિ પ્રત્યયિક પણ બંધ પાંચમે કહ્યો છે. અથવા જ્યાં સુધી સર્વવિરતિ ન આવે ત્યાં સુધી અંશે પણ અવિરતિ ચાલુ હોવાથી તન્નિમિત્તક કર્મબંધ પણ હોય જ છે.

પ્રમત્તથી સૂક્ષ્મસંપરાય સુધીનાં પાંચ ગુણસ્થાનકોમાં માત્ર કષાય અને યોગ એ બે બંધહેતુ પ્રત્યયિક જ બંધ છે. આ પાંચે ગુણઠાણાઓમાં મિથ્યાત્વનો ઉદય તો નથી. પરંતુ સાથે સાથે અવિરતિ પણ નથી, કારણ કે આ સર્વે ગુણસ્થાનકો સર્વવિરતિવાળાનાં જ છે. માટે દ્વિપ્રત્યયિક બંધ છે.

તથા ઉપશાન્તમોહ, ક્ષીણમોહ અને સયોગી આ ત્રણ ગુણઠાણે માત્ર એકલો યોગ પ્રત્યયિક જ બંધ છે. કારણ કે કષાયોનો પણ ઉપશમ અથવા ક્ષય થયેલ હોવાથી ઉદય અટકેલો છે. અને ચૌદમા ગુણઠાણાના જીવો તો ચારે પ્રકારના બંધહેતુ વિનાના હોવાથી કર્મબંધ કરતા જ નથી. તેથી ત્યાં કર્મોનો આશ્રવ જ નથી. અનાશ્રવતા જ છે. એટલે કે સર્વ સંવરભાવ છે. ॥૫૨ ॥

હવે આઠ કર્મના ઉત્તરભેદો બંધને આશ્રયી ૧૨૦ છે. તેમાં કઈ કઈ કર્મપ્રકૃતિઓ કેટલા કેટલા મૂલ બંધહેતુઓથી બંધાય છે. તે શિષ્યગણના ઉપકાર માટે કહે છે.

**चउ मिच्छ मिच्छअविरइ-पच्चइया साय सोल पणतीसा।**
**जोग विणु तिपच्चइया-हारगजिणवज्ज सेसाओ॥ ५३॥**

(चतुर्मिथ्यात्वमिथ्यात्वाविरतिप्रत्ययिकाः सातषोडशपञ्चत्रिंशत्प्रकृतयः
योगं विना त्रिप्रत्ययिका आहारकजिनवर्जाः शेषाः ॥ ५३॥)

**શબ્દાર્થ-**

चउ= ચાર બંધહેતુ નિમિત્તે,
मिच्छ= મિથ્યાત્વના નિમિત્તે,
मिच्छअविरइपच्चइया= મિથ્યાત્વ-અને અવિરતિના નિમિત્તે,
साय= સાતા,
सोल= સોળ પ્રકૃતિ,
पणतीसा= પાંત્રીસ પ્રકૃતિઓ છે.
जोगविणु= યોગ વિના,
तिपच्चइया= ત્રણના નિમિત્તે
हारगजिणवज्जसेसासो= આહારક અને જિનનામવર્જીને બાકીની બધી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ-** સાતાનો બંધ ચારના નિમિત્તે, સોળનો બંધ મિથ્યાત્વના નિમિત્તે, અને પાંત્રીસ પ્રકૃતિનો બંધ મિથ્યાત્વ તથા અવિરતિના નિમિત્તે છે. તથા આહારકદ્વિક અને તીર્થંકર નામકર્મ વિના શેષ સર્વે પ્રકૃતિઓનો બંધ યોગ વિના ત્રણ બંધહેતુ નિમિત્તક છે. ॥ ૫૩ ॥

**વિવેચન-** મૂલગાથામાં કહેલો पच्चइया શબ્દ चउ, मिच्छ, અને मिच्छअविरइ આ ત્રણેની સાથે જોડવો. તથા આ ત્રણે પદો પાછળ આવતા साय, सोल અને पणतीसा સાથે અનુક્રમે લગાડવાં. જેથી આવો અર્થ થશે કે સાતાવેદનીયનો બંધ મિથ્યાત્વાદિ ચારે પ્રકારના બંધહેતુના નિમિત્તવાળો છે. સોળ પ્રકૃતિ (નરકત્રિકાદિ)નો બંધ માત્ર એકલા મિથ્યાત્વના નિમિત્તવાળો છે. અને પાંત્રીસ પ્રકૃતિનો બંધ મિથ્યાત્વ તથા અવિરતિ એમ બેના નિમિત્તવાળો છે. ત્યાં સાતાવેદનીય ૧ થી ૧૩ ગુણઠાણા સુધી બંધાય છે. તેમાં પહેલા ગુણઠાણે જે સાતા બંધાય છે તે મિથ્યાત્વના નિમિત્તે બંધાય છે. કારણ કે ત્યાં મિથ્યાત્વ છે. (જો કે પહેલે ગુણઠાણે અવિરતિ-કષાય અને યોગ પણ છે. છતાં મિથ્યાત્વ પ્રધાન હોવાથી શેષ ત્રણ હેતુ તેમાં અંતર્ગત કરવા.) તથા તે સાતા બીજા ગુણઠાણાથી પાંચમા સુધી પણ બંધાય છે. માટે અવિરતિના નિમિત્તે પણ બંધાય છે. (આ ગુણઠાણામાં કષાય-યોગ છે પણ અવિરતિ પ્રધાન હોવાથી તેમાં બન્ને અંતર્ગત જાણવા.) તથા તે સાતા છઠ્ઠાથી દસમા સુધી પણ બંધાય છે. તેથી કષાયના નિમિત્તે પણ તેનો બંધ છે. (જો કે અહીં યોગ પણ નિમિત્ત છે પરંતુ કષાય પ્રધાન હોવાથી યોગને કષાયમાં અંતર્ગત જાણવો) તથા ૧૧-૧૨-૧૩ આ ત્રણ ગુણઠાણે પણ સાતા બંધાય છે. માટે સાતાનો બંધ યોગનિમિત્તક પણ કહી શકાય છે. આ પ્રમાણે સાતાનો બંધ, એકથી તેર ગુણસ્થાનકે હોવાથી ચારે પ્રકારના મૂલહેતુના નિમિત્તવાળો છે.

તથા બીજા કર્મગ્રંથમાં પહેલા ગુણઠાણાના છેડે જેનો બંધવિચ્છેદ થાય છે. તેવી નરકત્રિક, જાતિચતુષ્ક, સ્થાવરચતુષ્ક, હુંડક, આતપ, છેવટ્ઠું, મિથ્યાત્વ, નપુંસકવેદ એમ આ સોલ પ્રકૃતિઓનો બંધ માત્ર એકલા મિથ્યાત્વના નિમિત્તવાળો જ છે. કારણ કે જ્યારે જ્યારે આ સોળનો બંધ થાય ત્યારે ત્યારે નિયમા મિથ્યાત્વ હોય જ છે. અને જ્યારે મિથ્યાત્વ નથી હોતું ત્યારે (સાસ્વાદનાદિમાં) ક્યારે પણ આ સોળ બંધાતી નથી. તેથી સોળ પ્રકૃતિઓનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બંધ મિથ્યાત્વની જ સાથે સંબંધવાળો છે. તેથી મિથ્યાત્વ પ્રત્યયિક છે. જો કે મિથ્યાત્વગુણઠાણે જ્યારે આ સોળ પ્રકૃતિઓનો બંધ થતો હોય છે ત્યારે અવિરતિ-કષાય અને યોગ એમ શેષ ત્રણ બંધહેતુ પણ ત્યાં હાજર જ છે. તો પણ તે ત્રણની નિમિત્તતા અહીં ન જાણવી. કારણ કે સાસ્વાદનાદિ ગુણસ્થાનકોમાં ત્રણ બંધહતુ હોવા છતાં પણ આ ૧૬નો બંધ નથી. માટે ૧૬ના બંધમાં તે નિમિત્તે નથી.

તથા બીજા ગુણઠાણાના અંતે બંધવિચ્છેદ પામતી તિર્યંચત્રિકાદિ ૨૫, અને ચોથાના છેડે વિચ્છેદ પામતી મનુષ્યત્રિકાદિ ૧૦ એમ પાંત્રીસ પ્રકૃતિઓનો બંધ મિથ્યાત્વ અને અવિરતિ એમ બે બંધહેતુના નિમિત્તવાળો છે. કારણ કે આ પાંત્રીસનો બંધ પહેલે ગુણઠાણે પણ છે તેથી મિથ્યાત્વના નિમિત્તવાળો પણ છે. અને આ પાંત્રીસનો બંધ બીજાથી આગળના ગુણઠાણામાં પણ છે તેથી અવિરતિના નિમિત્તવાળો પણ છે. પરંતુ પ્રમત્તાદિ ગુણઠાણામાં કષાય અને યોગ હોવા છતાં પણ આ પાંત્રીસનો બંધ નથી. માટે તે બે બંધહેતુને છોડીને મિથ્યાત્વ તથા અવિરતિપ્રત્યયિક બંધ કહ્યો છે. જો કે ૧ થી ૫ ગુણઠાણામાં આ પાંત્રીસનો બંધ યથાયોગ્ય ગુણઠાણે જ્યારે થાય છે ત્યારે ત્યાં જેમ મિથ્યાત્વ, અવિરતિ છે. તેમ કષાય અને યોગ પણ છે. પરંતુ ત્યાં મિથ્યાત્વ અને અવિરતિની પ્રધાનતા હોવાથી કષાય અને યોગ એ ગૌણહેતુ જાણવા.

ઉપર કહેલી ૧+૧૬+૩૫=૫૨ બાવન પ્રકૃતિઓ વિના બાકીની ૧૨૦-૫૨=૬૮ અડસઠ પ્રકૃતિઓમાંથી આહારકદ્વિક અને તીર્થંકરનામ કર્મ વિના શેષ ૬૫ પ્રકૃતિઓનો બંધ યોગ વિના શેષ ત્રણ બંધહેતુના નિમિત્તવાળો છે. કારણ કે આ પાંસઠ પ્રકૃતિઓનો બંધ ૧ થી ૧૦ ગુણઠાણામાં છે. ત્યાં પહેલે પણ આ પાંસઠ બંધાય છે. માટે મિથ્યાત્વ પ્રત્યયિક પણ બંધ છે. બીજાથી પાંચમા સુધી પણ બંધાય છે માટે અવિરતિ પ્રત્યયિક પણ બંધ છે. તથા છઠ્ઠા ગુણઠાણાથી દસમા ગુણઠાણામાં પણ યથાયોગ્ય ગુણઠાણામાં તે ૬૫નો બંધ છે. તેથી કષાય પ્રત્યયિક પણ બંધ છે. આ પ્રમાણે ત્રણે બંધહેતુના કાળે તે તે ગુણઠાણે આ પાંસઠ પ્રકૃતિ બંધાય છે. તેથી ત્રિપ્રત્યયિક બંધ કહેવાય છે. માત્ર અગિયારમા ગુણઠાણાથી તેરમા ગુણઠાણા સુધી યોગ બંધહેતુ હોવા છતાં પણ આ પાંસઠનો બંધ નથી તેથી યોગ પ્રત્યયિક બંધ કહેવાતો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આહારકદ્વિક અને તીર્થંકરનામકર્મને વર્જવાનું કારણ એ છે કે આહારકનો બંધ સંયમના નિમિત્તે, અને તીર્થંકરનામ કર્મનો બંધ સમ્યક્ત્વના નિમિત્તે થાય છે. એવું શાસ્ત્રવચન છે. તે આ પ્રમાણે "**सम्मत्तगुणनिमित्त-**तित्थयरं संजमेण आहारमिति वचनात्" (જુઓ સ્વોપજ્ઞટીકા).

**પ્રશ્ન-** આહારકદ્વિકનો બંધ "**સંયમથી**" થાય એમ ઉપર સમજાવો છો તો સંયમ એ તો આત્માનો ગુણ છે. ગુણોથી તો કર્મોની નિર્જરા થાય. પરંતુ બંધ કેવી રીતે થાય ? અને જો સંયમ જેવા ગુણથી આહારક બંધાય તો સાતમા ગુણઠાણા કરતાં આઠમા ગુણઠાણાદિમાં તો વિશુદ્ધ-વિશુદ્ધ સંયમ હોય છે. તો આહારકદ્વિક વધારે વધારે સારું બંધાવું જોઈએ. તેના બદલે આઠમા ગુણઠાણાના છઠ્ઠા ભાગથી બંધવિચ્છેદ થઈ જાય છે. તે કેમ ઘટશે? તથા તીર્થંકર નામકર્મનો બંધ "**સમ્યક્ત્વથી**" થાય છે. એમ ઉપર સમજાવો છો પરંતુ અહીં પણ સમ્યક્ત્વ એ આત્માનો ગુણ છે ગુણો તો કર્મક્ષયના હેતુ છે તે બંધના હેતુ કેવી રીતે બને ? અને જો બંધના હેતુ બને તો આઠમા ગુણઠાણાથી આગળ સમ્યક્ત્વ તો વધુ નિર્મળ નિર્મળ હોઈ શકે છે તો આઠમાના છઠ્ઠા ભાગે બંધવિચ્છેદ શા માટે માન્યો ? વળી ઔપશમિક, ક્ષાયિક અને ક્ષાયોપશમિક આ ત્રણમાંથી કોઈ પણ સમ્યક્ત્વની સાથે તીર્થંકરનામકર્મના બંધનો અન્વયવ્યતિરેક સંબંધ ઘટતો નથી. ઔપશમિક ચારથી અગિયાર સુધી છે. જો ઔપશમિક સમ્યક્ત્વથી તીર્થંકરનામકર્મ બંધાતું હોય તો અગિયાર સુધી બંધાવું જોઈએ. તેવી જ રીતે ક્ષાયિક ૪ થી ૧૪ સુધી છે. તેના નિમિત્તે જો તીર્થંકરનામ કર્મ બંધાય તો ચૌદમા ગુણઠાણા સુધી બંધાવું જોઈએ. તથા ક્ષયોપશમ સમ્યક્ત્વના નિમિત્તે બંધાય એમ જો કહીએ તો સાતમા સુધી જ બંધાવું જોઈએ. જ્યારે શાસ્ત્રોમાં તીર્થંકરનામ કર્મનો બંધ તો આઠમાના છઠ્ઠા ભાગ સુધી જ કહ્યો છે. ત્યાં સુધીનો બંધ તો કોઈ પણ સમ્યક્ત્વની સાથે અન્વયવ્યતિરેક સંબંધ પામતો નથી તથા ચોથા ગુણઠાણાથી આઠમાના છઠ્ઠા ભાગ સુધીમાં ત્રણમાંથી કોઈ પણ એક સમ્યક્ત્વ હોવા છતાં જિનનામ નથી પણ બંધાતું. તેથી સમ્યક્ત્વ પ્રત્યયિક તીર્થંકર નામકર્મનો બંધ છે. એમ કેમ કહેવાય ? સારાંશ કે સંયમ અને સમ્યક્ત્વ એ તો આત્માના ગુણો છે. અને ગુણોથી તો નિર્જરા થાય પરંતુ બંધ થાય નહીં તો અહીં આ પ્રમાણે કેમ કહ્યું ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર**- તમારો પ્રશ્ન સાચો છે. હકીકત પણ એમ જ છે કે સંયમ અને સમ્યક્ત્વ એ ગુણો હોવાથી આહારક અને જિનનામના બંધહેતુ નથી. પરંતુ નિરવદ્ય યોગ સ્વરૂપ **સરાગસંયમ** અર્થાત્ સંયમમાં પણ દેવ-ગુરુ અને ધર્મ પ્રત્યેનો **અવિચલ રાગ** એ આહારકના બંધનું કારણ છે. આ **રાગ** એ કષાય હોવાથી આહારકનો બંધ દેવ-ગુરુ અને ધર્મ પ્રત્યેના અને વિશેષે સંયમ પ્રત્યેના રાગથી થાય છે. તે રાગ ઉપરોક્ત મૂલ ચાર બંધહેતુમાંથી ત્રીજા કષાય નામના બંધહેતુમાં સમાય છે છતાં આવો દેવ-ગુરુ અને ધર્મનો વિશિષ્ટ પ્રશસ્તરાગ તથા સંયમપ્રત્યેનો અનહદ પ્રશસ્ત રાગ સાતમે આઠમે ગુણઠાણે (છઠ્ઠાભાગ સુધી) જ સંભવે છે. ત્યારબાદ હાસ્યષટ્કનો ઉદય વિલીન થતો હોવાથી પ્રશસ્ત રાગના અભાવે આહારકનો બંધ આઠમાના છઠ્ઠા ભાગથી આગળ સંભવતો નથી. જો કે હાસ્ય ષટ્કનો ઉદય આઠમાના અંતે જાય છે. તેથી આઠમાના સાતમે ભાગે ઉદય છે. તથાપિ તે પ્રલીયમાન હોવાથી નહીવત્ છે. તેથી બલવત્તર ન હોવાથી બંધહેતુ થતો નથી. આ પ્રમાણે આહારકદ્વિકના બંધનો હેતુ પારમાર્થિકપણે પ્રશસ્તરાગ જ છે. પરંતુ આવો પ્રશસ્ત રાગ સાતમા-આઠમા ગુણઠાણાનું **સંયમ આવે** ત્યારે જ આવે છે. તે પૂર્વે આવો પ્રશસ્ત દૃઢરાગ આવતો નથી. તેથી "સંયમ"ને બંધહેતુ કહ્યો છે. આવા પ્રકારના ઉંચા સંયમકાલે આવેલો પ્રશસ્તરાગ બંધહેતુ હોતે છતે તેના આધારરૂપે સંયમને પણ બંધહેતુ કહી શકાય છે. તેવી જ રીતે તીર્થંકરનામકર્મનો બંધહેતુ સમ્યક્ત્વગુણ નથી. પરંતુ **"સવિ જીવ કરૂં શાસનરસી"** એવી પરોપકાર કરવાની પરમ ભાવના રૂપ પ્રશસ્ત રાગ જ જિનનામના બંધનું કારણ છે. અને તે કષાયમાં અંતર્ગત થાય છે. આવો પરોપકાર કરવાના ભાવ રૂપ **રાગ** ચોથાથી આઠમાના છઠ્ઠા ભાગ સુધી જ હોય છે. ત્યારબાદ હાસ્યષટ્કનો ઉદય વિલીયમાન હોવાથી વિચ્છેદ પામે છે. તેથી આવા પ્રકારના રાગની સંભાવના ચાર થી આઠ સુધી હોવાથી જિનનામનો બંધ પણ ત્યાં સુધી જ કહ્યો છે. પંચસંગ્રહમાં કહ્યું છે કે **सेसा उ कसायेहिं** તથા વળી સંસારી જીવોને શાસનના રસિક કરવાનો ભાવ ત્યારે જ આવે કે પોતાના હૈયે શાસન બરાબર વસ્યું હોય, એટલે કે આવો પરોપકાર કરવાનો રાગ તો જ આવે જો સમ્યક્ત્વ હોય. અન્યથા ન આવે તેથી **રાગ** બંધહેતુ હોવા છતાં તે રાગના અસ્તિત્વના આધારભૂત સમ્યક્ત્વને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ ગીતાર્થોએ બંધહેતુ કહ્યો છે. આ રીતે શાસ્ત્રપાઠોનો સમન્વય કરવો. પરંતુ બીજી ખોટી કલ્પના ન કરવી. આ રીતે વિચારતાં ૬૫ પ્રકૃતિઓનો બંધ ત્રણ પ્રત્યયિક છે. અને આહારક-જિનનામનો બંધ પ્રશસ્ત રાગ સ્વરૂપ માત્ર એક કષાયપ્રત્યયિક જ છે. અને તે કષાય પણ વિશિષ્ટ સંયમ તથા સમ્યક્ત્વ કાલે જ આવે છે. માટે શાસ્ત્રોમાં બંધહેતુ તરીકે સંયમ અને સમ્યક્ત્વ કહ્યું છે. આવા પ્રકારના પ્રશસ્ત રાગકાલે સામાયિક અને છેદોપસ્થાપનીયાદિ જે કોઈ ચારિત્ર હોય તે ચારિત્ર (રાગવાળું હોવાથી) બંધહેતુ કહેવાય છે. તથા સમ્યક્ત્વમાં પણ આવા પરોપકાર કરવાના પ્રશસ્ત રાગકાલે ઔપશમિકાદિ ત્રણમાંથી જે કોઈ સમ્યક્ત્વ હોય તે સમ્યક્ત્વ (પ્રશસ્ત રાગવાળું હોવાથી) જિનનામના બંધનો હેતુ થાય છે. અને જો આવો પ્રશસ્ત રાગ ન હોય તો ત્રણેમાંનું કોઈ પણ સમ્યક્ત્વ હોય તો પણ જિનનામકર્મ બંધાતું નથી. આ રીતે ત્રણ સમ્યક્ત્વમાંના કોઈ પણ સમ્યક્ત્વ સાથે જિનનામકર્મના બંધનો અન્વય-વ્યતિરેક સંબંધ ન હોવા છતાં **પરોપકાર કરવાના ભાવ** કાળે જે કોઈ સમ્યક્ત્વ હોય તે સમ્યક્ત્વને આધાર-આધેયનો અભેદ કરીને જિનનામકર્મનો બંધહેતુ કહેવાય છે. આ પ્રમાણે આ ગાથામાં ૧૨૦ કર્મપ્રકૃતિઓના બંધહેતુ સમજાવ્યા. ॥ ૫૩ ॥

પ્રાસંગિક કેટલીક વાત કહીને હવે ચૌદ ગુણસ્થાનકોમાં ઉત્તરહેતુ જણાવે છે.

**पणपन्न पन्ना तिअछहिअ - चत्तगुणचत्त छचउदुगवीसा ।**
**सोलस दस नव नव सत्त हेउणो न उ अजोगिंमि ॥ ५४॥**

(पञ्चपञ्चाशत्पञ्चाशत्त्रिषडधिक चत्वारिंशदेकोन चत्वारिंशत्षट्चतुर्द्वाविंशतयः ।
षोडश दस नव नव सप्त हेतवो नत्वयोगिनि ॥५४॥)

**શબ્દાર્થ-**

**पणपन्न**= પંચાવન,
**पन्ना**= પચાસ,
**तिअछहिअचत्त**= ત્રણ અને છ અધિક એવા ચાલીસ,
**गुणचत्त**= ઓગણચાલીસ.
**छचउदुगवीसा**= છ-ચાર અને બે અધિક વીસ,
**षोडश**= સોળ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| दस= દસ, | हेउणो= હેતુઓ. |
| नव नव= નવ નવ. | न उ अजोगिंमि= પરંતુ અયોગીમાં બંધહેતુ સંભવતા નથી. |
| सत्त= સાત, | |

**ગાથાર્થ-** ૫૫, ૫૦, ૪૩, ૪૬, ૩૯, ૨૬, ૨૪, ૨૨, ૧૬, ૧૦, ૯, ૯, અને ૭ બંધહેતુઓ પહેલા ગુણઠાણાથી અનુક્રમે તેરમા સુધી હોય છે અને ચૌદમા અયોગી ગુણઠાણે કોઈ પણ બંધહેતુ હોતા નથી. ॥ ૫૪ ॥

**વિવેચન-** ૫+૧૨+૨૫+૧૫ એમ કુલ ૫૭ બંધહેતુઓ છે તે ૫૭ બંધહેતુમાંથી પહેલા મિથ્યાત્વ ગુણઠાણે ૫૫, બીજા સાસ્વાદન ગુણઠાણે ૫૦, ત્રીજા મિશ્રગુણઠાણે ૪૩, ચોથા અવિરતિ ગુણઠાણે ૪૬, પાંચમા દેશવિરતિ ગુણઠાણે ૩૯, છઠ્ઠા પ્રમત્ત ગુણઠાણે ૨૬, સાતમા અપ્રમત્ત ગુણઠાણે ૨૪, આઠમા અપૂર્વકરણે ૨૨, નવમા અનિવૃત્તિ કરણે ૧૬, દસમા સૂક્ષ્મસંપરાયે ૧૦, અગિયારમા ઉપશાન્તમોહે ૯, બારમા ક્ષીણમોહે ૯, અને તેરમા સયોગી કેવલી ગુણઠાણે ૭, બંધહેતુ હોય છે. ચૌદમા અયોગી ગુણઠાણે એક પણ બંધહેતુ સંભવતા નથી. આ પ્રમાણે ચૌદે ગુણઠાણે બંધહેતુની સંખ્યા માત્ર કહી. હવે તે કયા કયા હોય ? અને કયા કયા ન હોય તે હવે પછીની ગાથામાં જણાવે જ છે. તેથી અહીં વધુ વિસ્તાર કરતા નથી. ॥ ૫૪ ॥

**पणपन्न मिच्छिहारग दुगूण सासाणि पन्न मिच्छिविणा।**
**मीसदुगकम्मअण विणु तिचत्त मीसे अह छचत्ता॥ ५५॥**

(पञ्चपञ्चाशद्मिथ्यात्वयाहारकद्विकोनाः सास्वादने पञ्चाशद्मिथ्यात्वेन विना,
मिश्रद्विककार्मणानन्तैर्विना त्रिचत्वारिंशद् मिश्रेऽथ षट्चत्वारिंशत्॥ ५५॥

**શબ્દાર્થ-**

| | |
|---|---|
| पणपन्न= પંચાવન, | मीसदुगकम्मअण=બે મિશ્રયોગ, કાર્મણ અને અનંતાનુબંધી |
| मिच्छि= મિથ્યાત્વગુણઠાણે | विणु= વિના, तिचत्त= તેતાલીસ, |
| हारगदुगूण= આહારકદ્વિક વિના, | मीसे= ત્રીજે ગુણઠાણે, |
| सासाणि= સાસ્વાદને, | अह= હવે, |
| पन्न= પચ્ચાસ, | छचत्ता= છેંતાલીસ. |
| मिच्छि विणा= પાંચ મિથ્યાત્વ વિના, | |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ**- આહારકદ્વિક વિના મિથ્યાત્વે પંચાવન, પાંચ મિથ્યાત્વ વિના સાસ્વાદને પચાસ, બે મિશ્રયોગ, કાર્મણકાયયોગ, અને અનંતાનુબંધી વિના મિશ્રે તેતાલીસ, હવે ચોથે છેતાલીસ કયા ? તે કહેવાય છે ॥ ૫૫ ॥

**વિવેચન**- મિથ્યાત્વ ગુણસ્થાનકે જુદા જુદા જીવોને આશ્રયી અથવા એકજીવને કાલભેદ આશ્રયી કુલ પંચાવન બંધહેતુ હોય છે. પન્નર યોગમાંથી આહારકકાયયોગ અને આહારકમિશ્રકાયયોગ આ બે પહેલે ગુણઠાણે સંભવતા નથી. કારણ કે "संयमवतां तदुदयो नान्यस्येति" ચારિત્રવાળા ચૌદ પૂર્વધર જ આહારક બનાવી શકે છે. અને તે પહેલા ગુણઠાણે નથી. માટે પાંચ મિથ્યાત્વ, બાર અવિરતિ, પચ્ચીસ કષાય અને (આહારકદ્વિક વિના) તેર યોગ એમ પંચાવન બંધહેતુઓ મિથ્યાત્વ ગુણઠાણે હોય છે. કોઈ પણ એક જીવને એકકાળે કેટલા હેતુ હોય તે આગળ અઠ્ઠાવનમી ગાથાના વિવેચનમાં કહીશું.

પાંચ પ્રકારના મિથ્યાત્વ વિના સાસ્વાદન ગુણઠાણે પચાસ બંધહેતુ હોય છે. સાસ્વાદને પણ ચારિત્ર અને ચૌદપૂર્વનો અભ્યાસ ન હોવાથી આહારકદ્વિક તો નથી જ, પરંતુ મિથ્યાત્વનો ઉદય ન હોવાથી અભિગૃહીતાદિ પાંચે પ્રકારનું મિથ્યાત્વ પણ સાસ્વાદને નથી. તેથી ઉપર કહેલા પંચાવનમાંથી પાંચ મિથ્યાત્વ બાદ કરતાં પચાસ બંધહેતુ હોય છે.

મિશ્ર ગુણઠાણે આ પચાસમાંથી ઔદારિકમિશ્ર, વૈક્રિયમિશ્ર એમ બે મિશ્રયોગ, કાર્મણકાયયોગ, અને અનંતાનુબંધી ચાર કષાય એમ સાત બંધહેતુ વિના શેષ તેતાલીસ બંધહેતુ હોય છે. મિશ્રગુણઠાણે વર્તતા જીવો મૃત્યુ પામતા નથી. તેથી વિગ્રહગતિ અને અપર્યાપ્તાવસ્થા આવતી નથી. તે માટે વિગ્રહગતિમાં અને અપર્યાપ્તાવસ્થામાં સંભવતા ત્રણ યોગો હોતા નથી. તથા અનંતાનુબંધી ચાર કષાયનો ઉદય બીજા ગુણઠાણા સુધી જ છે. તેથી ત્રીજે આ ચાર કષાય નથી. માટે ત્રીજે ગુણઠાણે ૪૩ બંધહેતુ છે. આ સર્વે બંધહેતુઓ અનેક જીવોને આશ્રયી અથવા એક જીવને કાળભેદ આશ્રયી સમજવા. એક જીવને એકકાળે કેટલા બંધહેતુ હોય તે અઠ્ઠાવનમી ગાથાના વિવેચનમાં સમજાવીશું. હવે ચોથા ગુણઠાણે છેતાલીસ બંધહેતુઓ હોય છે. તે સમજાવે છે ॥ ૫૫ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**सदुमिस्सकम्म अजए, अविरइकम्मुरलमीसबिकसाए।**
**मुत्तु गुणचत्त देसे, छवीस साहारदु पमत्ते॥ ५६॥**

(सद्विमिश्रकार्मणा अविरते, अविरतिकार्मणौदारिकमिश्रद्वितीयकषायान् ।
मुक्त्वैकोनचत्वारिंशद् देशे, षड्विंशतिः सहारकद्विकेन प्रमत्ते॥ ५६॥

**શબ્દાર્થ-**

सदुमिस्सकम्म= બે મિશ્ર અને કાર્મણકાયયોગ સાથે,
अजए= અવિરતિ ગુણઠાણે,
अविरइकम्मुरलमीस= ત્રસકાયની અવિરતિ, ઔદારિકમિશ્ર,
बिकसाए= બીજો કષાય,
मुत्तु= મૂકીને,
गुणचत्त= ઓગણચાલીસ,
देसे= દેશવિરતિએ,
छवीस= છવ્વીસ,
साहारदु= આહારકદ્વિક સહિત,
पमत्ते= પ્રમત્ત ગુણઠાણે.

**ગાથાર્થ-** બે મિશ્ર અને કાર્મણ કાયયોગ સાથે અવિરતે છેતાલીસ બંધહેતુ હોય છે. ત્રસકાયની અવિરતિ, કાર્મણ, ઔદારિકમિશ્ર અને બીજો કષાય એમ સાત વિના ઓગણચાલીસ બંધહેતુ દેશવિરતિએ હોય છે. તેમાં આહારકદ્વિક સહિત (અને આગળની ગાથામાં કહેવાતી ૧૧ અવિરતિ અને ત્રીજા કષાય વિના) પ્રમત્ત ગુણઠાણે છવીસ બંધહેતુ હોય છે. ॥ ૫૬ ॥

**વિવેચન-** ચોથા અવિરત સમ્યગ્દષ્ટિ ગુણઠાણે જુદા જુદા જીવોને આશ્રયી ઉપરોક્ત (મિશ્રગુણઠાણાવાળા) ૪૩ તથા ઔદારિકમિશ્ર, વૈક્રિયમિશ્ર અને કાર્મણ એમ ત્રણ યોગ સહિત ૪૬ બંધહેતુઓ હોય છે. આ ગુણઠાણે વર્તતા જીવો મૃત્યુ પામે છે. પરભવમાં જાય છે તેથી વિગ્રહગતિ અને અપર્યાપ્ત અવસ્થા હોય છે. માટે બે મિશ્ર અને કાર્મણ કાયયોગ સંભવે છે. તેથી ૪૩+૩=૪૬ બંધહેતુઓ ચોથે ગુણઠાણે હોય છે.

પાંચમા દેશવિરતિ ગુણઠાણે ઉપરોક્ત ૪૬માંથી ૭ બંધહેતુ ઓછા કરતાં સર્વજીવ આશ્રયી ૩૯ બંધહેતુ હોય છે. કારણ કે પાંચમું ગુણઠાણું દેશથી વિરતિવાળું છે. તેથી ત્યાં ત્રસકાયની અવિરતિ હોતી નથી. ત્રસકાયની હિંસાનું વિરમણ કરેલું છે માટે. તથા પાંચમે ગુણઠાણે વર્તતા તિર્યંચ-મનુષ્યો મૃત્યુ પામે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. પરંતુ વિરતિનાં પચ્ચક્ખાણ યાવજ્જીવ માત્રનાં જ હોવાથી વિગ્રહગતિમાં જતાં અવિરતિ થઈ જાય છે. તેથી વિગ્રહગતિભાવિ અને અપર્યાપ્તાવસ્થાભાવિ કાર્મણ અને ઔદારિકમિશ્ર યોગ સંભવતા નથી. જો કે દેવ-નારકી સંબંધી વૈક્રિયમિશ્ર પણ દેવ-નારકીને પાંચમું ગુણઠાણું ન હોવાથી સંભવતો નથી. તો પણ અંબડશ્રાવકની જેમ લબ્ધિધારી મનુષ્ય-તિર્યંચને આશ્રયી વૈક્રિયમિશ્ર સંભવે છે. તેથી તેનું વર્જન કરેલ નથી. તથા બીજો કષાય કે જે દેશવિરતિનો ઘાતક છે તે પણ પાંચમે ગુણઠાણે હોતો નથી. કારણ કે અપ્રત્યાખ્યાનીયકષાયના ઉદયથી દેશવિરતિ આવતી નથી. તેનો ક્ષયોપશમ થાય તો જ દેશવિરતિ આવે છે. તેથી પાંચમે ગુણઠાણે આ કષાય ઉદયમાં સંભવતો નથી. આ પ્રમાણે સાત વિના ૪૬-૭=૩૯ ઓગણચાલીસ બંધહેતુ દેશવિરતિએ હોય છે.

હવે પ્રમત્ત નામના છઠ્ઠા ગુણઠાણે કેટલા બંધહેતુ હોય ? તે કહે છે કે આ ૩૯ બંધહેતુમાં આહારકકાયયોગ અને આહારકમિશ્રકાયયોગ એમ બે બંધહેતુ ઉમેરો એટલે ૩૯+૨=૪૧ એકતાલીસ થશે. તેમાંથી આગળ આવતી સત્તાવનમી ગાથામાં ૧૧ અવિરતિ અને પ્રત્યાખ્યાનીય ત્રીજો કષાય એમ ૧૧+૪=૧૫ પન્નર બંધહેતુ ઓછા કરવાથી ૨૬ બંધહેતુ હોય છે. તે ગુણઠાણે સર્વવિરતિ ચારિત્ર અને ચૌદપૂર્વના અભ્યાસનો યોગ છે. તેથી આહારકદ્વિક સંભવે છે. ॥ ૫૬ ॥

**अविरइ इगार तिकसाय, वज्ज अपमत्ति मीसदुगरहिआ।**
**चउवीस अपुव्वे पुण, दुवीस अविउव्वियाहारे॥ ५७॥**

(अविरत्येकादशतृतीयकषायान् वर्जयित्वाऽप्रमत्ते मिश्रद्विकरहिताः।
चतुर्विंशतिरपुर्वे पुनः, द्वाविंशतिरवैक्रियाहारकाः ॥ ५७॥

**શબ્દાર્થ-**

अविरइइगार= અગિયાર અવિરતિ,
तिकसाय= ત્રીજો કષાય,
वज्ज= વર્જીને,
अपमत्ति= અપ્રમત્તગુણઠાણે,
मीसदुगरहिआ= બે મિશ્રયોગથી રહિત,
चउवीस = ચોવીસ બંધહેતુ,
अपूव्वे पुण = વળી અપૂર્વકરણે,
दुवीस = બાવીસ,
अविउव्वियाहारे= વૈક્રિય અને આહારક વિના.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ**- અગિયાર અવિરતિ અને ત્રીજા કષાય વિના પ્રમત્તે ૨૬ બંધહેતુ હોય. તેમાંથી વૈક્રિય અને આહારક મિશ્ર વિના અપ્રમત્તે ૨૪ બંધહેતુ હોય. અપૂર્વકરણે વળી વૈક્રિય અને આહારક વિના ૨૨ બંધહેતુ હોય છે. ॥ ૫૭ ॥

**વિવેચન**- છઠ્ઠા પ્રમત્ત ગુણસ્થાનકે "સર્વવિરતિ" ચારિત્ર હોવાથી સર્વથા વિરતિ સ્વીકારેલી છે. તેથી (ત્રસકાયની હિંસારૂપ અવિરતિ પાંચમે ગુણઠાણે નીકળી ગઈ હોવાથી તે વિના શેષ) પાંચ કાયની હિંસારૂપ પાંચ અવિરતિ, અને મન સાથે છ ઇન્દ્રિયોના અસંયમ રૂપ છ અવિરતિ એમ કુલ અગિયાર અવિરતિ સંભવતી નથી. તથા પ્રત્યાખ્યાનાવરણ નામનો ત્રીજો કષાય સર્વવિરતિનો ઘાતક છે. તેથી તે કષાયનો ઉદય ટળે તો જ સર્વવિરતિ આવે માટે તે ચાર કષાય છઠ્ઠે ન હોય. વૈક્રિયશરીરની તથા આહારકશરીરની રચના કરે તેથી આહારકના બે યોગ (પૂર્વગાથામાં કહ્યા મુજબ) ઉમેરતાં ૩૯-૧૫+૨=૨૬ છવીસ બંધહેતુઓ છઠ્ઠે હોય છે. આ સર્વ વિધાન તે તે ગુણઠાણે વર્તતા સર્વજીવોને આશ્રયી હોય છે.

તથા સાતમા ગુણઠાણે વૈક્રિયમિશ્ર અને આહારકમિશ્ર એમ બે યોગ વિના શેષ ૨૪ બંધહેતુ હોય છે. કારણ કે વૈક્રિય અથવા આહારકશરીરની રચનાના પ્રારંભકાલે મિશ્રયોગ હોય છે. અને લબ્ધિ ફોરવવી તે ઉત્સુકતા સ્વરૂપ હોવાથી પ્રમાદ કહેવાય છે. તેથી રચનાનો પ્રારંભ છઠ્ઠે જ કરે છે. સાતમે કરતો નથી. માટે બન્ને મિશ્રયોગ છઠ્ઠે જ હોય છે, સાતમે સંભવતા નથી. પરંતુ છઠ્ઠે ગુણઠાણે જુદા જુદા જીવો વૈક્રિય અને આહારકશરીરની રચના કરી તે શરીરસંબંધી છએ પર્યાપ્તિઓ સમાપ્ત કરી પર્યાપ્તા થયા છતા સાતમે જાય છે. તેથી ત્યાં (મિશ્રયોગ વિનાના શુદ્ધ એવા) વૈક્રિયકાયયોગ અને આહારક કાયયોગ સાતમે સંભવે છે. તેથી સાતમે ગુણઠાણે ચોવીસ બંધહેતુઓ હોય છે.

આઠમે ગુણઠાણે વૈક્રિયકાયયોગ અને આહારકકાયયોગ વિના શેષ ૨૨ બંધહેતુઓ હોય છે. કારણ કે છઠ્ઠે જેઓએ વૈક્રિય અથવા આહારક આરંભ્યું હોય છે તે સાતમે જઈ શકે છે. પરંતુ અપૂર્વકરણાદિમાં ચડી શકતા નથી. અને અપૂર્વકરણાદિમાં જે ચડે છે. તે શ્રેણીગતજીવો હોવાથી અતિશય વિશુદ્ધિવાળા છે. તેથી આવી લબ્ધિ પ્રત્યયિક શરીરની રચના કરતા નથી. તેથી ૨૨ બંધહેતુ જ હોય છે. ॥ ૫૭ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अछहास सोल बायरि, सुहुमे दस वेअसंजलणति विणा।**
**खीणुवसंति अलोभा, सजोगि पुव्वुत्त सग जोगा॥ ५८॥**

(अषड्ढास्याष्षोडश बादरे, सूक्ष्मे दश वेदसंज्वलनत्रिकं विना।
क्षीणोपशान्तेऽलोभास्सयोगिनि पूर्वोक्तास्सप्त योगाः ॥ ५८॥)

**શબ્દાર્થ**

अछहास= હાસ્યષટ્ક વિના,
सोल= સોળ,
बायरि= બાદરસંપરાયમાં,
सुहुमे= સૂક્ષ્મસંપરાયમાં,
दस= દશ,
वेअसंजलणति= ત્રણવેદ અને સંજ્વલનત્રિક
विणा= વિના,
खीणुवसंति= ક્ષીણમોહ અને ઉપશાન્તે,
अलोभा= લોભવિનાના,
सजोगि= સયોગી ગુણઠાણે,
पुव्वुत्त= પૂર્વે કહેલા,
सग जोगा= સાત યોગ હોય છે.

**ગાથાર્થ-** હાસ્યષટ્ક વિના બાદર સંપરાયે સોળ બંધહેતુ હોય છે. ત્રણ વેદ અને સંજ્વલનત્રિક વિના દસ બંધહેતુ સૂક્ષ્મસંપરાયે હોય છે. તેમાંથી લોભ વિના નવ બંધહેતુ ક્ષીણમોહે અને ઉપશાન્તમોહે હોય છે. સયોગી કેવલીમાં પૂર્વે કહેલા સાત યોગ હોય છે. ॥ ૫૮ ॥

**વિવેચન-** ઉપરની ગાથામાં આઠમા અપૂર્વકરણે જે ૨૨ બંધહેતુ કહ્યા. તેમાંથી હાસ્યષટ્ક વિના બાકીના ૧૬ બંધહેતુઓ નવમા બાદર સંપરાય ગુણઠાણે હોય છે. કારણ કે હાસ્યષટ્કનો ઉદય ફક્ત આઠમા ગુણઠાણા સુધી જ છે. તે ૧૬માંથી ત્રણ વેદ અનં સંજ્વલન ક્રોધ-માન અને માયા એમ ત્રણ કષાય કુલ છ વિના બાકીના ૧૦ બંધહેતુ દસમા સૂક્ષ્મસંપરાયે હોય છે. ત્રણવેદ અને સંજ્વલનત્રિકનો ઉદય ફક્ત નવમા ગુણઠાણા સુધી જ હોય છે. તેથી દસમે આ છ બંધહેતુ સંભવતા નથી.

આ ૧૦ બંધહેતુમાંથી સંજ્વલન લોભ વિના બાકીના નવ બંધહેતુ અગિયારમા-બારમા ગુણઠાણે હોય છે. ત્યાં અગિયારમે લોભનો ઉપશમ અને બારમે ક્ષય કરેલો હોવાથી ઉદય નથી. તેથી શેષ નવ હેતુઓ હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેરમા સયોગી કેવલી ગુણઠાણે પૂર્વે કહેલા સાત બંધહેતુ હોય છે. પહેલો-છેલ્લો એમ બે મનયોગ, બે વચનયોગ, ઔદારિકદ્વિક અને કાર્મણકાયયોગ કુલ સાત યોગ એ જ સાત બંધહેતુ જાણવા. અયોગી ભગવાન્ ચારે મૂલ બંધહેતુ રહિત હોવાથી એક પણ ઉત્તરહેતુ ત્યાં નથી. આ બધા ઉત્તરબંધહેતુઓ તે તે ગુણઠાણે વર્તતા સર્વજીવોને આશ્રયી કહ્યા છે. અથવા કાળભેદે એક જીવને આશ્રયી કહ્યા છે.

| નં. | ગુણસ્થાન | મિથ્યાત્વ | અવિરતિ | કષાય | યોગ | કુલ | વિશેષતા |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | મિથ્યાત્વ | ૫ | ૧૨ | ૨૫ | ૧૩ | ૫૫ | આહારકદ્વિક વિના. |
| ૨. | સાસ્વાદન | ૦ | ૧૨ | ૨૫ | ૧૩ | ૫૦ | પાંચ મિથ્યાત્વ વિના. |
| ૩. | મિશ્ર | ૦ | ૧૨ | ૨૧ | ૧૦ | ૪૩ | અનંતા. મિશ્રદ્વિક, કાર્મણ વિના. |
| ૪. | અવિરત સમ્યo | ૦ | ૧૨ | ૨૧ | ૧૩ | ૪૬ | મિશ્રદ્વિક-કાર્મણ સહિત. |
| ૫. | દેશવિરતિ | ૦ | ૧૧ | ૧૭ | ૧૧ | ૩૯ | ત્રસની અવિરતિ, અપ્રત્યા. ઔ. મિશ્ર, કાર્મણ વિના |
| ૬. | પ્રમત્ત | ૦ | ૦ | ૧૩ | ૧૩ | ૨૬ | અગિયાર અવિરતિ, ત્રીજો કષાય વિના, આહારક સહિત |
| ૭. | અપ્રમત્ત | ૦ | ૦ | ૧૩ | ૧૧ | ૨૪ | બે મિશ્ર વિના. |
| ૮. | અપૂર્વકરણ | ૦ | ૦ | ૧૩ | ૯ | ૨૨ | આહારક-વૈક્રિય વિના. |
| ૯. | અનિવૃત્તિબાદર | ૦ | ૦ | ૭ | ૯ | ૧૬ | હાસ્યષટ્ક વિના. |
| ૧૦. | સૂક્ષ્મસંપરાય | ૦ | ૦ | ૧ | ૯ | ૧૦ | ત્રણ વેદ અને સંજ્વલન-ત્રિક વિના |
| ૧૧. | ઉપશાન્તમોહ | ૦ | ૦ | ૦ | ૯ | ૯ | લોભ વિના |
| ૧૨. | ક્ષીણમોહ | ૦ | ૦ | ૦ | ૯ | ૯ | લોભ વિના |
| ૧૩. | સયોગીકેવલી | ૦ | ૦ | ૦ | ૭ | ૭ | પૂર્વોક્ત સાત |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મિથ્યાત્વથી સયોગી સુધી આ જે બંધહેતુ સમજાવ્યા છે. તે સર્વે તે તે ગુણઠાણે વર્તતા અનેકજીવોને આશ્રયી સમજવા. પરંતુ જો એક જીવને એકકાલ આશ્રયી બંધહેતુ જાણવા હોય તો તેનું વર્ણન આ પ્રમાણે છે-

મિથ્યાત્વ ગુણઠાણે ૫ મિથ્યાત્વ, ૧૨ અવિરતિ, ૨૫ કષાય અને ૧૩ યોગ એમ પંચાવન બંધહેતુ સર્વજીવ આશ્રયી છે. ત્યાં

(૧) પાંચ પ્રકારના મિથ્યાત્વમાંથી કોઈ પણ એક જીવને એકકાળે એક જ પ્રકારનું મિથ્યાત્વ હોય. પરંતુ બે-ત્રણ-ચાર કે પાંચે પ્રકારનું મિથ્યાત્વ એક જ જીવને એક કાલે ન હોય. તેથી મિથ્યાત્વ ૧ લેવું.

(૨) અવિરતિમાં છ ઇન્દ્રિયનો અસંયમ અને છ કાયનો વધ એમ ૧૨ છે. પરંતુ મનનો અસંયમ પાંચે ઇન્દ્રિયોની સાથે અંતર્ગત ગણાય છે. કારણ કે પાંચે ઇન્દ્રિયો મન સાથે જોડાયેલી હોય તો જ વિષયોમાં આસક્તિ પામે છે. પોત-પોતાના વિષયમાં મગ્ન બને છે. તેથી મનનો અસંયમ જુદો ન ગણવો. પરંતુ પાંચ ઇન્દ્રિયોમાંથી કોઈ પણ એક ઇન્દ્રિયનો અસંયમ એક જીવમાં એકકાળે ગણવો. કારણ કે ઉપયોગ કોઈ પણ એક ઇન્દ્રિયના વિષયમાં હોય છે. તેથી કોઈ પણ એક ઇન્દ્રિયના અસંયમની વિવક્ષા ગણવી. (પાંચ ઇન્દ્રિયના અસંયમમાંથી એક.)

(૩) છ કાયના વધમાં કોઈક વખત એક કાયના વધવાળું પણ કાર્ય કરે, કોઈકાલે બે કાયના વધવાળું કાર્ય પણ કરે અને કોઈક કાળે એક જીવ ૩ અથવા ૪ અથવા ૫ અને કોઈ કાળે ૬ કાયના વધનું પણ કાર્ય કરે છે. તેથી ઓછામાં ઓછી ૧ કાયાનો વધ ગણવો. અને વધુમાં વધુ બે, ત્રણથી યાવત્ છએ કાયાનો પણ વધ ગણવો.

(૪) પચીસ કષાયોમાં ૧૬ કષાય, હાસ્યાદિ ૬ નોકષાય, અને ત્રણ વેદ એમ ત્રણ ભાગ છે. ત્યાં ક્રોધ-માન-માયા અને લોભનો એક કાળે એક જીવને ઉદય સંભવતો નથી. અધ્રુવોદયી હોવાથી છઠ્ઠા અને પાંચમા કર્મગ્રંથમાં વારાફરતી ઉદય કહ્યો છે. તેથી અનંતાનુબંધી આદિ ચારે ક્રોધ, અથવા ચારે માન, અથવા ચારે માયા, અથવા ચારે લોભ એમ ચાર કષાય સાથે લેવા. પરંતુ ક્રોધ, માન, માયા, લોભ એમ ચાર સાથે ન લેવા. તેમાં એક અપવાદ એવો છે કે જે જીવો ઉપશમશ્રેણીમાં અથવા સમ્યક્ત્વાદિ ગુણઠાણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનંતાનુબંધી કષાયની વિસંયોજના કરી મિથ્યાત્વ મોહનીયના ઉદયથી પડીને પહેલા ગુણઠાણે આવે છે. તેવા મોહનીયકર્મની ૨૪ની સત્તાવાળા જીવોને મિથ્યાત્વમોહનીયના ઉદયના કારણે પ્રથમસમયથી જ અનંતાનુબંધી કષાય બંધાય છે. તેથી સત્તા ૨૮ની થાય છે. પરંતુ અનંતાનુબંધીનો ઉદય ૧ આવલિકા પછી જ થાય છે. કારણ કે આ બંધાતા અનંતાનુબંધીનો તો જઘન્યથી પણ અંતર્મુહૂર્ત અબાધાકાળ હોવાથી અંતર્મુહૂર્ત પછી જ ઉદય થાય છે. પરંતુ બંધાતા તે અનંતાનુબંધીમાં અપ્રત્યાખ્યાનીય આદિ શેષ કષાયો જે સંક્રમ પામે છે તેનો (સંક્રમાવલિકા સકલ કરણને અયોગ્ય હોવાથી) એક આવલિકા પછી જ ઉદય શરૂ થાય છે. તેથી પ્રથમની આવલિકામાં અનંતાનુબંધી વિના ત્રણ ક્રોધ, ત્રણ માન, ત્રણ માયા અને ત્રણ લોભમાંથી ગમે તે ત્રણ કષાય હોય છે. અને આવલિકા પછી અનંતાનુબંધીનો ઉદય થવાથી ચાર કષાય હોય છે.

(૫) હાસ્ય-રતિનું એક યુગલ જ્યારે ઉદયમાં હોય છે ત્યારે અરતિ-શોકનું યુગલ ઉદયમાં આવતું નથી. તેવી જ રીતે અરતિ-શોકનું યુગલ ઉદયમાં આવે છે. ત્યારે હાસ્ય-રતિનું યુગલ ઉદયમાં આવતું નથી માટે એક યુગલ એક કાળે જાણવું.

(૬) સ્ત્રીવેદ, પુરુષવેદ, અને નપુંસકવેદમાંથી એક કાલે એક જીવને ગમે તે એક જ વેદ ઉદયમાં હોય છે.

(૭) ભય અને જુગુપ્સા અધ્રુવોદયી હોવાથી ક્યારેક ઉદયમાં હોય છે ક્યારેક ઉદયમાં નથી હોતી, ક્યારેક એકલો ભય જ ઉદયમાં હોય છે તથા ક્યારેક એકલી જુગુપ્સા પણ ઉદયમાં હોય છે. અને ક્યારેક બન્નેનો પણ ઉદય હોય છે.

(૮) પહેલા ગુણઠાણે આહારકદ્વિક વિના સામાન્યથી તેર યોગ કહ્યા છે. તો પણ એકકાળે એકજીવને તેરમાંથી એક જ યોગની વિવક્ષા કરાય છે. તથા અનંતાનુબંધીની વિસંયોજના કરીને પહેલા ગુણઠાણે જ્યારે આવે છે ત્યારે પહેલી આવલિકામાં અનંતાનુબંધીના અનુદયકાળે કોઈ પણ જીવ મૃત્યુ પામતો નથી આવું શાસ્ત્રવચન હોવાથી તે કાળે વિગ્રહગતિ અને અપર્યાપ્તાવસ્થાભાવિ કાર્મણકાયયોગ, ઔદારિકમિશ્રકાયયોગ અને વૈક્રિયમિશ્રકાયયોગ સંભવતા નથી તેથી ત્યાં દશ યોગમાંથી એક યોગ હોય છે. એમ જાણવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૯) છ કાયના વધમાં જ્યારે ૧ કાયનો વધ ગણીએ ત્યારે કોઈક કાલે પૃથ્વીકાયનો વધ હોય, કોઈક કાલે અપ્કાયનો વધ હોય. કોઈક કાલે તેઉકાયનો વધ હોય એમ વાયુ-વનસ્પતિ અને ત્રસનો વધ પણ હોઈ શકે છે. તેથી ૧ કાય લઈએ ત્યારે છ ભાંગા થાય છે. બે કાયનો વધ લઈએ ત્યારે કઈ બે કાય લેવી? તેથી વારાફરતી એકેકની સાથે બીજી કાય જોડવાથી પંદર ભાંગા થાય છે.

| | | | | |
|---|---|---|---|---|
| પૃથ્વી.અપ્ | પૃથ્વી-વન. | અપ્-વાયુ | તેજો-વાયુ | વાયુ-વન. |
| પૃથ્વી-તેઉ. | પૃથ્વી-ત્રસ | અપ્-વન | તેજો-વન. | વાયુ-ત્રસ |
| પૃથ્વી-વાયુ | અપ્-તેઉ | અપ-ત્રસ | તેજો-ત્રસ | વન-ત્રસ |

તથા ત્રણ કાયનો વધ ગણીએ ત્યારે કઈ ત્રણ ગણવી ? બધી જ વારાફરતી સંભવતી હોવાથી એકેક કાયાની સાથે ક્રમશઃ જોડવાથી ૨૦ ભાંગા થાય છે.

| | | | | |
|---|---|---|---|---|
| પૃથ્વી-અપ્-તેજો | પૃથ્વી-તેજો-વાયુ | પૃથ્વી-વાયુ-ત્રસ | અપ્-તેજો-ત્રસ | તેજો-વાયુ-વન. |
| પૃથ્વી-અપ્-વાયુ | પૃથ્વી-તેજો-વન. | પૃથ્વી-વન.-ત્રસ | અપ્-વાયુ-વન. | તેજો-વાયુ-ત્રસ |
| પૃથ્વી-અપ્-વન. | પૃથ્વી-તેજો-ત્રસ | અપ્-તેજો-વાયુ | અપ્-વાયુ-ત્રસ | તેજો-વન.-ત્રસ |
| પૃથ્વી-અપ્-ત્રસ | પૃથ્વી-વાયુ-વન. | અપ્-તેજો-વન. | અપ્-વન.-ત્રસ | વાયુ-વન.-ત્રસ |

તથા ચાર કાયાનો વધ ગણીએ તો આ જ રીતે એકેક કાયાની સાથે બીજી બીજી કાયા જોડવાથી પંદર ભાંગા થાય છે. તે આ પ્રમાણે

| | | |
|---|---|---|
| પૃથ્વી-અપ્-તેજો-વાયુ | પૃથ્વી-અપ્-વન.-ત્રસ | અપ્-તેજો-વાયુ-વન. |
| પૃથ્વી-અપ્-તેજો-વન. | પૃથ્વી-તેજો-વાયુ-વન. | અપ્-તેજો-વાયુ-ત્રસ |
| પૃથ્વી-અપ્-તેજો-ત્રસ | પૃથ્વી-તેજો-વાયુ-ત્રસ | અપ્-તેજો-વન.-ત્રસ |
| પૃથ્વી-અપ્-વાયુ-વન. | પૃથ્વી-તેજો-વન.-ત્રસ | અપ્-વાયુ-વન.-ત્રસ |
| પૃથ્વી-અપ્-વાયુ-ત્રસ | પૃથ્વી-વાયુ-વન.-ત્રસ | તેજો-વાયુ-વન.-ત્રસ |

તથા પાંચ કાયાનો વધ ગણીએ તો આ જ રીતે એકેક કાયાની સાથે બાકીની કાયાનો વધ વારાફરતી જોડવાથી ૬ ભાંગા થાય છે. તે આ પ્રમાણે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| પૃથ્વી-અપ્-તેઉ-વાયુ-વન. | પૃથ્વી-અપ્-વાયુ-વન.-ત્રસ |
| પૃથ્વી-અપ્-તેઉ-વાયુ-ત્રસ | પૃથ્વી-તેજો-વાયુ-વન.-ત્રસ |
| પૃથ્વી-અપ્-તેઉ-વન.-ત્રસ | અપ્-તેજો-વાયુ-વન.-ત્રસ |

છએ કાયાનો વધ સાથે લઈએ તો એક જ ભાંગો થાય છે. આ પ્રમાણે હવે પછી સમજાવાતા ભાંગામાં જ્યાં જ્યાં ૧ કાયાનો વધ લેવામાં આવે ત્યાં ૬ વડે ગુણવા. ૨ કાયાનો વધ લેવામાં આવે ત્યાં ૧૫ વડે ગુણવા. ૩ કાયાનો વધ લેવામાં આવે ત્યાં ૨૦ વડે ગુણવા. ૪ કાયાનો વધ લેવામાં આવે ત્યાં ૧૫ વડે ગુણવા. ૫ કાયાનો વધ લેવામાં આવે ત્યાં ૬ વડે ગુણવા. અને ૬ એ કાયાનો વધ લેવામાં આવે ત્યાં ૧ વડે ગુણવા.

(૧૦) પહેલા ગુણઠાણે ૧ કાયનો વધ, ૨ અનંતાનુબંધીનો ઉદય, ૩ ભય, અને ૪ જુગુપ્સા. આ બંધહેતુ વારાફરતી ઉમેરાતા જાય છે. જેથી ઓછામાં ઓછા ૧૦ અને વધુમાં વધુ ૧૮ બંધહેતુઓ પહેલા ગુણઠાણે એક કાલે એક જીવમાં હોય છે. આ દસ નિયમો બરાબર ધ્યાનમાં રાખીને નીચેના ભાંગા જો સમજવામાં આવશે. તો સુખે સમજાઈ શકે તેમ છે.

## પહેલા ગુણઠાણે ઓછામાં ઓછા ૧૦ બંધહેતુ

કોઈપણ એક મિથ્યાત્વ ૧, કોઈ એક ઇન્દ્રિયનો અસંયમ ૧, કોઈ પણ એક કાયાનો વધ ૧, અનંતાનુબંધી વિના (પ્રથમાવલિકામાં) ત્રણ કષાય ૩, હાસ્ય-રતિ અથવા અરતિ-શોકનું એક યુગલ ૨, ત્રણ વેદમાંથી એક વેદ ૧, અને દસ યોગમાંથી એક યોગ ૧, એમ ૧૦ બંધહેતુઓ છે. તેના ભાંગા આ પ્રમાણે થાય છે. કોઈ પણ જીવને પાંચમાંનું એક એક મિથ્યાત્વ હોવાથી પાંચ ભાંગા, તે એકેક મિથ્યાત્વની સાથે વારાફરતી એકેક ઇન્દ્રિયનો અસંયમ જોડતાં ૫×૫=૨૫ ભાંગા, તેને એકેક કાયવધની સાથે ગુણતાં ૨૫×૬=૧૫૦ ભાંગા, તેને ત્રણ ક્રોધ-ત્રણ માન, ત્રણ માયા અથવા ત્રણ લોભ એમ ચાર કષાયની સાથે ગુણતાં ૧૫૦×૪=૬૦૦ ભાંગા, તેને બે યુગલ સાથે ગુણતાં ૬૦૦×૨=૧૨૦૦ ભાંગા, તેને ત્રણ વેદ સાથે ગુણતાં ૧૨૦૦×૩=૩૬૦૦ ભાંગા થાય. તેને ૧૦ યોગ સાથે ગુણતાં ૩૬૦૦૦ ભાંગા થાય. આ પ્રમાણે **૧૦** બંધહેતુના ૩૬૦૦૦ ભાંગા થયા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ૧૦માં એક કાયવધને બદલે બે કાયવધ લઈએ. તો ૧૧ બંધહેતુ થાય. બે કાયવધને બદલે એક જ કાયવધ ગણીએ પરંતુ અનંતાનુબંધી લઈએ તો પણ ૧૧ બંધહેતુ થાય. અથવા ભય ઉમેરીએ તો પણ ૧૧ જ બંધહેતુ થાય. અથવા જુગુપ્સા ઉમેરીએ તો પણ ૧૧ જ બંધહેતુ થાય. એમ ચાર રીતે ૧૧ બંધહેતુ થાય છે. તે બધાંનો પરસ્પર ગુણાકાર કરવાથી ભાંગા સમજાય છે. આ જ રીતે ૧૨-૧૩-૧૪-૧૫-૧૬-૧૭ અને વધુમાં વધુ ૧૮ બંધહેતુ પહેલા ગુણઠાણે હોય છે. તેના ઉત્તરભાંગા ઘણા થાય છે. તેની વધારે સ્પષ્ટ સમજ માટે ચિત્ર આ પ્રમાણે છે.

## મિથ્યાત્વ ગુણઠાણે બંધહેતુનું ચિત્ર

| નં. | બંધહેતુ સંખ્યા | મિથ્યાત્વ | અવિરતિ | કાય વધ | કષાય | યુગલ | વેદ | યોગ | ભય | જુગુપ્સા | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૦<br>ગુણાકાર | ૧<br>૫× | ૧<br>૫× | ૧<br>૬× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૦= | × | × | ૩૬૦૦૦ |
| | | | | | | | | | | કુલ | ૩૬૦૦૦ |
| ૧ | બે કાયવધ<br>સાથે ૧૧<br>ગુણાકાર | ૧<br>૫× | ૧<br>૫× | ૨<br>૧૫× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૦= | × | × | ૯૦૦૦૦ |
| ૨ | એકકાય વધ<br>અને<br>અનંતાનુ.૧૧<br>ગુણાકાર | ૧<br>૫× | ૧<br>૫× | ૧<br>૬× | ૪<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૩= | × | × | ૪૬૮૦૦ |
| ૩ | એકકાય અને<br>ભય સાથે<br>૧૧ ગુણાકાર | ૧<br>૫× | ૧<br>૫× | ૧<br>૬× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૦ | ૧<br>૧ | × | ૩૬૦૦૦ |
| ૪ | એકકાય અને<br>જુગુપ્સા સાથે<br>૧૧ ગુણાકાર | ૧<br>૫× | ૧<br>૫× | ૧<br>૬× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૦× | ×<br>- | ૧<br>૧= | ૩૬૦૦૦ |
| | | | | | | | | | | | કુલ-૨૦૮૮૦૦ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# મિથ્યાત્વ ગુણઠાણે બંધહેતુનું ચિત્ર

| નં. | બંધહેતુ સંખ્યા | મિથ્યાત્વ | અવિ-રતિ | કાય વધ | કષાય | યુગલ | વેદ | યોગ | ભય | જુગુપ્સા | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ત્રણ કાય વધ ૧૨ સાથે ગુણાકાર | ૧<br>૫× | ૧<br>૫× | ૩<br>૨૦× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૦= | - | - | ૧૨૦૦૦૦ |
| ૨ | બે કાયવધ ૧૨ તથા અનંતા. ગુણાકાર | ૧<br>૫× | ૧<br>૫× | ૨<br>૧૫× | ૪<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૩ | -<br>- | -<br>- | ૧૧૭૦૦૦ |
| ૩ | બે કાય વધ ૧૨ તથા ભય ગુણાકાર | ૧<br>૫× | ૧<br>૫× | ૨<br>૧૫× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૦× | ૧<br>૧ | -<br>- | ૯૦૦૦૦ |
| ૪ | બે કાયવધ ૧૨ તથા જુગુપ્સા ગુણાકાર | ૧<br>૫× | ૧<br>૫× | ૨<br>૧૫× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૦× | -<br>- | ૧<br>૧ | ૯૦૦૦૦ |
| ૫ | એક કાય વધ ૧૨ તથા અનંતા ભય ગુણાકાર | ૧<br>૫× | ૧<br>૫× | ૧<br>૬× | ૪<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૩× | ૧<br>-૧ | -<br>- | ૪૬૮૦૦ |
| ૬ | એક કાય વધ ૧૨ તથા અનંતા જુગુ. ગુણાકાર | ૧<br>૫× | ૧<br>૫× | ૧<br>૬× | ૪<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૩× | -<br>-- | ૧-<br>૧- | ૪૬૮૦૦ |
| ૭ | એકકાય વધ ૧૨ તથા ભય-જુગુ. ગુણાકાર | ૧<br>૫× | ૧<br>૫× | ૧<br>૬× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૦× | ૧<br>-૧× | ૧<br>૧- | -<br>૩૬૦૦૦ |
| | | | | | | | | | | | ૫,૪૬,૬૦૦ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# મિથ્યાત્વ ગુણઠાણે બંધહેતુનું ચિત્ર

| નં. | બંધહેતુની સંખ્યા | મિથ્યાત્વ | અવિ-રતિ | કાય વધ | કષાય | યુગલ | વેદ | યોગ | ભય | જુગુપ્સા | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ચારકાય વધ ૧૩<br>ગુણાકાર | ૧<br>૫× | ૧<br>૫× | ૪<br>૧૫× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૦= | × | × | ૯૦૦૦૦ |
| ૨ | ત્રણ કાયવધ ૧૩<br>સાથે અનંતાનુબંધી<br>ગુણાકાર | ૧<br>૫× | ૧<br>૫× | ૩<br>૨૦× | ૪<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૩ | ×<br>- | ×<br>- | ૧૫૬૦૦૦ |
| ૩ | ત્રણ કાય વધ૧૩<br>સાથે ભય<br>ગુણાકાર | ૧<br>૫× | ૧<br>૫× | ૩<br>૨૦× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૦× | ૧<br>૧ | × | ૧૨૦૦૦૦ |
| ૪ | ત્રણ કાયવધ ૧૩<br>સાથે જુગુપ્સા<br>ગુણાકાર | ૧<br>૫× | ૧<br>૫× | ૩<br>૨૦× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૦× | -<br>- | ૧<br>૧ | ૧૨૦૦૦૦ |
| ૫ | બે કાય વધ ૧૩<br>તથા અનંતા. ભય<br>ગુણાકાર | ૧<br>૫× | ૧<br>૫× | ૨<br>૧૫× | ૪<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૩× | ૧<br>-૧ | --<br>- | ૧૧૭૦૦૦ |
| ૬ | બે કાય વધ ૧૩<br>અનંતા. જુગુપ્સા<br>ગુણાકાર | ૧<br>૫× | ૧<br>૫× | ૨<br>૧૫× | ૪<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૩× | -<br>-- | ૧-<br>૧- | ૧૧૭૦૦૦ |
| ૭ | બે કાય વધ ૧૩<br>ભય-જુગુપ્સા<br>ગુણાકાર | ૧<br>૫× | ૧<br>૫× | ૨<br>૧૫× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૦× | ૧<br>-૧× | ૧<br>૧- | -<br>૯૦૦૦૦ |
| ૮ | એક કાય વધ૧૩<br>અનંતા. ભય-જુગુ.<br>ગુણાકાર | ૧<br>૫× | ૧<br>૫× | ૧<br>૬× | ૪<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૩× | ૧<br>૧× | ૧<br>૧- | -<br>૪૬૮૦૦ |
| | | | | | | | | | | | ૮,૫૬,૮૦૦ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# મિથ્યાત્વ ગુણઠાણે બંધહેતુનું ચિત્ર

| નં. | બંધહેતુની સંખ્યા | મિથ્યાત્વ | અવિરતિ | કાય વધ | કષાય | યુગલ | વેદ | યોગ | ભય | જુગુપ્સા | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | પાંચકાય વધ ૧૪<br>ગુણાકાર | ૧<br>૫× | ૧<br>૫× | ૫<br>૬× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૦= | - | - | ૩૬૦૦૦ |
| ૨ | ચાર કાયવધ ૧૪<br>તથા અનંતા.<br>ગુણાકાર | ૧<br>૫× | ૧<br>૫× | ૪<br>૧૫× | ૪<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૩ | -<br>- | -<br>- | ૧૧૭૦૦૦ |
| ૩ | ચાર કાય વધ ૧૪<br>તથા ભય<br>ગુણાકાર | ૧<br>૫× | ૧<br>૫× | ૪<br>૧૫× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૦× | ૧<br>૧ | -<br>- | ૯૦૦૦૦ |
| ૪ | ચાર કાયવધ ૧૪<br>તથા જુગુપ્સા<br>ગુણાકાર | ૧<br>૫× | ૧<br>૫× | ૪<br>૧૫× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૦× | -<br>- | ૧<br>૧ | ૯૦૦૦૦ |
| ૫ | ત્રણ કાય વધ ૧૪<br>તથા અનંતા. ભય<br>ગુણાકાર | ૧<br>૫× | ૧<br>૫× | ૩<br>૨૦× | ૪<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૩× | ૧<br>-૧ | --<br>- | ૧૫૬૦૦૦ |
| ૬ | ત્રણ કાય વધ ૧૪<br>અનંતા. જુગુપ્સા<br>ગુણાકાર | ૧<br>૫× | ૧<br>૫× | ૩<br>૨૦× | ૪<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૩× | -<br>-- | ૧<br>૧- | ૧૫૬૦૦૦ |
| ૭ | ત્રણ કાયવધ ૧૪<br>ભય-જુગુપ્સા<br>ગુણાકાર | ૧<br>૫× | ૧<br>૫× | ૩<br>૨૦× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૦× | ૧<br>-૧× | ૧<br>૧ | ૧૨૦૦૦૦ |
| ૮ | બે કાય વધ ૧૪<br>અનંતા.ભય-જુગુ.<br>ગુણાકાર | ૧<br>૫× | ૧<br>૫× | ૨<br>૧૫× | ૪<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૩× | ૧<br>-૧× | ૧<br>૧- | ૧૧૭૦૦૦ |
| | | | | | | | | | | | ૮,૮૨,૦૦૦ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# મિથ્યાત્વ ગુણઠાણે બંધહેતુનું ચિત્ર

| નં. | બંધહેતુની સંખ્યા | મિથ્યાત્વ | અવિ-રતિ | કાય વધ | કષાય | યુગલ | વેદ | યોગ | ભય | જુગુપ્સા | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | છકાય વધ ૧૫ સાથે ગુણાકાર | ૧ ૫× | ૧ ૫× | ૬ ૧× | ૩ ૪× | ૨ ૨× | ૧ ૩× | ૧ ૧૦= | - | - | ૬૦૦૦ |
| ૨ | પાંચ કાયવધ ૧૫ સાથે અનંતા. ગુણાકાર | ૧ ૫× | ૧ ૫× | ૫ ૬× | ૪ ૪× | ૨ ૨× | ૧ ૩× | ૧ ૧૩ | - - | - - | ૪૬૮૦૦ |
| ૩ | પાંચ કાય વધ૧૫ સાથે ભય ગુણાકાર | ૧ ૫× | ૧ ૫× | ૫ ૬× | ૩ ૪× | ૨ ૨× | ૧ ૩× | ૧ ૧૦× | ૧ ૧ | - - | ૩૬૦૦૦ |
| ૪ | પાંચ કાયવધ ૧૫ સાથે જુગુપ્સા ગુણાકાર | ૧ ૫× | ૧ ૫× | ૫ ૬× | ૩ ૪× | ૨ ૨× | ૧ ૩× | ૧ ૧૦× | - - | ૧ ૧ | ૩૬૦૦૦ |
| ૫ | ચાર કાય વધ ૧૫ અનંતા. ભય ગુણાકાર | ૧ ૫× | ૧ ૫× | ૪ ૧૫× | ૪ ૪× | ૨ ૨× | ૧ ૩× | ૧ ૧૩× | ૧ -૧ | - - | ૧૧૭૦૦૦ |
| ૬ | ચાર કાય વધ ૧૫ અનંતા. જુગુપ્સા ગુણાકાર | ૧ ૫× | ૧ ૫× | ૪ ૧૫× | ૪ ૪× | ૨ ૨× | ૧ ૩× | ૧ ૧૩× | - - | ૧- ૧- | ૧૧૭૦૦૦ |
| ૭ | ચાર કાયવધ ૧૫ ભય-જુગુપ્સા ગુણાકાર | ૧ ૫× | ૧ ૫× | ૪ ૧૫× | ૩ ૪× | ૨ ૨× | ૧ ૩× | ૧ ૧૦× | ૧ -૧× | ૧ ૧- | - ૯૦૦૦૦ |
| ૮ | ત્રણકાય વધ ૧૫ અનંતા.ભય-જુગુ. ગુણાકાર | ૧ ૫× | ૧ ૫× | ૩ ૨૦× | ૪ ૪× | ૨ ૨× | ૧ ૩× | ૧ ૧૩× | ૧ -૧× | ૧ ૧- | - ૧૫૬૦૦૦ |
| | | | | | | | | | | | કુલ ભાંગા ૬,૦૪,૮૦૦ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# મિથ્યાત્વ ગુણઠાણે બંધહેતુનું ચિત્ર

| નં. | બંધહેતુની સંખ્યા | મિથ્યાત્વ | અવિ-રતિ | કાય વધ | કષાય | યુગલ | વેદ | યોગ | ભય | જુગુપ્સા | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | છકાય વધ ૧૬ તથા અનંતા. | ૧ | ૧ | ૬ | ૪ | ૨ | ૧ | ૧ | - | - | |
| | ગુણાકાર | ૫× | ૫× | ૧× | ૪× | ૨× | ૩× | ૧૩ | = | - | ૭૮૦૦ |
| ૨ | છ કાય વધ ૧૬ તથા ભય | ૧ | ૧ | ૬ | ૩ | ૨ | ૧ | ૧ | ૧ | - | |
| | ગુણાકાર | ૫× | ૫× | ૧× | ૪× | ૨× | ૩× | ૧૦× | ૧ | - | ૬૦૦૦ |
| ૩ | છ કાયવધ ૧૬ તથા જુગુપ્સા | ૧ | ૧ | ૬ | ૩ | ૨ | ૧ | ૧ | - | ૧ | |
| | ગુણાકાર | ૫× | ૫× | ૧× | ૪× | ૨× | ૩× | ૧૦× | - | ૧ | ૬૦૦૦ |
| ૪ | પાંચ કાય વધ ૧૬ તથા અનંતા. ભય | ૧ | ૧ | ૫ | ૪ | ૨ | ૧ | ૧ | ૧ | -- | |
| | ગુણાકાર | ૫× | ૫× | ૬× | ૪× | ૨× | ૩× | ૧૩× | -૧ | - | ૪૬૮૦૦ |
| ૫ | પાંચ કાય વધ ૧૬ અનંતા. જુગુપ્સા | ૧ | ૧ | ૫ | ૪ | ૨ | ૧ | ૧ | - | ૧- | |
| | ગુણાકાર | ૫× | ૫× | ૬× | ૪× | ૨× | ૩× | ૧૩× | -- | ૧- | ૪૬૮૦૦ |
| ૬ | પાંચ કાયવધ ૧૬ ભય-જુગુપ્સા | ૧ | ૧ | ૫ | ૩ | ૨ | ૧ | ૧ | ૧ | ૧ | - |
| | ગુણાકાર | ૫× | ૫× | ૬× | ૪× | ૨× | ૩× | ૧૦× | -૧× | ૧- | ૩૬૦૦૦ |
| ૭ | ચાર કાય વધ ૧૬ અનં. ભય-જુગુ. | ૧ | ૧ | ૪ | ૪ | ૨ | ૧ | ૧ | ૧ | ૧ | - |
| | ગુણાકાર | ૫× | ૫× | ૧૫× | ૪× | ૨× | ૩× | ૧૩× | -૧× | ૧- | ૧૧૭૦૦૦ |

કુલ ભાંગા ૨,૬૬,૪૦૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## મિથ્યાત્વ ગુણઠાણે બંધહેતુનું ચિત્ર

| નં. | બંધહેતુની સંખ્યા | મિથ્યાત્વ | અવિ-રતિ | કાય વધ | કષાય | યુગલ | વેદ | યોગ | ભય | જુગુપ્સા | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | છ કાય વધ ૧૭<br>અનંતા. ભય<br>ગુણાકાર | ૧<br><br>૫× | ૧<br><br>૫× | ૬<br><br>૧× | ૪<br><br>૪× | ૨<br><br>૨× | ૧<br><br>૩× | ૧<br><br>૧૩× | ૧<br><br>-૧ | --<br><br>- | <br><br>૭૮૦૦ |
| ૨ | છ કાય વધ ૧૭<br>અનંતા. જુગુપ્સા<br>ગુણાકાર | ૧<br><br>૫× | ૧<br><br>૫× | ૬<br><br>૧× | ૪<br><br>૪× | ૨<br><br>૨× | ૧<br><br>૩× | ૧<br><br>૧૩× | -<br><br>-- | ૧-<br><br>૧- | <br><br>૭૮૦૦ |
| ૩ | છ કાયવધ ૧૭<br>ભય-જુગુપ્સા<br>ગુણાકાર | ૧<br><br>૫× | ૧<br><br>૫× | ૬<br><br>૧× | ૩<br><br>૪× | ૨<br><br>૨× | ૧<br><br>૩× | ૧<br><br>૧૦× | ૧<br><br>-૧× | ૧<br><br>૧- | -<br><br>૬૦૦૦ |
| ૪ | પાંચ કાય વધ૧૭<br>અનંતા.ભય-જુગુ.<br>ગુણાકાર | ૧<br><br>૫× | ૧<br><br>૫× | ૫<br><br>૬× | ૪<br><br>૪× | ૨<br><br>૨× | ૧<br><br>૩× | ૧<br><br>૧૩× | ૧<br><br>-૧× | ૧<br><br>૧- | -<br><br>૪૬૮૦૦ |
| | | | | | | | | | | | ૬૮૪૦૦ |
| ૧ | છ કાય વધ ૧૮<br>અનંતા.ભય-જુગુ.<br>ગુણાકાર | ૧<br><br>૫× | ૧<br><br>૫× | ૬<br><br>૧× | ૪<br><br>૪× | ૨<br><br>૨× | ૧<br><br>૩× | ૧<br><br>૧૩× | ૧<br><br>-૧× | ૧<br><br>૧- | -<br><br>૭૮૦૦ |

આ પ્રમાણે મિથ્યાત્વ ગુણઠાણે ૧૦ બંધહેતુથી ૧૮ બંધહેતુ સુધીના કુલ બંધહેતુના ભાંગા ૩૪.૭૭,૬૦૦ થાય છે. હવે આપણે બીજા ગુણસ્થાનકના બંધહેતુના એક જીવ આશ્રયી ભાંગા જાણીએ. પરંતુ બીજા ગુણસ્થાનકે બંધહેતુના ભાંગા કરતાં પહેલાં નીચેના નિયમો બરાબર ધ્યાનમાં રાખવા.

(૧) સાસ્વાદન ગુણસ્થાનકે એક પણ મિથ્યાત્વનો ઉદય હોતો નથી. તેથી તે બંધહેતુ ન ગણતાં ૫૦ બંધહેતુ લેવા તથા તે મિથ્યાત્વનો ગુણાકાર પણ ન કરવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨) અહીં અનંતાનુબંધી કષાયનો ઉદય અવશ્ય હોય જ છે. એટલે વિકલ્પ ન કરવો.

(૩) કાયવધ ૧ પણ હોય, ૨ પણ હોય, ૩ પણ હોય, ૪ પણ હોય. ઈત્યાદિ પૂર્વની જેમ જાણવું. તથા યુગલ અને વેદ પણ પૂર્વની જેમ લેવા. ભય-જુગુપ્સા- હોય અથવા ન પણ હોય. તે પૂર્વની જેમ સમજવું.

(૪) બીજા ગુણસ્થાનકે યોગ ૧૩ હોય છે. પરંતુ નપુંસકવેદમાં વૈક્રિયમિશ્રયોગ સંભવતો નથી. કારણકે વૈક્રિયમિશ્રકાયયોગ દેવ-નારકીમાં અપર્યાપ્તાવસ્થામાં જ છે. ત્યાં દેવોમાં તત્ત્વાર્થ સૂત્ર-૨ થી નપુંસકવેદ હોતો નથી. અને નારકીમાં નપુંસકવેદ છે. પરંતુ ત્યાં સાસ્વાદન લઈને જીવ જતો નથી. કારણકે બીજા કર્મગ્રંથમાં ઉદયાધિકારમાં બીજાગુણઠાણે નરકાનુપૂર્વીનો ઉદય વારેલો છે. તેથી બારયોગમાં ત્રણે વેદ સંભવે. પરંતુ વૈક્રિયમિશ્રયોગમાં બે જ વેદ સંભવે.

(૫) આ ગુણઠાણે વૈક્રિયમિશ્રમાં નપુંસકવેદ નથી તેથી ગુણાકાર કરવો સરળ પડે. એટલા માટે પ્રથમ યોગ, પછી વેદ, પછી યુગલ, પછી કષાય, એમ ઉલટાક્રમે ગુણાકાર કરીશું. તે ચિત્ર આ પ્રમાણે.

## સાસ્વાદન ગુણસ્થાનકે બંધહેતુનું ચિત્ર

| નં. | બંધહેતુ સંખ્યા | યોગ | વેદ | નપુંસકવેદ વૈક્રિયમિશ્ર વર્જી | યુગલ | કષાય | કાય વધ | અવિ-રતિ | ભય | જુગુપ્સા | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | એકકાય વધ ૧૦<br>ગુણાકાર | ૧<br>૧૩× | ૧<br>૩= | ૩૯-૧ | ૨<br>×૨ | ૪<br>×૪ | ૧<br>×૬ | ૧<br>×૫ | -<br>-- | --<br>-- | ૯૧૨૦ |
| | | | | | | | | | કુલ ભાંગા | | ૯૧૨૦ |
| ૧ | બે કાય વધ ૧૧<br>ગુણાકાર | ૧<br>૧૩× | ૧<br>૩= | ૩૯-૧ | ૨<br>×૨× | ૪<br>૪× | ૨<br>૧૫× | ૧<br>૫= | -<br>-- | --<br>-- | ૨૨૮૦૦ |
| ૨ | એક કાય વધ ૧૧<br>ભય સાથે<br>ગુણાકાર | ૧<br>૧૩× | ૧<br>૩= | ૩૯-૧ | ૨<br>×૨× | ૪<br>૪× | ૧<br>૬× | ૧<br>૫× | ૧--<br>૧ = | -<br>- | ૯૧૨૦ |
| ૩ | એક કાય વધ ૧૧<br>જુગુપ્સા સાથે<br>ગુણાકાર | ૧<br>૧૩× | ૧<br>૩= | ૩૯-૧ | ૨<br>×૨ | ૪<br>×૪ | ૧<br>×૬ | ૧<br>×૫ | -<br>- | ૧-<br>૧ = | ૯૧૨૦ |
| | | | | | | | | | | | ૪૧૦૪૦ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| નં. | બંધહેતુ | યોગ | વેદ | મિશ્રનું વર્જન છોડી | યુગલ | કષાય | કાય વધ | અવિ-રતિ | ભય | જુગુપ્સા | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ત્રણ કાય વધ ૧૨<br>ગુણાકાર | ૧<br>૧૩× | ૧<br>૩= | ૩૯-૧<br>૩૮ | ૨<br>×૨ | ૪<br>૪× | ૩<br>૨૦× | ૧<br>૫ | -<br>- | -<br>- | ૩૦૪૦૦ |
| ૨ | બે કાય વધ ૧૨<br>ભય સાથે<br>ગુણાકાર | ૧<br>૧૩× | ૧<br>૩= | ૩૯-૧<br>૩૮ | ૨<br>×૨ | ૪<br>×૪ | ૨<br>×૧૫ | ૧<br>×૫× | ૧--<br>૧ = | -<br>--- | ૨૨૮૦૦ |
| ૩ | બે કાય વધ ૧૨<br>જુગુપ્સા સાથે<br>ગુણાકાર | ૧<br>૧૩× | ૧<br>૩= | ૩૯-૧<br>૩૮ | ૨<br>×૨ | ૪<br>×૪ | ૨<br>×૧૫ | ૧<br>×૫ | -<br>- | ૧--<br>×૧ | ---૨૨૮૦૦ |
| ૪ | એક કાય વધ ૧૨<br>ભય જુગુપ્સા સાથે<br>ગુણાકાર | ૧<br>૧૩× | ૧<br>૩= | ૩૯-૧<br>૩૮ | ૨<br>×૨ | ૪<br>×૪ | ૧<br>×૬ | ૧<br>×૫ | ૧<br>×૧ | ૧--<br>×૧ | ૯૧૨૦ |
| | | | | | | | | | કુલ ભાંગા | | ૮૫૧૨૦ |

| નં. | બંધહેતુ | યોગ | વેદ | મિશ્રનું વર્જન છોડી | યુગલ | કષાય | કાય વધ | અવિ-રતિ | ભય | જુગુપ્સા | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ચાર કાય વધ ૧૩<br>ગુણાકાર | ૧<br>૧૩× | ૧<br>૩= | ૩૯-૧<br>૩૮ | ૨<br>×૨ | ૪<br>×૪ | ૪<br>×૧૫ | ૧<br>૫ | -<br>--- | --<br>--- | ૨૨૮૦૦ |
| ૨ | ત્રણ કાય વધ ૧૩<br>ભય સાથે<br>ગુણાકાર | ૧<br>૧૩× | ૧<br>૩= | ૩૯-૧<br>૩૮ | ૨<br>×૨× | ૪<br>૪× | ૩<br>૨૦× | ૧<br>૫× | ૧--<br>૧ = | -<br>--- | ૩૦૪૦૦ |
| ૩ | ત્રણ કાય વધ ૧૩<br>જુગુપ્સા સાથે<br>ગુણાકાર | ૧<br>૧૩× | ૧<br>૩= | ૩૯-૧<br>૩૮ | ૨<br>×૨ | ૪<br>×૪ | ૩<br>×૨૦ | ૧<br>×૫ | -<br>- | ૧--<br>×૧ | ૩૦૪૦૦ |
| ૪ | બે કાય વધ ૧૩<br>ભય જુગુપ્સા સાથે<br>ગુણાકાર | ૧<br>૧૩× | ૧<br>૩= | ૩૯-૧<br>૩૮ | ૨<br>×૨ | ૪<br>×૪ | ૨<br>×૧૫ | ૧<br>×૫ | ૧<br>×૧ | ૧--<br>×૧ | ૨૨૮૦૦ |
| | | | | | | | | | કુલ ભાંગા | | ૧૦૬૪૦૦ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| નં. | બંધહેતુ | યોગ | વેદ | ઇન્દ્રિય અસંયમ | યુગલ | કષાય | કાય વધ | અવિ-રતિ | ભય | જુગુપ્સા | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | પાંચ કાય વધ૧૪<br>ગુણાકાર | ૧<br>૧૩× | ૧<br>૩= | ૩૯-૧<br>૩૮ | ૨<br>×૨ | ૪<br>×૪ | ૫<br>×૬ | ૧<br>×૫ | -<br>-<br>કુલ ભાંગા | -<br>- | ૯૧૨૦ |
| ૨ | ચાર કાય વધ ૧૪<br>ભય સાથે<br>ગુણાકાર | ૧<br>૧૩× | ૧<br>૩= | ૩૯-૧ | ૨<br>×૨ | ૪<br>×૪ | ૪<br>×૧૫ | ૧<br>×૫ | ૧--<br>૧ = | -<br>--- | ૨૨૮૦૦ |
| ૩ | ચાર કાય વધ ૧૪<br>જુગુપ્સા સાથે<br>ગુણાકાર | ૧<br>૧૩× | ૧<br>૩= | ૩૯-૧ | ૨<br>×૨ | ૪<br>×૪ | ૪<br>×૧૫ | ૧<br>×૫ | -<br>- | ૧--<br>×૧ | ૨૨૮૦૦ |
| ૪ | ત્રણ કાય વધ ૧૪<br>ભય જુગુપ્સા સાથે<br>ગુણાકાર | ૧<br>૧૩× | ૧<br>૩= | ૩૯-૧ | ૨<br>×૨ | ૪<br>×૪ | ૩<br>×૨૦ | ૧<br>×૫ | ૧<br>×૧ | ૧-<br>×૧ | ૩૦૪૦૦ |
| | | | | | | | | | કુલ ભાંગા | | ૮૫૧૨૦ |

| નં. | બંધહેતુ | યોગ | વેદ | ઇન્દ્રિય અસંયમ | યુગલ | કષાય | કાય વધ | અવિ-રતિ | ભય | જુગુપ્સા | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | છ કાય વધ ૧૫<br>ગુણાકાર | ૧<br>૧૩× | ૧<br>૩= | ૩૯-૧ | ૨<br>×૨ | ૪<br>×૪ | ૬<br>×૧ | ૧<br>૫ | -<br>- | -<br>- | ૧૫૨૦ |
| ૨ | પાંચ કાય વધ ૧૫<br>ભય સાથે<br>ગુણાકાર | ૧<br>૧૩× | ૧<br>૩= | ૩૯-૧ | ૨<br>×૨ | ૪<br>×૪ | ૫<br>×૬ | ૧<br>×૫ | ૧-<br>૧ = | -<br>- | ૯૧૨૦ |
| ૩ | પાંચ કાયવધ ૧૫<br>જુગુપ્સા સાથે<br>ગુણાકાર | ૧<br>૧૩× | ૧<br>૩= | ૩૯-૧ | ૨<br>×૨ | ૪<br>×૪ | ૫<br>×૬ | ૧<br>×૫ | -<br>- | ૧-<br>×૧ | ૯૧૨૦ |
| ૪ | ચાર કાય વધ ૧૫<br>ભય જુગુપ્સા સાથે<br>ગુણાકાર | ૧<br>૧૩× | ૧<br>૩= | ૩૯-૧ | ૨<br>×૨ | ૪<br>×૪ | ૪<br>×૧૫ | ૧<br>×૫ | ૧<br>×૧ | ૧--<br>×૧ | ૨૨૮૦૦ |
| | | | | | | | | | | | ૪૨૫૬૦ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| નં. | બંધહેતુ | યોગ | વેદ | ઇન્દ્રિય અસંયમ | યુગલ | કષાય | કાય વધ | અવિ-રતિ | ભય | જુગુપ્સા | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | છ કાય વધ ૧૬ ભય સાથે ગુણાકાર | ૧<br>૧૩× | ૧<br>૩= | ૩૯-૧ | ૨<br>×૨ | ૪<br>×૪ | ૬<br>×૧ | ૧<br>×૫ | ૧--<br>૧ = | -<br>- | ૧૫૨૦ |
| ૨ | છ કાય વધ ૧૬ જુગુપ્સા સાથે ગુણાકાર | ૧<br>૧૩× | ૧<br>૩= | ૩૯-૧ | ૨<br>×૨ | ૪<br>×૪ | ૬<br>×૧ | ૧<br>×૫ | -<br>- | ૧--<br>×૧ | ૧૫૨૦ |
| ૩ | પાંચ કાય વધ ૧૬ ભય જુગુપ્સા સાથે ગુણાકાર | ૧<br>૧૩× | ૧<br>૩= | ૩૯-૧ | ૨<br>×૨ | ૪<br>×૪ | ૫<br>×૬ | ૧<br>×૫ | ૧<br>×૧ | ૧<br>×૧ | ૯૧૨૦ |
| | | | | | | | | | | કુલ ભાંગા | ૧૨૧૬૦ |
| ૧ | છ કાય વધ ૧૭ ભય જુગુપ્સા સાથે ગુણાકાર | ૧<br>૧૩× | ૧.<br>૩= | ૩૯-૧ | ૨<br>×૨ | ૪<br>×૪ | ૬<br>×૧ | ૧<br>×૫ | ૧<br>×૧ | ૧--<br>×૧ | ૧૫૨૦ |

આ પ્રમાણે સાસ્વાદન ગુણઠાણે ૧૦ બંધહેતુથી ૧૭ બંધહેતુ સુધીના કુલ બંધહેતુના ભાંગા ૩,૮૩૦૪૦ થાય છે. હવે ત્રીજા મિશ્રગુણઠાણે બંધહેતુના એક જીવ આશ્રયી ભાંગા કહીએ છીએ. ત્યાં ૬ ઇન્દ્રિયનો અસંયમ, ૬ કાયનો વધ, અનંતાનુબંધી વિના ૧૨ કષાય, ૯ નોકષાય અને ૧૦ યોગ. (ચાર મનના, ચાર વચનના, ઔદારિક કાયયોગ અને વૈક્રિય કાયયોગ) એમ ૪૩ બંધહેતુ છે. અહીં કાયનો વધ, ભય અને જુગુપ્સા વારાફરતી પૂર્વગુણઠાણાની જેમ બદલવાની હોય છે. જેથી ૯ થી ૧૬ સુધીના વિકલ્પો થાય છે. તે આ પ્રમાણે-

## મિશ્રગુણઠાણે બંધહેતુના ભાંગા

| નં. | બંધહેતુ | અવિ-રતિ | કાય વધ | કષાય | યુગલ | વેદ | યોગ | ભય | જુગુપ્સા | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | એક કાયવધ ૯ ગુણાકાર | ૧<br>૫× | ૧<br>૬× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૦ | -<br>- | --<br>- = | ૭૨૦૦ |

# મિશ્રગુણસ્થાનકે બંધહેતુનું ભાંગા

| નં. | બંધહેતુ | અવિ-રતિ | કાય વધ | કષાય | યુગલ | વેદ | યોગ | ભય | જુગુપ્સા | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | બે કાયવધ ૧૦<br>ગુણાકાર | ૧<br>૫× | ૨<br>૧૫× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૦ | -<br>- | -<br>- | -<br>૧૮૦૦૦ |
| ૨ | એક કાયવધ ૧૦<br>ભય સાથે<br>ગુણાકાર | ૧<br>૫× | ૧<br>૬× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૦× | ૧<br>૧- | -<br>- | ૭૨૦૦ |
| ૩ | એક કાય વધ ૧૦<br>જુગુપ્સા સાથે<br>ગુણાકાર | ૧<br>૫× | ૧<br>૬× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૦× | -<br>૧- | - | ૭૨૦૦ |
| | | | | | | | | | | ૩૨૪૦૦ |

| નં. | બંધહેતુ | અવિ-રતિ | કાય વધ | કષાય | યુગલ | વેદ | યોગ | ભય | જુગુપ્સા | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ત્રણ કાયવધ ૧૧<br>ગુણાકાર | ૧<br>૫× | ૩<br>૨૦× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૦ | -<br>- | -<br>- | -<br>૨૪૦૦૦ |
| ૨ | બે કાયવધ ૧૧<br>ભય સાથે<br>ગુણાકાર | ૧<br>૫× | ૨<br>૧૫× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૦× | ૧<br>૧- | -<br>- | ૧૮૦૦૦ |
| ૩ | બે કાય વધ ૧૧<br>જુગુપ્સા સાથે<br>ગુણાકાર | ૧<br>૫× | ૨<br>૧૫× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૦× | -<br>- | ૧<br>૧ | ૧૮૦૦૦ |
| ૪ | એક કાયવધ ૧૧<br>ભય-જુગુપ્સા<br>ગુણાકાર | ૧<br>૫× | ૧<br>૬× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૦× | ૧<br>૧ | ૧<br>૧ | ૭૨૦૦ |

૬૭૨૦૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| નં. | બંધહેતુ | અવિ-<br>રતિ | કાય<br>વધ | કષાય | યુગલ | વેદ | યોગ | ભય | જુગુ<br>પ્સા | કુલ<br>ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ચારકાયવધ ૧૨<br>ગુણાકાર | ૧<br>૫× | ૪<br>૧૫× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૦ | -<br>- | -<br>- | ૧૮૦૦૦ |
| ૨ | ત્રણ કાયવધ ૧૨<br>ભય સાથે<br>ગુણાકાર | ૧<br>૫× | ૩<br>૨૦× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૦× | ૧<br>૧- | -<br>- | ૨૪૦૦૦ |
| ૩ | ત્રણ કાય વધ ૧૨<br>જુગુપ્સા સાથે<br>ગુણાકાર | ૧<br>૫× | ૩<br>૨૦× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૦× | -<br>- | ૧<br>૧ | ૨૪૦૦૦ |
| ૪ | બે કાયવધ ૧૨<br>ભય-જુગુપ્સા<br>ગુણાકાર | ૧<br>૫× | ૨<br>૧૫× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૦× | ૧<br>૧- | ૧<br>૧ | ૧૮૦૦૦ |

૮૪૦૦૦

| નં. | બંધહેતુ | અવિ-<br>રતિ | કાય<br>વધ | કષાય | યુગલ | વેદ | યોગ | ભય | જુગુ<br>પ્સા | કુલ<br>ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | પાંચ કાયવધ ૧૩<br>ગુણાકાર | ૧<br>૫× | ૫<br>૬× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૦ | -<br>- | -<br>-- | -<br>૭૨૦૦ |
| ૨ | ચાર કાયવધ ૧૩<br>ભય સાથે<br>ગુણાકાર | ૧<br>૫× | ૪<br>૧૫× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૦× | ૧<br>૧- | -<br>-- | ૧૮૦૦૦ |
| ૩ | ચાર કાય વધ ૧૩<br>જુગુપ્સા સાથે<br>ગુણાકાર | ૧<br>૫× | ૪<br>૧૫× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૦× | -<br>- | ૧<br>૧-- | ૧૮૦૦૦ |
| ૪ | ત્રણ કાયવધ ૧૩<br>ભય-જુગુપ્સા<br>ગુણાકાર | ૧<br>૫× | ૩<br>૨૦× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૦× | ૧<br>૧× | ૧<br>૧-- | ૨૪૦૦૦ |

૬૭૨૦૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| નં. | બંધહેતુ | અવિ-રતિ | કાય વધ | કષાય | યુગલ | વેદ | યોગ | ભય | જુગુ પ્સા | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | છ કાયવધ ૧૪ ગુણાકાર | ૧<br>૫× | ૬<br>૧× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૦ | -<br>- | -<br>- | ૧૨૦૦ |
| ૨ | પાંચ કાયવધ ૧૪ ભય સાથે ગુણાકાર | ૧<br>૫× | ૫<br>૬× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૦× | ૧<br>૧- | -<br>- | ૭૨૦૦ |
| ૩ | પાંચ કાય વધ ૧૪ જુગુપ્સા સાથે ગુણાકાર | ૧<br>૫× | ૫<br>૬× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૦× | -<br>- | ૧<br>૧ | ૭૨૦૦ |
| ૪ | ચાર કાયવધ ૧૪ ભય-જુગુપ્સા ગુણાકાર | ૧<br>૫× | ૪<br>૧૫× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૦× | ૧<br>૧× | ૧<br>૧ | ૧૮૦૦૦ |

૩૩૬૦૦

| નં. | બંધહેતુ | અવિ-રતિ | કાય વધ | કષાય | યુગલ | વેદ | યોગ | ભય | જુગુ પ્સા | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | છ કાયવધ ૧૫ ભય સાથે ગુણાકાર | ૧<br>૫× | ૬<br>૧× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૦× | ૧<br>૧- | -<br>- | ૧૨૦૦ |
| ૨ | છ કાય વધ ૧૫ જુગુપ્સા સાથે ગુણાકાર | ૧<br>૫× | ૬<br>૧× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૦× | -<br>- | ૧<br>૧ | ૧૨૦૦ |
| ૩ | પાંચ કાયવધ ૧૫ ભય-જુગુપ્સા ગુણાકાર | ૧<br>૫× | ૫<br>૬× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૦× | ૧<br>૧× | ૧<br>૧ | ૭૨૦૦ |
| | | | | | | | | | | ૯૬૦૦ |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | છ કાયવધ ૧૬ ભય-જુગુપ્સા ગુણાકાર | ૧<br>૫× | ૬<br>૧× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૦× | ૧<br>૧× | ૧<br>૧ | ૧૨૦૦ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રમાણે મિશ્ર ગુણઠાણે ૯ થી ૧૬ સુધીના બંધહેતુના સર્વે વિકલ્પોના ભાંગા ૩,૦૨,૪૦૦ થાય છે.

હવે અવિરત સમ્યગ્દષ્ટિ ગુણઠાણે બંધહેતુના ભાંગા લખીએ છીએ ત્યાં ૬ ઈન્દ્રિયનો અસંયમ, ૬ કાયનો વધ, અનંતાનુબંધી વિના ૧૨ કષાય ૯ નોકષાય, અને ૧૩ યોગ (આહારકદ્વિક વિના) એમ ૪૬ બંધહેતુ હોય છે. અહીં તેર યોગ અને ત્રણ વેદ ગુણીએ તો ૩૯ થાય. પરંતુ ૧ નપુંસકવેદમાં ઔદારિકમિશ્ર યોગ સંભવતો નથી. કારણ કે સમ્યગ્દષ્ટિ જીવો મરીને જો મનુષ્ય-તિર્યંચમાં જન્મે તો તે નપુંસકવેદીમાં જન્મતા નથી. તથા સ્ત્રીવેદમાં ઔદારિકમિશ્ર, વૈક્રિયમિશ્ર અને કાર્મણકાયયોગ એમ ત્રણ સંભવતા નથી. કારણ કે સમ્યગ્દષ્ટિ જીવો સ્ત્રીવેદવાળામાં જન્મતા જ નથી. દેવમાં જાય તો પણ દેવીમાં જતા નથી માટે વૈક્રિયમિશ્ર ન હોય, અને મનુષ્ય તિર્યંચમાં જાય તો પણ પુરુષમાં જ જાય છે. માટે સ્ત્રીવેદમાં ઔદારિકમિશ્ર અને કાર્મણ ન હોય એમ સ્ત્રીવેદમાં કુલ ૩ યોગ સંભવતા નથી જો કે બ્રાહ્મી-સુંદરી-મલ્લિનાથ અને રાજીમતી વગેરે જીવો અનુત્તરમાંથી આવેલા હોવાથી સમ્યગ્દષ્ટિ પણ છે. અને સ્ત્રીવેદે પણ જન્મ્યા છે. આ વિવક્ષાએ સ્ત્રીવેદમાં ફક્ત વૈ.મિશ્ર અને નપુંસકવેદમાં ફક્ત ઔ. મિશ્ર એમ એકેક યોગ ન હોય પરંતુ આવા દૃષ્ટાન્તો કોઈક જ બને છે. માટે પ્રાયિક છે એમ જાણવું. તથા સપ્તતિકાચૂર્ણિમાં સમ્યક્ત્વસહિત તિર્યંચ મનુષ્યોમાં દેવીમાં પણ ઉત્પન્ન થાય છે. એમ કહ્યું છે. (પંચસંગ્રહ ગુજરાતી ભાષાન્તર પૃષ્ઠ ૪૯૩માં પણ આ વાત કહી છે.) આ વિવક્ષાએ સ્ત્રીવેદમાં ત્રણે યોગ હોય છે. ફક્ત નપુંસકવેદમાં જ ઔદારિકમિશ્ર યોગ જ નથી. એમ જાણવું આ બધી વિવક્ષાઓ ગૌણ કરીને પ્રસિદ્ધ મતને અનુસારે ભાંગા કહીએ છીએ. તેથી વેદ તથા યોગના ગુણાકારમાંથી ૪ પ્રથમથી જ ઓછા કરવા. (૧) નપુંસકવેદે ઔદારિકમિશ્ર, (૨) સ્ત્રીવેદમાં ઔદારિકમિશ્ર, (૩) સ્ત્રીવેદમાં વૈક્રિયમિશ્ર અને (૪) સ્ત્રીવેદમાં કાર્મણકાયયોગ અહીં પણ સરલ પડે એટલે ગુણાકાર યોગથી શરૂ કરીશું. તે ચિત્ર આ પ્રમાણે-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ચોથા ગુણઠાણે બંધહેતુના ભાંગા

| નં. | બંધહેતુઓ | | યોગ | વેદ | જે ન ઘટે તે બાદ | કષાય | યુગલ | કાયવધ | અવિરતિ | ભય | જુગુપ્સા | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | એક કાયવધ લઈએ<br>ત્યારે ગુણાકાર | ૯ | ૧<br>૧૩× | ૧<br>૩= | -<br>૩૯-૪=૩૫× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૬× | ૧<br>૫ | -<br>- | -<br>- | ૮૪૦૦ |
| ૧ | બે કાયવધ લઈએ<br>ત્યારે ગુણાકાર | ૧૦ | ૧<br>૧૩× | ૧<br>૩= | ૩૯-૪=૩૫× | ૩<br>૪× | ૨<br>૨× | ૨<br>૧૫× | ૧<br>૫ | -<br>- | -<br>- | ૨૧૦૦૦ |
| ૨ | એક કાય વધ ભય<br>સાથે ગુણાકાર | ૧૦ | ૧<br>૧૩× | ૧<br>૩= | ૩૯-૪=૩૫× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૬× | ૧<br>૫× | ૧<br>૧× | -<br>- | ૮૪૦૦ |
| ૩ | એક કાયવધ જુગુપ્સા<br>ગુણાકાર | ૧૦ | ૧<br>૧૩× | ૧<br>૩= | ૩૯-૪=૩૫× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૬× | ૧<br>૫× | -<br>- | ૧<br>×૧= | ૮૪૦૦ |
| | | | | | | | | | | | | ૩૭૮૦૦ |
| ૧ | ત્રણ કાયવધ લઈએ<br>ત્યારે ગુણાકાર | ૧૧ | ૧<br>૧૩× | ૧<br>૩= | -<br>૩૯-૪=૩૫× | ૩<br>૪× | ૨<br>૨× | ૩<br>૨૦× | ૧<br>૫ | -<br>- | -<br>- | ૨૮૦૦૦ |
| ૨ | બે કાય વધ અને ભય<br>સાથે ગુણાકાર | ૧૧ | ૧<br>૧૩× | ૧<br>૩= | ૩૯-૪=૩૫× | ૩<br>૪× | ૨<br>૨× | ૨<br>૧૫× | ૧<br>૫× | ૧<br>૧ | - | ૨૧૦૦૦ |
| ૩ | બે કાયવધ અને જુગુપ્સા<br>ગુણાકાર | ૧૧ | ૧<br>૧૩× | ૧<br>૩= | ૩૯-૪=૩૫× | ૩<br>૪× | ૨<br>૨× | ૨<br>૧૫× | ૧<br>૫× | -<br>- | ૧<br>×૧= | ૨૧૦૦૦ |
| ૪ | એક કાય વધ ભય જુગુપ્સા<br>ગુણાકાર | ૧૧ | ૧<br>૧૩× | ૧<br>૩= | ૩૯-૪=૩૫× | ૩<br>૪× | ૨<br>૨× | ૧<br>૬× | ૧<br>૫× | ૧<br>૧ | ૧<br>×૧= | ૮૪૦૦ |
| | | | | | | | | | | | | ૭૮૪૦૦ |

ક-૪/૧૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| નં. | બંધહેતુઓ | | યોગ | વેદ | જે ન ઘટે તે બાદ | કષાય | યુગલ | કાયવધ | અવિરતિ | ભય | જુગુપ્સા | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ચાર કાયવધ લઈએ તો<br>ગુણાકાર | ૧૨ | ૧<br>૧૩× | ૧<br>૩= | -<br>૩૯-૪=૩૫× | ૩<br>૪× | ૨<br>૨× | ૪<br>૧૫× | ૧<br>૫ | -<br>- | -<br>- | ૨૧૦૦૦ |
| ૨ | ત્રણ કાયવધ તથા ભય<br>ગુણાકાર | ૧૨ | ૧<br>૧૩× | ૧<br>૩= | ૩૯-૪=૩૫× | ૩<br>૪× | ૨<br>૨× | ૩<br>૨૦× | ૧<br>૫× | ૧<br>૧ | -<br>- | ૨૮૦૦૦ |
| ૩ | ત્રણ કાય વધ તથા જુગુપ્સા<br>ગુણાકાર | ૧૨ | ૧<br>૧૩× | ૧<br>૩= | ૩૯-૪=૩૫× | ૩<br>૪× | ૨<br>૨× | ૩<br>૨૦× | ૧<br>૫× | -<br>- | ૧<br>૧ | ૨૮૦૦૦ |
| ૪ | બે કાયવધ ભય જુગુપ્સા<br>ગુણાકાર | ૧૨ | ૧<br>૧૩× | ૧<br>૩= | ૩૯-૪=૩૫× | ૩<br>૪× | ૨<br>૨× | ૨<br>૧૫× | ૧<br>૫× | ૧<br>૧× | ૧<br>૧= | ૨૧૦૦૦ |
| | | | | | | | | | | | | ૯૮૦૦૦ |
| ૧ | પાંચ કાયવધ લઈએ તો<br>ગુણાકાર | ૧૩ | ૧<br>૧૩× | ૧<br>૩= | -<br>૩૯-૪=૩૫× | ૩<br>૪× | ૨<br>૨× | ૫<br>૬× | ૧<br>૫ | -<br>- | -<br>- | ૮૪૦૦ |
| ૨ | ચાર કાય વધ ભય<br>ગુણાકાર | ૧૩ | ૧<br>૧૩× | ૧<br>૩= | ૩૯-૪=૩૫× | ૩<br>૪× | ૨<br>૨× | ૪<br>૧૫× | ૧<br>૫× | ૧<br>૧× | - | ૨૧૦૦૦ |
| ૩ | ચાર કાયવધ તથા જુગુપ્સા<br>ગુણાકાર | ૧૩ | ૧<br>૧૩× | ૧<br>૩= | ૩૯-૪=૩૫× | ૩<br>૪× | ૨<br>૨× | ૪<br>૧૫× | ૧<br>૫× | -<br>- | ૧<br>×૧= | ૨૧૦૦૦ |
| ૪ | ત્રણ કાય વધ ભય જુગુપ્સા<br>ગુણાકાર | ૧૩ | ૧<br>૧૩× | ૧<br>૩= | ૩૯-૪=૩૫× | ૩<br>૪× | ૨<br>૨× | ૩<br>૨૦× | ૧<br>૫× | ૧<br>૧ | ૧<br>×૧= | ૨૮૦૦૦ |
| | | | | | | | | | | | | ૭૮૪૦૦ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| નં. | બંધહેતુઓ | | યોગ | વેદ | જે ન ઘટે તે બાદ | કષાય | યુગલ | કાયવધ | અવિરતિ | ભય | જુગુપ્સા | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | છ કાયવધ લઈએ તો<br>ગુણાકાર | ૧૪ | ૧<br>૧૩× | ૧<br>૩= | -<br>૩૯-૪=૩૫× | ૩<br>૪× | ૨<br>૨× | ૬<br>૧× | ૧<br>૫ | -<br>- | -<br>- | ૧૪૦૦ |
| ૨ | પાંચ કાયવધ અને ભય<br>ગુણાકાર | ૧૪ | ૧<br>૧૩× | ૧<br>૩= | ૩૯-૪=૩૫× | ૩<br>૪× | ૨<br>૨× | ૫<br>૬× | ૧<br>૫× | ૧<br>૧ | -<br>- | ૮૪૦૦ |
| ૩ | પાંચ કાય વધ અને જુગુપ્સા<br>ગુણાકાર | ૧૪ | ૧<br>૧૩× | ૧<br>૩= | ૩૯-૪=૩૫× | ૩<br>૪× | ૨<br>૨× | ૫<br>૬× | ૧<br>૫× | -<br>- | ૧<br>૧ | ૮૪૦૦ |
| ૪ | ચાર કાયવધ ભય અને જુગુપ્સા<br>ગુણાકાર | ૧૪ | ૧<br>૧૩× | ૧<br>૩= | ૩૯-૪=૩૫× | ૩<br>૪× | ૨<br>૨× | ૪<br>૧૫× | ૧<br>૫× | ૧<br>૧× | ૧<br>૧= | ૨૧૦૦૦ |
| | | | | | | | | | | | | ૩૯૨૦૦ |
| ૧ | છ કાયવધ તથા ભય<br>ગુણાકાર | ૧૫ | ૧<br>૧૩× | ૧<br>૩= | -<br>૩૯-૪=૩૫× | ૩<br>૪× | ૨<br>૨× | ૬<br>૧× | ૧<br>૫ | ૧<br>૧ | -<br>- | ૧૪૦૦ |
| ૨ | છ કાય વધ તથા જુગુપ્સા<br>ગુણાકાર | ૧૫ | ૧<br>૧૩× | ૧<br>૩= | ૩૯-૪=૩૫× | ૩<br>૪× | ૨<br>૨× | ૬<br>૧× | ૧<br>૫× | -<br>- | ૧<br>૧× | ૧૪૦૦ |
| ૩ | પાંચ કાયવધ ભય તથા જુગુપ્સા<br>ગુણાકાર | ૧૫ | ૧<br>૧૩× | ૧<br>૩= | ૩૯-૪=૩૫× | ૩<br>૪× | ૨<br>૨× | ૫<br>૬× | ૧<br>૫× | ૧<br>૧ | ૧<br>×૧= | ૮૪૦૦ |
| | | | | | | | | | | | | ૧૧૨૦૦ |
| ૧ | છ કાય વધ તથા ભય જુગુપ્સા<br>ગુણાકાર | ૧૬ | ૧<br>૧૩× | ૧<br>૩= | ૩૯-૪=૩૫× | ૩<br>૪× | ૨<br>૨× | ૬<br>૧× | ૧<br>૫× | ૧<br>૧ | ૧<br>×૧= | ૧૪૦૦ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રમાણે ચોથા ગુણઠાણે ૯ થી ૧૬ સુધીના તમામ વિકલ્પોના બંધહેતુના ભાંગા ૩,૫૨૮૦૦ ભાંગા થાય છે.

હવે પાંચમા ગુણઠાણે બંધહેતુના ભાંગા કહેવાના છે. તેમાં ત્રસકાયની અવિરતિ હોતી નથી. તેથી છકાય વધને બદલે હવે પાંચ કાયવધમાંથી જ કોઈ પણ એક કાયવધ, બે કાયવધ, ત્રણ કાયવધ, ચાર કાયવધ અને પાંચ કાયવધ હોય છે. તેથી કાયાના ભાંગાની સંખ્યા બદલાઈ જાય છે. એક કાયવધ લઈએ ત્યાં વારાફરતી પાંચે કાય ફેરવવાથી ૫, બે કાયવધ લઈએ ત્યાં દ્વિસંયોગી ભાંગા ૧૦, ત્રણ કાયવધ લઈએ ત્યાં પણ ૧૦, ચાર કાયવધ લઈએ ત્યાં ૫, અને પાંચે કાયાનો વધ લઈએ ત્યાં ૧ ભાંગો લેવો. યોગ ૧૧ હોય છે કષાય અનંતાનુબંધી તથા અપ્રત્યાખ્યાનીય ન હોવાથી ૮ કષાય તથા ૯ નોકષાય એમ ૧૭ હોય છે. તેથી ચિત્ર આ પ્રમાણે થાય છે.

## પાંચમા ગુણઠાણે બંધહેતુના ભાંગા

| નં. | બંધહેતુ | ઈન્દ્રિય અસંયમ | કાય વધ | કષાય | યુગલ | વેદ | યોગ | ભય | જુગુપ્સા | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | એકકાયવધ ૮ લઈએ તો ગુણાકાર | ૧<br>૫× | ૧<br>૫× | ૨<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૧× | -<br>- | -<br>- | ૬૬૦૦ |
| | | | | | | | | કુલ | ભાંગા | ૬૬૦૦ |
| ૧ | બે કાય વધ ૯ ગુણાકાર | ૧<br>૫× | ૨<br>૧૦× | ૨<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૧× | -<br>- | -<br>- | ૧૩૨૦૦ |
| ૨ | એક કાયવધ ૯ તથા ભય ગુણાકાર | ૧<br>૫× | ૧<br>૫× | ૨<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૧× | ૧<br>૧ | -<br>- | ૬૬૦૦ |
| ૩ | એક કાયવધ ૯ તથા જુગુપ્સા ગુણાકાર | ૧<br>૫× | ૧<br>૫× | ૨<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૧× | -<br>×- | ૧<br>૧ | ૬૬૦૦ |

કુલ ભાંગા ૨૬૪૦૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| નં. | બંધહેતુ | ઈન્દ્રિય અસંયમ | કાય વધ | કષાય | યુગલ | વેદ | યોગ | ભય | જુગુપ્સા | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ત્રણ કાયવધ ૧૦ લઈએ તો ગુણાકાર | ૧<br>૫× | ૩<br>૧૦× | ૨<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૧× | -<br>- | -<br>- | ૧૩૨૦૦ |
| ૨ | બે કાયવધ ૧૦ તથા ભય ગુણાકાર | ૧<br>૫× | ૨<br>૧૦× | ૨<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૧× | ૧<br>૧ | -<br>- | ૧૩૨૦૦ |
| ૩ | બે કાયવધ ૧૦ તથા જુગુપ્સા ગુણાકાર | ૧<br>૫× | ૨<br>૧૦× | ૨<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૧× | - | ૧<br>×૧ | ૧૩૨૦૦ |
| ૪ | એક કાયવધ ૧૦ ભય તથા જુગુપ્સા ગુણાકાર | ૧<br>૫× | ૧<br>૫× | ૨<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૧ | ૧<br>×૧ | ૧<br>×૧ | ૬૬૦૦ |

કુલ ભાંગા ૪૬૨૦૦

| નં. | બંધહેતુ | ઈન્દ્રિય અસંયમ | કાય વધ | કષાય | યુગલ | વેદ | યોગ | ભય | જુગુપ્સા | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ચારકાયવધ ૧૧ લઈએ તો ગુણાકાર | ૧<br>૫× | ૪<br>૫× | ૨<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૧× | -<br>- | -<br>- | ૬૬૦૦ |
| ૨ | ત્રણ કાયવધ ૧૧ તથા ભય ગુણાકાર | ૧<br>૫× | ૩<br>૧૦× | ૨<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૧× | ૧<br>૧ | -<br>- | ૧૩૨૦૦ |
| ૩ | ત્રણ કાયવધ ૧૧ તથા જુગુપ્સા ગુણાકાર | ૧<br>૫× | ૩<br>૧૦× | ૨<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૧× | -<br>- | ૧<br>૧ | ૧૩૨૦૦ |
| ૪ | બે કાયવધ ૧૧ તથા ભય જુગુપ્સા ગુણાકાર | ૧<br>૫× | ૨<br>૧૦× | ૨<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૧× | ૧<br>૧× | ૧<br>૧ | ૧૩૨૦૦ |
| | | | | | | | | કુલ ભાંગા | | ૪૬૨૦૦ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| નં. | બંધહેતુ | ઇન્દ્રિય અસંયમ | કાય વધ | કષાય | યુગલ | વેદ | યોગ | ભય | જુગુપ્સા | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | પાંચ કાયવધ ૧૨ લઈએ તો<br>ગુણાકાર | ૧<br>૫× | ૫<br>૧× | ૨<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૧ | -<br>- | -<br>- | ૧૩૨૦ |
| ૨ | ચાર કાયવધ ૧૨ તથા ભય<br>ગુણાકાર | ૧<br>૫× | ૪<br>૫× | ૨<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૧× | ૧<br>૧ | -<br>- | ૬૬૦૦ |
| ૩ | ચાર કાયવધ ૧૨ તથા જુગુપ્સા<br>ગુણાકાર | ૧<br>૫× | ૪<br>૫× | ૨<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૧× | - | ૧<br>૧ | ૬૬૦૦ |
| ૪ | ત્રણ કાયવધ ૧૨ તથા ભય જુગુપ્સા<br>ગુણાકાર | ૧<br>૫× | ૩<br>૧૦× | ૨<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૧× | ૧<br>-૧× | ૧<br>-૧ | ૧૩૨૦૦<br>૨૭૭૨૦ |

| નં. | બંધહેતુ | ઇન્દ્રિય અસંયમ | કાય વધ | કષાય | યુગલ | વેદ | યોગ | ભય | જુગુપ્સા | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | પાંચ કાયવધ ૧૩ તથા ભય<br>ગુણાકાર | ૧<br>૫× | ૫<br>૧× | ૨<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૧× | ૧<br>૧ | -<br>- | ૧૩૨૦ |
| ૨ | પાંચ કાયવધ ૧૩ તથા જુગુપ્સા<br>ગુણાકાર | ૧<br>૫× | ૫<br>૧× | ૨<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૧× | -<br>- | ૧<br>૧ | ૧૩૨૦ |
| ૩ | ચાર કાયવધ ૧૩ તથા ભય જુગુપ્સા<br>ગુણાકાર | ૧<br>૫× | ૪<br>૫× | ૨<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૧× | ૧<br>૧× | ૧<br>૧ | ૬૬૦૦ |
| | | | | | | | | | | ૯૨૪૦ |
| ૧ | પાંચ કાયવધ ૧૪ તથા ભય જુગુપ્સા<br>ગુણાકાર | ૧<br>૫× | ૫<br>૧× | ૨<br>૪× | ૨<br>૨× | ૧<br>૩× | ૧<br>૧૧× | ૧<br>૧× | ૧<br>૧ | ૧૩૨૦ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રમાણે દેશવિરતિ ગુણઠાણે ૮ થી ૧૪ સુધીના સર્વે વિકલ્પોના બંધહેતુના ભાંગા ૧,૬૩,૬૮૦ થાય છે. હવે છઠ્ઠા પ્રમત્ત ગુણઠાણે બંધહેતુના ભાંગા કહેવાય છે. પ્રમત્ત ગુણઠાણે સર્વવિરતિ હોવાથી છએ ઇન્દ્રિયોનો અસંયમ તથા પાંચે કાયોનો વધ એમ ૧૧ અવિરતિ નીકળી જાય છે. પ્રત્યાખ્યાનાવરણ કષાયની ચોકડી પણ નીકળી જાય છે. તથા ચૌદ પૂર્વધર આહારક રચના કરતા હોવાથી આહારક કાયયોગ અને આહારકમિશ્ર કાયયોગ સંભવે છે. જેથી ૪ સંજ્વલન, ૯ નોકષાય અને ૧૩ યોગ એમ કુલ ૨૬ બંધહેતુ હોય છે. તેમાં સ્ત્રીવેદી જીવોને ચૌદપૂર્વના અધ્યયનનો નિષેધ હોવાથી આહારક શરીરની રચના સંભવતી નથી. તેથી સ્ત્રીવેદે આહારકકાયયોગ અને આહારકમિશ્ર કાયયોગ પ્રથમથી જ આ બેની બાદબાકી કરી લેવી. એક જીવને ઓછામાં ઓછા પાંચ, અને વધુમાં વધુ સાત બંધહેતુ હોય છે. તે આ પ્રમાણે-

તેર યોગ સાથે ત્રણ વેદે ગુણીએ ૧૩ × ૩ = ૩૯ તેમાંથી બે ઓછા કરીએ એટલે ૩૭ તેને બે યુગલે ગુણીએ તો ૭૪, અને ચાર કષાયે ગુણીએ તો ૨૯૬, આ પાંચ બંધહેતુના ભાંગા થયા. તેમાં ભય ભેળવીએ તો છ બંધહેતુના પણ ૨૯૬, તથા જુગુપ્સા એકલી ભેળવીએ તો પણ છ બંધહેતુના ભાંગા ૨૯૬ થાય. અને ભય-જુગુપ્સા બન્ને ભેળવીએ તો સાત બંધહેતુના ૨૯૬ ભાંગા થાય એમ મળીને કુલ ૧૧૮૪ ભાંગા છઠ્ઠે ગુણઠાણે હોય છે.

સાતમા ગુણઠાણે સંજ્વલન ૪ કષાય, ૯ નોકષાય હોય. પરંતુ યોગ ૧૧ જ હોય છે. આહારક તથા વૈક્રિય શરીરની રચના સાતમે પ્રારંભતા નથી. માત્ર છઠ્ઠે પ્રારંભ્યું હોય તો સાતમે આવે છે. તેથી આહારકમિશ્ર અને વૈક્રિયમિશ્ર કાયયોગ છઠ્ઠે હોય છે પરંતુ સાતમે આ બે યોગ સંભવતા નથી. તેથી તે બે વિના શેષ ૧૧ યોગ હોય છે. તેમાં પણ સ્ત્રીવેદીને આહારક કાયયોગ ન હોય એટલે ગુણાકારમાં ૧ ઓછો કરવો તેથી ભાંગા આ પ્રમાણે થાય છે.

અગિયાર યોગની સાથે ત્રણ વેદે ગુણતાં ૧૧ × ૩ = ૩૩, તેમાંથી એક બાદ કરતાં ૩૨, તેને બે યુગલે ગુણતાં ૬૪, તેને ચાર કષાયે ગુણતાં ૨૫૬ થાય. આટલા ભાંગા ૫ બંધહેતુના થાય, તેમાં ભય નાખીએ તો છના પણ ૨૫૬, જુગુપ્સા નાંખીએ તો પણ છના ૨૫૬ અને ભય-જુગુપ્સા બન્ને નાખીએ તો સાત બંધ હેતુના પણ ૨૫૬ એમ સાતમે ગુણઠાણે કુલ ૧૦૨૪ બંધહેતુ ભાંગા હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આઠમા અપૂર્વકરણ ગુણઠાણે આહારકકાયયોગ તથા વૈક્રિય કાયયોગ પણ ન હોય. કારણ કે શ્રેણીનો આરંભ હોવાથી શરીર રચના ન હોય. તેથી ૪ મનના, ૪ વચનના અને ઔદારિક કાયયોગ એમ ૯ યોગ હોય. ૪ સંજ્વલન, અને ૯ નોકષાય એમ ૨૨ બંધહેતુ હોય છે. તેમાંથી એક જીવને જઘન્યથી ૫, ઉત્કૃષ્ટથી ૭ હોય છે.

| | કષાય | યુગલ | વેદ | યોગ | | |
|---|---|---|---|---|---|---|
| ૫ બંધહેતુ | ૧ | ૨ | ૧ | ૧ | =ગુણાકાર | ૪X૨X૩X૯=૨૧૬ |
| ૬ ભય સાથે | ૧ | ૨ | ૧ | ૧ | ભય | ૪X૨X૩X૯X૧=૨૧૬ |
| ૬ જુગુપ્સા સાથે | ૧ | ૨ | ૧ | ૧ | જુગુપ્સા | ૪X૨X૩X૯X૧=૨૧૬ |
| ૭ ભય-જુગુપ્સા | ૧ | ૨ | ૧ | ૧ | ભય | ૪X૨X૩X૯X૧X૧=૨૧૬ |
| બન્ને સાથે | | | | | જુગુપ્સા | કુલ-૮૬૪ |

કુલ આઠસો ચોસઠ ભાંગા હોય છે.

નવમા અનિવૃત્તિ ગુણઠાણે હાસ્યષટ્ક વિના ૧૬ બંધહેતુ હોય છે. ૪ સંજ્વલન, ત્રણ વેદ, નવ યોગ. એમ કુલ ૧૬ બંધહેતુ હોય છે. પરંતુ ત્રણ વેદનો ઉદય નવમાના પ્રથમ ભાગમાં જ હોય છે નવમાના બીજા ભાગથી વેદનો ઉદય ટળી જાય છે. તેથી વેદોદયકાળે ૩ વેદ × ૪ કષાય × ૯ યોગ = ૧૦૮ ભાંગા ત્રણ બંધહેતુના થાય છે. તથા વેદરહિતકાળે ૪ કષાય × ૯ યોગ = ૩૬ ભાંગા બે બંધહેતુના થાય છે. કુલ ૧૪૪ ભાંગા નવમે ગુણઠાણે બંધહેતુના સંભવે છે.

સૂક્ષ્મ સંપરાય ગુણઠાણે માત્ર ૧ સંજ્વલન લોભ અને ૯ યોગ એમ ૧૦ જ બંધહેતુ છે. તેના ૧ × ૯ = ૯ જ ભાંગા થાય છે. અગિયારમા ગુણઠાણે ૯ યોગ માત્ર જ છે તેથી ૯ બંધહેતુ ભાંગા થાય છે. બારમા ગુણઠાણે પણ ૯ યોગ માત્ર જ હોય તેથી બંધહેતુના ભાંગા ૯ થાય છે તેરમે ગુણઠાણે ૭ યોગ માત્ર જ છે તેથી ત્યાં પણ બંધહેતુના ૭ જ ભાંગા થાય છે. ચૌદમું ગુણઠાણું સર્વથા બંધહેતુ રહિત હોવાથી કોઈ પણ ભાંગા ત્યાં સંભવતા નથી. આ પ્રમાણે ચૌદે ગુણઠાણે મળીને કુલ ભાંગા. ૪૭, ૧૩, ૦૧૦ થાય છે. ॥ ૫૮ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચૌદ ગુણસ્થાનકોમાં બંધહેતુઓ કહ્યા. હવે આ જ ગુણસ્થાનકોમાં બંધ-ઉદય-ઉદીરણા અને સત્તા કહેવાનાં છે. ત્યાં પ્રથમ બંધ કહે છે.

**अपमत्तंता सत्तट्ठ, मीस अपुव्व बायरा सत्त।**
**बंधइ छस्सुहुमो एगमुवरिमा बंधगाजोगी ॥ ५९॥**

(अप्रमत्तान्ताः सप्ताष्टौ, मिश्रापूर्वबादराः सप्त ।
बध्नाति षट् सूक्ष्मः एकमुपरिमा अबंधकोऽयोगी ॥ ५९ ॥)

**શબ્દાર્થ-**

अपमत्तंता = અપ્રમત્ત સુધીના,
सत्तट्ठ = સાત અથવા આઠ,
मीस = મિશ્ર,
अपुव्व = અપૂર્વકરણ,
बायरा = બાદરસંપરાયવાળા,
सत्त = સાત કર્મ બાંધે,
बंधइ = બાંધે છે,
छस्सुहुमो = સૂક્ષ્મસંપરાયવાળા છ,
एगमुवरिमा =ઉપરના ગુણસ્થાનકવાળા એક,
बंधगाजोगी =અયોગી ગુણઠાણાવાળા અબંધક છે.

**ગાથાર્થ-** અપ્રમત્ત ગુણઠાણા સુધીના જીવો સાત અથવા આઠ કર્મ બાંધે છે. મિશ્ર-અપૂર્વકરણ અને બાદરસંપરાય ગુણઠાણાવાળા જીવો સાત કર્મો બાંધે છે. સૂક્ષ્મ સંપરાયવાળા છ કર્મ બાંધે છે. ઉપરના ત્રણ ગુણઠાણાવાળા એક કર્મ બાંધે છે. અને અયોગી જીવ અબંધક છે. ॥૫૯॥

**વિવેચન-** મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકથી આરંભી અપ્રમત્ત નામના સાતમા ગુણસ્થાનક સુધીના જીવો (ત્રીજા ગુણસ્થાનક વિના) મૂલ આઠ કર્મો પણ બાંધે છે અને સાત કર્મો પણ બાંધે છે. આયુબંધકાલે આઠ અને શેષકાલે સાત કર્મો બાંધે છે. આયુબંધ ભવમાં એક જ વાર હોય છે. અને તે આયુબંધનો કાલ પણ અંતર્મુહૂર્ત માત્ર જ હોય છે. તેથી તે અંતર્મુહૂર્ત કાલે આઠ અને શેષકાલે સાત કર્મ જીવો બાંધે છે.

ત્રીજા મિશ્ર ગુણઠાણે, આઠમા અપૂર્વકરણે, અને નવમા અનિવૃત્તિ બાદર સંપરાયે વર્તતા જીવો આયુષ્યકર્મ વિના સાત કર્મ જ બાંધે છે. કારણ કે મિશ્રે વર્તતો જીવ તથાસ્વભાવે આયુબંધ કરતો નથી. અને અપૂર્વ તથા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનિવૃત્તિએ અતિશય વિશુધ્યમાન હોવાથી આયુબંધ કરતો નથી. તેથી આયુષ્ય વિના શેષ સાત કર્મો આ ત્રણ ગુણઠાણાવાળા જીવો બાંધે છે. સૂક્ષ્મસંપરાય ગુણઠાણે વર્તતા જીવો આયુષ્ય અને મોહનીય વિના શેષ છ કર્મો બાંધે છે. અતિશય વિશુધ્યમાન હોવાથી આયુષ્યકર્મનો બંધ કરતા નથી. તથા મોહનીયકર્મનો બંધ બાદર કષાયના ઉદયના નિમિત્તે જ થાય છે. અને તે બાદર કષાયનો ઉદય દસમે ગુણઠાણે નથી તેથી દસમે વર્તતા જીવો મોહનીયકર્મ બાંધતા નથી.

દસમાથી ઉપરના ગુણસ્થાનકવર્તી જીવો એટલે કે ૧૧-૧૨-અને ૧૩મા ગુણસ્થાનકવાલા જીવો માત્ર એક વેદનીય કર્મનો જ બંધ કરે છે કારણ કે જ્ઞાનાવરણીયાદિ શેષ છ કર્મોનો બંધ કષાયપ્રત્યયિક છે. અને આ ગુણસ્થાનકોમાં કષાય નથી. તેથી સાત કર્મોનો બંધ થતો નથી. માત્ર વેદનીયકર્મનો બંધ યોગ પ્રત્યયિક હોવાથી અને આ ત્રણે ગુણસ્થાનકોમાં મન-વચન તથા કાયાનો યોગ હોવાથી વેદનીય કર્મ બંધાય છે. અયોગી ગુણઠાણે કર્મબંધના ચારે હેતુઓ ન હોવાથી એક પણ કર્મ જીવો બાંધતા નથી. ॥૫૯॥

ગુણસ્થાનકોમાં બંધ કહીને હવે ઉદય અને સત્તા જણાવે છે.

**आसुहुमं संतुदए, अट्ठ वि मोह विणु सत्त खीणंमि।**
**चउ चरिमदुगे अट्ठ उ, संते उवसंति सत्तुदए॥ ६०॥**

(आसूक्ष्मं सत्तोदययोरष्टावपि, मोहं विना सप्त क्षीणे।
चत्वारि चरिमद्विके, अष्टावपि सत्तायामुपशान्ते सप्तोदये ॥ ६० ॥)

**શબ્દાર્થ-**

आसुहुमं = સૂક્ષ્મસંપરાય સુધી,
संतुदए = સત્તા અને ઉદયમાં,
अट्ठ वि = આઠે કર્મો પણ,
मोह विणु = મોહનીય વિના,
सत्त खीणंमि = ક્ષીણમોહે સાત,
चउ चरिमदुगे = છેલ્લા બે ગુણઠાણે ચાર કર્મ,
अट्ठउ संते = સત્તામાં આઠે કર્મ,
उवसंते = ઉપશાન્તમોહે,
सत्तुदए = ઉદયમાં સાત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ** - સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનક સુધી ઉદય અને સત્તામાં આઠે કર્મો હોય છે. ક્ષીણમોહે મોહનીય વિના સાત કર્મો હોય છે. છેલ્લા બે ગુણઠાણે ચાર કર્મો હોય છે. અને ઉપશાન્તમોહે સત્તામાં આઠ તથા ઉદયમાં સાત કર્મો હોય છે. ll૬૦ll

**વિવેચન** - મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકથી આરંભીને સૂક્ષ્મસંપરાય નામના દસમા ગુણસ્થાનક સુધી ઉદય અને સત્તામાં આઠે મૂલકર્મો હોય છે. કારણ કે ત્યાં સુધી સર્વે મૂલ કર્મો ઉદય-સત્તામાં સંભવે છે. બારમા ગુણઠાણે મોહનીયકર્મ વિના શેષ સાત કર્મોનો જ ઉદય અને સાત કર્મોની જ સત્તા હોય છે. કારણ કે ક્ષીણમોહ ગુણઠાણું હોવાથી અહીં જીવ વીતરાગ છે. તેથી મોહનીય કર્મ ઉદય અને સત્તામાંથી સર્વથા ક્ષીણ થયું છે. તથા તેરમા - ચૌદમા છેલ્લા બે ગુણઠાણાઓમાં વેદનીય-નામ-ગોત્ર અને આયુષ્ય એમ ચાર અઘાતી કર્મોનો જ ઉદય અને આ જ ચાર અઘાતી કર્મોની સત્તા હોય છે. કારણ કે આ બે ગુણઠાણે જીવ સર્વજ્ઞ-સર્વદર્શી હોવાથી ઘાતી કર્મોને સત્તામાંથી જ સંપૂર્ણ પણે ક્ષીણ કર્યાં છે. તેથી ચાર ઘાતીકર્મો અહીં ઉદય કે સત્તામાં સંભવતાં નથી.

તથા ઉપશાન્તમોહ ગુણઠાણે ઉદય સાતનો અને સત્તા આઠની હોય છે. કારણ કે આ ગુણસ્થાનક ઉપશમ શ્રેણીવાળાને જ આવે છે. અને ઉપશમશ્રેણીમાં મોહનીયનો ઉપશમ જ થાય છે. તેથી મોહનીયકર્મ ઉપશાન્ત થયેલ હોવાથી ઉદયમાં આવતું નથી પરંતુ સત્તામાં અવશ્ય હોય છે. ll૬૦ll

હવે ચૌદે ગુણસ્થાનકમાં ઉદીરણા કહે છે.

**उइरंति पमत्तंता, सगट्ठ मीसट्ठ वेयआउ विणा।**
**छग अपमत्ताइ तओ, छ पंच सुहुमो पणुवसंतो॥ ६१॥**

(उदीरयन्ति प्रमत्तान्तास्सप्ताष्टौ, मिश्रोऽष्टौ, वेदनीयायुषी विना।
षडप्रमत्तादयस्ततः षट् पञ्च सूक्ष्मः पञ्चोपशान्तः ॥६१॥)

શબ્દાર્થ-

उइरंति = ઉદીરણા કરે છે.
पमत्तंता = પ્રમત્ત સુધીના,
सगट्ठ = સાત અથવા આઠ,
वेयआउ विणा = વેદનીય અને આયુષ્ય વિના,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

छग = છ કર્મો,
अपमत्ताइ = અપ્રમત્ત વગેરે,
तओ = ત્યારબાદ,
छ पंचसुहुमो=સૂક્ષ્મ સંપરાયે છ અથવા પાંચ
पणुवसंतो = ઉપશાન્તમોહે પાંચ.

**ગાથાર્થ**- મિથ્યાત્વથી (મિશ્ર ગુણઠાણા વિના) પ્રમત્ત ગુણઠાણા સુધીના જીવો સાત અથવા આઠ કર્મોની ઉદીરણા કરે છે. મિશ્રે આઠ કર્મોની જ ઉદીરણા હોય છે. તથા અપ્રમત્તાદિમાં વેદનીય અને આયુષ્ય વિના શેષ છ કર્મોની ઉદીરણા હોય છે. સૂક્ષ્મસંપરાયે છ અથવા પાંચની અને ઉપશાન્ત મોહે પાંચની ઉદીરણા હોય છે. ॥૬૧॥

**વિવેચન** - મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકથી આરંભીને પ્રમત્ત નામના છઠ્ઠા ગુણઠાણા સુધીના જીવો (ત્રીજા ગુણઠાણા વિના) સાત અથવા આઠ કર્મોની જ ઉદીરણા કરે છે. ત્યાં પણ ઉત્પત્તિના પ્રથમ સમયથી જ મૃત્યુની છેલ્લી એક આવલિકા બાકી રહે ત્યાં સુધી સદા આઠે કર્મોની ઉદીરણા ચાલે છે. કારણ કે ઉદય હોય ત્યાં ઉદીરણા નિયમા હોય જ છે. એવો નિયમ હોવાથી સદા આઠની જ ઉદીરણા હોય છે. પરંતુ મૃત્યુકાલની છેલ્લી એક આવલિકામાં આયુષ્યકર્મ વિના શેષ સાતકર્મોની જ ઉદીરણા હોય છે. કારણ કે છેલ્લી એક આવલિકામાં આયુષ્યકર્મની ઉદીરણા હોતી નથી. ઉદીરણાનો અર્થ જ એવો છે કે **"એક આવલિકા બહાર ગોઠવાયેલા કર્મદલિકને ત્યાંથી ઉપાડી ઉદયાવલિકામાં લાવીને નાખવું તે ઉદીરણા"** હવે અહીં આયુષ્ય કર્મ આવલિકા માત્ર જ રહ્યું છે. આવલિકા બહાર આયુષ્યકર્મનાં દલિકો ગોઠવાયેલાં છે જ નહીં તો ઉદીરણા કરે કોની ! આવતા ભવનું બંધાયેલું આયુષ્ય જો કે સત્તામાં છે અને તે આ આવલિકા બહાર છે. પરંતુ તેનો ઉદય નથી. અને જે આયુષ્યનો ઉદય છે તેનાં દલિકો આવલિકા માત્ર જ છે. માટે અન્તિમ આવલિકામાં આયુષ્યની ઉદીરણા નથી. તેથી તે ચરમ આવલિકામાં સાત કર્મોની જ ઉદીરણા હોય છે. મિશ્ર ગુણઠાણે નિયમા આઠ કર્મોની જ ઉદીરણા હોય છે. કારણ કે મિશ્રે વર્તતો જીવ મૃત્યુ પામતો નથી. તેથી અન્તિમ આવલિકા તેને આવતી નથી. માટે સાતની ઉદીરણા ત્યાં સંભવતી નથી.

અપ્રમત્ત-અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ આ ત્રણ ગુણઠાણે વેદનીય અને આયુષ્યકર્મ વિના શેષ છ કર્મોની જ ઉદીરણા હોય છે. આ ત્રણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુણઠાણે વર્તતા જીવો અત્યન્ત અપ્રમત્ત હોવાથી વેદનીય અને આયુષ્યકર્મની ઉદીરણાને યોગ્ય અધ્યવસાયોનો અભાવ હોય છે. તેથી બે કર્મ વિના શેષ છની જ ઉદીરણા સંભવે છે.

સૂક્ષ્મસંપરાય ગુણઠાણે પણ વેદનીય અને આયુષ્યકર્મ વિના શેષ છ કર્મોની ઉદીરણા પ્રથમ સમયથી અન્તિમ એક આવલિકા બાકી રહે ત્યાં સુધી હોય છે. પરંતુ અન્તિમ એક આવલિકા જ્યારે બાકી રહે ત્યારે મોહનીયકર્મ પણ હવે આવલિકા માત્ર જ શેષ હોવાથી અને શેષ મોહનીય ઉપશાન્ત અથવા ક્ષીણ થયેલ હોવાથી મોહનીયની પણ ઉદીરણા અસંભવિત છે. તેથી પાંચ કર્મોની જ ઉદીરણા હોય છે. એમ છ અને પાંચ કર્મોની ઉદીરણા દસમે સંભવે છે. ઉપશાન્તમોહે તો મોહનીયકર્મ સર્વથા ઉપશાન્ત થયેલ હોવાથી તેના વિના તથા વેદનીય અને આયુષ્યની ઉદીરણા પહેલાં જ વારેલી હોવાથી તે વિના શેષ પાંચ કર્મોની જ ઉદીરણા હોય છે. મોહનીયકર્મનો ઉદય નથી માટે ઉદીરણા હોતી નથી. કહ્યું છે કે वेद्यमानमेवोदीर्यते વેદાતું હોય તો જ ઉદીરાય છે. ॥ ૬૧ ॥

**पण दो खीण दु जोगी, णुदीरगु अजोगी थोव उवसंता।**
**संखगुण खीण सुहुमानियट्टिअपुव्व सम अहिया॥ ६२॥**

(पञ्च द्वे क्षीणो द्वे योगी, अनुदीरकोऽयोगी, स्तोका उपशान्ताः।
संख्यातगुणाः क्षीणाः सूक्ष्मानिवृत्त्यपूर्वास्समा अधिकाः ॥ ६२॥)

**શબ્દાર્થ**

पण = પાંચ,
दो = બે,
खीण = ક્ષીણમોહવાળા,
दु = બે,
जोगी = સયોગીગુણઠાણાવાળા,
णुदीरगु = અનુદીરક,
अजोगी = અયોગી, थोव = થોડા,
उवसंता = ઉપશાન્ત મોહવાળા,
संखगुण = સંખ્યાતગુણા,
खीण = ક્ષીણમોહે,
सुहुमानियट्टिअपुव्व = સૂક્ષ્મસંપરાય, અનિવૃત્તિ અને અપૂર્વકરણવાળા,
सम अहिया = માંહોમાંહે સરખા. અને પૂર્વથી અધિક હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ** - ક્ષીણમોહ ગુણઠાણાવાળા જીવો પાંચ અને બેની ઉદીરણા કરે છે. સયોગીકેવલી બેની ઉદીરણા કરે છે. અને અયોગી ભગવાન અનુદીરક હોય છે. ઉપશાન્તમોહવાળા થોડા છે. તેનાથી ક્ષીણમોહવાળા સંખ્યાતગુણા છે. તેનાથી સૂક્ષ્મ-અનિવૃત્તિ અને અપૂર્વ વાળા અધિક છે અને માંહોમાંહે સમાન છે. ॥ ૬૨ ॥

**વિવેચન** - બારમા ક્ષીણમોહ ગુણઠાણે વર્તતા જીવો મોહનીય, આયુષ્ય અને વેદનીય વિના શેષ પાંચ કર્મોની ઉદીરણા પ્રથમ સમયથી કરે છે. પરંતુ જ્યારે બારમા ગુણઠાણાની ફક્ત છેલ્લી એક આવલિકા બાકી રહે છે ત્યારે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય એમ આ ત્રણ કર્મો પણ હવે ક્ષય થવા આવ્યાં છે. તેનું કર્મદલિક પણ હવે માત્ર આવલિકા જ રહ્યું છે. તેથી ઉદીરણા સંભવતી નથી. કારણ કે ઉદીરણાનો અર્થ આવલિકા બહારથી લાવવું તે છે. અને અહીં કર્મદલિક આવલિકા માત્ર જ હોવાથી આવલિકા બહાર કર્મદલિક નથી. તેથી આ જ્ઞાનાવરણીયાદિ ત્રણ કર્મો વિના શેષ નામ અને ગોત્ર એમ બે કર્મોની જ ઉદીરણા છેલ્લી આવલિકામાં હોય છે.

સયોગી કેવલી નામના તેરમા ગુણઠાણે પણ નામ અને ગોત્ર એમ બે જ કર્મોની ઉદીરણા હોય છે. વેદનીય અને આયુષ્યની ઉદીરણા સાતમા ગુણઠાણાથી અટકી ગઈ છે. અને શેષ ઘાતીકર્મો સત્તામાંથી જ ક્ષીણ થયેલાં છે. માટે છ કર્મોની ઉદીરણા તેરમે ગુણઠાણે સંભવતી નથી. તથા અયોગી ગુણઠાણાવાળા જીવો યોગરહિત હોવાથી જ કોઈ પણ કર્મોના અનુદીરક જ છે. કારણ કે ઉદીરણા એ એક **કરણ** છે. સંક્રમ, ઉદીરણા, અપવર્તના, ઉદ્વર્તના, ઉપશમના, વગેરે બધાં મળીને આઠ કરણો છે. તે યોગ સ્વરૂપ છે. તેથી કરણવીર્ય જ્યાં હોય ત્યાં જ હોય છે. અયોગી ભગવાનને લબ્ધિવીર્ય અનંતુ હોય છે. પરંતુ કરણવીર્ય હોતું નથી. તેથી કરણવીર્ય વડે થનારી ઉદીરણા પણ નથી.

હવે ચૌદે ગુણઠાણામાં કયા ગુણઠાણે જીવો થોડા અને કયા ગુણઠાણે જીવો ઘણા, તે સમજાવતું "અલ્પબહુત્વ" દ્વાર જણાવે છે. ઉપશાન્તમોહ ગુણઠાણાવાળા જીવો સૌથી થોડા છે. કારણ કે એકી સાથે આ ગુણસ્થાનકને પામતા જીવો (પ્રતિપદ્યમાનની અપેક્ષાએ) વધુમાં વધુ ૫૪ (ચોપન) જ હોય છે. તે કારણથી સૌથી થોડા છે. તેના કરતાં ક્ષીણમોહ ગુણઠાણાવાળા જીવો પ્રતિપદ્યમાનને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આશ્રયી સંખ્યાતગુણા છે. કારણ કે બારમે ગુણઠાણે એક સાથે આરોહણ કરતા ૧૦૮ જીવો હોય છે. પૂર્વની સંખ્યા કરતાં દ્વિગુણ હોય તે સંખ્યાતગુણ કહેવાય છે. અને જો દ્વિગુણ ન હોય તો વિશેષાધિક કહેવાય છે. આ વિધાન બન્ને ગુણઠાણામાં વધુમાં વધુ પ્રવેશ કરતા જીવોને આશ્રયી કહ્યું છે. અન્યથા આ બન્ને ગુણઠાણાં ક્યારેક સંસારમાં હોય છે અને ક્યારેક નથી પણ હોતાં, તથા ક્યારેક ક્ષીણમોહમાં એકે જીવ ન હોય અને ઉપશાન્તમોહે હોય એમ પણ બને છે. તેથી આ અલ્પબહુત્વ ઉત્કૃષ્ટપદે પ્રવેશ પામતા જીવોને આશ્રયી એટલે કે જ્યારે વધુમાં વધુ જીવોનો પ્રવેશ હોય તે સંખ્યાને આશ્રયી જાણવું.

બારમા ગુણઠાણા કરતાં આઠ-નવ અને દસમા ગુણઠાણાવાળા જીવો વિશેષાધિક જાણવા. કારણ કે આ ત્રણે ગુણઠાણાં બન્ને શ્રેણીઓમાં આવે છે. તેથી ૫૪ + ૧૦૮ એમ કુલ ૧૬૨ જીવો હોઈ શકે છે. તેથી બારમા ગુણઠાણા કરતાં વિશેષાધિક કહ્યા છે. પરંતુ આ ત્રણે ગુણઠાણાઓમાં અરસ-પરસ સરખા જીવો જાણવા. કારણ કે આ ત્રણે ગુણઠાણે ૧૬૨-૧૬૨-૧૬૨ ઉત્કૃષ્ટપદે પ્રતિપદ્યમાન હોય છે. ॥ ૬૨ ॥

**जोगि अपमत्त इयरे, संखगुणा देससासणा मीसा।**
**अविरइ अजोगिमिच्छा, असंख चउरो दुवेणंता॥ ६३॥**

(योगिनोऽप्रमत्ता इतरे संख्यातगुणा देशसास्वादना मिश्राः।
अविरतयोऽयोगिमिथ्यादृष्टयोऽसंख्यातगुणाश्चत्वारो द्वे अनंतगुणाः ॥६३ ॥)

**શબ્દાર્થ-**

| | |
|---|---|
| **जोगि** = સયોગી કેવલી, | **अजोगी** = અયોગી, |
| **अपमत्त** = અપ્રમત્ત, | **मिच्छा** = મિથ્યાત્વી આ |
| **इयरे** = પ્રમત્ત, | છમાંથી પ્રથમના |
| **संखगुणा** = સંખ્યાતગુણા, | **चउरो** = ચાર, |
| **देससासणा**=દેશવિરતિ અને સાસ્વાદન, | **असंख** = અસંખ્યાતગુણા, |
| **मीसा** = મિશ્ર, | **दुवे** = બે, |
| **अविरइ** = અવિરતિ | **णंता** = અનંતગુણા છે. |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ**- સયોગી, અપ્રમત્ત, અને પ્રમત્ત મુનિ સંખ્યાતગુણા છે. તથા દેશવિરતિ, સાસ્વાદની, મિશ્ર, અવિરતિ, અયોગી અને મિથ્યાત્વી. આ છમાંથી પ્રથમના ચાર અસંખ્યાતગુણા છે. અને છેલ્લા બે અનંતગુણા છે. ॥ ૬૩ ॥

**વિવેચન** - ઉપર કહેલ સૂક્ષ્મસંપરાયાદિ (૧૦-૯ અને ૮) ગુણઠાણાવાળા જીવો કરતાં સયોગી કેવલી તેરમા ગુણઠાણાવાળા જીવો સંખ્યાતગુણા જાણવા. કારણ કે તે જીવો ઉત્કૃષ્ટથી "કોટિપૃથક્ત્વ" બેથી નવ ક્રોડની સંખ્યાવાળા હોય છે. જગચિંતામણિના ચૈત્યવંદનમાં **नव कोडीहिं केवलिण** ઇત્યાદિ પાઠથી જણાવેલું છે. તેના કરતાં **अपमत्त** = અપ્રમત્ત ગુણઠાણાવાળા જીવો સંખ્યાતગુણા છે. કારણ કે અપ્રમત્ત મુનિઓ ઉત્કૃષ્ટપદે "કોટિસહસ્રપૃથક્ત્વ" હોય છે એટલે કે બે હજારથી નવ હજાર ક્રોડ મુનિઓ હોય છે. તે કારણથી તેરમા ગુણઠાણાવાળા કરતાં સાતમાવાળા સંખ્યાતગુણા છે. તેના કરતાં પ્રમત્ત મુનિઓ સંખ્યાતગુણા છે. જો કે પ્રમત્ત મુનિઓની પણ સંખ્યા કોટિસહસ્ર પૃથક્ત્વ જ આવે છે તો પણ અપ્રમાદાવસ્થાના કાળ કરતાં પ્રમાદ અવસ્થાનો કાળ જીવોમાં વધારે જ હોય છે. તેથી અપ્રમત્તની સંખ્યા કરતાં પ્રમત્તની સંખ્યા સંખ્યાતગુણી જ રહે છે. સ્વોપજ્ઞ ટીકામાં તથા બાલાવબોધમાં ઉપરોક્ત હકીકત લખી છે. પરંતુ મહેસાણા પાઠશાળા વાળા ગુજરાતી વિવેચનમાં અપ્રમત્તે કોટિશતપૃથક્ત્વ અને પ્રમત્તે કોટિસહસ્રપૃથક્ત્વ લખ્યું છે. એટલે આવો પાઠ પણ બીજા કોઈ શાસ્ત્રોમાં હશે. છતાં બન્નેનો ફલિતાર્થ સંખ્યાતગુણાની બાબતમાં સરખો જ થાય છે.

પ્રમત્ત મુનિઓ કરતાં (૧) દેશવિરતિ, (૨) સાસ્વાદન, (૩) મિશ્ર, અને (૪) અવિરતસમ્યગ્દષ્ટિ આ ચાર ગુણઠાણાવાળા જીવો અનુક્રમે અસંખ્યાતગુણા જાણવા. કારણ કે પ્રમત્ત ગુણસ્થાનક તો માત્ર મનુષ્યોમાં જ હોય છે. જ્યારે દેશવિરતિ ગુણસ્થાનક તો ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચોને પણ હોય છે. અને તે તિર્યંચો અસંખ્યાત પણ સંભવે છે. તેથી દેશવિરતિએ જીવો અસં. ગુણ હોય છે. તેના કરતાં સાસ્વાદની જીવો અસંખ્યાતગુણા છે. (જો કે સાસ્વાદન કાયમ હોતું નથી. ક્યારેક હોય છે ક્યારેક નથી પણ હોતું. તો પણ જ્યારે હોય છે ત્યારે એક-બે-પાંચ જીવો પણ હોય છે. અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત જીવો પણ હોય છે.) કારણ કે તે ચારે ગતિમાં આવી શકે છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યારે દેશવિરતિ તો માત્ર તિર્યંચ અને મનુષ્યને જ હોય છે. માટે સાસ્વાદની જીવો દેશવિરતિ કરતાં અસંખ્યાત ગુણા છે. તેના કરતાં મિશ્રગુણસ્થાનકવર્તી જીવો અસંખ્યાતગુણા છે. કારણ કે સાસ્વાદનનો કાલ ફક્ત છ આવલિકા જ છે. અને મિશ્રનો કાળ તો અંતર્મુહૂર્ત છે. તેથી કાલ દીર્ઘ હોવાથી ત્યાં પ્રવેશ પામતા અને પ્રવેશ પામેલા જીવોની સંખ્યા ઘણી હોઈ શકે છે. મિશ્ર ગુણસ્થાનકવર્તી જીવો કરતાં અવિરત સમ્યગ્દષ્ટિ જીવો અસંખ્યાતગુણા છે. કારણ કે તેનો કાળ તેત્રીસ સાગરોપમથી પણ કંઈક અધિક છે. તેથી તેમાં જીવો વધારે હોય છે. તથા ચોથા ગુણઠાણા વાળા જીવો ચારે ગતિમાં પણ સંભવે છે અને ચોથે ગુણઠાણે જીવો દીર્ઘકાળ પણ રહે છે.

અવિરત સમ્યગ્દષ્ટિ કરતાં અયોગી ગુણઠાણાવાળા જીવો અનંતગુણા છે. કારણ કે સર્વે સિદ્ધો અયોગી હોવાથી ભવસ્થ તથા અભવસ્થ બન્ને જીવો સાથે ગણતાં સારી રીતે અનંતગુણા થાય છે. તેના કરતાં મિથ્યાદષ્ટિ જીવો અનંતગુણા છે કારણ કે સાધારણ વનસ્પતિકાયના જ માત્ર જીવો (સૂક્ષ્મ-બાદર નિગોદના જીવો) સિદ્ધભગવંતો કરતાં પણ અનંતગુણા છે તો સર્વે મિથ્યાત્વી જીવો તો અસંખ્યાતગુણ હોય જ. આ પ્રમાણે ચૌદે ગુણસ્થાનક ઉપર અલ્પબહુત્વ દ્વાર અહીં કહ્યું. છતાં તેમાં કંઈક વિશેષતા જાણવા જેવી છે. તે આ પ્રમાણે- આ ચૌદ ગુણસ્થાનકમાં ૧-૪-૫-૬-૭-૧૩ આ નંબરવાળાં ૬ ગુણસ્થાનકો આ સંસારમાં કાયમ છે જ. કારણ કે વનસ્પતિકાય આદિમાં મિથ્યાત્વી સદા છે. મહાવિદેહ આદિ ક્ષેત્રોમાં અવિરતસમ્યગ્દષ્ટિ, દેશવિરતિ-પ્રમત્ત અને અપ્રમત્ત જીવો સદા હોય છે. ભરત-ઐરાવતમાં છઠ્ઠા આરામાં અને ઉત્સર્પિણીના પહેલા-બીજા આરામાં આ ગુણઠાણાં કદાચ ન હોય તો પણ તે કાલે મહાવિદેહમાં તો હોય જ છે. તેવી જ રીતે સયોગી કેવલી પણ મહાવિદેહમાં સદા હોય છે. તેથી આ છ ગુણસ્થાનક ધ્રુવ ગુણસ્થાનક કહેવાય છે. અને બાકીનાં આઠ ગુણસ્થાનક આ સંસારમાં સદા હોતાં નથી. ક્યારેક હોય છે. અને ક્યારેક નથી હોતાં. તેથી તે આઠને અધ્રુવ ગુણસ્થાનક કહેવાય છે. તેથી તે આઠ ગુણસ્થાનકોમાંથી ક્યારેક એક જ ગુણસ્થાનક સંસારમાં હોય છે. ક્યારેક બે હોય છે. ક્યારેક ત્રણ, ક્યારેક ચાર, ક્યારેક પાંચ, ક્યારેક છ, ક્યારેક સાત અને ક્યારેક આઠે આઠ પણ હોય છે. તેથી તેના હોવા અને ન હોવાના કારણે ઘણા ભાંગા થાય છે તે સમજાવાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાસ્વાદન, મિશ્ર, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, સૂક્ષ્મસંપરાય, ઉપશાન્ત-મોહ, ક્ષીણમોહ અને અયોગી આ આઠ ગુણસ્થાનક અધ્રુવ છે. તેના નંબરો અનુક્રમે ૨-૩-૮-૯-૧૦-૧૧-૧૨-૧૪ છે. પરંતુ સમજવા સહેલા પડે તેથી તેના ક્રમાંક લાઇનસર ૧-૨-૩-૪-૫-૬-૭-૮ અહીં લખીશું. માટે ૧ એટલે સાસ્વાદન, ૨ એટલે મિશ્ર, ૩ એટલે અપૂર્વકરણ, એમ ૮ એટલે અયોગી સમજવું. આ સંસારમાં ઉપરોક્ત આઠ ગુણઠાણામાંથી જ્યારે કોઈ પણ એક ગુણઠાણું જ હોય ત્યારે સાસ્વાદન પણ હોય, અથવા મિશ્ર પણ હોય એમ અપૂર્વકરણાદિ કોઈ પણ એક હોય, તેથી તેના ૮ ભાંગા થાય છે. આ આઠે ભાંગામાં એકેક જ ગુણસ્થાનક આવતું હોવાથી તે આઠને "એકસંયોગી ભાંગા ૮" એમ કહેવાય છે.

હવે આ આઠમાંથી કોઈ પણ બે ગુણસ્થાનક સંસારમાં હોય તો સાસ્વાદન-મિશ્ર, અથવા સાસ્વાદન-અપૂર્વ, ઈત્યાદિ ગમે તે બે હોઈ શકે છે. તેથી બે-બેનાં જોડકાં ૨૮ થાય છે. તે દ્વિસંયોગી કહેવાય છે. એવી જ રીતે સંસારમાં કોઈક વખત ત્રણ-ત્રણ ગુણઠાણાં હોય એમ પણ બને છે જેમ કે સાસ્વાદન-મિશ્ર-અપૂર્વ અથવા સાસ્વાદન-મિશ્ર-અનિવૃત્તિ, સાસ્વાદન-મિશ્ર-સૂક્ષ્મસંપરાય ઈત્યાદિ. તેના ૫૬ ભાંગા થાય છે. તેને ત્રિસંયોગી ભાંગા કહેવાય છે. એવી જ રીતે ક્યારેક ચાર-ચાર ગુણઠાણાં સંસારમાં હોય છે તેના ૭૦ ભાંગા થાય છે. તે ચતુઃસંયોગી કહેવાય છે. એ પ્રમાણે પંચસંયોગી ૫૬, છ સંયોગી ૨૮, સાત સંયોગી ૮, અને આઠ સંયોગી ૧, ભાંગો થાય છે. તેનું ચિત્ર આલેખીને સમજાવીએ છીએ. પરંતુ ગુણસ્થાનકોના અનુક્રમ નંબર- ૧-૨-૩-૪-૫-૬-૭-૮ લખીને સમજાવીશું. જેથી સમજવા સરળ પડે.

(૧) એકસંયોગી ભાંગા-આઠ. ૧ / ૨ / ૩ / ૪ / ૫ / ૬ / ૭ / ૮

(૨) દ્વિસંયોગી ભાંગા-૨૮

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧-૨ | ૧-૬ | ૨-૪ | ૨-૮ | ૩-૭ | ૪-૭ | ૫-૮ |
| ૧-૩ | ૧-૭ | ૨-૫ | ૩-૪ | ૩-૮ | ૪-૮ | ૬-૭ |
| ૧-૪ | ૧-૮ | ૨-૬ | ૩-૫ | ૪-૫ | ૫-૬ | ૬-૮ |
| ૧-૫ | ૨-૩ | ૨-૭ | ૩-૬ | ૪-૬ | ૫-૭ | ૭-૮ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૩) ત્રિસંયોગી ભાંગા-૫૬

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧-૨-૩ | ૧-૩-૬ | ૧-૫-૭ | ૨-૩-૭ | ૨-૫-૮ | ૩-૫-૬ | ૪-૫-૮ |
| ૧-૨-૪ | ૧-૩-૭ | ૧-૫-૮ | ૨-૩-૮ | ૨-૬-૭ | ૩-૫-૭ | ૪-૬-૭ |
| ૧-૨-૫ | ૧-૩-૮ | ૧-૬-૭ | ૨-૪-૫ | ૨-૬-૮ | ૩-૫-૮ | ૪-૬-૮ |
| ૧-૨-૬ | ૧-૪-૫ | ૧-૬-૮ | ૨-૪-૬ | ૨-૭-૮ | ૩-૬-૭ | ૪-૭-૮ |
| ૧-૨-૭ | ૧-૪-૬ | ૧-૭-૮ | ૨-૪-૭ | ૩-૪-૫ | ૩-૬-૮ | ૫-૬-૭ |
| ૧-૨-૮ | ૧-૪-૭ | ૨-૩-૪ | ૨-૪-૮ | ૩-૪-૬ | ૩-૭-૮ | ૫-૬-૮ |
| ૧-૩-૪ | ૧-૪-૮ | ૨-૩-૫ | ૨-૫-૬ | ૩-૪-૭ | ૪-૫-૬ | ૫-૭-૮ |
| ૧-૩-૫ | ૧-૫-૬ | ૨-૩-૬ | ૨-૫-૭ | ૩-૪-૮ | ૪-૫-૭ | ૬-૭-૮ |

## (૪) ચતુઃસંયોગી ભાંગા - ૭૦

| | | | | |
|---|---|---|---|---|
| ૧-૨-૩-૪ | ૧-૨-૭-૮ | ૧-૪-૬-૭ | ૨-૩-૬-૭ | ૩-૪-૫-૭ |
| ૧-૨-૩-૫ | ૧-૩-૪-૫ | ૧-૪-૬-૮ | ૨-૩-૬-૮ | ૩-૪-૫-૮ |
| ૧-૨-૩-૬ | ૧-૩-૪-૬ | ૧-૪-૭-૮ | ૨-૩-૭-૮ | ૩-૪-૬-૭ |
| ૧-૨-૩-૭ | ૧-૩-૪-૭ | ૧-૫-૬-૭ | ૨-૪-૫-૬ | ૩-૪-૬-૮ |
| ૧-૨-૩-૮ | ૧-૩-૪-૮ | ૧-૫-૬-૮ | ૨-૪-૫-૭ | ૩-૪-૭-૮ |
| ૧-૨-૪-૫ | ૧-૩-૫-૬ | ૧-૫-૭-૮ | ૨-૪-૫-૮ | ૩-૫-૬-૭ |
| ૧-૨-૪-૬ | ૧-૩-૫-૭ | ૧-૬-૭-૮ | ૨-૪-૬-૭ | ૩-૫-૬-૮ |
| ૧-૨-૪-૭ | ૧-૩-૫-૮ | ૨-૩-૪-૫ | ૨-૪-૬-૮ | ૩-૫-૭-૮ |
| ૧-૨-૪-૮ | ૧-૩-૬-૭ | ૨-૩-૪-૬ | ૨-૪-૭-૮ | ૩-૬-૭-૮ |
| ૧-૨-૫-૬ | ૧-૩-૬-૮ | ૨-૩-૪-૭ | ૨-૫-૬-૭ | ૪-૫-૬-૭ |
| ૧-૨-૫-૭ | ૧-૩-૭-૮ | ૨-૩-૪-૮ | ૨-૫-૬-૮ | ૪-૫-૬-૮ |
| ૧-૨-૫-૮ | ૧-૪-૫-૬ | ૨-૩-૫-૬ | ૨-૫-૭-૮ | ૪-૫-૭-૮ |
| ૧-૨-૬-૭ | ૧-૪-૫-૭ | ૨-૩-૫-૭ | ૨-૬-૭-૮ | ૪-૬-૭-૮ |
| ૧-૨-૬-૮ | ૧-૪-૫-૮ | ૨-૩-૫-૮ | ૩-૪-૫-૬ | ૫-૬-૭-૮ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૫) પંચસંયોગી ભાંગા-૫૬

| | | | |
|---|---|---|---|
| ૧-૨-૩-૪-૫ | ૧-૨-૪-૬-૮ | ૧-૩-૫-૭-૮ | ૨-૩-૫-૬-૮ |
| ૧-૨-૩-૪-૬ | ૧-૨-૪-૭-૮ | ૧-૩-૬-૭-૮ | ૨-૩-૫-૭-૮ |
| ૧-૨-૩-૪-૭ | ૧-૨-૫-૬-૭ | ૧-૪-૫-૬-૭ | ૨-૩-૬-૭-૮ |
| ૧-૨-૩-૪-૮ | ૧-૨-૫-૬-૮ | ૧-૪-૫-૬-૮ | ૨-૪-૫-૬-૭ |
| ૧-૨-૩-૫-૬ | ૧-૨-૫-૭-૮ | ૧-૪-૫-૭-૮ | ૨-૪-૫-૬-૮ |
| ૧-૨-૩-૫-૭ | ૧-૨-૬-૭-૮ | ૧-૪-૬-૭-૮ | ૨-૪-૫-૭-૮ |
| ૧-૨-૩-૫-૮ | ૧-૩-૪-૫-૬ | ૧-૫-૬-૭-૮ | ૨-૪-૬-૭-૮ |
| ૧-૨-૩-૬-૭ | ૧-૩-૪-૫-૭ | ૨-૩-૪-૫-૬ | ૨-૫-૬-૭-૮ |
| ૧-૨-૩-૬-૮ | ૧-૩-૪-૫-૮ | ૨-૩-૪-૫-૭ | ૩-૪-૫-૬-૭ |
| ૧-૨-૩-૭-૮ | ૧-૩-૪-૬-૭ | ૨-૩-૪-૫-૮ | ૩-૪-૫-૬-૮ |
| ૧-૨-૪-૫-૬ | ૧-૩-૪-૬-૮ | ૨-૩-૪-૬-૭ | ૩-૪-૫-૭-૮ |
| ૧-૨-૪-૫-૭ | ૧-૩-૪-૭-૮ | ૨-૩-૪-૬-૮ | ૩-૪-૬-૭-૮ |
| ૧-૨-૪-૫-૮ | ૧-૩-૫-૬-૭ | ૨-૩-૪-૭-૮ | ૩-૫-૬-૭-૮ |
| ૧-૨-૪-૬-૭ | ૧-૩-૫-૬-૮ | ૨-૩-૫-૬-૭ | ૪-૫-૬-૭-૮ |

## (૬) છ સંયોગી ભાંગા - ૨૮

| | | | |
|---|---|---|---|
| ૧-૨-૩-૪-૫-૬ | ૧-૨-૩-૫-૬-૮ | ૧-૨-૫-૬-૭-૮ | ૨-૩-૪-૫-૬-૭ |
| ૧-૨-૩-૪-૫-૭ | ૧-૨-૩-૫-૭-૮ | ૧-૩-૪-૫-૬-૭ | ૨-૩-૪-૫-૬-૮ |
| ૧-૨-૩-૪-૫-૮ | ૧-૨-૩-૬-૭--૮ | ૧-૩-૪-૫-૬-૮ | ૨-૩-૪-૫-૭-૮ |
| ૧-૨-૩-૪-૬-૭ | ૧-૨-૪-૫-૬-૭ | ૧-૩-૪-૫-૭-૮ | ૨-૩-૪-૬-૭-૮ |
| ૧-૨-૩-૪-૬-૮ | ૧-૨-૪-૫-૬-૮ | ૧-૩-૪-૬-૭-૮ | ૨-૩-૫-૬-૭-૮ |
| ૧-૨-૩-૪-૭-૮ | ૧-૨-૪-૫-૭-૮ | ૧-૩-૫-૬-૭-૮ | ૨-૪-૫-૬-૭-૮ |
| ૧-૨-૩-૫-૬-૭ | ૧-૨-૪-૬-૭-૮ | ૧-૪-૫-૬-૭-૮ | ૩-૪-૫-૬-૭-૮ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૭) સાત સંયોગી ભાંગા - ૮

| | |
|---|---|
| ૧-૨-૩-૪-૫-૬-૭ | ૧-૨-૩-૫-૬-૭-૮ |
| ૧-૨-૩-૪-૫-૬-૮ | ૧-૨-૪-૫-૬-૭-૮ |
| ૧-૨-૩-૪-૫-૭-૮ | ૧-૩-૪-૫-૬-૭-૮ |
| ૧-૨-૩-૪-૬-૭-૮ | ૨-૩-૪-૫-૬-૭-૮ |

(૮) આઠ સંયોગી ભાંગા -૧ - ૧-૨-૩-૪-૫-૬-૭-૮

આ પ્રમાણે આ અધ્રુવ ગુણઠાણાના ભાંગા થાય છે. તેમાં પણ કોઈક કાલે તે તે ગુણઠાણે ૧ જીવ હોય. અને કોઈક કાળે તે તે ગુણઠાણે બહુ=અનેક જીવો પણ હોય. તેથી તે સર્વેના એક-અનેકના ભાંગા કરીએ તો દ્વિગુણ દ્વિગુણ થાય છે. જેમકે એકસંયોગીના જે ૮ ભાંગા છે. તે આઠે ગુણઠાણામાં એક-અનેકના બે બે ભાંગા થાય છે. પરંતુ દ્વિસંયોગી જે ૨૮ ભાંગા થાય છે તે દરેકમાં એક-અનેકના ચાર-ચાર ભાંગા થાય છે. ત્રિસંયોગી જે ૫૬ ભાંગા છે. તેમાં એક-અનેકના આઠ આઠ ભાંગા થાય છે. ચતુઃસંયોગી જે ૭૦ ભાંગા છે તેમાં એક-અનેકના સોળ સોળ ભાંગા થાય છે. તથા પંચસંયોગી જે ૫૬ ભાંગા છે. તેમાં એક-અનેકના બત્રીસ-બત્રીસ ભાંગા થાય છે એમ આગળ-આગળ પણ સમજવું. તે આ પ્રમાણે-

**એકસંયોગી**

(૧) સાસ્વાદન — એક, અનેક

(૨) મિશ્ર — એક, અનેક

(૩) અપૂર્વકરણ — એક, અનેક

આ પ્રમાણે એક સંયોગી ૮ ભાંગામાં બે બે ભાંગા થાય છે.

**દ્વિસંયોગી**

| | સાસ્વાદન | મિશ્ર |
|---|---|---|
| (૧) | એક | એક |
| (૨) | એક | અનેક |
| (૩) | અનેક | એક |
| (૪) | અનેક | અનેક |

આ પ્રમાણે દ્વિસંયોગી ૨૮ ભાંગામાં ચાર ચાર ભાંગા થાય છે.

**ત્રિસંયોગી**

| સાસ્વાદન | મિશ્ર | અપૂર્વ |
|---|---|---|
| ૧ | ૧ | ૧ |
| ૧ | ૧ | અનેક |
| ૧ | અનેક | ૧ |
| ૧ | અનેક | અનેક |
| અનેક | ૧ | ૧ |
| અનેક | ૧ | અનેક |
| અનેક | અનેક | ૧ |
| અનેક | અનેક | અનેક |

આ પ્રમાણે ત્રિસંયોગી ૫૬માં આઠ આઠ ભાંગા થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રમાણે ચતુઃસંયોગી ૭૦માં એકેક ભાંગામાં એક-અનેકના સોળ-સોળ. તથા પંચસંયોગી. પ૬માં એકેક ભાંગામાં એક-અનેકના બત્રીસ-બત્રીસ. તથા છ સંયોગી ૨૮માં એકેક ભાંગામાં એક-અનેકના ચોસઠ-ચોસઠ તથા સપ્તસંયોગી ૮ માં એકેક ભાંગામાં એક-અનેકના ૧૨૮-૧૨૮ તથા અષ્ટસંયોગી ૧ માં એક-અનેકના ૨૫૬-૨૫૬ થાય છે. તે સર્વેનું ચિત્ર આ પ્રમાણે છે.

| કેટલા સંયોગી | સંયોગી ભાંગા | એક-અનેકના ભાંગા | કુલ ભાંગા | |
|---|---|---|---|---|
| એક સંયોગી | ૮ | × ૨ | ૧૬ | આ પ્રમાણે આ અધ્રુવ આઠ ગુણસ્થાનકોના સંયોગીભાંગા ૨૫૫ થાય છે. તે દરેકના એક અનેકના ભાંગા કરવા જતાં ૬૫૬૦ ભાંગા થાય છે બાકીના ૬ ધ્રુવગુણસ્થાનકમાં જીવો સદા હોય જ છે. |
| બે સંયોગી | ૨૮ | × ૪ | ૧૧૨ | |
| ત્રિસંયોગી | ૫૬ | × ૮ | ૪૪૮ | |
| ચતુઃસંયોગી | ૭૦ | × ૧૬ | ૧૧૨૦ | |
| પંચસંયોગી | ૫૬ | × ૩૨ | ૧૭૯૨ | |
| ષટ્સંયોગી | ૨૮ | × ૬૪ | ૧૭૯૨ | |
| સપ્તસંયોગી | ૮ | × ૧૨૮ | ૧૦૨૪ | |
| અષ્ટસંયોગી | ૧ | × ૨૫૬ | ૨૫૬ | |
| | ૨૫૫ | | ૬૫૬૦ | |

અહીં આઠ અધ્રુવ ગુણસ્થાનક હોવાથી આઠ સુધીના જ સંયોગી ભાંગા તથા એક-અનેકના ભાંગા સમજાવ્યા છે. પરંતુ જો વધારે પદો હોય અને તેના સંયોગી ભાંગાની સંખ્યા માત્ર જાણવી હોય તો તેની આવા પ્રકારની રીત છે કે તે તમામ પદોના આંક ક્રમસર મુકવા. તેની ઉપર ઉલટા ક્રમે તમામ આંક મુકવા. ત્યારબાદ નીચેના આંકથી ગુણવા. અને ઉપરના આંકથી ભાગવા. જેથી સંયોગી ભાંગાની સંખ્યા આવશે. જેમ કે આ આઠ પદો માટે જોઈએ

૮-૭-૬-૫-૪-૩-૨-૧

૧-૨-૩-૪-૫-૬-૭-૮ - ક્રમસર આંક મુક્યા. તેની ઉપર આ આંક ઉલટા ક્રમે મુકવાના છે ઉપર મુક્યા પછી નીચેની લાઈનનો છેલ્લો આંક જે ૮ છે. તેને ઉપરના ૧ વડે ભાગો. એટલે ૧ સંયોગી આઠ ભાંગા થશે. પછી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ આઠ ભાંગાને નીચેના સાત વડે ગુણો અને ઉપરના બે વડે ભાગો એટલે દ્વિસંયોગી ૨૮ ભાંગા થશે. ત્યારબાદ તે ૨૮ ને નીચેના છ વડે ગુણો અને ઉપરના ત્રણ વડે ભાગો એટલે ત્રિસંયોગી ૫૬ ભાંગા થશે. ત્યારબાદ તે ૫૬ ભાંગાને નીચેના પાંચ વડે ગુણો અને ઉપરના ચાર વડે ભાગો એટલે ચતુઃસંયોગી ૭૦ ભાંગા થશે: એવી જ રીતે આ ૭૦ ભાંગાને નીચેના ચાર વડે ગુણો અને ઉપરના પાંચ વડે ભાગો, જેથી પંચસંયોગી ૫૬ ભાંગા થશે. આ રીતે ગમે તેટલા પદના ભાંગા કરી શકાય છે. આ પ્રમાણે ચૌદ ગુણસ્થાનક ઉપર "चउदसगुणेसु जिअजोगु०" ઈત્યાદિ પ્રક્ષેપગાથા ત્રીજીમાં કહેલાં દશે દ્વારો પૂરાં કર્યાં તેનું ચિત્ર આ પ્રમાણે છે-

| ગુણસ્થાનકનું નામ | જીવ સ્થા. | યોગ | ઉપયોગ | લેશ્યા | બંધ હેતુ | બંધ | ઉદય | ઉદી. | સત્તા | અલ્પબહુત્વ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ મિથ્યાત્વ | ૧૪ | ૧૩ | ૫ | ૬ | ૫૫ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ | અનંતગુણ ૧૪ |
| ૨ સાસ્વાદન | ૭ | ૧૩ | ૫ | ૬ | ૫૦ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ | અસં.ગુણ ૧૦ |
| ૩ મિશ્ર | ૧ | ૧૦ | ૬ | ૬ | ૪૩ | ૭ | ૮ | ૮ | ૮ | અસં.ગુણ ૧૧ |
| ૪ અવિરતસ. | ૨ | ૧૩ | ૬ | ૬ | ૪૬ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ | અસં.ગુણ ૧૨ |
| ૫ દેશવિરતિ | ૧ | ૧૧ | ૬ | ૬ | ૩૯ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ | અસં. ગુણ ૯ |
| ૬ પ્રમત્ત | ૧ | ૧૩ | ૭ | ૬ | ૨૬ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ | સંખ્યાતગુણ ૮ |
| ૭ અપ્રમત્ત | ૧ | ૧૧ | ૭ | ૩ | ૨૪ | ૭/૮ | ૮ | ૬ | ૮ | સંખ્યાતગુણ ૭ |
| ૮ અપૂર્વકરણ | ૧ | ૯ | ૭ | ૧ | ૨૨ | ૭ | ૮ | ૬ | ૮ | તુલ્ય ૫ |
| ૯ અનિવૃત્તિ | ૧ | ૯ | ૭ | ૧ | ૧૬ | ૭ | ૮ | ૬ | ૮ | તુલ્ય ૪ |
| ૧૦ સૂક્ષ્મસંપ. | ૧ | ૯ | ૭ | ૧ | ૧૦ | ૬ | ૮ | ૬/૫ | ૮ | વિશેષાધિક ૩ |
| ૧૧ ઉપ.મોહ | ૧ | ૯ | ૭ | ૧ | ૯ | ૧ | ૭ | ૫ | ૮ | થોડા ૧ |
| ૧૨ ક્ષીણમોહ | ૧ | ૯ | ૭ | ૧ | ૯ | ૧ | ૭ | ૫/૨ | ૭ | સં.ગુ. ૨ |
| ૧૩ સયોગી | ૧ | ૭ | ૨ | ૧ | ૭ | ૧ | ૪ | ૨ | ૪ | સં.ગુ. ૬ |
| ૧૪ અયોગી | ૧ | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૪ | ૦ | ૪ | અનંતગુણા ૧૩ |

આ પ્રમાણે ચૌદે ગુણસ્થાનક ઉપર દશ દ્વાર સવિસ્તરપણે સમાપ્ત કરીને હવે પાંચ ભાવો સમજાવીશું. તે પાંચ ભાવો આ પ્રમાણે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**उवसमखयमीसोदय-परिणामा दु नव द्वार इगवीसा ।**
**तिअभेअ सन्निवाइय, सम्मं चरणं पढमभावे ॥ ६४॥**

(उपशमक्षयमिश्रोदयपरिणामाः द्वौ नवाष्टादशैकविंशतिः ।
त्रिभेदास्सान्निपातिकः, सम्यक्त्वं चरणं प्रथमभावे ॥ ६४ ॥)

**શબ્દાર્થ-**

| | |
|---|---|
| उवसम = ઔપશિમકભાવ, | द्वार = અઢાર, |
| खय = ક્ષાયિકભાવ, | इगवीसा = એકવીશ, |
| मीस = મિશ્ર-ક્ષયોપશમભાવ, | तिअभेअ = ત્રણ ભેદો, |
| उदय = ઔદયિકભાવ, | सन्निवाइय = સાન્નિપાતિકભાવ, |
| परिणामा = પારિણામિકભાવ, | सम्मं = સમ્યક્ત્વ, चरणं = ચારિત્ર |
| दु = બે, नव = નવ, | पढमभावे = પ્રથમ ભાવમાં છે. |

**ગાથાર્થ-** ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક અને પારિણામિક એમ પાંચ ભાવો છે. તેના અનુક્રમે બે, નવ, અઢાર, એકવીશ અને ત્રણ ભેદો છે. પ્રથમ ઔપશમિકભાવના સમ્યક્ત્વ અને ચારિત્ર એમ બે ભેદ છે. ॥૬૪॥

**વિવેચન-** હવે પાંચ પ્રકારના ભાવોનું સ્વરૂપ સમજાવાય છે. **"ભાવ એટલે જીવ અજીવ આદિ પદાર્થોનું સ્વરૂપ"** આ બાબતમાં કેટલુંક સ્વરૂપ કર્મોની અપેક્ષા રાખે છે. અને કેટલુંક સ્વરૂપ કર્મોથી નિરપેક્ષ છે. અર્થાત્ સહજ છે. કર્મોની અપેક્ષાએ જે અવસ્થા=સ્વરૂપ થાય છે. તે ભાવના ચાર ભેદ છે. તે આ પ્રમાણે-

(૧) રસોડામાં સળગતા અગ્નિને તેની ઉપર રાખ નાખીને જેમ દબાવી દેવામાં આવે તેમ સમ્યક્ત્વગુણની તથા ચારિત્રગુણની આડે આવનારા અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ અને દર્શનમોહનીય ત્રણ આ સાત દર્શન સપ્તકનો તથા મોહનીયકર્મની શેષ ૨૧ પ્રકૃતિઓનો ઉપશમ કરવાથી (રસથી કે પ્રદેશથી એમ બંને પણ પ્રકારના) તે કર્મોના અનુદયને લીધે જે સ્વરૂપ પ્રગટ થાય તે **"ઔપશમિકભાવ"** છે. આ ભાવ જીવને જ હોય છે. અજીવને હોતો નથી. તેના બે ભેદ છે. (૧) સમ્યક્ત્વ અને (૨) ચારિત્ર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મિથ્યાત્વમોહનીયને ઉપશમાવવાથી જે ગુણ પ્રગટ થાય તે પ્રાથમિક ઔપશમિક સમ્યક્ત્વ, અને દર્શન સપ્તકને ઉપશમાવવાથી જે ગુણ પ્રગટ થાય તે શ્રેણી સંબંધી ઔપશમિક સમ્યક્ત્વ તથા શેષ ૨૧ પ્રકૃતિને ઉપશમાવવાથી જે ગુણ પ્રગટ થાય તે ઔપશમિક ચારિત્ર કહેવાય છે. ઔપશમિક સમ્યક્ત્વ ચોથા ગુણઠાણાથી અગિયારમા ગુણઠાણા સુધી હોય છે. જ્યારે ઔપશમિક ચારિત્ર તો માત્ર ઉપશમશ્રેણીમાં જ આવે છે. આ ઔપશમિકભાવ કાળે દર્શનસપ્તકનો તથા ૨૧ ચારિત્રમોહીનીયનો રસોદય કે પ્રદેશોદય સંભવતો નથી. આ ભાવ મોહનીયકર્મનો જ હોય છે.

(૨) રસોડામાં સળગતા અગ્નિને તેની ઉપર પાણી નાખીને જેમ બુઝવી દેવામાં આવે- તેમ જ્ઞાનાવરણીયાદિ ચાર ઘાતીકર્મોનો સંપૂર્ણપણે નાશ કરવાથી જે સ્વરૂપ પ્રગટ થાય તે **ક્ષાયિકભાવ.** આ ભાવ પણ જીવને જ હોય છે. તેના ૯ ભેદ છે. જે આગળની ગાથામાં આવે છે. આ ભાવ ચોથાથી ચૌદમા ગુણસ્થાનક સુધી છે. અને આ ભાવ ચારે ઘાતીકર્મોનો હોય છે. (તથા ચાર અઘાતીકર્મોનો પણ ક્ષાયિકભાવ હોય છે. પરંતુ તે કર્મોના ક્ષયથી ઉત્પન્ન થયેલું સ્વરૂપ મુક્તિકાલે જ આવે છે. તેથી અહીં તેની વિવક્ષા કરી નથી.)

(૩) રસોડામાં સળગતા અગ્નિમાંથી બે-ચાર લાકડાં કાઢી નાખી તેના તાપને હળવો કરાય તેમ જ્ઞાનાવરણીયાદિ ચાર ઘાતીકર્મોનાં ઉદયમાં આવેલા કર્મદલિકને વિપાકથી હળવાં કરી ઉદય દ્વારા ભોગવી ક્ષય કરવો અને અનુદિત કર્મો ઉદીરણા - અપવર્તના આદિ દ્વારા ઉદયમાં આવવાની શક્યતાવાળાં જે છે તેને ત્યાં જ દબાવી દેવાં, ઉદયમાં ન આવવા દેવાં તે **મિશ્ર-ક્ષયોપશમભાવ** કહેવાય છે. આ ભાવ ચાર ઘાતીકર્મોનો જ હોય છે અને જીવને જ હોય છે. તેના ૧૮ ભેદ છે.

(૪) પૂર્વે બાંધેલાં કર્મોના ઉદયથી થયેલી અવસ્થાને ઔદયિકભાવ કહેવાય છે. કર્મોની ઉદયજન્ય અવસ્થા તે **ઔદયિકભાવ.** આ ભાવના ૨૧ ભેદ છે. આ ભાવ આઠે કર્મોનો હોય છે. તથા આ ભાવ મુખ્યત્વે જીવને જ હોય છે છતાં જીવના સંબંધને લીધે અજીવને પણ ઔદયિકભાવ કહેવાય છે. જે આગળની ગાથામાં સમજાવવામાં આવશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૫) **પારિણામિકભાવ** = કર્મોની અપેક્ષા વિના વસ્તુનું જે સહજ સ્વરૂપ, સ્વાભાવિક સ્વરૂપ, જેમાં કોઈ કારણ નથી તે પારિણામિકભાવ. જેમ સૂર્યનો તાપ આપવાનો સ્વભાવ, ચંદ્રનો ચાંદની આપવાનો સ્વભાવ, અગ્નિનો બાળવાનો સ્વભાવ અને પાણીનો ઠારવાનો સ્વભાવ છે. તેમ વસ્તુનો જે જે સહજ સ્વભાવ છે તે પારિણામિકભાવ છે. તેના ત્રણ ભેદ અહીં મુખ્યત્વે કહ્યા છે. બાકી અપરિમિત ભેદો છે. આ ભાવ જીવ-અજીવ બન્નેને હોય છે.

આ પાંચ પ્રકારના ભાવોમાંથી કોઈપણ એક જીવને એક કાળે બે-ત્રણ-ચાર અથવા પાંચ ભાવો સાથે હોય તેને **"સન્નિપાત"** કહેવાય છે. સન્નિપાત એટલે સમૂહરૂપે જે ભાવો હોય તે. તે સન્નિપાતથી થયેલા ભાંગા તેને "સાન્નિપાતિક" કહેવાય છે. તેવા સાન્નિપાતિકભાવના ૨૬ ભાંગા થાય છે. જે આગળ સમજાવવામાં આવશે. ॥૬૪॥

**बीए केवलजुयलं, सम्मं दाणाइलद्धि पण चरणं ।**
**तइए सेसुवओगा, पण लद्धी सम्मविरइदुगं ॥ ६५ ॥**

(द्वितीये केवलयुगलं सम्यक्त्वं दानादिलब्धयः पञ्च चरणम् ।
तृतीये शेषोपयोगाः पञ्च लब्धयस्सम्यक्त्वं विरतिद्विकम् ॥ ६५॥

**શબ્દાર્થ-**

बीए = બીજા ભાવમાં,
केवलजुयलं = કેવલદ્વિક,
सम्मं = સમ્યક્ત્વ,
दाणाइलद्धि=દાનાદિ લબ્ધિઓ,
पण=પાંચ,
चरणं = ચારિત્ર,

तइए = ત્રીજા ભવમાં,
सेसुवओगा = શેષ ઉપયોગો,
पण लद्धि = પાંચ લબ્ધિઓ,
सम्म = સમ્યક્ત્વ,
विरइदुगं = વિરતિ દ્વિક-દેશવિરતિ અને સર્વવિરતિ

**ગાથાર્થ** - બીજા ક્ષાયિકભાવમાં કેવલદ્વિક, સમ્યક્ત્વ, દાનાદિ પાંચ લબ્ધિઓ અને ચારિત્ર એમ ૯ ભેદ છે. તથા ત્રીજા ક્ષયોપશમભાવમાં શેષ (દશ) ઉપયોગો, પાંચ લબ્ધિ, સમ્યક્ત્વ અને વિરતિદ્વિક એમ ૧૮ ભેદો છે. ॥૬૫॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વિવેચન** -પૂર્વની ગાથામાં ઔપશમિકભાવના (૧) સમ્યક્ત્વ અને ચારિત્ર એમ બે ભેદ કહીને હવે આ ગાથામાં ક્ષાયિકભાવના અને ક્ષાયોપશમિક ભાવના ભેદો કહે છે. પ્રથમ ક્ષાયિકભાવના નવ ભેદ જણાવે છે (૧) જ્ઞાનાવરણીય કર્મના ક્ષયજન્ય **કેવલજ્ઞાન**, (૨) દર્શનાવરણીય કર્મના ક્ષયજન્ય **કેવલદર્શન**, (૩) દર્શનસપ્તકના ક્ષયજન્ય **ક્ષાયિકસમ્યક્ત્વ**, (૪) શેષચારિત્રમોહનીયના ક્ષયજન્ય **ક્ષાયિકચારિત્ર**, અને (૫ થી ૯) અંતરાયકર્મના ક્ષયજન્ય **દાનાદિ પાંચ લબ્ધિ**, એમ કુલ ૯ ભેદ છે. આ નવે ગુણો તે તે કર્મોના ક્ષયજન્ય છે. અને આવ્યા પછી કદાપિ તે જતા નથી. અને જ્યારે આ ગુણો પ્રગટ થાય છે ત્યારે પણ પૂર્ણપણે પ્રગટ થાય છે. પરંતુ અંશથી પ્રગટ થતા નથી. ક્ષાયિક સમ્યક્ત્વ ચોથા ગુણઠાણાથી, ક્ષાયિક ચારિત્ર ક્ષીણમોહથી અને શેષ ૭ ભાવો તેરમા ગુણઠાણાથી શરૂ થાય છે અને આવ્યા પછી કાયમ રહે છે.

ક્ષાયોપશમિક ભાવ ચાર ઘાતીકર્મોનો જ હોય છે. તેના ૧૮ ભેદ છે. ક્ષય અને ઉપશમ આ બન્ને શબ્દો સાથે મળીને ક્ષયોપશમ શબ્દ બને છે. ચાર ઘાતીકર્મોની કેટલીક પ્રકૃતિઓમાં રસોદય સાથે પણ ક્ષયોપશમ ભાવ હોય છે. અને કેટલીક પ્રકૃતિઓનો રસોદયની સાથે વિરૂદ્ધ પરંતુ પ્રદેશોદય સાથે ક્ષયોપશમભાવ અવિરૂદ્ધ હોય છે. તેનું વધુ સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે-

## ક્ષયોપશમભાવ સંબંધી વધુ સ્પષ્ટીકરણ

ઘાતીકર્મોની ૫+૯+૨૬+૫=૪૫ એમ પીસ્તાલીસે ઉત્તર પ્રકૃતિઓમાંથી બધ્યમાનપ્રકૃતિનો રસ (વિપાક) શ્રેણી સંબંધી નવમા ગુણઠાણા પૂર્વે સદાકાળ સર્વજીવોને સર્વઘાતી જ બંધાય છે. એટલે બંધને આશ્રયી સર્વઘાતી અને દ્વિસ્થાનકાદિ જ રસ બંધાય છે. પરંતુ ઉદયકાળે તેમજ હોય એવો નિયમ નથી. એટલે કે ઉદયકાળે કેટલીક પ્રકૃતિઓમાં બંધાયેલા તે રસને હીન કરીને પણ આ જીવ વિપાકથી વેદે છે. માટે **"ક્ષયોપશમ"** ભાવ જાણવો જરૂરી છે.

જે કર્મ જેવા રસવાળું ઉદયમાં આવ્યું છે, તે કર્મને ઉદિત એવા તે જ સમયમાં હીન રસવાળું કરીને વિપાકથી ભોગવીને નાશ કરવું તે **ક્ષય**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા ઉદય હોય તેની ઉદીરણા હોય જ અથવા અપવર્તના પણ થઈ શકે તેથી ઉદયમાન એવા તે જ વિવક્ષિત કર્મના ઉદયાવલિકા બહાર રહેલા દલિકોમાં જે અનુદિત રસ સત્તામાં પડયો છે તે ઉદીરણા અથવા અપવર્તના દ્વારા ઉદય સમયમાં આવી શકે છે. તેને ત્યાં જ ઉપશમાવવો. એટલે કે ઉદીરણા અને અપવર્તનાદિ કરણોને અસાધ્ય કરવો તે **ઉપશમ.** એમ ઉદિતનો ક્ષય અને અનુદિતનો ઉપશમ કરવો તે **ક્ષયોપશમભાવ.** ઉદય સમયમાં વિપાકોદયથી આવેલું કર્મદલિક હીનરસવાળું કરે છે એટલે ગુણઘાતક થતું નથી. અને અનુદિત દલિકના રસનો ઉપશમ કરવા દ્વારા ઉદયમાં આવતો અટકાવાયો છે માટે ગુણઘાત થતો નથી જેથી ઢંકાયેલા ગુણોનો આવિર્ભાવ થાય છે.

(૧) મતિજ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનાવરણીય, અચક્ષુદર્શનાવરણીય, અને દાનાન્તરાયાદિ પાંચ અંતરાય. આ આઠ કર્મો સર્વજીવોને સદાકાળ ઉદિતસમયમાં હીનરસવાળાં થઈને જ, અને અનુદિત કર્મોનો ઉપશમ થઈને જ વિપાકથી ઉદયમાં આવે છે. માટે સદાકાળ વિપાકોદય પણ હોય છે અને ક્ષયોપશમ પણ હોય છે. એટલે ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમભાવ હોય છે.

(૨) અવધિજ્ઞાનાવરણીય, અવધિદર્શનાવરણીય, મનઃપર્યવ-જ્ઞાનાવરણીય, અને ચક્ષુદર્શનાવરણીય. આ ચાર કર્મો ક્યારેક ક્ષયોપશમ સાથે ઉદયમાં આવે છે. દેવ-નરકાદિ ભવનિમિત્તે, વિશિષ્ટ અપ્રમત્ત ચારિત્રના નિમિત્તે અને ચઉરિન્દ્રિયાદિના ભવનિમિત્તે ઉપરોક્ત ૪ પ્રકૃતિઓનો ક્ષયોપશમ પણ થાય છે. અને વિપાકોદય પણ સાથે હોય છે. તેથી આવાં નિમિત્તો મળે ત્યારે ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમભાવ હોય છે. જ્યારે આવાં નિમિત્તો મળતાં નથી ત્યારે ક્ષયોપશમ વિનાનો કેવળ ઔદયિકભાવ હોય છે. જ્યારે ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમભાવ હોય છે ત્યારે ગુણો પ્રગટ થાય છે. પરંતુ જ્યારે ક્ષયોપશમ વિના કેવળ એકલો ઔદયિકભાવ હોય છે ત્યારે અવધિજ્ઞાનાદિ ગુણો પ્રગટ થતા નથી.

(૩) કેવલજ્ઞાનાવરણીય અને કેવલદર્શનાવરણીય આ બે કર્મોનો સદાકાળ વિપાકોદય જ હોય છે. ક્ષયોપશમ થતો જ નથી. તેથી તે બે કર્મોનો ક્ષય ન થાય ત્યાં સુધી એટલેકે બારમાના ચરમ સમય સુધી સદા શુદ્ધ વિપાકોદયરૂપ ઔદયિકભાવ જ હોય છે. ક્ષયોપશમભાવ કે પ્રદેશોદય થતો જ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૪) નિદ્રાપંચક પણ સર્વઘાતી હોવાથી ક્ષયોપશમભાવ થતો નથી. પરંતુ તેનો વિપાકોદય પણ હોય છે અને પ્રદેશોદય પણ હોય છે. નિદ્રાકાળે નિદ્રાપંચકનો વિપાકોદય હોય છે. અને શેષકાળે નિદ્રા ઉદયમાં ન હોવાથી તેનાં કર્મદલિકો કેવલ દર્શનાવરણીયમાં પ્રતિસમયે સ્તિબૂકસંક્રમથી ભળીને પ્રદેશોદય દ્વારા ભોગવાઈને દૂર થાય છે. આ પ્રમાણે નિદ્રાકાળે વિપાકોદય અને શેષકાળે પ્રદેશોદય હોય છે. પરંતુ ક્ષયોપશમભાવ નથી.

(૫) સંજ્વલન ચાર કષાય અને નવ નોકષાય એમ ૧૩ પ્રકૃતિઓનો કેવલ શુદ્ધ ઔદયિકભાવ પણ હોય છે. અને ક્ષયોપશમની સાથે વિપાકોદયરૂપ ઔદયિકભાવ પણ હોય છે. પહેલા ગુણઠાણાથી ચાર ગુણઠાણા સુધી હાસ્યાદિનો કેવળ ઔદયિકભાવ હોય છે. પાંચમા ગુણઠાણાથી કંઈક અંશે સંયમ આવવાથી હાસ્યાદિનો ક્ષયોપશમ સાથે વિપાકોદય હોય છે. તેવી જ રીતે પહેલા ગુણઠાણાથી પાંચમા ગુણઠાણા સુધી સંજ્વલનનો કેવળ ઔદયિકભાવ હોય છે. છઠ્ઠા ગુણઠાણાથી ક્ષયોપશમ સાથે ઔદયિકભાવ હોય છે. કેટલાક આચાર્યો સંજ્વલન ચારનો ક્ષયોપશમ પાંચમેથી પણ માને છે. તથા સંજ્વલન ક્રોધાદિ ચાર કષાયો ઉદયમાં પરાવર્તમાન હોવાથી ક્રોધના વિપાકોદયકાળે માનાદિ શેષ ત્રણ કષાયોનું કર્મદલિક સ્તિબુકસંક્રમથી ક્રોધમાં ભળીને ઉદયમાં આવે છે. એટલે માનાદિ ત્રણનો પ્રદેશોદય પણ હોય છે. એવી જ રીતે માનના ઉદયકાળે ક્રોધાદિ ત્રણનો, માયાના ઉદયકાળે શેષ ત્રણનો અને લોભના ઉદયકાળે શેષ ત્રણનો પ્રદેશોદય હોય છે. એવી જ રીતે પુરુષ વેદના ઉદયકાળે સ્ત્રી-નપુંસકવેદનો પણ પ્રદેશોદય હોય છે. ઈત્યાદિ સમજી લેવું.

(૬) અનંતાનુબંધી આદિ બાર કષાય અને મિથ્યાત્વમોહનીયનો શુદ્ધ ઔદયિકભાવ હોય છે. અથવા પ્રદેશોદય સાથે ક્ષયોપશમભાવ હોય છે. પરંતુ વિપાકોદય સાથે ક્ષાયોપશમભાવ સર્વઘાતી હોવાથી હોતો નથી. મિથ્યાત્વમોહનીયનો શુદ્ધ ઔદયિકભાવ (ક્ષયોપશમ વિનાનો ઔદયિકભાવ) પહેલા ગુણઠાણે, અનંતાનુબંધીનો પહેલા-બીજા ગુણઠાણે, અપ્રત્યાખ્યાનીયનો ૧ થી ૪ ગુણઠાણાં સુધી, અને પ્રત્યાખ્યાનાવરણનો ૧ થી ૫ ગુણઠાણાં સુધી હોય છે. આ તેરે પ્રકૃતિઓનો ઉદયવિચ્છેદ થયા પછીના ગુણઠાણાથી સાતમા સુધીનાં શેષ ગુણઠાણાઓમાં ક્ષયોપશમ હોય છે અને તે કાળે પ્રદેશોદય પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય છે. જેમકે મિથ્યાત્વમોહનીય કર્મનાં દલિક મિશ્રમાં સંક્રમાવી તે રૂપે ત્રીજા ગુણઠાણે અને સમ્યક્ત્વમોહનીયમાં સંક્રમાવી તે રૂપે ચોથાથી સાતમા સુધી ઉદયથી ભોગવે છે. આ મિથ્યાત્વમોહનીયનો પ્રદેશોદયાનુવિદ્ધ ક્ષયોપશમ કહેવાય છે. અને મિશ્ર તથા સમ્યક્ત્વમોહનીયનો વિપાકોદય કહેવાય છે. તેવી જ રીતે અનંતાનુબંધીનો બે ગુણઠાણા સુધી, અપ્રત્યાખ્યાનીયનો ૧ થી ૪ ગુણઠાણા સુધી અને પ્રત્યાખ્યાનાવરણનો ૧ થી ૫ ગુણઠાણા સુધી (ક્ષયોપશમ વિના) શુદ્ધ ઔદયિકભાવ હોય છે. ત્યાર પછીના સાતમા સુધીનાં ગુણઠાણાઓમાં અનંતાનુબંધીનું દલિક અપ્રત્યાખ્યાનાદિમાં ભેળવીને, અપ્રત્યાખ્યાનીયનું કર્મદલિક પ્રત્યાખ્યાનાવરણાદિમાં ભેળવીને અને પ્રત્યાખ્યાનાવરણનું કર્મદલિક સંજ્વલનમાં ભેળવીને જીવ ભોગવે છે. તેને અનંતાનુબંધી આદિ ૧૨ કષાયોનો ક્ષયોપશમ કહેવાય છે અને તે કાળે પરપ્રકૃતિરૂપે આ બાર કષાયનું દલિક ઉદયમાન હોવાથી પ્રદેશોદય પણ કહેવાય છે.

(૭) મિશ્રમોહનીયનો ત્રીજે ગુણસ્થાનકે શુદ્ધ વિપાકોદય છે અને શેષ સાત સુધીનાં ગુણસ્થાનકોમાં પ્રદેશોદય છે. વિપાકોદયકાળે ત્રીજે ગુણઠાણે સર્વઘાતી હોવાથી ક્ષયોપશમ કહેવાતો નથી. પરંતુ ચોથાથી સાતમા ગુણઠાણા સુધીમાં મિશ્રમોહનીયનું કર્મદલિક હીનરસવાળું થઈને સમ્યક્ત્વમોહનીયરૂપે થઈને ભોગવાય છે. તેને મિશ્રમોહનીયના પ્રદેશોદયકાળે ક્ષયોપશમભાવ કહી શકાય છે. તથા સમ્યક્ત્વથી પડીને પહેલા ગુણઠાણે આવીને મિશ્રમોહનીયની મિથ્યાત્વમોહનીયમાં ઉદ્વલના કરવાના કાળે મિશ્રનાં દલિક મિથ્યાત્વરૂપે વેદાતાં હોવાથી મિશ્રનો પ્રદેશોદય કહેવાય છે. પરંતુ મિથ્યાત્વરૂપે બનવાથી રસની અધિકતા થતી હોવાથી ક્ષયોપશમભાવ કહેવાતો નથી.

(૮) સમ્યક્ત્વમોહનીયનો ચારથી સાત ગુણઠાણામાં ઉદય પણ છે અને ક્ષયોપશમભાવ પણ છે તેથી ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમભાવ. પરંતુ પહેલા ગુણઠાણે ઉદ્વલના કાળે તેનાં દલિક મિથ્યાત્વમાં ભળીને ઉદયમાં આવે છે. તેને સમ્યક્ત્વમોહનીયનો પ્રદેશોદય કહેવાય છે. પરંતુ રસની અધિકતા હોવાથી ક્ષયોપશમ કહેવાતો નથી. આ પ્રમાણે જ્ઞાનાવરણીય - દર્શનાવરણીય - મોહનીય અને અંતરાયકર્મોની ઉત્તર પ્રકૃતિઓના ક્ષયોપશમભાવની સ્પષ્ટતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાણવી. મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યવ એમ ચાર જ્ઞાન, મતિ-શ્રુત અને વિભંગ એમ ત્રણ અજ્ઞાન, ચક્ષુ-અચક્ષુ અને અવધિ એમ ત્રણ દર્શન, દાનાદિ પાંચ લબ્ધિ, સમ્યક્ત્વ, દેશવિરતિ અને સર્વવિરતિ એમ કુલ ૧૮ ભેદો ક્ષાયોપશમિકભાવના છે. અહીં ત્રણ અજ્ઞાનને પણ ક્ષયોપશમભાવના ભેદ સ્વરૂપે જે કહ્યાં છે તેનું કારણ એ છે કે આ ત્રણ અજ્ઞાનોની પ્રાપ્તિ પણ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ વિશેષથી જ થાય છે. ફક્ત તેમાં મિથ્યાત્વમોહનો ઉદય ભળેલ હોવાથી **અજ્ઞાનતા** કહેલી છે.પરંતુ હકીકતથી તો એકાન્તદૃષ્ટિવાળું પણ **જ્ઞાન** જ છે. જ્ઞાનાભાવ નથી. જો જ્ઞાનાભાવરૂપ અજ્ઞાનતા લઈએ તો તે જ્ઞાનાવરણીય કર્મના ઉદયસ્વરૂપ હોવાથી ઔદયિકભાવમાં ગણાય છે. ॥૬૫॥

**अन्नाणमसिद्धत्ता-संजमलेसाकसायगइवेया ।**
**मिच्छं तुरिए भव्वा-भव्वत्तजिअत्तपरिणामे ॥ ६६ ॥**

(अज्ञानमसिद्धत्वासंयमलेश्याकषायगतिवेदाः ।
मिथ्यात्वं चतुर्थे भव्याभव्यत्वजीवत्वानि पारिणामिके ॥ ६६ ॥)

**શબ્દાર્થ**

अन्नाणं = અજ્ઞાનત્વ,
असिद्धत्त = અસિદ્ધત્વ,
असंजम = અસંયમ,
लेसा = છ લેશ્યા,
कसाय = ચાર કષાય,
गइ = ચાર ગતિ,
वेया = ત્રણ વેદો,
मिच्छं = મિથ્યાત્વ,
तुरिए = ચોથાભાવમાં,
भव्वाभव्वत्त = ભવ્યત્વ-અભવ્યત્વ,
जिअत्त = જીવત્વ,
परिणामे=પારિણામિકભાવના ભેદ છે.

**ગાથાર્થ** - અજ્ઞાન, અસિદ્ધત્વ, અસંયમ, છ લેશ્યા, ચાર કષાય, ચાર ગતિ, ત્રણ વેદ અને મિથ્યાત્વ એમ ૨૧ ભેદો ચોથા ભાવના ભેદ છે. તથા ભવ્યત્વ, અભવ્યત્વ અને જીવત્વ એમ ત્રણ પારિણામિક ભાવના ભેદો છે. ૬૬.

**વિવેચન** - હવે ઔદયિક ભાવના ભેદો સમજાવે છે. કુલ ૨૧ ભેદો છે. **અજ્ઞાનત્વ** એ જ્ઞાનાવરણીયના ઉદયજન્ય પણ છે. કારણ કે અણસમજ, મૂર્ખતા, જડતા, જ્ઞાનાભાવ રૂપ જે અજ્ઞાનતા છે. તે જ્ઞાનાવરણીયના ઉદયજન્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અસિદ્ધત્વ** નામનો બીજો ભેદ આઠે કર્મોના ઉદયજન્ય છે. કારણ કે જ્યાં સુધી આઠમાંના કોઈપણ કર્મોનો ઉદય ચાલુ હોય છે. ત્યાં સુધી સિદ્ધત્વ આવતું નથી. અર્થાત્ અસિદ્ધત્વ જ રહે છે.

**અસંયમ** એ અપ્રત્યાખ્યાનાવરણ કષાયના ઉદયજન્ય છે.

**છ લેશ્યા** એ યોગાન્તર્ગત પુદ્ગલવર્ગણાસ્વરૂપ હોવાથી નામકર્માદિના ઉદયજન્ય છે. તથા સ્વોપજ્ઞ ટીકામાં કેટલાક આચાર્યોના મતે મોહનીયના ઉદયજન્ય પણ કહી છે. તથા બાલાવબોધમાં અને સ્વોપજ્ઞ ટીકામાં કેટલાક આચાર્યોના મતે આઠે કર્મોના ઉદયજન્ય પણ કહી છે. પરંતુ તેરમા ગુણઠાણા સુધી શુક્લલેશ્યા હોવાથી યોગાન્તર્ગત હોવાથી એ મત બીજા મતો કરતાં વધારે યુક્તિસંગત લાગે છે. અને ગ્રન્થકારને માન્ય છે.

**ચાર કષાયો** મોહનીય કર્મના ઉદયજન્ય છે. દેવ-નરક-તિર્યંચ અને મનુષ્યાદિ **ચાર ગતિઓ** ગતિ નામકર્મના ઉદયથી ઉત્પન્ન થાય છે. **ત્રણ વેદો નોકષાય** મોહનીયના ઉદયથી ઉત્પન્ન થાય છે તથા **મિથ્યાત્વ** એ અતત્ત્વની શ્રદ્ધા સ્વરૂપ છે. એટલે કે મિથ્યા તત્ત્વોની શ્રદ્ધા કરવી, અને યથાર્થ તત્ત્વોની અશ્રદ્ધા કરવી તે મિથ્યાત્વમોહનીયના ઉદયથી જન્ય છે. આ પ્રમાણે આ એકવીસે ભેદો જુદા જુદા કર્મોના ઉદયથી થાય છે માટે ઔદયિકભાવ કહેવાય છે.

**પ્રશ્ન** - ઉપર કહેલા ૨૧ ભાવો જેમ જુદા જુદા કર્મોના ઉદયથી છે. તેમ પાંચ પ્રકારની નિદ્રા, સાતા-અસાતા વેદનીય, હાસ્યાદિ ૬ નોકષાય, ચાર આયુષ્ય તથા નામકર્મ અને ગોત્રકર્મના ભેદ-પ્રતિભેદો આ સર્વે ભાવો પણ તે તે કર્મોના ઉદયથી જ આવે છે. તે બધાંનો સમાવેશ આ ઔદયિકભાવમાં કેમ ન કર્યો ?

**ઉત્તર** - આ ૨૧ ભાવોનું વિધાન ઉપલક્ષણરૂપ જાણવું. તેથી બીજા આવા સર્વે ભાવો ઔદયિક જ કહેવાય છે એમ સમજી લેવું. અહીં તેનું વિધાન ન કરવાનું કારણ એવું છે કે પૂર્વાચાર્યોએ પૂર્વશાસ્ત્રોમાં (તત્ત્વાર્થસૂત્રાદિમાં) ૨૧ ભેદો ઔદયિકભાવના કહ્યા છે. તેને અનુસારે અમે પણ અહીં એકવીસ જ ભેદો કહ્યા છે. પરંતુ ઉપલક્ષણથી નિદ્રાદિ ભેદો પણ સમજી લેવા. સ્વોપજ્ઞ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ટીકામાં કહ્યું છે કે - उपलक्षणत्वादन्येऽपि द्रष्टव्याः केवलं पूर्वशास्त्रेषु प्राय एतावन्त एव निर्दिष्टा दृश्यन्त, इत्यत्राप्येतावन्त एवास्माभिः प्रदर्शिताः ।

પારિણામિકભાવ એટલે સહજ સ્વભાવ, કર્મોની અપેક્ષા વિના વસ્તુનો સ્વભાવ માત્ર તે પારિણામિકભાવ, તેના ભવ્યત્વ, અભવ્યત્વ અને જીવત્વ એમ ત્રણ ભેદો છે. મોક્ષે જવાની યોગ્યતા એ ભવ્યત્વ, અને મોક્ષે જવાની અયોગ્યતા એ અભવ્યત્વ, ચૈતન્યયુક્તતા તે જીવત્વ, એમ ત્રણ ભેદો જાણવા. જો કે આવા પારિણામિકભાવના ઘણા ભેદો પણ છે. અને તે કારણથી જ તત્ત્વાર્થસૂત્રમાં "जीवभव्याभव्यत्वादीनि च" સૂત્રમાં आदि શબ્દ સૂચવેલો છે. જેમકે જીવમાં જીવત્વ એ પારિણામિકભાવ છે તેમ અજીવમાં અજીવત્વ ચંદ્ર-સૂર્યાદિ વિમાનોનું ગતિમત્વ, અઢીદ્વીપ બહાર સ્થિરત્વ, ઈત્યાદિ પણ પારિણામિકભાવ જ છે. પરંતુ પૂર્વાચાર્યોએ આ ત્રણ ભેદની વિવક્ષા કરી છે. એટલે અહીં પણ ત્રણ ભેદો જ કહ્યા છે. આ પ્રમાણે પાંચે ભાવોના ભેદો ૨+૯+૧૮+૨૧+૩=કુલ ૫૩ ત્રેપન ભેદો થાય છે.

આ પાંચ ભાવોમાંથી બે-ત્રણ-ચાર અથવા પાંચનો જે સમુદાય તે **સાન્નિપાતિકભાવ** કહેવાય છે. જો કે આવો છઠ્ઠો કોઈ સ્વતંત્ર ભાવ નથી. પરંતુ બાલજીવોને સમજાવવા ઉપરોક્ત પાંચ એકેક ભાવ છે. અને આ ભાવ સમૂહરૂપ-પિંડરૂપ છે એમ જણાવવા. છઠ્ઠાભાવ રૂપે ગ્રંથકર્તાએ સ્વોપજ્ઞ ટીકામાં ઉલ્લેખ કર્યો છે. તેમાં બે ભાવ સાથે હોય તે દ્વિસંયોગી કહેવાય તેના ૧૦ ભેદ થાય છે. ત્રણ ભાવ સાથે હોય તે ત્રિસંયોગી કહેવાય છે તે ત્રિસંયોગીના ૧૦ ભેદ થાય છે. ચાર ભાવ સાથે હોય તે ચતુઃસંયોગી કહેવાય છે. તેના ૫ ભેદ થાય છે. અને પાંચે ભાવ સાથે હોય તે પંચસંયોગી કહેવાય છે તેનો ૧ ભેદ થાય છે. એમ કુલ ૨૬ ભેદો સાન્નિપાતિક ભાવના થાય છે.

## દ્વિસંયોગી ભાંગા-૧૦

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | ઔપશમિક - ક્ષાયિક | | ૬. | ક્ષાયિક | - ઔદયિક |
| ૨. | ઔપશમિક - ક્ષાયોપશિમક | | ૭. | ક્ષાયિક | - પારિણામિક |
| ૩. | ઔપશમિક - ઔદયિક | | ૮. | ક્ષાયોપશમિક | - ઔદયિક |
| ૪. | ઔપશમિક - પારિણામિક | | ૯. | ક્ષાયોપશમિક | - પારિણામિક |
| ૫. | ક્ષાયિક - ક્ષાયોપશમિક | | ૧૦. | ઔદયિક | - પારિણામિક |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ત્રિસંયોગી ભાંગા-૧૦

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧. | ઔપશમિક | - | ક્ષાયિક | ક્ષાયોપશમિક |
| ૧૨. | ઔપશમિક | - | ક્ષાયિક | ઔદયિક |
| ૧૩. | ઔપશમિક | - | ક્ષાયિક | પારિણામિક |
| ૧૪. | ઔપશમિક | - | ક્ષાયોપશમિક | ઔદયિક |
| ૧૫. | ઔપશમિક | - | ક્ષાયોપશમિક | પારિણામિક |
| ૧૬. | ઔપશમિક | - | ઔદયિક | પારિણામિક |
| ૧૭. | ક્ષાયિક | - | ક્ષાયોપશમિક | ઔદયિક |
| ૧૮. | ક્ષાયિક | - | ક્ષાયોપશમિક | પારિણામિક |
| ૧૯. | ક્ષાયિક | - | ઔદયિક | પારિણામિક |
| ૨૦. | ક્ષાયોપશમિક | - | ઔદયિક | પારિણામિક |

## ચતુઃસંયોગી ભાંગા-૫

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧. | ઔપશમિક | ક્ષાયિક | ક્ષાયોપશમિક | ઔદાયિક |
| ૨૨. | ઔપશમિક | ક્ષાયિક | ક્ષાયોપશમિક | પારિણામિક |
| ૨૩. | ઔપશમિક | ક્ષાયિક | ઔદયિક | પારિણામિક |
| ૨૪. | ઔપશમિક | ક્ષાયોપશમિક | ઔદયિક | પારિણામિક |
| ૨૫. | ક્ષાયિક | ક્ષાયોપશમિક | ઔદયિક | પારિણામિક |

## પાંચ સંયોગી ભાંગો ૧

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૬. | ઔપશમિક | ક્ષાયિક | ક્ષાયોપશમિક | ઔદાયિક | પારિણામિક |

આ પ્રમાણે સાન્નિપાતિક ભાવના ૨૬ ભેદો થાય છે. પરંતુ આ સંસારમાં સર્વજીવોમાં થઈને તે ૨૬ માંથી ૬ જ ભાંગા સંભવે છે. ૭, ૧૯, ૨૦, ૨૪, ૨૫ અને ૨૬ આ નંબરવાળા ભાંગા જ જગતમાં ઘટે છે. શેષ ૨૦ ભાંગા ઘટતા નથી. માત્ર સંકલના રૂપે કર્યા છે જે ૬ ભાંગા સંભવે છે તેમાં ૭ નંબરનો ભાંગો સિદ્ધ પરમાત્માને, ૧૯ નંબરનો ભાંગો કેવલી ભગવાનને, અને છેલ્લો ૨૬ નંબરનો ભાંગો ક્ષાયિકસમ્યક્ત્વી ઉપશમશ્રેણીગત મનુષ્યને, એમ એકેક સ્થાને જ હોય છે. જ્યારે બાકીના ૨૦-૨૪-૨૫ આ ત્રણ નંબરના ભાંગા ચારે ગતિના જીવોમાં હોઈ શકે છે. તેથી ગતિવાર જુદા જુદા ગણીએ તો ૩ ભાંગાને ૪ ગતિથી ગુણતાં ૧૨ થાય અને એકેક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થાનમાં સંભવનારા ૩ એમ કુલ ૧૫ ભાંગા સંભવે છે. આ હકિકત આગળ આવનારી ગાથામાં સમજાવે છે. ૬૬.

**चउ चउगइसु मीसग, परिणामुदएहिं चउ सखइएहिं ।**
**उवसमजुएहिं वा चउ, केवलिपरिणामुदयखइए ॥ ६७ ॥**

(चत्वारश्चतसृषु गतिषु, मिश्रकपारिणामिकौदयिकैश्चत्वारः सक्षायिकैः ।
उपशमयुतैर्वा चत्वारः, केवली पारिणामिकौदयिकक्षायिके ॥६७॥)

**શબ્દાર્થ-**

चउ = ચાર ભાંગા,
चउगइसु =ચારે ગતિમાં,
मीसगपरिणामुदएहिं = મિશ્ર, પારિણામિક અને ઔદયિક સાથે,
चउ = ચાર ભાંગા,
सखइएहिं = ક્ષાયિક સાથે,
उवसमजुएहिं = ઉપશમયુક્ત,
वा=અથવા,
चउ=ચાર ભાંગા,
केवलि = કેવલીભગવંતો,
परिणामुदयखइए = પારિણામિક-ઔદયિક અને ક્ષાયિકભાવમાં હોય છે.

**ગાથાર્થ** - ક્ષાયોપશમિક - પારિણામિક અને ઔદયિક એમ ત્રિસંયોગી સાન્નિપાતિકભાવના ચાર ગતિ આશ્રયી ચાર ભાંગા, ક્ષાયિક સાથે તે ચતુઃસંયોગી થાય તેના તથા ઉપશમ સાથે પણ ચતુઃસંયોગી થાય તેના ચાર ગતિ આશ્રયી ચાર ચાર ભાંગા થાય. તથા કેવલી પારિણામિક ઔદયિક અને ક્ષાયિકભાવમાં હોય છે. ॥ ૬૭ ॥

**વિવેચન** - સાન્નિપાતિક ભાવના છ ભેદો સંભવે છે. પાછળ આવેલ ૬૬ મી ગાથામાં જે ૨૬ ભેદો આપ્યા છે. તેમાંથી ૭, ૧૯ અને ૨૬, આ ત્રણ નંબરવાળા ભાંગા તો એકજ સ્થાને સંભવતા હોવાથી તે ત્રણનો એકેક ભેદ ગણાય છે. જ્યારે ૨૦-૨૪-૨૫ આ ત્રણ ભાંગા ચારે ગતિમાં સંભવે છે. તેથી આ ત્રણ ભાંગાને ચાર વડે ગુણતાં ૩×૪=૧૨ ભાંગા થાય છે. તેમાં પૂર્વોક્ત ત્રણ (૭-૧૯-૨૬) ઉમેરતાં કુલ ૧૫ ભેદો સંભવે છે. જો કે મૂળ તો છ જ ભેદો સંભવે છે અને ૨૦ અસંભવિત છે. તો પણ ગતિ આશ્રયી જુદા જુદા ગણતાં છ ના જ ૧૫ ભેદ થાય છે તે સંભવે છે. શેષ ૨૦ સંભવતા નથી. ત્યાં ૨૦-૨૪-૨૫ નંબરવાળા ત્રણે ભાંગા ચારે ગતિ આશ્રયી ચાર-ચાર ગણાય છે. તે આ ગાથામાં સમજાવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રિકસંયોગી દસ ભાંગામાંનો છેલ્લો અર્થાત્ છવીસમાંથી વીસમા નંબરનો ભાંગો **"ક્ષાયોપશમિક-ઔદયિક-અને પારિણામિક"** એવા પ્રકારનો ભાંગો મિથ્યાત્વી અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળા સાત ગુણઠાણા સુધીના સર્વ જીવોને હોય છે. તે આ પ્રમાણે - મિથ્યાત્વી તથા ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળા જીવોને મતિજ્ઞાન - શ્રુતજ્ઞાન અવધિજ્ઞાન એ જ ત્રણ અજ્ઞાન તથા મનઃપર્યવ જ્ઞાન, ત્રણ દર્શન, પાંચ લબ્ધિ, સમ્કત્વ, દેશવિરતિ, સર્વવિરતિ ઈત્યાદિ ગુણો યથાયોગ્ય જે હોય છે તે બધો જ્ઞાનાવરણીયાદિ કર્મોનો ક્ષયોપશમભાવ કહેવાય છે. દેવગતિ-દેવાયુષ્ય, વૈક્રિયશરીર-વૈક્રિય અંગોપાંગ પંચેન્દ્રિય જાતિ. ઈત્યાદિ અઘાતીકર્મોનો તથા મિથ્યાત્વાદિ મોહનીયનો જે ઉદય હોય છે તે ઔદયિકભાવ કહેવાય છે. તથા ભવ્યત્વ - જીવત્વ અને અભવ્યજીવોમાં રહેલું અભવ્યત્વ એ પારિણામિકભાવ છે. આ ત્રિસંયોગી ભાંગો જેમ દેવગતિ આશ્રયી વિચાર્યો તેમ નરક-તિર્યંચ અને મનુષ્ય ગતિ આશ્રયી પણ સમજી લેવો. ફક્ત તે તે ગતિમાં યથાયોગ્ય સંભવતી પ્રકૃતિઓનો ઉદય બદલાય છે. આ પ્રમાણે આ એક (ત્રિસંયોગી ભાંગો) ચાર ગતિ આશ્રયી ચાર પ્રકારે કહેવાય છે.

એ જ રીત પ્રમાણે ચતુસંયોગી પાંચ ભાંગામાંના છેલ્લા બે ભાંગા. એટલેકે ૨૪-૨૫ મા ભાંગા પણ ચારે ગતિમાં સંભવે છે. ત્યાં ૨૪ મો ભાંગો ઔપશમિક ભાવયુક્ત હોવાથી ઔપશમિક સમ્યક્ત્વવાળા ચારે ગતિના જીવોને હોય છે. અને ૨૫ મો ભાંગો ક્ષાયિકભાવયુક્ત હોવાથી ક્ષાયિક સમ્યક્ત્વવાળા ચારે ગતિના જીવોને આશ્રયી હોય છે. આ રીતે આ ૨૦, ૨૪, ૨૫ ત્રણ ભાંગાના જ (ચાર ગતિ આશ્રયી) બાર ભાંગા થાય છે.

તથા ત્રિસંયોગીમાં નવમો ભાંગો અર્થાત્ છવીસમાંથી ૧૯ મો ભાંગો કેવલી ભગવાનને હોય છે. કારણ કે કેવલી ભગવાનને તેરમા-ચૌદમા ગુણઠાણે ક્ષાયિકભાવે કેવલજ્ઞાન-કેવલદર્શનાદિ નવ ભેદો, ઔદયિકભાવે મનુષ્યગતિ-પંચેન્દ્રિય જાતિ-ઔદારિકશરીર-સંઘયણ-સંસ્થાન આદિ, અને પારિણામિક ભાવે જીવત્વાદિ હોય છે. આ ભાંગો માત્ર કેવલીને જ હોવાથી શેષ ત્રણ ગતિમાં ઘટતો નથી તેથી તેનો એક જ પ્રકાર કહેવાય છે. ॥ ૬૭॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**खयपरिणामि सिद्धा, नराण पण जोगुवसमसेढीए ।**
**इय पनर सन्निवाइय-भेया वीसं असम्भविणो ॥ ६८ ॥**

(क्षायिकपारिणामिके सिद्धा नराणां पञ्चसंयोग उपशमश्रेण्याम् ।
इति पञ्चदश सान्निपातिकभेदा विंशतिसंख्या असम्भविनः ॥ ६८॥

**શબ્દાર્થ-**

खयपरिणामि=ક્ષાયિક અને પારિણામિક,
सिद्धा = સિદ્ધભગવંતો,
नराण = મનુષ્યોને,
पणजोग=પાંચના સંયોગવાળો ભાંગો,
उवसमसेढीए=ઉપશમશ્રેણીમાં હોય છે.
इय = આ પ્રમાણે,
पनर = પન્નર,
सन्निवाइयभेया=સાન્નિપાતિક ભાવના ભેદો,
वीसं = વીશ ભેદો,
असंभविणो = અસંભવિત છે.

**ગાથાર્થ** - સિદ્ધ પરમાત્માને ક્ષાયિક અને પારિણામિક ભાવ હોય છે. મનુષ્યોને ઉપશમશ્રેણીમાં (ક્ષાયિકસમ્યક્ત્વ હોય ત્યારે) પાંચે ભાવ હોય છે. આ પ્રમાણે સાન્નિપાતિકભાવના પંદર ભેદો સંભવે છે. બાકીના વીસ ભેદો સંભવતા નથી. ॥૬૮॥

**વિવેચન** - દ્વિસંયોગી જે ૧૦ ભાંગા ૬૬ મી ગાથામાં કહ્યા છે. તેમાંથી ૭ નંબરનો જે ભાંગો છે. તે સિદ્ધપરમાત્માને ઘટે છે. કારણ કે સિદ્ધ પરમાત્માને કેવલજ્ઞાન - કેવલદર્શન - ક્ષાયિક સમ્યક્ત્વાદિ ૯ ગુણો ક્ષાયિકભાવે છે અને જીવત્વ એ પારિણામિકભાવે છે. એમ બે જ ભાવો સંભવે છે. સર્વકર્મોનો મૂલથી ક્ષય કરેલ છે માટે બાકીના ઔપશમિક-ક્ષાયોપશમિક અને ઔદયિકભાવો સંભવતા નથી.

તથા જે મનુષ્યો ક્ષાયિક સમ્યક્ત્વ પામ્યા પછી પૂર્વબદ્ધાયુ હોવાના કારણે ક્ષપકશ્રેણી માંડી શકતા નથી. તેઓ કોઈક વખત ઉપશમશ્રેણી માંડે છે. તેવા મનુષ્યોને પાંચે ભાવોના સંયોગવાળો પંચસંયોગી છેલ્લો એટલે છવીસમો ભાંગો ઘટે છે. તે આ પ્રમાણે સમ્યક્ત્વ ક્ષાયિકભાવે હોય છે કારણ કે ક્ષાયિકસમ્યક્ત્વવાળા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવની આ વાત છે. ઉપશમશ્રેણીમાં ચડતો હોવાથી ૯/૧૦/ ગુણઠાણે મોહનો ઉપશમ કરવાથી ઔપશમિકભાવનું ચારિત્ર હોય છે. અને મતિજ્ઞાનાદિ ઈન્દ્રિયજન્ય જ્ઞાન-દર્શન તથા દાનાદિ લબ્ધિઓ ક્ષયોપશમભાવે હોય છે. મનુષ્યગતિ-જાતિ-શરીરાદિ ઔદયિકભાવે હોય છે. અને જીવત્વ-ભવ્યત્વ પારિણામિકભાવે હોય છે. આ પ્રમાણે ગતિ આશ્રયી ચાર-ચાર જુદા ગણીએ તો ૧૫, અને મૂલ ગણીએ તો છ ભાંગા સાન્નિપાતિક ભાવના સંસારમાં સંભવે છે. સર્વે સંસારી જીવો આ છ ભાંગામાં જ અંતર્ગત થઈ જાય છે. બાકીના ૨૦ ભાંગા ક્યાંય પણ સંભવતા નથી. તે તો માત્ર ભાંગા કરવાની રીતિ-નીતિ મુજબ થતા ભાંગા જણાવ્યા છે.

(૧) ક્ષાયિક-પારિણામિક(દ્વિસંયોગી નં.૭) સિદ્ધ પરમાત્માને જ હોય છે.

(૨) ક્ષાયિક-ઔદયિક-પારિણા૦ (ત્રિસંયોગી નં.૧૯) કેવલી ભગવાનને જ હોય છે.

(૩) ક્ષાયોપ૦-ઔદયિક-પારિણા૦ ત્રિસંયોગી નં.૨૦

(૪) ઔપ૦ક્ષાયો૦ઔદ૦પારિણા૦ = ચતુઃસંયોગી નં.૨૪

(૫) ક્ષાયિ૦ક્ષાયો૦ઔદ૦પારિણા૦ = ચતુઃસંયોગી નં.૨૫

(૬) ઔપ૦ ક્ષાયિ૦ ઔદ.ક્ષાયો૦ પા૦ આ ભાંગો ક્ષાયિકને ઉપશમશ્રેણીમાં હોય છે.

**પ્રશ્ન** - પન્નર ભાંગા સંભવે છે અને વીસ ભાંગા અસંભવિત છે એમ કહો છો તો ૧૫+૨૦=૩૫ ભાંગા થયા. તમે ભાંગા તો ૬૬ મી ગાથામાં ૨૬ જ કહ્યા છે. તો આ કેવી રીતે યુક્તિયુક્ત કહેવાય ?

**ઉત્તર** - પન્નર ભાંગા સંભવે છે એમ જે કહ્યું છે તે ગતિઆશ્રયી જુદા ગણવાથી કહ્યું છે. પરમાર્થથી તો ૬ જ સંભવે છે એટલે ૬+૨૦=૨૬ ભાંગા કહ્યા તે બરાબર જ છે. પન્નરના કથનમાં ગતિ આશ્રયી ભેદની વિવક્ષા માત્ર જ છે. ॥ ६८ ॥

**मोहेव समो मीसो, चउ घाइसु अट्ठकम्मसु य सेसा ।**
**धम्माइ पारिणामिय-भावे खंधा उदइए वि ॥ ६९ ॥**

(मोहस्यैवोपशमो मिश्रश्चतुर्षु घातिषु अष्टकर्मसु च शेषाः ।
धर्मादयः पारिणामिकभावे, स्कन्धा औदयिकेऽपि ॥ ६९ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

### શબ્દાર્થ

मोहेव समो = ઉપશમભાવ મોહનીયનો જ હોય છે,
मीसो चउ घाइसु=ક્ષાયોપશમિકભાવ ચાર ઘાતીકર્મોનો હોય છે.
अट्ठकम्मसु य सेसा=બાકીના સર્વે ભાવો આઠે કર્મોમાં હોય છે,

धम्माइ = ધર્માસ્તિકાયાદિ,
पारिणामियभावे =પારિણામિકભાવમાં હોય છે,
खंधा = પુદ્‌ગલાસ્તિકાયના સ્કંધો,
उदइए = ઔદયિકભાવમાં પણ હોય છે.

**ગાથાર્થ :-** ઔપશમિકભાવ મોહનીય કર્મનો જ હોય છે. ક્ષાયોપશમિકભાવ ચારઘાતિકર્મોનો જ હોય છે. શેષ ભાવો આઠે કર્મોના હોય છે. તથા ધર્માસ્તિકાયાદિ પાંચે (અજીવ) દ્રવ્યો પારિણામિકભાવે હોય છે. તથા પુદ્‌ગલાસ્તિકાયના કેટલાક સ્કંધો ઔદયિકભાવે પણ હોય છે. ॥૬૯॥

**વિવેચન** - પાંચે ભાવોનું તથા તેનાથી થતા સાન્નિપાતિક ભાવોના ભેદોનું વર્ણન કરીને હવે કયા કયા ભાવો કયા કયા કર્મોના હોય તે સમજાવે છે. ઔપશમિક ભાવ આઠ કર્મોમાંથી માત્ર એક મોહનીય કર્મનો જ હોય છે. કારણ કે રાખથી ઢંકાયેલા અગ્નિની જેમ કર્મને સર્વથા ઉપશમાવવાનું કામ માત્ર મોહનીયકર્મમાં જ થાય છે. શેષકર્મોમાં થતું નથી.

ક્ષાયોપશમિક ભાવ ચાર ઘાતીકર્મોનો જ હોય છે. ઉદયમાં આવેલાં દલિકોને મંદરસવાળાં કરીને ભોગવવાં (તે ક્ષય), અને ઉદયમાં ન આવેલાં પણ ઉદીરણાદિના બલે આવવાના સંભવવાળાં દલિકોને ત્યાં જ અટકાવી દેવાં - ઉપશમાવી દેવાં, તે ઉપશમ, એમ ક્ષયોપશમ શબ્દ બને છે. આ વ્યાખ્યા ઉદય સાથે ક્ષયોપશમવાળા જ્ઞાનાવરણીય - દર્શનાવરણીય અને અંતરાયમાં લાગે છે. અને ઉદિત કર્મોને હીનરસવાળાં કરી સ્વજાતીય પરપ્રકૃતિમાં સંક્રમાવી પરસ્વરૂપે (સ્વની અપેક્ષાએ પ્રદેશોદયરૂપે) ભોગવવાં તે ક્ષય, અને ઉદયમાં ન આવેલાં અને ઉદીરણાદિથી આવવાવાળાંને ઉપશમાવવાં તે ઉપશમ. એવા અર્થવાળો ક્ષયોપશમ મોહનીય કર્મની તેર સર્વઘાતી પ્રકૃતિઓમાં ઘટે છે. આ ચાર કર્મો જ ગુણઘાતી છે. માટે ક્ષયોપશમભાવ સંભવે છે. શેષ અઘાતીમાં ક્ષયોપશમભાવ નથી.

ક્ષાયિક - ઔદયિક અને પારિણામિક આ શેષ ત્રણ ભાવો આઠે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્મોમાં હોય છે. કારણ કે આ જીવ જેમ જેમ ઉપરના ગુણસ્થાનકોમાં આરોહે છે તેમ તેમ ક્રમશઃ સર્વે કર્મોનો ક્ષય થાય છે. તે ક્ષાયિકભાવ. તથા મિથ્યાત્વાદિ ગુણસ્થાનકોમાં યથાયોગ્ય આઠે કર્મોનો ઉદય પણ છે જ. તે ઔદયિકભાવ. તથા જ્ઞાનાવરણીયાદિ કર્મો સત્તામાં હોવાથી સંક્રમણાદિ જુદા-જુદા કારણો પ્રમાણે કંઈને કંઈ પરિણમન પામે છે. કાર્મણવર્ગણાનો આ સહજ સ્વભાવ (પારિણામિક) ભાવ છે કે તે તે કર્મોરૂપે પરિણમન પામવું અર્થાત્ કાર્મણવર્ગણામાં પરિણમન પામવાની જે યોગ્યતા છે તે સહજ હોવાથી પારિણામિકભાવ કહેવાય છે. આ પ્રમાણે શેષ ત્રણે ભાવો આઠે કર્મોમાં છે. ઉપરની વિચારણા જોતાં મોહનીયમાં પાંચે ભાવો હોય. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયમાં ઔપશમિક વિનાના ચાર ભાવો હોય. અને શેષ ચાર અઘાતી કર્મોમાં ઔપશમિક અને ક્ષાયોપશમિક વિના શેષ ત્રણ ભાવો જ હોય છે. કર્મોમાં ભાવો સમજાવ્યા, કર્મો જીવને બંધાયાં હોય છે. એટલે જીવદ્રવ્યને વિષે(કર્મોમાં કહેવા દ્વારા) ભાવો સમજાવ્યા. હવે પાંચ અજીવદ્રવ્યોમાં ભાવો સમજાવે છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાલ, અને પુદ્ગલાસ્તિકાય આ પાંચે દ્રવ્યો પોતપોતાના કાર્યમાં સહજભાવે જ પ્રવર્તે છે ગતિઉપષ્ટંભક, સ્થિત્યુપષ્ટંભક, અવકાશદાન, વર્તના, અને પૂરણગલન સ્વરૂપ પોતાના પરિણામમાં (કોઈપણ પરદ્રવ્યને આધીન થયા વિના) પોતાના સહજભાવે જ અનાદિકાળથી તે તે દ્રવ્યો પરિણામ પામે છે. તેથી આ પાંચે દ્રવ્યો અનાદિપારિણામિક ભાવવાળાં છે. તેમાં પણ એટલી વિશેષતા છે કે ધર્માદિ ચાર દ્રવ્યોમાં માત્ર અનાદિપારિણામિક ભાવ જ હોય છે પરંતુ પાંચમા પુદ્ગલાસ્તિકાય દ્રવ્યમાં મેરૂપર્વત, ચંદ્ર, સૂર્ય અને દેવલોકનાં વિમાનો, તથા શાશ્વત પર્વતો, મૂર્તિઓ અને મંદિરો આદિ પદાર્થોમાં અનાદિ પારિણામિકભાવ હોય છે. કારણ કે અનાદિકાળથી પ્રતિસમયે પૂરણ-ગલન હોવા છતાં આ જ ધ્રુવ આકાર રૂપ પરિણમન રહે છે. તથા દ્વ્યણુક - ત્ર્યણુક - ચતુરણુક આદિ સ્કંધોમાં પુરણ ગલન થતાં નિયત સંખ્યાના પ્રદેશવાળા સ્કંધો રહેતા નથી. વધઘટ થાય છે તેથી આકૃતિ પણ નિયત નથી માટે ત્યાં સાદિ પારિણામિક ભાવ ઘટે છે એમ પુદ્ગલદ્રવ્યમાં અનાદિ અને સાદિ એમ બે પ્રકારનો પારિણામિકભાવ સંભવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા પુદ્ગલદ્રવ્યમાં કોઈક કોઈક સ્કંધોમાં **"ઔદયિક ભાવ"** પણ ઘટે છે. કારણ કે ઔદારિક - વૈક્રિય - આહારકાદિ આઠે વર્ગણાઓના સ્કંધો જીવ વડે કર્મના ઉદયથી ગ્રહણ કરાય છે. અને ઔદારિક શરીરરૂપે, વૈક્રિય શરીરરૂપે, આહારક શરીરરૂપે, તૈજસ-કાર્મણ શરીરરૂપે તથા શ્વાસરૂપે ભાષારૂપે અને મનરૂપે જીવ વડે પરિણામ પમાડાય છે. આ બધા કર્મોનો ઉદય જો કે વાસ્તવિકપણે તો જીવને જ છે. છતાં જીવના સંયોગે આ ગ્રહણ થયેલા અનંતાનંત પુદ્ગલના આઠે વર્ગણાના સ્કંધોને પણ કર્મોનો ઉદય કહેવાય છે. કારણ કે જીવે બાંધેલા કર્મોના ઉદયથી તે તે પુદ્ગલોને પણ તેવી તેવી રચનારૂપે બનવું જ પડે છે. માટે જીવ વડે ગ્રહણ કરાતા અનંતાનંત પરમાણુવાળા સ્કંધોમાં જીવના સંયોગે ઔદારિકાદિ સ્કંધોમાં પણ ઔદયિકભાવ કહેવાય છે. આ રીતે વિચારતાં પુદ્ગલાસ્તિકાયમાં અનાદિ-સાદિ એમ બે પ્રકારે પારિણામિકભાવ તથા જીવસંયોગે ઔદયિકભાવ પણ હોય છે. આ રીતે છએ દ્રવ્યમાં ભાવો સમજાવ્યા. ॥૬૯॥

**सम्माइ चउसु तिग चउ भावा चउ पणुवसामगुवसंते ।**
**चउ खीणापुव्वे तिन्नि, सेसगुणठाणगेगजिए ॥ ७० ॥**

(सम्यक्त्वादिचतुर्षु त्रयश्चत्वारो भावाश्चत्वारः पञ्चोपशामकोपशान्तयोः ।
चत्वारः क्षीणापूर्वयोस्त्रयः शेषगुणस्थानकेष्वेकजीवे ॥ ७० ॥

### શબ્દાર્થ

सम्माइचउसु = સમ્યક્ત્વાદિ ચાર ગુણસ્થાનકોમાં,
तिग चउ भावा=ત્રણ અથવા ચાર ભાવો હોય છે,
चउ पण=ચાર અથવા પાંચ ભાવો,
उवसामगुवसंते = ઉપશમકને અને ઉપશાન્તને હોય છે,
चउ = ચાર ભાવો,
खीणापुव्वे = ક્ષીણમોહે અને અપૂર્વે,
तिन्नि = ત્રણ ભાવો,
सेसगुणठाणग=બાકીનાં ગુણસ્થાનકોમાં હોય છે,
एगजिए = એક જીવને આશ્રયી.

**ગાથાર્થ** - અવિરત સમ્યક્ત્વાદિ ચાર ગુણસ્થાનકોમાં ત્રણ અથવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચાર ભાવો હોય છે. ઉપશામક તથા ઉપશાન્તમોહને ચાર અથવા પાંચ ભાવો હોય છે. ક્ષીણમોહે અને અપૂર્વકરણે ચાર ભાવો હોય છે. બાકીના ગુણસ્થાનકોમાં માત્ર ત્રણ ભાવો હોય છે. આ સર્વ એક જીવને આશ્રયી જાણવું. ॥૭૦॥

**વિવેચન** - હવે ચૌદ ગુણસ્થાનકોમાં કયા કયા ગુણસ્થાનકે કેટલા કેટલા ભાવ હોય ? તે કહે છે. અવિરતસમ્યગ્દષ્ટિ નામના ચોથા ગુણસ્થાનકથી સાતમા અપ્રમત્ત ગુણસ્થાનક સુધી કુલ ચાર ગુણસ્થાનકોમાં ત્રણ અથવા ચાર ભાવ હોય છે. આ ચારે ગુણઠાણે ત્રણે સમ્યક્ત્વવાળા જીવો હોય છે. તેથી જો ક્ષયોપશમ સમ્યક્ત્વવાળા જીવો હોય તો ત્રણ ભાવો હોય છે. તે આ પ્રમાણે - ક્ષયોપશમભાવે જ્ઞાન-દર્શનાદિ તથા સમ્યક્ત્વ, ઔદયિકભાવે મનુષ્યગત્યાદિ, અને પારિણામિકભાવે જીવત્વ અને ભવ્યત્વ એમ ત્રણ ભાવ હોય છે. તે જીવોને ઔપશમિક અને ક્ષાયિકભાવ સંભવતા નથી. માટે ત્રણ ભાવ જ હોય છે. પરંતુ જો ક્ષાયિકસમ્યક્ત્વી જીવ હોય તો ક્ષાયિકભાવ વધારે હોવાથી અને જો ઔપશમિકસમ્યક્ત્વી જીવ હોય તો ઔપશમિકભાવ વધારે હોવાથી કુલ ૪ ભાવો હોય છે.

ઉપશામક અને ઉપશાન્તમોહને ચાર અથવા પાંચ ભાવો હોય છે. ઉપશમશ્રેણીમાં ચડતા જીવો મોહનો ઉપશમ કરતા હોવાથી **ઉપશામક** કહેવાય છે. અને અગ્યારમે ગુણઠાણે સર્વથા મોહનો ઉપશમ થઈ ગયો હોવાથી **ઉપશાન્તમોહ** કહેવાય છે. જો કે આઠમા ગુણસ્થાનકથી જ ઉપશમશ્રેણી અથવા ક્ષપકશ્રેણી પ્રારંભાય છે. તો પણ આઠમે ગુણઠાણે ચારિત્રમોહનીય કર્મની એક પણ પ્રકૃતિનો ક્ષય અથવા ઉપશમ ન થતો હોવાથી ઉપશમ અને ક્ષપક શ્રેણી હોવા છતાં પણ ઉપશામક કે ક્ષપક કહેવાતો નથી તથા ઔપશમિક કે ક્ષાયિકભાવનું ચારિત્ર કહેવાતું નથી. માત્ર સમ્યક્ત્વ જ ઉપશમ હોય તો તેને આશ્રયી ઔપશમિકભાવ, અને ક્ષાયિક હોય તો તેને આશ્રયી ક્ષાયિકભાવ જાણવો. પણ ચારિત્ર તો માત્ર ક્ષયોપશમ ભાવનું જ (આઠમે) જાણવું. તથા નવમે-દસમે ગુણઠાણે પણ ચારિત્રમોહનીયકર્મની ૨૧ પ્રકૃતિઓનો ઉપશમ તથા ક્ષય ચાલુ છે. હજુ પૂર્ણપણે ઉપશમ અથવા ક્ષય થઈ ગયો નથી. તેથી પરમાર્થથી તો ઔપશમિકભાવનું અને ક્ષાયિકભાવનું ચારિત્ર હજુ આવ્યું નથી. જેટલી જેટલી પ્રકૃતિઓ ઉપશમ અથવા ક્ષય પામી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય તેટલું તેટલું ચારિત્ર ઔપશમિક અને ક્ષાયિકભાવનું ગણાય. અને જેટલી જેટલી પ્રકૃતિઓનો ઉપશમ અથવા ક્ષય હજુ બાકી છે તેને આશ્રયી ક્ષયોપશમ ભાવનું ચારિત્ર ગણાય. છતાં પૂર્વાચાર્ય પુરુષોએ ઉપશમ થતાને ઉપશમ થઈ ગયેલો માનીને અથવા અગિયારમે ગુણઠાણે જે સર્વથા ઉપશાન્તાવસ્થા આવવાની છે. તેનું આ નવમા-દસમા ગુણઠાણાવાળી અવસ્થા કારણ હોવાથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને ઉપશમ એવા નવમા-દસમા ગુણઠાણાવાળાને ઔપશામિક ભાવનું ચારિત્ર માન્યું છે. જે આ ગાથાના પદમાં પાંચ ભાવ કહ્યા છે. તેનાથી જણાય છે. પરંતુ ક્ષય કરતા ક્ષપકને ક્ષાયિકભાવનું ચારિત્ર માનવું કે નહી ? તે ગાથામાં સ્પષ્ટ નથી. પરંતુ સ્વોપજ્ઞ ટીકામાં આ જ ગાથામાં પાછળ ગુણઠાણાવાર ઉત્તરભેદો જ્યાં આપ્યા છે ત્યાં ટીકાકારે સ્પષ્ટ કર્યું છે કે **औपशमिकचारित्रलक्षणस्त्वनिवृत्तेरारभ्योपशान्तं यावत् प्राप्यते, क्षायिकभावभेदश्च क्षायिकसम्यक्त्वरूपोऽविरतादारभ्योपशान्तं यावत् प्राप्यते, क्षीणमोहे क्षायिकं सम्यक्त्वं चारित्रं च प्राप्यते, सयोगिकेवल्ययोगिकेवलिनोस्तु नवापि क्षायिकभावाः प्राप्यन्ते** । આ પદથી સમજાય છે કે ઉપશમકને જેમ ઔપશમિકભાવનું ચારિત્ર નવમે-દસમે માને છે. તેમ ક્ષપકને (નવમે-દસમે ગુણઠાણે ) ક્ષાયિકભાવનું ચારિત્ર માનતા નથી. ત્યાં હજુ પૂર્ણ મોહનો ક્ષય થયો નથી તેથી ક્ષયોપશમભાવનું જ ચારિત્ર હોય એમ અર્થ ફલિત થાય છે. તેથી **चउ खीणापुव्वे** - આ પદમાં **खीणे** લખવા છતાં નવમા-દસમાવાળા ક્ષપકનો પણ સમાવેશ કરવો. કારણ કે ક્ષીણમોહે અને અપૂર્વકરણે જેમ ચાર ભાવ જ હોય છે. તેમ ક્ષપકને પણ ચાર ભાવ જ હોય છે. તેથી અહીં ક્ષીણ શબ્દથી ક્ષીણમોહ પણ લેવા. અને ક્ષપક પણ લઈ લેવા. તે આ પ્રમાણે-

ક્ષીણમોહ ગુણઠાણે સમ્યક્ત્વ અને ચારિત્ર બન્ને ક્ષાયિકભાવનાં, મતિજ્ઞાનાદિ શેષ ઉપયોગો અને દાનાદિ પાંચ લબ્ધિઓ ક્ષયોપશમભાવની, મનુષ્યાદિ ભાવો ઔદયિક ભાવના, અને ભવ્યત્વ-જીવત્વ પારિણામિકભાવનું હોય છે.

ક્ષપકને (નવમે-દસમે ગુણઠાણે) માત્ર એક સમ્યક્ત્વ જ ક્ષાયિકભાવનું, મતિજ્ઞાનાદિ શેષ ઉપયોગો, દાનાદિ પાંચ લબ્ધિઓ તથા **ચારિત્ર** પણ ક્ષયોપશમભાવનું, મનુષ્યભવાદિ ઔદયિકભાવનાં, અને ભવ્યત્વ તથા જીવત્વ પારિણામિક ભાવનાં જાણવાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અપૂર્વકરણ ગુણઠાણે જો ઉપશમસમ્યક્ત્વીએ ઉપશમ શ્રેણી માંડી હોય તો ક્ષાયિકભાવ વિના ચાર હોય, જો ક્ષાયિકસમ્યક્ત્વીએ ઉપશમ શ્રેણી માંડી હોય તો ઔપશમિકભાવ વિના ચાર હોય. અને જો ક્ષપક શ્રેણીવાળો જીવ હોય તો પણ ઔપશમિકભાવ વિના ચાર ભાવ હોય. પરંતુ ત્રણેને ચારથી વધારે કે ઓછા ભાવ ન હોય.

બાકીનાં ૧-૨-૩ તથા ૧૩-૧૪ આ પાંચ ગુણસ્થાનકોમાં ત્રણ ભાવ જ હોય છે. ત્યાં પ્રથમના ત્રણ ગુણઠાણે ક્ષાયિક અને ઔપશમિકભાવ વિના શેષ ત્રણ ભાવો હોય છે. અને તેરમે-ચૌદમે ક્ષાયોપશમિક અને ઔપશમિક વિના શેષ ત્રણ ભાવો હોય છે. આ વાત સુગમ છે.

હવે ચૌદ ગુણસ્થાનકોમાં પાંચ ભાવોના ઉત્તરભેદ કેટલા ? તે જણાવે છે.

(૧) મિથ્યાદૃષ્ટિ ગુણઠાણે મતિ અજ્ઞાનાદિ ત્રણ અજ્ઞાન, ચક્ષુ-અચક્ષુ બે દર્શન, અને દાનાદિ પાંચ લબ્ધિઓ એમ ક્ષાયોપશમિકભાવના ૧૦ ભેદ હોય છે. ઔદયિકભાવના એકવીશે ભેદ હોય છે. અને પારિણામિકભાવના ભવ્યત્વાદિ ત્રણે ભેદ હોય છે. એમ કુલ મૂલ ભાવ ૩, અને ઉત્તરભેદ ૩૪ પહેલા ગુણઠાણે સંભવે છે.

(૨) સાસ્વાદન ગુણઠાણે ક્ષાયોપશમિકભાવના (પ્રથમ ગુણસ્થાનકની જેમ જ) ૧૦ ભેદ, ઔદયિકભાવના "મિથ્યાત્વ" વિના ૨૦ ભેદ, અને પારિણામિકભાવના ભવ્યત્વ અને જીવત્વ એમ ૨ ભેદ, કુલ મૂલ ભાવ ૩, અને ઉત્તર ભાવ ૩૨ હોય છે.

(૩) મિશ્ર ગુણઠાણે પણ સાસ્વાદનની જેમ જ ક્ષાયોપશમિકના ૧૦, ઔદયિકના ૨૦ અને પારિણામિકના ૨, એમ ૩૨ ભેદ જ કાર્મગ્રન્થિક પ્રસિદ્ધ મત પ્રમાણે સંભવે છે. છતાં સ્વોપજ્ઞ ટીકામાં અને મહેસાણા પાઠશાળાની ગુજરાતી વિવેચનવાળી બુકમાં ૩૩ લખ્યા છે. ત્યાં "અવધિદર્શન" અને મિશ્ર નામનું સમ્યક્ત્વ આ બે ભેદ ક્ષાયોપશમિકભાવમાં વધારે લીધા છે. એટલે ક્ષાયોપશમિક ભાવના ૧૦ ને બદલે ૧૨, તથા ઔદયિકભાવમાંથી મિથ્યાત્વની જેમ **અજ્ઞાન** પણ ઓછું કરી ૧૯ ભેદ લીધા છે. તેથી ૧૨+૧૯+૨=૩૩ ભેદ કહ્યા છે. તે આ જ કર્મગ્રંથની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગાથા ૨૧-૩૩-૪૮ મી ગાથા જોવાથી સમજાશે. ક્ષાયોપશમિકમાં ૨ ભાવ વધારે લીધા છે. અને ઔદયિકમાં ૧ ભાવ ઓછો કર્યો છે.

(૪) ચોથા ગુણઠાણે ક્ષાયોપશમિક ભાવના ૩ જ્ઞાન, ૩ દર્શન, ૫ લબ્ધિ, અને ૧ સમ્યક્ત્વ એમ ૧૨ ભેદ, ઔદયિકભાવના મિથ્યાત્વ અને અજ્ઞાન વિના ૧૯ ભેદ, પારિણામિકભાવના ભવ્યત્વ-જીવત્વ એમ ૨ ભેદ, તથા ઔપશમિક અને ક્ષાયિકભાવનું સમ્યક્ત્વ એમ એક એક ભેદ કુલ મૂલ ભાવો સર્વ જીવ આશ્રયી પાંચ અને ઉત્તરભાવો ૧૨,૧૯,૨,૧,૧, કુલ ૩૫ ભેદ હોઈ શકે છે.

(૫) દેશવિરતિગુણઠાણે ક્ષાયોપશમિકભાવના ઉપરોક્ત ૧૨ તથા દેશવિરતિ ચારિત્ર ૧ વધારે એમ ૧૩ ભેદ, ઔદયિકભાવના ઉપરોક્ત ૧૯માંથી દેવગતિ તથા નરકગતિ વિના ૧૭ ભેદ, પારિણામિકના ૨ ભેદ, ઔપશમિક અને ક્ષાયિકનો "સમ્યક્ત્વ" સ્વરૂપ ૧ ભેદ એમ કુલ મૂલભેદ સર્વજીવ આશ્રયી પાંચ અને ઉત્તરભેદો ૧૩+૧૭+૨+૧ +૧=કુલ ૩૪ ભેદો હોય છે.

(૬) પ્રમત્ત ગુણઠાણે ક્ષાયોપશમિકભાવમાં મનઃપર્યવજ્ઞાન સહિત ૪ જ્ઞાન, ૩ દર્શન, દાનાદિ ૫ લબ્ધિ, સમ્યકત્વ ૧, અને સર્વવિરતિ ચારિત્ર ૧, એમ કુલ ૧૪ ભેદ, ઔદયિકભાવના ઉપરોક્ત ૧૭ માંથી તિર્યંચગતિ અને અસંયમ વિના શેષ ૧૫, પારિણામિક-ઔપશમિક અને ક્ષાયિકભાવના પૂર્વની જેમ જ ૨-૧-૧ એમ પાંચ ભાવોમાંથી મૂલ ભેદ સર્વજીવ આશ્રયી ૫, અને ઉત્તરભેદ ૧૪+૧૫+૨+૧+૧=કુલ ૩૩ ભેદ હોય છે.

(૭) અપ્રમત્તગુણઠાણે પ્રમત્તગુણઠાણાની જેમ જ જાણવું. પરંતુ ઔદયિકભાવમાં ૧૫ ભેદમાંથી આદ્ય લેશ્યા ત્રણ ઓછી કરવી જેથી સર્વ જીવ આશ્રયી મૂલભેદ ૫, અને ઉત્તરભેદ ૧૪+૧૨+૨+૧+૧=૩૦ ભેદ હોય છે.

(૮) અપૂર્વકરણ ગુણઠાણે ક્ષાયોપશમિકભાવમાં ૪ જ્ઞાન, ૩ દર્શન ૫ લબ્ધિ, અને સર્વવિરતિચારિત્ર એમ ૧૩, ઔદયિકભાવના ઉપરોક્ત ૧૨ માંથી તેજો-પદ્મ એમ ૨ લેશ્યા વિના ૧૦, પારિણામિકભાવના ૨, ઔપશમિક અને ક્ષાયિક ભાવનું સમ્યકત્વ ૧-૧ એમ કુલ મૂલભેદ સર્વજીવ આશ્રયી ૫ અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્તરભેદ ૧૩+૧૦+૨+૧+૧=૨૭ ભેદ હોય છે. જો કે મહેસાણા પાઠશાળા વાળી ચોપડીમાં ૨૮ ભેદ છાપ્યા છે. ત્યાં ઔપશમિકભાવના ૨ ભેદ લીધા છે. પરંતુ સ્વોપજ્ઞ ટીકામાં ''औपशमिकचारित्रलक्षणस्त्वनिवृत्तेरारभ्योपशान्तं यावत्प्राप्यते'' એવું સ્પષ્ટ કહ્યું છે તેથી આ પ્રેસદોષ હશે એમ લાગે છે.

(૯) નવમા ગુણઠાણે ઔપશમિકભાવનું ચારિત્ર ૧ ભેદ વધારે હોવાથી મૂલભેદ ૫, ઉત્તરભેદ ૧૩+૧૦+૨+૨+૧ = કુલ ૨૮ હોય છે.

(૧૦) દસમા ગુણઠાણે ઉપરોક્ત નવમા ગુણઠાણાના ૨૮ ઉત્તરભેદમાંથી ક્રોધ, માન, માયા આ ત્રણ કષાય અને ત્રણ વેદ એમ ૬ ઔદયિકભાવના ભેદ વિના શેષ ૨૨ ભેદ હોય છે. એટલે ક્ષાયોપશમિકભાવના ૧૩, ઔદયિકભાવના ૪, (લોભ, મનુષ્યગતિ, શુક્લલેશ્યા અને અસિદ્ધત્વ), પારિણામિકભાવના ૨, ઔપશમિકના ૨, અને ક્ષાયિકનો ૧ સમ્યક્ત્વ, એમ ૨૨ ઉત્તરભેદ હોય છે.

(૧૧) અગિયારમા ગુણઠાણે માત્ર ઔપશમિકભાવનું જ ચારિત્ર હોવાથી ક્ષાયોપશમિકભાવમાંથી ૧ સર્વવિરતિ ચારિત્ર, અને ઔદયિકભાવમાંથી લોભકષાય ઓછો કરવાથી કુલ ૨૦ ભેદ હોય છે. એટલે કે ક્ષાયોપશમિકના ૪ જ્ઞાન, ૩ દર્શન, અને દાનાદિ ૫ લબ્ધિ, ઔદયિકભાવના મનુષ્યગતિ શુક્લલેશ્યા અને અસિદ્ધત્વ એમ ત્રણ, પારિણામિક ભાવના ૨, ઔપશમિક ભાવના ૨, અને ક્ષાયિકભાવનો ૧ એમ ૨૦ ભેદ જાણવા.

(૧૨) બારમા ગુણઠાણે ઔપશમિક ભાવ હોતો જ નથી તેથી તેના ૨ ભેદ ઓછા કરવા અને ક્ષાયિકભાવમાં સમ્યક્ત્વ તો છે જ પરંતુ ચારિત્ર પણ હવે ક્ષાયિકભાવનું હોય છે. એટલે ૨ ભેદ લેવા. બાકીના ઉપરના ગુણઠાણાની જેમ જાણવા. એટલે ક્ષાયોપશમિકના ૧૨, ઔદયિકના ૩, પારિણામિકના ૨, ક્ષાયિકના ૨, કુલ મૂલભેદ ૪ અને ઉત્તરભેદ ૧૯ હોય છે.

(૧૩) તેરમા ગુણઠાણે ક્ષાયોપશમિક ભાવ પણ હોતો જ નથી. તેથી તેના ૧૨ ભેદ કાઢી નાખવા. ક્ષાયિકભાવના નવે ભેદ સમજવા. તથા પારિણામિકભાવમાંથી માત્ર ૧ જીવત્વ જ લેવું. તેથી ક્ષાયિકના ૯, ઔદયિકના ૩, અને પારિણામિકનો ૧, કુલ ૩ મૂલ ભેદ અને ૧૩ ઉત્તરભેદ સંભવે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. અહીં ભવ્યમાર્ગણામાં ગાથા ૧૯ પ્રમાણે સર્વ ગુણઠાણાં કહ્યાં હોવાથી તેરમે-ચૌદમે પારિણામિકભાવના ભવ્યત્વ અને જીવત્વ એમ ૨ ભેદ લેવા જોઈએ. તો પણ મોક્ષ અત્યન્ત નજીક હોવાથી, અને નિયમા મુક્તિ થવાની જ હોવાથી હવે ભવ્યત્વનો વ્યવહાર થતો નથી. તેથી જ શાસ્ત્રોમાં કેવલીભગવાનને ''नो भव्वा नो अभव्वा'' કહ્યું છે. તેનો આશ્રય લઈને અહીં પણ ભવ્યત્વ લીધું નથી. તેથી ૧૩ ઉત્તરભેદ કહ્યા છે. સ્વોપજ્ઞ ટીકામાં કહ્યું છે કે ''सयोगिकेवल्ययोगिकेवलिनोस्तु जीवत्वमेवेति, भव्यत्वस्य च प्रत्यासन्नसिद्धावस्थायामभावादधुनापि तदपगतप्रायत्वादिना केनचित् कारणेन शास्त्रान्तरेषु नोक्तमिति नास्माभिरप्यत्रोच्यते ।'' તેથી કુલ ઉત્તરભેદ ક્ષાયિકના ૯, ઔદયિકના ૩, અને પારિણામિકનો ૧ એમ ૧૩ ભેદ હોય છે.

(૧૪) ચૌદમા ગુણઠાણે ઔદયિકભાવમાં શુક્લલેશ્યા ઓછી કરવી. જેથી ક્ષાયિકના ૯, ઔદયિકના મનુષ્યગતિ અને અસિદ્ધત્વ એમ ૨, અને પારિણામિકનો ૧ એમ કુલ ૧૨ ઉત્તરભેદ સંભવે છે. તેનું ચિત્ર આ પ્રમાણે છે.

| નં. | ગુણસ્થાનક | એક જીવ આશ્રયી | સર્વ જીવ | ક્ષાયોપ-શમિક | ઔદયિક | પારિ-ણામિક | ઔપશ. | ક્ષાયિક | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | મિથ્યાદષ્ટિ | ૩ | ૩ | ૧૦ | ૨૧ | ૩ | ૦ | ૦ | ૩૪ - |
| ૨ | સાસ્વાદન | ૩ | ૩ | ૧૦ | ૨૦ | ૨ | ૦ | ૦ | ૩૨ |
| ૩ | મિશ્ર | ૩ | ૩ | *૧૦/૧૨ | ૨૦/૧૯ | ૨ | ૦ | ૦ | ૩૨/૩૩ |
| ૪ | અવિરત સમ્ય. | ૩/૪ | ૫ | ૧૨ | ૧૯ | ૨ | ૧ | ૧ | ૩૫ |
| ૫ | દેશવિરતિ | ૩/૪ | ૫ | ૧૩ | ૧૭ | ૨ | ૧ | ૧ | ૩૪ |
| ૬ | પ્રમત્તસંયત | ૩/૪ | ૫ | ૧૪ | ૧૫ | ૨ | ૧ | ૧ | ૩૩ |
| ૭ | અપ્રમત્તસંયત | ૩/૪ | ૫ | ૧૪ | ૧૨ | ૨ | ૧ | ૧ | ૩૦ |
| ૮ | અપૂર્વકરણ | ૪ | ૫ | ૧૩ | ૧૦ | ૨ | ૧ | ૧ | ૨૭ |
| ૯ | અનિવૃત્તિકરણ | ૪/૫ | ૫ | ૧૩ | ૧૦ | ૨ | ૨ | ૧ | ૨૮ |
| ૧૦ | સૂક્ષ્મસંપરાય | ૪/૫ | ૫ | ૧૩ | ૪ | ૨ | ૨ | ૧ | ૨૨ |
| ૧૧ | ઉપશાન્તમોહ | ૪/૫ | ૫ | ૧૨ | ૩ | ૨ | ૨ | ૧ | ૨૦ |
| ૧૨ | ક્ષીણમોહ | ૪ | ૪ | ૧૨ | ૩ | ૨ | ૦ | ૨ | ૧૯ |
| ૧૩ | સયોગીકેવળી | ૩ | ૩ | ૦ | ૩ | ૧ | ૦ | ૯ | ૧૩ |
| ૧૪ | અયોગીકેવલી | ૩ | ૩ | ૦ | ૨ | ૧ | ૦ | ૯ | ૧૨ |

*અવધિદર્શન, મિશ્ર ઉમેરો અને અજ્ઞાન દૂર કરો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ચિત્રમાં લખેલી ઉત્તરભેદની સંખ્યા અનેક જીવઆશ્રયી છે. તેમાંથી એક જીવઆશ્રયી સ્વયં સમજી લેવી. ॥૭૦॥

આ પ્રમાણે સવિસ્તરપણે ભાવદ્વાર કહ્યું. હવે સંખ્યાત-અસંખ્યાત અને અનંતના સ્વરૂપને સમજાવનારૂં અંતિમ દ્વાર કહે છે.

**संखिज्जेगमसंखं, परित्तजुत्तनियपयजुयं तिविहं ।**
**एवमणंतं पि तिहा, जहन्नमज्झुक्कसा सव्वे ॥ ७१॥**

(संख्येयमेकमसंख्येयं परित्तयुक्तनिजपदयुक्तं त्रिविधम् ।
एवमनन्तमपि त्रिधा, जघन्यमध्यमोत्कृष्टानि सर्वाणि ॥ ७१ ॥)

### શબ્દાર્થ

**संखिज्ज** = સંખ્યાતુ,
**एगं** = એક પ્રકારનું,
**असंखं** = અસંખ્યાતું,
**परित्तजुत्तनियपयजुयं**=પરિત્ત, યુક્ત અને નિજપદથી યુક્ત,
**तिविहं**= ત્રણ પ્રકારનું,
**एवमणंतंपि** = એ પ્રમાણે અનંતુ પણ,
**तिहा**= ત્રણ પ્રકારે,
**जहन्नमज्झुक्कसा** = જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ,
**सव्वे** = સર્વ

**ગાથાર્થ** - સંખ્યાતું એક પ્રકારનું છે. અસંખ્યાતું પરિત્ત, યુક્ત અને નિજપદથી યુક્ત ત્રણ પ્રકારનું છે. એ પ્રમાણે અનંતું પણ ત્રણ પ્રકારનું છે. તથા સર્વે ભેદો જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ ભેદે જાણવા. ॥૭૧॥

**વિવેચન** - જેની ગણના કરી શકાય તે સંખ્યાતું કહેવાય છે. તે એક પ્રકારનું છે. જેની ગણના ન કરી શકાય તે અસંખ્યાતું કહેવાય છે. તેના (૧) પરિત્ત, (૨) યુક્ત, અને (૩) નિજપદયુક્ત એટલે અસંખ્યાત પદથી યુક્ત એમ ત્રણ પ્રકારો છે. સારાંશ કે પરિત્ત અસંખ્યાત, યુક્ત અસંખ્યાત, અને અસંખ્યાત અસંખ્યાત એમ ત્રણ પ્રકારે છે. તેવી જ રીતે અનંત પણ ત્રણ પ્રકારે છે. (૧) પરિત્ત અનંત, (૨) યુક્ત અનંત અને (૩) અનંતાનંત. એમ ત્રણ ભેદ છે. આ સર્વે(સાતે) ભેદો જઘન્ય-મધ્યમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને ઉત્કૃષ્ટ એમ ત્રણ ત્રણ પ્રકારે હોવાથી કુલ ૨૧ ભેદો થાય છે. તે આ પ્રમાણે-

| | | |
|---|---|---|
| (૧) જઘન્ય સંખ્યાત | (૮) મધ્યમ યુક્તાસંખ્યાત | (૧૫) ઉત્કૃષ્ટ પરિત્તાનંત |
| (૨) મધ્યમ સંખ્યાત | (૯) ઉત્કૃષ્ટ યુક્તાસંખ્યાત | (૧૬) જઘન્ય યુક્તાનંત |
| (૩) ઉત્કૃષ્ટ સંખ્યાત | (૧૦) જઘન્યઅસંખ્યાતાસંખ્યાત | (૧૭) મધ્યમ યુક્તાનંત |
| (૪) જઘન્ય પરિત્તાસં. | (૧૧) મધ્યમ અસંખ્યાતાસંખ્યાત | (૧૮) ઉત્કૃષ્ટ યુક્તાનંત |
| (૫) મધ્યમ પરિત્તાસં. | (૧૨) ઉત્કૃષ્ટ અસંખ્યાતાસંખ્યાત | (૧૯) જઘન્ય અનંતાનંત |
| (૬) ઉત્કૃષ્ટ પરિત્તાસં. | (૧૩) જઘન્ય પરિત્તાનંત | (૨૦) મધ્યમઅનંતાનંત |
| (૭) જઘન્ય યુક્તાસં. | (૧૪) મધ્યમ પરિત્તાનંત | (૨૧) ઉત્કૃષ્ટ અનંતાનંત |

આ ૨૧ ભેદો સવિસ્તરપણે આગળ સમજાવવામાં આવે જ છે. તેથી અહીં તેનો વિસ્તાર કરતા નથી. ॥૭૧॥

**लहु संखिज्जं दुच्चिअ, अओ परं मज्झिमं तु जा गुरुअं ।**
**जंबूद्दीवपमाणय, चउ पल्लपरूवणाइ इमं ॥ ७२॥**

(लघु संख्येयं द्वावेव, अतः परं मध्यमं तु यावद्गुरुकम् ।
जंबूद्वीपप्रमाणकचतुष्पल्यप्ररूपणया इदम् (वक्ष्यमाणम्) ॥ ७२॥)

**શબ્દાર્થ**

| | |
|---|---|
| लहु=જઘન્ય, संखिज्जं=સંખ્યાતું, | जंबूद्दीप= જંબૂદ્વીપના |
| दुच्चिअ = બે જ, | पमाणय = પ્રમાણવાળા, |
| अओ परं = આનાથી આગળ, | चउपल्ल = ચાર પ્યાલાની, |
| मज्झिमं = મધ્યમ, | परूवणाइ = પ્રરૂપણા દ્વારા, |
| जा गुरुअं=યાવત્ ઉત્કૃષ્ટ આવે, | इमं = આ પ્રમાણે જાણવું. |

**ગાથાર્થ** - બેની સંખ્યા એ જઘન્ય સંખ્યાતું, એનાથી આગળ જ્યાં સુધી ઉત્કૃષ્ટ આવે (નહીં) ત્યાં સુધી મધ્યમ, અને જંબૂદ્વીપના માપવાળા ચાર પાલાની પ્રરૂપણા વડે આ હવે કહેવાતું ઉત્કૃષ્ટ સંખ્યાતું જાણવું ॥૭૨॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વિવેચન** - સંખ્યાતું ત્રણ પ્રકારનું છે. જઘન્ય, મધ્યમ, અને ઉત્કૃષ્ટ, ત્યાં બેની સંખ્યા સૌથી નાની હોવાથી જઘન્ય સંખ્યાતું કહેવાય છે. અહીં એક પ્રશ્ન થવો સંભવિત છે કે બેથી નાની સંખ્યા એકની છે છતાં એકની સંખ્યાને છોડીને બેની સંખ્યાને શા માટે જઘન્યસંખ્યાતું કહેવાય છે ? તેનો ઉત્તર આપતાં ટીકાકારે નીચે મુજબ પાંચ કારણો કહ્યાં છે.

(૧) જે ગણનાનો વિષય ન બને, ગણનારહિત હોય છે. જેનું ઉચ્ચારણ ન થાય તે ગણનસંખ્યાને પામતું નથી. જેમ જ્યાં એક ઘટ પડ્યો હોય ત્યાં "આ ઘટ છે" એમ કહેવાય છે. પરંતુ "આ એક ઘટ છે" એમ કહેવાતુ નથી. અને જ્યાં બે-ત્રણ ઘટ હોય ત્યાં "આ બે ઘટ છે" "આ ત્રણ ઘટ છે" એમ બોલાય છે તેથી "એકની" સંખ્યાનો ઉલ્લેખ થતો નથી માટે એકને ગણનસંખ્યા કહેવાતી નથી.

(૨) લેવડ-દેવડમાં એક વસ્તુ ઓછી-વધતી આવે તો તેનો કોઈને વાંધો ન હોવાથી એકની સંખ્યાને ગણનાનો વિષય કહેવાતો નથી.

(૩) એક એ અત્યન્ત અલ્પ સંખ્યા હોવાથી વ્યવહારનો વિષય નથી.

(૪) એકને ગમે તેટલી વાર તે જ અંક વડે ગુણો તો પણ તે જ સંખ્યા રહેતી હોવાથી, વધારો ન થતો હોવાથી એકની સંખ્યા ગણનાને પામતી નથી.

(૫) કોઈપણ સંખ્યાને એક વડે ગમે તેટલી વાર ગુણો તો પણ વૃદ્ધિ થતી નથી. માટે એકની સંખ્યા ગણનાને યોગ્ય નથી.

ઉપરોક્ત કારણોસર એકને છોડીને બેની સંખ્યાને જ જઘન્ય સંખ્યાતું કહેવાય છે. ત્રણ-ચાર-પાંચ-છ-સાત ઈત્યાદિ સંખ્યા તે મધ્યમ સંખ્યાતું જાણવું. જ્યાં સુધી ઉત્કૃષ્ટ સંખ્યાતું (ન) આવે ત્યાં સુધી આ જાણવું.

**પ્રશ્ન** - ઉત્કૃષ્ટ સંખ્યાતું કોને કહેવાય અને કેવી રીતે જાણવું ?

**ઉત્તર** - ઉત્કૃષ્ટ સંખ્યાતું જંબૂદ્વીપના માપવાળા ચાર પાલાની પ્રરૂપણા વડે હવે કહેવાતી રીતિ-નીતિ મુજબ જાણવું. ॥૭૨॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**पल्लाणवट्ठियसलाग-पडिसलागमहासलागक्खा ।**
**जोयणसहसोगाढा सवेइयंता ससिहभरिया ॥ ७३॥**

(पल्याः अनवस्थितशलाकाप्रतिशलाकामहाशलाकाख्याः ।
योजनसहस्रावगाढाः सवेदिकान्ताः सशिखभृताः ॥ ७३॥)

**શબ્દાર્થ**

पल्ला = પ્યાલા,
अणवट्ठिय = અનવસ્થિત,
सलाग = શલાકા,
पडिसलाग = પ્રતિશલાકા,
महासलागक्खा=મહશલાકાનામના
जोयणसहसोगाढा = એક હજાર-યોજનની ઊંડાઈવાળા,
सवेइयंता = વેદિકાસહિત,
ससिहभरिया = શિખા સહિત ભરેલા કરવા.

**ગાથાર્થ** - અનવસ્થિત, શલાકા, પ્રતિશલાકા અને મહાશલાકા નામના ચાર પ્યાલા એક હજાર યોજનની ઉંડાઈવાળા, વેદિકા સહિત શિખા સાથે (સરસવોથી) ભરવા. ॥૭૩॥

**વિવેચન** - સર્વ દ્વીપ અને સમુદ્રોની મધ્યમાં આવેલો, જંબૂ વૃક્ષના નામ ઉપરથી "જંબૂ" નામવાળો, એક લાખ યોજન આયામ (લંબાઈ) અને વિષ્કંભ (પહોળાઈ)વાળો, જેમાં આપણે સર્વે રહીએ છીએ તે **જંબૂદ્વીપ** નામનો દ્વીપ છે. તેના માપના ચાર પ્યાલા બનાવવા. તથા તે ચારે પ્યાલા એક હજાર યોજનની ઉંડાઈવાળા બનાવવા. તથા તે ચારે પ્યાલાની ફરતી આઠ યોજનની ઉંચાઈવાળી, મૂળમાં બાર, મધ્યમાં આઠ, અને ઉપર ચાર યોજનની પહોળાઈવાળી, તથા ઉપરના ભાગે બે ગાઉ ઉંચાઈવાળી પદ્મવર વેદિકા જેવી વેદિકાયુક્ત એવી જગતી વડે શોભતા આ ચાર પ્યાલા કરવા. જો કે આવા પ્યાલા કંઈ કરી શકાવાના નથી. પરંતુ સંખ્યાતા આદિનું સ્વરૂપ સમજાવવા માટે આ એક માપ સમજાવાય છે. આવા ચાર પ્યાલા બનાવી તે ચારે પ્યાલાને હવે કહેવાતી રીતિ મુજબ સરસવોથી ભરવા. આ ચારે પ્યાલાને ઓળખવા માટે તેનાં આવા પ્રકારનાં ચાર નામો છે.

(૧) **અનવસ્થિત** - આગળ આગળ યથોત્તર વધવાના સ્વભાવવાળો હોવાથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેનું નિયત માપ ન રહેતું હોવાથી અનવસ્થિત કહેવાય છે, જો કે પહેલો પ્યાલો પણ જંબૂદ્વીપના જેવો એક લાખ યોજનના નિયત માપવાળો હોવાથી **"અવસ્થિત"** જ છે. અનવસ્થિત નથી. પરંતુ બીજીવારમાં તે અનિયત માપવાળો થતો હોવાથી બીજીવારમાં તેને અનવસ્થિત કહેવાય છે. અને ત્યારથી જ તેનો વ્યવહાર કરાશે.

(૨) **શલાકા** - અનવસ્થિત પ્યાલાના **સાક્ષીરૂપ** એક એક દાણા નાખવા તે શલાકા. આવા પ્રકારના સાક્ષીરૂપ દાણા વડે ભરાતો પ્યાલો પણ **શલાકા** કહેવાય છે.

(૩) **પ્રતિશલાકા** - શલાકા પ્યાલાના સાક્ષીદાણા વડે જે ભરાય તે પ્રતિશલાકા.

(૪) **મહાશલાકા** - પ્રતિશલાકા પ્યાલાના સાક્ષીદાણા વડે જે ભરાય તે મહાશલાકા.

ઉપરના હેતુઓથી પ્યાલાનાં આવાં નામો છે. તેથી તે જ નામો કંઠસ્થ કરવાં. છતાં તેને એક નંબર, બે નંબર, ત્રણ નંબર અને ચાર નંબરનો પ્યાલો એમ પણ કહી શકાય છે. આ ચારે પ્યાલા એક લાખ યોજન લાંબા, એક લાખ યોજન પહોળા, એક હજાર યોજન ઉંડા, આઠ યોજનની જગતીવાળા, તથા તે જગતીની ઉપર બે ગાઉ ઉંચી પદ્મવર વેદિકાવાળા બનાવવા. ત્યારબાદ તે પ્યાલાને શિખા સહિત સરસવથી ભરવાના છે. પરંતુ ચારે પ્યાલા ન ભરતાં અહીં માત્ર પ્રથમ પ્યાલો જ હમણાં સરસવથી ભરવો. ત્યારબાદ શું કરવું ? તે હવે પછીની ગાથામાં જણાવે છે. ॥૭૩॥

**ता दीवुदहिसु इक्किक्क सरिसवं खिविय निट्ठिए पढमे ।**
**पढमं व तदंतं चिय, पुण भरिए तंमि तह खीणे ॥७४॥**

(तस्माद् द्वीपोदधिषु एकैकसर्षपं क्षिप्त्वा निष्ठिते प्रथमे ।
प्रथममिव तदन्तमेव पुनर्भृते तस्मिन् तथा क्षीणे ॥७४॥

**શબ્દાર્થ**

ता = ત્યારબાદ,
दीवुदहिसु=દ્વીપ અને સમુદ્રને વિષે,
इक्किक्कसरिसवं=એક એક સરસવ,
खिविय = નાખીને,
निट्ठिए पढमे = પહેલો પ્યાલો ખાલી થાય ત્યારે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| पढमं व=પહેલા પ્યાલાની જેમ, | पुणभरिए=ફરીથી પ્યાલો ભરે છતે, |
| तदंतं चिय = ત્યાં સુધીના દ્વીપસમુદ્રવાળો, | तंमि तह खीणे = તે પ્યાલો તેવી જ રીતે ખાલી થાય ત્યારે. |

**ગાથાર્થ** - ત્યારબાદ એકેક દ્વીપસમુદ્રમાં એક એક સરસવનો દાણો નાખીને પહેલો પ્યાલો ખાલી થાય ત્યારે જ્યાં ખાલી થયો ત્યાં સુધીના દ્વીપસમુદ્રવાળો પ્યાલો પહેલા પ્યાલાની જેવો ફરીથી ભરવો. અને પૂર્વની જેમ સરસવો નાખવા દ્વારા તે પ્યાલો ખાલી થાય ત્યારે ॥૭૪॥

**વિવેચન** - જંબૂદ્વીપના માપવાળો પહેલો પ્યાલો જે છે, તેને સરસવોના દાણાથી એવી રીતે ભરવો કે શિખા ચડી શકે તેટલી શિખા ચડાવીને ભરવો. ત્યારબાદ (આટલો મોટો લાખયોજનની લંબાઈ-પહોળાઈવાળો, એક હજાર યોજનની ઉંડાઈવાળો, આઠયોજનની ઉંચી જગતીવાળો, બે ગાઉની વેદિકાવાળો) આ પ્યાલો કોઈ માનવથી ઉપાડવો અશક્ય હોવાથી ધારો કે કોઈ દેવ અથવા દાનવ તે પ્યાલાને ડાબા હાથમાં ઉપાડીને એકેક દાણો જંબૂદ્વીપથી પ્રારંભીને દ્વીપ અને સમુદ્રમાં જમણા હાથ દ્વારા અનુક્રમે નાખે. એટલે કે પહેલો દાણો જંબૂદ્વીપમાં, બીજો દાણો લવણમાં, ત્રીજો દાણો ધાતકીમાં, ચોથો દાણો કાલોદધિમાં એમ આખો આ પ્યાલો ખાલી કરવો. જો કે આ પ્યાલો ઉપર કહેલા માપને લીધે ક્યાં ખાલી થાય તે આપણા જેવા માનવો વડે કહેવું કે કલ્પવું અશક્ય જ છે. છતાં તે પ્યાલો જ્યાં ખાલી થાય તે દ્વીપ અથવા સમુદ્ર સુધીના અંતવાળો (એટલે વચ્ચેના તમામ દ્વીપ-સમુદ્રો સાથે ત્યાં સુધીના અંતવાળો) એક હજારની ઉંડાઈવાળો, જગતી અને વેદિકાવાળો નવો પ્યાલો બનાવી ચડી શકે તેટલી વધારે શિખા ચડાવીને સરસવોથી ભરવો. પહેલો જે પ્યાલો ખાલી થયો તે પ્યાલો એક લાખ યોજનના નિશ્ચિત માપવાળો હતો તેથી તેનું નામ **અવસ્થિત** હતું. પરંતુ અનવસ્થિત પ્યાલો બનાવવામાં તેની જરૂરિયાત હતી તેથી તેની કલ્પના કરેલી છે. હવે ધારો કે આ અવસ્થિત પ્યાલો (અસત્કલ્પનાએ) ૧૦૦ મા દ્વીપ-સમુદ્રે ખાલી થયો માનીએ તો ૧૦૦મા દ્વીપ-સમુદ્ર જેટલી લંબાઈ-પહોળાઈવાળો આ **અનવસ્થિત** પ્યાલો થયો. તેને સરસવોથી ભરી ડાબા હાથમાં ઉપાડી જ્યાં અવસ્થિત પ્યાલો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખાલી થયેલો છે. તેના પછીના દ્વીપ-સમુદ્રમાં (અસત્કલ્પનાએ ૧૦૧ મા દ્વીપ-સમુદ્રથી) એકેક દાણો સરસવનો જમણા હાથ વડે નાખવા દ્વારા આ અનવસ્થિત પ્યાલો ખાલી કરવો. અને તે આ અનવસ્થિત પ્યાલો પ્રથમવાર ખાલી કર્યો છે. તેની યાદી તરીકે એક દાણો શલાકા નામના બીજા પ્યાલામાં નાખવો.

**પ્રશ્ન** - આ અનવસ્થિત પ્યાલો ખાલી થયો ત્યારે સાક્ષીદાણો શલાકામાં નાખ્યો. પરંતુ પ્રથમ અવસ્થિત પ્યાલો ખાલી થયો ત્યારે સાક્ષીદાણો શલાકા પ્યાલામાં કેમ ન નાખ્યો ? તે પણ આ પ્યાલાની જેમ જ ખાલી કરાયો છે.

**ઉત્તર** - અનવસ્થિત પ્યાલો ઠલવાય ત્યારે જ સાક્ષીદાણા શલાકામાં નાખવાના છે. પ્રથમ પ્યાલો અનવસ્થિત હતો જ નહી. અવસ્થિત જ હતો. તેથી તેનો સાક્ષીદાણો શલાકા પ્યાલામાં નખાતો નથી.

**પ્રશ્ન** - શલાકા પ્યાલામાં જે સાક્ષીદાણો નાખવાનું કહો છો તે સાક્ષી દાણો અનવસ્થિત પ્યાલાનો જ લેવો ? કે બીજો દાણો લેવો ?

**ઉત્તર** - અનવસ્થિત પ્યાલાનો ન જ લેવો. તેને તો પુરેપુરો દ્વીપ-સમુદ્રમાં ઠલવી જ દેવો. સાક્ષી દાણો બહારથી નવો લાવીને નાખવો. કારણ કે આ ગાથામાં સ્પષ્ટ કહ્યું છે કે "पुण भरिए तंमि तह खीणे" અહીં खीणे શબ્દથી આ પ્યાલાને સંપૂર્ણપણે ખાલી કરવાનો કહ્યો છે. માટે સાક્ષીદાણો અનવસ્થિતમાંથી ન લેવો એવું સ્પષ્ટ ટીકામાં કહ્યું છે. क्षिप्यते निधीयते शलाकापल्ये द्वितीये शलाकासंज्ञकं एकसंख्यक एव सर्षपः, स च नानवस्थितपल्यसत्कः किन्त्वन्य एवेत्यवसीयते, "पुण भरिए तंमि तह खीणे" इति सूत्रावयवस्य सामस्त्यरिक्तीकरणप्रतिपादनपरत्वात् । બીજા કેટલાક આચાર્યો અનવસ્થિતમાંથી જ સાક્ષીદાણો લેવો એમ પણ માને છે. એટલે આ બાબતમાં तत्त्वं तु केवलिनो विदन्ति તત્ત્વ કેવલી ભગવાન જાણે-

**પ્રશ્ન** - એક સાક્ષીદાણા માટે આટલી બધી ચર્ચા શું કામ કરો છો. આટલા બધા અગણિત દાણામાં એક દાણાની શું કિંમત ? અનવસ્થિતમાંથી લો કે બહારનો લો, પરંતુ તેમાં એક દાણા માત્રમાં શું ફરક પડે છે ?

**ઉત્તર** - એક એક દાણો પછી-પછીના દ્વીપ-સમુદ્રમાં નાખવાનો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે જો એક દાણો અનવસ્થિતમાંથી લઈએ તો આ એક દાણો જે દ્વીપ-સમુદ્રમાં પ્રક્ષિપ્ત કરત તે દ્વીપ-સમુદ્રની પહોળાઈ પૂર્વના દ્વીપ-સમુદ્ર કરતાં ડબલ ડબલ છે. તેથી હવે પાછળ લેવાતા અનવસ્થિતનું માપ જેટલું મોટું લઈ શકાય તે ન આવે. તે માપ કંઈક નાનું થઈ જાય. માટે અહીં એક એક દાણાની પણ ઘણી જ કિંમત છે.

આ પ્રમાણે આ પ્રથમ અનવસ્થિત પ્યાલો ખાલી થાય (ધારો કે ૨૦૦ મા દ્વીપ-સમુદ્રે ખાલી થયો) અને તેનો એક સાક્ષીદાણો નવો શલાકામાં નાખ્યો. ત્યારબાદ શું કરવું ? તે કહે છે.

**खिप्पइ सलागपल्लेगु सरिसवो इय सलागखवणेणं ।**
**पुन्नो बीओ अ तओ, पुव्वंपि तंमि उद्धरिए ॥ ७५॥**

(क्षिप्यते शलाकापल्ये एकः सर्षपः इति शलाकाक्षपणेन ।
पूर्णः द्वितीयश्च ततः, पूर्वमपि तस्मिन्नुद्धरिते ॥ ७५॥

**શબ્દાર્થ**

खिप्पइ = નખાય છે,
सलागपल्लेगु = શલાકા પ્યાલામાં,
सरिसवो = એક સરસવ,
इय = આ પ્રમાણે,
सलागखवणेणं=શલાકામાં નાખવા વડે,
पुन्नो बीओ = બીજો પ્યાલો પણ
પૂર્ણ ભરાય,
तओ = ત્યારબાદ,
पुव्वंपि = પૂર્વના પ્યાલાની જેમ,
तंमि = તે પ્યાલાનો પણ,
उद्धरिए = ઉદ્ધાર કરવો= ખાલી કરવો.

**ગાથાર્થ** - અનવસ્થિત પ્યાલો ઠલવાયે છતે એક સરસવનો દાણો શલાકા પ્યાલામાં નખાય છે. આ પ્રમાણે શલાકામાં નાખવા દ્વારા જ્યારે બીજો પ્યાલો પૂર્ણ ભરાય ત્યારે તે બીજા શલાકા પ્યાલાને પણ પૂર્વના અનવસ્થિત પ્યાલાની જેમ જ ઉપાડવો (ઉપાડીને ઠલવવો.) ॥ ૭૫ ॥

**વિવેચન** - અવસ્થિત પ્યાલો જ્યાં (અસત્કલ્પનાએ ૧૦૦) દ્વીપ-સમુદ્રમાં ખ્યાલી થયો. ત્યાં સુધીના માપવાળો જે આ અનવસ્થિત પ્યાલો બનાવી, સરસવોથી ભરી, ઉપાડીને ઠલવતાં તેની યાદી તરીકે બહારથી એક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દાણો સાક્ષી તરીકે શલાકા નામના બે નંબરના પ્યાલામાં નાખવો. હવે તે અનવસ્થિત પ્યાલો જ્યાં સુધીમાં (અસત્કલ્પનાએ ૧૦૧ થી ૨૦૦ માં) ઠલવાયો ત્યાં સુધીના તમામ દ્વીપ-સમુદ્ર જેવડો (એટલે કે અ.ક. ૨૦૦ મા દ્વીપ-સમુદ્ર સુધીના તમામ દ્વીપ-સમુદ્ર જેવડો) ફરીથી અનવસ્થિત પ્યાલો બનાવવો. સરસવોથી ભરવો. તેને ઉપાડી પછીના (૨૦૧મા) દ્વીપ-સમુદ્રથી એકેક દાણો નાખતાં સંપૂર્ણપણે ઠલવી દેવો. (પૂર્વ કરતાં અધિક દ્વીપ સમુદ્ર હોવા છતાં પણ સરળતા માટે ધારો કે તે પ્યાલો ૨૦૧ થી ૩૦૦માં ઠલવાયો) તેની યાદી તરીકે એક સાક્ષીદાણો શલાકા નામના બે નંબરના જ પ્યાલામાં નાખવો. હવે બે નંબરના શલાકા પ્યાલામાં ૨ દાણા થયા. ત્યારબાદ આ અનવસ્થિત પ્યાલો જ્યાં ખાલી થયો ત્યાં સુધીનો (એટલે જંબૂદ્વીપથી ૩૦૦ મા દ્વીપ સુધીનો) ફરીથી અનવસ્થિત પ્યાલો જ બનાવવો. તે પણ એક હજાર યોજન ઉંડો, આઠ યોજનની જગતીવાળો, બે ગાઉની વેદિકાવાળો બનાવી સરસવોથી ફરીથી ભરીને ત્યારપછીના (અસત્કલ્પનાએ ૩૦૧ થી ૪૦૦મા) દ્વીપ-સમુદ્રમાં ઠલવવો. અને તેનો ૧ સાક્ષી દાણો શલાકા પ્યાલામાં નાખવો. હવે શલાકા પ્યાલામાં ૩ દાણા થયા. આ પ્રમાણે વારંવાર અનવસ્થિત પ્યાલો જ બનાવવો. જે દ્વીપ-સમુદ્રમાં આ ઠલવાય. ત્યાં સુધીના તમામ દ્વીપ-સમુદ્રના માપવાળા, એક હજાર યોજનની ઉંડાઈવાળા, જગતી તથા વેદિકાવાળા અનવસ્થિત પ્યાલા જ મોટા-મોટા માપના બનાવતા જવું. સરસવોથી ભરીને પછી પછીના દ્વીપ-સમુદ્રોમાં નાખતા જવું. અને એક એક બહારના સાક્ષીદાણા શલાકામાં નાખતા જવું. એમ કરતાં કરતાં શલાકા પ્યાલો સંપૂર્ણ ભરાય ત્યાં સુધી આ પ્રમાણે કરે જ જવું. આ શલાકાપ્યાલો પણ એક લાખ યોજનની લંબાઈ-પહોળાઈ, એક હજારયોજનની ઉંડાઈ, તથા જગતી અને વેદિકાવાળો છે. તેને બરાબર ઉંચી ટોચવાળી શિખા સહિત આવા સાક્ષિદાણા વડે ભરવો, આ શલાકાપ્યાલામાં શિખા સહિત જ્યારે સરસવો ભરાઈ જાય, ત્યારે છેલ્લો સાક્ષિદાણો શલાકામાં નાખતાં અનવસ્થિતનું જેટલું મોટું માપ થયું. તેટલા મોટા માપવાળો (એટલે કે અસત્કલ્પનાએ શલાકામાં છેલ્લો સાક્ષીદાણો નાખતાં ધારો કે અનવસ્થિત પ્યાલો ૧૦૦૦ સુધીના દ્વીપ-સમુદ્રે ખાલી થયો હોય એમ માનીએ તો ૧૦૦૦ મા દ્વીપ-સમુદ્ર જેટલો મોટો) અનવસ્થિત પ્યાલો બનાવવો, સરસવોથી શિખા સહિત ભરવો. પરંતુ (૧૦૦૦ મા દ્વીપ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમુદ્રથી) પછીના દ્વીપ-સમુદ્રમાં ઠલવવા માટે તેને ઉપાડવો નહીં. કારણ કે જો તેને ઠલવીએ તો તેનો સાક્ષીદાણો ક્યાં નાખવો ? શલાકા તો ભરેલો પડ્યો છે. અને અનવસ્થિતના સાક્ષીદાણા સીધેસીધા પ્રતિશલાકા અને મહાશલાકામાં નાખવાના નથી. તેથી હવે આટલા મોટા માપવાળા અનવસ્થિતને સરસવોથી ભરીને રાખી મુકવો. અને સંપૂર્ણ ભરેલા શલાકાને જ ઉપાડી જ્યાં પૂર્વનો અનવસ્થિત ખાલી થયો છે ત્યાંથી આગળ (૧૦૦૦ મા દ્વીપ-સમુદ્રથી આગળ) આ શલાકા પ્યાલાના જ એક એક દાણા દ્વીપ-સમુદ્રોમાં નાખતાં ખાલી કરવા. અને તેની સાક્ષીભૂત બહારનો એક દાણો હવે પ્રતિશલાકામાં નાખવો. આ સમયે જ્યારે શલાકા ખાલી થાય ત્યારે તેની યાદી તરીકે પ્રતિશલાકામાં ૧ સાક્ષીદાણો નાખવો અને શલાકા જ્યાં ખાલી થયો ત્યાંથી આગળ (અસત્કલ્પનાએ ધારો કે શલાકા ૧૦૦૦ થી ૧૧૦૦માં ખાલી કરાયો છે. તો ત્યાંથી આગળ એટલે ૧૧૦૧ થી) પૂર્વે ભરીને રાખેલા અનવસ્થિતનો એક એક દાણો નાખીને તેને (અ.ક.એ ૧૧૦૧ થી ૧૨૦૦ માં દાણા નાખીને) ખાલી કરવો. અને તેનો સાક્ષીદાણો એક બહારનો લાવીને શલાકામાં નાખવો. ત્યારબાદ ત્યાં સુધીનો (અ.ક. ૧૨૦૦ દ્વીપ-સમુદ્ર સુધીનો) ફરીથી અનવસ્થિત પ્યાલો બનાવવો અને તે સરસવોથી ભરવો. ભરીને ડાબા હાથમાં ઉપાડી ત્યાંથી આગળ (અ.ક. ૧૨૦૧ થી ૧૩૦૦માં) તેનો એકેક દાણો દ્વીપ-સમુદ્રમાં નાખતાં તેને સંપૂર્ણ ખાલી કરવો. અને તેનો સાક્ષીભૂત ૧ દાણો બહારથી લાવી શલાકામાં નાખવો. હવે શલાકામાં ૨ દાણા અને પ્રતિશલાકામાં ૧ દાણો આવેલ છે. ત્યારબાદ તે અનવસ્થિત જ્યાં ખાલી થયો ત્યાં સુધીના માપવાળો (એટલે અ.ક. ૧૩૦૦ દ્વીપ-સમુદ્ર જેવડો) ફરીથી અનવસ્થિત પ્યાલો બનાવી, સરસવોથી ભરી તેને ઉપાડી ત્યાંથી આગળના (અ.ક. એ ૧૩૦૧મા) દ્વીપ સમુદ્રથી એકેક દાણો નાખવા વડે ઠલવી ૧ સાક્ષીદાણો શલાકામાં નાખવો. હવે શલાકામાં ત્રણ દાણા થયા. આ જ ક્રમે વારંવાર મોટા મોટા માપવાળો અનવસ્થિત પ્યાલો બનાવતા જવું. સરસવોથી ભરી પછી - પછીના દ્વીપ-સમુદ્રમાં ઠલવતા જવું. અને બહારથી લાવીને એક-એક સાક્ષીદાણો શલાકામાં નાખતા જવું. એમ કરતાં (ધારો કે અનવસ્થિત પ્યાલો અ.ક. ૨૦૦૦ દ્વીપ-સમુદ્ર જેવડો ભરાયો છે. તે સમયે) શલાકા પ્યાલો વારંવાર સાક્ષીદાણા નાખવાથી શિખા સહિત ભરાઈ ચુક્યો છે. તેમાં એકપણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દાણો સમાય તેમ નથી તો તેટલા મોટા માપવાળા ભરેલા અનવસ્થિતને રહેવા દઈને પ્રથમ શલાકાને જ ઉપાડવાનો, તેને ત્યાંથી આગળના (અ.ક. એ ૨૦૦૧ થી આગળના) દ્વીપ-સમુદ્રમાં એક એક સાક્ષીદાણા નાખવા વડે ખાલી કરવો અને તેનો એક સાક્ષીદાણો બહારથી લાવીને પ્રતિશલાકામાં નાખવો. હવે પ્રતિશલાકામાં બે દાણા થયા. શલાકા ઠલવાયેલ હોવાથી ખાલી છે. પરંતુ અનવસ્થિત ભરાયેલો પડેલ છે. તેને જ ઉપાડી ત્યાંથી આગળ (અ.ક. એ ૨૧૦૧ થી આગળ) એક-એક દાણો દ્વીપ-સમુદ્રમાં નાખતાં ખાલી કરવો. અને બહારનો એક સાક્ષીદાણો શલાકામાં નાખવો.

આ જ ક્રમે વારંવાર મોટા મોટા માપવાળો અનવસ્થિત પ્યાલો બનાવતા જવું. તેને ઠલવવા વડે તેના સાક્ષીપણે નાખેલા એક એક દાણાથી જ શલાકા ભરવો, જ્યારે જ્યારે શલાકા ભરાય ત્યારે તેની પૂર્વના માપવાળો અનવસ્થિત ભરીને જ રાખવો. પરંતુ ઉપાડવો કે ઠલવવો નહીં. કારણ કે જો ઠલવીએ તો તેનો સાક્ષીદાણો નાખવાની શલાકામાં જગ્યા નથી. અને ઠલવેલા અનવસ્થિત પ્યાલાના સાક્ષીદાણા પ્રતિશલાકા કે મહાશલાકામાં નખાય નહીં. તેથી ભરાયેલા શલાકાને જ ઉપાડી આગળ આગળના દ્વીપ-સમુદ્રમાં ઠલવી તે ખાલી થયેલા શલાકાપ્યાલાની સાક્ષીરૂપે બહારનો એક-એક સાક્ષીદાણો નાખવા વડે જ પ્રતિશલાકા પ્યાલો ભરવો. એમ કરતાં જ્યારે પ્રતિશલાકા પ્યાલો ભરાઈ જવા આવે ત્યારે તેમાં છેલ્લો સાક્ષીદાણો નાખતાં શલાકા ઠલવાયેલો જ છે. અને શલાકાને ઠલવવા ઉપાડ્યો હશે ત્યારે તેની પૂર્વે અનવસ્થિત ભરીને જ રાખેલ હશે. તેથી હવે ભરીને રાખેલા અનવસ્થિતને ઉપાડી, ઠલવી, તેનો સાક્ષીદાણો ખાલી થયેલા શલાકામાં નાખવો. વળી વારંવાર આ જ ક્રમે અનવસ્થિતને મોટા મોટા માપે ભરી, ઠલવી, તેના સાક્ષીદાણાથી જ શલાકા ભરવો. જ્યારે શલાકા ભરાઈ જાય ત્યારે જેટલું મોટુ માપ થયું ત્યાં સુધીના તમામ દ્વીપ-સમુદ્ર જેટલા માપવાળો અનવસ્થિત પ્યાલો પહેલાં સરસવોથી ભરવો. પરંતુ ઉપાડવો કે ઠલવવો નહીં. આ રીતે હવે અનવસ્થિત શલાકા અને પ્રતિશલાકા આ ત્રણે પ્યાલા પુરેપુરા સરસવોથી જ્યારે શિખા સહિત ભરાયા છે. ત્યારે પ્રથમ પ્રતિશલાકાને જ ઉપાડીને આગળ આગળના (અ.ક. એ ૧૦૦૦૧ થી ૧૦૧૦૦ સુધીના)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વીપ-સમુદ્રમાં તેના એક એક દાણાનો પ્રક્ષેપ કરવા વડે ખાલી કરવો. અને તેની યાદી તરીકે બહારનો ૧ સાક્ષીદાણો મહાશલાકામાં નાખવો. હવે મહાશલાકામાં ૧ દાણો આવ્યો. પ્રતિશલાકા ખાલી થયો. શલાકા ઉપાડી ત્યાંથી આગળલા (૧૦૧૦૧ થી ૧૦૨૦૦મા) દ્વીપ-સમુદ્રમાં તેના એક એક દાણાનો પ્રક્ષેપ કરવા દ્વારા ખાલી કરવો. અને તેની યાદી તરીકે બહારનો ૧ સાક્ષીદાણો પ્રતિશલાકામાં જ નાખવો. (ભૂલથી પણ મહાશલાકામાં ન નાખવો). હવે મહાશલાકામાં ૧, પ્રતિશલાકામાં પણ ૧, શલાકા ખાલી, અને અનવસ્થિત ભરેલો છે ત્યારે અનવસ્થિતને જ ઉપાડી, આગળના (૧૦૨૦૧ થી ૧૦૩૦૦મા) દ્વીપ-સમુદ્રમાં એક-એક દાણા નાખવા દ્વારા તેને ખાલી કરવો અને તેની યાદી તરીકે એક સાક્ષીદાણો શલાકામાં નાખવો. હવે શલાકા-પ્રતિશલાકા અને મહાશલાકા એ ત્રણેમાં એક એક દાણો થયો. અને અનવસ્થિત ખાલી થયો.

આ જ ક્રમે વારંવાર મોટા મોટા માપવાળા અનવસ્થિત પ્યાલા બનાવતા જવું. તેને સરસવોથી ભરી પછી પછીના (એટલે કે ૧૦૩૦૧ થી ૧૦૪૦૦માં, ત્યારબાદ ૧૦૪૦૧ થી ૧૦૫૦૦માં ઈત્યાદિ રીતે) દ્વીપ-સમુદ્રોમાં એક એક દાણા નાખવા વડે ઠલવતા જવું. અને તેની યાદી તરીકે એક જ દાણો બહારનો લાવીને માત્ર શલાકામાં જ નાખવાનો, જ્યારે જ્યારે શલાકા ભરાય ત્યારે તેની પૂર્વે (પૂર્વના માપ જેવડો) અનવસ્થિત ભરીને આ શલાકા ઉપાડવો. તેના દાણા આગળ-આગળના દ્વીપ-સમુદ્રમાં નાખી, ઠલવી ખાલી કરવો. પરંતુ તેની યાદી તરીકે ૧ સાક્ષીદાણો પ્રતિશલાકામાં જ નાખવો. એમ કરતાં જ્યારે પ્રતિશલાકા ભરાય ત્યારે તેની પૂર્વે શલાકા અને અનવસ્થિત આ જ ક્રમે ભરી રાખવા પણ ઉપાડવા નહીં કે ઠલવવા નહી. પરંતુ પ્રતિશલાકાને ઉપાડી તેનો એક એક દાણો આગળ-આગળના દ્વીપ-સમુદ્રોમાં નાખવા વડે ઠલવવો. અને તે ઠલવાયો છે એવી યાદી માટે એક સાક્ષીદાણો બહારથી લાવી મહાશલાકામાં નાખવો. આવા ક્રમે આગળ આગળ ચાલતાં જ્યારે મહાશલાકા પ્યાલો પણ એક હજાર યોજન ઉંડો, જગતી અને વેદિકાવાળો, સરસવોથી સાક્ષીદાણા દ્વારા ભરાઈ જાય ત્યારે તેની પૂર્વે આ જ ક્રમે પ્રતિશલાકા-શલાકા અને છેલ્લું જેટલું મોટું માપ થયું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હશે તેટલા માપવાળો અનવસ્થિત પણ એમ ત્રણે પ્યાલા પણ પૂર્વથી જ ભરાયેલા હશે. એટલે આ જ ક્રમે અનવસ્થિતના સાક્ષીદાણા વડે જ શલાકા, શલાકાના સાક્ષીદાણા વડે જ પ્રતિશલાકા, અને પ્રતિશલાકાના સાક્ષીદાણા વડે જ મહાશલાકા ભરાયેલા કરવા. અને જ્યારે મહાશલાકા ભરાઈ જાય ત્યારે પૂર્વના ત્રણે ભરેલા કરવા. પ્રતિશલાકા ભરાઇ જાય ત્યારે શલાકા અને અનવસ્થિત ભરેલા કરવા. અને શલાકા જ્યારે ભરાઈ જાય ત્યારે તેટલા મોટા માપવાળો અનવસ્થિત ભરી લેવો.

એમ કરતાં જ્યારે ચારે પ્યાલા ભરાઈ જાય ત્યારે કોઈ એક મોટી જગ્યામાં આ ચારે પ્યાલાના ભરેલા દાણાઓ ભેગા કરી ઠલવવા. અને તેની સાથે આજ સુધી વારંવાર ભરી ભરીને ઠલવાયેલા પ્રથમના ત્રણ પ્યાલાના દ્વીપ-સમુદ્રોમાં નખાયેલા તમામ દાણા વીણી-વીણીને પાછા લાવી આ ચારે પ્યાલાના ભેગા કરેલા દાણા સાથે ભેગા કરવા. એમ ચાર પ્યાલાના છેલ્લા ભરેલા દાણા, અને ત્રણ પ્યાલાના વારંવાર નખાયેલા દાણા, આ સર્વનો એક રાશિ કરવાથી જે આંક આવે, તેમાં માત્ર ૧ દાણો ઓછો કરવાથી ઉત્કૃષ્ટ સંખ્યાતું થાય છે. સરસવોથી ચારે પ્યાલાને ભરવાનું અને વારંવાર ઠલવવાનું આવું કામ કોઈએ કર્યું નથી અને કોઈ કરવાનું પણ નથી. પરંતુ ઉત્કૃષ્ટ સંખ્યાતું જણાવવા માટે જ્ઞાની મહર્ષિઓએ આપણા માટે આ એક માપ સમજાવ્યું છે. આ વર્ણન અનુયોગ દ્વાર સૂત્રમાં ગાથા ૩૧૭થી આગળ આવે છે. તથા તેના ઉપર રચાયેલી પૂજ્ય હરિભદ્રસૂરિજી મ. શ્રીની ટીકામાં, તથા પૂ. વિનયવિજયજી કૃત લોકપ્રકાશમાં છે. અમે આ વિસ્તાર સ્વોપજ્ઞ ટીકાના આધારે સમજાવ્યો છે.

આ ચાર પ્યાલાની પ્રરૂપણામાં પૂ. જીવવિજયજી મ. કૃત ટબામાં સ્વોપજ્ઞ ટીકા કરતાં કંઈક જુદુ છે. તે મતાન્તર હોય તેમ લાગે છે તે આ પ્રમાણે - અહીં શલાકા ભરાઈ જાય ત્યારે પૂર્વે અનવસ્થિત ભરી લેવો પણ ઠલવવો નહીં, તથા પ્રતિશલાકા ભરાઈ જાય ત્યારે તેને ઉપાડતાં પહેલાં શલાકા અને અનવસ્થિત આ જ ક્રમે ભરી લેવો. એવું સમજાવવામાં આવ્યું છે. જ્યારે પૂ. જીવવિજયજી મ. કૃત ટબામાં એમ કથન છે કે શલાકા પ્યાલો જ્યારે ભરાઈ જાય ત્યારે અનવસ્થિત પ્યાલો જે ખાલી થયો તેને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખાલી જ રાખવો પણ ભરવો નહીં અને શલાકાને ઉપાડી આગળ આગળના દ્વીપ-સમુદ્રમાં ઠલવી એક સાક્ષીદાણો પ્રતિશલાકામાં નાખવો. ત્યારબાદ શલાકા ઠલવતાં જેટલુ મોટું માપ થયું તેટલા મોટા માપવાળો હવે અનવસ્થિત બનાવવો - સરસવોથી ભરવો. અને આગળ-આગળના દ્વીપ સમુદ્રોમાં ઠલવી તેની યાદી તરીકે બહારનો ૧ સાક્ષીદાણો શલાકામાં નાખવો.

એવી જ રીતે જ્યારે પ્રતિશલાકા ભરાય ત્યારે તેમાં સાક્ષિદાણો નાખવા માટે શલાકા પ્યાલો જે ઠલવાયો, તે તથા અનવસ્થિત પ્યાલો ખાલી જ રાખવો. ભરી લેવો નહીં પરંતુ ભરાયેલા પ્રતિશલાકાને જ ઉપાડી આગળ આગળના દ્વીપ-સમુદ્રમાં દાણા નાખવાથી ઠલવવો. તેની યાદી તરીકે એક દાણો મહાશલાકામાં નાખવો. અને આ પ્રતિશલાકા ઠલવતાં જે મોટું માપ થયું તેવડો હવે અનવસ્થિત બનાવી સરસવોથી ભરી આગળ આગળ ઠલવી સાક્ષીદાણા નાખવાથી શલાકા ભરવો. આ પ્રમાણે આ ટબામાં શલાકા ઠલવાયા પછી અનવસ્થિત ભરવો, અને પ્રતિશલાકા ઠલવાયા પછી શલાકા - અનવસ્થિત ભરવા એમ કહેલ છે. જ્યારે સ્વોપજ્ઞટીકા આદિમાં શલાકા ઠલવતાં પહેલાં અનવસ્થિત ભરી લેવો. અને પ્રતિશલાકા ભરતાં પહેલાં શલાકા - અનવસ્થિત ભરી લેવા. એમ કહેલ છે. તેથી મતાન્તર હોય એમ લાગે છે. ॥૭૫॥

ઉપર સમજાવેલી સર્વ હકિકત ગ્રંથકારશ્રી ગાથામાં જણાવે છે.

**खीणे सलाग तइए, एवं पढमेहिं बीययं भरसु ।**
**तेहिं तइअं तेहिअ तुरियं जा किर कुडा चउरो ॥ ७६॥**
**पढमतिपल्लुद्धरिया, दीवुदही पल्लचउसरिसवा य ।**
**सव्वो वि एगरासी, रूवूणो परमसंखिज्जं ॥ ७७ ॥**

(क्षीणे शलाकापल्ये तृतीये, एवं प्रथमैर्द्वितीयकं भरस्व ।
तैस्तृतीयकं तैश्च चतुर्थकं यावत्किल स्फुटाश्चत्वारः (प्यालाः) ॥ ७६ ॥
प्रथमत्रिपल्योद्धृता द्वीपोदधयः पल्यचतुष्कसर्षपाश्च ।
सर्वोऽपि एकराशिः रूपोनः परमसंख्येयकम् ॥ ७७॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શબ્દાર્થ

खीणे = ખાલી થયે છતે,
सलाग = શલાકાપ્યાલો,
तइए = ત્રીજા પ્યાલામાં,
एवं = આ પ્રમાણે,
पढमेहिं = પ્રથમ એવા અનવસ્થિત પ્યાલાઓ વડે,
बीययं = બીજા શલાકાને,
भरसु = ભરો,
तेहिं = તે શલાકા વડે,
तइयं = ત્રીજા પ્યાલાને,
तेहिं = તે ત્રીજા પ્યાલા વડે,
अ = અને,
तुरियं = ચોથા પ્યાલાનેં,
जा = યાવત્
किल = ખરેખર,
फुडा = અત્યન્ત ભરેલા,
चउरो = ચારે ભરેલા કરવા.

पढमतिपल्लुद्धरिया = પ્રથમ ત્રણ પ્યાલા વડે વ્યાપ્ત એવા, दीवुदही = દ્વીપ અને સમુદ્રો(માં પડેલા દાણા), य= અને, पल्लचउसरिसवा = ચારે પ્યાલાના દાણા, सव्वो वि= સર્વે પણ, एग रासी = એક ઢગલો કરતાં, रूवूणो = એક દાણો ઓછો કરીએ તો, परमसंखिज्जं = ઉત્કૃષ્ટ સંખ્યાતું થાય છે. ॥૭૭॥

**ગાથાર્થ** - શલાકા પ્યાલો ઠલવાયે છતે ત્રીજા પ્યાલામાં સાક્ષીદાણો નાખવો. એમ પ્રથમ અનવસ્થિત પ્યાલાઓ વડે બીજા શલાકાને ભરો, તે શલાકા વડે ત્રીજા પ્રતિશલાકાને ભરો, અને ત્રીજા પ્રતિશલાકા વડે ચોથા મહાશલાકાને ભરો. એમ કરતાં જ્યારે યાવત્ ચારે પ્યાલા શિખા સહિત સંપૂર્ણ ભરાય છે ત્યારે ॥૭૬॥

પ્રથમના ત્રણ પ્યાલાઓ દ્વારા દ્વીપ-સમુદ્રોમાં નખાયેલા દાણા, અને આ ચાર પ્યાલાના ભરેલા દાણા, એમ સર્વેનો એક રાશિ કરતાં, તેમાંથી ૧ દાણો ઓછો કરીએ તો ઉત્કૃષ્ટ સંખ્યાતું થાય છે. ॥૭૭॥

**વિવેચન** - જોકે આ બન્ને ગાથાઓનું વિવેચન પૂર્વની ૭૫મી ગાથામાં આવી જ ગયું છે. તો પણ એટલી સ્પષ્ટતા જાણવી કે વારંવાર મોટા મોટા થતા જતા માપવાળા અનવસ્થિત પ્યાલાના જ સાક્ષીદાણા દ્વારા શલાકા ભરવો. અને અનવસ્થિતના સાક્ષીદાણા માત્ર શલાકામાં જ નાખવા. તેવી જ રીતે જંબૂદ્વીપ જેવડા નિયત માપવાળા શલાકાના જ સાક્ષીદાણા પ્રતિશલાકામાં નાખવા. તથા શલાકાના સાક્ષીદાણા માત્ર પ્રતિશલાકામાં જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાખવા. અન્યત્ર ન નાખવા. તેવી જ રીતે જંબૂદ્વીપ જેવડા નિયત માપવાળા પ્રતિશલાકાના જ સાક્ષીદાણા મહાશલાકામાં નાખવા. તથા પ્રતિશલાકાના સાક્ષીદાણા માત્ર મહાશલાકામાં જ નાખવા. અન્યત્ર ન નાખવા.

આ પ્રમાણે પ્રથમ એવા અનવસ્થિત પ્યાલાઓ વડે બીજા શલાકા પ્યાલાને તમે ભરો, બીજા શલાકા પ્યાલા વડે ત્રીજા પ્રતિશલાકાને ભરો, અને ત્રીજા પ્રતિશલાકા વડે ચોથા મહાશલાકાને ભરો. ત્યારબાદ અહીં સુધીના દ્વીપ-સમુદ્રોમાં વારંવાર પ્રથમના ત્રણ પ્યાલાઓ દ્વારા નખાયેલા સરસવના દાણા તથા અત્યારે ભરાયેલા ચારે પ્યાલાના દાણા, એમ સર્વનો એક રાશિ કરતાં ઉત્કૃષ્ટ સંખ્યાતા કરતાં ૧ દાણો વધારે થાય છે. એટલે જો તે એક દાણો ઓછો કરીએ તો બરાબર ઉત્કૃષ્ટ સંખ્યાતું આવી જાય છે. આ રીતે બેની સંખ્યા એ જઘન્ય સંખ્યાતું, અને ચાર પ્યાલાની પ્રરૂપણા વડે થયેલું આ ઉત્કૃષ્ટ સંખ્યાતું, તે બન્નેની વચ્ચેનું થયેલું તે તમામ મધ્યમ સંખ્યાતું જાણવું. જઘન્ય અને ઉત્કૃષ્ટ સંખ્યાતું ફક્ત એક જ પ્રકારનું હોય છે. જ્યારે મધ્યમ સંખ્યાતું સંખ્યાતી રીતે અનેક પ્રકારનું હોય છે. શાસ્ત્રોમાં જ્યાં જ્યાં સંખ્યાતું કહેવામાં આવે ત્યાં ત્યાં સર્વત્ર મધ્યમ સંખ્યાતું સમજવું. સ્વોપજ્ઞ ટીકામાં કહ્યું છે કે "सिद्धान्ते यत्र क्वचित् संख्यातग्रहणं करोति तत्र सर्वत्रापि मध्यमं संख्येयकं द्रष्टव्यम् ।" ॥૭૬-૭૭॥

**रूवजुअं तु परित्ता-संखं लहु अस्स रासि अब्भासे ।**
**जुत्तासंखिज्जं लहु, आवलिआ समय परिमाणं ॥ ७८ ॥**

(रूपयुतं तु परित्तासंख्यं लघु, अस्य राशेरभ्यासे ।
युक्तासंख्येयकं लघु, आवलिकासमयपरिमाणम् ॥ ७८ ॥

**શબ્દાર્થ**

रूवजुअं = ઓછો કરેલો દાણો ઉમેરીએ તો,
तु = વળી,
परित्तासंखं = પરિત્ત અસંખ્યાતુ,
लहु = જઘન્ય થાય છે,
अस्स = આ જઘન્યનો,
रासिअब्भासे = રાશિ અભ્યાસ કરાયે છતે,
जुत्तासंखिज्जं = યુક્ત અસંખ્યાતુ,
लहु = જઘન્ય થાય છે,
आवलिया = આવલિકાના,
समयपरिमाणं=સમયના માપ સમાન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ** - ઓછો કરેલ દાણો ઉમેરતાં જઘન્ય પરિત્ત અસંખ્યાત થાય છે. તેનો રાશિ અભ્યાસ કરતાં જઘન્યયુક્ત અસંખ્યાત થાય છે. જે એક આવલિકાના સમય પ્રમાણ છે ॥૭૮॥

**વિવેચન** - જઘન્ય, મધ્યમ, અને ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકારનું **સંખ્યાત** સમજાવીને હવે આ ગાથાથી ક્રમશઃ નવ અસંખ્યાત અને નવ અનંત ગ્રંથકારશ્રી સમજાવે છે.

ચાર પ્યાલામાં ભરેલા દાણા, અને આજ સુધી દ્વીપ-સમુદ્રોમાં નાખેલા દાણા, એમ સર્વનો જો એક રાશિ કરવામાં આવે અને તેમાંથી એક દાણો ઓછો કરવામાં આવે તો તે ઉત્કૃષ્ટ સંખ્યાતું થાય છે. હવે તે ઉત્કૃષ્ટ સંખ્યાતામાં એક દાણો નાખવામાં આવે તો એટલે કે ઓછો કરેલો આ દાણો જો ઓછો કરવામાં ન આવે તો ચાર પ્યાલાના દાણા અને નાખેલા દાણાનો જે એક રાશિ છે. તે નવ અસંખ્યાતામાંનું પ્રથમ **"જઘન્ય પરિત્ત અસંખ્યાત"** થાય છે. આ પ્રથમ અસંખ્યાતું કહ્યું. તેમાં એક-બે-ત્રણ-ચાર-પાંચ ઉમેરીએ તો **મધ્યમ પરિત્ત અસંખ્યાત** નામનું બીજું અસંખ્યાતું ત્યાં સુધી જાણવું કે જ્યાં સુધી **ઉત્કૃષ્ટ પરિત્ત અસંખ્યાત** નામનું ત્રીજું અસંખ્યાત ન આવે. ત્રીજું અસંખ્યાત ચોથા અસંખ્યાતમાંથી એક દાણો ઓછો કરીએ ત્યારે આવે છે. એટલે ચોથા અસંખ્યાતમાંથી બે કે બેથી વધારે દાણા ઓછા કરીએ ત્યાં સુધી બીજું મધ્યમ પરિત્ત અસંખ્યાત જાણવું. અને ચોથા અસંખ્યાતમાંથી એક દાણો ઓછો કરીએ તો ત્રીજું ઉત્કૃષ્ટ પરિત્ત અસંખ્યાત જાણવું.

**પ્રશ્ન** - પરંતુ પ્રથમ પરિત્ત અસંખ્યાતમાંથી ચોથું જઘન્યયુક્ત અસંખ્યાત કેવી રીતે થાય છે ? તે તો સમજાવ્યું જ નથી. તો તેના વિના તેમાંથી દાણા ઓછા કરવાથી બીજું-ત્રીજું અસંખ્યાતું થાય છે. તે વર્ણન કેવી રીતે સમજાય ?

**ઉત્તર** - હવે ચોથું જઘન્યયુક્ત અસંખ્યાત સમજાવીએ છીએ તે આ પ્રમાણે છે. જે જઘન્ય પરિત્ત અસંખ્યાત નામનું પ્રથમ અસંખ્યાત છે. તેનો રાશિ અભ્યાસ કરવાથી ચોથું **જઘન્યયુક્ત અસંખ્યાત** થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન** - "રાશિ અભ્યાસ" એટલે શું ? ગણિતશાસ્ત્રમાં કોઈ વખત ન સાંભળેલો આ શબ્દ છે. તેનો અર્થ બરાબર સમજાવો.

**ઉત્તર** - કોઈપણ વિવક્ષિત એક રાશિ-આંક લઈએ, તે આંકને તેટલી જ વાર કાગળ ઉપર લખીએ, અને પછી પરસ્પર ગુણીએ, ગુણાકાર કરતાં જે જવાબ આવે તે રાશિ અભ્યાસ કહેવાય છે. જેમકે ત્રણનો આંક લઈએ. તેને ત્રણ વાર લખીને ગુણીએ ૩×૩×૩ = ૨૭ આ ત્રણનો રાશિ અભ્યાસ કહેવાય છે. એવી જ રીતે ૪×૪×૪×૪=૨૫૬ આ ચારનો રાશિ અભ્યાસ કહેવાય છે. તથા ૫×૫×૫×૫×૫=૩૧૨૫ આ પાંચનો રાશિઅભ્યાસ કહેવાય છે. સારાંશ કે પાંચને પાંચ વડે ચારવાર ગુણતાં જે આવે તે પાંચનો રાશિઅભ્યાસ. છ ને છ વડે પાંચવાર ગુણતાં જે આવે તે છ નો રાશિ અભ્યાસ. સાતને સાત વડે છ વાર ગુણતાં જે આવે તે સાતનો રાશિઅભ્યાસ.

આ પ્રમાણે જઘન્ય પરિત્ત અસંખ્યાત નામના પ્રથમ અસંખ્યાતમાં જે રાશિ આવી છે. ( ધારો કે અસત્કલ્પનાએ એક લાખ ). તેને તે રાશિ વડે તેનાથી એક વાર ન્યૂન રીતે ગુણતાં (એટલે કે અસત્કલ્પનાએ એક લાખને એક લાખ વડે ૯૯૯૯૯ વાર ગુણતાં) જે રાશિ થાય તે જઘન્યયુક્ત અસંખ્યાત કહેવાય છે. એક આવલિકામાં આટલા સમયો થાય છે.

**પ્રશ્ન**-આવલિકા એટલે કેટલો કાળ? કે જેમાં આટલા સમયો થાય છે.

**ઉત્તર** - ૪૮ મીનીટ એટલે બે ઘડીનું ૧ મુહૂર્ત કહેવાય છે. તે ૧ મુહૂર્તમાં ૧,૬૭,૭૭,૨૧૬ આવલિકા થાય છે. એટલે કે ૪૮ મીનીટ જેટલા કાળને ૧, ૬૭, ૭૭, ૨૧૬ વડે ભાગતાં જે ભાગાકાર-ઉત્તર આવે તેને ૧ આવલિકા કહેવાય. તેવી ૧ આવલિકામાં ચાર પ્યાલાના સરસવો અને સર્વ દ્વીપ-સમુદ્રોમાં નાખેલા સરસવોનો એક રાશિ કરી તેનો રાશિ અભ્યાસ કરવાથી જે આંક આવે તેટલા સમયો થાય છે. હવે વિચારો કે સમય કેટલો સૂક્ષ્મ છે? તેથી જ્ઞાની મહર્ષિ પુરુષોએ આંખના એક પલકારામાં અસંખ્યાત સમયો જે કહ્યા છે તે સર્વથા સંપૂર્ણ સત્ય અને યથાર્થ જ છે. આ પ્રમાણે આ ગાથામાં ૧-૨-૩-૪ અસંખ્યાતાં સમજાવ્યાં છે. બાકીનાં શેષ અસંખ્યાતાં તથા ૯ અનંતાં હવે પછીની ગાથામાં ગ્રંથકારશ્રી સમજાવે છે. ॥ ૭૮ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**बितिचउपंचमगुणणे कमा सगासंख पढमचउसत्ता ।**
**णंता ते रूवजुआ, मज्झा रूवूण गुरु पच्छा ॥ ७९॥**
(द्वित्रिचतुःपञ्चमगुणणे क्रमात्सप्तमासंख्यातं प्रथमचतुर्थसप्तमाः ।
अनन्तास्ते रूपयुता मध्यमा रूपोना गुरवः पाश्चात्याः ॥ ७९॥

**શબ્દાર્થ**

बितिचउपंचमगुणणे = બીજીવાર, ત્રીજીવાર, ચોથીવાર અને પાંચમીવાર રાશિ અભ્યાસ કરાયે છતે,
कमा= અનુક્રમે,
सगासंख = સાતમું અસંખ્યાતું,
पढम चउसत्ता = પહેલું-ચોથું અને સાતમું એમ ત્રણ,
णंता = અનંતાં થાય છે,
ते = તે ત્રણે અનંતામાં,
रूवजुआ = એક દાણો ઉમેરતાં
मज्झा = તે તે મધ્યમ થાય છે.
रूवूण = અને એક દાણો ઓછો કરતાં,
गुरु = ઉત્કૃષ્ટ
पच्छा = પાછળનાં થાય છે.

**ગાથાર્થ** - બીજીવાર, ત્રીજીવાર, ચોથીવાર, અને પાંચમીવાર રાશિઅભ્યાસ કરાયે છતે અનુક્રમે સાતમું અસંખ્યાતું, તથા પહેલું, ચોથું, અને સાતમું અનંતું થાય છે તેમાં એક દાણો ઉમેરતાં તે તે મધ્યમ થાય છે. અને એક દાણો ઓછો કરતાં પાછળનાં ઉત્કૃષ્ટ થાય છે. ॥૭૯॥

**વિવેચન** - હવે આ ગાથામાં અસંખ્યાત અને અનંતાના ભેદોનું સ્વરૂપ સમજાવે છે. જો કે અસંખ્યાતના અને અનંતના એમ બન્નેના નવ નવ ભેદો છે. તો પણ પહેલા-ચોથા-અને સાતમા એમ ત્રણ અસંખ્યાતાનું અને એ જ ત્રણ અનંતાનું માપ બતાવે છે. કારણ કે આ ત્રણ-ત્રણનું જે જે માપ જણાવે, તેમાં એકાદ-બે ઉમેરવાથી આગળના મધ્યમના ભેદો થાય છે. એટલે બીજુ-પાંચમું અને આઠમું અસંખ્યાતું અને અનંતું થાય છે. તથા એક ઓછો કરવાથી પાછળના ઉત્કૃષ્ટ થાય છે. એટલે ઉત્કૃષ્ટ સંખ્યાતું ત્રીજું-છઠ્ઠું-નવમું અસંખ્યાતું અને ત્રીજું-છઠ્ઠું-અનંતું થાય છે. તેનો ક્રમ આ પ્રમાણે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| ૧. જઘન્ય પરિત્ત અસંખ્યાત ૦ | ૧. જઘન્ય પરિત્ત અનંત ૦ |
| ૨. મધ્યમ પરિત્ત અસંખ્યાત | ૨. મધ્યમ પરિત્ત અનંત |
| ૩. ઉત્કૃષ્ટ પરિત્ત અસંખ્યાત | ૩. ઉત્કૃષ્ટ પરિત્ત અનંત |
| ૪. જઘન્ય યુક્ત અસંખ્યાત ૦ | ૪. જઘન્ય યુક્ત અનંત ૦ |
| ૫. મધ્યમ યુક્ત અસંખ્યાત | ૫. મધ્યમ યુક્ત અનંત |
| ૬. ઉત્કૃષ્ટ યુક્ત અસંખ્યાત | ૧. ઉત્કૃષ્ટ યુક્ત અનંત |
| ૭. જઘન્ય અસંખ્યાત અસંખ્યાત ૦ | ૭. જઘન્ય અનંત અનંત ૦ |
| ૮. મધ્યમ અસંખ્યાત અસંખ્યાત | ૮. મધ્યમ અનંત અનંત |
| ૯. ઉત્કૃષ્ટ અસંખ્યાત અસંખ્યાત | ૯. ઉત્કૃષ્ટ અનંત અનંત |

ચાર પ્યાલાના દાણા અને નાખેલા દાણા ભેગા કરવાથી જે રાશિ થાય છે. 'તે પ્રથમ જઘન્ય **પરિત્ત અસંખ્યાત** કહેવાય છે. તેનો એકવાર રાશિઅભ્યાસ કરવાથી ચોથું જઘન્ય**યુક્ત અસંખ્યાત** થાય છે. હવે ચોથા યુક્ત અસંખ્યાતમાં જે આંક આવ્યો, તેનો ફરીથી બીજીવાર રાશિઅભ્યાસ કરવાથી ( એટલે જ.યુ.અ. માં જે આંક હોય તે આંકને તે આંક વડે તેનાથી ૧ ન્યૂન વાર ગુણવાથી ) સાતમું જઘન્ય **અસંખ્યાત અસંખ્યાત** આવે છે. સાતમા જઘન્ય અસંખ્યાત-અસંખ્યાતમાં જે આંક આવ્યો તે આંકનો ત્રીજીવાર **રાશિ**અભ્યાસ કરવાથી પહેલું જઘન્ય **પરિત્ત અનંતું** થાય છે. તે જઘન્ય પરિત્ત **અનંતા**માં જે આંક આવ્યો તેનો ચોથીવાર રાશિઅભ્યાસ કરવાથી ચોથું **જઘન્યયુક્ત અનંતું થાય** છે. અને ફરીથી તે ચોથા જઘન્યયુક્ત અનંતાનો પાંચમીવાર રાશિઅભ્યાસ કરવાથી સાતમું જઘન્ય **અનંતાનંત** આવે છે. આ પ્રમાણે બીજીવાર, ત્રીજીવાર, ચોથીવાર, અને પાંચમીવાર રાશિઅભ્યાસ કરવાથી અનુક્રમે સાતમું અસંખ્યાત, તથા પ્રથમ-ચતુર્થ અને સપ્તમ અનંતું આવે છે. ઉપરના ચિત્રમાં ૦ આવા શૂન્ય ચિહ્‌ન દ્વારા આ ભેદો જણાવાયા છે.

આ પ્રમાણે ૧-૪-૭ નંબરનું અસંખ્યાત જે આવ્યું અને ૧-૪-૭ નંબરનું અનંત જે આવ્યું. તેમાં એક-બે-ત્રણ-ચાર ઈત્યાદિ ઉમેરો તો તેની પછીનાં મધ્યમ અસંખ્યાત અને મધ્યમ અનંતા. (એટલે ૨-૫-૮ નંબરનાં) આવે છે. અને જો એક ઓછું કરવામાં આવે તો પાછળનાં એટલે કે ઉત્કૃષ્ટ સંખ્યાત તથા ૩-૬-૯ નંબરનાં અસંખ્યાત અને ૩-૬ નંબરનાં અનંત આવે છે. છેલ્લું નવમું ઉત્કૃષ્ટ અનંતાનંત કોઈ રીતે આવતું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧ **જઘન્ય સંખ્યાત** - બેની સંખ્યા તે સૌથી નાની છે. માટે જઘન્ય સંખ્યાત.

૨. **મધ્યમ સંખ્યાત** - ત્રણ-ચારથી પ્રારંભી ઉત્કૃષ્ટ સંખ્યાત ન થાય ત્યાં સુધી.

૩ **ઉત્કૃષ્ટ સંખ્યાત** - ચાર પ્યાલાના ક્રમે ભરાયેલા દાણા, અને દ્વીપ-સમુદ્રોમાં નાખેલા દાણા ભેગા કરતાં જે થાય તેમાં ૧ દાણો ઓછો.

૪. **જઘન્ય પરિત્ત અસંખ્યાત** - ચાર પ્યાલાના ઉપરોક્ત ક્રમે ભરેલા દાણા અને નાખેલા દાણા ભેગા કરવાથી જે રાશિ થાય તે.

૫ **મધ્યમ પરિત્ત અસં.** - જ.પ.અસં.માં ૧-૨-૩ ઈત્યાદિ ઉમેરતાં જ્યાં સુધી ઉત્કૃષ્ટ પરિત્ત અસંખ્યાત ન આવે ત્યાં સુધી.

૬. **ઉત્કૃષ્ટ પરિત્ત અસં.** - જઘન્ય. પ. અસં. નો એકવાર રાશિ અભ્યાસ કરવાથી જે આંક આવે તેમાંથી ૧ ઓછું.

૭ **જઘન્ય યુક્ત અસં.** - જઘન્ય પ. અસં. નો એકવાર રાશિઅભ્યાસ કરવાથી જે આંક આવે તે.

૮. **મધ્યમ યુક્ત અસં.** - જ.પ.અસં. નો એકવાર રાશિઅભ્યાસ કરવાથી જે આંક આવે તેમાં ૧-૨-૩ ઈત્યાદિ ઉમેરતાં ઉ.યુ.અસં. ન આવે ત્યાં સુધી.

૯ **ઉત્કૃષ્ટ યુક્ત અસં.** - જ.યુ. અસં. નામના ચોથા અસંખ્યાતાનો રાશિઅભ્યાસ કરવાથી જે આંક આવે તેમાં એકરૂપ ઓછું.

૧૦ **જઘન્ય અસં. અસં.** - જ.યુ.અસં. નામના ચોથા અસંખ્યાતાનો રાશિઅભ્યાસ કરવાથી જે આંક આવે તે.

૧૧. **મધ્યમ અસં. અસં.** - જ.અસં.અસં. માં ૧-૨-૩ ઈત્યાદિ ઉમેરતાં ઉત્કૃષ્ટ અસંખ્યાત અસંખ્યાત ન આવે ત્યાં સુધી.

૧૨. **ઉત્કૃષ્ટ અસં. અસં.** - જ.અસં.અસં. નો રાશિઅભ્યાસ કરવાથી જે જ.પરિત્ત. અનંત આવે તેમાં એકરૂપ ઓછું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૩. **જઘન્ય પરિત્ત અનંત** - જ.અસં.અસં. નો રાશિઅભ્યાસ કરવાથી જે આવે તે.

૧૪. **મધ્યમ પરિત્ત અનંત** - જ.પરિત્ત અનંતમાં ૧-૨-૩ ઉમેરતાં યાવત્ ઉ.પ. અનંત ન આવે ત્યાં સુધી.

૧૫ **ઉત્કૃષ્ટ પરિત્ત અનંત** - જ.પ.અનંતાનો રાશિઅભ્યાસ કરવાથી જે આંક આવે તેમાં એકરૂપ ઓછું.

૧૬. **જઘન્ય યુક્ત અનંત** - જ. પરિત્ત.અનંતનો રાશિ અભ્યાસ કરવાથી જે આવે તે.

૧૭. **મધ્યમ યુક્ત અનંત** - જ.યુક્ત અનંતમાં ૧-૨-૩ ઈત્યાદિ ઉમેરતાં ઉ.યુક્ત અનંત ન આવે ત્યાં સુધી.

૧૮. **ઉત્કૃષ્ટ યુક્ત અનંત** - જ.યુક્ત અનંતનો રાશિઅભ્યાસ કરવાથી જે આંક આવે તેમાં એકરૂપ ઓછું.

૧૯ **જઘન્ય અનંત અનંત** - જ.યુ.અનંતનો રાશિઅભ્યાસ કરવાથી જે આવે તે.

૨૦. **મધ્યમ અનંત અનંત** - જ.યુ.અનંતમાં ૧-૨-૩ ઈત્યાદિ ઉમેરતાં સર્વે પણ અહીં જ સમાય.

૨૧. **ઉત્કૃષ્ટ અનંતાનંત** - કોઈપણ ગુણાકારો કે રાશિઅભ્યાસ કરવા છતાં ઉત્કૃષ્ટ અનંતાનંત થતું નથી.

અનુયોગ દ્વાર સૂત્રમાં ગાથા ૩૧૭ પછી સંખ્યાત, અસંખ્યાત અને અનંતનું વર્ણન છે ત્યાં જ કહ્યું છે કે "**एवं उक्कोसयं अणंताणंतयं नत्थि**" આ પ્રમાણે આ ૨૧ ભેદો અનુયોગ દ્વાર સૂત્ર પ્રમાણે ગ્રંથકારે સમજાવ્યા. હવે બીજા કેટલાક આચાર્યો કંઈક જુદી રીતે માને છે. તથા તેમના મતે છેલ્લું ઉત્કૃષ્ટ અનંતાનંતું પણ થાય છે. તે હવે પછીની ગાથામાં સમજાવાય છે ॥ ૭૯ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**इय सुत्तुत्तं अन्ने वग्गिअमिक्कसि चउत्थयमसंखं ।**
**होइ असंखासंखं लहु रूवजुयं तु तं मज्झं ॥ ८० ॥**

(इति सूत्रोक्तमन्ये वर्गितमेकवारं चतुर्थकमसंख्यम् ।
भवत्यसंख्यातासंख्यातकं लघु, रूपयुतं तु तद् मध्यम् ॥ ८०॥

**શબ્દાર્થ-**

इय = આ પ્રમાણે,
सुत्तुत्तं = સૂત્રોક્ત,
अन्ने = અન્ય આચાર્યો,
वग्गिअमिक्कसि = એકવાર વર્ગ કરાયે છતે,
चउत्थयमसंखं=ચોથુ અસંખ્યાતું,
होइ = હોય છે,
असंखासंखं = અસંખ્યાત અસંખ્યાત,
लहु = જઘન્ય,
रूवजुयं = એક યુક્ત,
तु = વળી,
तं मज्झं = તે મધ્યમ થાય છે.

**ગાથાર્થ** - આ પ્રમાણે અનુયોગ દ્વાર સૂત્રમાં કહ્યા મુજબ અમે સમજાવ્યું છે. પરંતુ અન્ય આચાર્યો ચોથા જઘન્ય યુક્ત અસંખ્યાતાનો એકવાર વર્ગ કરવા માત્રથી જઘન્ય અસંખ્યાત અસંખ્યાત થાય છે એમ કહે છે. તેમાં એકરૂપ યુક્ત કરતાં તે જ મધ્યમ થાય છે. ॥૮૦॥

**વિવેચન** - સંખ્યાત - અસંખ્યાત અને અનંતના સ્વરૂપમાં બીજા કેટલાક આચાર્યો કંઈક જુદું માને છે. તે મત જણાવતાં પહેલાં ગ્રંથકારશ્રી કહે છે કે મેં સૂત્રને અનુસારે આ સ્વરૂપ કહ્યું છે. અનુયોગ દ્વાર સૂત્રને લક્ષ્યમાં રાખીને તેને અનુસારે કહ્યું છે. બીજા કેટલાક આચાર્યો કંઈક જુદુ કહે છે તે આ પ્રમાણે -

તે બીજા અન્ય આચાર્યોના મતે પણ સંખ્યાતાના ત્રણ ભેદ અને અસંખ્યાતાના પ્રથમના પરિત્ત અસંખ્યાતાના ત્રણ ભેદ તથા જઘન્યયુક્ત અસંખ્યાત એમ કુલ સાત ભેદ સુધી સ્વરૂપ સમાન જ છે. તેમાં કોઈ વિવાદ નથી. પરંતુ જઘન્ય યુક્ત અસંખ્યાત પછી તફાવત છે. તે તફાવત ધ્યાનથી જાણવા જેવો છે.

જઘન્યયુક્ત અસંખ્યાતનો રાશિ અભ્યાસ કરવાથી (એટલે જ.યુ.અસં. ની રાશિને તે જ રાશિ વડે તેનાથી એકવાર ન્યૂન એવા **તેટલીવાર**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુણવાથી) જઘન્ય અસંખ્યાત અસંખ્યાત થાય છે. એમ સૂત્રોક્તને અનુસારે કહ્યું હતું. પરંતુ અન્ય આચાર્યોનું કહેવું છે કે જઘન્યયુક્ત અસંખ્યાતાનો વર્ગ માત્ર કરીએ (એટલે કે જ.યુ.અસં. ની જે રાશિ છે તે રાશિને તે જ રાશિ વડે ફક્ત **એકજ વાર** ગુણીએ) એટલે સાતમું જઘન્ય અસંખ્યાત અસંખ્યાત થાય છે. પ્રથમ વિધાનમાં **તેટલી વાર** ગુણવાના કહ્યા. અને બીજા વિધાનમાં ફક્ત **એકવાર** ગુણવાના કહ્યા એ ઘણો મોટો તફાવત છે. આ બાબતમાં તત્ત્વ કેવલી ભગવાન જાણે. જઘન્યયુક્ત અસંખ્યાતમાં ૧-૨-૩-૪ ઉમેરીએ તો મધ્યમ યુક્ત અસંખ્યાત થાય તે યાવત્ જઘન્ય અસંખ્યાત અસંખ્યાતમાં બે ઓછા હોય ત્યાં સુધી જાણવું. અને એકવાર ગુણવાથી જે જઘન્ય અસંખ્યાત અસંખ્યાત થયું તેમાં એકરૂપ ઓછું કરવાથી પાછળનું ઉત્કૃષ્ટ એટલે ઉત્કૃષ્ટ યુક્ત અસંખ્યાત થાય છે એમ જાણવું. આ પ્રમાણે જઘન્ય સમજાવવામાં આવશે. અને જઘન્યમાંથી એક ઓછું કરો એટલે પાછળનું ઉત્કૃષ્ટ, અને ૧-૨-૩-૪ ઉમેરો તો આગળનું મધ્યમ થાય છે. તે વિધિ તો સૂત્રોક્તની જેમ સમાન જ છે. અહીં જઘન્યયુક્ત અસંખ્યાતનો એકવાર ગુણાકાર કરવાથી જઘન્ય અસંખ્યાત અસંખ્યાત આવ્યું. આ માન્યતા તફાવતવાળી છે. તે સમજાવી હવે તેના પછીના ભેદો સમજાવે છે. ॥૮૦॥

**रूवूणमाइमं गुरु, तिवग्गिउं तत्थिमे दसक्खेवे ।**
**लोगागासपएसा, धम्माधम्मेगजिअदेसा ॥ ८१ ॥**

(रूपोनमादिमं गुरु, त्रिर्वर्गयित्वा तत्रेमान् दश क्षिपस्व ।
लोकाकाशप्रदेशा धर्माधर्मैकजीवप्रदेशाः ॥ ८१ ॥

### શબ્દાર્થ

रुवूणं=એક રૂપ ઓછુ કરીએ તો,
आइमं गुरु = પહેલું (પાછળનું) ઉત્કૃષ્ટ થાય છે.
तिवग्गिउं = ત્રણવાર વર્ગ કરવાથી,
तत्थ = તેમાં,
इमे दश = આ ૧૦ વસ્તુઓ,
क्खेवे = તમે નાખો,
लोगागासपएसा = લોકાકાશના પ્રદેશો,
धम्माधम्मेगजिअदेसा = ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, અને એક જીવના પ્રદેશો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ** - એકરૂપ ઓછું કરવાથી પાછળનું ઉત્કૃષ્ટ થાય છે. તથા તેનો ત્રણવાર વર્ગ કરીને હવે કહેવાતી ૧૦ વસ્તુઓ તેમાં નાખો, એક લોકાકાશના પ્રદેશો, તથા ધર્મ-અધર્મ અને એક જીવના પ્રદેશો. ॥૮૧॥

**ठिइबंधज्झवसाया, अणुभागा जोगच्छेअपलिभागा ।**
**दुण्ह य समाण समया, पत्तेअ निगोअए खिवसु ॥ ८२ ॥**

(स्थितिबंधाध्यवसाया अनुभागा योगच्छेदपलिभागाः ।
द्वयोश्च समयोस्समयाः प्रत्येका निगोदाः क्षिपस्व ॥ ८२ ॥

**શબ્દાર્થ-**

ठिइबंधज्झवसाया = સ્થિતિબંધના અધ્યવસાયસ્થાનો,
अणुभागा = રસબંધના અધ્યવસાયસ્થાનો,
जोगच्छेदपलिभागा = યોગના અવિભાગ પલિચ્છેદો,
दुण्ह य = અને બે,
समाण = કાળના,
समयो = સમયો,
पत्तेअ = પ્રત્યેક જીવો,
निगोअए = સાધારણ શરીરો,
खिवसु = તમે નાખો.

**ગાથાર્થ** - સ્થિતિબંધના અધ્યવસાય સ્થાનો, રસબંધના અધ્યવસાય સ્થાનો, યોગના અવિભાગ પલિચ્છેદો, બે કાળના સમયો, પ્રત્યેક જીવો તથા સાધારણનાં શરીરો એમ કુલ ૧૦ વસ્તુ નાખો. ॥૮૨॥

**વિવેચન** - ૮૧-૮૨ એમ બન્ને ગાથાનું વિવેચન સંબંધ હોવાથી સાથે લખાય છે. જઘન્યયુક્ત અસંખ્યાતનો ફક્ત એકવાર વર્ગ કરવાથી જ સાતમું જઘન્ય અસંખ્યાત-અસંખ્યાત આવે છે. તેમાંથી એકરૂપ ઓછું કરીએ તો आइमं = તેની આગળ ગયેલું એટલે પાછળનું છઠ્ઠું ઉત્કૃષ્ટ થાય છે. અર્થાત્ ઉત્કૃષ્ટ યુક્ત અસંખ્યાત થાય છે. એમ આગળ પણ સર્વ ઠેકાણે જાણવું. ઉમેરવાથી આગળનું મધ્યમ થાય અને એક ઓછું કરવાથી પાછળનું ઉત્કૃષ્ટ થાય. તે બાબત સર્વત્ર સમાન છે. માટે સ્વયં સર્વત્ર જાણી લેવી. હવે સાતમા જઘન્ય અસંખ્યાત અસંખ્યાતમાંથી પ્રથમ અનંતુ (અર્થાત્ જઘન્ય પરિત્ત અનંતુ) કેમ બને ? તે સમજાવે છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જઘન્ય અસંખ્યાત અસંખ્યાતમાં જે રાશિ થઈ. તેનો ત્રણવાર વર્ગ કરવો. જેમ કે ૪ નો આંક છે. એનો પ્રથમ વર્ગ ૪×૪ = ૧૬ થાય, તેનો બીજો વર્ગ ૧૬×૧૬=૨૫૬ થાય, તેનો ત્રીજો વર્ગ ૨૫૬×૨૫૬=૬૫૫૩૬ થાય. ધારો કે જ.અસં.અસં.માં ૪ ની રાશિ હોય તો તેનો ત્રણવાર વર્ગ કરવાથી ૬૫૫૩૬ થાય. તેમ સાચી જે રાશિ તેમાં હોય તેનો ત્રણવાર વર્ગ કરવો. ત્યારબાદ હવે કહેવાતી ૧૦ વસ્તુઓની સંખ્યા તેમાં ઉમેરવી. તે ૧૦ વસ્તુઓ આ પ્રમાણે-

(૧) લોકાકાશના પ્રદેશો.
(૨) ધર્માસ્તિકાયના પ્રદેશો.
(૩) અધર્માસ્તિકાયના પ્રદેશો.
(૪) એક જીવના આત્મપ્રદેશો.
(૫) સ્થિતિબંધમાં હેતુભૂત કાષાયિક અધ્યવસાય સ્થાનો.
(૬) રસબંધમાં હેતુભૂત લેશ્યા સહકૃત કષાયજન્ય અધ્યવસાય સ્થાનો.
(૭) કરણવીર્ય રૂપ યોગના અવિભાગ પલિચ્છેદો.
(૮) ઉત્સર્પિણી અવસર્પિણી એમ બે કાળના સમયો.
(૯) પૃથ્વીકાયાદિ સર્વે પ્રત્યેક શરીરવાળા જીવો.
(૧૦) સાધારણ વનસ્પતિ કાયનાં માત્ર શરીરો. (જીવો નહીં).

આ દશ વસ્તુઓ ઉમેર્યા પછી શું કરવાનું ? તે હવે પછીની ગાથામાં આવે છે. અહીં ચૌદ રાજ લોક પ્રમાણ જે આકાશ તે લોકાકાશ. તેના આકાશપ્રદેશો, ધર્માસ્તિકાયના પ્રદેશો, અધર્માસ્તિકાયના પ્રદેશો, અને ૧ જીવના આત્મપ્રદેશો આ ચારે અસંખ્યાત-અસંખ્યાત છે. માંહોમાંહે ચારે સમાન સંખ્યાવાળા છે. તે ચારેની સંખ્યા ઉમેરો. તથા સ્થિતિબંધમાં હેતુભૂત અધ્યવસાય સ્થાનો તે પણ અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ છે. જ્ઞાનાવરણીયાદિ કર્મોની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તાદિથી પ્રારંભી પોત-પોતાના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સુધીનાં પ્રતિસમયવાર જે સ્થાનો તે સ્થિતિસ્થાનો, તેમાંના એકેક સ્થિતિસ્થાનમાં અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ અધ્યવસાય સ્થાનો હોય છે. આ જ પ્રમાણે મોહનીયાદિ કર્મોમાં પણ જાણવું. તે આઠે મૂલકર્મો અને ૧૨૦ ઉત્તરભેદોના જઘન્યથી ઉત્કૃષ્ટ સુધીના સ્થિતિબંધના સર્વ સ્થાનોમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવતા અધ્યવસાય સ્થાનોનો આંક ઉમેરવો. તથા રસબંધના હેતુભૂત અધ્યવસાય સ્થાનો ઉમેરવાં. તે સ્થિતિબંધના હેતુભૂત અધ્યવસાય સ્થાનોમાંના એકેક અધ્યવસાય સ્થાનમાં ભિન્ન-ભિન્ન 'લેશ્યાના કારણે આ રસબંધના હેતુભૂત અધ્યવસાય સ્થાનો અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ હોય છે. તે સર્વે ઉમેરવા. ત્યારબાદ મન-વચન અને કાયાના આલંબને આત્મપ્રદેશોમાં હલન-ચલનાદિ સર્વ ક્રિયાઓમાં વપરાતું જે વીર્ય તે કરણવીર્ય. એકેક આત્મપ્રદેશમાં જે જે કરણવીર્ય છે. તેના કેવલી પરમાત્માની જ્ઞાનાત્મકબુદ્ધિથી છેદતાં ન છેદાય એવા સૂક્ષ્મ જે અંશો કરીએ તે યોગના અવિભાગ પલિચ્છેદ કહેવાય છે. તે આત્માના એક એક પ્રદેશમાં અસંખ્યાત-અસંખ્યાત હોય છે. તે ઉમેરો. ત્યારબાદ છ આરાની ઉત્સર્પિણી અને છ આરાની અવસર્પિણી એમ બન્ને કાળના બારે આરાના સમયોની સંખ્યા ઉમેરો. તથા પૃથ્વીકાય-અપ્કાય. તેઉકાય-વાઉકાય. પ્રત્યેક વનસ્પતિકાય, વિકલેન્દ્રિય, અને ચારે ગતિના પંચેન્દ્રિય એમ (સાધારણ વનસ્પતિકાય સિવાયના) સર્વ સંસારી જીવોની સંખ્યા ઉમેરો. તથા સાધારણ વનસ્પતિકાય સૂક્ષ્મ તથા બાદર એમ બન્ને પ્રકારની નિગોદના જીવોનાં શરીરો માત્ર ઉમેરો. આ પ્રમાણે ૧૦ વસ્તુની સંખ્યા ઉમેરો. ત્યારબાદ શું કરવું ? તે કહે છે. ॥૮૨॥

**पुण तंमि तिवग्गिअए, परित्तणंत लहु तस्स रासीणं ।**
**अब्भासे लहु जुत्ताणंतं अभव्वजिअमाणं ॥ ८३ ॥**

(पुनस्तस्मिन् त्रिर्वेर्गिते परित्तानन्तं लघु तस्य राशीनाम् ।
अभ्यासे लघु युक्तानंतं अभव्यजीवमानम्' ॥ ८३ ॥

## શબ્દાર્થ

पुण = ફરીથી પણ,
तंमि = તે આંકનો,
तिवग्गिअए=ત્રણવાર વર્ગ કરાયે છતે,
परित्ताणंत्त लहु = જઘન્ય પરિત્ત અનંત થાય છે,
तस्स = તેનો,
रासीणं अब्भासे = રાશિ અભ્યાસ કરીએ ત્યારે,
लहुजुत्ताणंतं = જઘન્યયુક્ત અનંત થાય છે,
अभव्वजिअमाणं = અભવ્ય જીવોનું તે માપ જાણવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ** - ફરીથી પણ તેનો ત્રણવાર વર્ગ કરીએ ત્યારે જઘન્ય પરિત્ત અનંત થાય છે. તેનો રાશિ અભ્યાસ કરીએ તો જઘન્યયુક્ત અનંત થાય છે. તેટલા અભવ્યજીવો છે, એમ તેનું માપ જાણવું. ॥૮૩॥

**વિવેચન**-જઘન્ય અસંખ્યાત અસંખ્યાત નામના સાતમા અસંખ્યાતાનો ત્રણવાર વર્ગ કરીને તેમાં પૂર્વે કહેલી ૧૦ વસ્તુઓની સંખ્યા ઉમેરીને ત્યારબાદ ફરીથી પણ એવી જ રીતે ત્રણવાર વર્ગ કરવો. સારાંશ કે ૧૦ વસ્તુઓ ઉમેરતાં પહેલાં પણ ત્રણવાર વર્ગ કરવાનો અને ૧૦ વસ્તુઓ ઉમેર્યા પછી પણ ત્રણવાર વર્ગ કરવાનો. એમ કરવાથી જે આંક થાય તે જઘન્ય પરિત્ત અનંતુ એ નામનું પ્રથમ અનંતું થાય છે.

આ પ્રથમ અનંતાનો રાશિ અભ્યાસ કરીએ તો (એટલે કે જ.પ. અનંતાની રાશિને તે જ રાશિ વડે એક ન્યૂન તેટલીવાર ગુણીએ તો) જઘન્યયુક્ત અનંતુ એટલે ચોથુ અનંતું થાય છે. આ ચોથા અનંતાનો જેટલો આંક થયો તેટલા **અભવ્યજીવો** આ સંસારમાં છે એમ જાણવું. અભવ્યજીવોનું માપ આ ચોથા અનંતે છે. હવે ચોથા અનંતામાંથી સાતમું જઘન્ય અનંત અનંત વગેરે કેમ થાય ? તે આગળ ગાથામાં સમજાવે છે. ॥૮૩॥

**तव्वग्गे पुण जायइ, णंताणंतं लहु तं च तिक्खुत्तो ।**
**वग्गसु तहवि न तं होइ, णंत खेवे खिवसु छ इमे ॥ ८४ ॥**

(तद्वर्गे पुनर्जायतेऽनन्तानन्तं लघु तच्च त्रिः ।
वर्गयस्व तथापि न तद् भवति, अनन्तक्षेपकान् क्षिपस्व षडिमान् ॥ ८४ ॥

**શબ્દાર્થ**

तव्वग्गे = તેનો વર્ગ કરીએ ત્યારે,
पुण = વળી,
जायइ = થાય છે,
णंताणंत लहु=જઘન્ય અનંતાનંત,
तं च = તેનો વળી,
तिक्खुत्तो = ત્રણવાર,
वग्गसु = તમે વર્ગ કરો,
तहवि = તો પણ,
न तं होइ = તે ઉત્કૃષ્ટાનંતાનંત થતું નથી માટે,
णंतखेवे = અનંતની સંખ્યાવાળા નાખવા યોગ્ય,
खिक्सु = ઉમેરો,
छ इमे= આ છ વસ્તુઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગાથાર્થ** - તેનો વર્ગ કરવાથી જઘન્ય અનંતાનંત થાય છે. તેનો ત્રણવાર વર્ગ કરીએ તો પણ ઉત્કૃષ્ટાનંતાનંત આવતું નથી. માટે હવે કહેવાતી અનંતની સંખ્યાવાળી છ વસ્તુઓ તેમાં ઉમેરો. ॥૮૪॥

**વિવેચન** - જઘન્યયુક્ત અનંત નામના ચોથા અનંતાનો ફક્ત એક જ વાર વર્ગ કરીએ તો જઘન્ય અનંતાનંત નામનું સાતમું અનંતું આવે છે. ત્યારબાદ તે સાતમા જઘન્ય અનંતાનંતનો ત્રણવાર વર્ગ કરો તો પણ નવમું (છેલ્લું) ઉત્કૃષ્ટ અનંતાનંત થતું નથી. તેથી ત્રણવાર વર્ગ કરાયેલા તે આંકમાં અનંત-અનંતની સંખ્યાવાળી, પ્રક્ષેપને યોગ્ય એવી હવે કહેવાતી છ વસ્તુઓ તેમાં નાખો. તે વસ્તુઓ હવે જણાવે છે. ॥૮૪॥

**सिद्धा निगोअजीवा, वणस्सई काल पुग्गला चेव ।**
**सव्वमलोगनहं पुण, तिवग्गिउं केवलदुगंमि ॥ ८५ ॥**

**खित्ते णंताणंतं, हवइ जिट्ठं तु ववहरइ मज्झं ।**
**इय सुहमत्थविआरो, लिहिओ देविंदसूरीहिं ॥ ८६ ॥**

(सिद्धा निगोदजीवा वनस्पतयः कालः पुद्गलाश्चैव ।
सर्वमलोकनभः पुनस्त्रिवर्गयित्वा केवलद्विके ॥८५॥)
(क्षिप्तेऽनंतानंतं भवति, ज्येष्ठं तु व्यवहरति मध्यम् ।
इति सूक्ष्मार्थविचारो लिखितो देवेन्द्रसूरिभिः ॥८६॥)

**શબ્દાર્થ**

सिद्धा = સિદ્ધના જીવો,
निगोअजीवा = નિગોદના જીવો,
वणस्सइ = વનસ્પતિકાય જીવો,
काल= ત્રણે કાળના સમયો,
पुग्गला = સર્વ પુદ્ગલો,
सव्वं = સંપૂર્ણ,
अलोगनहं=અલોકાકાશના પ્રદેશો,
पुण = વળી,
तिवग्गिउं = ત્રણવાર વર્ગ કરીને,
केवलदुगंमि=કેવલદ્વિક(ના પર્યાયો),
खित्ते = નાખે છતે,
णंताणंतं लहु = જઘન્ય અનંતાનંત,
हवइ = થાય છે,
जिट्ठं = ઉત્કૃષ્ટ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| ववहरइ तु = પરંતુ વ્યવહાર થાય છે, | सुहमत्थविआरो = સૂક્ષ્મ અર્થના વિચારવાળો, |
| मज्झं = મધ્યમનો જ, | लिहिओ = લખ્યો, |
| इय = આ પ્રમાણે, | देविंदसूरीहिं = દેવેન્દ્રસૂરિજીએ. |

**ગાથાર્થ** - સિદ્ધના જીવો, નિગોદના જીવો, વનસ્પતિકાયના જીવો, ત્રણે કાળના સમયો, સર્વ પુદ્ગલો, સર્વ અલોકાકાશના પ્રદેશો, એમ છ વસ્તુઓ ઉમેર્યા પછી ફરીથી ત્રણવાર વર્ગ કરાયે છતે કેવલદ્વિકના પર્યાયો નખાયે છતે ઉત્કૃષ્ટ અનંતાનંત થાય છે. પરંતુ વ્યવહાર મધ્યમનો જ હોય છે. આ પ્રમાણે સૂક્ષ્મ અર્થના વિચારોવાળો આ ચોથો કર્મગ્રંથ દેવેન્દ્રસૂરિજીએ લખ્યો છે. ॥૮૫-૮૬॥

**વિવેચન** - જઘન્ય અનંતાનંત નામના સાતમા અનંતાનો ત્રણવાર વર્ગ કરીએ ત્યારબાદ તેમાં અનંતની સંખ્યાવાળી હવે કહેવાતી ૬ વસ્તુઓ નાખીએ.

(૧) સિદ્ધના જીવોનો આંક, નાશ કર્યાં છે સર્વ કર્મો જેઓએ તે સિદ્ધ પરમાત્મા, તે અનાદિકાળથી મુક્તિગમન ચાલુ હોવાથી અનંત છે. સંસારમાં રહેલા અભવ્ય જીવો કરતાં જે અનંતગુણા છે. તે સર્વ સિદ્ધની રાશિ ઉમેરો.

(૨) નિગોદના જીવો. સૂક્ષ્મ-બાદર એમ બન્ને પ્રકારના જે સાધારણ વનસ્પતિકાય, તેમાં રહેલા સર્વ જીવોની રાશિ ઉમેરો.

(૩) વનસ્પતિકાયના જીવો, અહીં પ્રત્યેક વનસ્પતિકાય તથા સૂક્ષ્મ-બાદર સાધારણ વનસ્પતિકાય એમ તમામ પ્રકારના વનસ્પતિકાય લેવા. તેમાં રહેલા જીવોની સંખ્યા ઉમેરવી. અહીં એક પ્રશ્ન થાય કે નિગોદના જીવો બે નંબરની વસ્તુમાં પણ કહ્યા. અને આ ત્રણ નંબરની વસ્તુમાં પણ કહ્યા. એમ બે વાર કેમ ? તો તેનો ઉત્તર એ છે કે આપણે ઉત્કૃષ્ટાનંતાનંત જાણવું છે. તેમાં આટલી મોટી સંખ્યા બે વાર ઉમેરાય તો પણ શું વાંધો છે ? અર્થાત્ ઈષ્ટસંખ્યા આ માપે જ થાય છે. માટે બે વાર કહી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૪) સર્વકાળના સમયો - જેટલો ભૂતકાળ ગયો, અને જેટલો ભાવિકાલ છે. તે સર્વકાળની અનંતાનંત ઉત્સર્પિણી અને અવસર્પિણીના સમયો ઉમેરવા.

(૫) સર્વ પુદ્ગલ પરમાણુઓ - કર્મગ્રંથ પાંચમામાં કહેવાશે તેવી આઠ ગ્રાહ્ય અને આઠ અગ્રાહ્ય વર્ગણાઓના, તથા કમ્મપયડિમાં કહેલી ધ્રુવાચિત્ત આદિ અનેક વર્ગણાઓના જે જે પુદ્ગલસ્કંધો છે. તે તમામ સ્કંધોના પરમાણુઓની સંખ્યા ઉમેરો.

(૬) સર્વ આકાશના પ્રદેશો - જો કે અહીં મૂલગાથામાં अलोगनहं= કહીને અલોકાકાશના જ પ્રદેશો કહ્યા છે તો પણ આ અલોકાકાશનું વિધાન ઉપલક્ષણ સ્વરૂપ હોવાથી લોકાકાશ અને અલોકાકાશ એમ બન્નેના પ્રદેશોની સંખ્યા ઉમેરો. सर्वं समस्तमलोकनभोऽलोकाकाशमित्युपलक्षणत्वात् सर्वोऽपि लोकालोकप्रदेशराशिः । (જુઓ સ્વોપજ્ઞટીકા).

આ છ વસ્તુઓની સંખ્યા ઉમેર્યા પછી ફરીથી ત્રણવાર વર્ગ કરો. (તો પણ ઉત્કૃષ્ટાનંતાનંત હજુ થતું નથી. માટે) ત્યારબાદ કેવલજ્ઞાન અને કેવલદર્શનના પર્યાયો જ્યારે ઉમેરીએ ત્યારે ઉત્કૃષ્ટાનંતાનંત આવે છે. સર્વદ્રવ્યો, સર્વક્ષેત્રો, ત્રણે કાળ, અને સર્વ દ્રવ્યોના સર્વ કાળ આશ્રયી થતા સર્વ ભાવો (પર્યાયો) કેવલજ્ઞાન વડે જોઈ શકાય છે. તે જ્ઞેયપર્યાયો અનંતાનંત હોવાથી કેવલજ્ઞાનના જ્ઞાનપર્યાયો પણ અનંતાનંત કહેવાય છે. એવી જ રીતે કેવલદર્શનથી દૃશ્યપર્યાયો અનંતાનંત હોવાથી કેવલદર્શનના પણ પર્યાયો અનંતાનંત કહેવાય છે. તે સર્વ ઉમેરતાં **ઉત્કૃષ્ટાનંતાનંત** નામનું જ્યેષ્ઠ અનંતુ એટલે નવમું અનંતું થાય છે. પરંતુ સંસારમાં સદા મધ્યમ અનંતાનંતનો જ વ્યવહાર થાય છે. સંસારવર્તી સમસ્ત અનંત સંખ્યાવાળી વસ્તુઓ આઠમા અનંતે જ છે. નવમા અનંતાથી મપાય એવી એકપણ વસ્તુ નથી. આ કારણથી જ સૂત્રમાં નવમું અનંતું નથી એમ જ કહ્યું છે. વળી સૂત્રકારનો આશય એમ પણ છે કે ત્રણવાર વર્ગ - છ વસ્તુઓનો પ્રક્ષેપ. પુનઃ ત્રણવાર વર્ગ. ત્યારબાદ કેવલદ્વિકના પર્યાયો નાખીએ તો પણ પ્રમેયના અભાવે ઉત્કૃષ્ટ અનંતાનંત થતું નથી એમ સમજીને જ અનુયોગદ્વારાદિ સૂત્રોમાં નવમા અનંતાનો નિષેધ કર્યો છે. માત્ર અષ્ટવિધ અનંત જ કહેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રમાણે સંખ્યાત - અસંખ્યાત અને અનંતાનું સ્વરૂપ સમજાવ્યું. તેથી "नमिय जिणं जिअमग्गण" ઈત્યાદિ ગાથાઓમાં કહેલાં દ્વારો સમાપ્ત થયાં.

આ પ્રમાણે મન્દમતિવાળા જીવોથી અગમ્ય એવા સૂક્ષ્મ અર્થો જેમાં ભરેલા છે એવો આ ૮૬ ગાથા હોવાથી **"ષડશીતિ"** નામનો ચોથો કર્મગ્રંથ સમાપ્ત થયો. શ્રી તપગચ્છાધિરાજ એવા તપસ્વી **શ્રી જગચ્ચંદ્રસૂરિજી**ના શિષ્ય **શ્રી દેવેન્દ્રસૂરિજી**એ આ કર્મગ્રંથ બનાવ્યો. તે કમ્મપયડિ અને પંચસંગ્રહાદિ મહાગ્રંથોમાંથી જોઈને સંક્ષેપરૂપે રચ્યો છે.

**समाप्तोऽयं षडशीतिनामा**
**चतुर्थकर्मग्रन्थः**

"ષડશીતિ" નામના ચોથા કર્મગ્રંથની મૂળગાથાઓ, તથા
તે સર્વે ગાથાઓની સંસ્કૃત છાયા, શબ્દાર્થ
ગાથાર્થ, તથા જરૂરી જરૂરી યોગ્ય
વિવેચન પણ સમાપ્ત થયું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ષડશીતિ નામના ચોથા કર્મગ્રન્થની પ્રશ્નોત્તરી સ્વરૂપે

# સમાલોચના

**પ્રશ્ન-૧** આ કર્મગ્રન્થનું નામ શું ? આવું નામ શા માટે ? આ ગ્રન્થના કર્તા કોણ ? તેઓશ્રીના ગુરુજીનું નામ શું ?

**ઉત્તર** - આ કર્મગ્રન્થનું નામ "ષડશીતિ" છે. છયાસી ગાથાઓ હોવાથી ષડશીતિ નામ રાખેલ છે. આ ગ્રન્થના કર્તા પૂ. આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી છે. તેઓશ્રીના ગુરુજીનું નામ પૂ. શ્રી જગચ્ચંદ્રસૂરિજી છે.

**પ્રશ્ન-૨** ચૌદ જીવસ્થાનકો કયાં કયાં ? તેના ઉપર કેટલાં દ્વારો કહેવાશે ?

**ઉત્તર** - સૂક્ષ્મ-બાદર એકેન્દ્રિય ૨, વિકલેન્દ્રિય ૩, અસંજ્ઞી-સંજ્ઞી પંચેન્દ્રિય ૨, એમ કુલ સાત અપર્યાપ્તા અને સાત પર્યાપ્તા મળી ૧૪ જીવ સ્થાનક છે. તે ચૌદ જીવસ્થાનક ઉપર (૧) ગુણસ્થાનક, (૨) યોગ, (૩) ઉપયોગ, (૪) લેશ્યા, (૫) બંધ, (૬) ઉદય, (૭) ઉદીરણા અને (૮) સત્તા એમ કુલ ૮ દ્વારો કહેવાશે.

**પ્રશ્ન-૩** સૂક્ષ્મ પર્યાપ્ત એકેન્દ્રિય, બેઈન્દ્રિય અપર્યાપ્ત, અસંજ્ઞી અપર્યાપ્ત, અને સંજ્ઞી અપર્યાપ્ત આ ચાર જીવભેદમાં આઠ દ્વારો સમજાવો.૨૨

**ઉત્તર** -

| નામ | ગુણ૦ | યોગ | ઉપયોગ | લેશ્યા | બંધ | ઉદય | ઉદીરણા | સત્તા |
|---|---|---|---|---|---|---|---|---|
| સૂ. પ. એકે. | ૧ | ૧ | ૩ | ૩ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ |
| બેઇ. અપર્યાપ્ત | ૧/૨ | ૨/૩ | ૩ | ૩ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ |
| અસં. અપર્યાપ્તા | ૧/૨ | ૨/૩ | ૩ | ૩ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ |
| સંજ્ઞિ અપર્યા૦ | ૧/૨/૪ | ૩/૪/૫ | ૮ | ૬ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ |

**પ્રશ્ન-૪** સાસ્વાદન ગુણસ્થાનક, ઔદારિક કાયયોગ, અસત્યામૃષા વચનયોગ, અવધિદર્શન અને તેજોલેશ્યા કેટલા કેટલા જીવસ્થાનકોમાં હોય?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર** - (૧) સાસ્વાદન ગુણસ્થાનક સૂક્ષ્મ અપર્યાપ્તા એકેન્દ્રિય વિના શેષ ૭ અપર્યાપ્તા અને સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા એમ ૭ જીવભેદમાં હોય છે.

(૨) ઔદારિક કાયયોગ ગ્રન્થકારના મતે સાતે પર્યાપ્તા જીવભેદમાં હોય છે. અને મતાન્તરે શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા અને શેષ પર્યાપ્તિએ અપર્યાપ્તાને ઔદારિક કાયયોગ માનતાં કુલ ૧૪ જીવભેદમાં હોય છે.

(૩) અસત્યામૃષા વચનયોગ પાંચ પર્યાપ્તા ત્રસકાયના ભેદમાં હોય છે.

(૪) અવધિદર્શન સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા-અપર્યાપ્તા એમ બે ભેદમાં હોય છે.

(૫) તેજોલેશ્યા સંજ્ઞી પર્યાપ્ત, સંજ્ઞી અપર્યાપ્ત. અને બાદર એકેન્દ્રિય અપર્યાપ્ત એમ ત્રણ જીવભેદમાં હોય છે.

**પ્રશ્ન-૫** માર્ગણાસ્થાનક એટલે શું ? તેના મૂલ તથા ઉત્તર ભેદો કેટલા ?

**ઉત્તર** - વસ્તુતત્ત્વનો વિચાર કરવા માટે પાડેલા પ્રકારો, વિચારણા યોગ્ય જે સ્થાનો તે માર્ગણાસ્થાનક, તેના મૂલભેદ ૧૪, અને ઉત્તરભેદ ૬૨ છે.

**પ્રશ્ન-૬** સંયમમાં અવિરતિ, જ્ઞાનમાં અજ્ઞાન, સમ્યક્ત્વમાર્ગણામાં મિથ્યાત્વાદિ ત્રણ, સંજ્ઞી માર્ગણામાં અસંજ્ઞી, ભવ્યમાં અભવ્ય અને આહારીમાં અણાહારી માર્ગણા કેમ ગણાવી ? વિરોધી હોવા છતાં તેનું ગ્રહણ કેમ કર્યું?

**ઉત્તર** - કોઈપણ ૧ મૂલમાર્ગણામાં સર્વજીવોનો સમાવેશ કરવાના આશયથી પ્રતિસ્પર્ધી માર્ગણાઓને પણ વિવક્ષિતમાર્ગણાઓમાં લીધી છે. જેમ "તારી ટેવ સુધાર" અને "આવી ટેવ પાડ" આ પ્રમાણે ટેવ શબ્દથી સુટેવ અને કુટેવ બન્ને લેવાય છે. તેમ અહીં સમજવું.

**પ્રશ્ન-૭** મૂલ માર્ગણાઓ ૧૪ જ છે ? કે હીન - અધિક પણ છે?

**ઉત્તર** - પંચસંગ્રહ-કમ્મપયડી અને મહાભાષ્ય આદિ ગ્રન્થોમાં હીન - અધિક માર્ગણા પણ છે આ વસ્તુતત્ત્વ વિચારવાનાં દ્વારો છે. તેથી પ્રયોજન અનુસારે હીન-અધિક હોઈ શકે છે. પરંતુ પ્રસિદ્ધિ ૧૪ માર્ગણાની વધારે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન-૮** આ ૬૨ માર્ગણાઓ ઉપર આ ગ્રંથમાં કેટલાં દ્વારો કહેવાશે?

**ઉત્તર** - (૧) જીવસ્થાનક, (૨) ગુણસ્થાનક, (૩) યોગ, (૪) ઉપયોગ, (૫) લેશ્યા અને (૬) અલ્પબહુત્વ એમ છ દ્વારો કહેવાશે.

**પ્રશ્ન-૯** નરકગતિ, સ્રીવેદ, અણાહારી, ક્ષાયિકસમ્યક્ત્વ, અને ઔપશમિક સમ્યક્ત્વમાં જીવસ્થાનકાદિ પાંચ દ્વારો સમજાવો.

**ઉત્તર** -

| નામ | જીવ૦ | ગુણ૦ | યોગ | ઉપયોગ | લેશ્યા |
|---|---|---|---|---|---|
| નરકગતિ | ૨ | ૪ | ૧૧ | ૯ | ૩ |
| સ્ત્રીવેદ | ૨ | ૯ | ૧૩ | ૧૨ | ૬ |
| અણાહારી | ૮ | ૫ | ૧ | ૧૦ | ૬ |
| ક્ષાયિક | ૨ | ૧૧ | ૧૫ | ૯ | ૬ |
| ઔપશમિક | ૨ | ૮ | ૧૩ | ૭ | ૬ |

**પ્રશ્ન-૧૦** ઔપશામિક સમ્યક્ત્વવાળો જીવ શું શું ન કરે ?

**ઉત્તર** - અનાદિ મિથ્યાત્વી જે પ્રાથમિક ઔપશમિક પામે છે તે જીવો અનંતાનુબંધીનો બંધ, અનંતાનુબંધીનો ઉદય, પરભવાયુષ્યનો બંધ, અને મૃત્યુ આ ચાર કાર્યો કરતા નથી. શ્રેણી સંબંધી ઔપશમિકવાળા પ્રથમનાં ત્રણ કાર્યો તો કરતા નથી. પરંતુ મૃત્યુ પામવાની બાબતમાં મતભેદ છે. ગ્રન્થકારના મતે ઉપશમશ્રેણીમાં મૃત્યુ પામે છે અને વૈમાનિકમાં જાય છે. અન્ય આચાર્યોના મતે ઔપશમિકવાળા કાળક્ષયે જ પડે (નીચે ઉતરે, પરંતુ મૃત્યુ ન પામે) અને જે મૃત્યુ પામે તે ક્ષાયિકવાળા જ હોય.

**પ્રશ્ન-૧૧** સંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તામાં ઔપશમિક સમ્યક્ત્વ હોય કે ન હોય ?

**ઉત્તર** - સપ્તતિકાચૂર્ણિકાર અને પંચસંગ્રહકાર આદિના મતે (તથા ગ્રન્થકારના મતે પણ) ઉપશમશ્રેણીમાં ભવક્ષયે મૃત્યુ પામી ઔપશમિક સમ્યક્ત્વ સાથે વૈમાનિકમાં જાય છે ત્યારે સંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્ત હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરંતુ શતકચૂર્ણિકારાદિના મતે ઉપશમશ્રેણીમાં ઔપશમિક સમ્યક્ત્વી મૃત્યુ પામે છે પરંતુ પરભવાયુષ્યના ઉદયના પ્રથમ સમયે જ સમ્યકત્વ મોહનીયનો ઉદય થવાથી ક્ષાયોપશમિક સમ્યકત્વ સંજ્ઞી અપર્યાપ્તાને હોય છે પરંતુ ઔપશમિક નહીં. તથા કેટલાકના મતે તો ઔપશમિક સમ્યકત્વવાળા શ્રેણીમાં મૃત્યુ પામતા જ નથી. મૃત્યુ પામનાર ક્ષાયિક જ હોય છે. આ છેલ્લા બે મતે સંજ્ઞી અપર્યાપ્તામાં ઔપ.સમ્ય. સંભવતું નથી.

**પ્રશ્ન-૧૨** ગાથા ૧૬ માં અચક્ષુદર્શન સર્વજીવભેદમાં હોય એમ કહ્યું છે પરંતુ ચઉરિન્દ્રિયાદિ જીવોને અપર્યાપ્તાવસ્થામાં ચક્ષુની રચના યથાર્થ ન થઈ હોવાથી જેમ ત્યાં ચક્ષુદર્શન સ્વીકાર્યું નથી. તેમ એકેન્દ્રિયાદિ જીવોને અપર્યાપ્તાવસ્થામાં ચક્ષુ વિનાની શેષ ઈન્દ્રિયો અને મનની રચના યથાર્થ ન થઈ હોવાથી ત્યાં અપર્યાપ્તા જીવભેદોમાં અચક્ષુદર્શન કેવી રીતે સંભવે ?

**ઉત્તર** - પુદ્ગલોની રચના સ્વરૂપ દ્રવ્યેન્દ્રિયો જો કે અપર્યાપ્તા એકેન્દ્રિયાદિ જીવભેદોમાં બની નથી. તો પણ જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમરૂપ મતિ-શ્રુત અને અવધિજ્ઞાન જેમ ત્યાં હોય છે તેમ દર્શનાવરણીયકર્મના ક્ષયોપશમરૂપ અચક્ષુદર્શન પણ ભાવેન્દ્રિયોને આશ્રયી હોય છે.

**પ્રશ્ન-૧૩** કેવલજ્ઞાની ભગવંતો મનવાળા ? કે મન વિનાના ? સંજ્ઞી કે અસંજ્ઞી ?

**ઉત્તર** - કેવળજ્ઞાની ભગવંતો ક્ષાયિકભાવવાળા હોવાથી ક્ષાયોપશમિક ભાવના મનન-ચિંતન અને વિચારણાત્મક મતિ-શ્રુત સ્વરૂપ **ભાવમન** તેઓને હોતું નથી. પરંતુ દૂર દેશસ્થ મનઃપર્યવજ્ઞાની મહાત્માઓ અને અનુત્તરવાસી આદિ દેવો વડે પૂછાયેલા પ્રશ્નોના ઉત્તર - આપવા માટે મનોવર્ગણાના પુદ્ગલોના ગ્રહણ-પરિણમન અને નિસર્ગ સ્વરૂપ **દ્રવ્યમન** તેઓને હોય છે. આ કારણથી નોસંજ્ઞી અને નોઅસંજ્ઞી કહેવાય છે. છતાં ભૂતકાળના પર્યાયને આશ્રયી વ્યવહારનયથી સંજ્ઞી કહેવાય છે.

**પ્રશ્ન-૧૪** એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયોને મન હોય કે ન હોય ? જો હોય તો સંજ્ઞી કેમ ન કહ્યા ? અને જો ન હોય તો મન વિના તેના ફલસ્વરૂપ આહાર-ભય-મૈથુન-અને પરિગ્રહાદિ સંજ્ઞાઓ કેમ ઘટે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્તર - મનઃપર્યપ્તિ ન હોવાથી મનોવર્ગમાના પુદ્ગલોના ગ્રહણ-પરિણમન અને નિસર્ગ સ્વરૂપ **દ્રવ્યમન** એકેન્દ્રિય-વિકલેન્દ્રિયોને હોતું નથી. અને તેથી જ સંજ્ઞી કહેવાતા નથી. પરંતુ જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમ રૂપ **ભાવમન** હોય છે. તેથી આહારાદિ સંજ્ઞા, કર્મબંધ અને તેના હેતુભૂત અધ્યવસાયસ્થાનાદિ સંભવે છે.

**પ્રશ્ન-૧૫** દ્રવ્યવેદ અને ભાવવેદ એટલે શું ? તે કયા કર્મના ઉદયથી જન્ય છે ? અને કેટલા ગુણસ્થાનક સુધી હોય છે ?

**ઉત્તર**-પુરુષ આકારે, સ્ત્રી આકારે અને ઉભયના આકારે જે શરીરની રચના છે તે **દ્રવ્યવેદ** છે. આ આકારરૂપ દ્રવ્યવેદની પ્રાપ્તિ શરીરસંબંધી (ઔદારિક-વૈક્રિય આદિ શરીર નામકર્મ અને તે તે અંગોપાંગ નામકર્મ સ્વરૂપ) નામકર્મના ઉદયજન્ય છે. અને તેથી જ ૧ થી ૧૩ ગુણઠાણા સુધી હોય છે. તથા સ્ત્રી આદિ પાત્રોની સાથે વિષયસુખ ભોગવવાની તમન્નારૂપ ભોગ સુખની અભિલાષા તે **ભાવવેદ** છે. આ ભાવવેદ મોહનીયકર્મના ઉદયજન્ય છે. તેથી નવગુણસ્થાનક સુધી હોય છે. ઘાતીકર્મના ઉદય સ્વરૂપ ભાવવેદ ક્ષય થવાથી નામકર્મના ઉદયજન્ય દ્રવ્યવેદ હોવા છતાં પણ તે અઘાતીકર્મ હોવાથી ત્રણે દ્રવ્યવેદવાળા જીવો કેવલજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે.

**પ્રશ્ન-૧૬** ગતિત્રસ એટલે શું ? કોને કહેવાય ? અને શા માટે કહેવાય ?

**ઉત્તર** - ગમનક્રિયા માત્રથી જે ત્રસ છે તે ગતિત્રસ. તેઉકાય અને વાઉકાયને ગતિત્રસ કહેવાય છે. અગ્નિ એક વૃક્ષ ઉપરથી બીજા વૃક્ષ ઉપર અને બીજા વૃક્ષ ઉપરથી ત્રીજા વૃક્ષ ઉપર ગમન કરે છે. તથા વાયુ સદા વાતો હોવાથી ગમનશીલ છે. માટે ગતિત્રસ છે. પરંતુ પરમાર્થથી તો સ્થાવરનામકર્મના ઉદયવાળા હોવાથી સ્થાવર છે. જ્યારે બેઈન્દ્રિયાદિ જીવો તો સુખ-દુઃખના સંયોગોમાં પોતાની ઈચ્છા પ્રમાણે પ્રવૃત્તિ-નિવૃત્તિવાળા છે. માટે, તથા ત્રસનામકર્મના ઉદયવાળા છે માટે પરમાર્થથી ત્રસ છે.

**પ્રશ્ન-૧૭** કૃષ્ણ-નીલ-કાપોત લેશ્યામાં ચાર ગુણસ્થાનક હોય કે છ ગુણસ્થાનક હોય ? અને કઇ અપેક્ષાએ ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર** - પ્રતિપદ્યમાનની અપેક્ષાએ ચાર ગુણસ્થાનક હોય એટલે આવી અશુભ લેશ્યા હોતે છતે વધુમાં વધુ ચાર જ ગુણસ્થાનક પામી શકાય છે. તેનાથી ઉપર નહીં તથા પૂર્વપ્રતિપન્નને આશ્રયી છ ગુણસ્થાનક હોય છે. એટલે કે શુભલેશ્યામાં છ સુધીનાં ગુણસ્થાનક પામ્યા પછી તે ગુણસ્થાનકમાં વર્તતા જીવોને નિમિત્તવશથી આ ત્રણ અશુભલેશ્યા આવી શકે છે.

**પ્રશ્ન-૧૮** સ્ત્રીવેદમાં આહારકદ્વિક વિના તેર યોગ કહ્યા. તો સ્ત્રીવેદમાં આ બે યોગ કેમ ન હોય ?

**ઉત્તર** - દૃષ્ટિવાદ શાસ્ત્ર ભણવાનો અધિકાર સ્ત્રીજીવોને ન હોવાથી અને દૃષ્ટિવાદના અધ્યયન વિના આહારકલબ્ધિનો અસંભવ હોવાથી સ્ત્રીજીવોમાં આ બે યોગ કહ્યા નથી.

**પ્રશ્ન-૧૯** સ્ત્રી જીવોમાં દૃષ્ટિવાદના અધ્યયનનો નિષેધ શા માટે ?

**ઉત્તર** - તુચ્છ સ્વભાવ, અત્યન્ત આસક્તિ ઈત્યાદિ અનેક દોષો સ્ત્રીજાતિસંબંધી તેઓમાં હોય છે. વિશેષાવશ્યક ભાષ્યમાં ''तुच्छा गारवबहुला'' ઈત્યાદિ ગાથામાં આ ચર્ચા કરેલી છે. તેથી સ્ત્રી જીવોમાં દૃષ્ટિવાદના અધ્યયનનો નિષેધ કરેલ છે.

**પ્રશ્ન-૨૦** જો સ્ત્રીજીવોમાં દૃષ્ટિવાદના અધ્યયનનો નિષેધ છે. તો કેવલજ્ઞાન કેમ થાય ? મરૂદેવા માતા અને મલ્લિનાથ આદિને કેવલજ્ઞાન થયેલું છે. જો કેવલજ્ઞાન થાય તો શ્રુતજ્ઞાન કેમ નહીં ?

**ઉત્તર** - કેવલજ્ઞાન મોહક્ષય થયા પછી થાય છે. અને વિશિષ્ટ શ્રુતજ્ઞાન જ્યારે થાય છે ત્યારે મોહનો ક્ષય થયેલ નથી. તેથી કેવલી અવસ્થામાં મોહજન્ય જાતીયદોષોનો સંભવ નથી અને શ્રુતાવસ્થામાં મોહનો ઉદય હોવાથી દોષોનો સંભવ છે.

**પ્રશ્ન-૨૧** ગાથા ૨૬માં ઔપશમિક સમ્યક્ત્વમાં આહારકદ્વિક વિના તેર યોગ કહ્યા છે. તો વૈક્રિય-વૈક્રિયમિશ્ર, કાર્મણ, ઔદારિક, અને ઔદારિકમિશ્ર આ પાંચ કાયયોગ કેવી રીતે સંભવે ?

**ઉત્તર** - દેવ-નારકીના જીવો પર્યાપ્તાવસ્થામાં પ્રાથમિક ઔપશમિક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમ્યક્ત્વ પામી શકે છે. ત્યારે વૈક્રિયકાય યોગ ઘટે છે. ઉપશમશ્રેણીમાંથી ભવ ક્ષયે જ્યારે મૃત્યુ પામી વૈમાનિકમાં જાય ત્યારે વિગ્રહગતિમાં કાર્મણ અને અપર્યાપ્તાવસ્થામાં વૈક્રિયમિશ્ર ગ્રંથકારના મતે ઘટે છે. પર્યાપ્તા તિર્યંચો પ્રાથમિક ઔપશમિક પામે ત્યારે અને પર્યાપ્તા મનુષ્યો પ્રાથમિક તથા શ્રેણીસંબંધી ઔપશમિક પામે ત્યારે ઔદારિક કાયયોગ સંભવે છે. પરંતુ સામાન્યથી ઔદારિકમિશ્ર યોગ ઔપશમિક સમ્યક્ત્વમાં ઘટતો નથી. કારણ કે પ્રાથમિક ઔપશમિકવાળો જીવ મૃત્યુ પામતો નથી. અને શ્રેણીસંબંધી ઔપશમિકવાળો મૃત્યુ પામે છે પરંતુ નિયમા વૈમાનિકમાં જ જતો હોવાથી ઔ.મિશ્ર. ઘટતો નથી. છતાં सिद्धस्य गतिश्चिन्तनीया આવો ન્યાય હોવાથી વિદ્વાનોએ સૂત્રપાઠની સંગતિ કરવા પ્રયત્ન કરવો જોઈએ. તેથી આવી કલ્પના થઈ શકે છે કે સાસ્વાદની મૃત્યુ પામે છે. મૃત્યુ પામી મનુષ્ય-તિર્યંચમાં જાય છે. ત્યાં અપર્યાપ્તાવસ્થામાં ઔદારિકમિશ્ર યોગ હોય છે. અને આ સાસ્વાદન અવસ્થા એ ઔપશમિકની ભૂમિ હોવાથી ઔપશમિક છે. એમ માની શકાય છે. જેમ વેદક એ ક્ષયોપશમની જ એક પ્રકારની વિશિષ્ટાવસ્થા હોવાથી ક્ષયોપશમ જ કહેવાય છે. તેમ સાસ્વાદન પણ ઔપશમિકની જ અનંતાનુબંધીના ઉદયવાળી વિશિષ્ટ (મલીન) એવી અવસ્થા હોવાથી ઔપશમિક કહી શકાય છે. અને ત્યાં ઔદારિકમિશ્ર યોગ હોય છે.

**પ્રશ્ન-૨૨** વાઉકાયમાં સર્વ જીવોને વૈક્રિયલબ્ધિ હોય કે કોઈકને જ હોય ? તથા આ વૈક્રિય ભવપ્રત્યયિક કહેવાય કે લબ્ધિપ્રત્યયિક કહેવાય ?

**ઉત્તર-** વાઉકાયમાં પણ સૂક્ષ્મ પર્યાપ્ત ૧, સૂક્ષ્મ અપર્યાપ્ત ૨, અને બાદર અપર્યાપ્ત ૩, એમ ત્રણ રાશિમાં તો આ વૈક્રિયલબ્ધિ હોતી જ નથી. તથા બાદર પર્યાપ્તામાં પણ પ્રથમ સમયથી જ વૈક્રિયષટ્કની ઉદ્વલના કરતો હોવાથી જ્યાં સુધી ઉદ્વલના સમાપ્ત ન થાય ત્યાં સુધી જ વૈક્રિયની રચના કરે છે. માટે બાદર પર્યાપ્તામાં પણ આ લબ્ધિ કોઈકને હોય છે. કોઈકને હોતી નથી.

આ વૈક્રિય લબ્ધિપ્રત્યયિક જ કહેવાય. ભવપ્રત્યયિક ન કહેવાય. કારણ કે જો ભવપ્રત્યયિક હોય તો વાઉકાયની ચારે રાશિના સર્વ જીવોમાં આ લબ્ધિ હોવી જોઈએ. પરંતુ તેમ નથી માટે ભવપ્રત્યયિક નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન-૨૩** મન-વચન- અને કાયયોગમાં જીવસ્થાનક-ગુણસ્થાનક-યોગ અને ઉપયોગ જણાવવાની બાબતમાં ગ્રંથકારશ્રીનો અને અન્ય આચાર્યોનો આશયભેદ શું છે ?

**ઉત્તર** - ગ્રંથકારનો આશય એવો છે કે મન-વચન અને કાયયોગમાં જે જીવોને જે જે યોગ હોય તે કહેવો. જેમ કે મનયોગ સંજ્ઞી પર્યાપ્તાને, વચનયોગ બેઈન્દ્રિય પર્યાપ્તાદિ પાંચ પર્યાપ્તાને, અને કાયયોગ ચૌદે જીવભેદને હોય છે. જ્યારે અન્ય આચાર્યોનો આશય એવો છે કે **"યોગાન્તરરહિત એવા યોગની જ વિવક્ષા કરવી."** એટલે કે જ્યાં મન-વચન ન હોય ત્યાં જ કાયયોગ ગણવો. જ્યાં મનયોગ ન હોય ત્યાં જ વચનયોગ ગણવો.

**પ્રશ્ન-૨૪** ગર્ભજ મનુષ્ય અને સંમૂર્છિમ મનુષ્ય કોને કહેવાય ?

**ઉત્તર** - સ્ત્રી-પુરુષના સંયોગથી જેની ઉત્પત્તિ છે તે ગર્ભજ વિના સંયોગે જેની ઉત્પત્તિ છે તે સંમૂર્છિમ ગર્ભજ સદા હોય છે. સંમૂર્છિમ મનુષ્યો ક્યારેક હોય, ક્યારેક ન હોય. સંમૂર્છિમ મનુષ્યોનુ આયુષ્ય અંતર્મુહૂર્ત છે અને ઉત્પત્તિનો વિરહ ૨૪ મુહૂર્ત છે. તેથી ૨૩ મુહૂર્તથી કંઈક અધિકકાળ સંમૂ૦ મ. સંસારમાં ન પણ હોય એવું બને છે.

**પ્રશ્ન-૨૫** ગર્ભજ મનુષ્યો કેટલા ? તે જાણવાની કોઈ રીત છે ?

**ઉત્તર** - ગર્ભજ મનુષ્યો સંખ્યાતા છે. એકના અંકને છન્નુ વખત દ્વિગુણ કરવાથી અથવા પાંચમા છઠ્ઠા વર્ગના ગુણાકારથી આ સંખ્યા જાણી શકાય છે.

**પ્રશ્ન-૨૬** ગર્ભજ તથા સંમૂર્છિમ એમ બન્ને સાથે મળીને મનુષ્યો કેટલા ?

**ઉત્તર** - સાત રાજની લંબાઈવાળી અને એક આકાશ પ્રદેશની પહોળાઈ અને જાડાઈવાળી સૂચિશ્રેણીના અંગુલપ્રમાણ ક્ષેત્રના આકાશપ્રદેશના પ્રથમ અને તૃતીય વર્ગમૂલનો ગુણાકાર કરવાથી જે આંક આવે, તે આંકના માપે આખી એક સૂચિશ્રેણીના જેટલા ટુકડા થાય તેનાથી ૧ મનુષ્ય ઓછો છે.

**પ્રશ્ન-૨૭** નારકી જીવોનું માપ કેટલું ?

**ઉત્તર** - સાતરાજ લાંબા-પહોળા એવા ૧ પ્રતરના અસંખ્યાતમા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાગમાં જેટલી સૂચિશ્રેણીઓ હોય તેના આકાશપ્રદેશની રાશિતુલ્ય નારકી જીવો છે. પ્રતરના અસંખ્યાતમા ભાગમાં કેટલી સૂચિશ્રેણીઓ હશે ? તો પ્રતરના અંગુલપ્રમાણના માપના ક્ષેત્રમાં જેટલી સૂચિશ્રેણીઓ હોય તેના પ્રથમ અને દ્વિતીય વર્ગમૂળ કાઢી તે બન્નેનો ગુણાકાર કરવો જેટલો આંક થાય તેટલી સૂચિશ્રેણીઓવાળો પ્રતરનો અસંખ્યાતમો ભાગ જાણવો.

**પ્રશ્ન-૨૮** વ્યંતર અને જ્યોતિષ્ક દેવોની સંખ્યા કેટલી ?

**ઉત્તર** - સાત રાજ લાંબા-પહોળા એક પ્રતરની જેટલી સૂચિશ્રેણીઓ છે. તે દરેક સૂચિશ્રેણીના સંખ્યાતા સંખ્યાતા યોજનનો એકેક ટુકડો કરતાં જેટલા ટુકડા કુલ થાય તેટલા વ્યંતર દેવો છે તથા તે જ પ્રતરની તમામ સૂચિશ્રેણીના ૨૫૬-૨૫૬ અંગુલના માપનો એક એક ટુકડો કરતાં કુલ જેટલા ટુકડા થાય તેટલા જ્યોતિષ્ક દેવો છે.

**પ્રશ્ન-૨૯** વૈમાનિક દેવોની સંખ્યા કેટલી ?

**ઉત્તર** - અંગુલમાત્ર ક્ષેત્રના આકાશપ્રદેશોના ક્રમશઃ ત્રણ વર્ગમૂળ કાઢવાં, ત્રીજા વર્ગમૂળનો ઘન કરવાથી જે આંક આવે તેટલી સાતરાજના માપની સૂચિશ્રેણીઓના જેટલા આકાશપ્રદેશો થાય તેટલા વૈમાનિક દેવો છે.

**પ્રશ્ન-૩૦** પુરુષો કરતાં સ્ત્રીઓ સંખ્યાતગુણી કહી છે તો કઈ ગતિમાં કેટલા ગુણી જાણવી ?

**ઉત્તર** - તિર્યંચોમાં ત્રણગુણી કરતાં ત્રણ અધિક, મનુષ્યગતિમાં ૨૭ ગુણી અને ૨૭ અધિક, અને દેવોમાં ૩૨ ગુણી અને બત્રીસ અધિક હોય છે.

**પ્રશ્ન-૩૧** ચારિત્ર માર્ગણામાં કયા ચારિત્રવાળા જીવો કેટલા હોય?

**ઉત્તર** - ૧ સૂક્ષ્મસંપરાયવાળા શતપૃથક્ત્વ, ૨ પરિહારવાળા સહસ્રપૃથક્ત્વ, ૩ યથાખ્યાતવાળા કોટિપૃથક્ત્વ, ૪ છેદોપસ્થાપ્યવાળા કોટિશતપૃથક્ત્વ, અને ૫ સામાયિકવાળા કોટિસહસ્ત્રપૃથક્ત્વ હોય છે.

**પ્રશ્ન-૩૨** અણાહારીપણું વિગ્રહગતિમાં જ હોય છે. આહારીપણું શરીરધારી જીવોને હોય છે. વિગ્રહગતિમાં વર્તતા જીવો અલ્પ જ હોય છે. તેથી અણાહારી કરતાં આહારી જીવો અનંતગુણ કહેવા જોઈએ. તો અસંખ્યાતગુણ જ કેમ કહ્યા ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર** - શરીરસ્થ જીવો બધા આહારી હોય છે. વિગ્રહગતિમાં પણ બધા અણાહારી હોતા નથી ઋજુગતિવાળા આહારી જ હોય છે. બે સમય અને એક વક્રાવાળા પણ આહારી હોય છે. છતાં પ્રત્યેક સમયે નિગોદમાં અનંતા-અનંતા જીવો જન્મે છે અને મૃત્યુ પામે છે. તેમાં અણાહારી જીવો ઘણા હોય છે. જેથી અણાહારી કરતાં આહારી અસંખ્યાતગુણ જ થાય છે પરંતુ અનંતગુણ નહીં.

**પ્રશ્ન-૩૩** ચૌદ ગુણસ્થાનકોમાંથી ક્યા ગુણસ્થાનકે જીવ મૃત્યુ પામે? અને કયા ગુણસ્થાનકે જીવ મૃત્યુ ન પામે ? કયું ગુણસ્થાનક લઈને પરભવમાં જવાય ? અને કયું ગુણસ્થાનક લઈને ન જવાય ?

**ઉત્તર** - ત્રીજે, બારમે, અને તેરમે ગુણસ્થાનકે જીવ મૃત્યુ ન પામે, બાકીનાં અગિયારે ગુણસ્થાનકે મૃત્યુ પામી શકાય છે. પરભવમાં જતા જીવને પ્રથમ-દ્વિતીય-ચતુર્થ ગુણસ્થાનક માત્ર જ હોય છે. શેષ અગિયાર ગુણસ્થાનક ન હોય.

**પ્રશ્ન-૩૪** બાદર એકેન્દ્રિય અપર્યાપ્તામાં, ચઉરિન્દ્રિય અપર્યાપ્તામાં, અને સંજ્ઞીપર્યાપ્તામાં આ ત્રણ જીવસ્થાનકમાં બાસઠ માર્ગણામાંથી કેટલી માર્ગણા હોય ?

**ઉત્તર** - અનુક્રમે ૨૮, ૨૩ અને ૫૨ માર્ગણા હોય છે.

**પ્રશ્ન-૩૫** મિશ્રગુણસ્થાનક, પ્રમત્તગુણસ્થાનક, સૂક્ષ્મસંપરાય અને અયોગીગુણસ્થાનક આ ચાર ગુણસ્થાનક ૬૨માંથી કેટલી માર્ગણાઓમાં હોય?

**ઉત્તર** - અનુક્રમે ૩૩, ૩૫, ૨૦ અને ૧૦ માર્ગણાઓમાં હોય છે.

**પ્રશ્ન-૩૬** કયા કયા ગુણસ્થાનકે કેટલા કેટલા યોગ હોય ? અને તે કયા કયા ?

**ઉત્તર** - પહેલે - બીજે અને ચોથે ગુણઠાણે આહારકદ્વિક વિના તેર યોગ હોય છે. મિશ્ર ગુણઠાણે ૪ મનના, ૪ વચનના, ઔદારિક અને વૈક્રિયકાયયોગ એમ ૧૦ હોય છે. પાંચમે આ ૧૦ ઉપરાંત વૈક્રિયમિશ્ર સહિત કુલ ૧૧ યોગ હોય છે. છઠ્ઠે ગુણઠાણે આ ૧૧ તથા આહારક અને આહારકમિશ્ર સાથે ૧૩ હોય છે. સાતમે ગુણઠાણે તે ૧૩ માંથી બે મિશ્ર વિના ૧૧ યોગ હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આઠથી બારમાં ૪ મનના, ૪ વચનના અને ઔદારિકકાયયોગ એમ ૯ યોગ હોય છે.

તેરમે ગુણઠાણે પહેલો-છેલ્લો મનયોગ, પહેલો-છેલ્લો વચનયોગ, ઔદારિક કાયયોગ, ઔદારિકમિશ્રકાયયોગ અને કાર્મણ કાયયોગ એમ ૭ યોગ હોય છે.

**પ્રશ્ન-૩૭** મિશ્રગુણઠાણે દેવ-નારકીને પર્યાપ્તાવસ્થામાં વૈક્રિયકાયયોગ હોય છે તેમ લબ્ધિવાળા મનુષ્ય-તિર્યંચો વૈક્રિય બનાવે ત્યારે વૈક્રિયમિશ્ર કાયયોગ પણ ત્રીજે ગુણઠાણે ઘટી શકે છે. તે કેમ કહેલ નથી ?

**ઉત્તર** - મિશ્રગુણઠાણે વૈક્રિયમિશ્રના અવિધાનથી જ એમ સમજાય છે કે લબ્ધિધારી તિર્યંચ અને મનુષ્યો મિશ્રગુણઠાણે વૈક્રિયલબ્ધિ વિકુર્વતા નથી.

**પ્રશ્ન-૩૮** કર્મગ્રંથકારને અને સિદ્ધાન્તકારને ગાથા ૪૯ માં મુખ્ય મુખ્ય શું શું વિવક્ષા ભેદ છે ? તથા તેની પાછળ શું શું કારણ છે ?

**ઉત્તર** - (૧) સાસ્વાદનભાવે વર્તતા જીવો સમ્યકૃત્વવાળી ભૂમિકામાં છે. અથવા સમ્યકૃત્વથી આવ્યા છે. માટે જ્ઞાની છે એમ સિદ્ધાન્તકાર કહે છે. અને મિથ્યાત્વાભિમુખ છે, તે તરફ જઈ રહ્યા છે માટે અજ્ઞાની છે એમ કર્મગ્રંથકાર કહે છે.

(૨) વૈક્રિયલબ્ધિવાળા તિર્યંચો, અને વૈક્રિય તથા આહરક લબ્ધિવાળા મનુષ્યો જ્યારે વૈક્રિય અને આહારક શરીરની રચના કરે ત્યારે પ્રારંભકાળે મૂલ શરીરની પ્રધાનતાએ ઔદારિકમિશ્ર કહેવાય. અને પરિત્યાગકાળે વૈક્રિયમિશ્ર અને આહારકમિશ્ર કહેવાય- એમ સિદ્ધાન્તકાર માને છે. જ્યારે કર્મગ્રંથકારનું કહેવું છે કે પ્રારંભકાળે અને પરિત્યાગકાળે એમ બન્ને કાળે વૈક્રિયમિશ્ર અને આહારકમિશ્ર જ નવા શરીરની પ્રધાનતાએ કહેવાય છે.

(૩) એકેન્દ્રિયોમાં પણ વિકલેન્દ્રિયની જેમ સાસ્વાદન હોય છે એમ કર્મગ્રંથકાર કહે છે અને એકેન્દ્રિયોમાં સાસ્વાદન નથી સંભવતું એમ સિદ્ધાન્તકાર કહે છે.

(૪) અવધિદર્શન ૧થી૧૨ ગુણસ્થાનક સુધી હોય છે એમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિદ્ધાન્તકાર કહે છે. અને ૪ થી ૧૨ ગુણસ્થાનક સુધી અવધિદર્શન હોય છે એમ કર્મગ્રંથકાર કહે છે.

**પ્રશ્ન-૩૯** તત્ત્વાર્થસૂત્રમાં પ્રમાદ સાથે પાંચ બંધહેતુ કહ્યા છે. છતાં અહીં ગાથા ૫૦ માં ૪ જ બંધહેતુ કેમ કહ્યા ? પ્રમાદ કેમ ન કહ્યો ?

**ઉત્તર** - પ્રમાદ પણ બંધહેતુ છે જ. પરંતુ તેનો અવિરતિ-કષાય અને યોગમાં સમાવેશ થાય છે. મદિરાપાન અને વિષયસેવન આદિ જે પ્રમાદ છે તે અવિરતિમાં સમાય છે. વિકથારૂપ જે પ્રમાદ છે તે કષાયમાં સમાય છે. અને વૈક્રિય તથા આહારકની રચનારૂપ જે પ્રમાદ છે તે યોગમાં સમાય છે.

**પ્રશ્ન-૪૦** ચાર બંધહેતુઓના ઉત્તરભેદો કેટલા ? અને કયા ક્યા?

**ઉત્તર**- મિથ્યાત્વના ૫, અભિગૃહીત, અનભિગૃહીત, આભિનિવેશિક, સાંશયિક, અનાભોગ.

અવિરતિના ૧૨, છ કાયનોવધ અને છ ઈન્દ્રિયોનો અસંયમ

કષાયના ૨૫, અનંતાનુબંધી આદિ ૧૬ કષાયો અને નવ નોકષાયો.

યોગના ૧૫, મનના ૪, વચનના ૪, અને કાયાના ૭.

**પ્રશ્ન-૪૧** ગાથા ૫૩માં સાતાનો બંધ ચાર પ્રત્યયિક, ૧૬ નો બંધ મિથ્યાત્વપ્રત્યયિક ૩૫નો બંધ મિથ્યાત્વ-અવિરતિ પ્રત્યયિક ને આહારકદ્વિક તથા જિનનામ વિના શેષ ૬૫ નો બંધ યોગ વિના ત્રણ પ્રત્યયિક કહ્યો છે. તો આહારકદ્વિક અને જિનનામ કર્મ કયા બંધહેતુથી બંધાય ?

**ઉત્તર** - આહારકદ્વિક સંયમથી અને જિનનામકર્મ સમ્યક્ત્વથી બંધાય છે.

**પ્રશ્ન-૪૨** જો સંયમ અને સમ્યક્ત્વથી આ ત્રણ કર્મ બંધાતા હોય તો બંધહેતુઓ ચારને બદલે છ કહેવા જોઈએ, તથા સંયમ અને સમ્યક્ત્વ એ તો આત્માના ગુણો છે. ગુણોથી કર્મો કેમ બંધાય? ગુણોથી તો ક્ષય થવો જોઈએ.

**ઉત્તર**- પારમાર્થિકપણે તો દેવ-ગુરુ-અને ધર્મ પ્રત્યેનો અને વિશેષે કરીને સંયમ પ્રત્યેનો રાગ વિશેષ જ આહારકનો બંધ હેતુ છે. અને તે રાગ પણ પ્રશસ્ત એવો કષાય જ કહેવાય છે. માટે કષાયમાં અંતર્ગત થાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. પરંતુ આવો પ્રશસ્ત કષાય સાતમે આઠમે ગુણઠાણે જ આવે છે અને સંયમ હોય તો જ આવે છે એટલે આહારકનો બંધ હેતુ સંયમ કહ્યો છે. પરંતુ પરમાર્થથી તો સંયમ પ્રત્યેનો શુભ રાગ જ બંધનું કારણ છે. એવી જ રીતે જિનનામના બંધનો હેતુ સર્વજીવોનો ઉપકાર કરવાની જે કરુણા છે તે છે. અને તે પ્રશસ્તરાગ છે આવો કરૂણાયુક્ત રાગ સમ્યક્ત્વ આવે તો જ આવે છે માટે સમ્યક્ત્વ એ જિનનામના બંધનો હેતુ કહ્યો છે. તત્ત્વથી તો કરૂણા યુક્ત રાગ જ બંધહેતુ છે.

**પ્રશ્ન-૪૩** ચૌદે ગુણસ્થાનકોમાં સર્વજીવોને આશ્રયી કેટલા કેટલા બંધહેતુ હોઈ શકે ?

**ઉત્તર** - અનુક્રમે ચૌદે ગુણસ્થાનકે ૫૫, ૫૦, ૪૩, ૪૬, ૩૯, ૨૬, ૨૪, ૨૨, ૧૬, ૧૦, ૯, ૯, અને ૭ હોય છે. ચૌદમે ગુણઠાણે બંધહેતુ હોતા નથી.

**પ્રશ્ન-૪૪** ચૌદે ગુણઠાણે એક જીવ આશ્રયી ઓછામાં ઓછા અને વધારેમાં વધારે બંધહેતુઓ કેટલા ?

**ઉત્તર** - પહેલા ગુણઠાણે જઘન્યથી ૧૦ અને ઉત્કૃષ્ટથી ૧૮ બંધહેતુ હોય છે.

બીજા ગુણઠાણે જઘન્યથી ૧૦ અને ઉત્કૃષ્ટથી ૧૭ બંધહેતુ હોય છે.
ત્રીજા ગુણઠાણે જઘન્યથી ૯ અને ઉત્કૃષ્ટથી ૧૬ બંધહેતુ હોય છે.
ચોથા ગુણઠાણે જઘન્યથી ૯ અને ઉત્કૃષ્ટથી ૧૬ બંધહેતુ હોય છે.
પાંચમા ગુણઠાણે જઘન્યથી ૮ અને ઉત્કૃષ્ટથી ૧૪ બંધહેતુ હોય છે.
છઠ્ઠા ગુણઠાણે જઘન્યથી ૫ અને ઉત્કૃષ્ટથી ૭ બંધહેતુ હોય છે.
સાતમે ગુણઠાણે જઘન્યથી ૫ અને ઉત્કૃષ્ટથી ૭ બંધહેતુ હોય છે.
આઠમે ગુણઠાણે જઘન્યથી ૫ અને ઉત્કૃષ્ટથી ૭ બંધહેતુ હોય છે.
નવમે ગુણઠાણે જઘન્યથી ૨ અને ઉત્કૃષ્ટથી ૩ બંધહેતુ હોય છે.
દસમે ગુણઠાણે ૨, અગિયારમાથી તેરમા સુધી ૧ બંધહેતુ હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન-૪૫** ધ્રુવ ગુણસ્થાનક અને અધ્રુવ ગુણસ્થાનક એટલે શું ? અને તે કયાં કયાં હોય છે ?

**ઉત્તર** - જે ગુણસ્થાનકો આ સંસારચક્રમાં સદા હોય જ છે. તે ધ્રુવ કહેવાય છે. અને જે ક્યારેક હોય અને ક્યારેક ન હોય તેને અધ્રુવગુણસ્થાનક કહેવાય છે. ૧-૪-૫-૬-૭-૧૩ આ છ ધ્રુવ ગુણસ્થાનક છે. અને બાકીનાં ૨-૩-૮-૯-૧૦-૧૧-૧૨-૧૪ આ ૮ અધ્રુવ ગુણસ્થાનક છે.

**પ્રશ્ન-૪૬** આ અધ્રુવ ૮ માંથી ક્યારેક ૧ હોય ક્યારેક ૨ હોય ક્યારેક ૩ હોય તો તેના આવા સંભવિત ભાંગા કેટલા થાય ?

**ઉત્તર** - જો એક હોય તો વારાફરતી એક-એક હોવાથી ૮ ભાંગા થાય.

જો બે હોય તો વારાફરતી બે જોડવાથી દ્વિસંયોગી ૨૮ ભાંગા થાય.

એમ ત્રણ હોય તો વારાફરતી ત્રણ જોડવાથી ત્રિસંયોગી ૫૬ ભાંગા થાય.

એમ ચાર હોય તો વારાફરતી ચાર જોડવાથી ચતુઃસંયોગી ૭૦ ભાંગા થાય.

એમ પાંચ હોય તો વારાફરતી પાંચ જોડવાથી પંચસંયોગી ૫૬ ભાંગા થાય.

એમ છ હોય તો વારાફરતી છ જોડવાથી છસંયોગી ૨૮ ભાંગા થાય.

એમ સાત હોય તો વારાફરતી સાત જોડવાથી સાતસંયોગી ૮ ભાંગા થાય.

આઠે ગુણસ્થાનક જો હોય તો આઠસંયોગી ભાંગો ૧ જ થાય છે.

**પ્રશ્ન-૪૭** ભાવ એટલે શું ? પાંચ ભાવો કયા કયા ? તેના ઉત્તરભેદો કેટલા ? અને સાન્નિપાતિકભાવ એટલે શું ?

**ઉત્તર** - કર્મની સાથે સંબંધવાળું અથવા વસ્તુનું સ્વાભાવિક એવું જે સ્વરૂપ તે ભાવ કહેવાય છે. તેના પાંચભેદો છે. તથા તેના ઉત્તરભેદો ઔપશમિકના ૨, ક્ષાયોપશમિકના ૧૮, ક્ષાયિકના ૯, ઔદયિકના ૨૧ અને પારિણામિકના ૩ ભેદ છે. આ મૂલ પાંચભાવોમાંથી કોઈપણ બે-ત્રણ-ચાર ઈત્યાદિ ભાવોનું સાથે હોવું તે **સાન્નિપાતિક** ભાવ કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન-૪૮** સાન્નિપાતિકભાવના ભેદો કેટલા થાય ? તેમાં સંભવે કેટલા? અને ન સંભવે કેટલા ? તથા ચાર ગતિ આશ્રયી કેટલા થાય ?

**ઉત્તર** - સાન્નિપાતિકભાવના ભેદો કુલ ૨૬ છે. દ્વિસંયોગી ૧૦, ત્રિસંયોગી ૧૦, ચતુઃસંયોગી ૫, અને પંચસંયોગી ૧ એમ ૨૬ છે. તેમાં સંભવિત ૬ છે. સાત નંબરનો સિદ્ધ પરમાત્માને, ઓગણીસ નંબરનો કેવલીને, છવીસ નંબરનો ક્ષાયિકસમ્યક્ત્વીને ઉપશમશ્રેણીમાં, અને વીસ-ચોવીસ તથા પચીસ આ ત્રણ ભાંગા ચારે ગતિના જીવોને હોય છે. તેથી ચાર ગતિ આશ્રયી જુદા જુદા ગણવાથી કુલ ૬ ને બદલે ૧૫ સંભવિત છે શેષ ૨૦ અસંભવિત છે.

**પ્રશ્ન-૪૯** કયા કયા ભાવ કયા કયા કર્મોમાં હોય ?

**ઉત્તર** -ઉપશમભાવ મોહનીયનો જ હોય છે. ક્ષયોપશમભાવ ચાર ઘાતિકર્મોનો જ હોય છે. શેષ ત્રણ ભાવો આઠે કર્મોના હોય છે. તથા ઔદયિકભાવ જીવના યોગે અજીવને પણ સંભવે છે. અને પારિણામિકભાવ તો સર્વદ્રવ્યોમાં હોય છે.

**પ્રશ્ન-૫૦** ચૌદે ગુણઠાણે પાંચ ભાવોના મૂલભેદ અને ઉત્તરભેદ કેટલા કેટલા હોય ?

**ઉત્તર** - પહેલે ગુણઠાણે ૩ અને ૩૪, બીજે ગુણઠાણે ત્રણ અને બત્રીસ, ત્રીજે ગુણઠાણે ત્રણ અને બત્રીસ-તેત્રીસ, ચોથે ગુણઠાણે ત્રણ-ચાર[1] અને પાંત્રીસ, પાંચમે ગુણઠાણે ત્રણ-ચાર, અને ચોત્રીસ, છઠ્ઠે ગુણઠાણે ત્રણ-ચાર અને તેત્રીસ, સાતમે ત્રણ-ચાર અને ત્રીસ, આઠમે ચાર અને સત્તાવીસ, નવમે ચાર-પાંચ અને અઠ્ઠાવીસ, દસમે ચાર-પાંચ અને બાવીસ, અગિયારમે ચાર-પાંચ અને વીસ, બારમે ચાર અને ઓગણીસ, તેરમે ત્રણ અને તેર, તથા ચૌદમે ત્રણ અને બાર ભેદો જાણવા.

**પ્રશ્ન-૫૧** સંખ્યાત-અસંખ્યાત અને અનંતના કેટલા કેટલા ભેદો છે?

**ઉત્તર** - સંખ્યાતના ત્રણ, અસંખ્યાતના નવ, અને અનંતના ૯ એમ કુલ ૨૧ ભેદો જાણવા.

---

૧. ચારથી અગ્યારમા ગુણઠાણામાં જે મૂલભાવો કહ્યા છે તે એક જીવાશ્રયી છે. અનેક જીવાશ્રયી ત્યાં પાંચ ભાવ હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રશ્ન-૫૨** ચાર પ્યાલાનાં નામ શું ? અને માપ શું ?

**ઉત્તર** - પ્રથમ પ્યાલો અનવસ્થિત, બીજો શલાકા, ત્રીજો પ્રતિશલાકા, અને ચોથો મહાશલાકા, ત્યાં બીજા-ત્રીજા-અને ચોથાનું માપ જંબૂદ્વીપની સમાન એક લાખ યોજન લંબાઈ, એક લાખ યોજન પહોળાઈ, એક હજાર યોજન ઉંડાઈ, તથા આઠ યોજનની જગતી, તેના ઉપર બે ગાઉની વેદિકા. શિખા ચડે તેવા સરસવથી ભરવાના. પ્રથમ પ્યાલામાં પહેલાનું માપ ઉપર પ્રમાણે જ લેવાનું. પરંતુ તે નિયત માપ હોવાથી ગણાય નહીં. તે જ્યાં ખાલી થાય ત્યાં સુધીના માપવાળો પ્યાલો તે અનવસ્થિત.

**પ્રશ્ન-૫૩** સાક્ષિદાણા જે નાખવાના આવે છે તે ઠલવાયેલા પ્યાલામાંથી લેવા કે બહારથી લાવીને નાખવા ?

**ઉત્તર** - ઠલવાયેલા પ્યાલામાંથી ન લેવા. પરંતુ બહારથી લાવવા. કારણ કે ઉપાડેલા પ્યાલાને પૂર્ણપણે ઠલવવાના જ કહ્યા છે.

**પ્રશ્ન-૫૪** પહેલો અનવસ્થિત પ્યાલો ઠલવાય ત્યારે તેનો સાક્ષિદાણો શલાકામાં જેમ નખાય છે તેમ શલાકા ભરાયા પછી અનવસ્થિતના સાક્ષિદાણા પ્રતિશલાકામાં નખાય કે નહીં ?

**ઉત્તર** - તેવી રીતે નાખવાના નથી. અનવસ્થિત ઠલવાય ત્યારે તેના સાક્ષિદાણા શલાકામાં જ નખાય, શલાકા ભરાય ત્યારે તે શલાકાને ઠલવવો તેના જ સાક્ષિદાણા પ્રતિશલાકામાં નાખવા અને જ્યારે પ્રતિશલાકા ભરાય ત્યારે તે પ્રતિશલાકાને જ ઠલવવો, અને તેના જ સાક્ષિદાણા મહાશલાકામાં નાખવા. આ જ ક્રમ સાચવવાનો છે. આડા-અવળા દાણા ક્યાંય નાખવાના નથી.

**પ્રશ્ન-૫૫** રાશિ અભ્યાસ એટલે શું ?

**ઉત્તર** - કોઈપણ વિવક્ષિત રાશિને તે જ રાશિ વડે તેના કરતાં એકવાર ન્યૂનપણે ગુણવા. જેમકે ૪×૪×૪×૪=૨૫૬ આમાં ચારનો ચારની સાથે ત્રણવાર ગુણાકાર થયો. તે ચારનો રાશિઅભ્યાસ કહેવાય છે.

**પ્રશ્ન-૫૬** મધ્યમ અથવા ઉત્કૃષ્ટ અસંખ્યાત કે અનંત જાણવું હોય તો તેનો ઉપાય શું ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તર** -જે જઘન્ય અસંખ્યાત કે જઘન્ય અનંતુ આવ્યું હોય તેમાં એક દાણો ઓછો કરો તો પાછળનું ઉત્કૃષ્ટ થાય છે. અને એક-બે-ત્રણ ઈત્યાદિ ઉમેરો તો તેની આગળનું મધ્યમ થાય છે.

**પ્રશ્ન-૫૭** વર્ગ એટલે શું ?

**ઉત્તર** - કોઈપણ એક સંખ્યાને તે જ સંખ્યા વડે એકવાર ગુણવા તે વર્ગ.

**પ્રશ્ન-૫૮** અભવ્ય જીવો કયા અનંતે ? અને આવલિકાના સમયો કયા અસંખ્યાતે ગણાય છે ?

**ઉત્તર**-અભવ્ય જીવો ચોથા જઘન્યયુક્ત અનંતે જાણવા. તથા આવલિકાના સમયો ચોથા જઘન્યયુક્ત અસંખ્યાતે જાણવા.

**પ્રશ્ન-૫૯** જઘન્ય અસંખ્યાત-અસંખ્યાતનો ત્રણવાર વર્ગ કર્યા પછી ૧૦ વસ્તુઓ જે ઉમેરવાની છે તે કઈ કઈ ?

**ઉત્તર** - (૧) લોકોકાશના પ્રદેશો, (૨) ધર્માસ્તિકાયના પ્રદેશો, (૩) અધર્માસ્તિકાયના પ્રદેશો, (૪) એક જીવના પ્રદેશો, (૫) સ્થિતિબંધના અધ્ય[illegible].., (૬) રસબંધના અધ્ય૦સ્થાનો, (૭) યોગના અવિભાગ પલિચ્છેદો, (૮) ઉત્સર્પિણી-અવસર્પિણીના સમયો, (૯) પ્રત્યેક શરીરી જીવો, (૧૦) સાધારણ વનસ્પતિકાયનાં શરીરોની સંખ્યા.

**પ્રશ્ન-૬૦** જઘન્ય અનંતાનંતમાં ઉમેરાતી ૬ વસ્તુઓ કઇ કઇ ?

**ઉત્તર** -(૧) સિદ્ધના જીવો, (૨) નિગોદના જીવો, (૩) વનસ્પતિકાયના જીવો, (૪) ત્રણે કાળના સમયો, (૫) સર્વપુદ્ગલ પરમાણુઓ, (૬) સર્વ લોકાલોકાકાશના પ્રદેશો.

**પ્રશ્ન-૬૧** કેવલજ્ઞાન અને કેવલદર્શનના પર્યાયો એટલે શું ?

**ઉત્તર** - કેવલજ્ઞાન અને કેવલદર્શનથી જે કંઈ જાણી શકાય અને જોઈ શકાય તે તેના પર્યાય કહેવાય છે. સર્વ દ્રવ્ય, સર્વ ક્ષેત્ર, સર્વ કાળ, અને તેના સર્વે પર્યાયો જેટલા થાય તેટલા કેવલજ્ઞાનના અને કેવલદર્શનના પર્યાયો કહેવાય છે.

■■■

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org